THE SANGRAM KSHETRA
AND
POLITICS OF VASANTPUR.
PART I.

AUTHOR
Jeshtaram Bhavanishanker Badheka.
BOMBAY.

PUBLISHER
Hiralal Maganlal Bhatt.
SOLE AGENTS, BI-UNE TRADING CO.
BOMBAY.

FIRST EDITION. COPIES 1000
SAMVAT 1972. A. D. 1916.

Printed by
SANKALCHAND H. SHAH, AHMEDABAD.
Shree Satyavijay Printing Press.

PRICE. 1-8-0.

My Impression for

Sangram Kshetra.

This is a historico—romantic novel and novels of this type are rare in our Gujarati literature–I say rare because of its exact depiction of the present state of war that is shaking Europe to its foundations, exposition of its motives, its moral, its horrors and its relieving features of tender notes in the midst of such a terrible din of war. Its speceal interest to India is because of its revealing the importance of India's duty and share in this war. It is not all war but love is its various aspects, patriotism and self-sacrifice that make their generous appearance on almost every page of this novel. The author has not forgotten to compare and contrast the mediaval and modern politics of our native states. Moreover it has thrown out many noble ideals of its own to raise India to a high level.

Now coming to the style I must say that although it rises to elegant climaxes and beautiful phrases of our polished Gujaraty yet it

never loses sight of simplicity in its short sweet and beautiful lines.

I must not fail to notice that at places the thoughts enter the depiction of eternal man in his breast and woman in her heart.

The characterisation of various personages is indeed happy and I can not but hope that the author is a promising rising star of our novelist literature. I wish every success to this book and also request the author Mr. Badheka to read, experience, and give us still better thoughts, from his able and sweet pen.

Mansukhram Kashiram Pandya., B. A.

BOMBAY

1st February 1916.

સંગ્રામ ક્ષેત્ર

અને

વસંતપરનું રાજયતંત્ર.

ભાગ ૧ લો.

કર્તા

જેષ્ટારામ ભવાનીશંકર બધેકા.

મુબાઇ.

પ્રકાશક

હીરાલાલ મગનલાલ ભટ્ટ.

સોલ એજંટસ.

બાયુન ટ્રેડીંગ કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ નં. ૨

મુંબઇ.

અમદાવાદ. પાંચકુવે શ્રી સત્યવિજય પ્રિંટીંગ પ્રેસમાં

શા. સાંકળચંદ હરીલાલ શાહે છાપી.

આવૃત્તિ પ્હેલી. પ્રત ૧૦૦૦

સંવત ૧૯૭૨ ઇ. સ. ૧૯૧૬.

મુલ્ય રૂપિઆ ૧—૮—૦



જેષ્ટારામ ભવાનીશંકર બધેકા.

The Bombay Art Printing Works, Fort

પ્રસ્તાવના.

આધુનિક જમાનાના યૂરોપ, અમેરિકા, જાપાન વિગેરે દેશોનો ઉન્નતિ સૂર્ય, જે વખતે તે દેશોના વ્યોમ ગુંબજ ઉપર ચડવા ગતિમાન થયો હતો; તે પહેલાં તેની ઉષામાં અનેક કવિઓ, તત્વવેત્તાઓ, ઇતિહાસજ્ઞો અને રાજતંત્રવિદોનો પ્રાદુર્ભાવ થયો હતો અને તે કવિઓ વગેરેથી થયેલી સાહિત્ય સંવૃદ્ધિ, એજ તે ઉષાની શુભ્રલાલી હતી. આ વખતે ગાઢ નિદ્રામાં ઘોરતા ત્યાંના રાષ્ટ્રિઓમાં નવું ચૈતન્ય પ્રેરવા, પ્રકૃતિ પ્રેરિત ઉષાની તે લાલિમાં (સાહિત્યોમાં) અપ્રતિમ શક્તિઓ વ્યક્ત થઇ હતી અને તે શક્તિઓ તે સમયની અવસ્થિતિનાં નિવારણ માટે એટલીજ આવશ્યક હતી. ઉક્ત સાહિત્ય સામર્થ્યવાળી ઉષા પછીજ ત્યાંનો ઉન્નતિ ભાનુ ક્ષિતિજ ઉપર ઉદિત થયો હતો અને તેજ ત્વરિત ગતિથી નભ ઉપર ચડતો, આજે અખિલ જગત્ ઉપર અપૂર્વ પ્રતિભાથી જળહળી રહ્યો છે. તે પ્રતિભા અને જળહળાટ માટે જમાનાઓના ઇતિહાસ પૃષ્ટ ઉપર જે જવલંત લેખો આલેખાશે, તે ઇતિહાસોના પૂર્વ પૃષ્ટો ઉપર કદિ નહિં સંભવેલાં જ હશે. ઉક્ત ઉન્નતિને શિખરે જવા ઉડતા દેશોનાં આ સામર્થ્ય અને પ્રગતિઓનું આદિ ચૈતન્ય, સાહિત્ય જ, લેખશું તો તેમાં અતિષયોક્તિ જેવુ કશું ગણાશે નહિં.

તેવુંજ આપણી માતૃભૂમિ ભરતખંડ માટે પણ ક્રમશઃ જે થવુ જોઇતું હતું, તે થવુ આવે છે; આપણી ઉન્નતિનાં સૂચનો હવે પ્રત્યક્ષ થવા લાગ્યાં છે. વસ્તુતઃ પ્રતાપી બ્રિટીશ સામ્રાજ્યની વિજય-પતાકા જે ક્ષણથી ભરતભૂમિ ઉપર સંસ્થાપિત થઇ, તે મહિમાવંતી

ક્ષણથી જ આપણે આપણી રમ્ય ઉષાનો સમારંભ થઇ ચૂકેલો માનશું. આ પ્રતાપશાલિની મહાસત્તાની શિળી છત્રછાયામાં હિંદવાસિઓને સંરક્ષણ અને શાન્તિ મળ્યા પછી, તે રાજ્યકર્ત્રી પ્રજા અને અન્ય વિદેશીયો પાસેથી આપણે ઘણું સાહિત્ય મેળવ્યુ છે. કિંબહુના? તેઓના સહવાસે આપણને ઘણું નવું શિખવ્યું છે. તે સાથે અંધારામાં વેરાઇ, પડેલાં આપણા અમુલ્ય જૂનાં સાહિત્યોને શોધી પ્રકાશમાં આણવા આપણામાં પ્રવૃત્તિ અને ઉત્સાહ તેઓનાથી જ ઉત્તેજાયાં છે, તથાપિ હજી આપણે કંઇ જ નથી કરી શકયા. પણ જ્યારે આપણી ભાવનાઓ અને પ્રવૃત્તિઓમાં અપૂર્વ બળ પ્રેરાશે, ત્યારે આપણાથી જોઇતું સાહિત્ય સંપાદન કરી શકશે અને સાહિત્યમાં તે આવશ્યક સપૂર્ણતા આવ્યા પછી જ આપણે આપણા ઉન્નતિ સૂર્યની ઝાંખી માટે આશા રાખી શકશું.

અત્યાર સુધીમાં આપણે મેળવી શકયા છીએ તે બહુ ન્યૂન છે. જો આપણા સાક્ષરોની શક્તિ, ઉદ્દેશ અને પ્રયત્નની ત્રિપુટી બળવતી નહિં જ હોય, તો આપણને જોઇતું સાહિત્ય સંપાદન કરતાં હજી સમય લાગશે, અને છે પણ તેમજ. આપણી પ્રગતિઓ સરખી નથી, એજ આપણી ઉન્નતિમાં જણાતી વિષમતાનું પ્રધાન કારણ છે. ત્રિશ કરોડ માણસથી ઉભરાઇ જતા હિન્દુસ્તાન માટે જે સાહિત્ય ગ્રંથો પ્રકાશમાં આવ્યા છે, તે બહુ થોડા છે. વ્યંગમાં બોલશું, તો વર્તમાન જગત્ જેને ઉન્નતિ માને છે, તે ઉન્નતિને પહોંચી વળવા, વા આપણા સાચાં ઉત્કર્ષ માટે જે અપેક્ષિત છે, તેમાંનુ આપણાથી હજી સુધી કંઇજ મેળવી શકાયું નથી. હજી આપણે સાહિત્ય સમુદ્રના તટ ઉપરજ ભટકી રહ્યાં છીએ, તો પણ

વિસ્મય થવા જેવું એજ છે, કે આપણા વર્તમાન સાહિત્ય ગ્રંથો અને સાહિત્ય પ્રગતિ છે, તેનાંથી આપણી દૃષ્ટિને બહુ વિશેષ દેખાય છે. આપણે સાહિત્યનો સમુદ્ર ખેડી નાંખેલો જોઇએ છીએ—માનીએ છીએ, પણ તેમાં સત્ય નથી. તેવું દેખાવાનું કારણ હજી આપણી ઉષામાં અંધકાર છે. નિદ્રાવશ ચક્ષુઓને બહુ કાળથી ન દેખાયેલું, ઉષાના પ્રકાશે આપણી દૃષ્ટિ પાસે સ્પષ્ટ કર્યું છે, પછી જયા કશુંજ વ્યક્ત નહોતુ, ત્યાં કંઇ ભળાયતો, તે બહુ દેખાયજ. ભૂલાયેલું પુનઃ પ્રત્યક્ષ થાય તો, તેમાં નવિનતા પ્રતીત થાયજ. આ એક નિયમ છે, પણ વાસ્તવિક રીતે તો, આપણે જોઇએ છીએ તેમાં સત્ય નથી; છતાં બહુ દેખાય, તે સંભ્રમજ કહેવાય.

હજી ભરતખંડની બહુ પ્રજાઓનાં મિંચાયેલા ચક્ષુઓ સુધી પહોંચી શકે તેવો આપણી ઉષાની લાલિનો પ્રકાશ જાજવલ્યમાન નથી. અર્થાત હિન્દુસ્તાનની ખરી સ્થિતિ તો જૂદીજ છે. જે સાહિત્ય પ્રવૃત્તિ હિન્દુસ્તાનના ખૂણેખૂણામાં વ્યાપ્ત થવી જોઇએ, તે થઇ શકી નથી; તેજ કારણ આપણા ઉત્કર્ષ સૂર્યની ત્વરિત ગતિનુ બાધક છે. જયાંસુધી આપણી ઉષાનાં સાહિત્ય કિરણો વધુ તેજસ્વી થઇ, વધુ વિસ્તારમાં પ્રકાશશે નહિં, ત્યાં સુધી આપણા ઉન્નતિ સૂર્યને આપણા વ્હાલા ભરતખંડના નભગુંબજ ઉપર પ્રકાશતો જોવાની આપણે આશા રાખતા હોઇએ, તો તે આશા આકાશકુસુમ વત છે.

"**साहित्य संवृद्धि.**" આ ગ્રંથ રચનાના પ્રયત્નનો ઉદ્દેશ આવો જ છે, પણ આ ગ્રંથ અપેક્ષિત મહામેઘને સ્થાને એક જલબિન્દુ સમાન છે. જયાં આવાં અનંત જલબિન્દુઓએ મહામેઘનું રૂપ

ધારણ કરી વરસવું જોઇએ છીએ, ત્યાં આવાં થોડાં જલબિન્દુઓ વરસી મરૂ ભૂમિને વિપ્લવિત કરે, તેમાં આપણું અપેક્ષિત શું સધાય ? તોપણ કંઇ નહિં, આપણે ભગ્નાશતો નહિં જ થઇએ. પવિત્ર ભરતખંડ બહોળા વિસ્તારનાં સંતાનોની માતૃભૂમિ છે; આ સંતાનોમાંના પુરાતન સંસ્કારમાં પુનઃ ઉજ્વળતા આવવી જોઇએ. જો તેમજ થાય તો, જે ભરતખંડ સાહિત્યમેઘના દુર્ભિક્ષથી પ્રમાદી અને કર્તવ્યવિમુખ થઇ ગયો છે, તેજ ભરતખંડ આવાં અનંત જલબિન્દુઓથી ઉભરાઇ જાય. અરે ! સાહિત્ય મેઘની અતિ વૃષ્ટિથી આપણી ભાગ્યવંત માતૃભૂમિ પુનઃ પોતાની પૂર્વ યોગ્યતા સંપાદન કરી શકે જ. તેવું થવુજ જોઇએ. ભરતખંડ ઉપર બ્રિટીશ સત્તાનું અધિરાજ્ય, એજ કાળનાં ચક્રનુ ઉત્કર્ષક પાસું છે. બ્રિટીશ સત્તાની શાન્તિ, એજ આપણા ઉત્કર્ષનો આરંભ છે. મહાપ્રાણ રામસ્વામિની વાણીમાં બોલશું,તો વૈભવ અને વિદ્યા રૂપી સુર્યનો પ્રકાશ આપણી સમિપમાંજ ઉદ્ભાસિત થવા લાગ્યો છે. જો નિયમ, તે નિયમજ હોય તો, તે સુર્ય અલ્પ સમયમાં ભરતખંડને પોતાના જ્વલંત પ્રકાશથી અજવાળવોજ જોઇએ. કારણ કે ભરતખંડના કેન્દ્રમાંથી અસ્તમિત થયા પછી ક્રમશઃ પશ્ચિમમાં પરિક્રમણ કરતો, તે સૂર્ય શિરિયા, મિસર, યુરોપ અને અમેરીકા ઉપર પ્રકાશતો પેસિફિક, મહાસાગરનું ઉલ્લંઘન કરી રહેવા આવ્યો છે; હવે જાપાન ઉપર તેનાં જ્વલંત કિરણો અવરાઇ ચૂકયાં છે, તો ભરતખંડમાં ઉષા ઉદિત થવીજ જોઇએ અને આ ઉષાના ઉદયથી સમસ્ત ભારતવર્ષની નિદ્રા અને પ્રમાદે પલાયન કરવુંજ જોઇએ. આ આવશ્યક કાર્ય કરવા સામર્થ્ય હોયતો, તે માત્ર સાહિત્યમાંજ છે. તેથી જો આવાં

અલ્પ સાહિત્યોનો સમુહ યોજાયો હોય તો, તે પણ દેશના ઉત્કર્ષ માટે એક જરૂરી શક્તિનું સ્થાન લઇ શકે ખરો. વસ્તુતઃ આવા ક્ષુદ્ર પ્રયત્નો પણ વર્તમાન ભરતખંડને આશિર્વાદ સમાન છે. આ ગ્રંથનું સ્થાન મહામેઘના એક બિન્દુ સમાન છે, તોપણ તે જળ બિન્દુડું પણ આપણા ભરતખંડને અત્યારે મોંઘા મૂલનું છે.

આ ગ્રંથની વસ્તુસંકલના કેવળ સ્વતંત્રજ છે. કોઇ અન્ય રૂપરેખાની પ્રતિચ્છાયા આ ગ્રંથ ઉપર પડી નથી, કે કોઇ ભાષાનો અનુવાદ આ ગ્રંથ નથી, તેમજ કોઇ દેશી, વિદેશીય સાહિત્યનું અવલંબન આ ગ્રંથની વસ્તુને આપવામાં આવ્યું નથી. પ્રસંગવશાત્ કંઇ તેવું અવતારેલું છે, ત્યાં જે ગ્રંથ, કે સાહિત્યમાંથી તે લીધું હશે; તેનું નામ કે સંજ્ઞા સાથેજ છાપેલાં છે. જેમ આ પુસ્તકમાનું વસ્તુસંકલન સ્વતંત્ર આલેખાયેલુ છે; તેમ આ ગ્રંથના ચરિત્રનાયકો અને કેટલીક વસ્તુસ્થિતિ બહુધઃ કલ્પનાજન્ય છે. તે સિવાય "યુદ્ધનું આવાહાન અને પ્રયોજન," તથા "સ્વાર્પણ." ઉક્ત શિર્ષક બે પરિચ્છેદોનાં ઐતિહાસીક હેતુઓ અને ઘટનામાં સત્ય છે. ફ્રેન્ચવીરાંગના "એલ્મા" અને બહાદુર બ્રિટીશ જાસુસ "હેલન" તથા ઉક્ત પરિચ્છેદો પછીના "સંગ્રામક્ષેત્ર," "બસ અવધિ!" વિગેરે પરિચ્છેદો અને તેમાંના સરદાર રસિકનાદિ યુદ્ધવીરો વિગેરેને આપણે કેવળ સત્ય માની નહિંજ શકીએ. બેલ્જીયનભૂમિ ઉપરની જર્મન છાવણી અને તેનો વિધ્વંસ વિગેરે માત્ર યુદ્ધનાં એકાદ અંશનાં ચિત્ર રૂપે લેખાયેલાં છે. વા જગત્ ઉપર બ્રિટીશોની સર્વોપરિ સત્તા તેઓની અવર્ણનિય સમય સૂચકતા, અપૂર્વ યુદ્ધ કૌશલ્ય, અવિચળ કૃતજ્ઞતા, ધૈર્ય, અને વીરતાની રૂપરેખા દોરેલી માનશું.

આ ગ્રંથના ચરિત્રનાયક વિજયકુમાર જેવા ઘણા હિન્દીવીરો સત્યાગ્રહથી બ્રિટીશ મહાસત્તાની સહાય માટે સમરભૂમિમાં ઝુઝી રહ્યા છે, પણ વિજયકુમારતો કલ્પનાજન્ય વ્યક્તિ છે; માત્ર તે હિન્દના ક્ષત્રિય કુમારોની વીરતાનો આદર્શ છે. "કાઠીયાવાડ" પ્રાંત ભારત નંદનવન ગૂજરાતનો એક આવશ્યક વિભાગ છે, પણ તે પ્રાન્તમાં વસંતપુર નામક દેશી સંસ્થાન કયાંઇ નથી,તો **मूल नास्ति कुतो शाखा ?"** વસંતપુરજ નથી, ત્યાં તેનું રાજ્યતંત્ર અને ચરિત્ર નાયકોની સંભવના હોયજ કયાંથી ? સરદાર સામંત વિગેરેમાં પણ આવુજ કલ્પિત સત્ય છે. કિંબહુના ? સત્ય કહેશું તો આ ગ્રંથ બહુધ: કલ્પનાજન્યજ છે.

આ ગ્રંથને પ્રથમતો એક ભાગમાં જ પરિપૂર્ણ કરી, ગૂર્જર પ્રજાના કરકમળમાં મૂકવા ઉત્કટ ઇચ્છા હતી, પણ નિરૂપાય કે તેમ કરતાં, અનેક વ્યત્યયો ઉદ્‌ભવવાથી તેમ ન થઇ શકયું. આવાં કેટલાંક કારણોથી ગ્રંથ તૈયાર થતાં વખત વધુ વીત્યો, તેથી વાચકોની આતુરતા વધી અને તે અનિવાર્ય થઇ. તેમાં સમયાનુસાર કાગળ વિગેરેની મોંઘવારી પણ બેહદ વધી પડી. નિરૂપાયે આવાં કારણોથી ગ્રંથને બે ભાગમાં વ્હેંચી નાંખ્યો છે. તેમાંનો પ્રથમ ભાગ હું ગૂર્જર પ્રજાના કરકમળમાં અર્પવા શક્તિવાન થયો છું, પણ આ ભાગનુ સંપૂર્ણ અવલોકન એક દૃષ્ટિથી નહિં થાય, એટલા વખતમાં હું આ ગ્રંથના બીજા ભાગરૂપે ગ્રંથનું સંપૂર્ણ સ્વરૂપ ઉત્સુક પ્રજાના હસ્તકમળમાં મૂકીશ. અસ્તુ.

આ ગ્રંથ, મારા જીવનનો પ્રથમ પ્રયાસ હોવાથી, તેમાં અપૂર્ણતા

કે ખામી, અનેક સ્થળે પ્રતીત થશે. શરૂઆતમાંજ પ્રુફરીડરે વાતમાં બોલાતા વાકયોની આગળ અને પાછળ જે ફામાઓ મૂકવા જોઇએ, તે સ્થળે ન મૂકતાં ઉલટી રીતીમાં મૂકયા છે, પાછળથી તે ભૂલ સુધરી છે અર્થાત આવી ભૂલો ઘણી હશે, પણ ભૂલો જ્યાં દૃષ્ટિગોચાર થાય, ત્યાં તે સુધારી લઈ વાંચવા, હું મારા ગૂર્જર બંધુઓ પાસે યાચી લઉં છું. અને સુજ્ઞ વાંચકો તેમાથી હંસક્ષિરવત દૃષ્ટિથી આ પુસ્તકને અવલોકી, મારા પ્રયાસને સફળ કરશે.

લી. જેઠારામ

અનુક્રમણિકા.

સંગ્રામ ક્ષેત્ર.

All the world's a Stage,
And men and women merely Players.
They have their exits and their entrances,
And one man in his time Plays many parts.

(Shakespeare.)

પરિચ્છેદ ૧ લો.

મોહિની.

ખીલતી કળી આ તે પાસ કો મધુપ હતો ભમ્યો,
ભમી ઉડી ગયો ? ના એ ચોંટયો દીલે રસ લુંટવા;
નજર પણ ત્યાં લાગી, લાગી નવું કંઇ લાધતા,
નયન શિખતાં હાસ્યો તે તો સબાષ્પ બની ગયાં !
ને એ દંશ રહી ગયો ખટકતો હૈયા પરે હેતનો,
તેના કોમળ ઝેરથી જગતની ઝેરી હવાઓ થઇ.

(કલાપી).

વિજય! હું તમારા જેવી તો ન જ દેખાઉં, પણ અત્યારે મને કોણ ઓળખી શકે કે, હું સ્ત્રી છું?

નારે બા ના? તમને કોણ કહે કે, મોહિની બા તમે છો, અત્યારે તો રૂપાળા મનહર મોહનકુમાર દેખાઓ છો.

મોટા કાચ સામે ઉભી રહી, પોતાનુ પ્રતિબિમ્બ જોતી અને મન સાથે મહાલતી મોહિનીથી અંતરસાથે વાત કરતાં અસ્પષ્ટ બોલાઇ જવાયુ અને તેનો હાસ્યયુક્ત ઉત્તર અપાતો સંભળાયો. મોહિનીએ પાછળ જોયું. મેના બહુ ધીમેથી ખંડનુ બારણું ઉઘાડી, ચેષ્ટા જોતી, ઉભેલી દેખાઇ. શરમાળ બાળા લજ્જિત થઇ, લજ્જાભારથી મુખારવિંદ નિમિષમાત્ર નમ્યું. મુખ ઉપર ગાંભીર્ય વ્યક્ત થયુ. બાળા કંઈ ન બોલી શકી; મૌન જ રહી. મેના મોહિની પાસે આવી, મોહિનીને પગથી મસ્તિષ્ક સુધી અવલોકતી ઉભી. હાસ્યનો અવરોધ ન થઇ શકયો. મેના મુક્ત સ્વરે હસી પડી, ઘણું હસાયું અને તેની પણ પરાકાષ્ઠા થઇ, કઇક ક્ષણ ઉભયમાં મૌનતા અવરાઇ.

કુંવરી બા! આજે આવું કયાંથી સુજયુ? વાહ! વેષ તો ભલો ભજવ્યો છે! બોલતી મેના વળી હસી પડી. થાકી અને ગંભીર થઇ બોલી, અનાયાસે બાપુ પધાર્યા હોય તો?

તેમ થાય જ કેમ? બાપુ આજે મોડા પધારવાના છે, તે હું જાણું છું અને કદાચ હમણાં જ પધાર્યા હોય તો પણ શું? પુરુષના પોષાકમાં છું, તોપણ હું સ્ત્રી છું, તેમ કોઇ મને ઓળખી શકે કે

નહિં ? તે જાણવા ઇચ્છા ઉદ્‌ભૂત થઇ અને બાપુનો પોષાક પહેરી, મેં શંકાનો નિર્ણય કર્યો, તેમાં મેં કોઇનો અપરાધ તો નથી કર્યોને ? "અંતર લજ્જા છુપાવતી મોહિની બોલી."

અપરાધ તો કંઇ જ નહિ, પણ આ વેષમાં જોઇ, બાપુને સંશય તો થાય જ કે, કુંવરી બાને ઉન્માદ થયો અથવા બાના મનમાં કંઇ કુતૂહલ છે ખરૂં ! નહિ તો ચતુર શાણાં મોહિની બા સાહેબાને વળી પુરુષનો પોષાક પહેરી, લટકાં મટકાં સુજે શાનાં ? "મેનાએ મુખ મલકાવી કહ્યું."

તેમાં ઉન્માદ શો ? કુતૂહલ શાનું ? મનને તે સુજયું, તો તેમ કરી તેને સંતુષ્ટ કર્યું. "પુરૂષનો પોષાક ઉતારતાં મોહિનીએ ઉત્તર આપ્યો."

ચ્યા...લો...તે તો ઠીક, પણ બા ! વિજયનું સ્મરણ શામાટે કરતાં હતાં ? વિજયકુમાર થવાની ઇચ્છા કયાંથી ઉપજી ? કુતુહલ બીજું કયું ? "મેનાએ મુદ્દો પકડ્યો."

કંઇ જ ન સાંભળ્યું હોય તેમ મોહિની ઉત્તર ન આપતાં, મૌન જ રહી. પણ વિજયકુમારનું નામ સાંભળતાં મુખ ઉપર લજ્જાપટ અવરાયો. નયનો ધરણી ઉપર અવનત થઇ, કેટલોક સમય સ્થિર રહ્યાં. "બા સાહેબા ! બોલોને કેમ મૌનવૃત્ત લીધું ?" "મેનાએ વાતને વિસારી ન મૂકી, કુંવરી પાસે પુનઃ પ્રશ્નનો પ્રત્યુત્તર માગ્યો."

મેના ! તારૂં ભ્રમિત થયું દેખાય છે, કોઇને માટે સ્વેચ્છા પ્રમાણે કલ્પના કરી લેવી, તે ડહાપણ ન કહેવાય. હવે મને તેવું કંઇ પૂછીશ તો, હું જવાબ આપવાની નથી સમજી ? "કંઇ ગુસ્સે થવાનો આડંબર કરતી મોહિની બોલી."

કુંવરી બા ! હશે ! ભુલ થઈ, માફ કરો ! તમને વિજય કુમારનું નામ નથી રૂચતું તો નહિં લઉં. પણ જો જો બા ! હૃદય હાથ રાખજો ! વિજયકુમાર જેવાં થવા જતાં સંભાળજો ! " મેનાએ કુંવરીનું હૃદય વાંચતાં કહ્યું."

મેનાને બહારથી કોઇએ સંબોધી અને મેના મોહિનીના ખંડમાંથી ગઇ. કુંવરીને તે જ જોઇતું હતું. ઉપાધિ ગઈ. મનને કંઇ જ ગમતું નહોતુ. પહેરેલો પુરુષનો પોષાક ઉતારી નાખ્યો ! મેના ગઇ ! આખા ખંડમાં મોહિની સિવાય કોઇજ નહોતું ! કુંવરી એકલી રહી. વિચારો સાથે કંઇક સમય સ્થિર થઇ, વિચારો ચલ્યા. મોહિની બારી પાસે પડેલી ખુરશી ઉપર જઇ બેઠી.

કાલ સ્વરૂપિણી કૃષ્ણરાત્રિનું જગત્ ઉપર સામ્રાજ્ય વ્યાપ્યું હતું. કિન્તુ શ્રીસદન "મોહમયિ નગરી" (મુંબઇ) નો રાત્રિનો દર્શ અનુપમ હતો. વિદ્યુત્ દીપકોની પ્રકાશિત શ્રેણીઓ જળહળી રહેલી જ્યાં ત્યાં દ્રષ્ટિએ પડતી હતી. તેમાં સ્થળ અદ્ભુત હતું, એપોલો બંદરના ભૂષણરૂપ મનાતા "તાજમહાલ" નામક ભવ્ય મહાલયના ત્રીજા માળની બારીમાં બેસી, મોહિની બાહ્ય વ્યવહારનું નિરીક્ષણ કરતી હતી. આ વિશાળ મહાલય અને સમુદ્ર વચ્ચે અંતર માત્ર એક નાના માર્ગનું છે, તે માર્ગ પ્રજા સમસ્ત માટે છે. પ્રજાજનો સાયંકાળથી મધ્યરાત્રિ પર્યંત આ રમ્ય સ્થળે શાન્તિ શોધતાં આવે છે. તેમ આજે પણ અગણિત મનુષ્યો આ સ્વર્ગીય સ્થળે તરવરી રહ્યાં હતાં. સમુદ્રતટની આસપાસ બાંધેલી કાળા પથ્થરની નાની કોર ઉપર બેસી, ઘણાં મનુષ્યો ગંભીર સમુદ્ર લહરીઓ નિરખતાં હતાં. રંક કે શ્રીમંતનું આ આહ્લાદક સ્થળને અંતર નથી, મનુષ્ય માત્રને

મર્યાદાનું પાલન કરતાં, સ્વેચ્છાનુસાર મહાલવાનો આ સ્થાને અધિકાર છે. સૌ યોગ્યતા પ્રમાણે આનંદી રહ્યાં હતાં. તોપણ આ રમ્ય સમુદ્ર તટે બહુશઃ મુંબઇ નગરીની શ્રીમંત પ્રજા અને પાશ્ચિમાત્ય ગૌરાંઓનું આવાગમન વિશેષ હોય છે, તેમ આજે પણ હતું. મોટારકાર્સ (વિદ્યુદ્રથ) અને ઘોડાગાડીઓનું આવાગમન આ સ્થળે ન્યુન નહોતું. કિમ્બહુના? આ અનુપમીય, આહ્લાદક ભૂસ્વર્ગમાટે જેટલું લખાય તેટલું પરિપૂર્ણ તો નહિજ મનાય.

મુબઇના મનમોહક સ્થળનું મોહિનીએ બહુ સમય અવલોકન કર્યું, સ્વર્ગીય ભારતદ્વાર એપોલો બંદરના તટ ઉપર વિહરતા દેશી–વિદેશી મનુષ્યોના વ્યવહારને જોતી મોહિનીની દૃષ્ટિ સમુદ્ર તરફ વળી, સમુદ્ર શાન્ત હતો, તેમાંનું સઘળું શાન્તિ ભોગવતું હતું. યુરોપમાં પ્રજવળતા ભીષણ યુદ્ધદવનો તાપ અખિલ ભૂપૃષ્ટ ઉપર સર્વત્ર પ્રસર્યો હતો, તેથી રાજસત્તાએ સૂર્યાસ્ત પછી હિન્દુસ્તાનના કોઇપણ બંદરમાં કોઇ પણ બહારથી આવતાં વહાણ કે સ્ટીમરને પ્રવેશવા પ્રતિબંધ કર્યો હતો. વસ્તુતઃ રાત્રિએ હિંદનાં બંદરોમાંનો સમુદ્રવ્યવહાર અટકાવ્યો હતો. માત્ર મુંબઇનાં બારામાં ફરનારી ચોકીદાર લોન્ચો(વરાળ કે તેવાં બળથી ચાલતું નાનું વહાણ) કે તેવું કાંઇ સમુદ્રમાં હરતું ફરતું દેખાતું હતુ. સમુદ્રમાં પ્રવૃત્તિ નહોતી, તથાપિ દેખાવ ગંભીર હતો. મુંબઈ શહેરનાં બારાનાં સંરક્ષણ માટે સત્તાની અગમચેતી પ્રશંસનીય હતી. શહેરની સલામતી માટે સમુદ્રમાં મજબૂત કીલ્લેબંધી કરી લેવામાં આવી હતી. ત્યાંથી રાત્રિને સમયે ચારે બાજુ દૂરના પ્રદેશ સુધી પ્રકાશ પાડતી, સર્ચ લાઇટો (ઘણેજ દૂર સુધી પ્રકાશ નાખતા વિજળીક

દીપકો) ની વ્યવસ્થા કરવામાં આવી હતી. આવી સૈનિકપ્રવૃત્તિઓથી દ્રષ્ટા ક્ષુભિત થાય તેવો દર્શ સમુદ્રમાં જ્યાં ત્યાં નજરે પડતો હતો.

આ સઘળું જોવામાં અને વિચારોમાં ઇચ્છાઅનીચ્છાએ મોહિનીએ ઘણો સમય વીતાડયો. સમુદ્રના ઉંડાણ ભાગમાંથી એક સ્ટીમર મુંબઇનું બારૂ છોડી, બહાર નીકળતી મોહિનીની દષ્ટિએ શોધી કાઢી મોહિનીનાં મુખમાંથી એક નિઃશ્વાસ નીકળ્યો. એજ સ્ટીમરે અત્યારે પ્રયાણ કર્યું." નિઃશ્વાસ પાછળ શબ્દો સરી પડ્યા. ક્રમશઃમંદગતિથી ચાલતી સ્ટીમર દષ્ટિસમીપ થઇ, આગળ ચાલી. મોહિનીની દષ્ટિ સ્ટીમર ઉપર ચોંટી, સાથે જવા લાગી. સુંદર દેહ પ્રતિમાવત્ સ્તબ્ધ થયો. અંતર મુંબઇ નગરીનો તટપ્રાન્ત ત્યજતી સ્ટીમર સાથે ઉડવા લાગ્યું. ચાલતી સ્ટીમર દષ્ટિમર્યાદા ઉલ્લંઘતી, પુનીત આર્યાવર્તનાં બ્હારમાંથી નીકળી, મહાસાગરમાં પડી. મોહિનીની દષ્ટિ તેની સાથે ન જ જઇ શકી ! ક્લાંત થઇ ! અને પાછી ફરી ! ચક્ષુઓમાંથી થોડાં અશ્રુબિન્દુઓ હૃદય પ્રદેશ ઉપર ખર્યાં. બેસી ન રહેવાયું. બારી પાસેથી ઉઠી, મોહિની પલંગ ઉપર જઇ પડી. * * * * * * *

મેના ! કુંવરીબા કયાં ગયાં ? બોલને તું તેની પાસે હતી, છતાં તુ ન જાણુ તેવું બને જ કેમ ? મોહિની બાને શોધી લાવ ! મારા જવા પછી તુ અને મધુ જ અહી તેનીપાસે હતાં. બીજા કોઇને કંઇ પણ પૂછવાનું કારણ નથી. "આજે અર્દ્ધ રાત્રિએ મોહિનીના પિતા આકળા ઉતાવળા થતા, દાસી મેનાને પૂછતા ક્રોધ થી દાંતમાં ઓષ્ટ કરડતા, દેખાતા હતા." બીચારાં મેના અને મધુતો ગાભરાં જ થઈ ગયાં. શું ઉત્તર આપવો ! મોડી રાત્રિ

સુધીતો કુંવરીને મેનાએ પુરુષનો પોષાક સજી, મનોતરંગ સાથે મ્હાલતી જોઇ હતી. ત્યારે તે ગઈ કયાં ? અને કયારે ! કઇ રીતે ? મેના અને મધુ ઠાકોરના ખાલી પડેલા ખંડમાં અર્દ્ધ રાત્રિ પર્યંત આનંદયાં, પણ રાજકુમારી મોહિની શું કરે છે ? તે જોવાનું તેઓને ન જ સુજ્યું. પાપી સદોષ આનંદે તેઓને તે ભાન વિસરાવ્યું. ઠાકોરને આવવાનો વખત થયો, એટલે મેના મધુ પાસેથી મોહિનીના ખંડમાં આવી, પણ કુંવરી ન દેખાઇ, તે ઓરડામાં નહોતી, તેનો પલંગ શન્ય પડેલો હતો. ખંડમાંનું સઘળું જેમ હતું, તે જ સ્થિતિમાં પડેલું હતું. શું કરવું ? મેના ગભરાઇ ! ખડમાં સઘળે જોઇ, મધુ પાસે ગઇ, મોહિની બા ખડમાં નહિ હોવાનું કહ્યું. મધુ પણ મોહિનીને ખોળવા દોડયો, તેણે પણ ખંડમાં સઘળું જોયું. કંઈ ખોવાયેલી ઝીણી વસ્તુ શોધે તેમ ખુરશી, પલંગ કબાટો અને ટેબલો પાછળ અને નીચે પણ તેણે જોયુ; પરંતુ મોહિની કયાંય ન મળી. બાપુ હમણાં પધારશે ! શુ જવાબ દેશું ? પ્રશ્નોતરો થવા લાગ્યા. કદાચ કુંવરી બા સમુદ્ર તટપર ઉતરી પડયાં હોય, તેવી કલ્પના કરી, મધુ સમુદ્ર કિનારે દોડયો. ત્યાં સઘળે જોઇવળ્યો, કુંવરી કયાંઇ ન જ દેખાઇ ! બંને ગભરાયાં ! કોને પુછવું ? એક બીજાંને દોષ દેવા લાગ્યાં અને ચરભડી પડયાં. મોહિનીના ખંડમાં. આ વ્યવહાર ચાલતો હતો, એટલામાં ઠાકોર સાહેબ આવી પહોંચ્યા તે ગડબડાટ સાંભળી સીધા મોહિનીના ખંડમાં આવ્યા. “બાપુ ! કુંવરીબા કયાંઇ નથી ! ઠાકોરને જોઇ, મેના બોલતી રડી પડી.” ઠાકોરે સઘળું સાંભળી લીધુ. કુંવરીની શોધ થઇ. માણુસો અહીથી ત્યાં દોડી વળ્યા, સઘળું વ્યર્થ ! કદાચ કંઇ ભેદ હોય ! પ્રથમ મેના અને મધુને ધમકાવવા ઠાકોરે નિશ્ચય કર્યો, ઠાકોરનું અંતર ઉદ્વિગ્ન

થઈ ગયું. મેનાને તેની જોખમદારીની સ્મૃતિ આપી, ભય બતાવતા ઠાકોરે કહ્યું. મેના ! કુંવરી બાને શોધી લાવ? નહિતો સમજજે કે, તું અને મધુડો મુંબઈમાંથી જીવતાં જવાનાં નથી.

પરિચ્છેદ ૨ જો.

દૃષ્ટિયોગ.

રાજકન્યા મોહિની લુપ્ત થઇ, તે થઇ જ. મેના અને મધુને સરદાર સામંતે ઘણાં ધમકાવ્યાં, તેઓ કંઇ જાણતાં નહોતાં. મોહિનીની પુરુષચેષ્ટા અને વિજયના સ્મરણની ગતરાત્રિએ બનેલી વાત મેનાએ ઠાકોરને કહી, પણ તેથી શું ? બંનેને પોલિસને આધિન કર્યાં. પોલિસે પોલિસથી થતુ કરી જોયું, પણ તે બીચારાંઓ શું કહે? મોહિની ગઈ, પણ તે કયાં ગઇ, તે તેઓ જાણતાં નહોતાં. પોતાનો દોષ હતો તે તેઓ માન્યાં. માણેલી મદનલીલા તેઓએ કહી, તે શિવાય પોલિસની દૃષ્ટિએ તેઓ નિર્દોષ ઠર્યાં અને મુક્ત થયાં. “ સરદાર સામંત મુઝાયો. આર્યબાળાનું ઉચ્છૃંખલ વર્તન માતા પિતાને અસહ્ય કલંક લગાડે છે, ઠાકોર સામંત તે સમજતો હતો. ” જગતને શું મુખ દેખાડવું ! સરદારની જ્વલંત કીર્તિમાં શ્યામ લાંછનની છાયા છવરાતી મનાઇ. વિસ્તીર્ણ મુંબઇ નગરીમાં કુંવરીને કયાં શોધવી ! તે કયાં મળે ! તો પણ

ઠાકોરે અને તેનાં માણસોએ કુંવરીને શોધવા ઘણો શ્રમ કર્યો. ગુપ્ત પોલિસની સહાય લીધી. નાણાંનો પુષ્કળ વ્યય કર્યો. પૈસા છૂટે હાથે વેર્યા, મોહિનીના લુપ્ત થવાની વાત છુપાવવા પ્રયત્ન થયો, પણ સામંતના સઘળા યત્નો નિષ્ફળ થયા. મોહિની તો ન જ મળી, તે ગઇ, પણ ક્યાં ગઇ? તે કોઇનાથી ન જ સમજાયું.

આર્ય મહિલાઓમાં પરાપૂર્વથી પોષાતી મર્યાદાનું અનુપમ રહસ્ય સરદાર સામંત સામે હવે મૂર્તિમંત થયું. સામ્પ્રત સુધારાનો અંતર સડો સમજાયો. સુધારાનું અંતર ઓળખાયું. નિઃસત્ત્વ હૃદયોની અનુકરણીય વૃત્તિથી ઉપજેલો વિષમય વિકાર અનુભવાયો. સુજ્ઞ અને શાણી સંસ્કારી પુત્રીનું વર્તન સ્વચ્છંદી થયું, મનાયું. કુંવરી હાથથી ગઇ કહેવાઇ. રાજબાળાનું આ આચરણ અયુક્તરૂપે રાજપૂતોને અસહ્ય થયું, વાત જગજ્જનોને મુખે ચડી. વિતક ઉપર દિવસો વીતવા લાગ્યા, પણ પાશ્ચિમાત્યોના સંસર્ગમાં પોષાયેલી સામંતની પુત્રી મોહિનીનું ઉદાહરણ સુધારાનાં પરિણામ રૂપે જન હૃદયોમાં આલેખાયું, સત્ય નહિ સમજાય ત્યાં સુધી તો તે અપવાદ નહિ જ વિસ્મૃત થાય.

વર્ચસ્વ કોને ન રુચે? મહત્ત્વાકાંક્ષા કોણ નહિ રાખતું હોય? મોટાઇ માણવી કોને ન ગમે? જગતની પ્રજાઓની ગણનામાં આવવા ભારતીય પ્રજા બહુ સમયથી પ્રસંગ શોધતી હતી, તે સંગ્રામ થતો દેખાયો. કેમ ચૂકાય? સાધ્ય થાય તો ભારતવાસીઓને ઇચ્છિતની આશા હતી. કામનાની સિદ્ધિ પહેલાનો શ્રમ સેવા કે પ્રયત્ન નિષ્કામ તો કેમ જ કહેવાય? સામ્પ્રત હિન્દુસ્તાન તે ઉદાત્ત ભૂમિકાએ નહોતું કે, તેની કામનામાં કાંઇ અવશિષ્ટ ન હોય. સામ્પ્ર-

ત અન્ય સંસ્થાનોના નાગરિકો નાગરિક રહીને જે ભોગવે છે, જે માણે છે, તેવા અધિકારો હિન્દી પ્રજાના પણ છે, છતાં તેનાથી અદ્યાપિ પર્યંત હિન્દીઓ વંચિત જ રહ્યા. યોગ્યતાની અનેક પરીક્ષાઓમાં હિન્દી પ્રજા ઉત્તીર્ણ થઇ હતી, છતાં ભારતવાસીઓનું ભાગ્ય ઉન્નત થયું નહોતું, પણ હવે થાશે ! અપેક્ષિત મળશે ! તેવી અંતરની ઉંડી આશા હિન્દને છે. અસ્તુ !

ઉક્ત આશા સાથે પોતાનું ગૌરવ વીરત્વ અને ઔદાર્ય જગત્‌ની દષ્ટિએ લાવવાનો હિન્દને પ્રસંગ સાંપડ્યો. યુરોપના પ્રચંડ યુદ્ધાગ્નિને અંતર્ગત ધુંધવાતો, રાજનીતિજ્ઞ દીર્ઘ દષ્ટિઓ બહુ સમયથી જોતી હતી, પણ કોઈ તેવું નહોતું જાણતું કે, તે અગ્નિ આમ અનાયાસે ભભુકી ઉઠી, જગત્‌ની શાન્તિને ભસ્મસાત્ કરશે. અન્ય રાજ્યો સાથે અનેક કારણોથી બ્રિટીશ મહારાજ્ય પણ યુદ્ધમાં ઉતર્યું. યુદ્ધદાવાનળની ઉષ્ણુતા ભરતખંડ સુધી પ્હોંચી અને તે ઉષ્ણુતાએ ભારતીય પ્રજામાં કૃતજ્ઞતાનો વાયુ આન્દોલિત કર્યો. સર્વસ્વની આહુતિ આપીને પણ બ્રિટીશ સામ્રાજ્યને સહાનુભૂતિ આપવાનાં ઘોષણો પવિત્ર ભરતખંડમાં સંભળાવા લાગ્યાં. બ્રિટીશ મહારાજ્યે ભરતખંડની સહાય સાભાર સ્વીકારી. બસ ! પછી પૂછવું શું ? પ્રસંગ દરેક સમયે ક્યાંથી મળે ? ભારતીય રાજાઓ અને પ્રજાઓએ બ્રિટીશ સત્તાને સર્વસ્વ અર્પણ કર્યું. ભારતવાસીઓની ચિરંતન કૃતજ્ઞતાનું સાંપ્રત જગતને ભાન થવા લાગ્યું. શતશઃ હિન્દી સૈન્યો યુદ્ધ ભૂમિ ઉપર ઉતરવા લાગ્યાં અને તે સાથેજ હિન્દી પ્રજાના વીરત્વનો પ્રકાશ જગત્‌ની પ્રજાઓ ઉપર જળહળવા લાગ્યો. અત્યારનું હિન્દીઓનું કરેલું અપૂર્વ અને અનુપમ મનાવ્યું, એટલુંજ નહિ, પણ

હિન્દી વીરરાજાઓ અને રાજપુત્રોમાંના અનેક બ્રિટીશની સહાયે સંગ્રામે ચડયા. અને વિદેશી સંગ્રામક્ષેત્રમાં મૃત્યુ જીવન વચ્ચે રહી, સમર્થ શત્રુઓ સામે જૂજવા લાગ્યા.

સંગ્રામ ક્ષેત્રના પ્રયાણ માટે હજારો સૈનિકો, સરદારો, રાજાઓ અને રાજપુત્રોને વિશેષતઃ પ્રથમ મુંબઇ નગરીમાં આવવું પડતુ હતું. જનારાઓ માટે અહીંથી સ્ટીમરોની વ્યવસ્થા થતી હતી. શહેરના સુવિખ્યાત ઉતારાઓ, હોટલો અને તેવાં રહેવા તથા ખાવા પીવાના સ્થળો હિન્દી અને યુરોપી સૈન્યાધ્યક્ષો તથા રાજવંશીઓથી ઉભરાઇ જતાં હતાં. વિજયકુમાર પોતાનાં સૈન્ય સાથે આજે પાંચ દિવસથી મુંબઇમાં આવ્યો હતો. તેના સૈનિકો માટે લડાઇ ખાતાં તરફથી જ વ્યવસ્થા થઇ હતી, ત્યારે તે અને તેના અંગત ત્રણ સેવકો "તાજમહાલ" હોટલમાં રહ્યા હતા. તેઓને સ્ટીમર ઉપર ક્યારે ચડવાનુ છે, તે તેઓને અધિકારીઓ તરફથી કહેવામાં આવ્યું નહોતુ પણ જ્યારે આજ્ઞા મળે, ત્યાર પછી થોડા સમયમાં તૈયાર રહેવા યુદ્ધમાં પ્રયાણ કરનારાઓને અધિકારીની આજ્ઞા હતી. વિજયસિંહ પેઠે ઘણા સરદારો અને રાજવંશીઓ "તાજમહાલ" હોટલમાં, આવી રહ્યા હતા, તેમાં વિશાળગઢનો ઠાકોર સરદાર સામંત પણ પોતાની પુત્રી મોહિની, એક દાસી,. ચાર સેવકો અને થોડા સૈનિકો સાથે "તાજમહાલમાં" આવી ઉતર્યો હતો. સરદાર સામંત યુદ્ધમાં જનાર નહોતો, પણ તેણે રાજ સેવા માટે બ્રિટીશ સત્તાને વિજ્ઞપ્તિ કરી હતી, તે સ્વિકારાઇ. પોતાના થોડા સૈનિકોને યુદ્ધમાં મોકલવા તૈયાર કરી, તેઓને લઇ, સામંત મુબઈ આવ્યો હતો તેને આનંદની આશા હતી. વિજયકુમારના

ખંડો પાસે જ એ ખંડો સામંત માટે હતા. એકમાં મોહિની માટે વ્યવસ્થા હતી, ત્યારે બીજામાં સામંત અને તેના માણસો રહેતા હતા.

વિજયકુમારના પિતા કૃષ્ણસિંહજી અને સરદાર સામંત સ્નેહી હતા, બંને વચ્ચે ઘણી જુની મૈત્રિ હતી, પણ વિજયકુમાર સાથે સરદાર સામંતને પરિચય નહોતો, તેણે વિજયકુમારને કોઇ વખત જોયો હતો, પણ તે સમયે વિજય એક બાળક કુમાર હતો. અનાયાસે આ સમયે વિજયકુમાર અને સામંતનો ભેટો થયો. પ્રથમ દષ્ટિનો પરિચય પડયો. એકથી કંઈ પૂછાયું, બીજાએ યોગ્ય ઉત્તર આપ્યો. બીજું પૂછાયું, થયું, જૂનાં સ્નેહ અને સબંધનાં પોથાં ઉથલ્યાં. વિજયકુમારને સામંતે બહુ વખતે જોયો, પરિચય પડયો અને ઓળખ્યો; વિજય ઉપર સ્નેહ અનિવાર્ય ઢોળ્યો. સામંત અને વિજયકુમાર વખતો વખત વિજયના જ ખંડમાં મળવા લાગ્યા. કૃષ્ણસિંહજીનો એકનો એક પુત્ર વિજયકુમાર લડાઈમાં જવા માટે અહીં આવેલો છે, અને તે પાસેના જ ખંડમાં આવી રહ્યાનું સામંતને મુખે મોહિનીએ સાંભળ્યું, અને તે ઉપર લગભગ એક અઠવાડીયું વ્યતીત થયું, તો પણ તે તરુણ રાજકુમારને જોવાનો પ્રસંગ મોહિનીને મળ્યો નહોતો, કુમારનું કૌશલ્ય તેણે બહુ સમય સાંભળ્યું હતું. તે વીર રાજકુમારનાં દર્શનમાટે મોહિની અંતરમાં ઉત્સુક હતી, પણ હજી સુધી તેવો સમય સાધ્ય થયો નહોતો.

આર્ય રાજરમણીઓમાં પળાતી પ્રણાલી પ્રમાણે મર્યાદા કે અંતર્પટની ઉપાધિ મોહિનીને નહોતી. સ્વેચ્છાનુસાર હરવા ફરવા

અને નિર્દોષ આનંદમાં વિહરવાની, પિતાએ મોહિનીને બાળત્વથી જ સ્વતંત્રતા આપી હતી તેની સહચરી એક સુશિક્ષિતા આંગ્લ રમણી હતી, મોહિની તેના સંસર્ગમાં પોષાઇ હતી, તો પણ વીરાંગના રજપૂતાણીના ઉદરમાં તે ઉપજી હતી. સનાતન, આર્ય ધર્મ્મ વિચારો તેના જન્મ સાથે જડાયા હતા, પાશ્ચિમાત્ય વિચારોયુક્ત અનુકરણીય વૃત્તિ અને નૈસર્ગિક ભાવનાઓ વચ્ચે મોહિનીના હૃદયમાં સતત્ કુતૂહલ ચાલ્યા જ કરતું. રહેણી કહેણીમાં મોહિની વિશેષતઃ પોતાની પરિચારિકા ઈંગ્રેજ સખીનું અનુકરણ કરતી હતી, પણ આ રાજકુમારિકાના અંતઃસંસ્કારો ઉપર પાશ્ચિમાત્ય વિચારોની છાયા સરખી પણ પડી શકી નહોતી. પોતે એક આર્ય રાજતનયા હતી, તે તેનું હૃદય સતત્ સ્મરણમાં રાખતું હતું. કિશોર વયની સીમાનો વ્યતિક્રમ કરી, તારુણ્યમાં પ્રવેશતી મોહિની રાજબાળા હતી. તેનાં સુકુમાર અંગો વિકાસ પામતાં હતાં, ચક્ષુઓ લજ્જાભારથી કંઈ અવનત થતાં શિખ્યાં હતાં, મુખારવિંદ ઉપર અનુપમ ગાંભીર્ય વ્યક્ત થતું હતું, વાણીમાં મૃદુતા સાથે મર્મ હતો, મુખ ઉપર સ્ફુરતાં સ્મિતમાં અદ્ભૂત માધુર્ય અને મોહકતા વ્યક્ત હતાં. વસ્તુતઃ તારુણ્યથી વિકાસ પામતુ અપ્રતિમ . સૌંદર્ય મોહિનીનાં સર્વાંગે છાયું હતું, તો પણ દેહ ઉપર .વસ્ત્રપટ રાખી પુરુષોની દૃષ્ટિને છળવા, દેહને છુપાવી રાખવાની જૂની રૂઢીને મોહિની અનુસરતી નહોતી, પણ તેનું હૃદય સતત્ લજ્જાપટમાં લુપ્ત રહેતું. કોઇ અજ્ઞાત પુરુષનો પરિચય તેને રુચતો નહોતો, વિચારોમાં ઉચ્છૃંખલતા નહોતી, ઉદગારો ગંભીર અને વિનિત હતા, અન્ય રાજરમણીઓ પેઠે મોહિની અંતઃપુરનો અશિક્ષિત કુટિલ કીડો નહોતી,

છુટ અને સ્વાતંત્ર્યનું શિક્ષણ તેને વિદેશિની સખીએ આપ્યું હતું, પણ તેનું હૃદય મર્યાદા પૂર્ણ હતું, પુરુષ ઉપર દૃષ્ટિપાત કરતાં પણ તેનું હૃદય લજ્જાથી કંપતું હતું. શૈશવાવસ્થાથી તે અદ્યાપિપર્યંત પિતા સાથે દેશવિદેશનું પર્યટન મોહિનીએ બહુ સમય કર્યું હતું, પણ હવે તે તેને યુક્ત લાગતું નહોતું. પિતાના આગ્રહથી તેની સાથે તે જ્યાં જતી, ત્યાં સાથે એક દાસીને રાખતી, તે સાથે પિતાથી જુદા જ ખંડમાં રહેતી અને પિતાની મર્યાદા પૂર્ણ પાળતી, હવે તે પિતા સાથે વધુ વાત કરતાં ક્ષોભાતી. મોહિની પિતા સાથે મુંબઇ આવી હતી, પણ સામત જતો ત્યાં તેની સાથે તે જતી નહિ. સામંત સ્વેચ્છા પ્રમાણે મુંબઇમાં મ્હાલતો પણ પિતાના સર્વ આનંદો પુત્રી માટે નહોતા. બહુશઃ મોહિની પોતાના ખંડમાં તેવી નિર્દોષ રમત કે, વાંચનમાં સમય વ્યતીત કરતી.

એક પ્રભાતમાં ઠાકોર સામંત સઘળા સેવકો સાથે બહાર ગયો હતો. ઉતારામાં માત્ર મેના અને મોહિની જ હતાં, મોહિનીએ બહારથી કંઇ મંગાવ્યું, અને દાસી રાજપુત્રી માટે લેવા ગઇ, ખંડમાં મોહીની સિવાય કોઇ ન રહ્યું. એક પુસ્તક લઇ તે વાંચતી મોહિની પલંગ ઉપર જઇ પડી, ખંડનાં બારણાં હમેશાં બંધ જ રહેતાં, ખંડ બહારના આવતાં જતાં મનુષ્યો ખંડમાંનો વ્યવહાર જોઇ ન શકતાં, મોહિની પલંગ ઉપર વાંચનમાં વિલીન થઇ હતી, પ્રભાતનો મૃદુ નિર્મળ વાયુ સુકુમાર મોહક અંગો ઉપરનાં વસ્ત્રો સાથે વિહરતો, વસ્ત્રોને ફફડાવતો, ઉડાડતો, અંગોને ઉઘાડાં કરી ઢાંકતો, મલકાતો, નાસતો હતો. મોહિની વાંચનમાં પ્રવર્ત હતી, દેહ ઉપરનાં વસ્ત્રો ઉપર દુર્લક્ષ હતું, કંઇ જરૂર નહોતી. હમણાં મેના સિવાય

કોઇના આવવાનો સંભવ નહોતો, મેનાને ગયાં સમય થયો, પણ તે હજુ સુધી આવી નહોતી. ખંડનું દ્વાર ઉઘડ્યું, મોહિનીએ સાંભળ્યું, મેના આવી હશે ! એમ મોહિનીએ માન્યું, વાંચનમાંથી દૃષ્ટિ નિવૃત્ત ન થઇ શકી, બારણાં તરફ દૃષ્ટિપાત પણ ન થયો. મોહિની તેની તે જ સ્થિતિમાં વાંચનમાં જ લીન રહી, નિમિષમાત્ર મૌનતા વ્યાપી... " બાપુ કયા પધાર્યા છે ? " મધુર સ્વરે પ્રશ્ન પૂછાતો સભળાયો. સ્વર મેનાનો નહતો, પુરુષનો હતો, અપરિચિત હતો. અવ્યવસ્થિત થઇ, પલંગ ઉપર પડેલી મોહિની ક્ષોભાઇ, અજાણ્યા પુરુષને પોતાના ખડમાં પ્રવેશેલો જોઇ, લજ્જિત થઈ, સ્વર સાંભળતાં જ વસ્ત્રો સંકોરતી પલગમાંથી ઉભી થઈ ગઇ, હૃદયે ક્ષણભર આવનારનો અવિનય માન્યો, તપ્ત થયું, કંઇ પણ બોલે તે પહેલાં દૃષ્ટિ આવનાર ઉપર પડી. ભવ્ય તરુણ સભ્યતાથી ઉત્તરતી આશાએ ઉભેલો દેખાયો. તરુણની પ્રભામાં મોહિની અંજિત થઇ, તપ્ત હૃદય નમ્ર થઈ ગયું, દૃષ્ટિ લજ્જાથી જમીન ઉપર નમી પડી પ્રત્યુત્તર દેતાં ક્ષોભ થયો, પણ ઉત્તર આપ્યા સિવાય ચાલે તેમ નહોતું. "બાપુ બ્હાર પધાર્યા છે ! " પ્રત્યુત્તર દીધો પણ બહુ શ્રમે; એટલુ પણ બોલતાં રોમાંચ થયો. પધારે ત્યારે, તેમને સ્મૃતિ આપજો કે, વિજય કંઇ અગત્યનાં કારણમાટે આપની પાસે આવ્યો હતો. " વિજય ! વિજય શબ્દ સાંભળતાંજ ક્ષુભિતા રાજકુમારીની દૃષ્ટિ એક વખત તો વિદ્યુદ્વેગે વિજયના મુખ તરફ વળી. ઉભયનું દૃષ્ટિમિલન થયું. દૃષ્ટિ સાથે દૃષ્ટિનો યોગ થયો.

પરિચ્છેદ, ૩, જો.

પ્રણય દીક્ષા.

અરે ! એ કન્યાનાં મગજ દિલ આત્મા લઇ ગયો,
રહ્યું ખાલી ખોખું ઉદધિ દુઃખનામાં ઉછળતું,
ન મૂર્છા આવી કે મરણ નવ આવ્યું રસ ભર્યું,
નિસાસો ના આવે નયન થકીના અશ્રુ ખરતું.

(કલાપી.)

વિજયકુમારમાં સૌજન્યતા હતી, મોહિનીના ઓરડામાં પ્રવેશતાં પહેલાં તેણે ઠોકારને સંબોધ્યા. મોહિની વાંચનમાં તન્મય થઇ હતી, તેણે વિજયનો સ્વર ન સાંભળ્યો, ખંડમાંથી ઉત્તર કોણ આપે? વિજયે બારણાંને હાથ લગાડયો, બારણાં ઉઘડી ગયાં, વિજય ખંડમાં પ્રવેશ્યો, તેનાથી બે પગલાં આગળ પણ જવાયું, ખંડમાં રાજકન્યા સિવાય કોઇ જ નજરે ન પડયું, ! પગ ત્યાં જ સ્તબ્ધ થઇ ગયા, વિજય ક્ષોભાયો, સભ્યતા ભૂલેલો પોતાને માની લીધો, પણ હવે પોતાના આવવાનું કારણ કહ્યા વિના પાછા ફરવું તેને ઠીક ન લાગ્યું, પણ કોને

કહેવું ? જે છે તેને આગમન કારણ કહી જવામાંજ વિજયે વિવેક વિચાર્યો. સામંતમાટે પૂછાયું; લજ્જાથી કંપતે સ્વરે મોહિનીએ ઉત્તર આપ્યો. કહેવુ હતું તે કહી, વિજય મોહિનીના ખંડમાંથી પાછો ફર્યો. આજે અનાયાસે મોહિનીને ઇચ્છિત દર્શન થઇ ગયુ અને તે સાથે મોહિનીના વિશુદ્ધ હૃદય ઉપર વિજયની પ્રતિમૂર્તિનુ ચિર આલેખન આલેખાયું; તે જ ક્ષણથી જીવનના દ્વિતીય પરિચ્છેદનો સમારંભ થયો. વિજયકુમારનું નામ વિજય કુમારને મુખે લેવાતુ સાંભળ્યું. બાળાના મનોમંદિરનો પૂર્વરંગ પલટાઇ ગયો. પ્રણય પ્રતિમાની પ્રાણ પ્રતિષ્ઠા થઇ; સ્નેહ જ્યોતિએ પ્રણય દીક્ષા આપી. વિજય તો ગયો હતો, પણ મોહિની સ્ફાટિક પ્રતિમાવત્ સ્થિર થઇ ગઇ, ક્ષણ માત્ર દેહ ભાન ભૂલી, પુસ્તક હાથમાંથી સરી પડયુ. તે માંહેના પૃષ્ઠો વિખરાઈ જમીન ઉપર પડયા. તનમાં શિથિલતા આવતી અનુભવાઇ, મન પોતાની પાસે ન રહ્યુ, હૃદય પરાક્રાન્ત થયુ. વિજય ગયા પછી મોહિની બહુ સમયે પલંગ ઉપર બેઠી, તે પછી થોડા જ સમયમાં મેના આવી, કુંવરી સચેત થઈ; કંઈજ ન થયું હોય તેમ પલંગ નીચે ઉતરી, વિખરાઇ પડેલાં ચોપડીનાં પૃષ્ઠો એકઠાં કરવા લાગી.

આ ઘટના ઉપર ચાર દિવસો વ્યતીત થઇ ગયા હતા. આજે રાત્રે મુબઈની રસિલી પ્રજામાટે કંઇ નૂતન ચેટક જાગ્યું હતું. સરદાર સામંત મુબઇની મોજ માણવાની આશાએ મુબઈ આવ્યો હતો, તેનાથી આ નવો તમાસો જોયા વિના કેમ રહી શકાય ? મોહિનીને તે જોવા સાથે લઇ જવા સામંતે આગ્રહ કર્યો, પણ તે ન ગઇ; ઠાકોર પોતાનાં સઘળા માણસોને સાથે લઇ, તમાસો જોવા ગયો.

આજે ચાર દિવસથી કુંવરીબાનું શરીર અસ્વસ્થ હોવાનું કહેવાતું હતું; તેને તેવું કંઇ જોવાની ઇચ્છા નહોતી. હમણાં કંઇ આનંદ પ્રમોદ રુચતાં નહોતાં; બહુશઃ હમણાંનો સઘળો વખત તે સૂઇ રહેવામાં જ વિતાડતી હતી. કુંવરી પિતા સાથે આ કારણથી જ તમાસો જોવા ન ગઇ, ઉતારે માત્ર મેના અને રાજકુંવરી મોહિની જ રહ્યાં. રાત્રિના નવક વાગ્યાનો સુમાર થયો હતો. મોહિની બારી પાસે ખુરશી ઉપર બેશી વિચારમાં નિમગ્ન થયેલી દેખાતી હતી. આશા અને નિરાશા વચ્ચે વહેતા, નૂતન પ્રણયપ્રવાહમાં તણાતી અને તરબોળ થતી, અંતર્નિશ્વાસોને અંતરમાં વિરામ આપતી હતી. દાસી ખુરશી પાસે બેશી કોઈ ઇંગ્લિશ ન્યુસ પેપરના ચિત્રો જોતી હતી, ખંડમાં મૌનતા હતી કાકા સાહેબ."......બહારથી સ્વર સંભળાયો. મૌનતા ભેદાઇ; કોણ! મેના પૂછતી ઉઠી, બારણા પાસે ગઇ; સ્વર મોહિનીએ ઓળખ્યો, વિજયનો પ્રિય સ્વર હતો. "બાપુ તો કયારના બહાર પધાર્યા છે." મેનાએ અર્ધું બારણું ઉઘાડી ઉત્તર આપી દીધો; આજે મારે પણ જતું હતુ, થયુ ચાલો; વિજય જરા ભગ્નાશ થતો પોતાના ખંડમાં ચાલ્યો ગયો. રાજકુંવરીને પ્રિય દર્શન થઇ, અંતર્હિત થઇ ગયું. સ્નેહસરિતાનો વેગ વધ્યો; ખંડમાં પૂર્વની મૌનતા પુનઃ અવરાઇ, "મેના! તે કોણ હતું?" કઇક સમય મૌન રહી, અનભિજ્ઞાત પેઠે મોહિનીએ દાસીને પૂછ્યુ. "બા એ તો ...વિજુભા." મેનાએ ઉત્તર આપ્યો, પણ ઉત્તર આપતી વાણીમા અને મુખ ઉપર વિચિત્ર ભાવ વ્યક્ત થઇ ગયો.

મેના અંતઃપુરની દાસી હતી, જોઇએ તેવો તરલ સ્વભાવ તેનો હતો; મનુષ્યનાં ચક્ષુઓ અને મુખાકૃતિ જોતાં જ તેના મનોભાવો કળી જવા જેટલું તેનામાં ચાતુર્ય હતું. મોહિનીએ દાસીથી

અંતર છુપાવવા ઘણો શ્રમ કર્યો હતો, પણ મેનાથી કઇ અજાણ્યું રહી શક્યું નહોતું, એટલું જ નહિ પણ મેના યુક્તિથી મોહિનીનાં અંતરપર્યંત પહોંચી, તેની સ્નેહમૂર્તિને ઓળખી શકી હતી, વિજયની વાત કળી શકી હતી. અત્યારે અનુકૂલ વખત જાણી, મેનાએ વિજયની વાત કાઢી. " એક પછી એક વાત પૂછતી ગઈ, અનુમોદન આપતી ગઇ, અને પોતે અનુકૂલ હોવાનો ભાવ મોહિનીને દેખાડતી ગઇ; મોહિનીનો વિશ્વાસ તેણે થોડી જ વાતમા જીત્યો. પ્રથમનું વિજયકુમારનુ આગમન અને પોતાની મનોઅવસ્થા મોહિનીએ મેનાને નિઃશંક થઇ કહી દીધી. ઇચ્છાપૂર્વક જ સઘળું કહ્યું હતું, કંઇ ઇષ્ટની આશાથી મેનાને અનુકૂલ કરી લેવા મોહિનીની ઇચ્છા હતી અને તે ઇચ્છિત સાધિ પણ શકી; સુવર્ણથી સાધ્ય શું ન થાય ? મેનાને કંઇ મળ્યુ, તે સાથે વધુ આશા પણ અપાઇ, આજની એકાન્તનું સાફલ્ય કરવા, ચતુર રાજકુમારીએ મેનાને ઇસારો કર્યો. મેના કઇ નિમિત્ત બતાવી, બહાર ગઇ, સઘળું થયું. મેના ન આવી, પણ થોડા જ સમયમા ખંડનું બારણું ઉઘાડી, વિજયકુમાર નિઃશંક રીતે ખંડમાં આવ્યો, બારણું બંધ થયું, વિજયને જોતાં જ મોહિની ખુરશી ઉપરથી ઉઠી ઉભી થઇ, મોહિની પાસે જતાં વિજયનાં મુખ ઉપર સ્મિત સ્ફુર્યું.

મોહિનીનાં ગાંભીર્ય અને શરમાળ ચક્ષુઓએ વિજયને સન્માનિત કર્યો, ખુરશી ઉપર બેસવા હસ્ત સંજ્ઞા થઇ.

"શરીર હવે સ્વસ્થ હશે ? " વિજયે ખુરશી ઉપર બેસતાં મોહિનીને પૂછ્યું. "

"ઉત્તર આપતાં હૃદયનો વેગ વધ્યો, અંતર અપૂર્વ ભાવો અનુભવવા લાગ્યું. " હા જી ! ટુંકો ઉત્તર દેવાયો. " બોલતાં રોમાંચ થયો. "

" દાસી હમણાં ઓરડામાં આવી હતી. વિજયે વાત ઉચારી."

" હાજી ! મેં જ તેને મોકલી હતી, મને ક્ષમા કરજો. મોહિ-ની બહુ ધીમેથી બોલી. "

" વાહ ! તેમાં પણ ક્ષમાની યાચના. " કેવો કાળ મહિમા ? કંઇ નહિં ! તે તો વિદેશી એટિકેટ (વિવેક) છે. વિજય જરા હસીને બોલ્યો, પણ વાણીમાં કટાક્ષ હતો. "

વિદેશી એટિકેટ ? વિલાયતી સભ્યતા ? ભલે ! ઉત્તમોત્તમ હોય, પણ આપણે આર્યસંતાનો છીએ, તે વિસરવુ ન જોઇએ ? આપણું જે ચિરંતન છે, તેનું સમર્થન કરતાં શું નથી મળતું ? કે પારકી પીડાઓ આપણે વહોરવી જોઇએ. " " આપ્ત પ્રત્યેની અવિ-ચળ શ્રદ્ધાનું કુંવારીએ નિરૂપણ કર્યું. "

" તમે કહોછો તે સઘળું સાચું છે, સામ્પ્રત સાક્ષર કહે-વાતાઓ તે સઘળું સમજે છે; વાતો બહુ કરે છે, પણ તે જ્ઞાનને અંતરમાં જ વિરામઆપે છે; આચરણમાં લાવવા કંઈ જ નથી. સુશિક્ષિત કહેવાતાં બિચારાં હૃદયોમાં જ વિશેષ નિર્બળતા પ્રતીત થાય છે. તેઓજ અન્યમાં આકર્ષાઇ, પ્રથમ અનુકરણ શિખ્યાં છે. " વિજયે સાક્ષરોનાં ચારિત્રનો મહિમા તોળ્યો.

કુંવરી સુશિક્ષિતા હતી, વિજયકુમારનું કહેવું અક્ષરશઃ તેને સત્ય લાગ્યુ, પ્રથમ પોતાનો જ વિચાર આવ્યો; કલ્યાણી મર્યાદાની સરણીની પોતે અવમાન્યતા કરી હતી. "અંતર વિશુદ્ધિ કરતાં બાહ્ય આચરણો જગતની દષ્ટિ પ્રથમ જોઇ શકે, અને તેને જ જીવનના પ્રમાણરૂપ પણ માની લે ! " કુંવરીએ વિચાર્યું. પોતે અનુકરણ કરતી જગતની દષ્ટિએ પ્રત્યક્ષ હતી, વિજયની વાત

અર્થ ગાંભીર્યવાળી જણાઇ. "મોહિની તે વિચારતી કંઇક સમય મૌન રહી, અને બોલી. "આપનું કહેવું યથાર્થ છે, પણ અંતર આચરણ પરિચય વિના પારખી શકાતું નથી."

"મોહિની ! તમારી માન્યતા જૂદી છે; અંતર વિશુદ્ધિની પ્રતિભારૂપ કે, અંતર મલિનતાની શ્યામ છાયારૂપે જ બહારનું સદ્વર્તન કે, દુર્વર્તન હોય છે. મનુષ્યનાં સ્વાંગ અને છટા જોતાંજ વિચક્ષણ મનુષ્ય તેનાં અંતરુદ્ગારોનું પરીક્ષણ કરી લે છે. વિજયે જરા સ્મિત કરી, મૃદુ સ્વરે કહ્યું."

"આપનું કહેવું સમજાયુ. વિદેશિયોનુ અનુકરણ મારાથી થયુ છે, પણ હું તે સર્વને અંતરથી ધિક્કારૂ છું. આપને......વાક્ય તૂટયું, મોહિની પૂરૂં બોલી ન શકી."

"મોહિની ! કહો ! પૂછશો તેનો ઉત્તર આપીશ ! મારા બોલવાથી મનને સંદિગ્ધ કરશો નહિ ! વિજયકુમારના મુખ ઉપર બોલતાં વિચિત્ર ભાવ પ્રગટી અંતરિત થઇ ગયો."

" વિજયકુમાર ! આપને રુચે તેટલી મારી યોગ્યતા માનો ! પણ અર્પાયેલુ સ્વીકારાશે કે ? લજ્જાથી નયનો નીચાં ઢાળી, એક હાથે બીજા હાથનાં કંકણને ફેરવતી મોહિની બહુ શ્રમે બોલી, વાતનું રૂપ બદલાયું. "

તમારા જેવી દિવ્ય બાળાનાં અર્પિતનો અસ્વીકાર કરનાર નિર્ભાગી જ મનાય. "વિજયે વિવેક કર્યો."

"રંક કુમારીકાનાં બાહ્ય વર્તનથી વહેમાઈ, કદિ તેમ પણ થાય; તેવા નિર્ભાગી રહેવામાં પણ કલ્યાણ દેખાતું હોય. " મોહિનીએ વિજય ઉપર દૃષ્ટિપાત કરતાં કહ્યું."

"મને આપો ! ભાગ્યવંત થવા દો ! મોહિની આપશે તે સાભાર સ્વીકારીશ. "વિજય આતુરતાથી બોલ્યો."

"આપ સ્વીકારો કે, તિરસ્કાર કરો ! પણ આપના ગુણાનુવાદ શ્રવણ અને દર્શન સાથે જ મોહિનીનું હૃદય આપને અર્પાયેલું છે. " મોહિની બોલી; સંદેહાત્મક નિઃશ્વાસ નિકળ્યો. "

" દેવી ! મારૂં મહદ્ભાગ્ય માનું છું, પણ સમયની વિષમતા કંઇ અગમ્ય છે, મારૂ અત્રેનું આગમન સંગ્રામક્ષેત્રના પ્રયાણમાટે છે. તે વાત પિતાશ્રીએ પ્રસગે તમને કહી પણ હશે ?"

"હા જી ! તે હુ જાણું છું અને તે જાણ્યા પછી આ રંક રજપૂતાણીનું અંતર આપે હર્યું છે. સદ્વર્તન અને વીરત્વ મેં આપનામાં સાંભળ્યાં છે. આપ યુદ્ધમાં સિધાવો છો ! સગ્રામે ચડો છો ! ક્ષત્રિયરાજ ! વિશમી સદીની ક્ષત્રિયાણીઓ વ્હાલાઓનાં વીરત્વની કસોટી ક્યારે જોત. " વહાલાઓને રણે સિધાવતા ક્યાં જોત ! કેવો લ્હાવ ? પૂર્વનુ જ્વલંત વીરત્વ આજે પ્રત્યક્ષ થતુ અનુભવાય છે. કૃતજ્ઞતા કેવી હોય; તે અનુભવવાનો સમય સાંપડયો છે. " યુદ્ધ " ! કેવો ગૌરવશાળી શબ્દ ! " યુદ્ધ વિહાર " ! કેવો અપ્રતિમ આનંદ ! મને આજ્ઞા યરો ! હું આપની સાથે આવીશ ! રજપૂતાણીઓનું શૌર્ય આપ જોઇ શકશો, મોહિનીનાં મુખાર્વિંદ ઉપર રક્ત શિરાઓ તરવરવા લાગી. બોલતાં સુકુમાર દેહ જરા કંપ્યો.

દેવી! તમે યુદ્ધ ભૂમિ ઉપર જૂઓ, તે કરતાં અહિંજ રહી, બ્રિટીશ સામ્રાજ્ય અને વીર ભારતીઓના જયનું ચિન્તવન કરો; તેમાં વિશેષ શ્રેય છે. ભારતવર્ષના ઉત્કર્ષમાટે તમારા જેવી ભાવિ માતાઓની રંક હિન્દને અપેક્ષા છે. " દેવી ! હુ યુદ્ધમાંથી પાછો આવીશ તો સઘળું થઇ રહે શે......"વિજય બોલતા અટકયો."

"પ્રભુ આપનુ રક્ષણ કરશે! દુઃખી ભારતદેવીના અંતરની આશિષ આપનામાં વિજય પ્રેરશે! આપ નિશંક રહેજો! આ મોહિનીને કઇ પણ કહો કે, તેનેમાટે કંઈ પણ વિચારો, તે પહેલાં સ્મરણમાં રાખજો કે, મોહિની આર્યબાળા છે, ક્ષત્રિયાણીઓને દેહ કરતાં ધર્મનું મહત્ત્વ વિશેષ હોય છે. " મોહિનીનો કંઠ બોલતાં ગળગળીત થયો, રૂંધાયો, સ્પષ્ટ ન બોલાયું, ચક્ષુઓ સજળ હતાં. "

"અસ્તુ! વિજય સિદ્ધિ સૂચક શબ્દ ઉચ્ચારી, મૌન રહ્યો. ખંડમાં મૌનતા પથરાઈ."

દેવી! તમે કયાં સુધી ઉભાં રહેશો? હોટેલના વ્યવસ્થાપકે આપણે માટે ખુરશીઓ ઘણી મૂકાવેલી છે. " વિજયે વિનોદ કર્યો."

બેસવા કરતાં ઉભા રહેવુ જ મને વધારે ગમે છે, પણ આપના પ્રયાણના સમયનો કંઇ નિશ્ચય આપે જાણ્યો? " મોહિનીએ જરા લજ્જિત સ્વરે પૂછ્યુ."

નહિ, તે જાણી શકાશે જ નહિ! "તે ન જણાવવામાં સત્તાનું કંઇ શ્રેય છે. " ઉત્તર મળ્યો.

"ત્યારે પુનઃ આપના દર્શન? મોહિનીએ આતુરતાથી પૂછ્યુ."

"પરમાત્માની ઇચ્છા હશે ત્યારે નથી સમજાતું કે, આવતું પ્રભાત કયાં જવાશે! વિજયે પોતાની અંગુલિમાંથી રત્નમુદ્રિકા કાઢી, મોહિનીને આપવા હાથ લંબાવ્યો. " દેવી! આ મારી સ્નેહસ્મૃતિ " મોહિનીએ લજ્જાથી નીચું જોતાં હાથ લંબાવ્યો. વિજયે વિંટી બાળાના હસ્તકમળમાં મુકી, મોહિનીએ તે ચોળીમાં છુપાવી.

તે પછી અન્ય પ્રસંગો ઉખડયા, પ્રશ્નોત્તરો થયા, ખંડનું બારણું ઉઘડતું દેખાયું અને સાથે એકાન્તનો પણ અંત આવ્યો; દાસી

ખંડમાં આવી, વિજય જવા ઉઠયો, મોહિનીનું મસ્તિષ્ક જતાને નમ્યું. "વિજય ગયો". મેનાએ મોહિની સામે સ્મિત કર્યું, "પણ મેના મૌન જ રહી"

આજનો મેળાપ હમણાં તો પ્રથમ કે અંતિમ હતો, બીજે દિવસે પ્રભાતમાં જ વિજયકુમાર વિગેરેને સ્ટીમર ઉપર જવાનો આદેશ થયો. જતાં મોહિનીને ન મળાયું, મળવા જેવી એકાન્ત પ્રયાણુ કરતાં સુધી ન જ મળી, સ્ટીમરો કયારે ઉપડવાની છે, તે કોઇ જાણતું નહોતું; પણ સ્ટિમરો સાંજે ઉપડવી જોઇએ, તેવો તર્ક કરી સામંત મોહિની વિગેરે સમુદ્ર તટ ઉપર આવ્યાં, તેઓનો તર્ક સાચો થયો સ્ટીમરો સૈન્યોને લઈ, ઘણી જનારી હતી, સ્ટીમર ઉપડી, તેમાં વિજયવાળી સ્ટીમર પહેલી હતી. મોહિની અને સામંતે પ્રિય જનોને યુદ્ધમાં પ્રયાણ કરતા જોયા, સ્ટીમર સાયંકાળે મુબઇનો કિનારો ત્યજતી, બહાર નીકળી, ચાલી અને બીજી સ્ટીમરોની રાહ જોતી, દૂર જઇ ઉભી. સામંત વિગેરે સૌ ગયાં અને અવશિષ્ટ રહ્યો વિયોગ.

મોહિની ઉતારે પિતા સાથે આવી, વિજયનુ અંતિમ દર્શન થયુ, પણ વિજય તો ગયો. આખું મુબઇ મોહિનીને શન્ય જેવુ થઇ રહ્યું, એક વરસ જેવો દેખાઇ, દિવસ વીત્યો બીજો દિવસ પણ ગયો, રાત્રિ થઇ, પ્રિયને લઈ સ્ટીમર ઉપડતી જોઇ. બાપુ આજ મોડા આવનાર હતા. મોહિની ખંડમાં એકલી રહી, મન ચકડોળે ચડયું, ન કરવાના અભિનયો આદર્યા, પિતાનાં લુગડાં પહેરી ખાસ ક્ષત્રિ-રાજનો વેષ ભજવ્યો પોતે વિજય થયેલી પોતાને કલ્પી. દાસી મેનાએ છુપાઇ તે સઘળું જોયું. એક પછી એક સઘળું થઈ ગયું અને તે જ રાત્રિએ મોહિની ગઇ! કયાં ગઇ! તે કોઇનાથી ન સમજાયું, ઘણી શોધ છતાં તે ન જ મળી શકી.

પરિચ્છેદ ૪ થો.

યુદ્ધનું આવાહન અને પ્રયોજન.

God alone, who holds in his hand the combination of events, is the arbiter of this great political problem. But certainly never were circumstances more memorable or more worthy of interest

Historian's History of the world.

વિદ્વાનો માને છે કે, જે પ્રજા ઉપર વિદ્યા, કળા, વિજ્ઞાન અને વાણિજ્યનું અધિરાજ્ય પ્રબળ હોય છે, તે પ્રજા વિશેષતઃ શાન્તિ દેવીની ઉપાસક હોવી જોઇએ. " મૈત્રી " તે પ્રજાનોમુખ્ય મત્ર હોય છે. પણ ઇસુ સંવત્ ૧૯૧૪માં રચાયેલી વીર વિધ્વંસીની ભીષણ યુદ્ધ ઘટનાથી તેનું માન નારાઓને સિદ્ધ થઇ શક્યું હશે કે, પ્રકૃતિ ઉપર મનુષ્ય જાતની કોઇપણ ભૌતિકસત્તાનો અંકુશ નિરર્થક છે. સામ્પ્રત યુરોપી પ્રજાઓને સઘળી ભૌતિક સંપત્તિઓ અનુકૂળ છે; વિદ્યા, કળા, વિજ્ઞાન, વાણિજ્ય અને લક્ષ્મીનું કેન્દ્ર વર્તમાનકાળમાં યુરોપી પ્રજાઓજ બની છે. તેનાથી ઘણું શોધાયું છે. અરે ! પ્રકૃતિને અંકુશમાં લાવવા જેવી બાબતો પણ યુરોપી મનુષ્યજાતો સ્જતી હોય તેવું થયું છે. અને તે સર્વની અંતે વર્તમાન પ્રકૃતિ ક્ષોભ જન્મ્યો.

પ્રકૃતિ ઘટના અગમ્ય છે, મનુષ્યોએ શોધેલાં શસ્ત્રાસ્ત્રો અને પ્રાણુહારક સાધનોથી તેજ મનુષ્યોનો ભયંકર સંહાર થવા લાગ્યો, વાતાવરણજ વિકારાયું; જ્યાં શાન્તિ અને મૈત્રા રાચી રહ્યાં હતાં, ત્યાં રક્તની રેલો વહેવા લાગી, જ્યાં શાન્તિદેવી ગૃહેગૃહે પૂજાતી હતી, ત્યાંજ શાન્તિ વિનાશક ભીષણુ સાધનો સજાયાં અને સર્વની અંતમાં જગત્‌ની ઈષ્ટ શાન્તિ દેવી ઉપર તેજ સાધનોનો આઘાત થયો, જગત્ હરામચી ફેટયું. મહા પ્રાણુઇસુની વિસમી સદિના ભૂગોળ ઉપર મહાભારત મંડાયું.

યુરોપના મહાભારતનું જે તાત્કાળિક કારણુ ગણુવામાં આવે છે, તે એટલુ મહત્વનુ નથી. જો તેજ કારણુને આગળ ધરવામાં આવતુ હોય તો આવું માનવ વિધ્વંસક તુમૂલ યુદ્ધ સંભવનીયતો ન મનાય. ઇ. સ. ૧૯૧૪ના જુન માસની ૨૪મી તારિખે સર્વિઆ રાજ શાસનને અનુસરતા બોસ્નીઆ પ્રાંતમાં આવેલા સારાજેવો નામના નગરમાં પ્રિન્સીપ્સ નામના સર્બ જાતિના એક વિદ્યાર્થિએ ઓસ્ટ્રીયાના યુવરાજ ફર્ડીનાન્ડ અને તેની ધર્મ પત્નીનુ ખુન કર્યું શાન્તિમાંજ સંતોષ માનવાવાળાને ખુનના બદલામાં ખુનજ લેવાનુ હતું, પણુ ઓસ્ટ્રિયા ને તે શાન્તિ રુચતીજ નહોતી; તેને નિમિત્ત મળ્યું. પાટવી શાહજાદાનાં જીવનના બદલામાં ઓસ્ટ્રિઆએ સર્વિઆ પાસે કેટલીક માગણીએ કરી, તે સર્વિઆને યોગ્ય અને અયોગ્ય લાગી. સઘળી માન્ય રાખવામાં સર્વિઆને પોતાના સ્વાતંત્ર્યની અવિચ્છિન્નતા ભેદાતી દેખાઇ, ઓસ્ટ્રિઆની સઘળી માગણીએ કબૂલ ન કરાઈ. બસ ! ઓસ્ટ્રિઆને તેજ જોતું હતું; જૂનાં વૈરોને વસૂલ કરવાનો સમય મળ્યો. ઓસ્ટ્રિઆના વયોવૃદ્ધ રાજા ફ્રાન્સીસ જોસફે તા. ૨૯મી

જુલાઇ એ મહાયુદ્ધનું આવાહન કર્યું, જગતની શાન્તિ દેવીના રક્તથી વૃદ્ધ હાથો ખરડવા તૈયાર થઈ, સર્વિઆ સાથે લડાઈ જાહેર કરી. યુદ્ધનું તુરતનું પ્રયોજન ' તો માત્ર એટલુંજ મનાય છે ઓસ્ટ્રિઆ અને સાર્વિઆ કડબાંધી લડયા હોત અને અન્ય રાજ્યોએ સળગેલું બુઝવવામાં હાથ આપ્યા હોત તો, નાનું ભડકલું થઈ, હોલવાઈ જાત; પણ અત્યારે આખા જગતની શાન્તિને બાળી, ભસ્મસાત્ કરે તેવો યુદ્ધ દાવાનળ પ્રજ્વળી રહ્યો છે, તે ન થાત.

ઓસ્ટ્રિઆના યુવરાજના ખુનની અનિષ્ટ ઘટના સુઝાતાંજ શ્રીમાન સમ્રાટ પંચમ જ્યોર્જની દીર્ઘદ્રષ્ટિએ ભાવી પરિણામ જોઈ લીધું હતું. અન્ય રાજ્યોની મૈત્રી ભગ્ન ન થાય, તે માટે તેણે મહા પ્રયત્ન આરંભ્યો; યુરોપનાં રાજ્યોના ઇતિહાસથી મહારાજા જ્ઞાત હતા, તેણે કલ્પના કરી લીધી કે, એક રાજ્યના મુખ્ય અધિકારી પુરુષ અને તેની સ્ત્રી તે બે માનવોના ખુન માટે લડી અગણ્ય માનવોના લોહી રેડવા તત્પર થયેલા ઓસ્ટ્રિઆ અને સર્વિઆ વચ્ચેનાં યુદ્ધથી રશિયા પોતાનાં વૈરને વસુલ કરવાનો સમય સાંપડયો માની, યુદ્ધને પુષ્ટિ આપશે; ત્યારે ઓસ્ટ્રિઆને મદોન્મત્ત જર્મનીની સહાયતા હતીજ તે, ઇગ્લંડના રાજદક્ષ શહેનશાહ સમજતા હતા, તેનો તર્ક સાચોજ થયો.

ઓસ્ટ્રિઆ જર્મનીનાં અવલંબને દિનપ્રતિદિન પ્રબળ થતું હતું. વાત એટલે સુધી વધી કે, ઇ. સ. ૧૯૦૮ માં સર્બ પ્રજાથી વસાયેલો બોસ્નીઆ અને હર્ઝેગોવિના નામના તુર્કીના બે પ્રાન્તો ઓસ્ટ્રિઆ કોળિઓ કરી ગયુ. તુર્કીનું સલાહકાર રશિયા પોતાને માનતું હતું. તેની અનુમતિ લેવાનું પણ ઓસ્ટ્રિઆએ યોગ્ય ન વિચાર્યું; ઓસ્ટ્રિઆની આ ઠગબાજીથી રશિઆને લાગી આવ્યું. ઓસ્ટ્રિઆએ

પોતાની સત્તાની અવમાનના કરેલી રશિઆને લાગી, આ પ્રસંગેજ ઓસ્ટ્રિઆ સાથે રશિઆ અથડી પડત પણ તે સમયે માતેલ ગોધા જેવું જર્મની નીતિ અને રાજબંધારણોનાં લેખીત વચનોને છાપરે ચઢાવી, ઓસ્ટ્રિઆના પક્ષમાં ઉભું રહ્યું. રશિઆને સમય અનુકૂળ ન લાગ્યો, થોડું બબડી સબડી, તે મૌન થયું અને ઓસ્ટ્રિઆને તે બે પ્રાન્તો પચી ગયા. આ કૃત્ય કરી, ઓસ્ટ્રિઆએ રૂશિઆની મહાન્ સત્તા ઉપર આઘાત કર્યો હતો, તે વૈર રૂશિયા કોઈ કાળે પણ કેમ વિસરે ? વળી સર્વિઅન પ્રજા સ્લાવ જાતિની છે, ત્યારે રશિઆની રાજકર્ત્રી પ્રજા પણ સ્લાવ જાતિમાંથી ઉતરી આવેલી છે સ્વજાતિ બંધુઓને પરજાતેથી પરાક્રાન્ત થતા રશિયન રાજકર્ત્રી કોમથી કેમ જોઈ શકાય ? ઓસ્ટ્રિઆની ટયુટન પ્રજાના પગતળે ચગદાતી સ્લાવ પ્રજાને રશિઆ ન જોઇ શકયું. રાજ્યોના જૂના ઇતિહાસો અને વૈરોનાં કારણો લખતાં ગ્રંથો ભરાય, વસ્તુતઃ આવા જૂનાં અને નવાં અનેક કારણોથી રશિયા સર્વિઆની સહાયે ચઢવા તૈયાર થયું, હરહદ ઉપર જોત જોતામાં સૈન્યો એકઠાં થવા લાગ્યાં. ઇંગ્લાંડના રાજા અને રાજમંડળે તેમ ન કરવા રશિઆને સમજાવવામાં કંઇ કહેવા ન રાખી, જગત્‌ની શાન્તિનાં રક્ષણ માટે તેઓએ બહુ કરી જોયું. પણ સત્તાતુલા સ્વાર્થ અને આગળ પાછળનાં વૈરની વાત આવી, ત્યાં અન્યના કહેવાથી કેમ જ અટકાય ? રશિઆએ તાજાં વૈરને વસૂલ કરવાનો સમય ઓળખ્યો. તે તૈયાર જ હતું, જાપાનની સ્પર્દ્ધાએ અને ઓસ્ટ્રિઆની ઉદ્ધતાઇએ રૂશિઆનો પ્રમાદ ઉડાડયો હતો. યુરોપનાં અન્ય રાજ્યો પેઠે રશિયન રાજસત્તામાં નવી સ્ફુરતી આવી હતી. હવેનાં તેનાં મહાન્ સૈન્યો અને સાધનો મોગલાઇ નહોતાં, પણ

સંસ્કારાયાં હતાં, કંઇ નવું નિહાળવાનું નહોતું; સર્વિઆની સ્હાયે રશિયા ચડયું. બસ ! દવ બરાબર સળગ્યો.

૧૮૯૨ ના કરાર પ્રમાણે જર્મની કે આસ્ટ્રિઆ રશિઆ સામે લડવા ઉઠે તો ફ્રાન્સ રશિઆના પક્ષમાં ઉભુ રહેવા બંધાયેલું હતું. જર્મની આ સઘળું સમજતું હતુ, તેણે પણ તરવાર સુસજ્જ કરી રૂશિઆને વિદ્યુત્ સંદેશાથી કહેણુ મોકલ્યું કે, જો રશિઆ સર્વિઆની સહાયે ચડશે તો, જર્મની તે સાખી બેસી રહે તેવું નથી; તે પોતાની સત્તાનું છાબડું ભારે રાખવા તૈયાર જ છે. આ સંદેશાનો પૂરો પ્રત્યુત્તર મળે તે પહેલાં તો જર્મનીએ રૂશિઆ અને ફ્રાન્સ ઉપર યુદ્ધનું એલ્ટીમેટમ (યુદ્ધનું આમંત્રણ) મોકલ્યું, જર્મનીએ ઉતાવળ કરી મનાઇ. તે ઉતાવળ ઇરાદા પુર્વકની જ હતી, પણ જર્મનીને પ્રથમ કોળીએ જ મક્ષિકા ગળ્યા જેવુ થયુ, રશિઆ અને ફ્રાન્સ લડવાની પૂરી તૈયારી કરી રહે તે પહેલાં તેના ઉપર છાપો મારી, તેઓને દાબી દેવાની ધારણાથી જર્મનીએ ઉતાવળ કરી, પણ તેમાં તે છેતરાયું; રશિઆએ ન ધારી ત્વરાથી સરહદ ઉપર સૈન્ય એકઠું કરી દઢતા કરી લીધી હતી, ત્યારે ફ્રાન્સની સરહદ ઉપરથી તો જર્મની ફ્રાન્સ ઉપર હુમલો લઈ જઇ શકે તેમ નહોતુ. ફ્રાન્સે દીર્ઘદષ્ટિ વાપરી જર્મની જેવા વિકાળ અને પ્રબળ પાડોશીના હુમલાથી સુરક્ષિત રહેવા સરહદને દઢ કરી હતી; જર્મનીનાં સર્વોપરિ ગણતાં સૈન્યોનું બળ ત્યાં વ્યર્થ હતું.

ફ્રાન્સમાં પેસવાનો માર્ગ માત્ર બેલ્જીયનનાં સ્વતંત્ર પણ નાનાં રાજ્યમાંથી થઇ શકે તેમ હતો, અને જર્મનીની દયાનત પણ બેલ્જીયન રાજ્યને કચડી નાંખી, આડખીલી કાઢી નાખવાની હોય

તેવું પણ માની શકાય, કારણ કે તેણે બેલ્જીયન સરહદ પાસે સૈન્ય અને સાધનો જરૂર પડયે તુરત ઉતારી શકાય તેવી યોજના આગળથી જ કરેલી હતી. કંઇ નવું કરવાનું નહોતું; પણ કંઇ ઉચ્છૃંખલતા આરંભ્યા પહેલાં, જર્મનીએ બેલ્જીયનને અને યુરોપી રાજ્યોવચ્ચે થયેલા કરારોને ઠગવાનો નિશ્ચય કર્યો. યુદ્ધ ચાલે ત્યાં સુધી જર્મન સૈનિક સાધનો અને સૈન્યોને બેલ્જીયનમાં થઇ ફ્રાન્સમાં આવાગમન કરવા દેવા જર્મનીએ બેલ્જીયનને વિજ્ઞપ્તિ કરી, તે સાથે બેલ્જીયનને ખાત્રી આપવા તૈયાર થયું કે, યુદ્ધનો અંત આવ્યા પછી, બેલ્જીયનને જર્મની તેની સ્વતંત્રતા પાછી અર્પશે. આ ખાત્રી સાથે અનેક આશાઓ આપી; શામ, દામ, ભેદનો ઉપયોગ જર્મનીએ પ્રથમ કરી જોયો. પોતાનું સ્વાતંત્ર્ય ઇચ્છા પૂર્વક ગુમાવવું કોને રુચે ? બેલ્જીયને નાની હા ન ભણી, કોલકરારનાં કાગળિઆંઓને ચિંથરાંવત્ લેખી, જર્મનીએ જે જે કૃત્યો કરેલાં હતા, તેનાથી બેલ્જીયન અજ્ઞાત નહોતુ, ત્યારે જર્મનીનાં વચન ઉપર વિશ્વાસ રાખનારતો મૂર્ખ જ મનાય; બેલ્જીયન તે સઘળું જાણતું હતુ, તે સાથે બેલ્જીયનને ધૈર્ય હતું કે જર્મની કંઇ સિરજોરી કરી, અન્યાય આદરશે તો બ્રિટીશ સત્તા જેવી રાજદક્ષ મહાન્ સત્તાઓ જર્મનીનો આ અક્ષામ્ય અપરાધ સહી લે તેમ નથી, તે સમયે સહાય કરશેજ. બ્રિટીશ વિગેરે સત્યનિષ્ઠ રાજ્યો ઉપર બેલ્જીયનને સંપૂર્ણ વિશ્વાસ હતો. બેલ્જીયન એકનું બે ન થયું. સિરજોરી કરી, જર્મન સૈન્યો બેલ્જીયનમાં પેઠાં. બેલ્જીયનના નાનકડાં પણ વીરત્વ પૂર્ણ સૈન્યે જર્મની જેવી મહાસત્તા સામે તરવાર ઉપાડી, યુરોપની સર્વથી સુધરેલી મનાતી જર્મન

સત્તાએ અન્યાય અને અત્યાચારની પહેલ કરી, પણ જર્મન સૈન્યો બેલ્જીયનો સામે ન ટકી શકયાં. સૈન્ય નાસભાગ કરવા લાગ્યું. કેટલાંક તટસ્થ રાજ્યોમાં નાસતા જર્મન સૈનિકો ભરાયા અને કેદ થયા. બેલ્જીયનમાં પહેલાં ઉતરેલાં જર્મન સૈન્યો દાણો દાણો થઈ ગયાં, પણ પાછળથી તેને અનિવાર્ય સૈનિકબળ અને સાધનોની સહાય મળી, તે સઘળાં બેલ્જીયનમાં ઉતર્યાં; બેલ્જીયનનાં નાનકડાં સૈન્યો મરી, માર્ગ આપવા લાગ્યાં; પણ હારી, પાછાં તો નજ હઠયાં.

બેલ્જીયનની તટસ્થતા નહોતી ભગ્ન થઇ. બેલ્જીયનનું સ્વાતંત્ર્ય નહોતુ ભેદાયુ, ત્યા સુધી બ્રિટીશ રાજ્યને સત્વર યુદ્ધમા ઉતરવાનું કાઇ પ્રયોજન નહોતુ, રશિઆ અને ફ્રાન્સ સાથે બ્રિટીનની મૈત્રીથી સંયુક્ત થયેલુ હતુ, તોપણ જર્મની ફ્રાન્સના દરિયાઇ મથકો ઉપર નાવિક બળથી હુમલો ન કરે, ત્યાંસુધી બ્રિટીશ જર્મની સામે લડાઇમાં ઉતરનાર નહોતુ. જર્મનીએ બ્રિટીશ રાજ્યને ખાત્રી આપી કે, તે પોતાનું દરિયાઇ બળ ફ્રાન્સનાં દરિયાઇ મથકો ઉપર ઉપયોગમાં લેશે નહિ, પણ જો જર્મની ફ્રાન્સનાં દરિયાઇ મથકો ઉપર હુમલો કરે, અને કદાચ તે મથક જર્મનીથી જીતાય તો, ઈંગ્લિશ ચેનલ (ખાડી)-માં ઈંગ્લાંડ સામે અકારૂં ભયંકર જર્મની ડોળા ધુરકાવતું અડીબેસે તેમ હતુ. આ હમેશની તરખાટ ઇંગ્લાંડથી કેમ સહેવાય ?

તે બાબદનો તો હજી નિર્ણય પણ પૂરો પાધરો આવ્યો નહોતો, એટલા સમયમાં જર્મની કોઇને પણ પૂછયા વિના બેલ્જીયનમાં પેઠું. મોટાં રાજ્યોના કિલ્લા જેવાં નાનાં રાજ્ય ઉપર જર્મનીએ ત્રાપ મારી, યુરોપી રાજ્યો વચ્ચે થયેલા કોલકરારોનો ભંગ કર્યો. જર્મનીની આ આપખુદી કે ઉચ્છૃંખલતા બ્રિટીશથી ન સહેવાઇ.

જો તેમ થયેલુ જોઇજ રહેવાય તો મોટાં રાજ્યો નાનાં રાજ્યોનો કોળીઓ નિર્ભય રીતે કરીજ જાય. મોટાં રાજ્યોનાં સંરક્ષણ માટે નાનાં રાજ્યો કેટલાં આવશકય છે? તે રાજ્ય દક્ષ બ્રિટીશસત્તા બરાબર સમજતી હતી. નાનાં રાજ્યોનું મહત્વ દીર્ઘ દર્શી બ્રિટીશ રાજની દૃષ્ટિ બહાર રહ્યું નહોતું, તેણે જર્મનીનો આ અપરાધ ખમી ન ખાધો. જર્મનીએ બેલ્જીયનની સ્વતંત્રતાનો ભંગ કર્યો. બ્રિટીશરાજ્યને ઇચ્છાઅનીચ્છાએ યુરોપના મહારાજ્યોનાં ગૌરવરક્ષણ માટે યુદ્ધમાં ઉતરવું પડયુ. બ્રિટીશ રાજ્ય ફ્રાન્સ અને રશિઆની સહાયે જોડાયુ. તેણે પણ જર્મનીને પોતાનું શત્રુ ગણી, તેની સામે લડાઇ જાહેર કરી. જર્મની અને ઓસ્ટ્રીઆ સામે યુરોપનાં મહારાજ્યોની એક પ્રબળ ત્રિપુટી રચાઇ

ફ્રાન્સ અને બ્રિટીશસૈન્યો સરહદોનાં રક્ષાણુની વ્યવસ્થા કરી, બેલ્જીયન રાજ્યની વારે ચઢયાં. બેલ્જીયનની ભૂમિ યુરોપનાં મહાભારત યુદ્ધનું મુખ્ય સંગ્રામક્ષેત્ર" થઈ, મનુષ્ય રક્તથી વિપ્લવિત થઇ રહી. જર્મનીએ સ્વપ્ને પણ નહોતું ધાર્યું કે, નાનુ એવું બેલ્જીયન સ્વગૌરવ અને વયસ્યધર્મથી બદ્ધ થઇ, સ્વાર્પણ કરીને, પણ જર્મનીની ધારણા ધૂળમાં મેળવશે અને મોટાં સૈન્યો તથા સમયનો ભોગ લેશે.

ઇતિહાસો વાંચતાં, સઘળું સમજી શકાશે, યુદ્ધનાં અંતર કારણો અનેક મનાય, આવાં નાના ગ્રંથમાં તેના અલ્પ અંશને પણ અવકાશ ન મળે, તોપણ તાત્કાલિક કારણોનું સંક્ષિપ્ત વિવરણ આ પ્રમાણે જ છે. વસ્તુતઃ સત્તાની સમાનતા સંભાળી રાખવા આ યુદ્ધ આરંભાયું. માનવ રક્તની ભયંકર રેલો ચાલી, થોડું સળગી ન હોલવાયું, પણ જોત જોતામાં યુદ્ધનો વિસ્તાર વધી પડયો, એટલે સુધી

વધ્યો કે, પૃથ્વીનાં પૃષ્ઠ ઉપર ભભૂકી, અનંતકાળ પ્રવાહમાં વિલિન્ન થયેલાં ગણ્યાં-ગાંઠયાં મહાભારત જેવાં માનવવિધ્વંસક મહાયુદ્ધથી પણ આ યુદ્ધ અગ્રસ્થાને આવ્યા જેવું થયું; જગતની પ્રજાઓમાં યુદ્ધનો વાયુજ આન્દોલિત થઈ રહ્યો, ત્યાં બિચારાં મનુષ્ય પ્રાણિ શાન્તિમાં ચૈતન્ય કઈ રીતે પ્રેરી શકે ?

પરિચ્છેદ ૫ મો.

સ્વાર્પણ.

The noblest and grandest aspect of life is self sacrifice.

ભારતવર્ષની નિર્મર્યાદ સમૃદ્ધિ લુંટનાર ઈરાની સરદાર નાદીરના ઝુલમી જમાનાનો વીસમી સદીના સુધરેલા યુગમાં બેલ્જીયનમાં પુનઃ પ્રાદુર્ભાવ થયો. નાદીરનાં આત્મસામર્થ્ય, અત્યાચાર, અને દુરાકાંક્ષા જર્મન સરદારોમાં પ્રેરાયાં. અને તેઓએ " લુએન " અને તેનાં જેવાં ઈતિહાસ ઘટના સંકલિત પ્રદર્શનિક શહેરો અને ગામોને ધરણીમાં ઢાળ્યાં. નાદિરને હિન્દનાં મહિમાવંત રાજનગર દિલ્હીમાં અગ્નિ વિહરતો જોવા કુટિલ જીજ્ઞાસા થઈ, અને તેણે માત્ર તે નગરનેજ બાળી ભસ્મસાત્ કર્યું હતું.

કિન્તુ, જર્મન સરદારોએ લુએન સાથે અન્ય અનેક નગરોની અગ્નિનાં મુખમાં આહુતી આપી. જગતમાં સર્વથી સુધરેલા મનાએલા જર્મનોનાં કઠોર હૃદયોમાં નિર્દોષ બેલ્જીયનોની કરૂણા નજ પ્રગટી, તેઓએ ક્રૂર આનંદ માણ્યો. પોતાની વીરતા ચિર કલંકિની કરી.

જગત ઉપર સર્વોપરિ સાધનો યુક્ત મનાતાં જર્મનીનાં સૈન્યો બેલ્જીયનનાં સ્વાતંત્ર્યને ભગ્ન કરી, ફ્રાન્સ ઉપર આક્રમણ કરવાના ઉદ્દેશથી પોતાનું સામર્થ્ય બેલ્જીયન સૈન્યો અને કિલ્લાઓ ઉપર વાપરી રહ્યાં હતાં, પણ જર્મની ધાર્યું સિદ્ધ ન કરી શક્યું. મહાસાગરના પ્રૌઢ તરંગોના આઘાત સામે અડગ થઈ ઉભાં રહેતાં પાષાણુ અડકો પેઠે વીરત્વ વેષ્ટિત બેલ્જીયન મહારથીઓ અને સૈનિકો જર્મનોનો રોધ કરી રહ્યા હતા. નાની દેખાતી બેલ્જીયનની ભવ્ય શક્તિએ પોતાનાં મહા સામર્થ્યથી જગતને વિસ્મીત કર્યું.

“ માનવતા, શક્તિનું ઉલ્લંઘન કરી કેટલું સહી શકે ? અલ્પ સત્તા મહાસત્તાના વેગને સતત્ કેટલો સમય રોકી શકે” ? બેલ્જીયનોનાં મહાબૃગને ભેદી જર્મનો બેલ્જીયનમાં વ્યાપવા લાગ્યા. બેલ્જીયનની સૌમ્યતા કઠોર હસ્તે સંહારાવા લાગી, જર્મનોનાં ક્રૂર ધમસાણોથી બેલ્જીયન કંપી ઉઠયું. હજી ફ્રેન્કો બ્રિટીશ સૈન્યો બેલ્જીયન લશ્કરની સહાયેં પ્હોચ્યાં નહોતાં, પણ સરિતાનાં પ્રબળ પુર પેઠે તેઓ બેલ્જીયનમાં જર્મનો સામે ધસ્યા આવતાં હતાં; બેલ્જીયનની નિરપરાધિ પ્રજા ઉપર ભીષણ અત્યાચાર કરી રહેલાં જર્મન સૈન્યોની સ્થિતી હવે દિનપ્રતિદિન વિષમ થવા લાગી વિચક્ષણ જર્મન સૈન્યાધિપતિએ તે વિચારી લીધી, જગતને હચમચાવી નાંખે

તેવાં દેખાતાં જર્મન સૈન્યો, બેલ્જીયનનાં નાનાં સૈન્યો અને અલ્પ-સાધનોનો પણ પરાજય કરી શકયાં નહોતાં, તેમાં ફ્રાન્સ અને બ્રિટીશનાં મહા બળિષ્ટ સૈન્યો ઉભય બળનું ઐકય કરી, જર્મનીની સત્તા સામે સ્પર્દ્ધા કરવા તત્પર થયેલાં જણાયાં બેલ્જીયન અને ફ્રેન્કો બ્રિટીશ સૈન્યો જર્મનોને ઘેરી લેવાની બાજી રચતાં હતાં, જર્મન સૈન્યાધિપતિ ચેત્યો. ફ્રાન્સનાં વિશ્વવિખ્યાત રાજનગર પારિસને હસ્તગત કરવા તૈયાર રાખેલાં પ્રબળ સાધનો ભયંકર રાક્ષસી તોપો અને લક્ષાંકે ગણાતાં સુશિક્ષિત તરુણ જર્મન સિપાહીઓનો બેલ્જીયનમાંજ પોતાના બચાવ માટે વ્યય કરવા નિશ્ચય કરી, તે સઘળી સૈનિક સત્તાઓને જર્મન સૈન્યાધિપતિએ બેલ્જીયનના "સંગ્રામક્ષેત્ર" ઉપર ઉતારી

બેલ્જીયનો પાસે જર્મનો જેવાં તો સાધનો નહોતાંજ. એક જ બિન્દુ ઉપર લાખો તાજા જર્મન સૈનિકો એકઠા થયા, તેની સામે ટક્કર લે તેટલા બેલ્જીયન પાસે સૈનિકો નહોતા. તો પણ બેલ્જીયનોએ મનુષ્ય શક્તિ ઉપરાંત જર્મનોનો રોધ કરવામાં શૌર્ય વાપરી જગતને પોતાની વીરતામાં વિસ્મય પમાડયું; પોતાનાં ઉદાત્ત નિદર્શનથી મહાપ્રાણ-ઇસુની વિશમી સદીને તેઓએ મહિમાવંતી કરી. બેલ્જીયન નરેશ વીર આલ્બર્ટ પોતાની શક્તિનુ તુલન કરી શકતો હતો. પોતાનાં સામર્થ્યની સીમાથી તે અજ્ઞાત નહોતો, જર્મનોનાં બળ સામે એકલા ઉભા રહી. પોતાનાં નાનાં લશ્કરોને નિર્બળ કરી નાખવાં કે, ઉન્મુલિત થવા દેવાં તેજ અનિષ્ટ સાર્થક રાજા આલ્બર્ટને વ્યક્ત થતું હતું. તો પણ તે વીર મહારાજાએ નમ્યું તો નજ આપ્યું, પાછી પાની ન કરી. તે સમ-

જતો હતો કે બેલ્જીયન લશ્કરો પાછાં હઠી જર્મનોને જરા પણ અવકાશ આપશે તો, બેલ્જીયન અને ફ્રાન્સનાં રક્ષણ માટે લિલ અને કેલે વચ્ચેની ફ્રેન્કો લશ્કરી લાઇનો (હરોલો) ઉપર આક્રમણ કરવાનો લાગ જર્મનો ચુકશે નહિં, અને કદાચ તેમ થયુ હોય તો, બ્રિટીશ લશ્કરો ફ્રાન્સનાં લશ્કરોને આવી મળે તે પહેલાં જર્મેનીના લાખો સિપાઇઓ, ફ્રાન્કો સૈન્યની હરોલો ભેદી કદાચ ફ્રાન્સમાં પણ પેગી શકે, અને બાજી ભારે થવાનો સમય આવી લાગે. આવી વસ્તુસ્થિતીને વિચારી બેલ્જીયન રાજા અને પ્રજા મિત્ર ધર્મનાં રક્ષણ માટે સર્વસ્વની આહુતી આપવા તત્પર થવાં. રાજ્ય અને પ્રજાનું તાદાત્મ્ય થયું, સ્વગૌરવ માટે સ્વાર્પણ......તેમાંજ સંતોષ અને કૃતાર્થતાની સિદ્ધિ બેલ્જીયનો જોવા લાગ્યા. રાજ્યગૌરવ અને આત્મ વીરતા માટે પ્રજાએ અને પ્રજા સ્વાતંત્ર્ય તથા ભ્રાતૃભાવની પ્રાણપ્રતિષ્ઠા માટે રાજ્યે સર્વસ્વની આહુતી આપવા નિશ્ચય કર્યો. રાજ્ય અને પ્રજાનો એકજ ઉદ્દેશ સૃજાયો, વીર બેલ્જીયનોએ જર્મન સત્તાનો બહુ રોધ કર્યો, તો પણ મહાસત્તા સામે અલ્પસત્તા કેટલું કરી શકે ? જર્મનો પોતાની બહુ ખુવારી સહીને પણ બેલ્જીયન સૈન્યોને ભેદતા, ૧૯૧૪ ના સપ્ટેંબર માસના અંતિમ સપ્તાહમાં આન્ટવર્પ સુધી જઇ પ્હોંચ્યા.

સપ્ટેંબર તારીખ ૨૭મી, રવીવારના પ્રાતઃકાળે સાડા નવ વાગે જર્મનીની રાક્ષસી તોપનો પ્હેલો ગોળો કેથીડ્રલ (મહામંદિર) ઉપર પડ્યો, ભયંકર ગર્જનાનો પ્રારંભ થયો; શ્રવણપટોને ચીરી નાંખે તેવી સુસવાટી ચાલી રહી, આન્ટવર્પ ઉપર પ્રલય ધમસાણ મંડાયું. દરેક કલાકે પચાસ ગોળાઓ શહેર ઉપર ફેંકાયા, આખો દિવસ ગોળાઓનો વર્ષાદ શહેર ઉપર વરસ્યાજ કર્યો. તેરમી સદીની શિલ્પ

કળાની ભવ્ય કૃતી કેથીડ્રલ, અને તેના મિનારાઓનો જર્મની તોપો ના ગોળાઓએ વિધ્વંસ કર્યો આન્ટવર્પનાં વિશ્વ વિખ્યાત ઐતિહાસિક મહાલયો અગ્નિ અને તોપોના મારાથી નાશ પામ્યાં, નિર્દોષ પ્રજાજનોમાંનાં થોડાં માણસો મરાયાં, પણ ઘાયલતો ઘણાંઓ થયાં; લોકોમાં ગભરાટ વ્યાપ્યો, પોતાનો બચાવ શોધતાં તેઓ બીચારાં સર્વસ્વ ત્યજી નાસવા લાગ્યાં; જર્મનીની બાર ઇંચની કે તેનાથી પણ વધારે પ્હોળાઇના વ્યાસની તોપોના અવિશ્રાંત ભયંકર મારા સામે આન્ટવર્પના કિલ્લાઓ ઉપરની નાના વ્યાસની તોપો કંઇ જોઇએ તેવું કરી શકતી નહોતી, ત્યારે જર્મનીનાં સૈનિક બળ સામે બેલ્જીયનોનાં નાનાં લશ્કરો ન ટકી શકે તે સંભાવ્ય હતુ, તો પણ, તેઓ શૌર્યથી જર્મનો સામે ઝઝુમી રહ્યાં હતાં, હવે બેલ્જીયન સિપાઇઓ શ્રમિત થયા હતા, એક સૈનિકને વિશ્રાન્તિ આપવા તેને સ્થાને અન્ય સૈનિકની આવશકયતા હતી, પણ એટલા વિસ્તારનાં સૈન્યો બેલ્જીયન પાસે નિવૃત નહોતાં; યદિ જર્મનોના અસહ્ય મારાથી પોતાના બચાવ માટે બેલ્જીયનો પાછા હઠી જવા ઇચ્છત તો, તેઓ રેલ્વે માર્ગે ડન્કર્ક તરફ જઇ શકત તેઓને માટે માર્ગ તેજ અવશેષ હતો, પણ તે બેલ્જીયનના બહાદૂર સિપાહીઓએ ન સ્વિકાર્યો. તેઓ પાછી પાની કરી, પોતાનાં ઉદાત્ત વીરત્વને લાન્છન લગાડે તેમ નહોતા. બહાદૂર બેલ્જીયનોએ અડગવૃત ધારણ કરી પ્રજાકીય ભ્રાતૃત્વનો જ્વલંત મહિમા જગતની દૃષ્ટિ સમીપ આણ્યો; જગતથી ભૂલાતા ઉત્કર્ષના મહામંત્રની જગતને સ્મૃતિ આપી, માનવતાનાં મૂળ તત્વોમાં નવ જીવન પ્રેર્યું. રાજ્યનાં વચનોના વિશ્વાસ અને મહત્તાનાં સંરક્ષણ માટે સ્વાર્પણ દાખવી, જગત ઉપરની કીર્તિવંત વીરપ્રજાઓમાં બેલ્જીયને પોતાને માટે અગ્રપદ સંપાદન કર્યું.

આન્ટવર્પનો બચાવ કરતાં ક્રમશઃ બેલ્જીયનોની આગળની હરોલો ભેદાઇ પણ છેલ્લી હરોલો હજી જર્મનોને આગળ વધતા અટકાવવા અવશેષ હતી; તારીખ ૨૮મી સપ્ટેંબર સોમવારે જર્મનોએ તે અંતિમ હરોલો ઉપર હુમલો શરૂ કર્યો, તે દિવસે આખી રાત જર્મનોએ તોપોનો મારો અવિશ્રાન્ત ચલાવ્યાજ કર્યો, કિલ્લાઓનાં મકાનો છિન્નભિન્ન થયાં. આ કિલ્લા પાછળ આન્ટવર્પનું મુખ્ય જળાશય (Water Works) હતું, તેના પર તોપોના ગોળા વરસાવી તારીખ, ૩૦મી સપ્ટેંબરે જળાશયના તટોને શત્રુઓએ તોડી નાખ્યા, જળનાં પુરો આન્ટવર્પનું સૌંદર્ય વેડફતા ચડવા લાગ્યાં, બેલ્જીયન સૈનિકોએ પોતાના બચાવ માટે ખોદેલી ખાઇઓ જળથી ભરાઇ ગઇ, શહેરમાં પાણીની અછત થઇ તેથી આગનો ભય વધ્યો; કિલ્લાઓ એક પછી એક પડવા લાગ્યા, લીએરનું ગામડું જર્મનોએ સળગાવ્યું. ધુમાડાના ગોટાઓથી આકાશ શહેર કિલ્લા અને ગામડાંની આસપાસનો પ્રદેશ ભરાઇ ગયો. બેલ્જીયન સરકારે શહેર છોડવાની તૈયારી કરી પણ તે આન્ટવર્પ માંથી પોતાનો પડાવ ઉપાડે, તે પહેલાં શનિવારના મધ્યાન્હે એક મોટરકારમાં થોડા બ્રિટીશ સૈન્યાધિકારીઓ આવી પહોંચ્યા, મિ. વિન્સ્ટન ચર્ચિલ પણ તે અમલદારો સાથે હતો, તે સિવાય આઠ હજાર બ્રિટીશ સિપાઇઓ બેલ્જીયનોની કુમકે આવી બેલ્જીયનોની સાથે ખાહિઓમાં ભરાયા. મિ. ચર્ચિલ પોતે એક સાધારણ સૈનિક પેઠે હાથમાં રાઇફલ લઇ ખાઇમાંના સૈનિકોને પ્રોહત્સાહ પ્રેરતો ખાઇમાં પ્રવેશ્યો. જર્મનોનું મહાબળ આન્ટવર્પ ઉપર એકત્ર થતું હતું, તેની સામે બ્રિટીશ અને બેલ્જીયન સૈનિકો એ મહા પ્રયત્ન કર્યો, પણ ધાર્યું સાર્થક તો સિદ્ધ નજ થયું.

મંગળવાર તા. ૬ઠી ઓકટોબરથી બેલ્જીયન લશ્કરોએ આન્ટવર્પ ત્યજી જવાનો આરંભ કર્યો તે સાથે બુધવારે બેલ્જીયન સરકાર પોતાનો પડાવ ઓસ્ટેન્ડ લઇ ગયા. તો પણ બેલ્જીયન સરકારના જવા સાથે આન્ટવર્પ શત્રુઓને શરણે ન થયું. બ્રિટીશ અને બેલ્જીયન સૈન્યો શત્રુઓને હંફાવવા પાછળ રહ્યા હતા. અને તેઓ તારીખ ૮મી સુધી શત્રુઓ સામે ટકી શકયા, પણ દીર્ઘદર્શી બ્રિટીશ નૈકાખાતાના સૈન્યાધિપતિને લાગ્યું કે, જર્મનોનાં મોટાં બળ સામે નાનાં લશ્કરોને ઉતારી, વ્યર્થ ખુવારી સહેવા કરતાં રાત્રિના અંધકારમાં આન્ટવર્પને ત્યજી જવામાંજ ડહાપણ અને સલામતિ છે. બેલ્જીયન સૈન્યાધિપતિ ગાઇઝ પણ તેને સમ્મત થયો, સૈનિકોને આન્ટવર્પ ત્યજી જવા આજ્ઞા મળી, કમાન્ડરની આજ્ઞાને શિરસાવંદ્ય માની, બાકી રહેલાંઓ ઓસ્ટેન્ડ તરફ માર્ગે પડયાં.

આમ એક પછી એક સઘળું થઇ ગયું અને તે ઉપર પણ કંઇક અઠવાડીઆંઓ વીતિ ગયાં હતાં, ફ્રેન્કોબ્રિટીશ સૈન્યો અને જર્મન સૈન્યો વચ્ચે યુદ્ધ ઘમસાણો બહુ દિવસોથી મચી રહ્યાં હતાં, વિજય ગર્વમાં ફુલાઇ ગયેલા જર્મનોનો ફ્રેન્કોબ્રિટીશ સૈન્યોએ ઘાણ કાઢવા માંડયો, જર્મનોને પાછા નસાડી તેઓના જીતેલા મથકોને ફ્રેન્કોબ્રિટીશ સૈન્યો પાછાં જીતવા લાગ્યાં હતાં. તેમાં વળી બ્રિટીશોની કુમકે વીર હિન્દી સેનાઓ ફ્રાન્સમાં થઇ, બેલ્જીયનનાં સંગ્રામ ક્ષેત્ર ઉપર ઉતરવા લાગી, મદોન્મત જર્મનોનો ગર્વ ઉનર્યો. તેઓથી બ્રિટીશ ફ્રેન્કો સૈન્યો સામે નજ ટકી શકાયું. ફ્રેન્કો બ્રિટીશ સૈન્યોને દિનપ્રતિદિન પુષ્ટિ મળવા લાગી, વિજયદેવી યશસ્વિ બ્રિટીશ સૈન્યો સાથે સંયુક્ત સૈન્યોને વરમાળ આરોપવા તૈયાર થતી જ-

ણુાઇ; ફ્રાન્સ ઉપર વિજય મેળવવાનાં જર્મનોનાં સ્વપ્નાં ધુળમાં મળ્યાં, બેલ્જીયન ભૂમીજ તેઓની ચિરશૈયાઓ થવા લાગી, બેલ્જીયનને આપેલા અન્યાયનો પૂરો બદલો ક્રૂર જર્મનો હવે ભોગવવા લાગ્યા.

ફ્રેન્કો બ્રિટીશ સૈન્યોના મારાથી શેરણવેરણ થઇ ગયેલા જર્મન સેનાનીઓ તોડી નાખેલા એક કિલ્લાના સરક્ષણમા છાવણી નાખી તેમાં એકઠા થઈ પોતાના બચાવની અને લાગ મળે તો, સંયુક્ત સૈન્યો ઉપર પુનઃ આક્રમણ કરી આગળ વિજય મળવાની આશાએ મોટી તૈયારીઓ કરી રહ્યા હતા. કિલ્લાની મરામત કરી સુધારીવધારી તેઓએ કિલ્લાને ઘણો મજબૂત કર્યો હતો. બેલ્જીયનમાં લડતાં જર્મન સૈન્યોમાંથી નાસી છુટેલા અને શ્રમિત સૈનિકોના વ્યાયામ માટે આ કિલ્લાના સંરક્ષણમાં રહેલી જર્મન છાવણી વિશ્રાન્તિ સ્થાન જેવી થઇ પડી હતી, પણ આ જર્મન છાવણીની સઘળી પ્રવૃત્તિ બહુજ ગુપ્ત રાખવામાં આવતી હતી, કંઇ ગુપ્ત તૈયારીઓ તેમાં થતી હતી; જર્મન સૈનિકો કે તેના પક્ષકારો સિવાયના કોઇ પણ માનવપ્રાણિને કિલ્લાથી સુરક્ષિત થયેલી આ છાવણી પાસે સંચરવાનો પ્રતિબંધ હતો; આજ્ઞાની અવમાનતા કરનાર માટે ભીષણ દડ નિર્મિત કરેલો હતો, ઘણાં નિરપરાધિ બેલ્જીયન મનુષ્યો આ દંડને ભોગ થઇ પડયાં હતાં. શત્રુઓ છાવણીમાંની અંતર પ્રવૃત્તિ ન જાણી શકે તે માટે જર્મનો બહુ સચેત હતા, કિલ્લાના એકજ દરવાજે થઇ છાવણીમાં પેશી શકાતું હતું, ત્યારે છાવણી બ્હાર જનારાઓ માટે બીજોજ દરવાજો હતો, છાવણીમાંથી બ્હાર જાનાર કે છાવણીમાં પ્રવેશનારને અધિકારીનું આજ્ઞા પત્ર આપવામાં આવતું હતું, આજ્ઞા પત્ર વિના મોટા લશ્કરી અમલદારથી પણ છાવણીમાં પ્રવેશી

શકાતું નહોતું. આ છાવણી નંખાયાને પણ બેક અઠવાડીયાં વીતિ જવા આવ્યાં હતાં. જર્મનોએ એટલા સમયમાં ઘણું કર્યું હોય તેવું કિલ્લાના બહારના દર્શ ઉપરથી માની શકાતું હતું; કિલ્લા ઉપરની નાની તોપો ઉતારી તેઓએ મોટી તોપો ચડાવી હતી. સઘળું પૂર્ણ થવાની તૈયારીમાં હતું, એટલામાં ત્રિજયી ફ્રેન્કોબ્રિટીશ સૈન્યેનાં ભણકારા જર્મનોને સંભળાવા લાગ્યા, જર્મનો વિશેષ સાવધ થયા, અપૂર્ણ કામોને પૂર્ણ કરી નાખવા છાવણીમાં મોટી ધમાલ ચાલી. તેઓમાં શત્રુના હુમલાનો ભય વ્યાપ્યો, શત્રુની દૃષ્ટિને ભૂલવવા છાવણીમાં રાત્રિને સમયે ઘોંઘાટ કે ગડબડાટ ન કરવાનો અને આવશ્યક સ્થળો સિવાય છાવણી કે, કિલ્લામાં નાનો સરખો પણ દીપક ન રાખવા સૈન્યાધિપતિની આજ્ઞા થઇ.

પરિચ્છેદ ૬ ઠ્ઠો.

ફ્રેન્ચ વીરાંગના.

* * * *

નથી સુરલોકની પરવા, નથી કંઈ મોક્ષની વાંચ્છા;
રહી છે અંતરે ઇચ્છા, અમારા દેશને માટે.
જગતમાં જીવતાં મરતાં, સૂતાં કે જાગતાં સઘળે;
થજો કુરબાન સઘળું એ, અમારા દેશને માટે.

(વસન્ત)

ઊર્ધ્વગામી વૈમાનો (એરોપ્લેઇન) માં પ્રવાસ કરતા, બ્રિટીશ ફ્રેન્ચ અને બેલ્જીયનના દૂતોને સંભ્રમિત કરવા, રાત્રિને વખતે છાવણી અને કિલ્લાના દરેક ભાગમાં અંધકાર રાખવામાં આવતો હતો. કિંબહુના ? છાવણીને મનુષ્ય દૃષ્ટિથી અગમ્ય રાખવા, કોઇ પાતાળ પ્રદેશમાં લઇ જઇ શકાતી નહોતી, નહિંતો, તેમ કરવું પણ જર્મન કમાન્ડર ભૂલત નહિં. પોતાના પ્રબળ શત્રુઓને ભૂલાવો ખવરાવવા જર્મન સૈન્યાધિપતિ જે યુક્તિઓ રચતો હતો, તે ન્યૂન નહોતી, પણ તેનાથી એક મોટી

ભૂલ થઇ ગઇ, સમર્થ શત્રુઓનાં બળને તેણે અનુભવ્યું હતું છતાં, છાવણીનો જર્મન કમાન્ડર યુદ્ધનીતિ ભૂલ્યો.

જર્મનીના મુખ્ય સૈન્યાધિપતિએ ફ્રેન્કો બ્રિટીશ સૈન્યો સામે પોતાનાથી ઉતારી શકાયા તેટલા સૈનિકો સ્પર્દ્ધામાં ઉતાર્યા હતા, સર્વોપરિ સાધનો અને વિનાશક શસ્ત્રાસ્ત્રોનો ઉપયોગ તેનાથી થઇ શક્યો તેટલો બેલ્જીયનની વ્હારે આવેલા ફ્રેન્કો બ્રિટીશ સૈન્યો ઉપર કર્યો હતો. પણ ત પ્રબળ સૈન્યો થોડો સમય પારિસ સુધી પાછા હઠી, ફ્રાન્સમાં પેઠેલા જર્મન સૈન્યો ઉપર તુટી પડયાં, જર્મનો ઉપર અવ્યાહત્ ભયંકર મારો ચાલ્યો, વિજય ગર્વમાં ઉન્મત્ત થયેલા જર્મનો ફ્રાન્સમાંથી નાઠા, કેદ થયા, અને નષ્ટભ્રષ્ટ થતા વેરાવા લાગ્યા. એટલુંજ નહિં, પણ ફ્રેન્ચ અને બ્રિટીશ લશ્કરોના બેલ્જીયનમાં આવી પહોંચ્યાં પહેલાં, જર્મનોએ અધિકૃત કરેલા બેલ્જીયનના કિલ્લાઓ ઉપર વિજય મેળવતાં સંયુક્ત સૈન્યો છાવણીની આગળ વીસમાઇલ દૂરના કિલ્લા સુધી આવી પહોંચ્યા હતા, પણ તે કિલ્લાના રક્ષણ માટે સમર ક્ષેત્રમાં ઝૂઝતાં જર્મન સૌન્યોને આન્ટવર્પથી છૂટી થયેલી કેટલીક જર્મન રેજીમેન્ટો (૩૨૪૦ પદાતિ સૈનિકો અને તેના પ્રમાણુમાં લડાયક તોપો ઘોડા ગાડાં વિગેરે સાધનોના એક રેજીમેન્ટ) આવી મળી. આગળના કીલ્લાને આવી મળેલા નવા બળના વિશ્વાસ ઉપર રહી, છાવણીના મુખ્ય અમલદારે પોતાના પક્ષના વિજયનો તર્ક કર્યો. તેની પહેલાંની માન્યતા ફેરવાઇ, તેણે માની લીધું કે પ્રબળ થયેલા જર્મનીનાં બળને તોડી, થાકેલાં સંયુક્ત સૈન્યો હવે આગળ વધી શકશે નહિં, અને કદાચ જર્મન લશ્કરોનો વિધ્વંસ થશે તો પણ ફ્રેન્કો બ્રિટીશ સૈન્યો આગળ વધશે તે બહુ મોડાં.

જ્યાં સુધી આગળના દૂર્ગમાં આડાં પડેલાં જર્મન સૈન્યોનો પૂરો પરાજય ન થાય, ત્યાં સુધી છાવણીને જર્મન કમાન્ડરે નિર્ભય માની લીધી. છતાં તે બહુજ સાવધાન હતો, શત્રુઓના બળ સામે છાવણીના બચાવ માટે ઉભા રહેવા છાવણીમાં સઘળું તૈયારજ હતુ. હજારો સૈનિકો વ્યાયામ લઇ યુદ્ધમાં ઉતરવા તૈયાર થઇ રહ્યા હતા, પણ વર્તમાન ક્ષણેજ અનાયાસે ફ્રેન્કો બ્રિટીશ સૈન્યોએ છાવણી ઉપર આક્રમણ કર્યું હોય તો, તેના પ્રતીકાર માટે તેજ ક્ષણે છાવણી કે કીલ્લાનું કંઇ સચેત નહોતું. બીજી ક્ષણે સઘળું તત્પર થાય તે પહેલાંની ક્ષણ યુદ્ધ નિપૂર્ણ બ્રિટીશો અને ફ્રેન્ચો સાધવી ચુકે તેવા નહોતા. વસ્તુતઃ છાવણીનું સઘળું સાવધ હતું પણ આ ક્ષણે તો નહિંજ; આજે જ છાવણીના કમાન્ડરને સમાચાર મળ્યા હતા, કે, જર્મનોના છેલ્લા પ્રબળ બચાવો ઉપર સંયુક્ત સૈન્યોનો વિજય થયો નથી, પણ હવે જર્મન સૈન્યો ટકી શકશે નહિં, કિલ્લો પડશેજ; જો આ યુદ્ધમાં સયુક્ત સૈન્યોનો વિજય થાય તો, છાવણી ઉપર હલ્લો લાવતાં સંયુક્ત સૈન્યોનો કોઇ માર્ગમાં અવરોધ કરી શકે તેમ નહોતું તે સૈન્યાધ્યક્ષ બરાબર સમજતો હતો, હવે છાવણીનાં જર્મનો પોતાના બચાવ માટે વિશેષ સાવધ થયા.

આજે રાત્રિ શુક્લપક્ષની હતી, ચિરપ્રવાસિ નિશાનાથ પૃથ્વીનું પરિક્રમણ પૂર્ણ કરી, અસ્ત દિશામાં નમતો પ્રભાક્ષીણ થવા લાગ્યો હતો; તે તિરોહિત થતા ચંદ્ર સાથે શુભ્ર વર્ણ જગત અંધકારમાં વિલુપ્ત થતું હતું. ક્રમશઃ ઘોર અંધકાર અને ભયંકરતા વધતાં નિશાદેવીની શાન્તિમાં તન્મય થઇ, કાળરાત્રિના કાળસ્વરૂપમાં પૂર્ણતા આણતાં હતાં. મધ્ય રાત્રિનો સમય વીતિ ગયો હતો.

આ સમયે જર્મન છાવણીના દક્ષિણ કીલ્લાના દરવાજા તરફ કોઇ મનુષ્ય દોડતું આવતું હતું, કીલ્લાના દરવામાં એકજ જર્મન સેંટ્રી પહેરો ભરતો હતો, આવતા મનુષ્યનો આભાસ તેણે જોયો, " સાક્ષાત કાળ મુખમાં પડવા આવતું કોઈ બિચારૂં અજ્ઞાન માનવ પ્રાણી હશે. " સેંટ્રીને આશંકા થઈ, ક્ષણવારમાં આવનાર માટે અનેક તર્કો કરી લીધા, કંઈ પણ સાચો નિર્ણય કરી લે તે પહેલાંતો એક સ્ત્રી કીલ્લાના દરવાજામાં આવી હાંફતી જમીન ઉપર બેસી ગઇ, તે ગભરાયેલી હોય તેમ તેના શ્વાસની ગતિ ક્રમ ઉલ્લંઘતી જણાઇ; સેંટ્રી વ્હેમ અને કરૂણાદષ્ટિથી જોતો આ પાસે જઇ ઉભો, આવનાર સ્ત્રી તેને શ્રમિતા જણાઈ તેનામાંથી બોલવાની શક્તિ હણાતી હતી, તેની પાસે ઉભેલો સેંટ્રી તેને કંઇ પણ પૂછે તે પહેલાં જળને જંખતી તે ધરણિ ઉપર પછડાઈ પડી. સેંટ્રીને અનુકંપા પ્રગટી, ખીસ્સામાંથી દીવાસળીની પેટી કાઢી, દીવાસળી સળગાવી સ્ત્રીના મુખ પાસે ધરી; તે અવસન્ન પડેલી સ્ત્રીનું મુખ સ્પષ્ટ જોઇ શક્યો, તે અનુપમ સૌંદર્યવતી નવયૌવના બાલિકા હતી, જર્મન સેંટ્રીના અંતરમાં કંઇ ભાવો ઉપજ્યા. " અરે પ્રભુ ! બિચારી કોઇ સુંદરી દુઃખમાં દુભાઇ નાસી આવેલી જણાય છે. એ ! સુધારાના શિખરે પહોંચેલા મનાતા વીસમી સદીના માનવો ! તમારી નિર્દયતા હવે નિરાવધિ થઇ પડી છે. " એક નિઃશ્વાસ સાથે સેંટ્રીથી અંતરગત્ બોલી જવાયું.

કીલ્લાના દરવાજામાં બીજા ઘણા સેંટ્રીઓ હતા, પણ તેઓ નિદ્રાધીન હતા, દરવાજામાં પહેરો ભરતો સેંટ્રી શું કરે છે ! તે આ સમયે કોઇ જૂવે કે જાણે તેમ નહોતું; સુંદરીના આગમનથી કે,

તેના ગભરાટથી સેંટ્રીએ કોઇને જાગૃત કરવાની આવશ્યકતા ન વિચારી, સૌને સૂઇજ રહેવા દીધા, તે તૃષાપીડિતા સ્ત્રી માટે પાણીની મસ્સક લેવા દોડયો, મસ્સક તેની પાસે નહોતી, બીજા સેંટ્રીઓ સૂતા હતા ત્યાં દીવાલ ઉપર લટકાવેલી હતી કીલ્લાના દરવાજામાં કોઇપણ સ્થળે એક નાનો સરખો દીપક પણ રાખવાની અધિકારીની આજ્ઞા નહોતી, તેથી એક પણ દીવો દરવાજામાં નહોતો, ચંદ્ર હજી અસ્ત થયો નહોતો પણ તે અસ્તદિશાની મર્યાદા પર્યંત પહોંચ્યો હતો, હવે તેમાં પ્રકાશ રહ્યો નહોતો. તો પણ અંધકારમાં રહેનારની દૃષ્ટિ અંધકારમાં જાંખુ જોઇ શકતી હતી; પાણીની મસ્સક લેવા સેંટ્રી દીવાલ તરફ મુખ ફેરવી થોડાં પગલાં ચાલ્યો, અવસન્ન પડેલી સ્ત્રી ખંખારી; એક મનુષ્યનો આભાસ ત્વરિત વેગે કીલ્લા બ્હારથી આવી, કીલ્લામાં ચાલ્યો ગયો. સેંટ્રી મસ્સક લઈ સુદ્ધિહીન સુંદરી પાસે આવ્યો. તેનું અતર કંપ્યું; તે કંઇ જોઇ ન શકયો. પણ પોતાની નજર ચુકવી કીલ્લામાં કોઇ પેસી ગયાની તેને ભ્રાન્તિ થઇ, નિમીષ માત્ર કંઇ વિચારતો તે જડવત્ ઉભો રહ્યો. ચારે તરફ ચક્ષુઓ ફર્યાં, સઘળું શાન્ત હતું, કંઈજ ન દેખાયું; કોને પૂછવું ? પોતાથી ભૂલ થયેલી પોતે માની લીધી. " કંઇ નહિં. સમય તેવો હોવાથી તેવી ભ્રાન્તિઓ થયાજ કરે. મસ્સક લઇ હું પાછો ફરૂં, તેટલા સમયમાં તો વાયુ પણ ન સંચરી શકે તો, મનુષ્યજાત નજરથી અદૃશ્ય થાયજ કયાં ? " અંતરે અંતરનો શંકાનું સમાધાન કર્યું. વૃત્તિ શુદ્ધિવિનાની સ્ત્રી તરફ વળી, તેની પાસે જઈ, સેંટ્રીએ મસ્સક માંથી થોડાં જળબીન્દુઓ તેનાં મુખમાં પાડયાં. જળ બિન્દુ મુખમાં પડતાં બાળામાં સ્ફુરતી આવતી જણાઇ, થોડાજ સમયમાં તે પડી હતી ત્યાં ઉઠી બેઠી; " પ્રભુ તમારૂં કલ્યાણ કરો ! " સુંદરી સેંટ્રી

સામે જોતી આશીર્વચન ઉચરી; કેવી મૃદુતા કેવું વાણી માધુર્ય !" અભ્યાગતાસ્ત્રીનાં વચનો સાંભળતો સેંટ્રી અંતરમાં ઉચર્યો."બાઇ હવે ગભરાતી નહિં ! અહિં કઇજ ભય જેવું નથી." અપરિચિતા સ્ત્રીને સેંટ્રીએ આશ્વાસન આપ્યું.

"ભય ! મૃતશવને વિજળીનો ભયશો ? સ્ત્રીએ કષ્ટમય હાસ્ય કર્યું, પ્રિયતમ રણરંગ માણવા ગયો, રંક અબળાને ભૂલ્યો અને સ્વર્ગે સિધાવ્યો; મારૂં હવે જગતમાં કોઇજ...સુંદરી બોલતી રડી પડી, હીબકાઇ પૂરૂ બોલી ન શકાયું."

સેંટ્રી ભૂલ્યો, અપરિચિતા સ્ત્રીનાં સૌંદર્યમાં લુબ્ધ થયો હતો, તેને આજ્ઞાપત્ર, પ્રતિબંધ, ભિષણદંડ, સ્થળ સમયની વિષમતા કે કર્તવ્યની સ્મૃતિ ન રહી. સ્ત્રી પૂર્ણ રીતે સચેત થઈ હતી તોપણ સેંટ્રી તેની પાસેજ ઉભો રહ્યો. પ્રભુને ત્યાં ન્યાય છે, સૌની ક્રૂરતાનો સૌને પૂરો બદલો મળશેજ." સેંટ્રીએ વાત વધારી.

'પણ હાય ! અત્યારે તો મારી જેવી અસંખ્ય અબળાઓ સ્વજન વિના રઝળતી થઇ છે." સ્ત્રીએ દુઃખી અંતરમાંથી ઉદ્દગાર કાઢયો.

"આવી અર્ધ રાત્રિએ આ જર્મન લશ્કરી છાવણી તરફ તું આવી છે, તેનું ભાન તને હોય તેમ જણાતું નથી. નહિં તો તુ ઇચ્છા પૂર્વકજ આ ભયંકર સૈનિક છાવણી તરફ આવી ને કાળ મુખમાં પડવા જેવું કદી કરત નહિં: તું કોઇ બેલ્જીયન રમણી જણાય છે." સેંટ્રીના સ્વરમાં કંઇ કઠોરતા આવતી જણાઇ.

"નહિં ! હું ઇંગ્લિશ બોલું છું તેથીજ તમે તર્ક કરી લીધો હશે પણ તે તર્ક સાચો નથી. જે જર્મનીની બાપ તમે છો, તેજ

જર્મની મારી માતૃભૂમિ છે. જે મતવ્ય માટે તમે સર્વસ્વ ત્યજી સંગ્રામક્ષેત્રમાં આવ્યા છો, તેજ ઉદ્દેશ મારો પણ હતો." સ્ત્રીએ ભાષા પલટી, તેણી મધુર જર્મન ભાષામાં કંપતે સ્વરે બોલી.

"રમણી ! શું તું જર્મન સુંદરી છે ? તારી આવી સ્થિતિ જર્મનોનાજ વિજિત દેશ પ્રાન્તમાં કોણે કરી !" સેંટ્રી અનુકંપાથી વિસ્મય થતો બોલ્યો. બોલવામાં કંઇ ગર્વિત ભાવ હતો.

" હા હું જર્મની વંશની છું. મેં મારૂં જીવન જર્મન સૈનીકોની શેવામાં અર્પેલું છે. હું એક સ્વયંસેવિકા (નર્સ) છું, મારો પ્રાણેશ આગળ બેલ્જીયન સૈન્યો સામે લડતી જર્મન રેજીમેંટમાં નાના અધિકાર ઉપર હતો. તેની સાથે ઘવાયેલા દુઃખી જર્મનોની સારવાર માટે હું પણ તેજ રેજીમેન્ટમાં હતી, પણ હાય ! બેલ્જીયનની એક નાની સૈનિક પલટને તે આખી રેજીમેન્ટને વિધ્વસ્ત કરી નાખી છે, તેમાંથી થોડાજ જર્મનો જીવી આશ્રય શોધતા ભાગી શક્યા હશે સ્ત્રી બોલતી ગદગદ થઇ ઉન્મત્તા પેઠે અભિનય કરતી રડી પડી; થોડી ક્ષણો થોડાં હિબકાં ખાધાં અને શાન્ત થઇ.

જર્મન સેંટ્રીએ રમણીનું કહેવું સાંભળ્યું, જર્મન રેજીમેન્ટની દુર્દશા જાણી આજ કે કાલ કોઈ જર્મન રેજીમેન્ટનો પરાજય થયાનું છાવણીમાં કોઇ જાણતું નહોતું; જર્મન સેંટ્રીને તે અચારેજ જણાયું. બાબદ માની લેવા કરતાં વિચારવા જેવી હતી, તે વ્હેમાયો; તેની સંશય યુક્ત દૃષ્ટિ ચારે તરફ ફરી, સ્ત્રીને ત્યાંજ રહેવા દઈ તે દરવાજા બ્હાર ગયો; કીલ્લા બ્હારના ભયંકર પ્રદેશનું બેચાર ક્ષણો નિરીક્ષક કરી, સેંટ્રી દરવાજામાં આવ્યો.

દરવાજામાં કોઇજ નહોતું, " આ શું. તે કયાં ગઇ ?...ભેદ. " સેંટ્રીથી અંતરગત્ બોલી જવાયું. સેટ્રીની દૃષ્ટિને છળી સુંદરી છટકી ગઈ હતી, કોને કહેવું." તે દોષિત હતો. રાત્રિ કે દિવસે આજ્ઞાપત્ર વિના કોઇને પણ કીલ્લાના દરવાજામાં પગ ન મૂકવા દેવા, છાવણીના મુખ્ય અધિકારીનો હુકમ હતો, સેટ્રી તે હુકમને ન અનુસર્યો તો દૃષ્ટિ ચુકાવી કોઈ કીલ્લામાં પેસી ગયાનું અને કદાચ સ્રીમાં કંઇ છળ હોવાનું તેનાં અંતરમાં ઉગી આવ્યું હતું; પણ સુંદરીના હૃદયવેધક સૌંદર્યે તેની આશંકા ભૂલાવી, કર્તવ્યનું ભાન ન રહ્યું, તે છેતરાયો આંખ્યો આંજી જાય તેમ, ચપળ જર્મન સેંટ્રી સાથે છળ રમી રમણી જોતજોતામાં છટકી ગઈ; કયાં ગઈ ? તે નજ જોઈ શકાયું."

ઉક્ત બે । પ્રસંગ ઉપર આઠ દિવસો વ્યતીત થઈ ગયા; સેંટ્રીએ વાત કોઇને નજ કહી, સઘળું છૂપુંજ રાખ્યું, પરિણામનો વિચાર તેણે ન કર્યો. છાવણીને હજી શત્રુઓનું દર્શન થયું નહોતું, પણ તેના ભણકારાઓ હવે જર્મનોને પાસેમાંજ સંભળાવા લાગ્યા હતા. આજે રાત્રિ શુકલ પક્ષની હતી, ભગવાન સુધાકરે જગત ઉપર પોતાની પૂર્ણકળાઓ પ્રસારી સૃષ્ટિને શુભ્રવર્ણી કરી હતી. પણ યૂરોપખંડના ધૂમ્ર આચ્છાદિત આકાશને ભેદી યૂરોપભૂમિ ઉપર ફેલાતાં ચંદ્ર કીરણો યૂરોપી સૃષ્ટિ ઉપર ' ધૂમ્ર વર્ણો પ્રકાશ પાડતાં હતાં, તેથી મનુષ્યદૃષ્ટિ જગતનું ઝાંખું દર્શન કરી શકતી હતી; ચંદ્ર કીરણો સિવાય જર્મન કીલ્લા અને છાવણીમાં કે, કીલ્લા બહાર અન્ય કોઈ પ્રકારનો પ્રકાશ દૃષ્ટિગોચર થતો નહોતો. હજી રાત્રિનો પ્હેલો પ્રહર પણ વિત્યો નહોતો, છાવણીના માર્ગો ઉપરથી મનુષ્યોનું આવાગમન હજી જરા પણ અટકાયું નહોતું. જયાંત્યાં યુદ્ધની

તૈયારી થઇ રહેલી દૃષ્ટિગોચર થતી હતી, પણ આ છાવણીથી થોડે દૂર દક્ષિણ બાજુના કીલ્લા તરફ, એક નિર્જન અને વ્યવસ્થાવિહીન સ્થળમાં એક વિશાળવૃક્ષ પૂર્વકાળની ઐતિહાસિક આખ્યાયિકાઓનું ઇતિહાસજ્ઞ મનુષ્યોને ભાન આપતું અનેક સૈકાઓથી ઉભું હતું; આ વૃક્ષ સાથે અનેક કલ્પિત કે સત્યાસત્ય વાતો જોડાયેલી હતી, વસ્તુતઃ વૃક્ષનું જીવન ઐતિહાસિક પ્રસંગો સાથે સંકલિત હતું; આવાં કારણોથી મનુષ્ય જાતિનો સચાર આ વૃક્ષ પાસે ભાગ્યેજ હતો, તે વૃક્ષ પાસે જતાં મનુષ્ય વહેમાતું, કલ્પના ત્યાં કંઇ આકૃતિઓ રચી તેનાથી ભય પામતી. અર્થાત્ વિના પ્રયોજન ત્યાં કોઇ ન જ જતું, પણ આજે આવે સમયે તે પુરાતન વૃક્ષ પાસે કાળો સ્વાંગ પહેરી એક સ્ત્રી બહુજ સંભાળથી પગલાં ભરતી, ભય અને શંકાન્વિત્ દૃષ્ટિથી ચારે તરફ કોઇને શોધતી ફરતી દેખાતી હતી; તેની ચપળા દૃષ્ટિને કોઇ વૃક્ષ તરફ આવતું દેખાયું, સ્ત્રી ઉતાવળી ચાલતી વૃક્ષની છાયામાં થડ પાસે જઇ લપાઇ બેઠી; આવનાર વૃક્ષ તરફજ આવતુ હતુ. તે વૃક્ષ પાસે આવી પહોંચ્યુ; છૂપાયેલી સ્ત્રી તેને સ્પષ્ટ જોઇ શકી, તે એક જર્મન સિપાઇ હતો, તે વૃક્ષપાસે આવી ઉભો; તેનાં ચક્ષુઓ કોઇને ખોળવા લાગ્યાં, કોઇજ ન દેખાયું, સઘળું નિર્જન ઉજ્જડ જેવું હતુ. "એક ચિત્કાર થયો, પ્રતિચિત્કારે ઉત્તર આપ્યો. પ્રિયતમે !" કંઇ સંદિગ્ધ સ્વરે સૈનિકે પ્રિયાને સંબોધી.

"પ્રાણ ! અંતે આવ્યા ખરા." વૃક્ષના થડ પાસે છૂપાઇ બેઠેલી સ્ત્રી ઉભી થતી, બહુ મંદ સ્વરે બોલી. સૈનિક વૃક્ષ છાયામાં ગયો, અને પ્રિયાને ભેટયો. બહુ ધીમે સ્વરે વાત ચાલી. "કીલ્લા અને છાવણી અનો નાનામાંનાનો ખુણો પણ મારી નજરે જોઇ લીધો છે; જર્મન સૈન્ય,

છાવણી અને કીલ્લાની પરિસ્થિતિ યથાસ્થિત સમજાઈ છે, કીલ્લાના પ્લાન્સ (સપ્રમાણ ચિત્રો) તૈયાર કરી, બ્રિટીશ કમાન્ડર ઉપર મોકલી આપ્યા છે, અને તેણે કાર્યની સરળતા પ્લાન્સ ઉપરથી શોધી પણ લીધી હશે. સંયુક્ત લશ્કરોની તોપોનો મારો જર્મન છાવણી અને કીલ્લા ઉપર આજેજ આરંભાતો તું જોઈ શકીશ. પણ પ્રિયતમે ! કોકડી ગુંચવાતી જાય છે, આજે સાંજેજ બે નવી જર્મન રેજીમેન્ટો છાવણીમાં આવી મળી છે, આ રેજીમેન્ટના આવવાથી છાવણીનું બળ હતું, તેનાથી વિશેષ દૃઢ થયુ છે. સંયુક્ત સૈન્યો હજી એટલાં છુટાં થયાં નથી કે જર્મન છાવણીનાં અત્યારનાં બળ સામે ઉભાં રહી શકે; બાજી ભારે થઇ છે. " સૈનિકે ભય અને શંકાથી ચારે તરફ જોતાં વસ્તુ સ્થિતિ કહી; સૈનિકનાં મુખમાંથી એક નિઃશ્વાસ નીકળ્યો, કંઇ વિચારતો મૌન થયો, તેનાં મુખ ઉપર ઉદ્વિગ્નતા હતી. " સ્ત્રીને તે વ્યક્ત થઇ. "

" ચતુરા પ્રિયતમના મનોભાવો કળી ગઇ; વ્હાલા ! ભગ્નાશ કેમ થાઓછો ? બળવાન સંયુક્ત સૈન્યો પાસે આ છાવણીનાં સૈનિકો અને સાધનોથી શું થઇ શકનાર હતું ? "

" એલ્બા ! તારૂં કહેવું ખોટું નથી, પણ આગળના કીલ્લાને જ્યાં સુધી સંયુક્ત લશ્કરોએ પૂર્ણરીતે પરાક્રાન્ત કર્યો નથી, ત્યાં સુધી એટલી સંખ્યાના સૈનિકો છાવણી ઉપર આવી શકે તેમ નથી કે, જર્મનોને આજે આવી મળેલાં નવાં સૈન્યો સામે ટકી શકે. જે આવશે તે એટલી મોટી સંખ્યાનું નહિંજ. સઘળું અત્યારેતો આવનાર જર્મન બળ સામે થે ડુંજ થશે. સંયુક્ત સૈન્યોનો વ્યર્થ સંહાર થતો મારાથી નહિ જોઈ શકાય....પ્રિયતમે ! આજે

આપણું મળવું અંતિમ છે." કર્કશ સ્વરથી બોલાતા અંતિમ શબ્દો સૈનિકનાં મુખમાંથી નિશ્ચયાત્મકરૂપે સરી પડયા. "

" પ્રાણ ! આમ નિરાશાના વાકયો શા માટે ઉચ્ચારોછો ! હજી આપેજ બે ક્ષણો પહેલાં ઉત્સાહથી કહ્યું હતું કે, સઘળું તૈયાર થઈ ચુકયું છે. એલ્બાએ સૈનિકમાં પ્રોત્સાહ પ્રેર્યો. "

"હા ! સઘળું, પણ મર્ણ સાથે. આજે સાયંકાળ પછી વસ્તુસ્થિતિ બદલાઈ છે, છાવણીનું બળ દૃઢ થયું છે; પોતાનો પક્ષ પ્રતાપિ છે, નજ હારે, તેવું વ્યર્થ માની લેવા જેવો આ સમય નથી. આજે સંયુક્ત સૈન્યો કાલ્લા ઉપર જે કંઈ કરશે તેની સરળતા માટે મેં એક કાર્ય પહેલેથીજ સાધી રાખેલું છે. હું મારો આત્મભોગ આપી કાર્યને પરિણામમાં લઇ જઈ, હજારો સૈનિકોથી ન સધાય તેવું કાર્ય હું સાધીશ. જર્મન સૈન્યોને આ તારો પ્રિયતમ છીન્નભિન્ન કરી નાખશે. પાછળથી સંયુક્ત સૈન્યો અવશેષ કાર્ય પૂર્ણ કરવા તત્પરછે. " England expects every man to do his duty." એલ્બા ! ઇંગ્રેજ મહારથીનો આ મહામંત્ર દરેક ઇંગ્રેજ બાળક ઇંગ્રેજ જાતિઓના અસ્તિત્વ સુધીતો નહિંજ વિસ્મૃત કરે, માતૃભૂમિના ગૌરવ માટે હું સ્વાર્પણ કરીનેજ સંતુષ્ટ થઇશ. ઇંગ્લાંડના વીર યોધ્ધા પુત્રના વચનોની સત્યતા સિદ્ધ કરવા હું પ્રાણાહુતી આપીશ. " સૈનિકનાં ચક્ષુઓમાં અંતિમ વાકયો બોલતાં વીરત્વ પ્રકાશ્યું, મુખ ઉપર આનંદછાયા વ્યક્ત થઇ, રોમાન્ચ અનુભવાયો.

પરિચ્છેદ ૭ મો.

પાપી આત્માની પાપમય વાંછના.

ઇ. સ. ૧૯૧૪ નો ઓકટોબર માસ પૂર્ણ થયો નહોતો, ભારતવર્ષના આકાશ ઉપરથી હજી મેઘમંડળો વિખરાયાં નહોતાં, વાસ્તવિકરીતે, ભારતવર્ષ ઉપર શીત ઋતુના અધિરાજ્યનો પ્રારંભ થઇ ચૂકયો હતો, તોપણ આકાશમાં નિર્મળતા આવી નહોતી; હજી કોઈ કોઈ સમયે વર્ષા અને શીત ઋતુ વચ્ચે દ્વંદ્વયુદ્ધ થતું હતુ. ભારતવર્ષના ઘણા વિભાગો ઉપર સત્તા સ્થાપી બેઠેલી શીતઋતુના અધિકારને પરાક્રાન્ત કરી, વર્ષા કોઇ કોઇ સ્થળે અરાજકતા વર્તાવતી હતી. તેમ આજે ભગવાન્ કૃષ્ણચંદ્રની પ્રિયભૂમિ સૌરાષ્ટ્ર પ્રાન્તમાં આવેલાં "વસંતપુર" ઉપર વર્ષાદેવીનું પ્રલય ધમસાણ મંડાયું હતું, રાત્રિનો સમય હતો, પ્રલયકાળ સમીપમાંજ હોય તેમ, આકાશં મેઘઘટાથી આચ્છાદિત થઈ રહ્યું હતું, વાયુ વર્ષાને અનુકૂલ થઇ, દિશાઓને ડોલાવવા લાગ્યો. વર્ષાની નિષેધક શકિતઓને તેણે પોતાના ભયંકર સુસવાટ અને પ્રચંડ બળથી શિથિલ કરી નાંખી, કાર્ય પૂર્ણ કરી સમિર શાન્ત થયો. હવે વરસાદ ટમટમતો મંદ વૃષ્ટિથી પૃથ્વીદેવીને અભિષિક્ત કરવા લાગ્યો. વખતોવખત ગર્જતા મેઘની પ્રૌઢ ગર્જનાઓ ઝરમરતા વરસાદનો મૃદુરવ અને

દેડકાંઓના ડરામણાં સ્વરો સિવાય સઘળું શાન્ત હતું, રાત્રિના ઘોર અંધકારમાં અદૃશ્ય થએલાં જગતની નૈસર્ગિક ભવ્યતા ભયંકરતામાં વિરમી ગઇ હતી. આ સમયે,

* * * * * *

વાંસલડી વાગી કાના, ભણકારા વાગે;
મન દુઃખડાં દીએ દાડી, સુંદિર શ્યામ હો ત્યજી અમને
મથુરાંના વાસી !...આવા ન બનીએ...જી.

મધુરા કંઠે પદ્ય ગવાયું, ગવાઇ રહ્યું; પુનઃ તેજ પ્રણય ગાન મધુરી બંસિએ લલકાર્યું, અવધિ થયો. મીઠી મોરલીના મૃદુરવો વરસાદના ટમટમાટમાં સંમિશ્રિત થઇ આસપાસના પ્રદેશમાં વાપ્યા, સ્વર્ગીય રંભાઓના અદ્‌ભૂત આલાપોમાં પણ સંતુષ્ટ ન થતા દેવોનું આ સમયના ગાનમાં મુગ્ધમાન થઇ, સુરસદનમાંથી મર્ત્યલોકમાં વિદ્યુત-વાહન ઉપર અવતરણ થતું હોય તેવો ભાસ બંસિ ગાન સાંભળનારને ક્ષણમાત્ર થઇ ગયો. બીજું પદ્ય ન ગવાયું, પ્રથમનું પૂર્ણ થતામાં મોટા કડાકા સાથે વિજળીનો ચમકાર થયો, અંધકારમાં વિલુપ્ત રહેલી સૃષ્ટિનો આભાસ નિમિષ માત્ર દેખાઈ વળી અંતર્હિત થઇ ગયો.

એક ગગનવિહારી દેવમંદિર અને તેની પાસે એક વિસ્તૃત મઠ વિજળીના ચમકારમાં દેખાઈ ગયાં, મઠની ઓસરીમાં થોડા બાવાઓ બેસી આનંદ કરતા હતા, એકમાં વ્રજગોપાંગનાનાં પ્રેમાંકુરોનો અંશ પ્રાદુર્ભૂત થયો, તેણે કૃષ્ણચંદ્રને સંબોધી, અસહ્ય વિયોગ વર્ણવતાં એકજ પદ્ય ગાયું, પણ ક્ષણમાત્ર ભક્તિનો અવધિ અહિંજ દેખાયો. નંદકુમાર બાળકૃષ્ણની વ્રજવિહારીની ભાવનાઓ બાવાના અંતરમાં ઘુમી ગઇ, નિમિષમાત્ર બાવે બાળકૃષ્ણ થઇ મો-

રશ્રીના મૃદુગાનો લલકાર્યો, જગત ડોલી ગયું. સાંળભનારાઓનાં ચૈતન્યોમાં જડતા વાધતી હતી. વિજળીનો ચમકાર થયો, ભયંકર કડકડાટીથી નભોમંડળ ધરણી ઉપર તુટી પડતું હોય તેવું થયું. મઠમાં કોઇ અજ્ઞાત મનુષ્ય પેઠેલું બાવાઓને વિજળીના પ્રકાશમાં દેખાયું, કૃષ્ણલીલાની અહીંજ ઇતિ થઈ, ગાન અટક્યું, બાવાઓના આનંદનું સ્થાન ભયે લીધું; બાવાઓ નાઠા, તેઓ કંઇ વધુ કરે તે પહેલાં માણસ ત્વરિત વેગે મઠનાં પગથિઆં ચડી એક ખંડ તરફ ચાલ્યો, વરસાદથી ભિંજાયેલો કોટ બહાર મૂકી તે ખંડમાં પ્રવેશ્યો. ખંડમાં એક ઝાંખો દીવો બળતો હતો, એક વૃદ્ધ સાધુ દીવા પાસે મૃગચર્મ ઉપર બેઠા હતા, બાવાઓની નાસભાગ અને અપરિચિત માણસનો પદરવ તેણે સાંભળ્યો, નિર્ભય ચક્ષુઓ ખંડમાં પ્રવિષ્ટ થયેલા પુરૂષ ઉપર સ્થિર થયાં. એક જ્યેષ્ઠિકા પછડાય તેમ આવનાર નૂતન, મનુષ્ય સાધુના ચરણોમાં પ્રણિપાત કરતો જઈ પડયો; આ સઘળુ જોતા સાધુ નિઃશ્ચેતન જેવા થયા. આવનારનું મુખાવલોકન બહુ સમય મૌન રહી કર્યું, મુખ ઉપરના વિસ્મિત ભાવો અલ્પાવા લાગ્યા, સાધુએ આવનારને ઓળખ્યો, આશીર્વચન ઉચર્યા, પણ કંઇ અનિચ્છાએ. પાસે બીજું કુશાસન પડેલું હતું, સાધુએ આવનારને આદરથી તે આસન ઉપર બેસવા કહ્યું, તે બેઠો. આવનાર પુરૂષ કંઈ બોલવા ઇચ્છતો હતો, તેની સંદિગ્ધ દષ્ટિ ખંડમાં ચારે તરફ ફરી, ખંડમાં કોઇજ નહોતું, પણ ઓસરીમા બાવાઓ લપાતા છૂપાતા ફરતા દેખાયા, બોલી ન શકાયું, બે સિવાય ત્રીજું વાતમાં નિષેધરૂપ હતું; વિચક્ષણ સાધુ નૂતન આવનારનો મનોભાવ કળી ગયા.

" વૃષભાનંદ ! સગડીમાં થોડો અગ્નિ અહિં લાવી મૂક, ગભરાશો નહિ, આવનાર આપણા અતિથિ છે. કંઈ ખાવાનું પણ લાવ !" વૃષભાનંદને પોતાના ખંડમાં બોલાવી સાધુએ કહ્યું. સાધુ અંતરે આવનારનો સત્કાર કર્યો.

" નહિં માહારાજ ! આપની કૃપાનોજ હું ભૂખ્યો છું." મારી કંઈ જમવાની ઇચ્છા નથી. થોડો આગ્રહ થયો અને તે વાત ઉડી ગઈ. વૃષભાનંદે એક મોટી સગડીમાં અગ્નિ લાવી, આવનાર પાસે મૂકયો.

" વૃષભાનંદ જાઓ ! હવે તમે સો નિદ્રા કરો ! આજ્ઞા થઈ," આજે કંઈ નિયમ કરતાં વ્હેલું હતું પણ વૃષભાનદ અને અન્ય સાધુઓને કારણ વિચારવાનો અધિકાર નહોતો, તેઓ સઘળા એક સ્થળે ભરાયા, હવે ઓસરીમાં કોઈ જ નહોતું, કોઇના આવવાનો ભય નહોતો, બાવાઓએ શૈયાસ્થાને જતાં મઠનાં બારણાંઓ બંધ કર્યાં હતાં, આવનાર અને સાધુને એકાન્ત થઇ.

" કુમારશ્રી ! આવે વખતે આ બાવાની ઝુપડી કયાંથી સાંભરી ?" સાધુએ વાત ઉચ્ચારી.

" આપના દર્શન માટે અહિં આવ્યો છું. આપની કૃપા યાચવા જીવને મુઠીમાં રાખી આપની સમીપ ઉપસ્થિત થયો છું." કુમાર સંદેહથી બોલ્યો.

" જાલિમસિંહજી ! નિઃસંદેહ રહો. અહિં સાધુની ઝુંપડીમાં ભય અને શંકાનો સંસર્ગ કે નિવાસ હોતો નથી...જાલબા ! મેં તમને બહુ વખતે જોયા સો આનંદમાં હશો ?" સાધુએ જાલિમસિંહની અંતર આશંકાનું શમન કરતાં પૂછયું.

" હાજી ! આપની કૃપાથીજ. " પ્રત્યુત્તર મળ્યો.

" જાલિમસિંહજી ! એક નિયમ છે કે વ્યક્તિ જેમ જેમ જીવન પરિચ્છેદોના કટુ મિષ્ટ પ્રસંગોના હાર્દો સાથે ટેવાતી જાય છે, તેમ તેમ તેના વિચારોમાં પ્રૌઢતા સાથે દૃઢતા પણ આવે છે, અનુભવી થવાય છે, અને વ્યક્તિગત્ રહેલો અનુભવ વ્યક્તિમાં વિવેક અને વિનય વસાવે છે; તમે પણ જીવનમાં અનેક રંગો અનુભવ્યા છે, થયેલી ભૂલોનો પશ્ચાત્તાપ...તો સુજ્ઞોને હોયજ. " મહારાજ બોલ્યા પણ, બોલવું અર્થસૂચક હતું.

" પ્રભુ ! આપ અક્ષરશઃ સાચુંજ કહો છો, આપનું કહેવું હું સમજ્યો. મેં બહુ ભોગવ્યું છે; મારી યોગ્યતાની ભૂમિકા મારાથી જોઈ શકાય તેટલી તો મારામાં શક્તિ નથી પણ, મારા દુર્ઘટ અનુભવોએ મને કંઈ શિખવ્યું તો હોયજ ! વસંતપુરનાં રાજવંશી બાળકો અપદસ્થ જેવી અવસ્થા ભોગવી રહ્યાં છે; કરુણા કોને હોય ? બ્રિટીશ સરકાર દયાળુ છે, નહિંતો જાલિમના વંશનો ક્યારનો દાળાવાટો થઇ ગયો હોય. દુર્ગમ દરિદ્રતામાં રીબાવા છતાં, બહાર વસંતપુરના રાજવંશનો મોભો અને દમામ નિભાવવાંજ જોઇએ, પાપનું આ પરિણામ ! તે હું જાણું છુ, મારાં બાળકો અને હું ભોગવીએ છીએ, આનાથી કયો વિશેષ પશ્ચાત્તાપ ? મારી ઉચ્છૃંખલ બુદ્ધિએ જે કરાવ્યું તે મેં કર્યું, થનાર થઈ ગયું, મારૂં કરેલું હું ભોગવું ! પણ નિર્દોષ બાળકોનો શું અપરાધ ? તેના હકો શા માટે ધુળમાં મળે ?" જાલિમે મંદ સ્વરે કહ્યું.

" શિવ !...શિવ ! એક નિઃશ્વાસ નિકળ્યો. જાલિમસિંહજી ! ગરાશિઓ દંષ મૂકેજ નહિં. પણ મહારાજા કૃષ્ણસિંહજી તો અપવાદરૂપ છે, તેનામાં તે દુરાગ્રહ નથી; તેને શરણે જાઓ ! તમારાં

આચરણોથી વસંતપુર રાજ્યની તથા પ્રજાની લાજ મર્યાદા અને રાજકુલ નિર્ભય છે! તેમ તેને સિદ્ધ કરી આપો! તમે પરાયા નથી, અવશ્ય વસંતપુરમાં તમને તમારૂં ભોગવતા જોઇ, કૃષ્ણસિંહજી સંતોષ માનશે મહારાજા કરૂણાળુ છે. તમારા પ્રત્યે કે, તમારાં બાળકો ઉપર તે ડાહ્યો ગરાશિઓ કદી દ્વેષભાવ રાખે તેવી શંકા ન રાખતા! તમે તેને નમી પડશો તો તે તમારે માટે કંઇ વિચારશેજ." મુક્તદેવે સરળ માર્ગ દેખાડયો.

"મહારાજ! આપની માન્યતા તે ભાગ્ય ઘટના તુલ્યજ છે, આપનામાં કંઈ અલૌકિક સામર્થ્ય છે, તેથીજ હું આપની પાસેથી મારૂં અને મારી સાથે સર્વનું શ્રેય સાધવા આવ્યો છું. મારી મૃતઃપ્રાય આશાઓમાં કઈ નવું ચૈતન્ય પ્રેરાય છે, અનુકૂલ સમય પાસે આવતો હોય તેવું જણાય છે. માત્ર મારૂં મને મળે ..પણ, તે સઘળું આપની કરુણા દૃષ્ટિમાંજ વસેલું હું જોઉં છું." જાલિમસિંહ બોલતો અટકયો, મનની વાત સ્પષ્ટ કહેતાં ડર્યો.

"જાલિમભા! મેં શું કહ્યું? મહારાજા તમને તમારૂં આપશે; ઘટતું કરી યોગ્યતાની ખાત્રી આપો! તે તમારો આદર કરે તો, પછી નાંમદાર સરકારને તો સંપ અને જાહોજલાલી રુચે છે, તમને તમારૂં મળતુંજ હશે તો સરકારને તેમાં કાંઈ વાંધો નજ હોય." મહારાજે પુનરુક્તિ કરી.

"આપ સાચું કહો છો. આપ આજ્ઞા કરો તે પ્રમાણે વર્તવા મેં નિશ્ચય કર્યો છે; તે પછીજ હું આપને શરણે આવ્યોછું. આપ મારે માટે મહારાજાને કંઇ કહેશો તે તેને માન્ય કરવુંજ પડશે, આપનાં સિદ્ધ અને અનુભવી વચનો તે ઉથાપી શકે તેમ નથી.

મારૂં શું છે ? તે આપ જાણોછો, તોપણ મારે આપને વિદિત કરવુંજ જોઇએ. " જાલિમે અપૂર્ણ વાત કરી.

" જાલિમસિંહજી ! હું ત્યાગીછું. તેવું કાંઇજ નથી કે, મહારાજા એ મારૂં માનવુંજ જોઇએ; તે સઘળા પ્રપંચોથી નિર્મુકત થઇનેજ આ રંક મઢીમાં આવી રહ્યોછું. રાજ્યની ભવ્ય દેખાતી ભયંકર વિષમ શૃંખલાથી પ્રભુ મને દૂર રાખો ! બસ હવેતો મારી તેજ અંતિમ અપેક્ષા છે. તમે યોગ્ય હશો તો તમારૂં સાધવામાં અન્યની સહાયની આવસ્યકતા નથી; કદાચ તે પ્રપંચમાં હું માથું મારીશ તોપણ તમારી યોગ્યતાથી જે સાધ્ય થશે, તે મારાથી તો નહિંજ થાય. તમને તમારી નીતિ અને વર્તન ઉપર શ્રદ્ધા હોય તો, યત્ન કરી જુઓ ! સફળ થશે. પશ્ચાતાપ દર્શાવતો અને મહારાજાની કરુણાની યાચના કરતો એક વિનંતિ પત્ર મહારાજા ઉપર લખો ! મારૂં છેલ્લું અવશિષ્ટ કૃત્ય હું જોઉછું, તે પૂર્ણ કરવા મારાથી થતું કરીશ; પણ જાલભા ! તમારામાં તમારાપણું જોઇશેજ, રાજવંશની અમિરાત આવડવી જોઇએ. પ્રજાના રક્ષક થઇ રહેવાશે, રાજના સહાયક થઈ રાજ વૈભવો માણી શકાશે, પણ પ્રજાને રંજાડવાનો કે રાજ્યસામે ઇદંતૃતીયં કરવાનો અધિકાર વસંતપુર કે બ્રિટીશ સરકારની સત્તા તમને કદીપણ આપે તેમ નથી. " મહારાજે ચોખ્ખે ચોખ્ખું સંભળાવી દીધું.

" મહારાજ ! પહેલાનો જાલિમસિંહ હવે જીવતો નથી. આપ તેમજ માની લ્યો ! મને મારા ઉચ્છૃંખલ વર્તને ઘણી ઠોકરો આપી નવું શિખવ્યું છે; આપે હવે તેવી આશંકા રાખ્યા વિનાજ મને ઉપકૃત કરવાનો છે. તે માત્ર એજ કે......મહારાજા કૃષ્ણસિંહજી

પોતાના ઉત્તરાધિકારી માટે." જાલિમસિંહજી સ્પષ્ટ કહી દેવા ગયો. પણ જિવ્હા ન ઉપડી. વાકય તૂટયું પૂરૂં બોલી રહ્યા પહેલાંજ મૌન થયો.

"મુકતાનંદે જાલિમની દુરાકાંક્ષા વાંચી લીધી, તે વિચારતા થોડા સમય મૌન રહ્યા; મહારાજે જાલિમ સામે ક્રોધમય એક દૃષ્ટિપાત કર્યો. અંતરના આવેશને શમન કરતાં મહારાજે મૌનતા તોડી, કુમારથી પૂરી વાત ન કરો તેમાં શું સમજાય ? યોગ્ય હશે-તો વિચારાશે." મહારાજે ગંભીર થઇ કહ્યું.

"શું કહું ! આપ કોઈ વાતથી અજાણ્યા નથી, આપે સર્વ જંજાળને ત્યાગ કર્યો છે, કિન્તુ ન્યાય, નીતિ, ધર્મ અને કરુણાને તો આપનામાં અવકાશ આપીનેજ આ ઉદાત્ત પદે પહોંચ્યાછો; તે-નાથીજ પૂર્ણતા પામી લોકવંદ્ય થવાયું છે. આપની પાસે છે તેજ હું યાચવા આવ્યોછું, મને ન્યાય જોઇયેછીએ, હુ તે આપની પાસે-થીજ મેળવીશ." જાલિમે આર્ત વાણીથી કહ્યું.

"જાલિમસિંહજી ! કહી દો ! યોગ્ય હશે તો થશે. મહારાજને આત્મશ્લાઘા સાંભળવી ન રુચી, મુખ ઉપર અરુચિનો ભાવ વ્યકત થઇ ગયો. જાલિમ બોલતો હતો તેની વચમાંજ મહારાજથી બો-લી જવાયું."

"વિજયકુમાર લડાઈમાં ગયા છે, ભાવી અકળ છે. સમરક્ષે-ત્રમાં જનારાઓ શત્રુઓની તરવારથી બચી કુશળ રીતે યુદ્ધ ભૂમિ ઉપરથી પાછા આવી, ઘરમાં પગ મૂકી સ્વજનોને ભેટે ત્યારેજ તેઓ કુશળ ક્ષેમ રહ્યા કહેવાય; યુદ્ધની બાજી હમેશાં દુર્ગમ્ય હોય છે. ત્યારે બીજી તરફથી મહારાજા કૃષ્ણસિંહજી વયોવૃદ્ધ થયા છે,

દેહ જર્જરિત થવા લાગ્યો છે, વૃદ્ધનો કાળ તેના પગમાંજ પડેલો મનાય. વૃદ્ધ દેહમાં ગત્ શ્વાસ પછી નૂતન શ્વાસ પુનઃ સંચરશે કે, કેમ ? તે ભરોસો નહિં; પ્રભુ સૌનું રક્ષણ કરો ! પણ તેવું કંઇ... અનિષ્ટ થયું તો, વસંતપુરનો રાજ્યાધિકાર હરમજીના લઘુકુમાર સમરસિંહને મળે. શું આ ન્યાય ? આ રાજનીતિ ? મહારાજ આપ જગતથી નિર્મુક્ત રહીને જગતના માનવોને આપના તંત્રમાં નચાવો છો, વસંતપુરના રાજસૂત્રો આપનાજ આધીનમાં છે. જાલિમને માટે આપેજ વિચારવાનું છે. આ જાલિમ, તેનું અભીષ્ટ મહાપ્રાણ મુક્તદેવથીજ સાધ્ય થતું જૂવે છે. ખુશામતખોર સમરસિંહને મહારાજા પોતાનો વિશ્વસનીય માને છે, પણ મારાં વચનો આપ સ્મૃત્તિમાં રાખજો કે મહારાજા દૂધ પાઈ સર્પ ઉછેરે છે; સમય આવે સમરનું મલીન અંતઃકરણ મહારાજાને દંષશે, તે લાગ સાધશે. કદાચ વૃદ્ધ કૃષ્ણસિંહજી અને વિજયકુમાર માટે કંઇ અરાજક થયું તો, વસંતપુરનો રાજકિરિટ અત્યારે તો સમરના મસ્તિષ્ક ઉપરજ મૂકાય. મહારાજ ! હરભમજીના જ્યેષ્ટ પુત્રનો અન્ય રાજ્યધિકારીઓના અભાવે પ્રથમ હક છે, મેં અપરાધ કર્યો તો મારા કુમારો તો નિરપરાધી છે. જાલિમ જીવે છે, પણ તે અયોગ્ય હોય કે, જીવતોજ ન હોય તો તેના પુત્રો માટે વસંતપુરનું રાજ હોય. મહારાજાને આપ સત્ય સમજાવો, બસ !' મને મારૂં મળે. મારી તેજ જિજ્ઞાસા છે, મહારાજ ! મારી કરુણા આપ નહિં લાવો તો મારે મારૂં મેળવવા કોનું શરણુ શોધવું ? આપનામાં સત્ય અને સમાનતા છે માટેજ હું આપની પાસે આવ્યો છું.' જાલિમસિંહ બોલતો ગદ્ગદ્ થયો, ચક્ષુઓ સજળ થયાં; મહારાજ મુક્તાનંદ જૂએ તેમ અશ્રુઓ ખેસથી લુછતો ઉત્તરની આશાએ તે મૌન બેઠો.

પરિચ્છેદ ૮ મો.

વસંતપુરનું રાજ્યતંત્ર.

કુત્સિત રાજલોભ એક શ્રાપ સમાન છે. બિચારો જાલિમ તેનાથી કેમ વિમુક્ત રહી શકે ? વિચારતા મુક્તાનંદના દાંતમાં ઓષ્ટ કચરાયો. શ્વેત ભ્રુકુટીઓ ચડતી દેખાઈ, પણ બીજી પળેજ ક્રોધ ક્ષમતાપન્ન હૃદયમાં વિરમી ગયો; કંઇ કઢાવી લેવાનું હતું, નૃશંસ રાજકુમારનું અંતર તારતમ્ય શોધી રાજકુલનું સરક્ષણ કરી લેવાનું હતું, માહારાજે વિચાર્યું; જાલિમસિંહને અપમાનિત કરવા કરતાં સાધી લેવામાંજ તેની બુદ્ધિને સૌનું અભીષ્ટ લાગ્યું. ભાવીની અકળકળાનો વિચાર આવ્યો, યુદ્ધની ભીષણતા અને વસંતપુરના ભવિષ્ય માટે માહારાજ ક્ષણમાત્ર ચિન્તિત થયા. શાન્તદૃષ્ટિ ઉપડી, જાલિમસિંહને અવલોકયો. " કુમાર શ્રી ! માત્ર તમે એટલું સમજી શકયા છો કે, બ્રિટીશ સરકારની કરુણાએજ તમને અત્યાર સુધી પોષ્યા છે. માહારાજ મૌનતા ભેદી જાલિમસિંહને ગર્ભિત શબ્દોનો પ્રહાર કરવા લાગ્યા. તમે તેનાજ આશ્રયમાં સુરક્ષિત થયા છો, અહોનિશ તેનોજ સંસર્ગ સેવો છો, તો પણ તે બ્રિટીશ શક્તિના ન્યાય, શાસન, અને ગૌરવની તમે તુલના કરી શકયા નથી. નહિતો તમારી દુરાકાંક્ષાઓ આમ મર્યાદા ઉલંઘી શકતજ નહિં; યુવરાજશ્રી વિજુભા

યુદ્ધમાં સિધાવ્યા છે, પણ શા માટે ! તે તમે સમજી શકયાજ નથી. ક્ષાત્રત્વનો અનુભવ લેવા વિજયકુમાર સંગ્રામભૂમિમાં ગયા છે, આર્યકુલની રાજ્યભક્તિ અને કૃતજ્ઞતાનું જગતને દર્શન કરાવવા, અને હિંન્દી પ્રજાના સત્ય હકોની સિદ્ધિ સાધવા તેઓએ યુદ્ધક્ષેત્રને વહાલું કર્યું છે. તમે કહોછો તેપણ અસત્ય નથી, શત્રુની સમશેર સાથે સ્પર્દ્ધા કરતાં સલામત રહી સ્વગ્રહે પગ મૂકયા પછીજ સમર વીરનું જીવન કુશળ મનાય....પણ જાલિમસિંહજી ! તમે ભૂલોછો બ્રિટીશ સત્તાએ હિન્દી વીરોને રણક્ષેત્રમાં પોતાના સહાયક કરી સ્વીકાર્યા છે, પણ તે શુભ નિષ્ઠાથીજ ! ક્ષત્રીયરાજોને પોતાના પૂર્વ ધર્મની સ્મૃતિ અને મહિમાનું નિરૂપણ કરાવવા, પોતાના ગૌરવ રક્ષણનો પાઠ પઢાવવા. યુરોપની યુદ્ધભૂમિને શત્રુરક્તથી વિપ્લવિત કરતા હિન્દી રાજવંશીઓ સમર ભૂમિમાં ઘુમે છે, પણ ઈંગ્રેજ યોદ્ધાઓ કુસુમ પ્રમાણે તેઓનું રક્ષણ કરી રહ્યા છે. ત્યારે હિન્દી રાજવંશીઓ ભારતરાજ્યના ગૌરવ માટે કાળ સાથે તુમુલ યુદ્ધ કરી રહ્યા છે; યુદ્ધક્રીડાથી નિવૃત થઈ સ્વદેશે આવનાર વિજેતા વીરવર્યોમાં હવે તમે નવો રંગ જોશો. વિજય " વિજયીજ રાજકુમાર છે, વસંતપુરની રંક પ્રજાને ભાગ્યે તે વિજયી થઈ થોડાજ વખંતમાં પાછા આવશે. પણ જાલિમસિંહજી ! તેવી નિંદ્ય દુરાકાંક્ષા રાખી, તમે કે સમરસિંહજી રાજવંશ માટે કઇ તેવી જાળ રચશો તો, તેમાં પ્રથમ તેમજ શૃંખલા બદ્ધ થશો: તમારે તમારૂં શ્રેય સાધવુંજ હોય તો, રાજવંશનું રાજ્યનું અને પ્રજાનું અભિષ્ટ ઇચ્છો ! ભગવતી પ્રકૃતિ તમને અનુકૂલ થશે, નિયમ શાસ્ત્રનાં આ સિદ્ધ સૂત્રો છે. "

" જાલિમસિંહજી ! મારાં આ વચનો સ્મૃતિમાં રાખજો !

"'પ્રપંચ અને દુષ્કૃત્યોનાં વિપાકની બાહ્ય રમણીયતામાં પ્રતીત થતાં સુખો ક્ષણિક હોય છે, પણ તેનું આભ્યંતર તત્ત્વ ભયંકર વિષથી ભરેલું હોય છે." જાલિમભા! તમારૂં અને તમારા વંશજોનું કલ્યાણજ કરવું હોયતો, તે પાપમયી લાલસાને તિલાંજલિ આપો! એક નિઃશ્વાસ કાઢતાં મુક્તાનંદે આગળ ચલાવ્યું. તમારા પ્રારબ્ધમાં વસંતપુરનું રાજ્યાસન હશે તો તે કોઇનાથી વિદારી શકાય તેમ નથી. તમારો જ્યાં અધિકાર, હશે ત્યાં અન્યથી નહિંજ જવાય, પરમાત્મા મહારાજા અને યુવરાજ વિજયસિંહજીને દીર્ઘાયુષ્ય આપો! પણ તેવો સમય હોયતો, સમરસિંહજીની શંકા રાખતા નહિ! તે યોગ્ય કુમાર છે. તમે તેનાથી દૂર વસો છો, તેથી સહોદરનાં હાર્દથી અજ્ઞાત રહ્યા છો. કુમારશ્રી! આજથી નવો પાઠ શિખજો! " તમે જેનું ભલું કરવા ઇચ્છશો, તે તમારૂં ભલુંજ કરશે પણ, તમે કોઇનું અનિષ્ટ ચિન્તશો તો, પ્રથમ તમારૂં અનિષ્ટજ તમારા તરફ આકર્ષાઇ તમારી દુર્દશા કરશે. આ એક વિચારનાં સમર્થ આન્દોલનોનો ક્રમ છે." માહારાજ મૌન થયા, કંઇ વિચાર્યું, વળી કંઇ સાંભર્યું અને સગડી ઉપર બંને હાથ રાખી તાપતા મંદસ્વરે બોલ્યા.

" તમે સમજો છો કે, અત્યારે વસંતપુરની રાજ્ય મર્યાદામાં પગ મૂકવાથી તમે કેટલા ભયમાં છો. વળી રાત્રિ પણ ઘણી વીતિ ગઇ છે, કદાચ ઉપાધિ આવી પડશે. તમારે હજી પ્રાતઃકાળ પહેલાં ઘણું દૂર જવાનું છે. કંઇ વાહન લાવ્યા છો કે? જાલિમસિંહને જવા પ્રસ્તાવ કરતા માહારાજે પૂછ્યું."

" એક ઉંટ અને સિપાઇ સાથે છે, તેને પાછળ ધર્મશાળામાં રાખી હું અહિં આવ્યો છું, મારે હવે જવુંજ જોઇએ! જવા

આજ્ઞા માગુછું; બસ ! વધુ શું કહું ? મને આપનાં વચનો ઉપર સંપૂર્ણ વિશ્વાસ છે. તેવો સમય આવશે અને મારો હક્ક ડુબશે તો, હું આપનાં ચક્ષુઓ પાસેજ ભુતનાથ ઉપર મારી અને માર બાળકોની કમળ પૂજા કરીશ." જાલિમસિંહ પોતાનો નિશ્ચય જણાવતો ઉઠયો.

"તેવો સમય ન આવે ! પણ તેવું કાંઇ હોય તો, તમારૂં અન્યને નજ મળે." મહારાજે ખાત્રી આપી.

"આપનું વચન એજ સિદ્ધિ; મને શ્રદ્ધા છે અને તે ફળશે, મહારાજ હું રજા લઉં છું ! પણ સમયે આપની પાસે આવી ઉભો રહીશ, મારૂં આપની પાસેજ માગીશ." પટુ જાલિમે મુક્તાનંદને પોતાના ભાગ્યના જવાબદાર કર્યા.

"જાલિમસિંહ ! ભલે સિધાવો ! પણ ધૈર્યવાન્, નીતિમાન્ અને શુભેચ્છાચારી થશો, તોજ તમારૂં શ્રેય થશે. અને મેં કહ્યું તેમ મહારાજા ઉપર વિનંતિપત્ર લખી, અપરાધની ક્ષમા માગજો ! તમારા અંતરમાં ઘૃણા નહિં હોય તો, વસંતપુરમાં વસવાનો અને વિજયસિંહજીના સાચા સહાયક થઇ રહેવાનો તમને અધિકાર મળશેજ. મને વિશ્વાસ છે કે, મહારાજા કૃષ્ણસિંહજીનું ઉદાર અંતઃકરણ તમને ક્ષમા આપશે. પ્રથમ તમે લખો ! શું ઉત્તર મળે છે ? તે જાણી વિચારાશે. સિધાવો ! વરસાદ અને તોફાન પણ શમી ગયાં છે, આવતાં માર્ગમાં વરસાદથી હેરાન થયા હશો !" મહારાજે ઉત્તરની પ્રચ્છા ન કરી. જાલિમ જતાં પુનઃ મુક્તાનંદના પગમાં પડયો, મહારાજે ઉઠાડયો, જવા આજ્ઞા કરી. ખંડ બહાર પડેલો કોટ ઓઢી જાલિમ ચાલ્યો, મઠના દરવાજામાં વૃષભાનંદ ઘોરતો હતો, જાલિમે તેને જગાડયો, બાવો આંખ્યો ચોળતો ઉઠયો, બબડયો

પણ જાલિમે તેના હાથમાં એક સુવર્ણ મુદ્રા સેરવી દીધી, વૃષભાનંદજીની નિદ્રા અને ગુસ્સો વજો માપી ગયાં, જાલિમસિંહ સાથે બાવાજી હસ્યા, અને અન્ય વખત આવી ઉપકૃત કરવા મીઠા મહેમાનને વિનંતિ કરી. જાલિમ ગયો, મઠના દરવાજાનાં બારણાં બંધ થયાં.

* * * *

વસંતપુરની રાજસીમા વિશાળ તો નથી, પણ સૌરાષ્ટ્રી રજવાડાંઓની શ્રેણિમાં તેની ગણુના પહેલા વર્ગમાં લેખાય છે; રાજ્યસત્તાના શાસનમાં બસો પંચાશી ગામો શાસિત છે, રાજ્યની ભૂમિ રસવતી અને ફળદ્રુપ છે. રાજશાસનમાં ઘણી સરળતા છે પણ અપરાધીઓ માટે વસંતપુરના રાજનિયમોમાં ક્ષમા નથી. આવાં કારણોથી પ્રજા રાજાને પૂજ્યભાવથી જોતી સતત્ સંતુષ્ટ રહે છે; અન્ય સૌરાષ્ટ્રી રાજ્યોની પ્રજાઓ કરતાં વસંતપુરની પ્રજા પોતાને સુખી અને સૌભાગ્યશાલિની માને છે, અને છે. વસંતપુરની ગાદી ઉપર મહારાજા કૃષ્ણુસિંહજી આરૂઢ હતા, તે વયોવૃદ્ધ, બુદ્ધિવૃદ્ધ અને અનુભવી હતા. સિતેર વરસની વયના કૃષ્ણુસિંહજીમાં જૂના વિચારો વિશેષ હતા, તેને જૂનું વધારે વ્હાલું હતું, પણ નવીન જમાનાના પરિચયે તેને નવીન તરફ દૃષ્ટિપાત કરતા શિખવ્યા હતા. તેના વિચારોમાં નવીન જમાનાનો પાશ પેસી શકયો નહોતો, તોપણુ તે નવીનને તિરસ્કાર ભાવથી જોતા નહોતા; તેણે નવીન સ્વીકાર્યું પણુ હતું, અને રુચિ અરુચિએ ગ્રાહ્ય સ્વીકારાતું પણુ હતું.

બ્રિટીશ સામ્રાજ્ય પ્રત્યે મહારાજા કૃષ્ણુસિંહજીનો ઉચ્ચ ભાવ પ્રથમથીજ હતો, તેણે જૂનું જોયું હતું, અને ઐતિહાસિક ઘટનામાં ભાગ ભજવી, વસંતપુર રાજ્યના ભાવી માટે મિષ્ટ ફળોનાં

બીજ આરોપિત કર્યાં હતાં. જે સમયે નષ્ટ ભ્રષ્ટ થઇ રહેલા મોગલાઇ અને પેશ્વાઇ રાજ્યોનાં સૈન્યસાગરો અંતર્ વિદ્રોહાતાપમાં શોષાઇ માત્ર અવશિષ્ટ મળરૂપે, હિંદુસ્તાનની રંક પ્રજામાં લૂટ અને રંજાડ કરી પોતાનું નિર્ભર કરતા કેર વરતાવી રહ્યા હતા, તે સમયે, અધિકારહીન પેશ્વો નાનાસાહેબ તે રખડતી લૂંટારૂ સૈનિક ટોળીઓનો નેતા બન્યો, તેણે હિંદમાંની યુરોપીય ગૌરાંગ પ્રજાવિરૂદ્ધ અને તેમાં પણ તે સમયે પ્રબળ થતા ઇંગ્લિશ કંપની સરકારના હિન્દમાંના રાજ્યાધિકાર સામે કંપની સરકારનાં દેશી સૈન્યોમાં વ્હેમ અને ઉશ્કેરણી ફેલાવી; તેનાં પરિણામમાં ઇ. સ. ૧૮૫૭ માં હિન્દમાં ન ધારી સૈનિક ઉત્ક્રાન્તિ પ્રગટી નીકળી, નિરપરાધિ ગૌરાંગો ઉપર દુઃસહ્ય અત્યાચારો થવા લાગ્યા. સાંભળતાં રોમાન્ચ થાય તેવી નિર્દયતાથી ગૌરાંગ સ્ત્રી પુરૂષો અને બાળકોની નિરર્થક ભીષણ હત્યાઓ થવા લાગી, આ બળવાથી ભારતવર્ષની ચિરકીર્તિ અને કૃતજ્ઞતાને કલંક લાગતું ભારતવર્ષના રાજાઓ અને સુજ્ઞ પ્રજાઓથી ન સ્હેવાયું, તેઓએ કંપની સરકારનાં લશ્કરોને સહાય કરી, બળવા ખોરોની અદમ્ય શક્તિનું ઉન્મુલન કર્યું આ સહાયક મંડળમાં તે સમયના વસંતપુરના તરુણ યુવરાજ કૃષ્ણસિંહજી પણ હતા, તેણે પોતાનાં વીરત્વથી કંપની સરકારના સૈન્યાધિપતિઓને વિસ્મિત કર્યા; બળવો શમ્યો, બળવાખોરોનો પૂર્ણ પરાભવ થયો, તેઓનો સરદાર નાનો નાસી છૂટયો, સદાને માટે લોક દૃષ્ટિથી અંતર્હિત થયો; બળવાખોરોનો ઉપનેતા તાતિઓ ટોપી પકડાયો, તેના અક્ષામ્ય અપરાધો માટે તેને દેહાંત શિક્ષા થઇ, ઘણાંઓને ઘટતું થયું ત્યારે અસંખ્ય બળવાખોરો ઉપર કરુણા ભાવ રાખી, ઉદાર

ઇંગ્રેજ સરકારના રાજશાસને તઓને ક્ષમા આપી, હિન્દી પ્રજાઓ ઉપર પોતાનાં ન્યાયશીલ રાજશાસન અને ઔદાર્યની છાપ પાડી.

આ નિંદ્ય સૈનિક ઉત્ક્રાન્તિથી ઇંગ્રેજી રાજસત્તા શિથિલ થવાને બદલે સુદૃઢ થઇ; આ બળવા પછી ઇસ્ટ ઇન્ડિઆ કંપની પાસેથી રાજ્યધુરા ઇંગ્લાંડની સરકારે પોતાના આધિનમાં લીધી, ઇંગ્લાંડની પ્રતાપશાલિની રાણી " વિકટોરીઆએ " ભારતવર્ષની સમ્રાજ્ઞી-પદ ધારણ કર્યું. ઇંગ્લાંડ સરકારની સત્તા હિંન્દનાં નાનાં મોટાં દરેક રાજ્યો અને પ્રજાઓએ સહર્ષ અંતઃકરણથી માન્ય રાખી, બ્રિટીશ રાજ્ય પતાકાને સૌ નમ્યાં. ઇ. સ. ૧૯૫૮માં ભારતીય પુરાતન રાજનગર દિલ્હીમાં ઇંગ્રેજ પ્રતિનિધિ (વોઇસરોય) એ મોટો દરબાર ભરી, ભારતવર્ષનાં રાજમંડળોને નિમંત્ર્યાં આ સમયે હિન્દમાં અનિર્વાચ્ય મહોત્સવો ઉજવાયા, તે સાથે તે દિવસથી હિન્દુસ્તાનમાં રાજ્યક્રાન્તિ મનાઇ, મોગલ શહેનશાહત અને પેશ્વાઇ સત્તાને તે દિવસથી ઉન્મૂલિત થયેલી ગણુવામાં આવી. મહારાણી વિકટોરીઆના નામથી એક ઢંઢેરો વાંચી સંભળાવામાં આવ્યો, તેમાં ભારત-વર્ષ પ્રત્યે સમાનતા રાખવા વચનો આપવામાં આવ્યાં, તે સાથે હિન્દીઓ ઉપર સમભાવ રાખી તેઓને ઘણા હક્કો તથા આશાઓ આપવામાં આવી, આમ પ્રજાને અનેક રીતે સંતુષ્ટ કરી, ઇંગ્લાંડની સરકારે બ્રિટીશ સત્તાનો પાયો સુદૃઢ કર્યો. બળવા સમયના સહાયકોને સન્માનિત કરી તેઓને હતા તેનાથી વિશેષ અધિકારો અને ગામ કે ગિરાસનાં પારિતોષિકો અર્પાયાં. કુમાર કૃષ્ણસિંહજીની સેવા માટે તેને પણ કંઇ મળ્યું, સો ગામો ઇનામમાં આપી વસંતપુરના રાજ્ય વિસ્તારમાં ઇંગ્રેજ સરકારે વૃદ્ધિ કરી આપી, તે સાથે વસંતપુર રાજ્યને ઘણા હક્કો મળ્યા વસંતપુરના રાજકર્તાઓ ઠાકોરના નામથી ઓળખાતા હતા, તેઓને તેના

ઉત્તરાધિકારીઓની પરંપરા માટે મહારાજાનું પદ મહારાણી સરકારે કૃષ્ણસિંહજીના રાજકાળથી આપવાનું જાહેર કર્યું. કૃષ્ણસિંહજી-એ પોતાનાં પરાક્રમ અને પ્રતાપ વડે તરુણવયમાંજ વસંતપુર રાજ્યને ઉન્નત અવસ્થાએ પહોંચાડયું.

ઉત્ક્રાન્તિ પછી પાંચમે વર્ષે કૃષ્ણસિંહજીના પિતાએ સ્વર્ગારોહણ કર્યું. પાછળ સંતતિમાં કૃષ્ણસિંહજી અને હરભમજી બે તરુણ કુમારો હતા, કૃષ્ણસિંહજી હરભમજી કરતાં બે વર્ષે મોટા હોવાથી નિયમ પ્રમાણે વસંતપુર રાજ્યના ઉતરાધિકારી તેજ હતા, પિતાના સ્વર્ગ ગમન પછી થોડાજ દિવસમાં સૌરાષ્ટ્ર પ્રાન્તના બ્રિટીશ પોલિટીકલ એજંટની વિદ્યમાનમાં ભારે ઉત્સવથી કૃષ્ણસિંહજીને રાજ્યાભિષેક થયો, અને તે સમયે મહારાજાનું ગરિમાશાળી પદ સપ્રેમે તેને અર્પાયુ કૃષ્ણસિંહજીએ આમ બાહુબળથી વસંતપુરના રાજ કર્તાઓ માટે મહારાજાપદ સપાદન કર્યું. તે સમયે પોષાતા પરપરાના રાજનિયમાનુસાર લઘુબંધુ હરભમજીને તેની આજીવિકા માટે ત્રણ ગામો આપી મહારાજાએ તેને પોતાના આશ્રયમાંજ રાખ્યા. ક્રમશઃ આજ કાલ કરતાં કૃષ્ણસિહજીનાં શાસનકાળનાં પણ ચાર વર્ષો વીતિ ગયાં, રાજ્યના જૂના નિયમોમાં ઘણું નવું સંમેલાયું, ઘણાનો ઉચ્છેદ થયો, ત્યારે ઘણું હતું તેનાથી પણ દઢ થયું. વસંતપુર રાજ્યને નવા યુગનો સમારંભ થયા જેવું થયું; પ્રજાવત્સલ તરુણ મહારાજાનું રાજશાસન લોકપ્રિય નિવડયું.

હિન્દના રાજાઓ માટે હવે પ્રજાના હકોનું રક્ષણ કરતાં, મોજ શોખ સિવાય કંઇ અવશેષ કર્તવ્ય દેખાતું નહોતું, કારણ કે બ્રિટીશ રાજ્યનો પ્રભાવ હિન્દી પ્રજાના અંતરો ઉપર ઉગ્ર પડયો હતો, તેથી દેશમાં ચાલેલી બહુ સમયની અરાજકતાનો અંત આવતો દેખાયો હતો; હિ-

ન્દમાં દેશ પ્રજા અને સમયને અનુસરીને નવીન શૈલિથી રાજનિયમોનું આયોજન થયું. બ્રિટીશ ન્યાય અને રાજદંડ અખિલ ભારતવર્ષને અનુશાસનમાં વર્તાવવા સમર્થ નીવડયા, બ્રિટીશ રાજશાસને અલ્પ સમયમાં ભારતવર્ષની પ્રજાઓ અને રાજાઓ ઉપર પ્રભા પાડી, ભારતવાસીઓનું બ્રિટીશ રાજયછત્રની છાયામાં જે ઐકય કર્યું, તે ઇતિહાસ કાળમાં અપૂર્વ લેખાશેજ. આ પ્રતાપશાળી બ્રિટીશ અનુશાસનથી કૃષ્ણસિંહજી નચિન્ત થઇ કાળ ક્ષેપ કરતા હતા, રાજ્ય તરફ કંઈ ઝાઝું કરવાનું રહ્યુ' નહોતું, માત્ર બ્રિટીશ અધિકાર અને અધિકારીઓ સાથે કેમ વર્તવું તે શિખવાનું હતું; પણ અવનવા પ્રસંગો અને રાજદ્વારી ગુંચવણો તેને સઘળું શિખવતી હતી. આવો નિવૃત્તિ સમય મળતાં મહારાજાનું ધ્યાન પોતાનાં ગ્રહસૂત્ર તરફ વળ્યું.

પરિચ્છેદ ૯ મો.

શ્યામા કે, સર્પિણી ?
(વસંતપુરનું રાજ્ય તંત્ર ચાલુ)

મહારાજા કૃષ્ણસિંહજીના અંતઃપુરમાં અનેક રાજરમણીઓનો કલહ નહોતો, માત્ર રાજબા નામની એકજ સ્વરૂપવતી રાણી હતી; તે ગુણીયલ કહેવાતી, વસંતપુરના રાણીઆવાસમાં અત્યારે એક પણ ભયંકર ગુપ્ત પ્રકરણ

સંચલિત નહોતુ, પણ રાજબાના પ્રારબ્ધમાં અધ્યાપિ પર્યંત વંધ્યત્વનું કલંક વજ્ર લેપ થઇ બેઠું હતું. ત્યારે હરભમજીને ત્યાં ત્રણ ત્રણ વર્ષને અંતરે જાલિમસિંહજી અને સમરસિંહજીની પ્રાપ્તિ થઇ હતી, પણ વસંતપુરના મહારાજાને ત્યાં સંતતિ કંઇજ નહિં ! આ વાત મહારાજા કૃષ્ણસિંહજીના અંતરમાં સતત્ રમવા લાગી.

"સંતતિ, ભારતીય જીવનનો એક આવશ્યક લ્હાવો લેખાય છે, નિષ્કિંચન ભારતવાસીને પણ સતતિની ઉત્કટ અપેક્ષા હોય છે. અને તે પૂર્ણ નથી થતી ત્યાં સુધી રંક જીવન પણ દુર્ભાગિ અને શુષ્ક મનાય છે. તોપણ તે સમયની માન્યતા પ્રમાણે મહારાજા કૃષ્ણસિંહજીએ ધૈર્ય બહુ રાખ્યું, પણ પોતાના લઘુ બંધુને ત્યાં બે પુત્રો આનંદતા જોઇ, મહારાજાનુ અંતર્ ક્લિષ્ટ રહેવા લાગ્યું, ભાવિ રાજા કોણ ? તે પ્રશ્ન અંતર્ અંતર્નેજ પૂછતું બળવા લાગ્યું, હવે ધૈર્ય ન રહ્યું. સંતતિ ન થવાનાં કારણો માટે લોકોમાં અનેક પ્રકારની કલ્પિત વાતો ચર્ચાવાનો મહારાજાનાં અંતર્માં ભય પેઠો, દેવ દેવીઓની માનતાઓ મનાઇ, સાધુ સંતો અને ધૂર્તો ઉપર મહારાજાની શ્રદ્ધા વધી, તેઓ મહારાજા પાસે સમાનિત થવા લાગ્યા, તે સાથે તેવાઓનું અંતઃપુરમાં આવાગમન થવા લાગ્યુ. વસંતપુરના અંતઃપુરમાં બહુ સમય આવું ચાલ્યું, 'સદ્ગુણી રાજબાને દુઃસંગ લાગ્યો, તેનો ભાવ ભજવાયો, રાણીની વાત વંઠી. સ્વાર્થે સાધક ગોલાંઓ સમય ઓળખી, રાણી રાજબાના અંતર્માં મહારાજાને માટે અયુક્ત વિચારો ઠસાવી સ્વાર્થ સાધિ લેવાનાં તંત્રો રચવા લાગ્યાં. ભવિષ્યમાં મહારાજા બીજી સ્ત્રી સાથે સંલગ્ન કરે, તેવા કલ્પિત ભણકારા રાજબાને લાગવા માંડયા. ક્રમશઃ આવાં

અનેક તૂતો વૃદ્ધિંગત્ થયાં, તે સાથે પ્રપંચ જાળ પથરાવાનો આરંભ થયો.

અધમ સંગતિથી રજપૂતાણીના પવિત્ર હૃદયમાંનો પતિ પ્રત્યેનો પૂજ્યભાવ અલ્પાવા લાગ્યો, પવિત્ર પ્રેમને અવકાશ ન રહ્યો, સમય વીતતાં રાજબાનું પવિત્ર હૃદય દ્વેષ, ચિન્તા અને સંતતિ આશાએ કામ વાંશનાના વિષથી છલકાઇ દૂષિત થયું, અમૃતપાત્ર વિષથી ભરાયું. ધૂર્ત સાધુ સંતોના સંસર્ગમાં રાજબા ગ્રહિણી ગૌરવ હારી બેઠી. પોતાનો સ્વાર્થ સાધવા, પતિ પાસે માન મેળવવા અને ભાવી રાજમાતા થવાની લાલસામાં ન કરવાનાં કૃત્યો આદરી બેઠી. રાણી આવાસના સેવક વર્ગને પોતાનો કરવાની જરૂર રાણીને જણાઇ, અને તે પ્રયત્ન કરવા લાગી. નીતિ કે પ્રભુથી ડર્યાં, તેઓ રાણીની ઇચ્છાને આધીન નજ થયાં; નિમિત્તો લાવી તેઓને ઘેર બેસાડ્યાં, અંતઃપુરની એક ક્ષુદ્ર દાસીથી લઇને અંતઃપુરના મુત્સદીવર્ગ સુધીનું ક્રમશઃ ફેરવાઈ ગયું, ભોળા હૃદયના કૃષ્ણસિંહજીથી કંઇજ ન સમજાયું, સઘળી બાજી અકળ રમાતી હતી. બીજી તરફ રાણી ગર્ભવતી હોવાની વાત અંતઃપુરમાં પ્રસરતી બહાર વ્યાપી, રાણી સગર્ભા હોવાનું જાણી મહારાજાની ધૂર્તો ઉપર જે શ્રદ્ધા હતી, તેનાથી વિશેષ વધી. તરુણ મહારાજા રાણીના પ્રપંચપાશમાં પૂરા જકડાયા, રાણીની ઇચ્છાનું ઉલ્લંઘન કરવામાં તે પોતાના જ્વલંત સ્નેહને અપવાદરૂપે જોતા હતા.

રાણીનાં કારસ્તાનો હજી પૂર્ણ થયાં નહોતાં, પોતાનો જૂનો કાર્યભારી રાણીની વૃત્તિને અનુરૂપ ન થયો, તેને માટે રાજબાએ મહારાજાને ભંભેર્યા, અને મહારાજાએ તેને સત્વર અધિકારચ્યુત કર્યો. તેના

અધિકાર ઉપર નટવરલાલ બુલાખીદાસ નામના એક સુરતી વણિકને નિયુક્ત કર્યો; પ્રથમ નટવરલાલ રાજખાના કાર્યભારીનો કારકુન હતો, તે પૂરો ખટપટી પ્રપંચી અને પાપ કરતાં પાછી દૃષ્ટિ કરે તેવો નહોતો. નટવરલાલને ઉચ્ચ અધિકારે સ્થાપવા પહેલાં પોતાના જૂના કાર્યભારીને સાધવા રાણીએ દાણો દાબી જોયો હતો, પણ તેમાં તે વિફળ થઇ; ત્યારે રાણીએ પોતાની કૃપા નટવરલાલ તરફ ઢાળી, નટવરલાલ પીગળ્યો, તેને તેજ જોઇતું હતું, તે રાજખાનો થઈ રાણીનાં કાવત્રાંઓમાં ભળ્યો. જૂના કાર્યભારીને અધિકારભ્રષ્ટ કરાવી રાણીએ તેના અધિકારે નટવરલાલને ચડાવ્યો, અને તે સાથે સમયની અનુકૂલતાએ વિશેષ અધિકાર અપાવવાની આશા અપાઈ: "મરકટને મદિરા મળી." નટવર ભાગ્યદેવી સાથે પાસા ખેલવા લાગ્યો, વધુ શું જોઇએ? નટવરલાલની સહાયતા મળ્યા પછી, રાણીને તેનાં કાવત્રાંઓમાં વિજય મળવા લાગ્યો, ક્રમશઃ રાણીના કાવાદાવાઓ વસંતપુરના રાજતંત્ર ઉપર ફાવ્યા, અને રાજ્યની ઘટનામાં પણ પરિવર્તન થવા લાગ્યું. આવા નવમાસ વીતિ ગયા, રાણીને પુત્ર પ્રસૂત થયાની વાત ગામમાં વ્યાપી; "પોતાના રાજાને ત્યાં યુવરાજ અવતરે તેનાથી રાજભક્ત પ્રજાને કયો ઉજવલ પ્રસંગ હોય?" ગામમાં સાકરો વ્હેંચાઇ આનંદ ઉત્સવ થઈ રહ્યો. રાજખાને પુત્ર પ્રસુતિ થયાના વર્તમાન જાણી, નટવરલાલે રાજજોષિને પોતાને ત્યાં બોલાવ્યા જોષિ બુવા અને નટવરલાલ વચ્ચે કંઇ ગુપ્ત મંત્રણ થયું, નટવરલાલે ધાર્યું કર્યું. જોષિ જવા ઉઠયા નટવરલાલે સારી દક્ષણા જોષિના હસ્તમાં સેરવી દીધી. "બસ! પછી શંકા શાની!" કુમારશ્રીનું નામ ઇંદ્રસિંહજી રાખવામાં આવ્યું, રાજજોષિએ કુમા-

રની જન્મોત્રી તૈયાર કરી. કુમારશ્રી ઉપર સઘળા ગ્રહોની કૃપાદૃષ્ટિ હતી, પનોતા કુમારશ્રી ઇંદ્ર જેવા વૈભવી અને દિવ્યાંશિ થવાનો ભાવી ઉલ્લેખ જન્મોત્રીમાં લખાયો, પણ કુમારના જન્મ સાથે મહારાજાને એક મોટું ધર્મસંકટ ઉપસ્થિત થયું. પિતાનાં ભુવનનો યોગ કુમારના જન્મથી એક વર્ષ સુધી રિષ્ટ હોવાનુ જોષિએ મહારાજાને જણાવ્યું, આ એક વરસ સુધી મહારાજાથી કુમારનું મુખાવલોકન થઈ શકે તેમ નહોતુ, કદાચ ભૂલથી પણ કુમારનું મુખદર્શન મહારાજાથી થઇ જાય તો, જરૂર મહારાજાનો વિઘાત થાય, કુમારનો જન્મ આવા અવયોગમાં વંચાયો. શ્રદ્ધાઅંધ, હર્ષઘેલા કૃષ્ણસિંહજી ગુંચવણમાં પડયા, લાખો રૂપિઆના ખર્ચે પણ આ અવયોગનું નિવારણ નહોતું, નિરુપાયે કુમારનું મુખદર્શન કર્યા વિના જેમ તેમ કરી એક વર્ષ ખેંચી કાઢવા મહારાજાએ દૃઢ નિશ્ચય કર્યો.

રાજ્યના અમાત્ય રામમોહનદાસ ધર્મદાસ દેશાઇ નામના રાજદક્ષ અનુભવી અને વૃદ્ધ નાગર હતા, રાજ્યના કાવાદાવાઓમાં તેનું કૌશલ્ય અદ્ભૂત હતુ આજે લગગભ ત્રીશ વર્ષથી તે વસંતપુર રાજ્યની દિવાનગીરી ભોગવતા હતા; તે દરમ્યાનમાં રાજની ગુંચવાયેલી કોકડીનો બહુ પ્રસંગે તેણે પરિહાર કર્યો હતો, સૌરાષ્ટ્ર પ્રાન્તમાં લૂંટફાટ અને રંજાડ કરતા કાઠીઓ, વાઘેરો, અને પેશ્વાઇ સેનાઓ સામે તે પોતે બહુ સમય જાતે યુદ્ધમાં ઉતરી વિજયી થયાની વાતો પ્રજાજનોનાં વૃદ્ધ મુખોથી કહેવાતી સંભળાતી હતી. આ વૃદ્ધ અમાત્ય પ્રત્યે વંસતપુરની પ્રજાનો અને મહારાજાનો પૂજ્યભાવ હતો; દીર્ઘદર્શી વૃદ્ધ દિવાને રાજ્યની વર્તમાન અવસ્થા જાણી લીધી હતી, તરુણ મહારાજા વૃદ્ધ અમાત્યની અવ-

માનવા કરી શકે તેમ નહોતા, પણ મહારાજાની તરુણાવસ્થા, રાજમદ, અને તેના ઉપર વધેલાં રાજબાના પ્રાબલ્યનું ભાવી પરિણામ તેની દૃષ્ટિ જોઇ શકતી હતી, રાણીના વર્તનમાં થવા લાગેલા વિપર્યય સમયથીજ અમાત્યની કલ્પનાએ વિપરીત વિપાક કલ્પી લીધો હતો; ત્યારપછી રાજબાના જૂના કાર્યભારીનું અધિકારભ્રષ્ટ થવું, ટીખળી નટવરલાલનુ અધિકાર ઉપર આવવુ, તેની અંતરૂ ખટપટ, રાણીએ રાજદ્વારી બાબદોમાં માથું મારવું, કુમારનો જન્મ પિતાને માથે ભાર લઇ તેનું અવતરવું, અને પિતાએ એક વર્ષ પર્યંત પુત્રનું મુખ ન જોઇ શકાય તેવો રિષ્ટ યોગ, આ સઘળું ડાહ્યા દિવાને મૌન રહી જોયા કર્યું, વિચાર્યું, ઇષ્ટ પરિણામની આશા ન રહી, અસ્વસ્થ શરીરનું નિમિત્ત બતાવી અધિકાર ત્યજવા વૃદ્ધ દિવાને મહારાજાને ઇચ્છા જણાવી; અનુભવી વૃદ્ધ અને રાજ્યના શ્રેયસ્કર દિવાનને અધિકારમુક્ત થવા દેવા મહારાજા ખુશી નહોતા, પણ રાજબાએ પ્રસંગ સાધ્યો "તે ડોસાને હવે નિવૃત્તિજ ઘટે છે." રાજબાએ મહારાજાને સમ્મતિ આપી. બીજો યોગ્ય દિવાન ન મળી આવે ત્યાં સુધી પોતાના વિશ્વાસુ કાર્યભારી નટવરલાલને તે અધિકાર આપી તેની બુદ્ધિ અને શક્તિને કસોટીએ ચઢાવવા રાજબાએ મહારાજાને વિનવ્યા.

બે માસમાં સઘળું થઈ ગયું, જૂના દિવાન રામમોહનદાસજી અધિકાર ત્યજી નિવૃત્ત થયા, અને વસંતપુરની ખાલી પડેલી દિવાનગિરી નટવરલાલ બુલાખીદાસ સુરતીને મળી; સુરતીનું ભાગ્ય એકાએક ઉન્નત થયું, પ્રજાના આશ્ચર્યનો પાર ન રહ્યો, એક યોગ્યતા વિહીન ક્ષુદ્ર માણસને આમ મહત્વના પદ ઉપર આવેલો જોઈ વસંતપુરનું જૂનું રાજ-

મંડળ ખળભળી ઉઠ્યું. રાજક્રમનો ભંગ થવા લાગ્યો, રાજ્યમંડળમાં અંતર્ગત અશાન્તિ વ્યાપી; જૂના અધિકારીઓ સમય વિચારી સ્વેચ્છાથી જ રાજસેવા છોડી રૂખસદ લેવા લાગ્યા, ત્યારે તેને સ્થાને સુરતીઓ નિયુક્ત થવા લાગ્યા. મહારાજાનું ડહાપણ બુદ્ધિબળ ચાતુર્ય અને કૌશલ્ય રાજબાના કર્ત્રિમ સ્નેહ અને કુમાર ઈંદ્રસિંહજી પ્રત્યેના મોહ અને મમત્વમાં શમી ગયાં હતાં, મહારાજા રાજબાની ઇચ્છા વિરૂદ્ધ એક તૃણ પણ હલાવી શકવા શક્તિવાન્ નહોતા કુંવરનાં પનોતાં પગલાં જગત ઉપર થયા પછી તો, મહારાજા મદારીના હાથમાં નાચતા મરકટ જેવા રાણી પાસે થઇ પડયા.

મહારાજાના લઘુ બંધુ હરભમજી સઘળા તરફ દુર્લક્ષ કરી પોતામાં મગ્ન રહેતા હતા, પણ રાજયની આવી અંધાધુંધી જોઇ હવે હરભમજી વહેમાયા. કોઇના જાણવામાં ન આવી શકે તેમ તેણે ખરા ભેદો શોધી કાઢવા પ્રયત્ન આરંભ્યો. વસંતપુરની રંક પ્રજા સુરતી અમલદારોથી લૂંટાવા લાગી, ન્યાય મોંઘા મુલનો થયો, છ માસમાં વસંતપુર રાજય અને પ્રજાની પૂર્વ ઝાહોજલાલી અસ્તપ્રાય થઇ ગઇ, પ્રજા અકળાવા લાગી, આ અરાજકતાથી મુક્ત થવા શું માર્ગ લેવો તે સૂજતું નહોતું, તેમાં વળી નવા દિવાને પોતાની અનુકૂળતા સાધવા રાજબા પાસે એક નવું તૂત રચાવ્યું; મહારાજાને કંઇ માનતાનું કારણ દેખાડી યાત્રા નિમિત્તે રાજ્યથી અળગા કરી, ધાર્યા માર્ગો નિષ્કંટક કરવા દિવાને રાજબાને પ્રેરણા કરી. રાણીને પોતાના શુભચિન્તક દેખાતા નટવરલાલનું કહેવું યોગ્ય લાગ્યું. બાકી રહેલા દિવસો યાત્રામાં વીતાડી, કુમારશ્રીના મુખાલોચન સમયે વસંતપુર પાછા પધારવા, વખત જોઇ રાણીએ મહારાજાને સમજાવ્યા. રાણીના

શ્રીમુખે ઉચ્ચારાયેલાં વચનો ઉપર મહારાજાને વિચારવાનું નહોતુંજ, તે રાણી સાથે સમ્મત થયા, મહારાજાને યાત્રાએ પધારવાની મોટી તૈયારીઓ થવા લાગી.

" તે સમયનો પ્રવાસ સરળ નહોતો, દેશેદેશમાં રેલ્વે પથરાઇ પડેલી નહોતી, ટેલિગ્રાફ (તાર) ખાતાંઓ નહોતાં, વર્તમાન પોસ્ટખાતાં જેવું પોસ્ટખાતું નહોતું, માત્ર તે સઘળાંની હિન્દુસ્તાનમાં શરૂઆત થઇ હતી. વસ્તુતઃ વર્તમાન જમાનો તે સમયે નહોતો પણ તે જમાનાનો જન્મ થઇ ચૂકયો હતો. સઘળું એક પછી એક ત્વરિત ગતિએ વધ્યે જતું હતું, પ્રવાસ માટે દેશના માર્ગો સાંપ્રત માર્ગો જેવા સરળ અને નિર્ભય નહોતા, પ્રવાસમાં જીવ અને જરની કુશળતા નહોતી, આધુનિક સ્વર્ગીય વિમાનો, અનુગત વાહનો નહોતા. એક પ્રાન્તમાંથી બીજા પ્રાન્તમાં જવાની વિષમતા તે સમયે હતી, તે કરતાં આધુનિક કાળના જગતની પ્રદક્ષિણા કરવી સરળ અને સુખરૂપ છે." આવો વિકટ પ્રવાસ કરવા કૃષ્ણસિંહજી તૈયાર થયા, સઘળી તૈયારી થતાં વસંતપુરના મહારાજાએ મોટા આડંબરથી અંબાદેવીની યાત્રાએ જવા પ્રસ્થાન કર્યું.

રાજ્યની લગામ રાણી રાજબા અને દિવાન નંટવરલાલના હસ્તકમાં મૂકાઇ, પણ પ્રવાસે નીકળતાં જૂના દિવાન રામમોહનદાસ અને હરભમજીને સઘળું આડી દૃષ્ટિએ જોવા મહારાજા કહી ગયા. મહારાજાના ગયા પછી એક માસ તો સૌ ચાલતું હતું તેમજ ચાલ્યું, પણ ધીમે ધીમે નવા દિવાન સાહેબની વાત વધવા લાગી, રાણી રાજબા સાથે તેને અયુક્ત વ્યવહાર હોવાની વાત લોકોમાં કહેવાવા લાગી, અને તે વધતી હરભમજીના શ્રવણ પર્યંત પહોંચી, હરભમજીને કદાચ તે

સત્ય હોવાનો સંદેહ થયો, તેનાથી તે ન રહેવાયું, કુમાર ઈંદ્રસિંહજીના જન્મ વિષયમાં તેણે ઘણું શોધ્યું હતું, પણ હજી કોઇ બાબદ પ્રકાશમાં મૂકી શકાય તેવી નહોતી, હરભમજી સઘળામાં હજી અપક્વતા જોતા હતા. રાજબા અને નટવરલાલના ભેદી પ્રપંચો પકડવા, હરભમજી પુષ્કળ નાંણું ઉડાડવા લાગ્યા. " મનુષ્ય મનુષ્યનો દાસ નથી, કિંતુ લક્ષ્મીજ તેને દાસત્વ શિખવે છે. " રાજબા અને નટવરલાલનાં વિશ્વસનીય ગણાતા સહાયકો અને દાસ દાસીઓને નાણાંથી સાધ્ય કરવા હરભમજીએ ઉપક્રમ આદર્યો; હરભમજી ધાર્યું કરી શક્યા, લક્ષ્મીથી વિજય ક્યાં ન મળે? તે યત્નમાં ફાવ્યા. રાજબા અને નટવરલાલ વચ્ચે લખાયેલા કેટલાક આવશ્યક પત્રો હાથ કર્યા, તેમાંનો એક પત્ર ઘણોજ અગત્યનો થઇ પડયો; તે પકડાયો, પણ તે હરભમજીને હાથ ન પડ્યો હોતતો, અનર્થક નીવડત. આ પત્ર હરભમજીને હસ્તગત થવાથી યાત્રાએ ગયેલા મહારાજાને નવું જીવન મળ્યું. યાત્રી મહારાજા કૃષ્ણસિંહજીનુ માર્ગમાં જ ખુન કરાવી બાળયુવરાજ ઇંદ્રસિંહજીને નામે રાજતંત્રને સ્વતંત્રતાથી હાથ કરી, કામ કાઢી લેવાની નટવરલાલની દુરાકાંક્ષા ઉક્ત પત્રથી ઉઘાડી પડી ગઇ. હરભમજીએ પત્રો જૂના દિવાનને દેખાડયા, શાણા રામમોહનદાસ ચેત્યા, રાજબા મરણ શૈય્યાપર હોવાનો કર્ત્રિમ પત્ર લખી, સત્વર મહારાજાને વસંતપુર પાછા તેડી આવવા પૂર્વભૂત દિવાને છાના દૂતો મહારાજાની પાછળ દોડાવ્યા.

પરિચ્છેદ ૧૦ મો.

કાવત્રું.

(વસંતપુરનું રાજતંત્ર ચાલુ)

મહારાજા સાથે ગયેલા તેના વિશ્વસનીય ખવાસ હનુજી ઉપર કૃષ્ણસિંહજીને ઝેર આપી ખુન કરવાનો પત્ર નટવરલાલે લખ્યો હતો, આ અધમ ખવાસ પૈસાનો દાસ હતો, રાણી અને નટવરલાલે તેને પૈસાથી પોતાનો કર્યો હતો. તેનેજ હાથે માર્ગમાં મહારાજાનું કાસળ કાઢી નખાવવાનો ભયાનક પ્રપંચ રચાયો; પત્ર લખી નટવરલાલે તે રવાના પણ કર્યો, આડ ખીલી ઉપડી જવાના શુભસમાચાર મળવાના દિવસોની તે આતુરતાથી પ્રતીક્ષા કરવા લાગ્યો; પણ તે સમજતો નહોતો કે, પત્ર હરભમજીએ હાથ કર્યો છે.

નટવરલાલ એટલુંજ કરીને સંતુષ્ટ ન થયો, જેમ જેમ નખાતા દાવો તે જીતતો ગયો, તેમ તેમ તેની દુરાકાંક્ષાઓ અધિક અધિક વૃદ્ધિંગત થવા લાગી, તે હવે પોતાને નિર્ભય અને સ્વતંત્ર માનતો હતો. રાજ્યાથી નટવરલાલ સામે ઉંચું માથું કરી શકાય તેમ નહોતું, રાણીનાં સઘળાં કારસ્તાનોની દોરી ચાણાક્યનીતિના નટવરલાલે પોતાના આધીનમાં રાખી હતી. રાણીને પોતાની શૃંખલામાં બદ્ધ કરી, તે રાણી દ્વારા સ્વેચ્છા પ્રમાણે રાજ્યતંત્રોમાં પરિવર્તન કરતો અનુકૂલતા

સાધતો હતો. વસ્તુતઃ રાજબા આવાં કારણોથી નટવરલાલને વિવશ હતી; રાણીએ કહ્યું તે મહારાજાએ માન્યુ, ત્યારે રાણી નૃશંસ નટવરલાલનું એક પણ વાક્ય ઉત્થાપી શકે તેમ નહોતી; નટવરલાલની ઇચ્છાની અવજ્ઞા કરતાં શું પરિણામ આવે ? તે સઘળું ચકારી રાજબા બરાબર સમજતી હતી.

મહારાજાને યાત્રાએ નીકળ્યાને પણ બે માસ વ્યતીત થઇ ગયા હતા, તેના ગયા પાછળ વસંતપુર રાજ્યનો અત્યાચાર વધ્યો, પ્રજામાં હતો તેનાથી વિશેષ કચવાટ ઉત્પન્ન થયો, શહેરની પ્રતિષ્ઠિત કુલાંગનાઓનાં શિયળો ભયમાં ગણાવા લાગ્યાં, અને તેવા અઘટિત એક બે અપરાધો પણ સુરતી અધિકારીઓથી થયા, તેઓની ન્યાય તુલા સુરતીઓએજ કરી, અપરાધિઓ વસંતપુરના ન્યાયશાસનની દ્રષ્ટિએ નિર્દોષ ઠર્યા, અને તેઓ તેઓના અધિકારો ઉપર પુનઃ નિર્દિષ્ટ થયા. હરભમજી અને માજી દિવાન રામમોહનદાસથી હવે ઉઘાડા ઉઠયા વિના ચાલે તેમ નહોતું, પ્રજાનાં અને રાજ્યનાં કુશળ માટે સત્વર કાંઇ પણ ઘટતું કરવાની જરૂર હતી. અપરાધીઓને નિરપરાધી ઠરાવી વસંતપુરના રાજ્યદંડને અપવાદિત કરવા માટે અને અપરાધીઓને તેઓના અધિકાર ઉપર પાછા નિયુક્ત કર્યા, તે નિમિત્ત લાવી, હરભમજીએ નિડરપણે નટવરલાલને ઠપકો આપ્યો. અપરાધીઓને પદચ્યુત કર્યા, એટલું નહિં પણ તેઓનો વસંતપુરની રાજ્ય સીમામાંથી બહિષ્કાર કરી, હાંકી કાઢ્યા; રાણી કે નટવરલાલની ક્રૂર દૃષ્ટિનો વિષય અત્યાર સુધી હરભમજી નહોતો, તે હવે થયો રાજબા તથા નટવરલાલ હરભમજી ઉપર ક્રોધે ભરાયા, પણ નટવરલાલ વણિકપુત્ર હતો, તેની સ્વાભાવિક બીરુતાએ તેને ભયભીત કર્યો. ગરાશીઆ

સામે તે ન થઈ શકયો, અત્યારે તો તેણે ફેરવી તોળ્યુ, આ સમયે તે હરભમજીને નમી પડયો. હરભીમજીનું અંતર્ ઓળખી લેવા, દરેક વાતમાં હરભમજીની અનુમતિ લેવાનું નિમિત્ત કરી, દિવાન નટવરલાલ હરભમજી પાસે દોડવા લાગ્યો. નટવરલાલનુ આ ચાતુર્ય વૃદ્ધ રામમોહનદાસજી કળી ગયા, તેણે હરભમજીના ભાવિ માટે તર્ક કરી લીધો; હરભમજીને ચેતવ્યા, સંભાળ પૂર્વક રહેવા અને વાયુનો પણ વિશ્વાસ ન કરવા વૃદ્ધ દિવાને હરભમજીને સૂચન કર્યું. હરભમજી બહુજ સચેત હતા, છતાં વૃદ્ધ અમાત્યનો તર્ક સાચોજ થયો. સત્તા લોભી વાણીએ નવુ કાવત્રુ રચ્યુ, રાજબાને તેની તાલિમ આપી જાળ તૈયાર કરી, પણ તેમા વીરકેસરીને શૃંખલા બદ્ધ કરવાનો હતો, કાવત્રાંબાજ દિવાન તે વિચારવું ભૂલ્યો, જે અનુકૂલ સમય તે શોધતો હતો, તે તેણે સાધ્યો.

એક રાત્રે હરભમજી પોતાના બાળકુમારોને રમાડતો રીઝવતો પોતાની પ્રિયતમા પાસે બેઠો હતો, આ વખતે એક સિપાઈ હરભમજી પાસે આવ્યો, તેણે રાજબાનુ શરીર એકાએક અસ્વસ્થ થયાના વર્તમાન કહ્યા, તે સાથે વધુ વિજ્ઞપ્તિ કરી કે, "વૈદ્યરાજ વિગેરે આપની ત્યાં આવશ્યકતા વિચારે છે."

સિપાઇનું કહેવુ સાંભળતાં હરભમજીએ સિપાઇને પગથી માથા સુધી જોયો, મસ્તિષ્ક ધુણ્યું " કહો કે તે આવે છે !" કર્કશ સ્વરે સિપાઇને ઉત્તર આપ્યો.

સિપાઇને રૂખસદ મળી, તે તો ગયો, પણ હરભમજી બાળકુમારોને રાણી પાસે મૂકી ગાદી ઉપર જઈ પડયો, પૂર્વભૂત ડાહ્યા દિવાનના અગમચેતીના શબ્દો સાંભર્યા અંતર્ તર્કવિતર્કથી ઉભરાઇ

ગયુ. કંઇ બબડયો, વળી મૌન થઇ આંખ્યો મિંચી વિચારમાં તલ્લીન થયો, અને સર્વની અંતે નવું ચૈતન્ય આવ્યું હોય તેમ વિચારથી તે જાગૃત થયો; કાગળ કલમ અને શાહી લાવવા દાસીને આજ્ઞા કરી, દાસીએ સઘળું ગાદી ઉપર હરભમજી પાસે લાવી મૂકયું દીવો પાસે જ હતો, હરભમજીએ બે કાગળો લખી નાખ્યા. એક પત્ર દિવાન રામમોહનદાસ ઉપર અને બીજો સૈન્યાધિપતિ દેવીસિંહજી ઉપર તેજ સમયે મોકલી આપ્યો; રાણી મૌન રહી સઘળું જોયા કરતી હતી તેણે કંઇ મુજવણુ કલ્પી લીધી, વગર પૂછયે કે વગર કહ્યે હરભમજીને કંઇ પૂછવું ડાહી રજપૂતાણીને યોગ્ય ન લાગ્યું. કાગળો લખી હરભમજી ગાદી ઉપરથી ઉઠયો, કોઇ મહા સંગ્રામભૂમિમાં પ્રસ્થાન કરવું હોય તેમ ભારે લોહકવચ પહેર્યુ, તેના ઉપર કવચ ન જોઇ શકાય તેમ વસ્ત્રો પહેર્યા, અને વસ્ત્રોમાં શસ્ત્રાસ્ત્રો છૂપાવ્યાં.

હરભમજી રાણી રાજબાને બંગલે જવા તૈયાર થયો, જતાં પહેલાં રાણીને પાસે બોલાવી તેના ખભા ઉપર હાથ મૂકી બોલ્યો. " તમે મારી રાહ જો જો ! હું હમણાંજ પાછો આવુ છું. ગયા વિના તો નજ ચાલે ! પણ મને પાછા ફરતાં વખત લાગે તો સંભાળજો ! તેવું કંઈ હોય તો, દિવાન રામમોહનદાસ હમણાંજ અહિં આવવાના છે, તે જેમ કહે તેમ વરતજો ! કંઇ નવી ગુંચવણુ ઉભી થતી જણાય છે. પણ કંઈ નહિં. હું જોઉછું, કે, ગરાશીઆના બચ્ચા પાસે તેનું પાણી કયાંસુધી ટકી શકે છે ? " હરભમજીએ મુછો આમળતાં અટ્ટહાસ્ય કર્યું, તેનાં ચક્ષુઓમાં તેજ ચમકયું

સ્નેહરાણીને પણ હરભમજીએ રાજ્યખટપટ અને રાજબાન દંશીલા હૃદયથી અજ્ઞાતજ રાખી હતી. હરભમજીએ આ જાતિને

તેવાં વિષમ તન્ત્રોથી વિમુક્ત રાખવામાંજ અભીષ્ટ વિચાર્યું હતું, પણ આજે તેનાથી કંઇ બોલી જવાયુ. રાણી કંઇ સમજી ગઇ પણ હરભમજી પાસે તેનાથી વધુ કંઇ બોલી ન શકાયુ. "વ્હેલા પધારજો ! ચિન્તાતુર દેખાતી રાણીએ કર્કશ સ્વરે પ્રિયતમને કહ્યું."

" હમણાંજ આવુ છુ, સભાળજો !" રાણીને ઉત્તર આપતો હરભમજી દાદર ઉતર્યો. બહાર ઘોડો તૈયાર જ હતો, તેના ઉપર સ્વાર થઇ કોઇને પણ સાથે લીધા વીના હરભમજીએ ઘોડાને રાણી રાજબાના મહાલય તરફ દોડાવ્યો, થોડાજ સમયમાં ઘોડો અતઃપુરના દરવાજામાં પેઠો. પ્હેરેગીરોએ તેનો સત્કાર કર્યો. તે દરવાજેજ હરભમજી ઘોડા ઉપરથી ઉતરી પડયો, ઘોડો પ્હેરેગીરોને સોંપી તે મહાલય તરફ ચાલ્યો, માર્ગમાં જે મળ્યું તે હરભમજીને નમ્યુ, અંતઃપુરના અંતર્દ્વાર પર્યંત પહોંચતા સુધી હરભમજીના સશયને વધવાનું કંઇ પ્રયોજન મળ્યુ નહોતુ. હરભમજી નિઃશંક થઇ અંતઃપુરના અંતર્દ્વારમાં પ્રવિષ્ટ થઇ આગળ ચાલ્યો, પણ અહિં સઘળું શાન્ત હતું. અસ્વસ્થ રાજેશ્રી વ્યક્તિની શુશ્રૂષા માટેની દોડાદોડ કે ગભરાટ જેવી કંઈ પ્રવૃત્તિ ન દેખાઇ, માત્ર બે ચાર દાસીઓ આવતી જતી દૃષ્ટિગોચર થઇ ગઇ. સઘળું નિર્જન જેવું શૂન્ય દેખાતુ હતુ, રાજ્યના અંતઃપુરની બાહ્ય ભવ્યતા કરતાં આજ સ્થળમાં ભયંકરતા વિશેષ પ્રતીત થઈ, વસંતપુરના રાણી આવાસમાં પોતે એકજ પુરૂષ હોય તેવું હરભમજીને દેખાયું, અંતરનો સંશય પ્રબળ થયો, પાછા ફરવા ઇચ્છા થઈ, પણ તે પાછો નજ ફર્યો, મોટા બે દરવાજાઓ અને બે ચોકો વ્યતિત કરી, રાજબાના મહાલય સુધી તે પહોંચ્યો. સચેત થઇ, આસપાસ

જોતો મહેલનાં સોપાનો ચડયો, પગથિઆં પાસેજ એક દાસી માર્ગ-પ્રતીક્ષા કરતી હોય તેમ ઉભેલી હતી. હરભમજીને તે નમી, "ખમા" શબ્દ ઉચ્ચારતાં રાણીઆવાસોની રૂઢિ પ્રમાણે ઓવારણાં લેવાયાં, ગરાશિઆનો વિદૂશી અંતઃકરણનો વિવેક દાસીએ વર્તાવ્યો.

" રાણી સાહેબાની તબીયત કેમ છે ? " દાસી પાસે પહોંચતાં હરભમજીએ દાસીને આતુરતાથી પૂછયુ.

" આપ તેની પાસે પધારો ! હું આપને માટેજ અહિં ઉભી છું. " પ્રશ્નનો ઉત્તર ન મળ્યો, બીજુ કહેવાયુ. દાસી હરભમજીને પાછળ આવવાનુ કહી દાદર ચડવા લાગી.

" સઘળું પાસેજ હતુ, હમણાં સઘળું સમજાશે. " હરભમજીએ મન સાથે અંતર્ગત વાત કરી, મૌનપણે દાસી પાછળ દાદર ચડવા લાગ્યો.

બંને માળ ઉપર પહોંચ્યાં, ઉપર કોઇજ નહોતુ, માત્ર એક ઝાંખો દીવો ટગટગી રહ્યો હતો, હરભમજીના સંશયો સતેજ થઇ ગયા, તરવાર ઉપર હાથ પડયો, " કયાં છે ? " દાસીને આતુરતાથી કઠોર સ્વરે પૂછયુ. દાસીએ દૃષ્ટિને પાછી ફેરવી હરભમજી ઉપર એક તીવ્ર કટાક્ષ ફેંકયો, ઉત્તર ન આપ્યો. માળ ઉપર પહોંચી થોડું ચાલતાં દીવા તરફ કોઇ દોડી જતુ દેખાયું. દીવો હોલવાયો, માળ ઉપર અંધકાર થયો, દાસી કયાંઇ લુપ્ત પ્રાય થઇ, શૂન્ય ભયંકરતા વ્યાપી અને એક છીતકાર સંભળાયો, હરભમજી ચાલતો અટકયો. આગળ એક પગલું પણ ઉપાડવામાં કુશળતા નહોતી; પોતાને ભયમાં માની લીધો, કાંઇજ ન સૂઝયું, કાંઇજ સમય વ્યતીત ન થયો એટલામાં પોતાની તરફ ઘણાં પગલાંઓ ધસી

આવતાં લાગ્યાં, તે સાથે અંધકારમાં થોડા આભાસો દેખાયા. સમય શું ? તેજ નિમિષમાં ચાર માણુસો નગ્ન તરવાર લઇ હરભમજી ઉપર તૂટી પડયા, હરભમજીનાં વસ્ત્રોને ભેદી લોહકવચ સાથે તરવારો અથડાતી સંભળાઇ.

પરિચ્છેદ ૧૧ મો.

સંગ્રામ ક્ષેત્ર.

हतो वा प्राप्स्यसि स्वर्गं जित्वा वा भोक्ष्यसे महीम् ।
तस्मादुत्तिष्ठ कौंतेय युद्धाय कृतनिश्चयः॥

"પ્રાણુ ! કૃતાર્થતા તેમાંજ હોય તો, ભલે તેમ કરો ! એલ્મા તેમાં પણ પોતાનુ મહદ્ ભાગ્ય માનશે, પણ વ્હાલા ! આપ કંઇ પણ કરો તે પહેલાં આ રંક પ્રિયતમાને વિસ્મૃત ન કરતા, તેને માટે કંઇ વિચારજો ! " એલ્મા પ્રિયતમને કંઠે બાઝી. ધીમે સ્વરે રડતી જણાઇ.

" તારો વિચાર મારે કરવાનો ? એલ્મા ! તારો વિચાર

તુંજ કરી લેજે ! તારા કર્તવ્ય ધર્મને તુંજ ઓળખી લેજે ! આ ગરિબ હેલનને તારા અંતર્માંથી સદાને માટે વિસ્મૃત કરી, તારૂં હૃદય અન્યનો સ્નેહ સ્વીકાર કરે તો, તેમ કરવા તારો અધિકાર છે. તેમ કરવામાં તને તારૂં શ્રેય લાગે તો, તેમ કરી લેજે ! પણ મારાં અંતિમ વચનોને હૃદયમાંથી કદી વિસ્મૃત કરતી નહિં ! તારા અદૃષ્ટમાં માતા થવાનું સર્જિત હોય તો, રત્નગર્ભા થઇ, સંતાનોને દેશના ઉત્કર્ષ માટે ઉછેરજે ! તેનાં રોમેરોમમાં રાષ્ટ્રીય મમત્વ, કૃતજ્ઞતા અને સ્વાતંત્ર્યતાનાં તત્ત્વો નિર્દિષ્ટ કરજે ! પણ નિઃસત્વ સંતતિને ગર્ભમાં પોષી, તારા આત્મા માટે દેશનો ભીષણ અભિશાપ વ્હોરતી નહિ ! દેશદ્રોહી થઇશ નહિ ! રાજ્યભક્તિને સતત્ સેવજે ! પણ રાજ્યના અયુક્ત નિયમોને અવલંબન આપી, પાપભાગિની થઇશ નહિં ! બસ વ્હાલી ! તારો હેલન હવે અંતિમ પ્રણિપાત કરે છે, હવે સંયોગ સ્વર્ગે સાધીશું. ” એલ્બાને સૈનિકે ઈષ્ટ સૂત્રોનો અંતિમ બોધ આપ્યો.

“ નહિં ! પ્રાણ ! થોડી નિમિષો ઉભા રહો ! મને આ યુદ્ધ ક્ષેત્રમાં આપનાં અવશેષ રહેતાં કાર્યની પૂર્ણતા માટે પાઠ આપો !” હું તે પ્રાણાન્તે પૂર્ણ કરીશ. મને અંતિમ આજ્ઞા કરી, આપ કાર્યના વિજય માટે સુખેથી સિધાવો ! ” એલ્બા રડતી સૌષ્ટવ સ્વરે બોલી, અશ્રુઓ લુછવા નયનો ઉપર હસ્ત ફર્યો, અને કંઇક સ્થિર રહી ઉપડયો; દૃષ્ટિને પાસે કોઇજ ન દેખાયું, હેલન નહોતો. “ હેલન ! ” એલ્બાએ ચારે તરફ જોતાં હેલનને સંબોધ્યો, ઉત્તર કોણ આપે ? પ્રિયતમાનો ત્યાગ કરતાં અંતર્માં દુઃસહ્ય વ્યથા ઉપની, ન સહેવાયું કે, ન રહેવાયું, પ્રણયિનીને ત્યાંજ રહેવા દઈ, ભરાયેલે હૃદયે હેલન

એલ્માનો પરિત્યાગ કરી ગયો હતો. એલ્મા વિહ્વલ થઇ અકળાઇ, તે વીરાંગના હતી, પણ સ્ત્રી હતી. તેના હૃદયમાં સૌષ્ટવતા સાથે ભય સ્વભાવતઃ હતો; ભયકર દેખાતા કીલ્લાના દશ્ય અને સમીર સાથે સુસવતા વિસ્તીર્ણ વૃક્ષ સિવાય પાસે કંઇજ નહોતુ, હેલનનું દર્શન એલ્માને અન્ય વખત નજ થયું, એલ્મા ભગ્નાશ થઈ રડી, પણ રડે શું સરે ? તે નિઃશ્વસ્ત હૃદયે પ્રિયતમથી ત્યક્ત થઇ, ભીષણ સ્થળેથી ચાલી ગઈ

હેલન એલ્મા પાસેથી ગયો તેજ રાત્રિના એક વાગ્યાનો સુમાર થવા આવ્યો હતો, આજે રાત્રિ શુકલ પક્ષની હોવાથી ચદ્ર આકાશના મધ્ય કેન્દ્રથી મુક્ત થઇ, પશ્ચિમ દિશામાં અવનત થવા લાગ્યો હતો. સાંપ્રત પાશ્ચિમિય જગત (યુરોપખંડ)ની શાન્તિ ભીષણ યુદ્ધ ધમસાણોથી આહત થઇ, ચૈતન્ય શૂન્યવત્ થઇ પડી હતી. તો પણ હમણાંની અંતિમ ક્ષણ સુધી છાવણી, અને તેની આસપાસના પ્રાન્તમાં શાન્તિ પોષાઇ રહી હતી; જર્મન છાવણીના રક્ષણ માટે જર્મન સેનાનીઓ છુપાતા, લપાતા, કીલ્લા છાવણી અને તેની આસ-પાસના પ્રદેશમાં શત્રુઓની પ્રતીક્ષા કરતા પહેરો ભરી રહ્યા હતા, કીલ્લાના ઉંચા બુરજો અને ઉભા કરેલા માંચડાઓ ઉપરથી વિચક્ષણ નિરીક્ષકો ટેલીસ્કોપ (નિરીક્ષણ યંત્ર)થી અંધકારમાં પણ પોતાના શત્રુઓના પાદસચારને સતત્ શોધતા રહ્યા હતા, સશય પ્રતીત થતો તો, સર્ચલાઇટોનો આકસ્મિક પ્રકાશ પ્રસારી સશયને નિવૃત્ત કરતા હતા. પણ તેઓ છાવણી ઉપર તેવો કંઇ ભય હમણા સંભાવ્ય માનતા નહોતા, આગળના કીલ્લા સંપૂર્ણ રીતે સંયુક્ત સેનાઓથી પરાભૂત ન થાય, ત્યાંસુધી છાવણીના સરદારોને કોઇના આક્રમણનો કંઇ ભય

દેખાતો નહોતો, કિન્તુ તેઓ સંપૂર્ણ સાવધ હતા. છતાં કીલ્લા ઉપરથી સતત્ દૃષ્ટિ દોડાવ્યા કરતા નિરીક્ષકોનાં દીર્ઘવર્તિ નયનો પાસેનું જોઈ ન શકયાં, નિરીક્ષકોને કીલ્લાની દિવાલ પાસે કંઇજ ન દેખાયું, પણ ત્યાં કોઇ હતું; અંધકારમાં છૂપાતું, લપાતું, કોઇ દરવાજા પાસે થઇ, ગયાની કીલ્લાના દક્ષિણ દરવાજામાં પહેરો ભરતા સેંટ્રીને ભ્રાન્તિ થઈ. એક મનુષ્યનો ઝાંખો આભાસ સેંટ્રીની દૃષ્ટિને દેખાયો સેંટ્રી નિમિષ માત્ર ભયભીત થયો, પગ ઉપડતો અટકયો, "કોઇ હતુજ" "તેને નિશ્ચય થયો. નિયમ પ્રમાણે સેંટ્રીએ પ્રશ્ન કર્યો, પ્રત્યુત્તર કોણ આપે ? ઉત્તર નજ મળ્યો. સેંટ્રોના સંશયને પુષ્ટિ મળી, આભાસ સામે રાઇફલ નકાઇ, અને તેજ નિમિષે રાઇફલનો શાન્તિ ભેદક કઠોર ધ્વનિ થયો, પરિણામ કંઇજ નહિ, આભાસ પહેરેગીરની દૃષ્ટિને પુનઃ દેખાઇ, માયાવી કૃતિ પેઠે અંધકારમાં અંતરિત થઈ ગયો. રાઇફલનો ધ્વનિ સાંભળી છાવણી અને કીલ્લામા સૈનિકો જાગી ઉઠયા, સઘળુ સચેત થતુ જણાયું, કીલ્લા ઉપરથી સર્ચલાઇટનો પ્રકાશ ફેંકાયો, કીલ્લાપાસે કઈ ભેદી પ્રગતિ હોવાની વાતથી સેંટ્રીએ સૌને વિદિત કર્યા, એક નાની સૈનિક પલટન થોડાજ સમયમા તપાસ કરવા દરવાજા બહાર નીકળી, પણ તે દરવાજેથી થોડું આગળ ચાલે તે પહેલા તો કીલ્લા પાસે એક મોટો પ્રલયધ્વનિ ગાજી ઉઠયો. જર્મનની મોટામાં મોટી કહેવાતી સાથે ખૂટતી વીસ તોપોના પ્રચંડ ધ્વનિ કરતાં આ આકસ્મિક ધ્વનિ પ્રૌઢ હતો, તે શાન્ત શર્વરીની શાન્તિ ચીરતો દૂરના દેશપ્રાન્ત સુધી અફળાયો. ભૂકંપ થયો હોય તેમ ધરણિ ધ્રુજી ઉઠી, જ્વાળામુખી ફાટતો હોય તેવો ભયંકર અગ્નિ વર્ષી ગયો; આ સઘળું થોડીજ નિમિષોમાં થઇ ગયું.

સહસ્ત્રાવધિ સૈનિકોની પ્રાણ આહુતિઓએ થવા સરજાયેલું દુર્ઘટ

કાર્ય એક આત્માની જાજ્વલંત વીરતાએ થોડીજ નિમિષોમાં કરી લીધું. કાર્ય સિદ્ધિની અંતે એક જીવન હણાયુ હશે ! પણ પ્રભુ ક્રાઇસ્ટનો ઉદ્દેશ સાધીને ઉક્ત આકસ્મિક પ્રલયધ્વનિ સાથે કીલ્લાનો અને છાવણીનો કેટલોક ભાગ તુટી છિન્નભિન્ન થઇ પડયો, ઘણા સૈનિકોએ સુતાજ સમાધ લીધી, કીલ્લાના વિચ્છિન્ન થઈ ઉડેલા પથ્થરો નીચે કેટલાક જર્મનો દબાઇ મુઆ, ક્ષણ માત્રમાં જર્મન છાવણી અને કીલ્લાના દક્ષિણ ભાગનુ ઘણું હતુ નહોતુ થઇ ગયું. સુઘટ થતી જર્મનોની સૈનિક સત્તા પૂર્ણતા પામતાં પહેલાં છેદાઈ ગઇ, જીવ્યાં તેઓમાં ભય અને ગભરાટ ફેલાયાં. હજી કીલ્લા અને છાવણીમા આ કુતૂહલ ચાલે છે, ગભરાટ અને નાસ ભાગ જરા પણ અલ્પાયાં નહોતાં, હજી પૂર્વની આયોજનાનો અંશ પણ પુન. વ્યવસ્થિત થયો નહોતો, એટલામા તોપોના ધ્વનિઓ ઉત્તર ભાગના ટેકારાઓમાંથી ઉપરાઉપર શ્રવણભૂત થતા, જર્મનો સાથે યુદ્ધનો પ્રસ્તાવ કરી, થોડો સમય અટકયા; જર્મનોને સાવધ થવા થોડો અવકાશ મળ્યો, જર્મન છાવણીના અમલદારો અને સૈનિકો એટલા સમયમાં સચેત થઇ ગયા.

છાવણીમાં ફુટેલી સુરંગે ઘણું ધ્વસ્ત કરી નાખ્યું હતુ, લશ્કરી નિયમો ભગ્ન થયા હતા, આજ્ઞાપત્રનું બંધન આવનારા જતાઓને જરાપણ રહ્યુ નહતું. કીલ્લાનો દક્ષિણ ભાગ તુટી વેરણ સેરણ થઇ ગયો હતો, તેમાં ઘણાં મનુષ્યો આહત થયાં હતાં, અને મરાયાં હતાં. છાવણીનો સઘળો વ્યવહાર આવોજ થઈ પડયો હતો, પણ અમલદારોની ધૃષ્ટતા યુક્તિઓ અને યત્નથી છાવણીનું સઘળું થોડાજ સમયમાં પુનઃ ક્રમમાં આવવા લાગ્યું. અણધાર્યા આવી પહોંચેલા તેના શતરૂઓને જવાબ આપવા માટે

લશ્કરોમાં નૂતન સ્ફૂર્તિ પ્રેરવા, જર્મન સેનાનાયકોએ મહાયત્ન આરંભ્યો અને તેમાં તેઓ સફળ થયા. થોડાજ સમયમાં તત્પર થયેલા જર્મન સૈનિકો મોરચાઓ ઉપર જઇ ઉભા, અને ઘણાઓને કીલ્લાઓના રક્ષણ માટે ખોદી રાખેલી ખાઇઓમાં જઇ ભરાવા હુકમ થયો, તેઓ ખાઇઓમાં જઇ ભરાયા.

જર્મન અમલદારોએ ન ધારી ત્વરાથી ઘણું તૈયાર કર્યું. છાવણી ઉપર વરસેલી વિપત્તિને તેઓ વિસરીજ ગયા હોય, તેમ સૈન્યોને ગોઠવવા તેઓ પ્રવૃત્ત થયા એક તરફ સુરંગથી ઘવાયેલાંઓની શુશ્રષા અને દબાયેલાંની શોધ તેટલીજ ત્વરાથી ચાલી રહી હતી, ત્યારે બીજી તરફ જર્મનોએ યુદ્ધનો આરંભ કર્યો ઉભય પક્ષની તોપોએ ભયાનક મારો ચલાવ્યો, થોડા સમય પહેલા જે પ્રદેશ સંપૂર્ણ નિવૃત્તિ ભોગવી રહ્યો હતો, તે પ્રદેશ ઉપર માનવ સંહારક ભીષણ પ્રવૃત્તિ પ્રગટી; માનવો માનવજાતિનાં નિકંદન માટે અગ્ન્યસ્ત્રોનાં ભીષણ વર્ષણો વરસાવવા લાગ્યા, માનવ પ્રાણિઓનું ભયંકર મરણ કુડાળું માનવોએજ રચ્યું.

રાત્રિ વીતિ ગઇ, ભગવાન્ પ્રભાકર ઉદિત થયા, પણ યુદ્ધની સ્થિતિમાં કંઇ જ પરિવર્તન ન થયુ, જર્મન છાવણીની તોપોના વેગ સામે પ્રતિદ્વંદ્વીઓથી બહાર ન આવી શકાયું. તેઓ ટેકરાઓ પાછળ રક્ષણ શોધી રહ્યા હતા, ત્યાંથી આખો દિવસ તેઓ બહાર ન નીકળ્યા. તોપોનું યુદ્ધ અવિરત ગતિએ આખો દિવસ ચાલ્યા કર્યું, પણ સૈનિકોની અગમ્ય ખુવારી સિવાય પરિણામ કંઇજ નહિં. આજે ઉભય પક્ષમાંનું કોઇ જ આગળ ન વધી શકયું, એક આંગળપુર ભૂમિ પણ જર્મન તોપોના અસહ્ય મારા સામે થઇ, મિત્ર પક્ષથી ન લઇ શકાઇ.

આખો દિવસ તેવોજ ગયો, વિજય કે પરાજયમાં કોઈ પક્ષ પરિણુત ન થયો, ઘણા સૈનિકોની ખુવારી પછી શાન્ત શર્વરીની સત્તામાં સૃષ્ટિ અધિકૃત થઇ; તો પણ તોપોનાં ધમસાણો નિવૃત્ત તો ન થયાં, પણ અલ્પાયાં. રાત્રિએ તોપોના ધ્વનિઓ મંદમંદ ગતિએ બેલ્જીયન પ્રદેશમાં અફળાતાજ રહ્યા. આખી રાત્રિ પણ પૂર્ણ થવા આવી, પરિણામ કંઇજ નહિં. વળી જર્મન છાવણીની તોપોનો વેગ પુનઃ વધવા લાગ્યો, ગત કલાકોમાં ન ચાલેલો તોપોનો ભીષણ પ્રહાર અવિશ્રાન્ત ગતિએ આ સમયે ચાલ્યો, આકાશ ધમધમી ગયું, સૈનિકોને જગતનો પ્રલય થતો જણાયો. પ્રતિદ્વંદ્વીઓનાં રક્ષણ સ્થળો ડોલી ઉઠયાં, તોપોના પ્રચંડ ધ્વનિઓ અને સુસવાટથી સાંભળનારના શ્રવણપટો ચીરાવા લાગ્યા, વર્ષાઋતુએ આકાશમાં છવાતા મેઘછત્ર પેઠે અગ્નિવર્ણા તોપોના ગોળાઓથી યુદ્ધભૂમિની આસપાસનુ આકાશ છવરાઇ રહ્યું, પણ આ પ્રાણહારક અગ્ન્યસ્ત્રો બંને પક્ષમાં કેવો કેર વરતાવી રહ્યા હતા, તે કોઇ પક્ષથી સમજી શકાયું નહોતું; કારણ કે, બંને શત્રુઓ હજી એક બીજાઓથી દૂર હતા. વળી આજે ધૂમસ પણ અનિવાર્ય હતો, તોપોના ધમ્રથી આસપાસનો પ્રદેશ છવાઈ ગયો હતો, મનુષ્યદૃષ્ટિ કંઇ પાસેનુ પણ જોઇ શકતી નહોતી, એટલુંજ નહિં, પણ દિવસે સૂર્યપ્રકાશમાં પણ દૂરવર્તિ નિરીક્ષણ યંત્રોની પારદર્શકતા રહી નહોતી. ત્યારે આ સમયે તો શર્વરીનું સામ્રાજ્ય હતું. તો દૃષ્ટિથી અંધકારમાં શું જોઇ શકાય ?

રાત્રિના છેલ્લા પ્રહરનો કાળ શરૂ થઇ ચુક્યો હતો, તેના ભીષણ અધિરાજ્યનો પર્યવસાન સાન્નિધ્યમાંજ હતો; નભવિહારી તારકો

દીપ્તિહીન થવા લાગ્યા હતા, પૂર્વદિશામાં સૌભાગ્યવતી ઉષાની આગમન વ્યંજક રક્ત વૈજયંતિ જાંખુ ફરકતી, સૃષ્ટિમાં ચૈતન્ય રેડવા લાગી હતી, તો પણ હજી દિશાઓ પ્રગાઢ અંધકારમાં નિમજ્જિત હતી. ઉભય શત્રુઓનાં સ્થિતિસ્થાન ઉપરથી અવિરત ગતિએ ફેંકાતા તોપોના અગ્નિવર્ણા ગોળાઓ સંગ્રામક્ષેત્ર અને તેની આસપાસના પ્રદેશ સુધી અગ્નિવર્ણો પ્રકાશ પાડતા હતા, તેથી મનુષ્ય દૃષ્ટિ સઘળું અગ્નિમય થઇ, ભસ્મસાત્ થતું જોતી હતી.

સામેના લશ્કરોના મોરચાઓ અને છાવણી વચ્ચે ચાર માઇલનું પણ અંતર નહોતુ, પણ જર્મનોના દુસહ્ય પ્રહાર સામે ચાલી ચાર માઇલ વ્યતીત કરવા તે ચાલીસ માઇલથી પણ દુર્ગમ્ય થઇ પડે તેવા હતા. સયુક્ત લશ્કર પાસે ઉત્તમ કૃતિની તોપો સાથે મેક્ષિમ ગન્સ હતી, સઘળાં શસ્ત્રાસ્ત્રો હતાં, પણ તેઓને પોતાનાં રક્ષણ સ્થાનો છોડી, સામે પુરે આક્રમણ કરવાનુ હતુ, ત્યારે સંમુખીન દુસ્મનો મજબુત કીલ્લાઓ અને ખાહીઓનાં રક્ષણમાં રહી ધસી આવતા દળનો રોધ કરવા તત્પર હતા.

છાવણીમાં આકસ્મિક ફાટેલા સુરંગે ઘણું નષ્ટ પ્રાય કર્યું હતું, પણ છાવણી ઉપર હલ્લો કરવા આવેલો ઈંગ્રેજ સરદાર કેપટન રસ્કિન તે સુરંગે જર્મન છાવણીમાં વરસાવેલી વિપત્તિના વિશ્વાસ ઉપર ન રહ્યો. છાવણી ઉપર સીધા આક્રમણ કરવા કરતાં રક્ષણ સ્થળમાં રહી, ત્યાંથી પ્રથમ શત્રુઓનાં બળનુ પરીક્ષણ કરવુ તેને ઉચિત લાગ્યું.

તે સમરદક્ષ ઈંગ્રેજ સરદાર પોતાની શક્તિઓનો અપવ્યય કરવા છાવણી ઉપર સીધો ન ધસ્યો, પણ આવી, પ્રથમ રાત્રિએ છાવણી સામે ઉત્તર પ્રદેશમાં ચારેક માઇલને અંતરે આવેલ

ટેકરાઓમાં જઇ ભરાયો. જર્મન નિરીક્ષકો ટેલેસ્કોપથી કે સર્ચલાઇટના પ્રકાશમાં ઇંગ્રેજ સરદારની પ્રવૃત્તિનું કંઇજ ન જોઇ શકયા; કેપ્ટન રસ્કિનને આવ્યા પછી પોતાની આયોજના માટે પૂરા ચાર કલાક પણ ન મળ્યા, સિપાઈઓને લાંબી મઝલ પછી વિશ્રાન્તિની જરૂર હતી, પણ તે સમય તેઓને ન મળ્યો. મધ્યરાત્રિ પછી છાવણીમાં જવાળામુખી જેવો મહા અગ્નિ ક્ષણમાત્ર ઉદ્‌ભાસિત થઈ, પ્રશમિત થઇ ગયો, અને તેજ નિમિષે પ્રચંડ ધ્વનિ શર્વરીની શાન્તિને ભેદતો સંભળાયો. બ્રિટિશ જાસુસના અગમ સૂચન પ્રમાણે થઇ ગયું, અને તેજ નિમિષે કેપ્ટન રસ્કિને સમય અનુરૂપ માની, તોપોથી છાવણીમાંના શત્રુને સાવધ કરવા આજ્ઞા આપી, થોડો સમય તોપોના ધ્વનિઓથી આકાશ ગર્જી ઉઠ્યું. સુરંગે છાવણીમાં અનિવાર્ય વિપત્તિ વરસાવી હતી, છતાં, જર્મનોએ સામી તોપોને ધાર્યા કરતાં સત્વર ઉત્તર આપ્યો. તેઓની તોપોએ પ્રારંભથીજ ભયંકર પ્રહાર શરૂ કર્યો, યુદ્ધનો આરંભ થઈ ચૂકયો. જર્મનોના બળનુ તુલન થોડા સમયના તોપોના મારાથી વિચક્ષણ સરદાર રસ્કિને કરી લીધું, પોતાની શક્તિઓ કરતાં સંમુખીન શક્તિઓ તેને વધુ લાગી. તુરતજ તેણે ગ્લાસ માઇલ આગળ આવેલા કીલ્લા માટે લડતા ઇંગ્રેજ સૈન્યાધિપતિ પાસે સહાય માગવા એક ગુપ્ત દૂતને મોકલ્યો, સહાય વિના છાવણી ઉપર આક્રમણ કરવામાં કેપ્ટન રસ્કિનને ડહાપણ ન લાગ્યું. સહાય ન મળે ત્યાં સુધિ, તોપોના યુદ્ધથીજ શત્રુઓને છાવણીમાંજ રોકી રાખવા તેણે નિશ્ચય કર્યો. બીજે દિવસે સાયંકાળે રસ્કિનને સહાય માટે આશાભર્યો ઉત્તર મળ્યો,. પ્રાતઃકાળમાંજ નવી પલટનો આવી

મળવાની આશા સચેત થઇ. તે પલટનો આવ્યા પછીજ આગળ પગલું ઉપાડવા રસ્કિનની ઇચ્છા હતી, પણ ઉષાકાળ થતાં પહેલાંજ જર્મનોની પ્રવૃતિ તેને ભેદ ભરી દેખાઇ, કદાચ તેઓ બાજુએથ કે, પાછળથી સંયુક્ત સૈન્ય ઉપર આકસ્મિક હલ્લો લઇ આવે, તેવો સંશય કેપટન રારકનને હતોજ, તેમાં છેલ્લી મધ્યરાત્રિ પછી અંધકાર અને ધૂમસમાં અદૃશ્ય રહી, જર્મનોની એક પલટન સંયુક્ત સૈન્ય ઉપર આક્રમણ કરવા છાવણીમાંથી નીકળી ચૂકેલી હોવાના વર્તમાન કેપટન રસ્કિનને મળ્યા, તેથી યોજી રાખેલી બાજી ફેરવવાની ઇંગ્રેજ સરદારને જરૂર જણાઇ. આવતા જર્મનોનો કોઈ પણ રીતે પ્રતિ રોધ ન થયો તો, કેપટન રસ્કિન આગળ અને પાછળથી ઘેરાઇ જઇ થોડાજ સમયમાં જગતમાંથી સદાને માટે લુંસાઇ જાય તેમ હતો. જર્મનોને પરાક્રાન્ત કરવા, કેપટન રસ્કિનને પોતાની પાસેની શક્તિએ પુરતી ન લાગી, તેમજ પ્રાતઃકાળમાં આવનાર સહાયના આવી પહોંચતાં સુધી, તેની માર્ગ પ્રતીક્ષા કરતા બેસી રહેવાય તેમ નહોતું; યુદ્ધ નિપૂણ બુદ્ધિની હવેજ કસોટિ હતી. જર્મનો પાસેજ આવી પહોંચ્યાનં રસ્કિનને ભ્રાન્તિ થઇ, સત્વર તેણે બારટન નામના એક બેલ્જીયન સરદારને બે હજાર પદાતિઓ મેક્ષિમ ગન્સ અને બસો ઘોડેસ્વારે આપી, છાવણી ઉપર આક્રમણ કરવા હુકમ આપ્યો.

સૌ સમજી શકતું હતુ કે, દુર્ભેદ્ય જેવા કિલ્લાના રક્ષણમ ભરાયેલા જર્મનો ઉપર, અને તેમાં વળી તેઓની ભયંકર તોપોન ગોળાઓના અવિશ્રાંત વરસાદ વચ્ચે આગળ વધવું, તે, સ્વયં કૃતા ન્તના કરાળ મુખમાં જઈ પડવા જેવું હતું, પણ બેલ્જીયનના ભાગ્ય અનુગ્રહની આશાએ કર્મવીર બારટન છાવણી ઉપર જવા તૈયાર

થયો. આવા ભયમાં થઇને છાવણી ઉપર હલ્લો મોકલવામાં કેપ્ટન રસિકનનું ડહાપણ હતું, આગળ વધ્યા આવતા જર્મન લશ્કરને તેની નેમ ચૂકાવવાની આ યુક્તિ હતી, અને તેમ કર્યા વિના કેપ્ટન રસિકન કોઇ રીતે પોતાનો જય જોતો નહોતો. કેપ્ટન રસિકનની આજ્ઞા થતાં, સરદાર બારટને તરવાર નમાવી વિદ્યુત્ ગતિએ સૈન્ય સાથે પ્રસ્થાન કર્યું; જોત જોતામાં તે વીર ટેકરાઓમા થઇ, સપાટ મેદાન ઉપર આવી પહોંચ્યો, ધૂમસ અને અંધકાર ઘણાં હતાં, તો પણ, આકાશમાં વિકીર્ણ થયેલા તોપોના ગોળાઓના અગ્નિવર્ણા પ્રકાશમાં જતાં સૈન્યનો ઝાંખો આભાસ જોઇ શકાતો હતો. સરદાર બારટનની વીર્યવતી સેનાનાં બેયોનેટો ઉક્ત પ્રકાશમાં ચમકતા હતાં. કેપ્ટન રસિકનને શોધતા ધસ્યા આવતા જર્મનોની દૃષ્ટિએ તે ચમકાટ પડયો, જર્મનોની ગતિનો ઉત્ક્રમ થયો, સાચો માર્ગ પલટી તેઓ સરદાર બારટન તરફ ઉલટયા. કેપ્ટન રસિકનની જોખમ ભરી યુક્તિ સફળ થતી જણાઇ.

કેપ્ટન રસિકને જર્મનનોને બારટન ઉપર ધસતા જોયા, ધૂમસ અપરિમિત હતો, કંઈ સ્પષ્ટતો જોઇ શકાતુ નહોતું, પણ જર્મનોના અને સંયુક્ત સૈન્યોના રણવાદ્યોના હૃદયવેધક સરોદો અને રાઇફલોના ધ્વનિઓ શ્રવણગોચર થવા લાગ્યા, કેપ્ટન રસિકને યુદ્ધ આરંભાયેલું માની લીધું, પણ થોડાજ સમયમાં સંયુક્ત લશ્કરનાં રણ વાદ્યો હતશૌર્ય થતાં જણાયાં. રાઇફલના અવાજો અટકયા, રણભૂમિ વીરોના પ્રોત્સાહક નાદોથી ગર્જી રહી, સંગ્રામવીર રસિકને તરવાર અને બેયોનેટોનું યુદ્ધ થતું કલ્પિ લીધું, તેવો પણ ઘણો સમય વીત્યો. ઉષાકાળ થઇ ગયો હતો, તુમુલયુદ્ધ કરતા વીરોની આકૃતિઓ હવે જોઇ

શકાતી હતી, પણ એટલા સમયના યુધ્ધે વિજિત કયા પક્ષને કર્યો છે ! તે જોઇ શકાતું નહોતું. પોતાનાં રણવાદ્યોની મંદતા અને તેવાં કેટલાંક કારણોથી ચતુર સરદાર રસ્કિનને બારટન કદાચ ધૈર્ય હારી પાછો પગ ઉપાડતો હોય તેવો સંશય થયો; તુરતજ કેપટન રસ્કિને બીજા સો અશ્વારોહી સૈનિકોને બારટન તરફ દોડાવ્યા, તેઓની સાથે કહેવરાવી મોકલ્યું કે, "એકપણ સિપાઇના દેહમાં પ્રાણ રહે ત્યાં સુધી દઢ રહેજો! સરદાર રસ્કિન બીજીજ પળે તમારે અનુપથે ધસ્યો આવે છે;" સ્વારો રસ્કિનનો પ્રોત્સાહક સદેશો લઇ, સંગ્રામક્ષેત્રમાં જઇ પહોંચ્યા. તે સમયે ઘોરયુદ્ધ જામ્યું હતું, બારટન ધૈર્ય અને શૌર્યથી વીરતા પ્રદર્શિત કરી રહ્યો હતો, પણ જર્મનો પાસે માણસો વિશેષ હતા, બીજી તરફ ખાડીઓમાંના જર્મનોએ મશિન ગન્સનો મારો ચલાવ્યો હતો, તેનાથી જર્મન અને સંયુક્ત સૈન્યના સિપાઇઓ વિધાઈ ચિરશય્યાઓ કરવા લાગ્યા હતા, તોપણ અચળ ખગડ પેઠે ઉભા રહી, બારટનની સેનાએ શત્રુઓનો ઘોર સંહાર કર્યો, પણ તે નાની સેનાના ઘણા સિપાઈઓ વીરગતિએ પહોંચ્યા હતા.

ઉષાકાળ થયો હતો, અંધકારનું પ્રાબલ્ય હણાયું, ક્રમશઃ પ્રકાશ વધવા લાગ્યો, ધૂમસ અને તોપોના ધૂમ્રમાં સંગ્રામક્ષેત્ર વિલુપ્ત હતું, તોપણ પાસેનું સ્પષ્ટ જોઇ શકાતું હતુ. બારટન સેનાનું પરિક્રમણ કરી મોખરે આવ્યો, જર્મનો સેના ભેદી મધ્યમાં પ્રવિષ્ટ થયેલા દેખાયા પોતાની વીરવતી સેના અપ્રતિમ દઢતા દાખવી રહી હતી, પણ હવે તે દઢતાની પરાકાષ્ટા સમીપમાંજ હતી. બારટનની સેનાના અર્ધાથી પણ વિશેષ સૈનિકોનો સંહાર થઇ ગયો હતો, માત્ર મરણ સિવાય તેઓને હવે. કંઇ બીજો માર્ગ પ્રતીત

થતો નહોતો, સહાયની પુરી આવશ્યકતા હતી, બારટનની દૃષ્ટિ સહાયકોને ધૂમસમાં શોધ્યા કરતી હતી, કોઇ આવવુંજ જોઇએ. આ આશા તેના વીરત્વને દૃઢ રાખતી હતી, પણ હવે દૃઢતાનો અવધિ થયો. શત્રુઓની સમશેર નીચે ગરદન નમાવવી કે, જર્મનોની ઝેરી રાઇફલની ગોળીથી હૃદયને વિંધાઈ જવા દેવું, હવેની દૃઢતાનું તેજ પરિણામ હતું, પાછા નસાય તેમ નહોતું. બાજી કટાકટીની હતી, પણ સંયુક્ત સૈન્યના નવા આવેલા સો સ્વારોએ નધાર્યું આક્રમણ કરી જર્મનોને ગભરાવ્યા, હત્ શૌર્ય થઇ ગયેલી બારટનની સેનામાં નૂતન ઉત્સાહ વ્યાપ્યો, તેઓના જયનાદથી ક્ષણ માત્ર આકાશ ગર્જી ઉઠ્યું. પુનઃ જર્મનોની ભયંકર કતલ ચાલી, પણ તે ઉત્સાહ ક્ષણિક હતો. પ્રભાત થતાં, સૂર્યનારાયણનું પૂર્વ દિશામાં જાંખું દર્શન થયું, પ્રકાશ વધ્યો. સો સ્વારોના આક્રમણથી સંભ્રમમાં પડેલા જર્મન સિપાઇઓ હવે બારટનની છિન્ન ભિન્ન થયેલી સ્થિતિ જોઇ શકયા, તેઓએ વળી ભયંકર મારો ચલાવ્યો.

આવનાર સહાયની આતુરતાથી માર્ગપ્રતીક્ષા કરતા કેપટન રસ્કિનથી હવે બેસી ન રહેવાયું, આવનાર સૈન્યની રાહ જોવા અને શત્રુઓ પાછળથી હલ્લો લાવે તો તેનો રોધ કરવા માત્ર ત્રણ તોપો થોડા પદાતિઓ અને થોડા સ્વારોને મોરચા ઉપર રાખી, સઘળા સૈન્ય સાથે કેપટન રસ્કિન સરદાર બારટનની કુમકે ચડયો, સૂર્ય ઉદિત થઇ આકાશમાં ઉર્ધ્વ દેશે પ્રવાસ કરી રહ્યો હતો, ધૂમસ પણ ધીમે ધીમે નિવર્તન પામતો હતો, તેથી દિશાઓમાં સ્વચ્છતા આવતી હતી. હવે દૂર સુધીનું સઘળું જોઇ શકાતું હતું. બારટનની દુરાવસ્થા કેપટનની દૃષ્ટિ સમીપજ થઇ હતી, તે હવે સ્પષ્ટ જોઇ શકયો, તેણે વિદ્યુત્ ગતિએ જર્મનો ઉપર આક્રમણ કર્યું, પણ તે સામે ન ચાલ્યો,

તેણે પોતાની ગતિ બદલી લશ્કરને જર્મનોની ડાબી બાજુએ ફેરવ્યું, તેનો રોધ કોઈએ ન કર્યો. કેપટન રસ્કિન સત્વર બારટનની સહાયે જઇ પહોંચ્યો. જર્મન સેના પાછળથી અને ડાબી બાજુએથી ઘેરાઇ ગઈ, થોડા-જ સમયમાં બારટનનો પરાજય કેપટન રસ્કિનના વિજયમાં પલટાવા લાગ્યો. ત્રણ કલાક અવિશ્રાન્ત યુદ્ધ ચાલ્યું, શતાવધિ સેનાનીઓ ચિરશાયી થઈ ગયા. જર્મન સરદાર વોન ઇ સેરી આહત થયો. નેતાવિહીન થયેલી જર્મન સેના પાછી હઠવા લાગી, પણ રસ્કિને તેની પાછળ જવા આગ્રહ ન કર્યો, પોતાની અલ્પ વિસ્તારની સેનાના વિશ્વાસ ઉપર રહી, છાવણી તરફ જવાની ભૂલ કરવી તે ઇચ્છાપૂર્વકજ પોતાના ભાગ્યને પરાભવમા પરિણત કરવા જેવું હતુ. રસ્કિન બુદ્ધિસપન્ન સરદાર હતો, થોડા સમય માટે તે ધૈર્ય ન હારી બેઠો, થોડાજ સ-મયમાં સહાયક સેનાનાં બેયોનેટોનો ચમકાટ દેખાવાની તે આશા રાખતો હતો, પણ હજી સુધી કોઇનું નામ કે નિશાન ન જણાયું.

જર્મનો નાસતા હતા. રસ્કિન અત્યારેતો વિજેતા થયો, પણ આ વિજય ક્ષણિક હોવાનું, રસ્કિન માનતો હતો, રણભૂમિ રક્ત વિપ્લવિત થઇ હતી, તોપણ આ યુદ્ધ ભાવિ યુદ્ધનું અંશભૂત હતુ.રસ્કિન નાસતા જર્મનો ઉપર મશિનગન્સનો મારો ચલાવતો પાછો હઠે પોતાના મોરચાઓ તરફ ચાલવા લાગ્યો, પણ તે ત્યાં પહોંચી ન શક્યો. પરાભવ પામી પાછા નાસતા જર્મનોને ઉત્તેજીત કરવા, બીજા તાજા જર્મનો છાવણીમાંથી રણભૂમિમાં આવતા દેખાયા, નિવૃત્ત થતા યુદ્ધમાં પુનઃ જાગૃતિ આવવા લાગી. પુનઃ રાઇફલો અને મશિનગન્સનું યુદ્ધ જુસ્સાથી ચાલ્યું, દિશાઓ ધૂમાડાથી ભરાઈ ગઇ, પાસેનુ પણ હવે જોઈ શકાતું નહોતું.

જર્મનોનું આ અદમ્ય દળ ચડતું જોઇ, આ સમયે કેપટન રસ્કિનનું ધૈર્ય ચડયું, "મૃત્યુ વા સહાય." રસ્કિન ચિન્તિત થઇ બોલ્યો. અગ્યાર વાગવા આવ્યા હતા, પણ હજી કોઇ આવતુ દેખાતું નહતું. રસ્કિન ટેકરાઓ પાસે તો જઇ શકયો, પણ ટેકરાઓનું રક્ષણ લેવા જેટલો સમય તેને ન મળ્યો. કેપટન રસ્કિનની સેનાને ટેકરાઓના સંરક્ષણમાં જતી જોઇ, જર્મન પલટન વિદ્યુત્ ગતિએ રસ્કિનની લગોલગ આવી તેનાં લશ્કરને ઘેરવા લાગી; રસ્કિન ઘેરાઇ જવા લાગ્યો, પણ એટલામાં પશ્ચિમ તરફથી મોટું સૈન્ય ત્વરાથી ધસ્યું આવતું દેખાયું. કેપટન રસ્કિને ટેલંસ્કોપથી જોયું, હિન્દીઓની વીરવતી રેજીમેન્ટો પૂર ગતિએ રણભૂમિ તરફ ચાલી આવતી દેખાઇ; "મારા બહાદૂર સિપાઇઓ! હવે ધૈર્ય રાખજો! વિજયી હિન્દી સેના અણીને સમયે તમારી સહાયે આવી પહોચી છે." રાસ્કન પોતાની શ્રમિત સેનામાં નૂતન પ્રોત્સાહ પ્રેરવા મોટે સ્વરે બોલી ઉઠયો, સહાયકોને આવતા જોઇ, સયુક્ત લશ્કરમાં નવુ ચૈતન્ય વ્યાપતું પ્રતીત થયું.

થોડાજ સમયમાં હિન્દી દળ ધસતુ રણભૂમિ પાસે આવી પહોંચ્યું, છાવણી અને સંયુક્ત લશ્કરી મથક ટેકરાઓ વચ્ચેનો પ્રદેશ ઉજડ હતો, માત્ર તોપોના સુસવાટી કરતા ગોળાઓનુંજં તે વિહારક્ષેત્ર હોય તેવું દેખાતું હતું, કિન્તુ ટેકરાઓની કઢણોમાં કેપટન રસ્કિન જર્મનોથી પરિવૃત્ત થયેલો હિન્દી સેનાના સૈન્યાધિપતિ લેફ્ટેનંન્ટ જીરાન્ડીને દેખાયો. છાવણીની પરિસ્થિતિ અને સ્થળથી અજ્ઞાત જીરાન્ડી જર્મન છાવણીની સમસ્ત શક્તિઓ સંયુક્ત લશ્કર ઉપર વિફરી પડેલી માની, તેઓના તરફ તે સીધો આક્રમણ કરવાના ઉદ્દેશથી ચાલ્યો. બસ! જીરાન્ડી છાવણી ઉપર ન જતાં રૂસ્કિન સાથે

જઇ ત્યાંના જર્મનો સામે ગુંચવાય તેજ જર્મનોને અનુકૂલ હતું; તેને રસ્કિન તરફ વાળવા છાવણીમાંના જર્મનોએ સંભ્રાન્ત કરનારી જાળ રચી, છાવણીની તોપો કાર્ય કરતી અટકી, છાવણી મનુષ્ય શૂન્ય હોય તેવો દશ્ય યોજાયો, છાવણીના મુખ્ય કિલ્લા ઉપર સંયુક્ત સૈન્યના ચાર વાવટાઓ ઉભા કરી કિલ્લાઓ અને છાવણી સંયુક્ત લશ્કરોએ પરાસ્ત કર્યા હોય, તેવો દશ્ય જર્મનોએ રચ્યો. અને તેમાં લેફ્ટેનન્ટ જીરાંન્ડી ભ્રમાયો, પોતાના આગમન પહેલાં રસ્કિને છાવણી હસ્તગત કરી લીધેલી માની, ટેકરાઓ તરફ ચાલતા તુમુલ યુદ્ધમાં ઝંપલાવવા તે પોતાની પ્રચંડ સેના લઇ ચાલ્યો; જીરાન્ડી છેતરાયો, બાજી હાથમાંથી સરતી હતી, પણ તે તેનાથી ન સમજી શકાયું. જીરાન્ડીને આડે માર્ગે ચાલેલો જોઈ, છાવણીના જર્મનો છાવણી બહાર નીકળી નવી આવતી હિન્દી સેના ઉપર આકસ્મિક હલ્લો લઇ જવા ગુપ્ત રીતે ત્રણ ભાગમાં વિભક્ત થઈ ગયા. છાવણીમાં ચારે તરફ અગ્નિ ભભૂકી નીકળતો જણાયો, જીરાન્ડીએ છાવણીને આગ લાગેલી માની, પણ જોતજોતામાં તજ્જન્ય ધૂમ્ર વધતો અપરિમિત થઇ પડયો, જર્મનોની કપટજાળ પૂરેપુરી પથરાઇ. જગતજ ધુમાડામાં ડુબી જતું જણાવા લાગ્યું, લેફ્ટેનન્ટ જીરાન્ડી અકળાયો તેની દષ્ટિ પાસેનું સઘળું ધૂમ્રમાં વિલુપ્ત થવા લાગ્યું, તે ધૂમ્રમાં ગુંચવાયો, સૈન્યને આગળ વધતું અટકાવ્યું. જર્મનોની કપટ શૃંખલાનો હવે તેને સંશય થયો " કયો માર્ગ સાચો ?" આ પ્રશ્ન તેનાં અંતરમાં ઘૂમી રહ્યો.

ધૂમ્ર પ્રશમિત થવાની આશાએ થોડો સમય તે નિશ્ચેષ્ટ રહ્યો, પણ પાસેમાંજ ઘોર યુદ્ધથી યુદ્ધભૂમિ ગાજતી તેને સંભળાતી હતી, હવે એક ક્ષણનો પણ અપવ્યય થવા દેવો તે વીર સરદારને રુચતો નહોતો, ધૂમ્રતો શાન્ત નજ થયો, તે વધતો દૂરના પ્રદેશ સુધી

વ્યાપી ગયો હતો. જીરાન્ડીનું ધૈર્ય હવે ન રહ્યું, પોતાની સેનાને દોરી રસિકનની સેના તરફ લઇ જવા તે મોખરે આવ્યો, પણ સેનાને આગળ ધસવા મુખ ઉપર બ્યૂગલ ધરે, તે પહેલાં એક તરુણ ફ્રેન્ચ અશ્વારોહી સૈનિક અદમ્ય ધૂમ્રને ભેદતો વિદ્યુત્ ગતિએ જીરાન્ડી પાસે આવી ઉભો. વિનયનો સમય નહોતો, જીરાન્ડીને આજ્ઞા કરતો હોય તેમ તે બોલ્યો. “ સરદાર ! લશ્કરનો થોડોજ ભાગ રસિકનની સહાયે સત્વર મોકલી, તમે તુરત છાવણીના દક્ષિણ ભાગ ઉપર હલ્લો કરો ! નહિં તો જર્મનોથી તમે હમણાંજ ઘેરાશો, અને તત્કાળ તમારી શક્તિઓનો ઉચ્છેદ થઇ જશે. છાવણીમાં હજી હજારો જર્મન સૈનિકો છે, પણ તેઓ પોતાની શક્તિઓનુ ઐક્ય કરી ઉત્તર વિભાગમાં પડયા છે, તેથી દક્ષિણ ભાગ ઉપરથી આકસ્મિક આક્રમણ કરતાં, તેઓ મહાત થઇ શકશે.” એટલા શબ્દો બોલતો અશ્વારોહી સૈનિક ધૂમ્રમાં લુપ્ત થયો.

જીરાન્ડી આ ચમત્કૃતિ જોતો નિસ્તબ્ધ થઇ ગયો, કોઇ દિવ્ય વ્યક્તિ સૈનિકરૂપે પ્રાદુર્ભાવ પામી, અભીષ્ટ સૂચના કરી તિરોહિત થઇ હોય, તેમ જીરાન્ડીને લાગ્યું. સ્વારના બોલવામાં વિશ્વસનીય સત્યતા અને અપ્રતિમ મૃદુતા વ્યક્ત થઇ ગયાં. કૃત્રિમ કંઇજ નહોતું, સઘળું સત્ય માની લેવા, જીરાન્ડીના અંતરે જીરાન્ડીને ઉદ્બોધ્યો; વિચિત્ર સ્વારના શબ્દો ઉપર તેનો વિશ્વાસ દૃઢ થયો. સરદાર વિજયકુમારને સાતસો હિન્દી પદાતિઓ અને સો સ્વારો આપી, જીરાન્ડીએ તેને રસિકનની કુમકે મોકલ્યો, પોતે ગાઢ ધૂમ્રનો લાભ લઇ માઇલ જેટલો પાછો હટતો છાવણીના દક્ષિણ ભાગ ઉપર ચુપચાપ ધસ્યો. એ ભાગમાં વહેંચાઈ જીરાન્ડીને ઘેરવા દોડી આવતી જર્મન સેના-

ઓને જીરાન્ડી પાછો હઠી જવાથી ન મળી શકયો, તે પાછો હઠી છાવણી ઉપર ગયો હતો, તે જર્મન સૈન્યાધિપતિઓથી ધૂમ્રને લીધે ન જોઇ શકાયું; તેઓએ રચેલી છદ્મ શૃંખલામાં તેઓજ સપડાયા.

વિજયકુમાર સેનાને લઇ સંગ્રામક્ષેત્ર તરફ ચાલ્યો. ધૂમ્રમાં તે કંઇ જોઇ શકતો નહોતો, તો પણ અણીને સમયે તે રસ્કિનની મદદે જઇ પહોંચ્યો, હિન્દી સેનાનાં રણવાદ્યો ગડગડવા લાગ્યાં, શ્રવણપટને ભેદી નાંખે તેવી ચિચીયારી કરતા હિન્દીઓ શત્રુઓ ઉપર તુટી પડયા. હિન્દીઓનો પહેલોજ હુમલો જર્મનોને અસહ્ય થયો, તેઓ સહસ્રાવધિ હતા, પણ તાજા આવેલા હિન્દી સિપાઇઓની ચકચકતી સમશેરોનો તીવ્ર પ્રહાર તેઓથી ન સહી શકાયો, વીરવતી તરવારના મારા પાસે તેઓની રાઇફલો બેયોનેટો કે, ખંજરોથી કંઇજ ન થઇ શકયું, તેઓ રસ્કિનનાં લશ્કરને છોડી નાઠા, પણ રસ્કિન અને વિજયકુમારનાં સૈન્યો તેઓની પાછળ પડયાં. બંને બાજુની તોપો કાર્ય કરતી નહોતી, પણ છાવણીમાંથી ઉદ્ભૂત થયેલો ધૂમાડો હજી જેવોને તેવોજ હતો, તે સંયુક્ત સૈન્યોને ગુંચવવાને બદલે આ સમયે અનુરૂપ થયો. લેફ્ટેનન્ટ જીરાન્ડી તે ધૂમ્રનો લાભ લઇ છાવણીના દક્ષિણ ભાગ ઉપર આક્રમણ કરી ગયો, તો પણ જર્મનો તે ધૂમ્રને લીધે જીરાન્ડીની સેનાને ન જોઇ શકયા. "પાસેનું પણ ધૂમ્રથી દૃષ્ટિગોચર થતું નહોતું તો, દૂરનું તો કેમજ જોઇ શકાય :"

વિજયકુમારના અલ્પ હિન્દી સેનાનિઓ પુરા જોઇ ન શકાવાથી રસ્કિન ઉપર મારો ચલવતા જર્મનોએ તેઓને અગણિત માન્યા. તેઓ ભગ્નશૌર્ય થતા નાઠા, પણ જીરાન્ડીને શોધતા જર્મન સૈન્યોમાં મળી જઇ, તેઓ સંગ્રામક્ષેત્રની મધ્યમાં આવી ઉભા. થોડાજ સમ-

યમાં જર્મનોની મહા સેનાઓ અને નાની એવી સંયુક્ત સેનાઓનો સંગ્રામક્ષેત્રની મધ્યમાં ભેટો થયો, ધૂમ્રના આવરણથી સ્પષ્ટ જોઇ શકાતું નહોતું, પણ યુદ્ધ ભયંકર ચાલ્યું. બેયોનેટો અને તરવારોનો ખણખણાટ સંભળાવા લાગ્યો, હિન્દીઓની વીરવતી તરવારોએ જર્મનોની ઘોર કતલ ચલાવી, જોતજોતામાં જર્મનોનાં રક્તથી સંગ્રામક્ષેત્ર વિપ્લવિત થઇ ગયું.

પરિચ્છેદ ૧૨ મો.

" બસ ! અવધિ. "

Man's life of shame is life of death,
But death of glory is the life of Heaven on earth;

લેફ્ટેનન્ટ જીરાન્ડી છાવણીના દક્ષિણ ભાગ તરફ ધસ્યો, ત્યાંનું સઘળું વ્યવસ્થા વિહીન હતુ. ત્રણ ભાગમાં વિભક્ત થયેલી જર્મન શક્તિઓના બે ભાગો સંગ્રામ ક્ષેત્ર ઉપર જઝૂમી રહ્યા હતા, માત્ર અવશિષ્ટ રહેલો એકજ ભાગ છાવણીના સંરક્ષણ માટે છાવણીમાં રહ્યો હતો, તો પણ તે લેફ્ટેનન્ટ જીરાન્ડીની સેના કરતાં ઘણો વધારે હતો. છાવણીમાં રહેલા લડાયક સંરક્ષકો આ સમયે વિશેષતઃ છાવણીના ઉત્તર ભાગ તરફ

એકત્ર થયા હતા, થોડાઓ સુરંગથી અસ્ત વ્યસ્ત થઇ પડેલા ભાગના રક્ષણુ માટે રહ્યા હતા, પણ ધૂમ્રમાં તેઓ છાવણીના દ્વારમુખે આવી પહોંચેલા જીરાન્ડીની સેનાને ન જોઇ શકયા. પોતાની સેનાનો આગમન સંચાર ન સંભળાય તેમ જીરાન્ડીએ બહુજ ચપળતાથી છાવણી ઉપર અણુધાર્યું આક્રમણ કર્યું. આ હુમલાથી જર્મનો ગભરાયા, જર્મનોની વેગવતી તોપોથી આ સમયે કંઇજ ન બન્યું, કિન્તુ તેઓ તુરત હતશૌર્ય ન થતાં, જીરાન્ડીની વિજયી સેના ઉપર તુટી પડયા, પણ આ સમયે તેઓનાથી ક્રમ ન સંભાળી શકાયો. એક પડયો તેનું સ્થાન લેવા અન્ય તત્પર ન થયો, કિન્તુ પડનારની પાસેનાઓ પાછા હઠી અનિયંત્રિત રીતે નાસવા લાગ્યા, ત્યારે નાસતા જર્મન સેનાનિઓ ઉપર તેઓનાજ સરદારો રાઇફ્લોની પ્રાણહારક ગોળીઓનો પ્રહાર કરી તેઓને વિંધી નાંખવા લાગ્યા. જર્મન અમલદારોએ સંયુક્ત લશ્કરો સામે પોતાની શક્તિઓને ટકાવી રાખવા ઘણું કરી જોયું, પણ જીરાન્ડીના આકસ્મિક હલ્લા સામે તેઓ ટક્કર ન લઈ શકયા, ઘણા સૈનિકો છાવણી ત્યજી ખાઈઓમાં જઇ ભરાયા. છાવણીનો દક્ષિણ ભાગ જીરાન્ડીને શરણે થયો, જર્મન વાવટાનું અધ:પતન થયું. વિજયી જીરાન્ડીને વિજય સાથે નવાં સાધનો મળતાં ગયાં, છાવણીનાં પશ્ચિમ ભાગમાંથી કેટલોક દારૂગોળો કાર્ય કરી શકે તેવી કેટલીક તોપો અને કેટલાંક લડાયક સાધનો મળ્યા, આથી જીરાન્ડીનું ધૈર્ય અને પ્રોત્સાહ નિરાવધિ થઇ પડયાં.

ધૂંમાડો હવે નહોતો, જીરાન્ડી છાવણીમાંનું સઘળું જોઇ શકયો, જર્મનોએ છાવણીમાંથી નાસી છૂટી નવીજ બાજી રચેલી હવે સ્પષ્ટ જોઇ શકાઇ. છાવણીમાંના ઘણાનો નાશ કરી જર્મનો કીલ્લા છોડી

બહાર નીકળી ગયા હતા, તેઓ નાસી ન ગયા, પણ ત્વરિત વેગે છાવણીને ઘેરી વળ્યા. વીર જીરાન્ડીનો વિજય આ સમયે જીરાન્ડી સામે વિષમરૂપે ઉપસ્થિત થયો, પણ જય ઘણોજ આવશ્યક હતો. જર્મનો ઘણા હતા, પણ તેઓનાં રૂધળાં સાધનો અસ્ત વ્યસ્ત થઈ ગયાં હતાં, તેઓની સ્થિતિ અપદસ્થ જેવી થઈ રહી હતી, તોપણ તેઓના બળને ભેદવું તે કાર્ય ઘણું કઠીન હતું, વિજયી જીરાન્ડી જર્મનોની વેરાન જેવી થઇ રહેલી છાવણીમાં જર્મનોથીજ પરિવૃત થઇ પડયો, બહાર સગ્રામક્ષેત્ર ઉપર ઝુઝતી વીરવતી બ્રીટીશ અને બેલ્જીયન સેનાઓની સહાયે જવાનો માર્ગ જીરાન્ડીને રહ્યો નહોતો, તેમજ જર્મનોની અનિવર્તિત હલ્લાઓને ભેદયા સિવાય પોતાને સહાયની આશા ન રહી, તો પણ હિન્દી સેનામાંનો એક પણ સિપાઇ જીવતો રહે ત્યાં સુધી, છાવણીનો અધિકાર ન ત્યજવા જીરાન્ડીએ દઢ નિશ્ચય કર્યો. એક તરફ લેફ્ટેનંન્ટ જીરાન્ડી આવી રીતે ઘેરાઇ ગયો હતો, ત્યારે બીજી તરફ મિત્ર સેનાઓની સ્થિતિ વિષમ હતી, હજારો જર્મનો નાની સયુક્ત સેનાઓ ઉપર ઉલટી પડયા હતા. તો પણ સંયુક્ત સેનાએ એક તસુ સ્થળ ન છોડયું. વિજયકુમારની સરદારી નીચે ગયેલી હિન્દી સેનાએ જર્મનો ઉપર અનિર્વાચ્ય મારો ચલાવ્યો, જર્મનોથી ન ટકી શકાયું, પાછા હઠતા તેઓ ખાહીઓ સુધી જઇ પહોંચ્યા, ખાહીઓમાં ભરાઇ રહેલા જર્મનોની મેક્ષિમ ગન્સ આ સમયે નિરૂપ્યોગી હતી, કારણ કે, આગળના ભાગમાં પાછું હઠતું જર્મન સૈન્ય હોવાથી મેક્ષિમ ગન્સનો ઉપયોગ તેઓનાથી નજ થઇ શકયો. ખાહીઓના જર્મનોનુ પ્રૌઢ બળ આ સમયે તો વ્યર્થ થતું જણાયું, પણ યુદ્ધ તુમુલ અને ભયાનક હતું.

આ યુદ્ધ જેટલું ભયાનક હતું, તેટલોજ તેનો નિર્ણય આવશ્યક હતો, કારણ કે આ યુદ્ધ પહેલાં જર્મનોની છાવણીનાં સૈન્ય અને સાધનો પ્રબળ થઇ પડયાં હતાં, બેલ્જીયનના પ્રદેશોને પચાવી પડેલા જર્મનોને ઝેર કરતા આગળ વધ્યે આવતાં શંયુક્ત લશ્કરોના જયનો અવરોધ કરવા, જર્મનો મૌનપણે દિનપ્રતીદિન છાવણીમાં નવીન શક્તિઓનું ત્વરાથી અધિવેશન કરવા લાગ્યા હતા, પણ વિચક્ષણ બ્રિટીશ સૈન્યાધિપતિ ફીલ્ડમાર્શલ જનરલ ફ્રેન્ચની સમરદક્ષ દૃષ્ટિથી શત્રુઓની આ ગુપ્ત પ્રવૃત્તિ અગોચર ન રહી, છાવણીમાંના જર્મનોની ભયાનક પ્રગતિ જનરલ ફ્રેન્ચના જાણવામાં આવી, પણ જરા મોડું થયું હતું. જર્મનો છાવણીમાં દૃઢ થયા હતા. સત્વર છાવણીની શક્તિઓનો ધ્વંસ થવો જોઇતો હતો, નહિં તો હવે છાવણીના જર્મનોને મળતી એક ક્ષણ પણ મિત્ર સેનાઓ માટે વિષમ હતી. જનરલ ફ્રેન્ચને આ બાતમી મળતાંજ હેલન નામના એક કાર્ય કુશળ વિચક્ષણ ઈંગ્રેજ જાસુસને અને તેની સહાય માટે હેલનની પ્રિયતમા ફ્રેન્ચ રમણી એલ્બાને તે છાવણીની અંતર્ પરિસ્થિતિ જાણવા તેણે મોકલ્યાં. એલ્બાના છદ્મ કૌશલ્યે ચપળ જર્મન સેંટ્રીને છળ્યો, ઉભય સલામત રીતે જર્મન છાવણીમાં પ્રવેશી શક્યાં. "આવા ગુપ્ત દૂતોને કર્તવ્ય સિદ્ધિ માટે ઘણી ભાષાઓ જાણવી જોઇએ છીએ." તેમ હેલન જર્મન ભાષાનો વિદ્વાન હતો, તેથી તેનું કાર્ય સુઘટ થઇ પડયું, તે જર્મન સેનાનીનો સ્વાંગ સજી જર્મન છાવણીમાં રહ્યો. કોઇજ તેને ન ઓળખી શકયું, તે સૌની સાથે મળી ગયો, ચાતુર્યથી છાવણીના ઘણા ભેદો શોધ્યા, તેણે છાવણીની સઘળી શક્તિ અને તત્પરતા જાણી લીધી. તૈયારી બહુ ભયંકર અને પ્રૌઢ હતી, લગભગ સઘળું તૈયાર કર્યું હતું, હેલને તે

સઘળું પોતાની દૃષ્ટિથી જોઇ લીધું. સઘળું યથાસ્થિત જાણી તેણે બ્રિટીશ સૈન્યાધિપતિ જનરલ ફ્રેન્ચ ઉપર જર્મન છાવણીનાં પ્લાન્સ આલેખી મોકલી આપ્યા, છાવણીની સ્થિતિ જણાવી, વિશેષમાં વિદિત કર્યું કે, "જો છાવણી ઉપર ચાર દિવસમાં હુમલો નહિંજ થાય તો બેલ્જીયનમાં સંયુક્ત સેનાઓએ મેળવેલા લાભો, છાવણીની એકત્રિત થતી સત્તાઓથી નિર્મૂળ થઇ જશે. કારણ કે, આગળ વધ્યા આવતા સંયુક્ત લશ્કરો ઉપર આક્રમણ કરવા જર્મનો છાવણીમાં મોટી તૈયારીઓ કરી રહ્યા છે. જો તેઓનો અવરોધ કરવા તેઓની સામે કોઇજ નહિં હોય તો, તેઓ અનિયંત્રિત ગતિથી આગળ વધશે, અને તેઓના આગળ વધ્યા પછી, તેઓને પરાભૂત કરવા અશક્ય થઇ પડશે." હેલને પોતાના ગુપ્ત દૂતો દ્વારા જનરલ ફ્રેન્ચ ઉપર ઉપરોક્ત રહસ્યોના પત્રો લખી મોકલ્યા, જનરલ ફ્રેન્ચે ૭ હજાર સિપાઇઓની સેના નિર્મિત દિવસે છાવણી ઉપર મોકલવાનું હેલનને જણાવ્યું, પણ તે વિગ્રહનિપુણ સૈન્યાધિપતિ એક હેલનના વિશ્વાસ ઉપરજ ન રહ્યો. હેલનના પત્રોથી છાવણીની પરિસ્થિતિ જાણ્યા પછી, જનરલ ફ્રેન્ચે હેલનના સૂચનનું તારતમ્ય શોધવા બીજા ગુપ્ત જાસુસો જર્મન છાવણીમાં મોકલ્યા, તેઓએ છાવણીનું સઘળું જોયું, અને જાણ્યું. તેઓ હેલનના લખેલા એક અક્ષરમાં પણ કંઇ અયુક્ત ન જોઈ શકયા. બ્રિટીશ સૈન્યાધિપતિએ સત્વર કેપટન રસ્કિનની સરદારી નીચે બેલ્જીયનો અને ઈંગ્રેજોનું સંયુક્ત સૈન્ય છાવણી ઉપર આક્રમણ કરી, જર્મનોની શક્તિઓનો ઉચ્છેદ કરવા મોકલ્યું. સ્પષ્ટ હતું કે, જર્મન છાવણીના બળ પાસે રસ્કિનની સેના અલ્પ સંખ્યાની હતી, પણ રસ્કિનની બુદ્ધિમત્તા ઉપ

જનરલ ફ્રેન્ચનો સંપૂર્ણ વિશ્વાસ હતો. બેલ્જીયનમાં પથરાઇ પડેલાં અને ફ્રાન્સ ઉપર આક્રમણ કરતાં જર્મન સૈન્યોનો અવરોધ કરવામાં, મિત્ર સૈન્યો પ્રવૃત હતાં. તેથી તુરતમાં જનરલ ફ્રેન્ચથી રસ્કિનને આપેલી સેનાથી કંઈ વિશેષ ન આપી શકાયું.

છાવણીની પશ્ચિમમાં આગળ વીસ માઇલ ઉપર આવેલા કીલ્લા સુધીતો વિજયી સંયુક્ત સેનાઓ જર્મનોને ઝેર કરતી આવી શકી હતી, પણ હજી આ કીલ્લો પડયો નહોતો, તે કીલ્લો પડવાનો સમય ક્ષણો અને નિમિષોથી ગણાતો હતો, કિન્તુ આ કીલ્લાને સંયુક્ત સેનાઓ અધિકૃત કરી છાવણી ઉપર હલ્લો લઈ જવા મુક્ત થાય, તે પહેલાં છાવણીના જર્મનો આગળના કીલ્લાના વ્યાહત્ જર્મનોની સહાનુભૂતિએ ચડે તે શકય હતું.' અને તેમજ થયું હોય તો, ધર્મ્યું ધુળમાં મળવાનોજ સમય અવશેષ રહે. આ સઘળું મિત્ર સેનાઓના સંગ્રામનીતિજ્ઞ સૈન્યાધિપતિઓ યથાસ્થિત જાણતા હતા. છાવણીના જર્મનોનું ઉન્મૂલન થોડાંઓથી તો થાય તેમ નહોતુંજ, તેમજ જર્મનોની આડી પડેલી સેનાઓને સત્વર ભેદી છાવણી ઉપર આક્રમણ કરવું અશકય હતું, તથાપિ કંઇપણ કરી, છાવણીની શક્તિઓને આગળ વધ્યા પહેલાં ગુંચવવાની હતી, બેલ્જીયનોના અનુગ્રહ માટે મરીને પણ તેઓનો રોધ કરવાનો હતો. વસ્તુતઃ છાવણી સમીપ જઇ શકવું વિષમ હતું, કિન્તુ ભાવિ વિજયનો પાયો સુદઢ કરવા કોઇ પણ રીતે છાવણી ઉપર જવુંજ જોઇએ, કોઈજ માર્ગ ન મળે તો અંતરીક્ષમાં ઉડીને પણ છાવણી ઉપર પડવુંજ જોઈતું હતું, અને તે સત્તા અને વીરત્વ કેપ્ટન રસ્કિનમાં જનરલ ફ્રેન્ચને દેખાયાં, થોડી સેના અને સાધનો આપી છાવણી ઉપર આક્રમણ કરવા તે વીર સરદારને ફ્રેન્ચે રવાના કર્યો. સંયુક્ત સેનાઓ સામે ટકી

રહેલાં જર્મન લશ્કરોની મધ્યમાં થઈ, યુકિતથી તે પોતાની અક્ષત્ સેના સાથે વીર હેલનના સૂચન અનુસાર તેજ દિવસે સાયંકાળે છાવણીની ઉત્તર દિશામાં આવેલા ટેકરાઓમાં જઈ ભરાયો, પણ કેપટન રસ્કિનના આવી પહોંચવા પહેલાં ત્રણ કલાકે જર્મન સેનાની બે તાજી રેજીમેન્ટો છાવણીમાં આવી ઉતરી હતી.

હેલનના સૂચન અનુરૂપ સઘળું થયું, પણ નવી આવેલી જર્મન રેજીમેન્ટોથી હેલનના ઉત્સાહમાં કંઈ વિક્ષેપ થયો હતો, તો પણ તે કર્મવીર ભગ્નાશતો નજ થયો, સંયુક્ત સેનાની માર્ગપ્રતીક્ષા કરતો આજે સાયંકાળથીજ તે ટેકરાઓમાં ભટકતો હતો, જરા રાત્રિ ગાઢ થતાં, રસ્કિન છાનોછૂપો છાવણી સમીપ આવી પહોંચ્યો. હેલન તુરત તેને મળ્યો, છાવણીમાં નવો શક્તિ સંમિલિત થયાની વાત રસ્કિનને વિદિત કરી. વસ્તુસ્થિતિ ભારે હતી, જો ઉદિત થતા પ્રભાત સુધીમાં છાવણી ઉપર આક્રમણ ન થઇ શકે તો, જર્મનો આગળ લડતા સંયુકત લશ્કરો ઉપર હલ્લો થઈ જનાર હતા, આજે આવી મળેલી જર્મન રેજીમેન્ટોનું આગમન પ્રયોજન આજ હતું. કેપટન રસ્કિને અને હેલને આ સંબંધી બહુ વિચાર્યું, કાર્ય ઘણુંજ દુર્ઘટ હતું, અલ્પસત્તાએ મહાસત્તાને મહાત કરી, બેલ્જીયનના ભાવિનો નિર્ણય યોજવાનો હતો. તે નિર્ણય અત્યારે તો કેપટન રસ્કિનની વીરતા અને બુદ્ધિમત્તામાંજ નિર્દિષ્ટ હતો, કેપટન રસ્કિન અને હેલને બહુ મંત્રણા કરી, પણ બળ કરતાં કળ અહિં વિશેષ વિજયવતી હતી.

ઘણી મંત્રણા પછી હેલનને કંઇ સ્મૃતિએ ચડયું, પણ તેની સિદ્ધિ હેલનના સ્વાર્પણમાં હતી. જો સંયુકત સેના આગળ વધી

છાવણી ઉપર જય મેળવે તો, છાવણીને મૂળમાંથી ઉડાડી મૂકવાન કુમંતવ્યથી જર્મનોએ છાવણીની આસપાસ દારૂ પાથરી સુરંગો ગોઠવ વાનોઆરંભ કર્યો હતો, છાવણીના દક્ષિણ ભાગમાં તો તે સુરંગે પથરાઇ ગઇ હતી, હેલન આ સુરગોથી અજ્ઞાત નહોતો, અ સુરંગોથીજ જર્મનોની છાવણીને અસ્ત વ્યસ્ત કરી નાંખવ હેલનને માર્ગ સુજ્યો, પણ અપૂર્ણ સુરંગો સળગાવનાર સુરંગથી નષ્ટ ભ્રષ્ટ થનાર કીલ્લાઓ સાથે મરવાનું હતુ, કાર કે, અપૂર્ણ સુરંગોનો પ્રયોગ પ્રથમ તો તેમાં અગ્નિ મૂકન ને માટે અનિયંત્રિત અને પ્રાણહારક હતો, પણ કર્મવીર હેલને મ કર્તવ્યની પારાકાષ્ટા પર્યંત પહોંચવા રસિકનને ઇચ્છા જણાવી, રસિ સિવાય અન્યથી તે કાર્ય અસાધ્ય હતું. છાવણીમાં ભીષણ સાધ સજ કરી પડેલા સહસ્રાવધિ જર્મનોનો ઉચ્છેદ કરવા આ સ કોઇ અન્ય માર્ગ નહોતો, હેલનની માગણી કેપટન રસિકને સ્વીક પણ તેનું અંતર્ વિદીર્ણ થયું. હેલન છાવણીમાં જવા તૈયાર થ પણ જતાં પહેલાં રસિકનને સૂચન કરતો ગયો કે, “સુરંગનો ધ્વ શ્રવણભૂત થઇ ગયા પછી છાવણી ઉપર તોપોનો મારો આરંભવે હેલનને ભરોસો હતો કે, મારા એકના આત્મભોગે જર્મનોએ પ રેલી સુરગો જર્મનોની અદમ્ય દેખાતી શક્તિઓને વિધ્વસ્ત કરશે અને તે પછીનું કાર્ય બ્રિટીશ સરદારને સુઘટ થશે. કેપટન રસિ સાથે સુમંત્રણા સાધી હેલન ગયો, અને મધ્ય રાત્રિ પછી તે રત્ને સુરંગ સળગાવી છાવણીના દક્ષિણ ભાગનું નિકંદન કાઢી નાં કૃતજ્ઞ વીરવર્ય હેલને દેશ ગૌરવ અને સ્વામિ ભક્તિની પરાકાષ્ પહોંચી, મૃત્યુને મુલ્યે સુરસદનમાં ઉદાત્ત પદ સંપાદન કર્યું.

સુરંગ ફુટયા પછી, તુરતજ કેપટન રસ્કિને યુદ્ધનો પ્રસ્તાવ કર્યો; યુદ્ધ વધ્યું અને ભયંકર બન્યું, સંગ્રામભૂમિ રકતપ્રવાહથી રંગાઇ ગઇ, અણીને વખતે લેફ્ટેનંન્ટ જીરાન્ડી અને વિજયકુમાર હિન્દી સેના સાથે રસ્કિનની સહાયે આવી ચડયા. જીરાન્ડીએ છાવણી હસ્તગત કરી, તે હમણાં તો જર્મનોથી ઘેરાઇ પડયો, પણ તેણે છાવણી અધિકૃત કર્યા પછી જર્મનોની શક્તિઓ નિરર્થક જેવી થઇ પડી હતી, તેની ભારે તોપોનો તથા ઘણાં સાધનોનો તેઓએ છાવણી છોડતાં બહુષઃ નાશ કર્યો હતો, ત્યારે બાકીનું લેફ્ટેનંન્ટ જીરાન્ડીએ સ્વાધિનમાં લીધુ હતુ; છાવણીમાંનું થોડુંજ સાથે લઇ, જર્મનો છટકી શકયા હતા.

સંગ્રામ ક્ષેત્રમાં જર્મનો સામે બ્રિટિશો અને બેલ્જીયનો શનૈઃ શનૈઃ લગોલગ પહોંચ્યા, શસ્ત્રયુદ્ધ ચાલ્યું, યાંત્રિક સામર્થ્યથી યુદ્ધ કરનારા જર્મનોનું યાંત્રિક બળ જીરાન્ડીની વીરવતી હિન્દી સેનાએ પરાભૂત કહ્યું હતું. હવે બ્રિટીશોનાં બેયોનેટો અને હિંદીઓની સમશેર સામે તેઓ ટકી શકે તેમ નહોતા, પણ તેઓનો વિસ્તાર અહિં ઘણો હોવાથી સંયુક્ત સેનાઓ સામે તેઓ ટકી રહ્યા, કિન્તુ થોડે થોડે પાછા હઠતા તેઓ ખાડી સુધી ગયા. જર્મન સેનાંથી છાવણીમાં ઘેરાઇ પડેલા લેફ્ટેનંન્ટ જીરાન્ડીનાં હિન્દીલશ્કરને મળી જવાની નેમથી વિજયકુમાર પોતાની સેનામાં પ્રોત્સાહ પ્રેરતો ત્વરાથી આગળ વધ્યો. કેપટન રસ્કિન અને બારટન હવે શ્રમિત થયા હતા, તોપણ તેઓ ધીમી ગતિએ પશ્ચિમ તરફ આગળ વધતા બ્રિટનોનો જય દૃઢ કરતા હતા, પણ વિજયકુમારની વિદ્યુત્ ગતિથી તેઓને પોતાની ત્વરા વધારવી પડી, તેઓ થોડાજ સમયમાં વિજ-

યની સેના સાથે પોતાની સેનાઓ જોડી, અર્ધ વર્તુલ આકારમાં યોજાઇ ગયા; હવે જર્મનો ઉત્તર અને પૂર્વ તરફથી સંપૂર્ણ રીતે ઘેરાયા, ત્યારે છાવણીમાં લેફ્ટેનન્ટ જીરાન્ડી વ્યાહત થઇ બેસી ન રહ્યો. છાવણીનું રક્ષણ કરવા તેણે કીલ્લાઓ ઉપરથી મેક્ષિમગન્સનો મારો જર્મનો ઉપર ચલાવ્યો, અગણ્ય દેખાતા જર્મનોની પ્રચંડ હરોલો ભેદાઇ, જર્મનો પશ્ચિમ તરફ હઠવા લાગ્યા. ખાહીઓ શત્રુઓએ ખાલી કરી, પણ હજી ખાહીની સામી કોર તરફ શત્રુઓનું પ્રાબલ્ય ઘટયું નહોતું. ખાહીઓની પહોળાઇ નવ હાથની હતી, પણ સામે સપડાયેલા જર્મનોના ભયાનક મારાથી ખાહીઓનું ઉલ્લંઘન વિજયકુમારને દુર્ઘટ થઇ પડયુ. જર્મનોની રાઇફલોની ગોળીઓના અવિરત વરસાદ વચ્ચે રહી ખાહીઓ ઉપર પુલો ગોઠવી સામે પાર જવા પોતાના સેનાનીઓને વિજયકુમારે આજ્ઞા કરી, પણ કાર્ય એટલું દુર્ઘટ થઇ પડયું હતુ કે, ખાહીની કોરો ઉપર જતાંજ જર્મનોની મશીનગન્સ અને રાઇફલોની ગોળીઓ હિન્દી સેનાના સૈનિકોના ભોગો લેતી તેઓનો અટકાવ કરવા લાગી હતી.

કંઇક સમય હિન્દી સેના આગળ ન વધી શકવાથી અન્ય બ્રિટન અને બેલ્જીયન સેનાઓમાં શિથિલતા વ્યાપતી પ્રતીત થવા લાગી, માત્ર થોડો સમયજ આ સ્થિતિ પોષાય તો, બ્રિટીશો અને હિન્દીઓનો અહિંઆં મેળવેલો જય હાથથી હારી બેસવાનો સમય ઉપસ્થિત થાય તેમ હતો. મામલો પરિણામના અંતિમ સોપાને જઇ ચડયો હતો, પણ બાજી વિષમ થઇ. કેપ્ટન રસ્કિન અને બારટનને પાછળ રાખી ત્વરાથી આગળ વધેલી વિજયકુમારની તાજી સેનાને અહિં કાર્યની પૂરી દુર્ઘટતા દેખાઇ, સેના નિષ્ક્રિય બની હોય તેવું વિજયકુમારને લાગ્યું,

ક્ષણુ માત્ર તે ચિન્તિત થયો, પણુ તે વિશેષ સમય નહિં. પોતાની સેનાને હત્ શૌર્ય થતી જોઇ,વિજયકુમાર મારતે ઘોડે પોતાની સેનાને મોખરે આવી ઉભો. "મારા બહાદૂર સિપાહીઓ ! તમારો સરદાર જો તમોને આગળ વધવા માર્ગ કરી આપે તો, આગળ વધશો ખરા ને ? વીરો ! આવો ! તમારા ચિરખ્યાત વીરત્વથી જગતની ગર્વિષ્ટ પ્રજાઓને તમારા અગ્રપદનો અધિકાર સિદ્ધ કરી દેખાડો !" વિજયકુમારે ઘોડા ઉપરથી ઉતરી પોતાની સેનાને વક્રઉક્તિ કરતાં ખાહી ઉપર ગોઠવવાનું પાટીયુ ઉપાડયું. પોતાના સરદારનો આ ક્રમ જોતાંજ, હિન્દી સિપાહીઓમાં અપૂર્વ શકિત પ્રવિષ્ઠ થતી જણાઇ. "સરદાર ! તે અમારૂં કાર્ય અમને જ કરવા દ્યો." એક સાથે આખી હિન્દી સેનામાં કૃતજ્ઞતાનુ ગૌરવ શબ્દ રૂપે ગર્જી ગયુ. એક નિમિષમાં વિજયકુમારના હસ્તોમાંથી પાટીયું ઉચકાઇ ખાહી ઉપર મૂકાયુ, અને માર્ગ થયો, પણુ હિન્દીઓને ખાહીઓ ઉલ્લંઘવા તત્પર થયેલા જોઇ, જર્મનોની અવશિષ્ટ રહેલી સઘળી શકિતઓ હવે એક સાથે હિન્દી સેના ઉપર ઉલટી પડી. સંયુક્ત સેનાએ મેળવેલો વિજય આ સમયે ડગમગી ગયો, ખાહી ઉપર માર્ગ થયો, પણુ કોઇનાથી જર્મ-નોના મારા સામે આગળ પગ નજ ઉપાડી શકાયો. વિજયકુમાર મોખરેજ હતો, તેના જીવન અને મૃત્યુ વચ્ચે આ સમયે તલપુર પણુ અંતર વ્યકત થતુ નહોતું. ત્યારે ખાહી ઉતરવા તૈયાર થયેલા હિન્દી સૈન્ય ઉપર જર્મનોએ પહેલાં કરતાં પણુ ભયંકર મારો ચલાવ્યો. આગળના હિન્દી સિપાઇઓ ગતપ્રાણુ થતા પડવા લાગ્યા,આવા પ્રાણુહારક પ્રહાર વચ્ચે વિજયકુમાર આગળ ચાલ્યો, તેનાં કાન અને મસ્તિષ્ક ઉપરથી સડસડતી જર્મનોની ઝેરી ગોળીઓ ચાલી ગઇ, પણુ તે વીર એક

પગલું પણ પાછો નજ હઠયો, કે તેને એક ગોળી પણ ન અડી. સરદારને આગળ વધેલો જોતા હિન્દી વીરોથી હવે ઉભા ન રહેવાયું, એક ચિસ પાડી તેઓએ જર્મનો ઉપર અદમ્ય આક્રમણ કર્યું. નાની એવી હિન્દી સેનાની શક્તિનો આ વખતે જર્મનોથી રોધ ન થઈ શકયો. જર્મનોની ઘોર કતલ ચલાવતા હિન્દીઓ આગળ ધસ્યા, અડગ થઇ મૃત્યુના મુખમાં ઉભેલા પોતાના સરદારના રક્ષણ માટે તેને પોતાની પાછળ રાખી તેઓ પોતાની સર્વ શક્તિઓનો વ્યય કરતા આગળ વધ્યા, થોડા જ વખતમાં ખાહીઓ સંપૂર્ણ રીતે પરાભૃત થઈ જર્મનો ત્યાંથી નાસ્યા, પણ છાવણીને અધિકૃત કરી બેઠેલા જીરાન્ડી ઉપર બીજી દિશામાંથી મારો ચલાવતા જર્મન લશ્કરોને મળી જવા લાગ્યા. કેપટન રસ્કિન અને બારટન પણ પશ્ચિમ દિશાની ખાહીઓ ઉલ્લંઘી છાવણી પાસે પહોંચ્યા. છાવણીના ઉત્તર અને પશ્ચિમ ભાગ ઉપર તો સંયુક્ત સેનાનો સંપુર્ણ જય જણાવા લાગ્યો, પણ એટલો ભાગ હસ્તગત્ કરતા સંયુક્ત સેનાના સરદારોને પોતાનાં વીરત્વના અવધિ પર્યંત પહોંચવુ પડયુ.

આ સ્થળે હજુ સઘળા જર્મનો નાસી કે, મરી ખુટયા નહોતા, પણ હવે રહ્યા હતા તેઓ અડગ થઇ ઝુઝતા હતા, ઉભયપક્ષમાં ભયંકર કતલ ચાલી. હમણાં સંયુક્ત સેનાના સરદારોને જે કરવાનુ હતુ, તે, છાવણીમાં જર્મનો સામે ટકી રહેલા જીરાન્ડીને મળી જવાનુ હતુ, અને તે કાર્ય હવે બહુ વિષમ નહોતું, પણ વળી એક વિઘ્ન ઉદ્દભૂત થયુ. થોડો સમય હિન્દી સેનાના રણવાદ્યો વગાડનાર વિભાગ ઉઘાડો પડયો, જર્મનોને પ્રસંગ મળ્યો, તે ઉઘાડા થયેલા વિભાગ ઉપર જર્મનોની રાઈફલો અને મશીનગન્સની ગોળીઓનો વરસાદ થોડોજ સમય વર્ષી ગયો, પણ તે અલ્પ સમયના મારાએ હિન્દી સેનાના શૌર્યને પોષતા રણવાદ્યોના શોરોદો અ-

ટકાવ્યા. માત્ર એકજ ડ્રમ (પડઘમ) હિન્દીસેનાને સતેજ કરવા વાગતુ રહ્યું હતું, તેનો ધ્વનિ પણ મંદ થવા લાગ્યો, તે સાથે જયના અંતિમ સોપાને ચડેલા હિન્દી સેનાનીઓના શૌર્યમાં જડતા વધતી જણાઈ, વિજયકુમાર વળી મોખરે આવ્યો, પાછા પડતા વીરોને મધુર અને વક્રઉક્તિથી સતેજ કરવા કહેવાયું તેટલું તેણે કહ્યું, પણ તેનો આ સમયનો યત્ન વિફળ થયો, ક્રમ બદલાતો હતો, ચતુર ક્ષત્રિયરાજ ચેત્યો, કારણ કળી ગયો. વાજાં વગાડનારાઓના આહત થઇ પડેલા વિભાગ તરફ તેણે ઘોડો દોડાવ્યો, વિજયે ત્યાં જતાં ત્યાંની સ્થિતિ જોઇ લીધી, સઘળા મરાયા હતા, માત્ર એકજ ઝખમી વીરમાં કંઇ શુદ્ધિ હતી, તેનાં મસ્તિષ્ક ઉપર કારી ઝખમ થવાથી, તે વ્યથિત થઇ, ધરણી ઉપર ઢળી પડયો હતો. તેના મરણની મહિમાવંતી ક્ષણો સમીપમાંજ ઉદ્‌ભાસિત થતી હતી, તો પણ તે કર્મવીરનો અશક્ત હાથ હજી પોતાનાં કર્તવ્યનો ક્રમ બરાબર સંભાળી રહ્યો હતો, ડ્રમ ઉપર તેની દાંડી હજી પડયાજ કરતી હતી. મૃત્યુને ભેટવા તત્પર થયેલા વીરની કર્તવ્ય પરાયણતા જોતો વિજયકુમાર તેની પાસે નિમિષ માત્ર જડવત્ થઇ ગયો, “ બસ ! અવધિ. ” વિજયકુમારથી અનુપમ દૃશ્ય જોતાં બોલી જવાયું, માનવોની કૃતજ્ઞતાનો દુર્લભ અવધિ જોતાં, વિજયકુમારને રોમાંચ થઇ ગયો. વીજયકુમાર ઘોડા ઉપરથી ઉતરી ડ્રમવાળા પાસે જઇ બેઠો. ડ્રમવાળાના દેહમાંનું હવે ચૈતન્ય હણાયું હતું, તેના શ્વાસો હવે અંતિમ હતા, તો પણ પોતાના સરદાર વિજયને પાસે બેઠેલો જોઇ, મૃત્યુ શૈય્યાએ સૂતેલા વીરનાં ચક્ષુઓ વિજયકુમારને નમ્યાં. મુખ ઉપર વીરત્વવેષ્ટિત મૃત્યુનાં ઓજસ ફરી વળ્યાં, “ પ્રભુ ! હવે આ આપને માટે છે. ” મંદ સ્વરે અંતિમ શબ્દો વીર ડ્રમવાળાથી

ઉચ્ચારાયા, ડાંડીવાળો હસ્ત ઉપડી વિજયકુમાર તરફ વળ્યો, વિજયકુમારે એ હસ્તો લંબાવી ડ્રમની ડાંડી લઇ ડ્રમ વગાડવું શરૂ કર્યું. ડ્રમનો ધ્વનિ ડ્રમવાળાના શ્રવણ પટો સાથે અફળાયો, અંતિમ શ્વાસ સાથે મુખારવિંદ ઉપર આનંદ છાયા પ્રતીત થઇ, સંતોષનું સ્મિત સ્ફુર્યું, નેત્રો મિંચાયાં. વીરનો અમર આત્મા જીવનને કૃતકાર્ય કરતો નશ્વર દેહ ત્યજી સત્ય પંથે પડયો. વિયજકુમાર વિદીર્ણ થતો સઘળું જોઈ રહ્યો. થોડાજ સમયમાં હિન્દી વાજા વગાડનાર વિભાગનું સ્થાન લેવા થોડા ઇંગ્રેજ સૈનિકો ડ્રમ વગાડતા વિજયકુમાર તરફ આવતા જણાયા, તેઓને જોઇ, વિજયકુમાર પોતાની સેનામાં જવા ઘોડા ઉપર ચડી, આવતાઓની રાહ જોતો ઉભો, પણ તેઓ આવી પહોંચે, ને પહેલાં તો રાઇફલની એક ગોળી આવી વિજયકુમારના પગમાં પેઠી, તેની પાછળજ બીજી આવી, અને ઘોડાને તે લાગી. ઘોડો પડયો નહિં, પણ અનિયંત્રિત થઇ ઉત્પથે નાઠો, તોપણ વ્યથિત વિજયકુમાર ઘોડા ઉપરજ રહ્યો.

પરિચ્છેદ ૧૩ મો.

દિવ્ય રમણી.

સ્વધર્મની જવલંત સાધના સાધતાં વિજયકુમાર ઘવાયો, તેના જમણા પગ ઉપર ગોળી લાગી હતી, તેમાંથી રક્ત પ્રવાહ ચાલ્યો. દર્દ અસહ્ય થવા લાગ્યું. તોપણ તે ન ચળ્યો, આવતા ઇંગ્રેજ વિભાગના આવી પહોંચવા

સુધી અચળ થઇ ઉભોરહેવા તે સાવધ થયો, પણ બીજી નિમિષેજ બંદુકની એક ગોળી વાયુને વિંજતી વિજયકુમારના ઘોડાની ગરદન માં આવી ચોંટી. ગરદનને ભેદી ગભિર સ્થળમાં પેઠી, અને તેમાંથી પણ અવિરત રક્ત ધારા વ્હેતી સંગ્રામ ક્ષેત્રમા પ્રશમિત થવા લાગી આ વિક્રમ ઘાની વ્યથાથી વિહ્વળ થઈ, તે સ્વામિ પરાયણ પ્રાણી સ્વભાવ ભૂલી, ઉત્તર દિશા તરફ નાસવા લાગ્યું. વિજયકુમાર ને પોતાના કે ઘોડાના ઘા ઉપર ઉપચાર કરવા જેટલો વખત ન મળ્યો, ઘોડાને ગોળી લાગતાં તે અનિયંત્રિત પેઠે દોડવા લાગ્યો હતો, તેના ઉપર બેઠેલા વિજયકુમારથી નીચે ન કૂદી શકાયું. ઘવાઇ વિકળ થયેલો ઘોડો વિજયકુમારને લઇ, શત્રુની રાજ્ય સીમા તરફ ચાલ્યો, જોત જોતામાં સંગ્રામક્ષેત્ર અને ઘોડા વચ્ચે લગભગ ૭ માઇલનું અંતર પડી ગયું. સંગ્રામક્ષેત્ર ઉપર મહા યુદ્ધ ચાલી રહ્યું હતું, પણ હવે વિજયકુમાર અને તે માનવરક્ત વિપ્લવિત ભયાનક રણભૂમિ વચ્ચે ટેકરાઓનો પટ પથરાઈ પડયો હતો, બંધુકો અને કોઇ કોઇ સમયે ધ્વનીત થતી તોપોના ઊર્ધ્વદેશે વ્યાપેલા ધુમ્ર સિવાય હવે યુદ્ધ સૂચક કંઈ દાર્શીત થતું નહોતું. ઘોડો મહાવ્યથા સહેતો બેલ્જીયનના શાન્ત પ્રદેશમાં આવ્યો હતો, પણ ઘોડાના અનિયમીત વેગના આઘાતથી આહત્ થતા વીજયકુમારની શક્તિ અને શુદ્ધી હણાયા, હવે શરીર ઉપર તેનો અધિકાર ન રહ્યો, વિદ્યુત વેગે દોડતા ઘોડામા પ્રતીપાદે વીજય ચેતના શૂન્ય થવા લાગ્યો. તેનાં અંગો શિથિલ થઇ ગયાં હતાં, હવે ઘોડા ઉપર તેનાથી ટકી શકાય તેમ નહોતું, પણ તે શક્તિ વિહીન વીર નીચે પછડાય તે પહેલાં, દેહભાન ભૂલી નાસતો ઘોડો ક્રૂર જર્મનોએ બાળી નાખેલા એક ખેડુતના મકામના ખંડેર પાસે આવી પહોંચ્યો, તે આગળ ન ચાલ્યો, પણ ખંડેરમાંજ પેઠો.

ખંડેરની ત્રણે બાજુએ માત્ર તૂટેલી દિવાલ ઉભેલી હતી, પણ યાંત્રિક શક્તિથી દોડતી જડ અશ્વ આકૃતિ જેવી ઘોડાની આ વખતે અવસ્થા હતી, તેનાં અવયવો ચૈતન્ય શૂન્ય થઇ ગયા હતા, માત્ર તેના પગો અવિશ્રાંત ગતિએ કાર્ય કરી રહ્યા હતા; હવે તે ગતિનો પણ આકસ્મિક અંત આવ્યો. ઘોડો ખંડેરમાં પ્રવિષ્ટ થયો, તોપણ તેનો વેગ ન અલ્પાયો, તે કંઇ જોઈ શકતો નહોતો, બીજે કે ત્રીજેજ પગલે તે સામી દિવાલ સાથે અફળાયો. દિવાલ સાથે ઘોડાના મસ્તિષ્કનો આઘાત થતાં તે જમિન ઉપર પછડાઇ પડયો, મસ્તિષ્ક ફાટી ગયું. બસ ! તે બિચારા નિર્વાક્ પ્રાણીનાં કતઘ્ન જીવનનો અહિંજ અવધિ થયો. દિવાલ બીજી તરફ તૂટી પડી, ત્યારે વિજયકુમાર શુદ્ધિ શૂન્ય થઇ, ઘોડાથી થોડે દૂર જઇ પડયો, તે ત્યાં ચેતન હીન થઈ, શવ પેઠે પડયોજ રહ્યો.

છાવણીને હસ્તગત્ કરી પડેલા ઇંગ્રેજ સરદાર લેફ્ટેનંન્ટ જીરાન્ડી ઉપર પૂર્વ અને દક્ષિણ દિશામાં છાવણી બહારથી ધમસાણો મચાવી રહેલા જર્મનોના પૂર્વ ભાગના સૈનિકોમાના કેટલાકોએ વિજયકુમારના ઘોડાને હિન્દી સૈન્યથી જુદો પડી નાસતો જોયો, તેના ઉપર ટેલેસ્કોપથી લક્ષ સધાયુ, હિન્દી સૈનામાંથી એકલો પડી નાસી જતો કોઈ હિન્દી સરદાર ટેલેસ્કોપથી સ્પષ્ટ દેખાયો. તેજ નિમિષે માત્ર બેજ અશ્વારોહી સૈનિકોને તેની પાછળ પડી તેને પકડવા જર્મન અધિકારીની આજ્ઞા થઇ. તુરતજ બે જર્મન સ્વારો તેની પાછળ પડયા, પણ વિજયકુમારના વ્યથા વિહ્વળ ઘોડાના વેગને તેઓ ન પહોંચી શકયા. વિજયના ઘોડ નો ખંડેરમાં અંટવાઇ અંત આવ્યો, ઘાના દર્દથી પીડાતો વિજયકુમાર ઘોડા ઉપરથી ઉથલી પડયો, ભાન હણાયું,

નિસ્તબ્ધ થઇ પડયો. પાછળ પડેલા જર્મન સ્વારોએ વિજયના ઘોડાને ખંડેરમાં પેસતાં જોયો હતો, તેઓ તે ખંડેર પાસે પહોંચ્યા. ઘોડાઓને બહાર બાંધી, પ્રથમ એક સ્વાર ખંડેરમાં પેઠો, તેણે વિજયકુમાર અને ઘોડાની સ્થિતિ જોઇ લીધી. તે ક્રૂર જર્મને માનવના મૃદુ હૃદયની મર્યાદાનો વ્યતિક્રમ કર્યો, વિજયકુમાર ઉપર રીવોલવરના બે ઘા ઉપરા ઉપર થઈ ગયા. ભાનહીન પડેલા વિજયકુમારનો દેહ ધ્વનિ આઘાતથી જરા કંપ્યો, જર્મન સૈનિકે પોતાની ગોળી સફળ નિવડેલી માની, પણ તે બે ઘામાનો એક પણ ઘા વિજયકુમારના દેહને લાગ્યો નહિં. શાએ કારણથી ઘા કરતા જર્મન સિપાઇનો કલંકિત હસ્ત કંપ્યો, બંન્ને વખત નેમ ચૂકાઇ, પણ તે અધમ સિપાઈ મૃતવત્ દેહ ઉપર રીવોલ્વરના ઘા કરીને સતુષ્ટ થયો. વિજયને પોતાની ગોળી લાગેલી તેણે માની લીધી. વીરોત્તમ નેપોલિઅન બોનાપાર્ટના વિજેતા ઈંગ્રેજ વીર ડયુક ઑફ વૅલિંગ્ટને પોતાની વીરત્વની સમશેરથી જે સમયે નેપોલિયનને પરાભૂત કર્યો, તે નિમિષે પણ તેનામા ન ઉદ્‌ભવ થયેલો ગર્વ, જર્મન સેનાનીને અવસન્ન ઉપર અસ્ત્રાઘાત કરી ઉપન્યો.

જર્મન સૈનિક હર્ષથી ઉભરાઇ ગયો, પોતાના વીરત્વની વાત મોટેથી બીજા સિપાઇને કહી, તેને પોતાની પાસે બોલાવ્યો. બીજો સિપાઈ પણ ખંડેરમાં જઇ,. અવસન્ન પડેલા વિજયકુમાર પાસે ઉભો, વિજયના પ્રતિભાશાળી મુખનું બહુ સમય સુધી સંદિગ્ધ દૃષ્ટિએ નિરીક્ષણ કર્યું. “ આ તો કોઈ હિન્દી સરદાર જણાય છે ! ” બીજાએ નિર્ણય કરી નાખ્યો. વિજયકુમારનાં ખીસ્સાઓ તપાસ્યાં, બે રીવૉલ્વરો, થોડાં કાર્ટ્રિઝ,

કીમતી બે રત્નો, અને થોડી સુવર્ણ મોહોરો, તથા વિજયની વીરવતી તરવાર જર્મન સિપાઇઓને મળ્યાં, તે સઘળું તેઓએ હસ્તગત કરી લીધું. વિજયકુમારના ઘામાંથી હજી પણ રક્ત ટપકતું હતું, સિપાઇઓએ તેનો ઉપચાર કરી, રક્તશ્રાવ અટકાવ્યો. નિસ્તબ્ધ દર્દીના મુખમાં પોતાની મસરકમાંથી સિપાઇએ થોડું જળ રેડયું, જળ કંઠમાં જતાં વિજયમાં નૂતન ચૈતન્ય પ્રેરાતું પ્રતિત થયું.

થોડીજ ક્ષણોમાં વિજયકુમારનાં ચક્ષુઓ ઉઘડયાં, યમદૂતો જેવા બે જર્મન સૈનિકો પાસે ઉભેલા દેખાયા, મુખ ઉપર કંઇ ક્રોધની છાયા તરવરી નીકળી, વિજયકુમારના ઘામાંથી લોહી ઘણું ગયું હતું, શક્તિ રહી નહોતી, તોપણ તેણે ઉઠી બેસવા યત્ન કર્યો, ઉઠી ન શકાયું. પાસે ઉભેલા જર્મન સિપાઇએ હાથનો ટેકો આપી તેને ઉઠાડયો, તૂટેલી દિવાલનું અવલંબન રાખી જર્મન સિપાઇઓ સામે જોતો વિજયકુમાર મૌન બેઠો. પોતાની આસપાસ જોયું, પોતાની તરવાર નહોતી, પોતાના ખીસ્સા ઉપર હાથ ફેરવ્યો, સઘળું શત્રુઓએ કાઢી લીધેલું દેખાયું, પોતે તદ્દન શસ્ત્રાસ્ત્ર વિહીન હતો, પરાધીન અવસ્થા વિચારી લીધી. " ત્યારે તમે મને મારી તરવાર પાછી નહિજ આપો કે ? " એક નિશ્વાસ કાઢતાં ઇંગ્લિશ ભાષામાં વિજયકુમારે ક્ષીણ સ્વરથી પૂછ્યું.

" નહિંજ, કેદીઓને હથીઆર આપવાં તે અનર્થક છે. " એક સિપાઇએ ઇંગ્લિશ ભાષામાં ઉત્તર આપ્યો.

" હું તમારો કેદી છું ? " વિજયે પૂછ્યું.

" સત્તા અને શાન્તિના સંરક્ષક નિયામોએ તમને કેદ કર્યા

છે. " જર્મન સિપાઇએ સત્તાના નિયમનુ સ્મરણ કરતાં ઉત્તર આપ્યો.

' તે સત્તા બંધારણ અને પ્રજાઓની શાન્તિનાં ખૂનો તમારાથી જ થયાં છે. હવે કોઇને કેદ કરવા તમારો અધિકાર રહ્યો નથી." વિજયકુમારના ક્ષીણ સ્વરમાં કઠોરતા આવી.

" જો અમે તેવાજ હોઈએ તો, તમારી પાસેથી અમે અમારી ઇચ્છા પ્રમાણે સત્વર મેળવી શકીએજ, પણ તેમ નહિં કરીએ. અમે તમને છૂટા કરશું, અમને માત્ર એટલુજ કહો ! કે, છાવણીને જીતનાર ઇંગ્રેજ સરદાર પાસે કેટલાં માણસો કેટલી તોપો અને કેટલો દારૂ ગોળો છે ? તમારા કહેવા ઉપર વિશ્વાસ રાખો, અમે બીજી વખત યત્ન કરશું, અને તમારૂં કહેવું સાચું થશે તો, તમને મૂક્ત કરાવવા વચન આપીએ છીએ. ' જર્મન સિપાઇએ વિજય પાસેથી રહસ્ય શોધવા યત્ન આદર્યો.

" અને ન કહું તો ?" શક્તિહીન વિજયકુમારનાં ચક્ષુઓમાં બોલતાં રક્ત રેષાઓ દેખાવા લાગી.

" તો, આ રીવોલ્વર તમારા હૃદયને વિંધી નાંખશે. " જર્મન સૈનિકે રીવોલ્વરમાં કાર્ટ્રિઝ ચડાવતાં કર્કષ સ્વરે ઉત્તર આપ્યો.

" હિન્દી સિપાઇઓને તે રીવૉલ્વર પોતાના ગૌરવનું વિસ્મરણ કરાવી શકે ખરી કે ? " વિજયકુમારનુ હૃદય. ક્રોધથી ઉભરાઇ ગયું, બોલતાં દાંત સાથે દાત કકડયા.

" સરદાર ! તમારા નિશ્ચયોથી તમે છેતરાઓ છો. અમે અમારા શ્રેય માટે તમારી પાસેથી તે ભેદ જાણશું. નહિંજ કહો તો, આ રીવોલ્વર તમારાં હૃદયને ભેદવા તૈયાર છે....તમારા સઘળા નિશ્ચયો

તેના પ્રાણુહારક મુખ પાસે ભૂલાઇ જશે. ” સિપાઇએ બોલતાં વિજયની છાતી તરફ રીવોલ્વર રાખી ભય દેખાડયો

“ તમારી ઇચ્છાને અનુરૂપ એક અક્ષર પણ ઉચ્ચારાતો સાંભળવાની આશા રાખવી વ્યર્થ છે. ભારતવાસીઓ મૃત્યુમાંજ ગૌરવ મહિમા જુવે તો, તે ગૌરવાન્વિત્ત મૃત્યુ પણ તેનુ પ્રિયતમ થાય છે. જો રીવોલ્વર હથિઆર વિહોન આ હિન્દપુત્રની છાતી ભેદવા તૈયાર હોય તો, આ છાતી ગૌરવ રક્ષણ માટે ચુરા થઇ કૃતાર્થતા સાધવા તૈયાર છે.” વિજયકુમારે કોટનાં બટ્નો ઉઘાડી નાંખી ક્રૂર જર્મન સિપાઇનો ઘા ઝીલવા છાતી ખુલ્લી મૂકી, રીવોલ્વરની ગોળી સહેવા વિજય કંઇક સમય મૌન રહ્યો. જર્મન સિપાઇથી કંઈ ન થઇ શકયું, રીવોલ્વરની ઠેસી ન દબાઈ, ! થોડી ક્ષણો ખંડેરમાં મૌનતા વ્યાપી, શક્તિહીન વિજયકુમારથી બેસી ન રહેવાયું, તેના હૃદયમાં ક્રોધ અને વીરત્વ ધૂમી ગયાં. “ ઓ વીસમી સદીના રાક્ષસો ! તમારી રીવોલ્વરથી આ હૃદયને વિંધી નાખો ! નહિં તો મારી તરવાર મને પાછી આપો ! તે તમને યોગ્ય ઉત્તર આપશે. ” લાગેલા ઘાની વ્યથા વિસરી, વિજયકુમારે મોટેથી બોલતાં સિપાઇ ઉપર છલંગ મારી, પણ તેના દેહમાં ઉભા રહેવા જેટલું ચૈતન્ય રહ્યું નહોતુ, સિપાઇ ઉપર છલંગ મારતાં તે પુનઃ જમીન ઉપર પછડાઈ પડ્યો.

“ અભિમાની હિન્દી સરદાર ! અમારી ઇચ્છાને વશ વર્તવુંજ જોઇશે. વિચારવા વખત આપીએ છીએ, વિચારી વશ થવામાંજ તમારૂ શ્રેય છે. હમણાં તો અમારી સાથે આવવા તૈયાર થાઓ ! પછી જોવાશે કે, તમારી દૃઢતા તમારી શું અવસ્થા કરે છે. ” સિપાઇએ પોતાની સાથે આવવા વિજયને હૂકમ કર્યો.

શસ્ત્રાસ્ત્ર વિહીન આહત વિજયકુમાર કૃતાન્ત કિન્કર જેવા હથિયારોથી સુસજ જર્મન સેનાનીઓને શું કરી શકે ? હિન્દી રાજકુમાર માટે પ્રસંગ દુર્ગમ દેખાયો. તે વીર હતો, પણ સૈનિકોની ઇચ્છાને વશ વર્ત્યા વીના ચાલે તેમ નહોતું. અજ્ઞાત ભૂમિમાં આહત થઇ પડેલા આર્ય રાજપુત્રનું આ સમયે કોઇજ નહોતું. તેની વહાર આ સમયે કોઇ કરે તેવી આશા તેને નહોતી; તે શત્રુઓના પંજામાં બરાબર સપડાયો હતો.

મહત્વાકાંક્ષી જર્મન સમ્રાટ વિલીયમની લોખંડી ભયંકર છાવણી, અને તેના વિકાળ રક્ષકોને સિપાઇઓ સાથે જવા તૈયાર થયેલા વિજયકુમારની કલ્પના પોતાની સામે જોવા લાગો, પોતે કેદીના રૂપમાં કઇસર (જર્મન સમ્રાટ કઇસરના નામથી ઓળખાય છે.) પાસે ઉભો હોય તેવો તેને નિમિષ માત્ર ભ્રાન્તિ થઇ. રોમાંચ અનુભવાયો, મુખ ઉપર ક્રોધ છાયા દેખાઇ, દાંત સાથે ઓષ્ટ કચરાયો, સ્થિતિ ભાન ભૂલ્યો. હાથ તરવાર શોધતો જણાયો, પણ ભગ્નાશ થઇ પાછો ફર્યો. તરવાર નહોતી, કઇસર નહોતો અને છાવણી પણ નહોતી, બીજી નિમિષે સત્ય સ્થિતિનુ વિજયને ભાન થયું. બેલ્જીયમના અરણ્યમાં રાક્ષસો જેવા બે જર્મન દૂતોનો પોતે કેદી હતો. વિજયકુમાર નિઃશ્વસ્ત અંતરે સૈનિકોના આદેશને વશ થઇ, જર્મન સિપાઇઓ સાથે જવા તૈયાર થયો. આર્ત દૃષ્ટિ ક્રૂર જર્મનો સામે સ્થિર થઇ, એક હસ્ત અવલંબન શોધતો લંબાયો, જર્મન સિપાઇએ વિજયકુમારને અવલબન આપી ઉભો કર્યો, પણ તેનામાં ચાલવા શક્તિ નહોતી, ન ચલાયું. એક પગલું પણ ઉપાડવામાં કેવી દુઃસહ્ય વ્યથા થતી હતી ? તે

તેનું અંતરૂજ અનુભવી શકતું હતું. થોડો વધુ સમય વ્યાયામ લેવા વિજયકુમારે સિપાઇઓને વિનીત થઈ કહ્યું, પણ સમય ઘણો થઇ ગયો હોવાનું નિમિત્ત અપાયું, તેનાં દર્દની સ્પૃહા કોઇએ નજ કરી. નિરૂપાયે એક સૈનિકને ખભે હાથ મૂકી વિજયકુમાર ચાલ્યો, હજુ થોડું ચાલ્યો હતો, દસબાર પગલાં પણ આગળ નહોતું જવાયું, તેટલામાં પાછળનો જર્મન સિપાઈ ચીસ નાંખતો જમીન ઉપર તૂટી પડયો, અને તેજ નિમિષે પાછળ રીવોલ્વરનો ધ્વનિ થયો, વિજયકુમારને ટેકો આપનાર બીજો પણ વિજકુમારના પગ પાસેજ ઘવાઈ પછડાયો.

ભય અને શંકાથી ખંડેરબહારના પ્રાન્તમાં દૃષ્ટિ દોડાવતા જર્મન સિપાઇઓ જીવનની અંતિમ ક્ષણ સુધી કંઇ નજ જોઇ શકયા, કોઈના આવવાનો પદરવ પણ ન સંભળાયો, તેઓનાથી ન ચેતાયું, વિદ્યુત્ જેવી ત્વરાથી સઘળું થઈ ગયું, એક સૈનિકના ગળા ઉપર પાછળથી તરવારનો ઘા પડયો, ઘવાઇ પડતા સાથીની ચિસ સાંભળી, વિજયને આધાર આપી ચાલતા સિપાઇએ પાછળ જોયું. એક હાથમાં રક્તથી રંગાયેલી નગ્ન તરવાર અને બીજા હાથમાં રીવોલ્વર લઈ, એક વીરાંગના પાછળ ઉભેલી દેખાઇ, સાક્ષાત્ ચંડીકા અંતરીક્ષ દેશેથી પ્રાદુર્ભૂત થઈ આર્ય રાજકુળનું રક્ષણ કરવા શત્રુઓનો સંહાર કરતી હોય, તેવો દશ્ય દેખાયો. વિજયકુમારને ટેકો આપી ચાલતો જર્મન સિપાઈ આ સ્ત્રીની પ્રભા સહી ન શકયો, નિમિષમાત્ર સ્તબ્ધ થઇ ગયો, તેને કંઈજ ન સૂજ્યું, કંઇજ ન કરી શકયો. જોત જોતામાં સ્ત્રીના હાથમાંની રીવોલ્વરની ટોસી તે સિપાઇ તરફ ધકેલાઇ, ધ્વનિ થયો, અને બીજો સૈનિક પણ ઘવાઇ તડફડતો જમીન ઉપર પડયો.

પરિચ્છેદ ૧૪ મો.

સહાય.

(વસંતપુરનું રાજ્યતંત્ર ચાલુ)

ખૂનીઓની તરવારોના ઘા સહેતો હરભમજી ધૈર્યહારી નાસી ન છૂટયો, તેને નાસી રક્ષણ શોધતા આવડતું નહોતું. તરવાર તેની પાસેજ હતી, તે મ્યાનમાંથી ખેંચી ઉન્મત્ત પેઠે ખુનીઓ ઉપર ચલાવી. પહેલે ઝપાટેજ બે ઘવાયા અને ધરણી ઉપર ઢળી પડયા, હરભમજી ઉપર તરવારોના ઘણા ઘા થયા, પણ કવચ ન ભેદાયું, તેનો દેહ વજ્ર દેહી હનુમત પેઠે અક્ષત્ રહ્યો. હરભમજીનો દુર્ભેદ્ય પોશાક ખૂનીઓ કળી ગયા, પવન વિંજતી ક્ષત્રિયરાજની વીરવતી તરવાર પાસે હવે તેઓ ન ઉભા રહી શક્યા. બે ઘવાયા હતા, તેઓને ત્યાંજ પડયા રહેવા દઇ, બીજાઓ દાદર ઉતરી નાસતા ક્યાંઇ લુપ્ત થઇ ગયા. ફાટલ દષ્ટિએ આસપાસ જોતો હરભમજી થોડી ક્ષણો ઉભો રહ્યો, કોઇજ ન દેખાયું. તેની તરવાર માનવ જાતિનું લોહી શોધતી હતી, પણ કોઇ નહોતું; ત્યાંરે હરભમજી દાદર ઉતરી દરવાજા તરફ દોડયો, અંતઃપુરનું અંતર્દ્વાર વ્યતીત કરી તે બહાર આવ્યો, પોતે આવ્યો તે સમયે જોયેલા દિવાઓ આ વખતે ત્યાં નહોતા, સઘળે ગાઢ અંધકાર વ્યાપેલો દેખાયો, પણ હરભમજી ન ડર્યો હાથમાં લોહીથી રંગાયેલી નગ્ન તરવાર લઈ તે

આગળ ધસ્યો. તેનાથી થોડુંજ આગળ જઇ શકાયું, અંતર્દ્વાર ત્યજી હજી તે થોડાં પગલાં પણ આગળ ન ગયો, એટલામાં તેની પાછળ સીત્કાર થતો સંભળાયો, અને તેજ નિમિષે વળી હરભમજીને ઘણાં માણસો ઘેરી લેવા દોડતા જણાયા. પોતાને બીજીવખત ઘેરાતો જોઇ, હરભમજીનું વીરત્વ ડગ્યું, આયુષ્યનો અવધિ કલ્પી લીધો, હૃદયનો વેગ વધ્યો, લોહીથી નીતરતી નગ્ન તરવાર હરભમજીના હાથમાં હતી, પણ ઘણા માણસોને પોતાના ઉપર હલ્લો કરતા જોઈ, તરવાર કંપી, હાથમાં શિથિલતા આવતી અનુભવાઈ. "હરામીઓ ! આવો ! તરવાર તમારા લોહીની જ તરસી છે." હરભમજી ઘાંટો કાઢી ગર્જી ઉઠયો, પણ સ્વરમાં ભય પ્રત્યક્ષ હતો. હરભમજી આગળ ન ચાલ્યો, ત્યાજ ઉભો રહ્યો, તેના ઉપર આક્રમણ કરનારાઓ તેને ઘેરી વળ્યા. આ સઘળું એક ક્ષણમાજ બની ગયું, સઘળાઓ પાસે નગ્ન તરવારો કે ખંઝરો હરભમજીના લોહીમાં વિહરવા તત્પર હતાં,પણ સઘળાં વિફળ થયાં.તે ક્ષણપછીની બીજીક્ષણે સઘળો ભયંકર ક્રમ બદલાઇ ગયો, બીજા દરવાજા બહારથી અંતઃપુર તરફ થોડા ઘોડેસ્વારો પૂર વેગે આવતા, ખૂનીઓની દૃષ્ટિએ પડયા, અને તેજ નિમિષે હરભમજી ઉપરનું વાદળ વિખરાઇ ગયું. ભયાનક સ્મશાનમાં ઘોર રાત્રિએ ભીરૂ અંતરૂમાંથી ઉદ્દભૂત્ થઇ, ભીરૂ દૃષ્ટિ સામે નાચતી, ભૂતાવળ પેઠે આવનારાઓને દૂરથી જોતાંજ સઘળા ખુનીઓ વાયુમાં ત્રિગલિત થઈ ગયા હોય, તેમ ત્વરાથી આવનારાઓના આવી પહોંચવા પહેલાં અંધકારમાં કયાંઇ અંતર્હિત થઇ ગયા.

અશ્વારોહીઓ જોતજોતામાં હરભમજી પાસે આવી પહોંચ્યા, અંધકાર હતો, તો પણ સરદાર દેવીસિંહજી પોતાની સાથે થોડા

હથિઆર બંધ સ્વારો લઇ, હરભમજીની સહાયે આવી પહોંચ્યો હતો, તેને હરભમજીએ ઓળખ્યો. પાસે આવેલા દેવીસિંહ અને સ્વારોને અંધકારમા ઉભેલા હરભમજીએ આગળ વધતા અટકાવ્યા, વિશેષ સહાયની હવે જરૂર ન રહી. દેવીસિંહને જોઈ હરભમજી શાન્ત થયો, અંતઃકરણનો આવેશ અને ભય અલ્પાયા, લોહીવાળી તરવાર મ્યાન થઈ, પહેરેલા વસ્ત્રો વ્યવસ્થિત કરી કાંઈજ ન થયું હોય તેમ દેવીસિંહ સાથે ચાલતો હરભમજી મોટે દરવાજે આવ્યો, પોતાનો ઘોડો પહેરેગીર પાસેથી લઈ, દેવીસિંહ સાથે તે પોતાને બંગલે ગયો ચડેલુ વાદળ જોતજોતામાં વિધ્વસ્ત થઇ ગયું, સઘળું અતઃપુરના એ દરવાજા સુધીમાંજ રમાઇ ગયુ, મોટા દરવાજાના પહેરેગીરો પણ વીતકથી અજાણ્યા રહ્યા, બહારનાઓથી કંઇ ન કળી શકાયુ. સૈન્યાધિપતિ દેવીસિંહ સાથે હરભમજીની સહાયે આવેલા સ્વારો પણ સાચાં કારણોથી અજ્ઞાતજ રહ્યા

કાવત્રું ઉઘાડું થયુ, પણ કાંઇ મૂદ્દો ન પકડાયો. હરભમજી અને દેવીસિંહજી બંગલે પહોંચ્યા તે સમયે માજી દિવાન રામમોહનદાસ ચિન્તાતુર થઇ હરભમજીની માર્ગપ્રતીક્ષા કરતા ત્યાં બેઠા હતા. હરભમજી અને દેવીસિંહજીને કુશળ ક્ષેમ અંતઃપુરમાંથી પાછા આવેલા જોઈ, ગતભૂત વૃદ્ધ અમાત્યનો ઉદ્વેગ અલ્પાયો. મુખ મલકાયું. ઉપરા ઉપર ઘણા પ્રશ્નો પૂછાયા, યોગ્ય ઉત્તરો મળ્યા. હરભમજીએ સવિસ્તર વિગતથી રામમોહનદાસને વિદિત કર્યા, રામમોહનદાસ હરભમજી અને દેવીસિંહજીએ કંઇ ગુપ્ત મંત્રણા કરી, કંઇ નિશ્ચય થયો, હવે વિશેષ સચેત રહેવાની સૂચનાઓ અપાઈ, અને હરભમજીના બંગલાની આસપાસ તેના રક્ષણ માટે છૂપો પહેરો

મૂકી, રામમોહનદાસ અને દેવીસિંહજી ગયા. થયું. તે થઈ ગયું. કંઇ મુદ્દો નહોતો, વાત બહાર પાડવી મહારાજાને માટે ઇષ્ટ નહોતી, વૃદ્ધ ડાહ્યા દિવાને વાત ઉપર ધૂળવાળી ઢાંક પીછોડી કરવા સલાહ આપી, હરભમજી અને દેવીસિંહજીએ તે માન્ય રાખી. હવે રાજ્યનો મામલો પુરેપુરો ગભીર હતો, કેટલાક રાજદ્વારી પુરૂષોનાં જીવનો હરભમજી પેઠે જોખમમાં ગણાવા લાગ્યાં મહારાજાને પાછા તેડી આવવા તેની પાછળ રામમોહનદાસે સ્વાર દોડાવ્યા હતા, પણ કદાચ મહારાજાને આવતાં વખત લાગે તો, તેના વસંતપુર આવતાં સુધી, વસંતપુરની પ્રજા અને રાજ્યને કાઠીયાવાડની બ્રિટીશ એજન્સિને શરણે મૂકવાનું નક્કી થયું, પણ તેવો વખત આવે તે પહેલાં મહારાજા કૃષ્ણસિંહજીના પત્રો લઇ એક સ્વાર વસંતપુર આવી પહોંચ્યો પત્ર હરભમજી, દિવાન નટવરલાલ અને રાણી રાજબા ઉપર હતા. ત્રણે ઉપર પત્રો જુદા જુદા હતા, પણ ત્રણે પત્રોનું રહસ્ય એકજ હતું. કૃષ્ણસિંહજી કુશળ રીતે વસંતપુરની સરહદમાં આવી પહોંચ્યાના અને આવતી કાલે સાયંકાળ સુધીમા તે વસંતપુર આવી પહોંચનાર હોવાના સમાચાર પત્રોમાં હતા, તે સાથે રાણીની તબિયત કેવી છે ? તે જણાવવા પત્ર લખી, સામે ઘોડેસ્વાર મોકલવા મહારાજાએ આજ્ઞા લખી હતી. દિવાન નટવરલાલે પત્રનો ઉત્તર લઇ સ્વાર દોડાવ્યો, પણ તે સ્વાર પાસેનો પત્ર રામમોહનદાસની યુક્તિથી મહારાજા સુધી પહોંચી ન શકયો.

દિવાન નટવરલાલે પત્ર વાંચ્યો,નાખેલા પાસા ઉલટા પડતા દેખાયા. કૃષ્ણસિંહજી સુખરૂપ વસંતપુરની રાજ્ય મર્યાદામાં પ્રવિષ્ટ થયાના વર્તમાન જાણ્યા, મહારાજા આવ્યા તો પણ ન ધાર્યાજ, દિવાન

નટરલાલને સ્વપ્ન પણ નહોતું. મહારાજા માર્ગમાં ન રહ્યા, તે જીવ્યા. નટવરલાલનું અંતર્ વ્હેમાયું, પોતાના વિશ્વસનીય ખવાસ ઉપર મહારાજાનું માર્ગમાંજ ખૂન કરવા લખેલો પત્ર, કદાચ મહારાજાના ખવાસ હનુજીને ન મળ્યો હોય કે, કદાચ મહારાજાના હાથમાં જઈ પડયો હોય. યોજેલી યુક્તિઓ અને કાવાદાવા વિફળ થવા બેઠા માની લીધા, તર્કવિતર્કથી મન ચકડોળે ચડી ભ્રમવા લાગ્યું. " શું માર્ગ શોધવો ? " કંઇ ન સૂઝયું. હવે વધુ વિચારવું વ્યર્થ હતું. ચાણાકય નીતિનો વાણિઓ વખત વિચારી તૈયાર થયો, પોતાના ભાગ્યની ભવિતવ્ય ઘટનાઓમાં વિષમ વિષ વ્યાપતું તેને ભળાયુ; યાત્રિ મહારાજા અનાયાસે પાછા પધારવાનું કંઇ અગમ્ય કારણુ નટવરલાલે કલ્પિ લીધું. આરંભેલા કારસ્તાનો અપૂર્ણ રહ્યાં. મહારાજા પાછા ફરવા પામશેજ નહિં, અને કદાચ પાછા ફરવા પામશે, તો પણ આટલા થોડાજ સમયમાં સંભવ નહોતો, પણ ભાગ્યે ભજવ્યું તે સહેવા સિવાય ઉપાય નહોતો, હવે જે થાય તે જોવા–સહેવા, નટવરલાલ સાવધ થયો. પ્રપંચ પ્રકાશશેજ, નટવરલાલે માની લીધુ.

હરભમજીએ ઘણુ ભેદો ખોળ્યા હતા, નટવરલાલને ને સંશય થયો હતો, પણ પદ્ચ્યુત વૃદ્ધ અમાત્ય રામમોહનદાસથી નટવરલાલનુ અંતર્ કંપતું હતુ, ફટાયા કુમાર હરભમજીને .વૃદ્ધ અમાત્યાની સહાનુભૂતિ હશેજ. નટવરલાલે સાચો તર્ક કરી લીધો હતો, પણ તેવા સબળ પુરૂષો સાથે વિષ વાવતાં નટવરલાલ ડરતો હતો, રામમોહનદાસ કે હરભમજી સાથે વૈર બાંધવા જેટલુ સામર્થ્ય તેનામાં નહોતું, તેઓનો પ્રત્યક્ષ પ્રતિ સ્પિર્ધિ તે ન થઇ શકયો. વૈરભાવને કૃત્રિમ

હિતૈષિતા પાછળ છૂપાવવા પ્રયત્ન થયો-કર્યો, પરંતુ ચતુર રામમોહનદાસ નટવરલાલનું અંતરૂ વૈમનસ્ય સમજી શકયા હતા, તેણે હરભમજીને ચેત્તવ્યો. સર્વની અંતે હરભમજીનો જીવ લેવાનું કાવત્રું રચાયું, પણ તે હરભમજીની અગમ ચેતીએ વિફળ કર્યું. હરભમજી જીવ્યો, અને સાથે અંતઃપુરના ગુપ્ત ભિષણ તંત્રોનો અનુભવી થયો, આજથી નટવરલાલની આશાઓ ઉંધી વળવા લાગી. હરભમજીમાં હવે નટવરલાલને વિશેષ ભયંકરતા પ્રતીત થઇ, તેમાં વળી અણુધાર્યા મહારાજા આવી પહોંચ્યા. પોતાની પ્રવંચના ઉપરનો પડદો શિથિલ થતો નટવરલાલને લાગ્યો, કદાચ તે સરી જાય તો, પ્રતિસ્પર્ધિઓના પ્રતિકારના ઉપાયો યોજવાની બુદ્ધિ તેનામાં પ્રેરાઇ, કિન્તુ આ સમયે તો, માત્ર મૌનતા જ...પ્રથમ જેવાનું હતું, થતું જોઇ, કંઇ પણ કરાય, નટવરલાલે નિશ્ચય કર્યો.

મહારાજાના આગમન સમાચાર મળ્યાનો દિવસ વીતિ ગયો, તે દિવસ પછીનો બીજો દિવસ પણ ઉગ્યો, અને અસ્ત દીશાએ પહોંચવા તૈયાર થયો, મહારાજા વસંતપુરથી બે ગાઉ દૂર સુધી આવી પહોંચ્યાના શુભ સમાચાર ગામમાં ફેલાયા, તેની અભ્યર્થના માટે નટવરલાલ, હરભમજી, રામમોહનદાસજી, અન્ય રાજ્યમંડળ અને પ્રતિષ્ઠિત નાગરીકો મહારાજા સામે ધામધૂમથી ગયા. રાજનિષ્ઠ પ્રજા આનંદથી ઉભરાઇ ગઇ, પ્રજાનો અપ્રતિમ પ્રેમ જોઇ, ભોળા પ્રજા વત્સલ મહારાજાનાં નિર્દોષ ચક્ષુઓ સ્નેહાશ્રુઓથી સજળ થયાં. મહારાજા સૌને મળ્યા, અને મંડળસહ પુર પ્રવેશ કર્યો. માર્ગમાં સૌભાગ્યશાલિની નગર રમણીઓએ નરેન્દ્ર ઉપર કુસુમ વૃષ્ટિ કરી, આજે આનંદ ઉત્સવ પળાયો. મહારાજાના અભિનંદનાર્થે આવનારાઓ

સૌ ગયાં. ચતુર હરભમજી પણ વડીલ બંધુ પાસે વધુ વખત ન રોકાયો, વડીલના કુશળ સમાચાર પૂછી, તે પણ ગયો. માત્ર દિવાન નટવરલાલ અને હજુરી ખવાસ હનુજી મહારાજા પાસે રહ્યા. બીજું કોઈજ નહોતું.

"રાણીને કેમ છે ?" એકલા પડતાં મહારાજાએ પ્રથમ પૂછ્યું.

"રાણીસાહેબા અને કુમારસાહેબ પુરા આનંદમાં છે." નટવરલાલે વિનયથી ઉત્તર આપ્યો.

"રાણીને શું માંદગી હતી ?" આતુરતાથી પૂછાયું.

"માંદગી ? માંદગી રાણીસાહેબાને કંઇ છે નહિં, કે હતી નહિ." પ્રશ્નનો પ્રત્યુત્તર મળ્યો.

"પણ નટવરલાલ ! મને પત્ર મળ્યો છે, ભવાનીના દર્શન કર્યા વીના તે પત્રથી મારે પાછા ફરવું પડ્યું છે." મહારાજાએ વિસ્મય થતાં કહ્યું. કંઇક ક્ષણો મૌનતા વ્યાપી, સૌ વિચારમાં પડ્યા હતા. "પત્ર પણ તમારા નામથી જ લખાયેલો છે." મહારાજાએ મૌનતા તોડી કહ્યું.

"પણ હસ્તાક્ષરો ?" નટવરલાલે શંકા દેખાડી.

"તે કોઇના પણ હોય, પણ નટવરલાલ ! અન્ય કોઇનો આવું કરવામાં સ્વાર્થ શો ?" મહારાજાના સ્વરમાં કઠોરતા વ્યક્ત થઇ.

"સાહેબ ! તે વિચારવા જેવું છે, પણ તે પત્ર મારાથી તો નથી લખાયો." નટવરલાલ વિચારતો બોલ્યો.

"તો, તપાસો ! પત્ર તમે નથી જ લખ્યો તો, કોણે લખ્યો ? લખાનારને તેવું કરવામાં શું લાભ ? મારે તે જાણવું જ જોઇએ,

નટવરલાલ! વસંતપુરના રાજ્યનો ભાર વ્હેનાર અમાત્યમાં એટલું શોધી કાઢવા શક્તિ હોવીજ જોઇએ." મહારાજા ચીડવાયા ઓષ્ટ દાંત વચ્ચે કચરાયો.

"સાહેબ! વિચાર્યું છે. હમણાં અક્ષર પણ કહીશ તો આપ... નટરલાલે નિર્ભય સ્વરે કહ્યુ, પણ પુરૂં ન કહેવાયું.

"શું આપ? નટવરલાલ ભય શા માટે રાખવો જોઇએ! અચકાઓ છો શામાટે? ભય હોય તો, રાજદક્ષ દિવાન કેમ થવાય? રાજ્યના જવાબદાર પુરૂષને સાચું કહેવામાં ભય કોનો? મારો દોષ હોય તો, મને પણ કહેવાશે. અવળો રાજા હોય તો, તેવા અમાત્ય પદને તિલાંજલિ આપવી, નિષ્કલંક કૌશલ્ય તેમાંજ." મહારાજાએ શાન્ત થતાં નિરાપવાદ રાજ્યધર્મનાં મહાવાકયો નટવરલાલને કહ્યાં.

"નહિં સાહેબ. ભયનું કંઇ કારણ નથી, વખત આવ્યે કહેવાશે. આપને કંઇ કહું, અને આપ સાંભળો, પણ આ સમયે તો, કહેનારને પ્રથમ વ્હેમાયેલી દ્રષ્ટિથી જોવો. સમય આવતાં સુધી મને મૌનજ રહેવા દો! સમય પ્રત્યક્ષ અનુભવ આપે તે નિઃશંક રીતે સ્વીકારાય." નટવરલાલે મહારાજાના મનને વિશેષ સંદિગ્ધ કર્યું.

"મારા ડાહ્યા દિવાન! કૃષ્ણસિંહજી મૂર્ખ નથી, વાતનો વિચાર કરવા બુદ્ધિ છે. કોઇને અપરાધી થયેલો માની લેતાં પહેલાં, વિચારવું, જોવુ, ધૈર્ય રાખવું અને સાચ શોધવું, મને તે આવડે છે. તમને સંદગ્ધિ નજરથી જોતાં કે, તમે અપરાધી કહો તેને અપરાધી માની લેતાં હું વિચારીશ. દિવાન! વાતની તાણાતાણ મને ગમતી નથી, કંઈ ભેદ છે. કહો! નહિં તો માની લેવાનું કે વાતમાં તમે પણ સંડોવાયેલા છો." નટવરલાલ દબાયો, મહારાજાને મુખે નટવરલાલે પોતાને કહેવાતા આવા વાકયો. પ્રથમજ સાંભળ્યા.

મહારાજાની કૃપા તેને વેડફાતી દેખાઈ, નટવરલાલ ડર્યો, અંતરૂમાં કંપ્યો, પોતે લખેલા ભેદી પત્રો કદાચ મહારાજા સુધી પહોંચ્યા હોય. નટવરલાલને ઉદ્ભવેલી શંકા સાચી થતી જણાઈ. કહું ? અંતરે બુદ્ધિને પૂછ્યું. નટવરલાલની બુદ્ધિ ગુંચવાઇ. પ્રતિપક્ષિઓનું વાટવુંજ. શત્રુને પ્રબળ શામાટે થવા દેવા ? અંતે નિશ્ચય થયો. અને કુમાર હરભમજી અને રામમોહનદાસનું આ કાવત્રું હોવાની આશંકા નટવરલાલે મહારાજાને દેખાડી.

" દિવાન કંઇ મુદ્દો મળી શકશે કે ? " મહારાજાએ નટવરલાલ સામે દ્રષ્ટિ સ્થિર કરી પૂછ્યું. ચક્ષુઓ સંદિગ્ધ હતાં.

" મેળવી આપીશ, પણ અત્યારે નથી. " નટવરલાલે સમય માગ્યો. અને મહારાજાએ તે આપ્યો.

તે વાત વિસારી રાજા અને અમાત્ય થોડો સમય રાજ્ય કાજની વાને વળગ્યા, નટવરલાલે એક એક કરતાં યુક્તિથી હરભમજીના ઘણા દોષો દોરી દેખાડયા, અને તેના નેતા પદ્ચ્યુત રામમોહનદાસને મનાવ્યા, ઘણી વાતો થઇ. સમય ઘણો વીત્યો હતો, રાત્રિનું સામ્રાજ્ય વ્યાપ્યું અને તેની પણ ક્ષણો ગણાવા લાગી. " ઠીક છે. નટવરલાલ સઘળું જોઇ લેવાશે, વસંતપુરનો રાજ્યદંડ અપરાધીને ભારે પડશે." સઘળી વાતોની અંતે મહારાજા મારમીક વાક્યો બોલતા ઉઠયા, નટવરલાલને જવા રજા મળી, તે ગયો. મહારાજાનો માનીતો ખવાસ પણ મહારાજા પાસેથી ખસ્યો, મહારાજા એકલા રહ્યા, સંકેત થયો. મહારાજાને મળવા રાજબા આવી હતી, તે મહારાજા પાસે ખંડમાં આવી.

પરિચ્છેદ ૧૫ મો.

મહોત્સવ

(વસંતપુરનું રાજ્યતંત્ર ચાલુ.)

રાજબાને આવતી જોઈ મહારાજા થોડાં પગલાં સામા ગયા, જમણો હસ્ત પ્રિયતમાને વિંટાયો, "પ્રાણેશ્વરી ! કુશળ છો કે ?" મહારાજાએ સ્મિત ભર્યા મુખે પૂછ્યું. હૃદયો ચંપાયાં, પણ અધો દ્રષ્ટિ રાખી ઉભેલી રાજબા લજ્જા અને વિનય વશ થઇ હોય તેમ, નવોઢા વધુ પેઠે અબોલ રહી.

"કુમારશ્રી આનંદમાં હશે ?"

"હાજી...તે આનંદમાં છે." મહારાજાના બીજા પ્રશ્નનો મંદ ઉત્તર મળ્યો. કંઇક નિમિષો મૌનતા પોષાઈ, "વિયોગ નહોતો સહેવાતો." રાણી મૌનતા ભેદી બોલી, વાણીમાં માધુર્ય અપ્રતિમ વ્યક્ત હતું.

"દેવી ! તે અનિવાર્ય પ્રેમેજ મને આકસ્મિક રીતે તમારી પાસે લાવી મૂક્યો છે. ભોળા મહારાજાએ પ્રણુય પ્રાબલ્યનો નિયમ ઉચ્ચાર્યો. વાતો ચાલી, રાજબાના કૃત્રિમ પ્રેમના પાના ઉખડ્યાં, વંચાયાં અને પ્રાંતિ પર્યંત પહોંચ્યાં. પ્રપંચી રાજબાએ વ્યવહાર અને રાજ્યતંત્રની વાત ઉચ્ચારી. દેવર હરભમજી ઉપર પ્રજામાં અત્યાચાર કર્યાનું આળ મૂકાયું, રાજ્યના કાર્યોમાં માથું

મારી, રાજ્યને ગવર્નમેન્ટ એજન્સિની દૃષ્ટિમાં હલકું પાડવા માટે પ્રયત્ન કરવાનો ભીષણ આરોપ હરભમજી ઉપર રાજબાએ આરોપિત કર્યો. સાચું શું માનવું? મહારાજા ને ભ્રાન્તિ થઇ, સરળ અંતરનો હરભમજી આવાં કાવત્રાં રચે, તે વાતને વજન આપતાં મહારાજાનું મન પાછું હઠયું. રાજબાની સઘળી વાતો મહારાજાએ મૌન રહી સાંભળી, વિચારો ઉપર વિચારો આવ્યા, લઘુબંધુ હરભમજીના સદ્‌ગુણો વડીલ સહોદરનાં અંતરમાં તરવરવા લાગ્યા, રાણી કહે તે સાચું જ હોય, મહારાજાએ તે માનવુંજ જોઇએ. પોતે પોતાને વશ નહોતા, તોપણ સહોદરના દોષોને અંતરમાં અવકાશ આપ્યા પહેલાં મહારાજાએ દિવાન નટવરલાલને પૂછેલો પ્રશ્ન રાણીને પૂછયો. " કંઇ મુદ્દો મળશે કે?"

" મુદ્દો? મુદ્દો મળશે...આપનો અને પુષ્પ જેવા આપના બાળકુમારનો પ્રાણ લેવાશે ત્યારે," રાણી રોષે ભરાતી દેખાઈ. રાણી બોલી રહી, પણ તેનાં ચક્ષુઓમાંથી અશ્રુ ખરતાં મહારાજાએ જોયાં. પ્રેમાળ ભોળા પતિથી પ્રિયતમાનાં અશ્રુઓ ન સહેવાયાં, રાજબાનો હસ્ત પકડી પ્રેમથી તેને પોતાના તરફ ખેંચી. "પ્રિયતમે! નચિન્ત રહો! કુમારનો કે, મારો વાળ પણ કોઇનાથી વાંકો થઇ શકે તેમ નથી, રાજ્ય માર્ગમાં કાંટો હશે તો, તે મારા પાદ પ્રહારથીજ નષ્ટ થઇ જશે...સઘળું વિચારાશે." રાણીના મોહક અભિનયોમાં મુગ્ધ થતાં, મહારાજાએ રાજબાને આશ્વાસન આપ્યું, બોલતાં મુખ ઉપર અભિમાન પ્રત્યક્ષ થઇ ગયું, બુદ્ધિ વિચાર શક્તિ હારી બેઠી, સહોદરનો વિચાર ન રહ્યો. મહારાજા રાણીને વિનવવા લાગ્યા. " બહુ તાણવું તૂટી જશે. " રાણી માનવ પ્રકૃતિનો આ નિયમ સમજતી હતી, તેણે પોચું મૂક્યું.

" તે આપના નાના બંધુ છે, તેના ઉપર ક્ષમા અને દયા આપે રાખવી ઘટે. આપને યોગ્ય લાગે તેમ કરો ! પણ પેલા બુઢ્ઢા રામમોહનદાસને શરમ નથી, તેને જ વસંતપુરની હદ બહાર કાઢવો જોઇએ છીએ. કાચી બુદ્ધિના હરભમજીને તેણે જ ભમાવ્યા છે. " રાણીએ લાગ સાધ્યો, એક કાંકરે બે પક્ષિઓ હણવા જેવું કર્યું, સઘળું એક પછી એક રાણીએ આજે જ મહારાજાને કહી દીધું, સઘળું કહેવાઇ રહ્યું. કુમાર એકલા હોવાનું નિમિત્ત બતાવી રાણી ગઇ, પણ મહારાજાને ભંભેરી ભમાવી ગઇ.

ભ્રાતૃ સ્નેહમાં વિષ ભળ્યું., હરભમજી અને રામમોહનદાસ પ્રત્યે મહારાજાના અંતરમાં વિદ્વેષ વ્યાપ્યો. હરભમજીને તો મહારાજાથી તુરત કંઇ ન થઇ શકયું, પણ વૃદ્ધ રામમોહનદાસ ઉપર મહારાજાની રોષ દ્રષ્ટિ ઢળી, કૃતઘ્ન અમાત્યે વસંતપુરના રાજવંશ પ્રત્યે કરેલા ઉપકારો તરુણ મહારાજાએ વિસ્મૃત કર્યા, રામમોહનદાસે વસંતપુર રાજ્ય માટે ખરે વખતે ઝીલેલા ઘા મહારાજા ભૂલ્યા. બાલ્યાવસ્થાથી અત્યારની અંતિમ ઘડી સુધી મહારાજાએ પોષેલી વૃદ્ધ અમાત્યની મર્યાદા ઉન્મૂલિત થઇ, રાજ્યના જૂના હિસાબોમાં ગોટાળો કરેલો હોવાનું ઉઘાડું તહોમત્ત રામમોહનદાસ ઉપર અન્ય પાસે મહારાજાએ મૂકાવ્યું, તેના ઘર ઉપર ચોકી મૂકાઈ. વાતનું સત્ય કાઢવા રામમોહનદાસ તૈયાર હતા, પણ તે સત્ય મહારાજાને જોઇતું જ નહોતું. " આવું ન ઘટે. " મહારાજાને સુજ્ઞોએ સલાહ આપી, પણ કોઈનું આ સમયે નજ મનાયું. વૃદ્ધ રામમોહનદાસનો વસંતપુરની અદાલતોમાં કેસ ચાલ્યો, અને તેના ન્યાયે તે વૃદ્ધ આમાત્યના કૃષ હાથ પગમાં બેડીઓ નાંખી. વાત પ્રજામાં ફેલાઈ, રામમોહનદાસ પ્રત્યે અન્યાય થયો કહેવાયો, પ્રજામાં ત્રાસ ફેલાયો, પણ મહારાજાએ

આ સમયે તેવી કંઇ દરકાર નજ કરી. રામમોહનદાસનો પક્ષ લઈ, એક શબ્દ પણુ બોલનારને રાજ્યદ્રોહી ઠરાવી ઘટતી શિક્ષા કરવાના આજ્ઞા પત્રો પ્રગટ થયા. રાજા રૂઠયો, ત્યાં કોઈનાથી આડો હાથ ન દેવાયો. વાત લોકમાં થોડા દિવસ ચરચાઇ, વિસારે પડી, અને તે વાત ઉપર પણ બે માસ વીતિ ગયા.

વસંતપુરનું આજનું પ્રભાત મહિમાવંત્ર હતું, આજે મહારાજા કૃષ્ણુસિંહજીનો જન્મ દિવસ હોવાથી રાજનગર વસંતપુરમાં મહોત્સવ આન્દોલિત થઇ રહ્યો હતો. પ્રિયતમ રાજાના દિર્ઘાયુષ્ય ચિન્તન માટે રાજભક્ત પ્રજાએ આજે ઘણું કર્યું હતું, કિંબહુના? આજ વસંતપુર મોજ મઝાહનું કેન્દ્ર થયું હતું. પ્રજાજનો આનંદ ઉત્સવ માણી આજના ઉજ્વલ દિવસનું સાર્થક સાધી રહ્યા હતા, ત્યારે મહારાજાએ આ વર્ષે જન્મોત્સવ મહાલવા નૂતન ક્રમ યોજ્યો હતો, તેણે અરણ્યમાં મૃગ ક્રીડા માણુવાનો નિશ્ચય કર્યો હતો. શહેરથી ચારેક કોસ દૂર અરણ્યમાં મહારાજાની છાવણી નખાઈ, ક્ષાત્રવૃત્તિના રાજ્ય દ્વારી પુરૂષોને મહારાજા સાથે મૃગ ક્રીડન માટે જવા નિમંત્રણ થયું. લઘુબંધુ હરભમજી અને વડીલ બધુ કૃષ્ણુસિંહજી વચ્ચે હમણાં અંતર્ વૈમનસ્ય હતું, બંને બધુઓ વચ્ચે ખરાખારડું ચાલી રહ્યું હતુ, પણ જગત તે ન જોઇ શકયું, મનુષ્યોની દૃષ્ટિ તો તેઓનો સહોદર સ્નેહ અવિચ્છિન જોઈ શકતી હતી.

હરભમજી પણ આજે વડીલ બંધુ સાથે મૃગક્રીડા માણવા જવાના હતા, આજ પ્રભાતમાંજ બ્રાહ્મણો અને ભિક્ષુઓના આશિર્વાદ સંપ્રાપ્ત કરી, મહારાજા મંડળ સાથે મૃગયા ખેલવા અરણ્ય તરફ સિધાવ્યા. મધ્યાન્હ થતાં સુધી સદોષ ક્રીડા રમાઇ, અસંખ્ય નિર્દોષ વન પશુડાંઓના પ્રાણુ હરાયા, અસંખ્ય વનવિહારી રાંકડાં

બ્યુગલો ખંડીત થયાં. માનવ પ્રાણીના ક્ષણિક આનંદે અસંખ્ય નિરપરાધિ પ્રાણીઓની ભીષણ હત્યાઓ કરી નાંખી. મધ્યાન્હે શિકારી ટોળી શ્રમિત થઇ, તે સાથે તેઓની મૃગ ક્રીડા પણ પૂર્ણ થઈ. અરણ્યમાં છૂટા છવાયા થયેલા શિકારીઓને છાવણીમાં એકઠા થવા બ્યુગલો (સંકેત સૂચક વાદ્ય) ફુંકાયા, મહારાજાની સાથેનાઓ છાવણી તરફ વળ્યા, અને તેની પાછળ શ્રમિત શિકારીઓ એક એક કરતાં છાવણીમાં એકઠા થયા. શિકારીઓને વ્યાયામ તથા ખાવાપીવાની પ્રથમથીજ છાવણીમાં વ્યવસ્થા કરી હતી.

તંબુમાં થોડો સમય વિશ્રાન્તિ લીધા પછી, મહારાજાને સ્નાન કરવા ઇચ્છા થઇ, તેને સ્નાન કરવા બીજાજ તંબુમાં સોઇ થએલી હતી, મહારાજા તે તંબુમા ગયા. સ્નાન વિગેરેના સ્થળોમાં મહારાજા હોય, તે સમયે નિર્મિત ખવાસો સિવાય અન્ય કોઇને આજ્ઞા વિના તે સ્થળે જવા અધિકાર નહોતો, છતાં હરભમજીએ મહારાજાના ઉક્ત નિયમનો આજે અનાદર કર્યો. મહારાજા સ્નાન કરતા હતા, તે તંબુમાં હરભમજી નિર્ભયતાથી પેઠો, લાગ સધાયો, મહારાજા હથિઆર વિહીન હતા. હરભમજીને આજ્ઞા વિના તંબુમાં આવેલો જોઈ, તંબુમાંના ખવાસો સ્તબ્ધ થઇ ગયા. મહારાજાએ યોજેલા નિયમનો હરભમજીએ ભંગ કર્યો હતો, પણ તે મહારાજાનો નાનો બંધુ હતો, સેવકોથી તેની અવમાનતા ન થઈ શકી, મહારાજાની આજ્ઞાની સ્મૃતિ સરખી પણ તેઓનાથી હરભમજીને ન અપાઇ; અક્ષર પણ ન ઉચ્ચરાયો. બિચારા ખવાસો મૌનજ ઉભા, પણ લઘુ બંધુથી પોતાની સત્તાની અવજ્ઞા થતી મહારાજા ન સહી શક્યા. " હરભમજી ! કેમ અહિં આવવું પડયું ? " વક્ર દૃષ્ટિથી જોતાં મહારાજાએ પૂછ્યું.

" જી ! આપને એક વિજ્ઞપ્તિ;" હરભમજી બોલ્યો, પણ તે પુરૂં બોલી રહે, તે પહેલાંજ મહારાજા વચ્ચમા બોલ્યા," અહિં તે ન હોય." બોલવામાં અંતરનો વિદ્વેષ ઉવળતો જણાયો. વડીલ બંધુના આ શબ્દો હરભમજીએ આજે પ્રથમજ સાંભળ્યા, પણ તે અસહ્ય થયા, હરભમજીની આંખ ફરી, દાંતમાં ઓષ્ટ કચરાયો, સ્વાભાવિક ક્ષાત્રત્વ ઉતેજીત થયું. પણ બીજીજ નિમિષે તેને સ્મૃતિ થઈ કે, ક્રોધ પુજ્ય સહોદર ઉપર સતેજ થતો હતો, તે અયુક્ત હતું. ક્રોધ છૂપાવ્યો—સમાવ્યો, " મહારાજા ! મને આ સ્થળ અને આ સમયજ ઉચિત લાગે છે. " હરભમજીએ કંપ સ્વરે કહ્યું.

" ચિત્તભ્રમ થયો કે, શું ? આને શું કરવું ?" મહારાજા અંતરગત્ બબડયા,આસપાસ જોયું, પોતાને સ્નાન કરાવતા ખવાસો અને હરભમજી સિવાય પાસે કોઈજ નહોતું.હરભમજીનુ અંતર્ મહારાજાએ કળી લીધું હતું, આજનો હરભમજી બીજો હતો, તેનાં ચક્ષુઓમાં અગમ્ય સત્તા તરવરતી મહારાજાને દેખાઇ, પોતાની સઘળી શક્તિઓ તેને આ વખતે લઘુ બંધુ પાસે નિરર્થક લાગી. મહારાજાએ સમય વિચારી લીધો, " હરૂભા ! તમારા જેવા ડાહ્યા બંધુઓ પણ મોટાંઓની અવગણના કરે ખરા કે ? " અંતર્ ક્રોધને છૂપાવી, મહારાજા હરભમજીને ઠપકો દેતા શાન્તિથી બોલ્યા.

" નહિં ! શિરસાવંદ્યની અવમાનતા હરભમજી કદિ નહિં કરે. કૃતઘ્નતા તેને આવડતી નથી " બહુ નમ્ર ઉત્તર મળ્યો.

" કહો ! શું કહેવું છે ? " મહારાજા અનીચ્છાએ હરભમજીને અનુકૂળ થતા દેખાયા.

" બિચારા વૃદ્ધ રામમોહનદાસની કરૂણા આપને નથી ! " હરભમજી બહુજ મંદ સ્વરે બોલ્યા.

"હોય વા ન હોય. પણ તેનું તમારે શું છે?"

"તેને કેદથી અને કલંકથી મૂક્ત કરવા, તેનું તેને પાછું આપવું, અને આપની સત્તાએ જે કાંઇ તેનું અયોગ્ય કર્યુંછે, તેનો બદલો તેને વાળી આપવો, દિવાન નટવરલાલને અધિકાર ભ્રષ્ટ કરી દેશપાર કરવા, પ્રથમ તો આપે એટલુંજ કરવું. હજી છે ઘણું, પણ સઘળું પાછળથી." હરભમજીએ નિર્ભય રીતે સઘળું કહી નાખ્યું. બોલવામાં સત્તા પ્રત્યક્ષ હતી.

"હરભમજી! આજે તમારી બુદ્ધિ ફરીછે, રામમોહનદાસનો પક્ષ કરવામાં શું જોખમ સમાયેલુંછે, તે તમે જાણોછો? રાજ્યાજ્ઞા તમે વાંચી હશે...? ધ્યાનમાં રાખજો! કે, તે સત્તા રાજા અને પ્રજા માટે સરખીજ છે, રાજ્ય શાસનને પક્ષપાત નહોય." મહારાજાએ હરભમજીને ધમકાવ્યો.

"રાજ્યાજ્ઞા મેં વાંચીછે. તે આજ્ઞાએ પ્રજાને અન્યાય આપ્યોછે, આપ ખુદીનો અમલ થયોછે. તેવી આપખુદ સત્તાને પોષવા કરતાં તેનું નિકંદન થવા દેવામાં સર્વનું અભિષ્ટ છે...આપે આ સમયે તો મારા કહેવા પ્રમાણે કરવુંજ પડેશે. હું સઘળું લખી સાથે લાવ્યો છું, તે સત્ય રાજયાજ્ઞાઓજ છે. આપના કલ્યાણ માટે તેમાં સહી કરી આપોં!" હરભમજીએ અચકાયા વીનાજ મહારાજાને કહ્યું, ખીસ્સામાંથી કાગળો કાઢયા.

"રામમોહનદાસ માટે મને અક્ષર પણ કહેતા નહિં! તેની સહી હું કદિ કરનાર નથી. હરભમજી! પારકાઓ માટે ઘરમાં કલેશ શા માટે વ્હોરોછો? વિચારો! વૈર વાળી શું મેળવશો? તમારાથી કે, મારાથી કંઇ અયુક્ત થયું તો, જગત જાણશે. કાળ જશે, અને

કહેણી રહી જશે. કૃષ્ણસિંહજી અધમ કહેવાશે. અને કાંતો કૃતઘ્નતા-નું હડહડતું લાન્છન તમારા જીવનને ચોંટશે. આવું શા માટે કરવું જોઇએ ! રામમોહનદાસ રાજ્યદ્રોહી છે, તેને તેનાં કૃત્યોનું ફળ ભોગવવા દ્યો ! તેને અને તમારે શું ? કે, તમે તેને માટે કરી, આવી હિમ્મત કરોછો ? ભલે ! તેમ રુચેતો તે કરો ! પણ હરભા ! તમારો વડીલ પ્રત્યેનો ધર્મ વિચારજો ! નહિં તો મારૂં અને તમારૂં જીવન ઝેર થયું સમજજો ! " મહારાજાએ હરભમજીને સમજાવવા શાન્ત સ્વરે કહ્યું, ધર્મ અને પરિણામની યાદ આપી, લોકલજ્જાથી ડરાવ્યો.

" મહારાજા ! મારો સત્યાગ્રહ છે, રામમોહનદાસ બિચારા નિર્દોષ છે. વસંતપુર રાજ્યનું ન્યાય સાશન તેને અન્યાય આપી અપવાદાય, તેજ મને અસહ્ય થાયછે. રામમોહનદાસે આપના રાજ્ય અને તેના ગૌરવ માટે બહુ સહ્યુંછે, તે વૃદ્ધ પિતાને સ્થાને ઘટેછે, તેની રાજ્ય સેવાનો બદલો તેને આવો ન મળવો જોઇએ, આપનું ભોળું અંતર, અંતરગત બાજી શું રમાયછે ? તે જાણી શકયું નથી, પણ મહારાજા ! ભેદ ભયંકર છે, બાંધી મુઠી હશે, ત્યાં સુધીજ સઘળો ભ્રમ ભળાશે. હું, સઘળું જાણુંછું, મેં જોયુંછે, પણ આપનું શ્રેય વિચારીનેજ અત્યાર સુધી હું મૌન રહ્યો છું. હવે નહિં સહન થાય, ગવર્નમેન્ટ એજન્સિને વચમાં પડવું પડે તે પહેલાં આપ વિચારોતો સારૂં." હરભમજીએ અંતરૂના ઉભરા ઉછાળ્યા.

હરભમજીના શબ્દો સાંભળતા મહારાજાનો ક્રોધ કાબુમાં ન રહ્યો, એજન્સિ અને બાંધી મુઠીનું સાંભળતાંજ મહારાજા નહાતા હતા, ત્યાંથી રાતા પીળા થતા બહાર કૂદી પડ્યા. " માધુ ! મારી

તરવાર...તે મને એજન્સિ સુધી પહોંચાડે કે, મારૂં ઉઘાડું કરે, તે પહેલાંજ હું તેનો નિકાલ કરી દઉં." તરવાર નહાવાના તંબુમાં નહોતી. બોલતાં મહારાજનું શરિર ક્રોધથી કંપ્યું.

"વડીલ! ત્યાંજ ઉભા રહો!......પ્રથમ આ આજ્ઞા પત્ર ઉપર આપ સહી કરો!" હરભમજીએ નિર્ભય રીતે આજ્ઞા ગર્ભિત કહ્યું. "હું, મારી તરવાર અને માથું આપને ખોળેજ મુકીશ, દોષિત દેખાઉં તો, આપને યોગ્ય લાગે તેમ કરજો!" હરભમજી વિનીત સ્વરે બોલ્યો.

"હરભમજી! સહી નહિં થાય. હું હૂકમ કરૂં છું, કે, તમારાં હથિયારો મને સોંપી હમણાં તમારે બહાર પહેરેગીરો પાસે બેસવું! મને લાગેછે કે, તમારૂ દુર્ભાગ્ય તમને આ ઉદ્ધતાઇ શિખવેછે. નહિં તો, તમને આવું કદી સુજે નહિં......વિચારો! મન સ્થિર થયા પછી મારી સાથે વાત કરજો!" હરભમજી નજ ખસ્યો, મહારાજા સામે જોતો મૌન ઉભો. "માધુ! બહારથી પહેરાવાળાને બોલાવ!" મહારાજાએ સત્તાનો ઉપયોગ કરવા ચાહ્યો. ખવાસ તંબુ બહાર દોડયો, કંઇ જોયું, અને ઉતાવળો પાછો ફર્યો. "બાપુ! સરદાર દેવીસિંહજી બહાર ઉભાછે, સાથે ઘણા સિપાઇઓ પણ છે." ખવાસે વિસ્મય ભાવથી કહ્યું.

"તે સઘળા અહિં કેમ એકઠા થયાછે?" મહારાજા વ્હેમાયા, સવાલ પૂછ્યો, અને થોડી નિમિષો વિચારતા મૌન ઉભા. "સરદારને અહિં બોલાવ!" વિચારની પરાકાષ્ટાએ, કોરાં વસ્ત્રો બદલતા મહારાજાએ હૂકમ કર્યો.

પરિચ્છેદ ૧૬ મો.

પાપની પરિસીમા.

(વસંતપુરનું રાજ્યતંત્ર ચાલુ)

व्रजंति ते मूढ धियः पराभवं भवंति मायाविषु येन मायिनः ।

દેવીસિંહજી ખવાસ સાથે તંબુમાં આવ્યો, અને મહારાજાને પ્રણિપાત કરી મૌન ઉભો. "દેવીસિંહજી ! સિપાઇઓ અહિં સાથે કેમ આવ્યા છે ?" મહારાજાએ કર્કશ સ્વરે પૂછયું.

"પ્રભુ ! આપના અને સૌના કલ્યાણ માટે." ઉત્તર મળ્યો, દેવીસિંહજી વિનય પૂર્ણ હતો.

"સરદાર સાહેબ ! હું હમણાં તમને બોલાવવાનો જ હતો." મહારાજાનો સ્વર સંદિગ્ધ હતો, અંતરમાં કંઇ ડરતા દેખાયા, પણ સૈન્યાધિપતિનું તેણે વાણિથી સ્વાગત કર્યું.

"હૂકમ ફરમાવો !" દેવીસિંહે ઘટતું કહ્યું. હરભમજી અને સરદારની દૃષ્ટિ સધાઇ, સંકેત થઇ ગયો.

"હૂકમ ? હૂકમ બીજો શું હોય ? હરભમજી આજે ઉદ્ધત થયા

છે, તેને શું કરવું ?"...મહારાજા ચિન્તિત દેખાયા. "તેને મારી પાસેથી લઈ જાઓ! સમજાવો! અને ન સમજે તો, મારો બીજો હુકમ મળતાં સુધી તેને તમારા આધીનમાં રાખો!" મહારાજાએ આજ્ઞા કરી.

"તે મારાથી કેમ થાય ? તેનો અને મારો અધિકાર સરખો નથી...હું, આપનો આજ્ઞાકિંત સેવક છું. ત્યારે હરભમજી વસંતપુરના ભાવિ "...દેવીસિંહજીથી પૂરૂં ન કહેવાયુ, પણ મહારાજાનો આજ્ઞાને અવલંબન ન આપ્યુ.

"સરદાર ! વિચારવાનું કંઇ નથી, હું કહું તે કરવું. સેવક હો તો, સેવક ધર્મ તેજ છે. કૃતજ્ઞતાની કસોટી ત્યાંજ છે." મહારાજાએ પટુતા આગળી, સૈન્યધિપતિને સાધવા મૃદુ સ્વરે બોલ્યા.

"પણ આપ કહો તેમાં રાજ્યનું આપનું અને પ્રજાનું શ્રેય હોવું જોઇએ, આપની આ આજ્ઞા અનર્થક છે." દેવીસિંહે વિનયથી નમી કહ્યું.

"દેવીસિંહ ! મને સ્વપ્ન પણ નહોતું, કે, વીર રાણી જાયાઓ આવી કૃતઘ્નતા શિખશે. મારી આજ્ઞામાં શું અનર્થ દેખાયો ? મેં, શું અન્યાય કર્યો ? રાજ્ય કે, પ્રજાનું મેં શું બગાડયું ? કહો! ...તમે તેવુ મારાથી શું બનતું જોયું ?....હું સઘળુ જાણુંછું, વસંતપુર ઉપર હું સત્તા ચલાવું, તેજ સૌને સાલે છે, મારાથી કંઇ અજાણ્યું નથી. હરામી રામમોહનદાસે હરભામાં રાજ્ય લોભ પ્રેર્યો, તેને ભંભેર્યા, કાવા દાવા શિખવ્યા. અંતે પોતે પાયમાલ થયો.... અને...હવે, બીજાઓનો વારો...સરદાર ! રાજ્યમાં ઉધી પેઠી, અંતર્ ખવાઇ ગયું, હવે શું થાય છે, તે જોવાનુ છે. દેવીસિંહજી !

રાજની સત્તા, લક્ષ્મી લશ્કર અને કૃતજ્ઞ સેવકોને જોરે, પણ તે સઘળું તમારૂં થયું હોય તો, કંઈ નહિં...હું મારી આજ્ઞા પાછી ખેંચી લઉં છું, હું મારા તંબુમાં જાઉંછું. મારા હૂકમનો અનાદર ઘટે તો, ભલે તેમ કરો! પણ દેવીસિંહજી વિચારજો! બ્રીટીશ સત્તા ન્યાય આપશે, હું તે સત્તાને શરણે જઈશ, તમારે પસ્તાવું પડશે." મહારાજા નિરૂપાય થતા દેખાયા. વસ્ત્રો પ્હેરી તંબુ બહાર જવા દરવાજા તરફ ચાલ્યા.

"મહારાજા? મને ક્ષમા કરો!...આપે હરભમજીની ઇચ્છા પ્રમાણે અત્યારે તો કરવું પડશે. એટલો તેનો અધિકાર છે." જતા મહારાજાની આડા ઉભા રહેતાં દેવીસિંહે આગ્રહ કર્યો.

'સરદાર! ઉપકારનો અપકાર કરી સંતોષશો, શું? હરભમજી કૃતઘ્ન થયો છે, તે દૂધપાઇ ઉચ્છેરેલો સર્પ છે. તે પોષકને દંસે, તેનું ઝેર વ્યાપે, અને તે પોષકનાં અંગો ઉપાય છતાં સહી રહે. શું? અંગોની તે ઓછી અધમતા? હું નિરૂપાયે થોડો વખત સઘળું સહી લઇશ, પણ સત્તા કેમ સહેશે? દેવીસિંહ મને પાછળથી વિચાર આવે છે કે, મેં તમારો વિશ્વાસ નજ કર્યો હત તો, હું આમ મારી આજ્ઞાની અવગણના થતી જોત, કે 'કૃતજ્ઞતાને ઓળખતાં હોતો હજી હું ક્ષમા આપીશ. મારા હૂકમને માન આપો! હરભમજીને પકડો! તે રાજ્યદ્રોહી છે, રાજ્યના હક્કદાર યુવરાજનો હક્ક ડુબાડી તે વંસતપુરનો અધિકાર હસ્તગત્ કરવા નિષ્ટા રાખે છે. તે જગત્‌ને પોતામાં ભ્રમાવે, પણ દેવીસિંહજી! તમારા જેવા સ્વામિભક્ત વીર પુરૂષોએ ધૃષ્ટતાથી સત્ય શોધવું જોઇએ; તમે જે બોલ્યા, મને જે ધમકી આપી, તે અયુક્ત નહિં? તેવું બોલવામાં શું તમને અન્યાય

નથી લાગતો ? તમને તમારો ધર્મ નથી સાંભરતો ? તેમ કરવામાં તમારી સ્વામિ ભક્તિ અપવાદાશે નહિ ?" મહારાજાએ દેવીસિંહજીને બહુ કહ્યું. જુસ્સો અને શાન્તિ પ્રતિક્ષણે દેખાઈ ગયા, તે બોલી રહ્યા, અને શાન્ત થઇ ઉત્તરની રાહજોતા મૌન ઉભા, થોડી ક્ષણો શાન્તિ વ્યાપી.

દેવીસિંહ સઘળું સાંભળી રહ્યો, મહારાજાના બોલવાથી તે ન ક્ષોભાયો, પ્રતિકૂળજ રહ્યો. "મહારાજા ! આપ હરભમજીના આજ્ઞાપત્રો ઉપર સહી ન કરો, ત્યાંસુધી, આ તંબુમાંજ વિરાજજો ! આપને વસંતપુરની રાજ્યસત્તા આજ્ઞા કરે છે, આપે આપના શ્રેય માટે તેને માન આપવું જ પડશે. " દેવીસિંહે આજ્ઞા કરતે સ્વરે પણ બહુ વિનયથી કહ્યું, તેણે મહારાજાને નમ્યું ન આપ્યું. કહેવું હતું તે નિર્ભયરીતે કહી દીધું, હવે મહારાજાને પોતાની સાચી સ્થિતિનું ભાન થયું, હવે તેને સમજાયું કે, પોતાનું પોતાની પાસે કોઇજ નથી. સૈન્યાધિપતિ અને વસંતપુરનું સૈન્ય પોતાનાથી વિફરી બેઠેલાં દેખાયાં, હરભમજીનો પક્ષ તેઓએ પ્રત્યક્ષ રીતે સ્વિકાર્યો, તે સાથે રાજ્યના અનુભવી કાર્યવાહકો હરભમજીના થયા જણાયા. અહિં મહારાજાથી વિશેષ કંઇજ ન બની શક્યું, પણ સૈન્યાધિપતિ અને હરભમજીની માગણી મહારાજાએ અત્યારે તો, ન સ્વિકારી, રામમોહનદાસને મુક્ત કરી, તેને તેનું સઘળું પાછું આપવાના અને નટવરલાલને પદચ્યુત કરવાના આજ્ઞાપત્ર ઉપર સહી નજ કરી. તેના પરિણામમાં પોતાનાજ સૈન્યથી તેજ છાવણીમાં મહારાજા કેદ થયા, અને તેની સાથે છાવણીના સઘળા રાજ્યદ્વારીઓ તથા સેવકોની પણ તેજ સ્થિતિ થઇ. સ્નાનના તંબુમાંથી મહારાજાને તેના તંબુમાં લઇ જવામાં આવ્યા, પણ તંબુની આસપાસની નિર્મિત મર્યાદા

ઉલ્લંઘી આગળ પગ મૂકવાનો મહારાજાને પ્રતિબંધ થયો, ત્યારે બીજાઓને છાવણીની મર્યાદા બહાર જવા દેવામાં આવતા નહોતા, કે, છાવણીમાં અન્ય કોઇને આવવા દેતાં બહુજ ચોક્કસી રખાઈ હતી. મહારાજાની બીજી આજ્ઞા મળતાં સુધી કોઇએ છાવણી બહાર ન જવાના હૂકમો છાવણીમાં હરભમજીએ ફરમાવ્યો, પણ મહારાજા હરભમજી અને દેવીસિંહજી સિવાય છાવણીમાંના સઘળાઓ મહારાજાની અને પોતાની સાચી અવસ્થાથી અજાણ્યાજ રહ્યા, કાર્ય બહુ યુક્તિથી યોજાયું હતું, કોઈનાથી કંઇ કળી શકાય તેમ નહોતું. હરભમજીએ યોજેલી વ્યવસ્થાની અવમાનના કરનારને વિંધી નાખવા, છાવણીની આસપાસ વસંતપુરના સૈનિકો તરવાર અને બંદૂકોથી સુસજ્જ થઈ, ફરતા રહ્યા હતા, આ સઘળાનું કારણ મહારાજાનું શરીર અસ્વસ્થ હોવાનું મનાતું હતું, મહારાજાની શુશ્રૂષામાં રહેનારાઓ હરભમજીના વિશ્વસનીય હતા, છાવણીમાં સઘળી આજ્ઞાઓ મહારાજાના નામથી બહાર પડતી હતી, કિંતુ મહારાજાનો અધિકાર તંબુ આસપાસની નિર્મિત મર્યાદા બહાર પગ મૂકી શકાય એટલો પણ નહોતો, હરભમજી તેને એકક્ષણ પણ એકલા મૂકતોજ નહોતો. મહારાજાને છાવણીમાંની કે શહેરની કોઇ વ્યક્તિ મળી શકતી નહોતી, આવાં અનેક કારણોથી છાવણીમાં કેદ થયેલાઓ આ સઘળાનું કારણ કદાચ હરભમજીની કૃતઘ્નતા કલ્પતા હતા, પણ સત્ય વાતથી સૌ અજ્ઞાતજ હતાં.

બે દિવસો આવા વિતતાં વસંતપુરમાં મહારાજા માટે અનેક વાતો વ્યાપી, મહારાજાને વિષ દેવાયાની ગપ્પો લોકોમાં છાની છૂપી છણુભણુતી ચાલી, નટવરલાલનું કારસ્તાન કહેવાયું, હરભમજીનુ અંતર

રાજ્ય લાલસાએ કૃતઘ્ન થયું હોવાનું બોલાયું. " રાજ્યસત્તા માનવના બાહ્ય વર્તનને શાસિત કરી શકે, કિન્તુ, માનવના અંતર્ અને તજ્જન્ય અનિયંત્રિત મનોરાજ્ય ઉપર તે સત્તાનું શાસન નિરર્થકજ હોય. " વસંતપુરના લોકો વસંતપુર રાજ્ય કે રાજ્ય સંચાલક વ્યક્તિઓ વિરૂદ્ધ કદાચ જાહેરમાં એક અક્ષર પણ ન ઉચ્ચારી શકે, પણ તેઓનાં અતર્ ઉપર અન્ય કોઇનો અધિકાર નહોતો. વસંતપુરના મહારાજાને છાવણીમાં રોકાઇ રહેવાના અનેક કારણો લોક કલ્પનાઓ કલ્પતી હતી, પણ નટવરલાલ સાચું કારણ પામી ગયો, તેના અંતર્ને હરભમજીનો ભય પેઠો. હરભમજીએ કુમારના જન્મ સબંધી અને બીજા કેટલાક મુદ્દાઓ મેળવ્યા હતા, નટવરલાલ અને રાણીના કારસ્તાનોની કુંચીઓ હરભમજીએ હાથ કરી હતી, નટવરલાલ આ સઘળું પાછળથી જાણી ગયો હતો, પોતાના વૈરી હરભમજીનું ઉન્મૂલન કરવા, તે વાણીએ એક વખત ભયંકર તદબીર રચી, લાગ સાધિ, અંતઃપુરમાં તેને સપડાવ્યો.

ભયંકર ખૂનીઓ હરભમજી ઉપર ઉલટી પડયા, પણ,

મુદાઇ લાખ બુરા ચાહેતો, કયા હોતા હય ?
ઝિંગડી બન જાતી હય, જબ ફઝલે ખુદા હોતા હય.

આમજ થયું, નટવરલાલ અને રાજબાનાં ભયંકર કારસ્તાનોથી વીર ગરાસિઆનો વાળ પણ વાંકો ન થઇ શકયો, છતાં નિર્લજ નટવરલાલ હજી સમજતો હતો, કે, પોતાની અને રાજબાની કુશળતા માટે કંઇપણ કરવું જોઇએ. વળી તેઓએ પ્રસંગ સાધી ભાવભજવ્યો, મહારાજાને ભભેરી બંધુઓમાં વિદ્વેષ વાવ્યો, પણ તે વિદ્વેષનો વિષમ વિપાક પોતાને માટે સજાયેલો હવે તેને. દેખાયો.

છાવણીમાં મહારાજાને હરભમજીએ આધીન રાખ્યા હતા, આ સત્ય ઘટના શહેરની પ્રજા રાજ્યમંડળ કે, છાવણીમાંનું કોઇ જાણી શકયું નહોતું. મહારાજા અને તેની સાથેના મંડળને છાવણીમાં રોકાઇ રહેવાની અનેક કલ્પનાઓ સઘળાંઓમાં રાચી રહી હતી, પણ વિચક્ષણ વાણિયો નટવરલાલ મહારાજાની સાચી સ્થિતિ પાઇ ગયો હતો, હવે તેને તેનાં હથિઆરો હેઠાં પડતાં લાગ્યાં, તોપણ તે હજુ ધૈર્ય ન હાર્યો. હરભમજીએ મેળવેલા મુદ્દાઓનો સત્વર નાશ કરવા તેણે અંતિમ મહા પ્રયત્ન આદર્યો, અપૂર્ણ રહેલાં કાવત્રાંઓ પૂરાં કરવા તેણે પોતાના સાધ્ય સહાયકોને તૈયાર કર્યા. નટવરલાલને વસંતપુરની દિવાનગીરી મળી, તે સમયે તેણે પોતાને અધિકારે સુંદરદાસ નામના વસંતપુરના એક બ્રાહ્મણને નિયુક્ત કરાવ્યો હતો, સઘળા સહાયકોમાં તે સુંદરદાસ નટવરલાલનો હાથરૂપ થઇ પડયો નટવરલાલ માનતો હતો, નટવરલાલનું તે પ્રથમથીજ વિશ્વસનીય પાત્ર હતું. તેને નટવરલાલે રાજબાના કાર્યભારીનો અધિકાર અપાવી, પોતાનું હથિયાર બનાવ્યો હતો, પણ સુંદરદાસ નટવરલાલ કે, રાજબાનું શ્રેયસાધક હથિયાર નહોતો. સુંદરદાસનું અંતર્ નટવરલાલ અને રાજબાનું નહોતું, કિંતુ તે રાજ્ય, રાજા, અને તેના અનુયાયિઓનું હૈતેષિ હતું, તેઓના શ્રેયમાં સુંદરદાસ કર્તવ્ય ધર્મની સિદ્ધિ જોતો હતો. તે સાધવા, રાજબા અને નટવરલાલના શુભચિન્તકરૂપે તે અંતઃપુરના અનર્થક પ્રકરણોમાં ભાગ ભજવતો દેખાવા લાગ્યો, પણ વસ્તુતઃ અંતઃપુરનાં અને નટવરલાલનાં સઘળાં તંત્રોનો તે અભ્યાસી બન્યો. તે તેઓના પ્રત્યે પ્રપંચી થયો, અને યુક્તિથી અંતઃપુરનાં અને નટવરલાલનાં માણસોને વશ કરવા, લક્ષ્મીની લ્હેરમાં તેઓને તરબોળ કરી નાંખ્યા. આંતરીક રીતે હરભમજી તેનો સહાયક થયો,

તેવાં આવશ્યક માણુસોને સાધવા હરભમજીએ સુંદરદાસને પુષ્કળ પૈસા આપ્યા, અને તેનું સાર્થક સુંદરદાસ કરી શકયો. અંતઃપુર અને નટવરલાલનાં વિશ્વાસુ દેખાતાં માણુસો સુંદરદાસ કે, હરભમજી-નાં થઇ રહ્યાં, અને તેઓની સહાયથી હરભમજીના દાવો પોબાર પડયા, પણ વસંતપુરના રાજ્યતંત્રને પોતાની હથેળીમાં નચાવતી રાજબા કે, તેનો નેતા દિવાન આ છદ્મદક્ષ બ્રાહ્મણનું પ્રપંચ કૌશલ્ય કળી ન શકયો. પાછળથી નટવરલાલ અને રાજબા કંઈ જાણી શક્યાં, પણ સઘળું કોનાથી થાય છે ? તે અંતપર્યંત તેઓ-નાથી ન શોધાયું. મુત્સદી સુંદરદાસનું ચાતુર્ય અંત સુધી પોષાયું, તેતો છેલ્લે સુધી રાજબા અને દિવાનનો વિશ્વાસપાત્રજ રહ્યો.

મહારાજા હરભમજીની સત્તામાં સંકળાયા હતા, નટવરલાલ તે કળી ગયો, છેલ્લા બચાવ માટે તેને સુંદરદાસનું કામ પડયું, પોતાનાં અન્ય માણસો ઉપરથી હવે નટવરલાલનો વિશ્વાસ વેડફાયો, પણ હજી સુંદરદાસ ઉપર તેનો વિશ્વાસ અચળ હતો. અંતિમ અને મુદ્દાનાં કાવત્રાંઓની પૂર્ણાહૂતી માટે સુંદરદાસ ઉપરજ તેની આસ્થા રહી, અને તેને આજે પોતાને ત્યાં બોલાવ્યો. આજના પ્રસંગથી વિશેષ અનુકૂળ સમય-સુંદરદાસને પુનઃ ક્યારે સાંપડે ? મુત્સદી બ્રાહ્મણ તે ન ભૂલ્યો. નટવરલાલ તેની સાથે છૂપી મસલત કરવા બેઠો, પણ કદિ નહિંને આજે તે આવળો થતો જણાયો, કરેલી સેવાનો બદલો આજે નટવરલાલ પાસે તેણે માગ્યો. વાતની તાણાતાણ થઈ, છેવટે નટવર-લાલે અનીચ્છાએ સુંદરદાસને કંઈ લખી આપ્યું, તેમાં સહી કરી. એક સંદિગ્ધ દષ્ટિ કટાક્ષ સુંદરદાસ ઉપર ફેંકતાં તે બબડયો, " બ-ચ્ચાજી સર્વેની પાછળ તારો વારો." વાણીઆને વર્તમાન વિષમ પ્રસંગ

ક્ષણભર વિસ્મૃત થયો, સુંદરદાસને કાગળ આપતાં નટવરલાલ અંતરગત બબડયો, અને તેનું અભિમાન હસતું, મુખ ઉપર સ્ફૂરી ગયું. કાગળ ઉપર સહી થતાં, સુંદરદાસ સંતુષ્ટ થયો દેખાયો. નટવરલાલે બ્રાહ્મણ પોતાને વશ થયો માન્યો, સંશય વીના સઘળું સૂચન થઇ રહ્યું, સુંદરદાસને જવા રજા મળી, જતાં પહેલાં પુનઃ કાર્યની ભયંકરતા અને જોખમદારીની દિવાને સુંદરદાસને સ્મૃત્તિ આપી. નિશ્ચિંત રહેવાનું કહી, સુંદરદાસ ઘેર ગયો. આજે તેને કાર્યો ઘણાં કરવાનાં હતાં, પુનિત કર્તવ્યની અંતિમ ભૂમિકા તેને આજે સાધવાની હતી, વિચક્ષણ સુંદરદાસ તત્પર થયો. બે વિદેશીય આરબોને પોતાને ત્યાં બોલાવી, તેઓને કંઇ છૂપું સૂચન કર્યું, તેઓને કંઇ આપ્યું, અને વિદાય કર્યા. સુંદરદાસ આજે નિવૃત્ત થઇ ન બેઠો, પણ તેણે એક પછી એક કાર્યનો તોડ ઉતાર્યો. સૈન્યાધિપતિ દેવીસિંહજી સર્વ પ્રપંચોથી તટસ્થ હોય તેમ, વસંતપુરના થોડા સૈન્ય સાથે વસંતપુરમાં રહ્યો હતો, પણ વસ્તુતઃ પ્રજામાં કંઇ અશાન્તિ ન પ્રસરે કે, તેવી કંઇ તરખાટ ન જાગે તે ઉદ્દેશથીજ તેનું આ સમયે વસંતપુરમાં રહેવું હતું. સર્વ કાર્યોથી નિવૃત થયા પછી, સુંદરદાસ સરદાર દેવીસિંહજીને રાત્રે મળ્યો, તેને કહેવું હતું તે તેણે કહ્યું. દેવીસિંહજીએ તેજ વખતે બે ઘોડાં તૈયાર કરાવ્યાં, એક ઉપર સુંદરદાસ અને બીજા ઉપર દેવીસિંહજી સ્વાર થઇ, પૂરવેગે છાવણી તરફ ચાલ્યા, અંધકારમાં ઘોડાં દોડાવતા તેઓ થોડાજ સમયમાં છાવણીમાં પહોંચી ગયા, સરદાર દેવીસિંહજી અને સુંદરદાસ મહારાજાના તંબુમાં પ્રવેશ્યા, મહારાજાને પ્રણિપાત કરી, તેની પાસે બેઠા. હરભમજી મહારાજાનાજ તંબુમાં હતો, તેને દેવીસિંહજી સંકેત

કરી, તંબુ બહાર લઇ ગયો. ઉભય વચ્ચે છૂપી મસલત થઇ, ઉદ્દિમ મહારાજાનો કંઇ ઉપાય નહોતો, શું થાય છે ? તે મૌનતાથી જોવાનું હતું, અને થતું નિરૂપાયે મૌન રહી સહેવાનું હતું. વળી કંઈ નવો પ્રપંચ રચાતો મહારાજાએ માન્યો, પણ શું ? તે ન સમજાયો. દેવીસિંહ સાથે વાત કરી, બે ઘોડા અને ૭ ઘોડેસ્વાર સિપાહીઓને તૈયાર કરી, મહારાજાના તંબુ પાસે લાવી ઉભા રાખવા એક સિપાઇને તંબુમાં જતાં હરભમજીએ હૂકમ કર્યો. પછી સમય શુ ? સઘળું સત્વર તૈયાર થયું. હરભમજીએ તંબુમાં જઈ મહારાજાને પોતાની સાથે આવવા વિનંતિ કરી, સ્વિકાર્યા વીના છૂટકો નહોતો. હરભમજીની ઇચ્છાને વશ થઇ, મહારાજા તેની સાથે જવા તૈયાર થયા, મહારાજા અને હરભમજી ઘોડેસ્વાર થઇ, સુંદરદાસ સાથે ચાલ્યા, ૭ ઘોડેસ્વાર સિપાહીઓને હરભમજીએ સાથે લીધા. ત્યારે દેવીસિંહજી છાવણીની સંભાળ માટે છાવણીમાં રહ્યો.

આજે રાત્રિ અંધારી હતી, છાવણીમાંથી નીકળી ઉતાવળા ચાલતા, અશ્વારોહીઓના ઝાંખા આભાસો અનિયમિત માર્ગે થઇ, વસંતપુર તરફ જતા દૃષ્ટિ ગોચર થતા હતા. તેઓ અનિયમિત પંથે ચાલતા થોડા સમયમાં વસંતપુરના ઉદ્યાન પાસે આવી અટકયા, અહિંથી મહારાજા હરભમજી અને સુંદરદાસનેજ કોઇ નિર્મિત સ્થળે જવાનું હતું, તેઓ પાછા ફરે ત્યાં સુધી અહિંજ તેઓની રાહ જોવા, હરભમજીએ સ્વારોને હૂકમ ફરમાવ્યો. પોતાના ત્રણેના ઘોડાંઓ પણ અહિં સ્વારોને સોંપી, સુંદરદાસ લઈ જાય ત્યાં જવા હરભમજી અને મહારાજા સુંદરદાસ સાથે ચાલ્યા, થોડીજ ક્ષણોમાં જતા ત્રણે પદાતિઓ સ્વારોની દૃષ્ટિથી અંતર્હિત થઈ ગયા. તેઓ હજી

બહુ દૂર ગયા નહોતા, એટલામાં એક સિત્કાર થયો સંભળાયો. સિત્કાર સુંદરદાસેજ કરેલો હોવાનો મહારાજાને સંશય થયો, પણ શું થાય છે? તે મૌન રહી જોવા મહારાજાનો નિશ્ચય હતો, તેમજ કંઈ પણ બોલવું અત્યારે વ્યર્થ હતું. સ્થિતિ અને સમય વિચારી મહારાજા મૌન રહ્યા, પણ સાવધ થઇ ગયા, આસ પાસ અંધકારમાં દૃષ્ટિ ફેરવી, સિત્કાર થતાં ઝાડોની ઘટામાંથી નગ્ન તરવાર સાથે ચાર કાળા માણસોએ માર્ગે જતી નાની રાજ્યદ્વારી ટોળી ઉપર ધસી આવી, આગળ જતા ત્રણેને અટકાવ્યા, કોઇનાથી તે ભયંકર માણસો સામે ન થઈ શકાયુ. હરભમજી અને સુંદરદાસ પાસે તરવારો અને બીજાં હથિયારો હતાં, પણ તે સઘળાં શાએ કારણથી અહિં નિરર્થક થયાં, એક બીજાના મુખ ભાવો જોવા યત્ન કરતા અંધકારમાં ત્રણે મૌન ઉભા રહ્યા, ભીષણ કાળા માણસો સામે થવા સત્તા કોઇનામાં ન આવી, " એક અક્ષર પણ બોલ્યા વીના અમારી સાથે આવો! ધ્યાનમાં રાખજો! કે, અક્ષર પણ બોલનારનું માથું તેના ધડથી તેજ ક્ષણે જૂદું થશે." ઘોર કરતા એક સ્વરે તેઓને ભય બતાવ્યો, પણ તે ભયોત્પાદક વાણીમાં વિનય અને કૃત્રિમતા હતાં. તેઓની સામે કોઇ અક્ષર પણ ન બોલ્યું, કિંતુ ભેદી માણસો સાથે તેઓ ચાલ્યા, યમકિન્કરો જેવા તે માણસો, બંને રાજપુરૂષો અને સેવક સુંદરદાસને વિંટાઇ, ગૂપચૂપ, ચાલતા રાજનગર વસંતપુરમાં પેઠા, આડાઅવળા નાના મોટા માર્ગો વ્યતીત કરતી આ ભેદી ટોળી કુંભારોના નેસોની હારોમાં આવી પહોંચી. મધ્યરાત્રિનો સમય હતો, વસંતપુરના રાજ્યમાર્ગો ઉપર ભાગ્યેજ કોઈ મનુષ્ય આવતું જતુ, દષ્ટિએ પડતું હતું. માર્ગમાં મળનારાંઓ

આ બીહામણી નાની ટોળી ઉપર મૌનપણે દૃષ્ટિપાત કર્યા સિવાય કંઇ કરી શકતાં નહોતાં. આ ટોળીને જોઇ, ભસતાં કૂતરાંઓના ભસણ સ્વરો અને આડાઅવળા ફરતા શહેર રક્ષકોના ખોંખારવો રાત્રિની શાન્તિને ભેદતાં, ઘોર નિશાના ભયાનક રૂપમાં વિશેષ ભયંકરતા આણતાં હતાં, પણ ઉક્ત ભેદી ટોળીને માર્ગમાં કંઇ વ્યવધાન ન નડયું, બંધિવાન જેવા ત્રણ રાજદ્વારીઓ અને ચાર ભેદી કાળા માણુસો એક ઘર પાસે આવી અટક્યા.

આ માર્ગનાં બીજાં કંગાલ મકાનો કરતાં આ ઘરનો દર્શ કંઇ ઉચ્ચ પ્રતિનો હતો, કિન્તુ તેમાં રહેનારાંઓ કુંભાર કુટુંબનાં હતાં, કહેવાતું હતું કે, આ કુંભાર કુટુંબ ઉપર થોડા વખતથી લક્ષ્મીદેવીનાં કૃપા કટાક્ષ ઢળ્યાં છે, અને તે લોકોક્તિમાં કંઇ સત્ય હતું. કોઇ અગમ્ય કારણથી તે રંક કુંભારની કંગાલ હાલતે રૂખસદ લીધી હતી, કારણો અનેક કલ્પાતાં હતાં, પણ શું ? તે સાચો નિર્ણય નહોતો. આજે તે કુટુંબ ઉપર જ ધાડ આવી, ભેદભરી નાની ટોળી તે ઘરના બારણા પાસે જ આવી ઉભી. ઘરનાં બારણાં બંધ હતાં, અંદર સઘળાં શાન્તિથી નિદ્રાદેવીના શાન્ત ખોળામાં પોઢેલાં જણાતાં હતાં, ચાર માણુસોમાના એકે તે ઘરના બારણા પાસે જઇ, બહુજ ચપળતાથી બારણા ઉપર કાન મૂકયો, એકાદ ક્ષણ તે નિશ્ચેષ્ટ થઇ, કોઇના સંકેતની રાહ જોતો દેખાયો, અંદર કઈ ન સંભળાયું, તેણે આંગળાંઓના નખથી બારણા ઉપર ટકોર કર્યા. પુનઃ એક વખત બારણા ઉપર કાન મૂકયો, કંઇ સંભળાયું, અને તે પછી દ્વારનું એક બારણું બહુજ ધીમેથી ઉઘડતું જણાયું. પોતાના રાજનગરમાં આવાં ભયંકર કૃત્યોમાં વિહરનારાં ભેદી મનુષ્યોના ભેદો અનુભવતા મહારાજાના

હૃદયને અનુકંપ થયો હશે, પણ કંઇ કરી શકવા સમય કે, સત્તા તેનામાં નહોતાં. ઉઘડતું બારણું પૂરૂં ઉઘડયું; "અમારી સાથે આવો ! શ્વાસ પણ બહાર ન સંભળાય તેમ ચાલ્યા આવજો ! " મૃત્યુલોકના એક યમ કિન્કરે પરવશ પડેલાઓને કુંભારના ઘરમાં પ્રવેશ કરાવ્યો, તેઓની પાછળ બાકીનાઓ કુંભારના ઘરમાં બહુ જ ચપળતાથી પેઠા. ઘરમાં ગાઢ અંધકાર હતો, તેથી ત્રણે બંધિવાનોને સાથે દોરતા કાળા માણસો અથડાતા ઠેબાતા એક દ્વાર પાસે આવી ભરાયા. થઇ ગયેલા સંકેતો અને સહિસલામત રીતે પરાયા ઘરમાં પ્રવેશવાની સરળતા જોઇ, કલ્પી શકાતું હતું કે, આ ચારભેદી મનુષ્યોને કોઇ ગૃહભેદ જાણનાર વ્યક્તિની સહાય હશે જ. કારણ કે, આંગળાઓના ટકોર સાંભળતાં, બારણું ઉઘડયું, સઘળા ઘરમાં પ્રવિષ્ટ થયા પછી બારણું તેટલીજ ચપળતાથી બંધ થયું, અને તે પછી સઘળાને ચોકસ બારણા પાસે લાવી ઉભા રાખ્યા, આ સઘળું એક વ્યક્તિની સહાયથી થયેલું પ્રત્યક્ષ હતું. સઘળા એટલી સાવધતાથી ઘરમાં પ્રવેસ્યા હતા કે, કોઇનો પાદ સંચાર સરખો પણ રાત્રિની શાન્તિ છતાં ન સંભળાયો. આવી છૂપાનારાઓને આવ્યાં હજી થોડો સમય પણ વિત્યો નહોતો, એટલામાં અંદરના ખંડમાં કોઇનો ગુંગળાવાનો અવાજ સંભળાયો. " નયા દિવાનને દિયા હે, વો ઝેવર (ઘરણાં વિગેરે)..." ગુંગળાટ પાછળ ધીમેથી બોલતો ભયંકર સ્વર ખંડમાં અસ્પષ્ટ સંભળાયો, વળી મૌનતા અવરાઇ. બહારનાઓથી ન સમજાય તેમ ખંડમાં કંઈ ગડબડાટ ચાલી, કંઈ અથડાતું પછડાતું અને ખોદાતું સંભળાયું.

પરિચ્છેદ ૧૭ મો.

દેવ કે, દાનવ?

સરદાર ! સાવધ થાઓ ! અધિમ દૈત્યોના પંઝામાંથી નાસી છૂટવા અવકાશ છે, કંઇપણ સંશય વીના મારી સાથે ખંડેર બહાર આવો !" થોડી ક્ષણો પહેલાંની રક્ત પિપાસિની જેવી કુપિતા દેખાયેલી રમણી વિજયકુમાર તરફ ફરી બોલી. મરણના કરાળ મુખમાં પડવા તરફડતા, જર્મનો તરફ તેણે દૃષ્ટિપાત પણ ન કર્યો, બોલતાં સુંદરીના ઉગ્રરૂપ ઉપર મૃદુતા છવાઇ. વિજયકુમારને પોતાની પાછળ આવવા મૃદુ સ્વરે રમણીએ કહ્યું, પણ કહેવામાં સત્તા પ્રત્યક્ષ હતી. એક તરુણી અબળાની અનુપમ શકિત અને વીરત્વ જોતો, વિજયકુમાર વિસ્મયતા અને સંશયમાં સ્તબ્ધ થઇ ગયો, પોતાને જર્મનોની શૃંખલાથી મૂકત કરાવનાર સુંદરીનું સૌંદર્ય અને મૃદુતા ભયભીત વીજયકુમારને આ વખતે નજ ભળાયાં, એક ભયને વિધ્વસ્ત કરી, તેને સ્થાને કંઇ ભેદભરી નૂતન ભયોત્પાદક ઘટના સુંદરીથી સંયોજાતી તેને દેખાઇ, થોડી ક્ષણો પહેલાં જર્મનોની મરણના મુખમાં આહૂતી આપતાં દિવ્યશક્તિની દેખાયેલી ઉગ્રમૂર્તિ તેનું વીરત્વ અને તેના એક હાથમાં રહી ગયેલી લોહીમાં રગદોળાયેલી નગ્ન તરવારની ભયંકરતા આ ક્ષણે ભુંસાયા છતાં, તે ગતભૂત ભીષણ દર્શ શક્તિહીન રાજકુમારના અંતરમાં આલેખાઇ રહ્યો. ઘવાતા

જર્મેનની દુઃખમય કારમી ચીસ, અને રમણીની રીવોલ્વરનો ધ્વનિ વાયુમાં વિખરાઈ ગયો હતો, તોપણ વિજયના વ્યથિત શ્રવણોમાં તેના પડઘાઓ ધ્વનિત થતા જ રહ્યા. રમણીની સૌમ્યતા તેને ન ભળાઇ, પોતાની સાથે જર્મનોના જુલમથી નાસવાનુ કહેતી સ્ત્રીનાં વાણિ માધુર્યમાં કઠોરતા અને ભેદ ભળેલાં વિજયકુમારને લાગ્યાં.

વિજયને રમણી સાથે છટકી શકવા સમય અનુકૂલ હતો, પણ દેહમાં શક્તિ જરાપણ નહોતી, ઘાની વષમી વ્યથા અશમિત હતી, તેથી વિચારશક્તિમાં જડતા આવી હતી. દૂધે દાઝેલો છાશથી ડર્યા જેવું થયું. સુંદરીની સૌમ્યતા તેને જર્મનોની કઠોરતારૂપે જ દેખાઈ, અપરિચિત રમણી સાથે જવા તેના વિભ્રાન્ત અંતરે તેને ના કહી, તેનાં દર્દની વિહ્વળતાએ તેને ભુલાવ્યો, દિવ્ય સુંદરીનો એટલી સહાય કરવા માટે વિજયકુમારે ઉપકાર માન્યો, અશક્ત વાણીએ વિવેક દેખાડયો, પણ પોતામાં એક પગલું ઉપાડવા શક્તિ ન હોવાનું નિમિત્ત આપી તે ત્યાંજ બેસી રહ્યો.

Services proffered by strangers are to be suspected. આ સૂત્રનું વિજયકુમારને આ સમયે સુંદરીની સુંદરતા વિસ્મરણ ન કરાવી શકી, રમણીએ રાજકુમારને ઘણો વિનંવ્યો, ભય દેખાડયો, બહુ કહ્યું, પણ વીર વિજયકુમારને વ્યથાએ વિહ્વળ કર્યો હતો, તેનું વીરત્વ શિથિલ થયું, અને પરિણામે ભીરુતા આવી હતી, અંતર્ શંકાશિળ થયું. અપરિચિતા સ્ત્રી સાથે જવા તેની હિંમ્મત ન ચાલી, અર્ધોકલાક રગજગમાંજ નીકળી ગયો. બહારના પ્રદેશમાં ભયથી ચારે તરફ દૃષ્ટિ દોડાવતી સ્ત્રીને યુદ્ધક્ષેત્ર તરફથી થોડાં માણસો ખંડેર તરફ આવતાં લાગ્યાં, તે સચેત થઇ, ટેલૈસ્કોપ તેની પાસે હતું, તેનાથી

દૃષ્ટિ દૂરવર્તિની થઇ, ઘણા જર્મન સિપાઇઓ આવતા ટેલેસ્કોપથી સ્પષ્ટ દેખાયા. આહત્ વિજયકુમારને સ્ત્રીએ આવતા ભયનું ભાન આપ્યું, પણ તે તેની સાથે નાસવા તત્પર નજ થયો. હવે ક્ષણ પણ વ્યર્થ વિતાડવી ભયાવહ્ હતી, સુંદરી પોતાના બચાવ માટે નાસવા તૈયાર થઇ, જતાં વિજયને વળી એક વખત વિનવ્યો, પણ નકારનો હકાર ન થયો. રમણીએ નિરાશાભર્યો એક દીર્ઘનિઃશ્વાસ કાઢયો. " સરદાર ! આપ મારી સાથે નજ આવ્યા, પણ હવે મારે નાસવું જોઇએ. શત્રુઓ પ્રતિક્ષણે પાસે આવતા જાય છે, નિરૂપાયે હું આપને વિશ્વાધાર પરમપિતાને આશરે મૂકીને જાઉં છું. સરદાર ! સચેત રહેજો ! " રમણી જવા તૈયાર થઇ. " તમે !......રાક્ષસોના પંઝામાંથી મને છોડાવી મૂક્ત કર્યો, તે કરતાં મારાં હિન્દી સૈન્ય અને બ્રિટીશોના જયનો......સંદેશો આપી મને મરણ શૈય્યાએ સુવાડયો હોતતો, હું મારૂં અહોભાગ્ય માનત. " વિજય ક્ષીણ સ્વરે બોલ્યો, ક્ષુભિત અંતરૂના ઉભરાયેલા ઉદ્દગારો બહાર ઉછળ્યા. જતી સુંદરીના કાનમાં વિજયના અંતિમ શબ્દો અમૃત પેઠે રેડાયા, પણ વધુ રોકાવા સમય નહોતો, તે ચાલી. જતાં કહેતી ગઇ, "વીર સરદાર ! પુનઃ હું આપ હશો ત્યાં આવી, આપના જયના વર્તમાન કહીશ. હવે...હું...જાઉં છું. પ્રભુ આપનું રક્ષણ કરો ! " આહત્ વિજયકુમારને ત્યાંજ રહેવા દઇ, રમણી નિઃશ્વસ્ત અંતરે ખંડેર બહાર આવી, આવતા જર્મન સૈનિકોનું ધ્યાન ખડેર તરફ ન ખેંચાય તે ઉદ્દેશથી ખંડેર બહાર બાંધેલા જર્મન સિપાહીઓના બે ઘોડાને છૂટા કરી નસાડવા તે સ્ત્રીએ યત્ન કર્યો, પણ તે કૃતજ્ઞ પ્રાણીઓ ન નાસ્યાં, એક તસુ પણ પોતાનું સ્થાન તેઓએ ન છોડયું. હવે તે

જનાવરો સાથે તાણુમેલ કરી વખત વિતાડવામાં, ભય પાસેને પાસે આવતો હતો, તે બને ઘોડાંઓના માંથાં ધડથી જુદાં કરી નાંખવા તેની વૃત્તિ ઉછળી, તરવાર મ્યાનમાંથી નીકળી, એક દૃષ્ટિપાત તરવારની તિક્ષણુતા ઉપર થયો, અને બીજો નિર્દોષ કૃતજ્ઞ પ્રાણીઓ ઉપર પ-ડયો, " ૨ક બિચારાં અવાચક જીવો. " અંતર્ કરૂણાથી ઉભરાઇ ગયું, મૂળ આશય કરૂણાએ ભૂલાવ્યો. મૂખથી ઉપલા શબ્દો બોલાયા, અને તરવાર મ્યાન થઇ. પોતાનો ઘોડો પાસેજ હતો, તેના ઉપર ચડી સુંદરી છટકી, આહત્ વિજયકુમાર ત્યાંનો ત્યાંજ રહ્યો. સુંદરી એ દૂરથી જોયેલા આવતા જર્મન સિપાહીઓ સંગ્રામક્ષેત્રમાંથી નાસી છૂટેલા સૈનિકો હતા, તેઓ ખંડેરપાસે થઇને ચાલ્યા. તેઓએ ખંડેર બહાર ઉભેલા બે ઘોડાઓ જોયા, જર્મનોનું લક્ષ તે તરફ ખેંચાયું, તેઓ આગળ ન જતાં ખંડેરમાં પેઠા, એક ઘોડાનું તથા બે જર્મન સિપાહીઓનાં મૃતશવો અને અર્ધચૈતન્યવાળા વિજયકુમારને તેઓએ જોયો, બે જર્મન સિપાહીઓની હત્યા વિજયકુમારે કરેલી જર્મન સેના-નિઓએ માની લીધો. જર્મન સિપાહીઓનાં મૃત દેહો જોતાં જર્મનોનાં અંતરોમાં વૈર વ્હેવા લાગ્યું, ઘવાયેલા વિજયકુમારની કરૂણા કોઇને ન આવી, તેને રીવોલ્વરથી વિંધી નાખવા કેટલાક સિપાહીઓ મોટેથી પોકારી ઉઠ્યા, પણ હિન્દી સરદારને જીવતો પકડવામા તેઓની કંઇ ગભીર આશા હતી. તેને કોઇએ કંઇ ન કર્યું, કીન્તુ તેને એક ઘોડા ઉપર બેસાડી જર્મનો પોતાની સાથે લઇ ચાલ્યા. એક વખત પ્રાદુર્ભૂત થયેલી દિવ્ય રમણીનું દર્શન, આ સમયે જર્મનો સાથે જતાં વિજયને નજ સાંપડયું, તે વીરવતી દેવીનો અનુપમ દૃશ્ય અને સત્ય વિ-જયકુમાર સામે હવે મૂર્તિમંત થઇ, અંતરૂના પશ્ચાતાપ રૂપે અવશેષરહ્યા

"સુરસુંદરી સાથે ગયોજ હોત તો, આ દશા ભોગવત કે ?" આ પ્રશ્ન વિજયના અંતરને સતત્ ઠપકો દેવા લાગ્યો, પણ સઘળુ પાછળથી હતું. હવેનો પશ્ચાતાપ વ્યર્થ હતો, તે સુંદરી તો અતર્હિત થઈ ગઇ હતી, વિજયી વિજયકુમાર જર્મનોની સત્તામાં સંકળાયો, પુનઃ તે કલ્યાણી રમણીના દર્શનની આશા તેને ન રહી. નાનીમોટી છાવણીઓ માં રાતો વિતાડતા જર્મન સોનાનિઓ વિજયકુમારને લઈ, થોડા દિવસમાં લક્ષેમ્બર્ગ પહોંચી ગયા, જર્મન લશ્કરી મથ્થક આ વખતે લક્ષેમ્બર્ગ હતું, બહુશઃ લડાયક મૂખ્ય કેદીઓને માટે અહિંનો એક કિલ્લો ઉપ્યુક્ત હતો. વિજયકુમારની ગણુના પણ મુખ્ય કેદીઓમાંજ થઇ તેને તેજ દુર્ગમાં રાખ્યો, પણ તે અસ્વસ્થ હતો, ઘવાયેલા કે, વ્યાધિગ્રસ્ત કેદીઓની શુશ્રૂપા માટે તેઓને સ્વસ્થ કેદીઓથી અલગ ભાગમાં રાખવામાં આવતા હતા, કિન્તુ તેઓની સારવારનો આડંબર માત્ર જગતને જણાવવા માટેનોજ હતો, વસ્તુતઃ આંતરીક સ્થિતિ કંઇ જૂદીજ હતી, પોતાને વશ પડેલા કેદીઓની શું અવસ્થા છે ? તેઓનાં દર્દો કેવાં છે ? તેઓનો ખાવા પિવાનો કે, રહેવાનો પ્રબંધ કેમ છે ? તે કોઇ જર્મન અધિકારી જાતે આવી જોતો નહોતો. માત્ર તેઓની સારવારમાં રોકાયેલા કોઈ કોઈ ભલા જર્મન સેવકોની કરૂણા ઉપરજ તેઓની સ્થિતિ હતી.

વિજયકુમારને કેદ થયા પણ કેટલાક દિવસો દુઃખરૂપ દેખાઇ અગાધ કાળોદધિમા વિલુપ્ત થઇ ગયા, હવે વિજયકુમારને આરામ હતો, પણ હજી તેનામાં ચાલવા જેટલી શક્તિ આવી નહોતી, ચારે ખૂણે ચાર જર્મન પહેરેગિરોની ચોકી વચ્ચે તેને પથારી વશ પડયું રહેવું પડતુ હતું. વિજયવાળા ખંડમાં માત્ર છજ દર્દી બંધિવાનોની પથા-

રીઓ હતી, પણ તે સઘળાઓ રશિયનો હતા, હિન્દી કે ઇંગ્રેજ એક પણ બીજો કેદી વિજયકુમારવાળા ખંડમાં વિજયકુમાર સાથે વાત કરવા નહોતો, તેથી વિજયકુમારના દિવસો બહુજ દુઃખમય થઇ વિતતા હતા, એટલુજ નહિં, પણ રશિયન કેદીઓમાંના બિચારા બે કેદીઓના તો દિવસો ભરાઇ ચુકયા હતા. આ પ્રપંચમયી નિઃસાર દુનિઆના ફંદથી મૂક્ત થવા, નિમિષો અને પળથી તેનો સમય ગણાતો હતો તેઓના શ્વાસો હવે અંતિમ શ્વાસો મનાતા હતા, પણ તેઓની કરૂણોત્પાદક અંતિમ અવસ્થાની દયા કોઇને નહોતી. ૭ દર્દીઓની સારવાર માટે એક જર્મન સેવક હતો, તેના અંતઃકરણમાં માનવ જાતિ પ્રત્યે કંઇક કરૂણા હતી; પણ તે એકલો ૭ દર્દીઓની ઘટતી શુશ્રુષા કરવામાં કેમ પહોંચી શકે ? શક્તિહીન વિજયકુમાર લગડાતો પછડાતો પણ તે જીવનની પરાકાષ્ટાએ પહોંચેલા રશિઅન સિપાહીઓની શુશ્રૂષા કરતો હતો, પણ એક બીજાની ભાષામાં અંતર હોવાથી તે જોઇએ તેવું કરી શકતો નહોતો. તેમાં વળી જર્મન અમલદારે આપખૂદ સત્તા ચલાવી, કેદીએ સાથેના કેદીની સારવાર ન કરવા પ્રતિબંધ કર્યો. દર્દીઓને રીબાવા દો, મરવા દો, કે સડવા દો. સારવાર કરવી ઘટશે તો અમે કરશું, પણ કોઇ કેદીએ બીજા કેદીની અનુકંપા રાખવી નહિં ! જર્મન લશ્કરી સત્તાવાળાનો આ ન્યાય હતો. જર્મન લશ્કરી સત્તામાં સપડાયેલા અસ્વસ્થ રશિયન બંદીવાનોની આ અવસ્થા હતી.

" અવધિ સર્વનો હોયજ. " વિજયકુમારના દુઃખના દિવસોમાં માત્ર તેને ઉપલો સિદ્ધાન્ત આશ્વાસનરૂપ હતો, તે સિવાય

તો તેને સઘળું અંતર આતાપરૂપે સ્મૃત્તિએ ચડતું હતું. પોતે સગ્રામક્ષેત્ર ત્યાગ્યા પછી, ત્યાંનું શું થયું ? સંગ્રામદેવીએ વિજય-માળા કયા પક્ષના કંઠમાં આરોપિત કરી ? એટલું જાણવા વિજય-કુમાર બહુ ઉત્સુક હતો, પણ તેને તેવુ કોણ કહે ? ભાષા અજ્ઞાત હિન્દી રાજકુમાર તે વાત કોઇને કઇ રીતે પૂછે ? વિદેશમાં આવ્યા પછી સ્વભૂમિનો જાજવલ્યમાન મહિમા તેને ભળાયો, તેનું ચિત્ત તન્મય થયુ હતુ, તેમા વૃદ્ધ પિતા કૃષ્ણસિંહજીનો અદ્વિતીય વાત્સલ્ય સ્નેહ, મુબઇનુ તાજમહાલ હોટલ, ત્યાંનો પ્રણયદેવી (મોહિની)નો આકસ્મિક પ્રસંગ, અને સગ્રામક્ષેત્રમાંથી છુટયા પછી, એ ઝાલિમ જર્મનોના ક્રૂર ઝપાટામાંથી નિમુંક્ત કરાવનાર દિવ્યશક્તિનો પ્રાદુર્ભાવ અને સ્મરણ. આ સઘળું વિજયકુમારના અતરને દગ્ધ કરવા ક્રમશઃ સાંભરવા લાગ્યું. વૃદ્ધ પિતાની જરજરીત વૃદ્ધાવસ્થા અને પુત્ર વિયોગથી તેનાં ઓછાં મનને ઉપજેલાં નિરાવધિ દુઃખની આ સમગ્રે પરભૂમિમાં પિડાતા રાજપુત્રના અંતરથી તૂલના થઇ શકી. તે તિર્થરૂપની અની-ચ્છાએ કરેલુ કાર્ય વિષમ પરિણામરૂપે હવે તરૂણ વિજયકુમારને દેખાયું, તરૂણાવસ્થાના સ્વચ્છદી વર્તનની ભયંકરતા હવે ભળાઇ; અંતઃકરણમાં પિતાના દર્શનની અને કરેલા અપરાધની ક્ષમા યાચવા પ્રબળ ઇચ્છા પ્રગટી, પણ પોતાની વર્તમાન અવસ્થા તેનાં ચક્ષુઓને સજળ કરવા સિવાય કઇ વિશેષ કરી શકે તેમ નહોતી. સઘળા પ્રસંગો હવે દુઃખમય થના તેની અંતરદષ્ટિ સામે તરવા લાગ્યા; વિજયકુમારે થોડા દિવસો આમજ વિતાડયા.

યૂરોપખડના સામ્પ્રત સમરક્ષેત્રો ઉપર અપરિમિત માનવ હત્યાઓ થતી સહી, યરોપભૂમિ વૈરાગ્યશાલિ ની થઇ, રંગરાગથી નિર્મૂક્ત થતી હોય,

અને ધવળ વસ્ત્રો પહેરી, કંઈ નિર્મળ રમણિયતા ધારણ કરતી હોય, તેવો દૃશ્ય હમણાં યૂરોપમાં સૃજાયો હતો. ત્યાંના પ્રાન્તો ઉપર શિતઋતુ નો સમારંભ થઇ ચૂકયો હતો, વરસતા ધુમસ અને બરફથી સૃષ્ટિ સૌંદર્ય અવરાયું, સઘળે શ્વેતતા છવાવા લાગી, અને તે સાથે મહાસંગ્રામ ક્ષેત્રો ઉપર વ્હેતી લોહીની રેલોમા મંદતા આવી. અસહ્ય ઠંડીથી યુદ્ધધમસાણો અલ્પાવા લાગ્યાં, પણ ચિર-સ્મરણીય હત્યાકાંડને થોડો સમય નિવૃત્તિ આપવી, રક્ત પિપાસુ જર્મન સમ્રાટને ન રુચી. તેણે તો પોતાના સરદારોને અવિશ્રાન્ત યુદ્ધ ચાલુજ રાખવા હૂકમ આપ્યો તો પણ જર્મન સરદારો તે દેશની શિતઋતુના અદમ્ય હુમલા સામે થઇ, કૈસરના હૂકમને મહા પ્રયત્ને પણ અમલમાં મૂકી શકતા નહોતા. સ્વભાવત. માનવજાતિમા શિથિલતા આવી હતી, જર્મન સૈનિકોના દેહો પણ મનુષ્ય આકૃતિના હતા, પ્રકૃતિ સામે ટકી શકવા તે દેહોમા સામર્થ્ય ન રહ્યુ, અને તેઓ પણ સુસ્ત થવા લાગ્યા.

લક્ષેમ્બર્ગમા એકઠા થયેલા અગણ્ય જર્મન સૈનિકો હમણાં સુસ્ત હતા, પહેલાં જેવી પ્રવૃત્તિ હમણા તેઓમા રહી નહોતી, પણ વળી થોડા દિવસથી કંઇ નવી પ્રવૃત્તિ પ્રગટી હતી. ઊર્ધ્વ પ્રવાસિ વૈમાનોનુ અહિં આવવુ જવું વધ્યુ, સૈન્યોમાં અને શહેરમાં સુવ્યવ-સ્થા થવા લાગી, ચારે તરફ ઉભરાઇ જતા જર્મન સિપાહીઓ કાર્યમાં ગૂંથાયા, સઘળાંની સત્કૃતિ થવા લાગી, તે સાથે લડાયક કેદીઓને રાખ વાનાં સ્થાનોમાં અને સ્થિતિમાં કઇ સ્વચ્છતા અને સુગમતા આવી. આ સઘળાંનુ કંઇ પ્રયોજન હતુ, લક્ષેમ્બર્ગમાં થઇ રહેલી ધમાલ ઉપરથી સ્હેજે સમજી શકાતું હતુ, કે, કોઇ મોટા જર્મન સરદારનુ

અહિં આગમન થનાર હોવું જોઇએ. પાંચ દિવસ સરખી ધમાલ ચાલી, સઘળું ક્રમમાં આવી ગયું, કિલ્લાઓ ઉપર સાંકેતિક ચિન્હો અને રાત્રિને સમયે અર્થસૂચક દિવાઓ રાખવા માટે ઉંચા સ્તંભો ઉભા કરવામાં આવ્યા, આ દિપક સ્તંભો ઉપર રાત્રે કંઇ પ્રસંગો અને અર્થ-સૂચન કરવા પરિવર્તન પામતા રંગોવાળા દિવાઓ થતા હતા. આવના-રની પ્રતિક્ષણે માર્ગપ્રતિક્ષા થયા કરતી હતી, પાછળના ચાર દિવસોમાં અનિયમિત રીતે ઘણા વૈમાનો અને ઘણી માટોરો લક્ષ્મેસ્વર્ગમાં આવી પહોંચી, પણ જેને માટે આટલી તૈયારીઓ થઇ રહેલી હતી, તેનું આવવું હજી થયું નહોતુ. આજે આવેલા છેલ્લા સંદેશાથી આવ-નાર રાત્રે આવી પહોંચનાર હોવાનું લક્ષ્મેસ્વર્ગનો સૈન્યાધિપતિ જાણી શકયો હતો, કોણ આવનાર હતુ તે વાત છૂપાવવા જર્મન સરદારો બહુજ સાવધ રહ્યા હતા, સાચી વાત બહાર ન ફેલાવવાનું યુદ્ધ નીતિનું કંઇ કારણ હતુ.

આજે રાત્રે લક્ષ્મેસ્વર્ગનાં ઘણાંખરાં સૈન્યો સચેત હતાં, લશ્ક-રી અમલદારો કીલ્લા ઉપરથી ટેલેસ્કોપ વડે આકાશ પ્રદેશમાં આ-વનારાઓના વૈમાનોને શોધતા હતા. ક્રમશઃ રાત્રિના બે પ્રહર ગયા પછી, દૂરના આકાશમાં વિવિધ રંગી દિપકો સંચાલન કરતા દે-ખાવા લાગ્યા, અને તે પછીના થોડાજ વખતમાં તે દિવાઓ લક્ષ્મે-સ્વર્ગનાં આકાશની લગભગ જગમગવા લાગ્યા, આવા રંગ બેરંગી તારકો જેવા દિવાઓથી લક્ષ્મેસ્વર્ગ ઉપરના આકાશનો દર્શ અનુ-પમેય થઇ રહ્યો, કીલ્લા ઉપરથી સર્ચલાઇટોના લાંબા શેરડાઓ દી-વાઓ તરફ ફેંકાયા, વૈમાનોનો એક કાફલો સર્ચલાઇટોના પ્રકાશમાં

લક્ષેમ્બર્ગ તરફ આવતો દેખાયો. આ કાફલો કોનો છે? શું કરવા ધારે છે? કયાં જવા ઇચ્છે છે? તે કંઈ પણ સમજી શકાતું નહોતું. વૈમાનો ઉપરના દિવાઓ ટેલેસ્કોપથી ફ્રાન્સનાં સત્તાસૂચક દેખાતા હતા, દર્શ ભ્રમાવનારો હતો. કીલ્લાના સરદારો થોડો સમય વ્હેમાયા, તોપણ જર્મન સરદારોએ કીલ્લા ઉપર ઉભા કરેલા દિવાઓના ભ્રમાવનાર રંગો પલટી, જર્મન સત્તાસૂચક સાચા રંગો ધારણ કર્યા. જર્મન સત્તા દર્શક દિવાઓના રંગો દેખાતાં, વૈમાનો ઉપરના ફ્રાન્સસત્તા દર્શક દિવાઓ અંતર્હિત થયા, બુઝાયા, અને તેને સ્થાને મોટા પ્રકાશિત દિવાઓએ જર્મન રાજ ચિન્હો ધારણ કર્યા. જર્મન અમલદારોને વૈમાનો જર્મનોનાં હોવાની ખાત્રિ થઇ, વૈમાનોને નીચે ઉતરવા કીલ્લાનાવડા સૈનિક અમલદારે સંકેત સૂચવ્યો, સઘળું થોડીજ નિમિષોમાં થઇ ગયું. વૈમાનો એક પછી એક જમીન ઉપર ઉતરવા લાગ્યાં, ક્રમશઃ દસ વૈમાનો જમીન ઉપર ઉતરી ગયાં, તે સઘળાંઓની અંતે સઘળાંથી સુંદર અને મોટું વૈમાન જમીન ઉપર આવ્યું, છેલ્લાં વૈમાનના પ્રવાસિએ ધરણિ ઉપર પગ મૂકયો, કે, કીલ્લા ઉપરની પ્રચંડ તોપોના ગગડાટથી જગત્ ગર્જી ઉઠયું, દૂરના દેશસુધી રાત્રિની શાન્તિ ભેદાઇ, ઉપરા ઉપર તોપોના ધડાકા થવા લાગ્યા. ભૂકંપ થયો હોય તેમ સઘળું ધ્રુજી ઉઠયું, કંઇ આકસ્મિક ધમસાણ જાગતું લક્ષેમ્બર્ગના પ્રજાજનોએ કલ્પ્યું, પણ થોડાજ સમયમાં તે સઘળું શાન્ત થઇ ગયું, આવનારાઓનું અનુરૂપ સન્માન થયું નિશાદેવીને તેની શાન્તિ પાછી મળી, સઘળું થઇ ગયું, અને તે પછીની રાત્રિ પણ શાન્તિમાં ચાલી ગઇ.

તે દિવસ પછીના બે દિવસો લક્ષેમ્બર્ગમાં લશ્કરી પ્રવૃત્તિ

બહુજ ચાલી, દરેક લશ્કરી ખાતાંઓની પરિક્ષાઓ થવા લાગી, સઘળાંની સૂક્ષ્મતાથી તપાસ ચાલી. આજે લશ્કરી કેદીઓની કસોટી થનાર હતી, સાંજના ચારેક વાગ્યાના સુમારે ઘવાયેલા કેદીઓવાળા કીલ્લા પાસે સંખ્યાબંધ જર્મન સિપાઈઓ તરવરવા લાગ્યા હતા. શહેરનાં માણસોને અહિં આવવા પ્રતિબંધ હતો, માત્ર સિપાઈઓ સુસજ્જ થઇ, કીલ્લાનામાર્ગની બંને બાજુએ ગોઠવાયા, અને આતુર દૃષ્ટિએ કોઇની માર્ગ પ્રતિક્ષા કરવા લાગ્યા. થોડાજ સમયમાં સેંકડો ઘોડેસ્વારો તેની પાછળ પાંચ મોટોર કાર્સ તે મોટોર કાર્સમાં બેઠેલાંઓના સંરક્ષણ માટે, બને બાજુએ તથા પાછળ ચાલતા જર્મન સરદારો અને હથિયારોથી સુસજ્જ રહેલા સ્વારોથી રચાયેલું ગંભીર સરઘસ કેદીઓને રાખવાના કીલ્લા તરફ ધિમે ધિમે આવતુ દેખાયું. આ સઘળું થોડા વખતમાં કીલ્લાના દરવાજા પાસે આવી અટક્યું, સૈનિકોએ જયનાદ કર્યો. આવનારાઓને અભિનંદવા લક્ષેમ્બર્ગમાં પડેલાં લશ્કરોના સરદારો અને કીલ્લેદારો દરવાજા પાસે સભ્યતાથી ગોઠવાયા હતા, મોટોરકાર્સ ઉભા રહેવા દરવાજા પાસે માર્ગ થયો, મોટોરકારમાંથી પ્રથમ એક પુરુષ ઉતર્યો, તેની પાછળ લક્ષેમ્બર્ગની ડચેસ(રાણી)અને અન્ય લશ્કરી અમલદારો ઉતર્યા, તેઓ કીલ્લામાં ચાલ્યા, આગળનાની પાછળ સઘળા કીલ્લામાં પ્રવેશ્યા. કીલ્લાના જૂદા જૂદા ભાગોમાં પડેલા લશ્કરી કેદીઓને નિહાળતા, તેઓ વિજયકુમારવાળા ખંડમાં આવ્યા. દમામદાર પોષાકો અને બખ્તરોથી સુસજ્જ થયેલા જર્મન યોદ્ધાઓની મધ્યમાંથી એક ભવ્ય પુરુષ બહાર આવી, વિજયકુમાર સામે જોતો તેની શૈય્યા પાસે ઉભો. વિજયે જગતમાં પુરુષો બહુ જોયા હતા, રાજ્યના દમામ કે, સ્વર્ગીય વૈભવો અનુભવ્યા અને સાંભળ્યા

હતા, મનુષ્યજાતની ભવ્યતા કે, ક્રૂરતા બહુ સમય ભાળી હતી. જાણી હતી, પ્રતિભાશાળી પુરુષોનો સંસર્ગ અનેક વખત સેવ્યો હતો, પણ સર્વની પરાકાષ્ઠા આ પુરુષમાં થતી, વિજયકુમારને જણાઇ. પથારી આગળ આવી ઉભેલા મૃત્યુલોકના માનવરાજને જોતાં, વિજયકુમાર ક્ષણભર વિસ્મિત થયો, અદ્વિતીય પ્રતિભામાં અંજાયો, અનીચ્છાએ પથારી ઉપરથી તે ઉઠયો, અને ઉભો રહ્યો મસ્તિષ્ક અવન્નત થવા લાગ્યું, પણ પૂરૂં ન નમ્યું, બીજી નિમિષે તે સ્થિર થયું. સામે ઉભેલો શત્રુઓનો શિરોમણી હતો "શત્રુને ક્ષત્રિયરાજ નમ્યું નજ આપે." વિજયને આત્મધર્મનું ભાન થયુ; તે મૌન ઉભો. થોડી ક્ષણો ખંડમાં મૌનતા ફેલાઈ, થોડી ક્ષણો એક બીજાને નિહાળતાં સઘળાં ચિત્રવત્ સ્થિર થઈ રહ્યાં. વિજય સામે આવી ઉભેલા જર્મનમાં ભવ્યતા હતી, પણ વિજયકુમારની દષ્ટિને સઘળું વિકાળ જણાયું. વિજયકુમારે તેનું પગથી માથાં સુધી અવલોકન કર્યું, જર્મન સમ્રાટ વિલિયમ સેકન્ડનાં પ્રતિચિત્રો વિજયકુમારે બહુ વખત જોયાં હતાં, તે સઘળાં આ પુરૂષનીજ આબેહૂબ આકૃતિઓ જણાઇ, "જગતનાં માનવ રક્તનો તરસ્યો મહત્વાકાંક્ષિ જર્મન સમ્રાટ આ ભયંકર પુરૂષજ હોવો જોઇએ." વિજયકુમારે તર્ક કરી લીધો; મનુષ્ય જાતની ક્રૂરતા, મૃદુતા, નિષ્ઠુરતા કે, સામર્થ્યની પરિસીમા વિજયને સામે ઉભેલા મહાન જર્મનમાં પ્રતિત થઇ.

વિજયકુમારનો તર્ક સાચો હતો, પોતાના સૈન્યોની સ્થિતિ જોવા, અને તેઓમાં પ્રોત્સાહન પ્રેરવા જર્મન કૈસર છાનોછૂપો સંગ્રામક્ષેત્રો ઉપર પ્રવાસ કર્યાજ કરતો હતો. પોતાના સૈનિકોને સાચું ખોટું સમજાવી, ખોટી આશાઓ આપી, મમત્વ દર્શાવતો, મિઠી

વાણિમાં સૈન્યો વચ્ચે ભાષણ આપતો, અહિંથી ત્યાં ફરતો જર્મન સમ્રાટ મહાશ્રમ કરી રહ્યો હતો. અનુભવીઓ કહે છે કે, જર્મન સમ્રાટમાં મહાન રાજકર્તાને અનુરૂપ સઘળા ગુણો વસિભૂત છે, તે એક આદર્શ શહેનશાહ છે. રાજદક્ષતા તેનામાં નૈસર્ગિક છે, તે સાથે તે ઉત્તમ વક્તા છે, ચિત્રવિદ્યાથી પણ તે વંચિત નથી. વ્યવહારની વિચિત્રતા અને આત્મઅર્થ સાધિ લેવાની તેનામાં અપ્રતિમ શક્તિ છે, પણ અત્યારે તો તેનું સઘળું ક્રૂરતામાં વિરામેલું ઉદ્‌ભાસિત થતું હતું. તેની મહત્વાકાંક્ષા માનવતાનો વ્યતિક્રમ કરી, આસુરી લક્ષણોપર્યંત પહોંચી હતી. તેની વિષમ આકાંક્ષાને પરિતૃપ્તિ કોઇ પણ સ્થળે પ્રતિત નહોતી, તે પોતાની અનિયંત્રિત વાંચ્છાની શાન્તિ શોધતો અહિથી ત્યાં પ્રવાસ કર્યાજ કરતો હતો. મનુષ્ય જાત પ્રત્યે નિર્દય થવા, તેને ક્રૂર થઇ રહેંસવા, રહેંસાવા અને જગતનાં માનવ પ્રાણીઓનો ભીષણ સંહાર કરવા, પોતાના સિપાહીઓમાં ક્રૂરતા અને શૌર્ય પ્રેરતો, તે હમણાં લક્ષેમ્બર્ગમાં આવી પહોંચ્યો હતો. કૈસર સામે જોતાં, વિજયકુમારનું મૃદુ હૃદય ક્ષણભર નિસ્તબ્ધ થતું કંપ્યું, અને પ્રસન્ન પણ થયું. "આ પુરુષને શું માનવો? દેવ કે, દાનવ?" વિકાળ માનવરાજનું ભયંકર દર્શન થતાં, વિજયકુમારનાં અંતર્‌માં પ્રશ્ન ઉદ્‌ભવ્યો, "કરૂણા વિહીન દેવો નજ સંભવે. હું શું જોઉં છું? મારી સામે ઉભેલી કરાળ કૃતાન્ત મૂર્તિની નિરાવધિ આકાંક્ષાની તૃપ્તિ માટે અગણ્ય મનુષ્યોનાં આશાવંત જીવનો હમેશાં હણાય છે. દૈત્યરાજથી પણ ક્રૂર કૃત્યો કરનાર કૈસરને દેવ કોટીનો તો કેમજ ગણાય?" અંતરે અંતર્‌ની આશંકાનો નિર્ણય કર્યો.

"હિન્દી સરદારોને મારા અતિથિ થયેલા જોઇ, મને બહુ

આનંદ થાય છે." ઇંગ્રેજી ભાષામાં કૈસરની પટુ વાણિએ પ્રસન્નતા દેખાડતાં મૌનતા ભેદી, બોલતાં મોટી વાંકી મુચ્છોમાં અભિમાન સ્ફૂર્યું.

"જ્યાં સુધી મૃતપ્રાયઃ થયેલી શાન્તિદેવીની પુનઃ પ્રાણપ્રતિષ્ઠા નહિ થાય, ત્યાં સુધી, અતિથિઓ થવા કરતાં, અમે આપના શત્રુઓ રહેવામાંજ અભિમાની રહેશું." વિજયકુમારે નિર્ભયતાથી ઇંગ્રેજી ભાષામાં ઉત્તર આપ્યો. વિજયકુમારનો ઉત્તર સાંભળતાં, કૈસરના મુખ ઉપર વિશેષ પ્રસન્નતા વ્યક્ત થઈ.

"રુચે તેમ માનો! પણ તમારા જેવા હિન્દી ક્ષત્રિયરાજોના પરિચય માટે હું બહુ સમયથી આતૂર હતો, પ્રભુ સૌની આશાઓ પૂર્ણ કરે છે." કૈસર ખોંખારતો બોલ્યો, વિજયકુમાર સામે દૃષ્ટિ સ્થિર થઈ, તેની સાથે હસ્તમિલન (શેકહેન્ડ) કરવા, કૈસરનો ભારે હસ્ત લંબાયો, પણ વિજયકુમારનો હસ્ત નજ ઉપડયો, કૈસર સાથે હસ્તમિલન કરી, શત્રુને અભિનંદન આપવા વિજયની ઇચ્છા નહોતી. ભારતીય વીર ક્ષત્રિયરાજ સાચિ યુદ્ધશૈલિ સમજતો હતો, મહાન શત્રુરૂપે સામે ઉભેલા કૈસર સાથે તે હસ્તમિલન કેમ કરે?

પરિચ્છેદ ૧૮ મો.

કૈસરની મહત્વાકાંક્ષા.

"ન સંભવે. શત્રુઓ સાથે હસ્તમિલન ન હોય." વિજયકુમારે નિર્ભીક સ્વરે કહ્યું. માનવ રક્તથી ખરડાયેલા ક્લિષ્ટ હસ્ત સાથે ક્ષત્રિયરાજના હસ્તનું મિલન ન થયું.

"સરદાર! તે માત્ર વિભ્રમ છે." કૈસરે બોલતાં અટ્ટહાસ્ય કર્યું.

"સઘળું હું જાણું છું." વિજયે વક્ર ઉક્તિથી ઉત્તર આપ્યો.

"જાણનાર સંભ્રમમાં પડેજ કેમ?"

"મનુષ્ય જાતના ભીષણ સંહારકને મનુષ્યજાતનો શત્રુ માનવામાં સંભ્રમ? માણસ બુદ્ધિને અનુસાર મારી માન્યતા સાચી છે." વિજયકુમાર ન ડગ્યો.

"તે માન્યતા ફેરવવી પડશે, હજી કૈસરનું અંતર્ મંતવ્ય અન્યથી સમજાયુ નથી. જગતને માનવ વિદ્રોહી દેખાતો, વિલિયમ સેકન્ડ જે કરે છે, તે જગતના કલ્યાણ માટેજ છે. પરિણામ સર્વને સઘળું સમજાવશે, માત્ર સંગ્રામયજ્ઞની પૂર્ણાહૂતિ પર્યંત ધૈર્ય રાખવાનું છે." કૈસરે પોતાનાં મંતવ્યનું પ્રતિપાદન કર્યું.

" આત્મ આકાંક્ષાની સિદ્ધિ સાધવા અગણ્ય માનવોનાં લોહી રેડવાં તે શું, જગતનું કલ્યાણ ? આપની બુદ્ધિ આપની મહત્વાકાંક્ષાની તૃપ્તિ શોધવામાં જગત્‌નું કલ્યાણ ભલે માને, પણ યુદ્ધક્ષેત્રમાં મરણ શૈય્યાએ સૂતેલા કે, એકાદ ઘવાતા સિપાહીનાં કિલષ્ટ અંતર્‌ની વ્યથા આપે વિચારી છે ? તે વ્યાથાની કલ્પના પણ કદિ આપનાં હૃદયમાં નહિંજ ઉઠી હોય. સત્તાઓના કલહમાં કચડાઈ મરતાં માનવ પ્રાણીઓની અંતર્ યંત્રણા અનુભવવા આપે પ્રસંગજ કયારે લીધો હોય ? નિરાધાર થતી વિધવાઓ અને બાળકોના શ્રાપો આપે નહિં સાંભળ્યા હોય. સઘળું અનુભવવા હું આપને એક વખત વિનંતિ કરૂં છું. આપનું હૃદય વજ્ર ન હોય, અને આપનાં અંતર્‌માં માનવતા હશે તો, અનુભવ આપને સમજાવશે કે, આપ જેને જગત્‌નું કલ્યાણ કહો છો, તેજ ઘટના મનુષ્યોને કેટલો ભયંકર અનર્થ આપી રહી છે. સત્તાઓની સ્પર્ધાએ દુનિઆના વેપારને મોટો આઘાત કર્યો, પ્રજાઓના ઉદ્યોગો અસ્ત વ્યસ્ત થઈ રહ્યા, જ્યાં દૃષ્ટિપાત થાય છે, ત્યાં પ્રજાઓ દુર્દશામાં સબડતી દેખાય શું ? આ સઘળાં જગત્‌નાં શ્રેયસૂત્રો કે ? આપ આપને રુચે તેમ માનો, પણ સામ્પ્રત સંગ્રામભૂમિ ઉપર થતી મનુષ્ય હત્યાઓ અને યુદ્ધ નિમિત્તે થયેલી જગતની દુર્દશા માટે જગત્ આપની પાસે જવાબ માગે છે. " વિજયકુમારે બહુજ સભ્યતાથી કહ્યું, પણ કૈસરના શ્રવણ પટો ઉખડી જાય તેવું કહેવાયું.

" હિન્દીઓના તત્ત્વજ્ઞાન માટે મને ઉચ્ચ ભાવ છે, પણ હિન્દી કુમાર ! તમારા મુખમાંથી નીકળતી ભૌતિક વાતો સાંભળી હું આશ્ચર્ય પામું છું, શું સામ્પ્રત યુદ્ધનો નિમિત્તભૂત જગત્ મને

એકનેજ લેખે છે? મારી મહત્વાકાંક્ષા મારા આત્મામાં પ્રેરાઇ, જગતની સત્તાઓને યુદ્ધ તરફ આકર્ષે ? જો, તેમજ હોય તો, મારી આકાંક્ષા અને પ્રકૃતિને નિકટ સમ્બંધ હશે, સામ્પ્રત યુદ્ધ ધમસાણોમાં તેનો કંઇ ગંભીર આશય હોવો જોઇએ. કુમાર! તમે કહો છો, તેમજ જગત્ મારી આકાંક્ષાઓને વશ વર્તી, આ યુદ્ધાનળમાં જંપલાવતું હોય તો, હવે તમે વિલિયમ સેકન્ડ ઉપર કંઈ પણ દોષ આરોપિત કર્યા વીના, યંત્રથી સંચાલન કરતી પ્રતિમાઓ પેઠે મારી આકાંક્ષાની તૃપ્તિ સુધી, સમરક્ષેત્રોમાં ઘુમ્યા કરો ! અવધિ સર્વનો હોય છે, યુદ્ધનો પણ હશે. પરિણામ વિચારવાનો પ્રશ્નજ ઉડી જાય છે." કૈસરમાં ક્રોધનું પ્રાબલ્ય વધતું હતું, પણ તે છૂપાવી શાન્તિથી પોતાના સિદ્ધાન્તોનું નિરૂપણ કરાવતો બોલ્યો.

"હિન્દીઓમાં તત્ત્વજ્ઞાન હોય તો, તેઓને તેનો ઉપયોગ આવડે છે, પણ સર્વ પ્રસંગે તે ઉપયુક્ત નથી, અસ્થાને તેનો ઉપયોગ બહુ વિષમ અને ભયંકર છે. આત્માની સત્તા કે, પ્રકૃતિનું મંતવ્ય માનવું, તે આ પ્રસંગે અનર્થક છે. માણુસોનો ભયંકર સંહાર ચલાવી રક્તની રેલો વ્હેવરાવવી, તેમાં સૂક્ષ્મ વિચાર ? સંસ્કૃતિને શૃંગે પહોંચેલી કહેવાતી પ્રજાઓ સત્તા તૂલન માટે કે, તેવાં નિમિત્તો લાવી, કાપાકાપી કરે, તેમાં સૂક્ષ્મ વિચાર ? તેમાં આત્મા કે, પ્રકૃતિની સત્તા? કેવું માનવું ? લાખો માણુસોનો વિધ્વંસ થઇ ગયો, તોપણ શું ? હજી આપનાં અંતઃકરણમાં આવાજ વિચારો રમી રહ્યા છે ? મનુષ્ય હૃદયના કરુણા અંશો આપના અંતરમાં નથી રહ્યાં ? આપે માનવ સત્તાની મર્યાદાથી કંઈજ વિશેષ કર્યું નથી. જે થતું દેખાય છે,

તે માત્ર ભૌતિક સાધનો અને તત્ત્વવિદ્યા (science)નું કંઇ પરિણામ છે, માત્ર બુદ્ધિમહિમા, પ્રબળ પ્રયત્ન, અને સમર્થ ભાવનાનીજ પ્રસાદી છે. પ્રજામાં આરોપિત કરી, બહુ સમય પોષેલાં યુદ્ધ તત્ત્વનોજ માત્ર આ સઘળો વિપાક છે. નવું કંઇજ નથી, કે કંઇજ વિશેષ નથી. મનુષ્ય પ્રત્યે મનુષ્યથી કરૂણાહીન ન થવાય, પણ આપ થયાછો, તે નિયમ આપને માન્ય નથી. આપ મને દેહાન્ત દંડ દ્યો, કે, અભય વચન આપો, તે મારે વિચારવું નથી. મનુષ્ય પ્રાણીઓની દયા માટે આપને વિજ્ઞપ્તિ કરૂંછું. આપનો અત્યાગ્રહ કે, સ્પર્ધા બુદ્ધિ જગતમાં અનર્થ વર્તાવી રહ્યાં છે, પાશવાવસ્થામાં રહેલી પૂર્વ-કાળની સંસ્કારહીન જંગલી મનુષ્ય જાતોમાં ન સંભવેલી, વર્તમાન ભયંકર મારામારી, અને કાપાકાપીથી લોહીની નિકો વહેવડાવનાર, સુધારાના અને વિજ્ઞાનના શિખરે ચડેલો વર્તમાન જમાનાનો ઇતિહાસ આપને લેખશે, આપની કીર્તિને લાગતી શામ છાયા, માનવ પ્રજા-ઓના અસ્તિત્વ પર્યંત રહેશે." કેસર સામે નિર્ભય દૃષ્ટિથી જોતાં, વીર ક્ષત્રિયરાજે સઘળું સાચું કહ્યું.

"માનવ મંડળો અને તેઓના ઈતિહાસો મને ચિરકાળ સ્મરણમાં રાખશે ? કુમાર કહો ! તેનાથી કયું અમરત્વ ? તમે કહો છો, તેવી કલંકિત કિર્તિથી પણ હું જીવનને કૃતાર્થ માનીશ." કૈસર અભિમાનથી વિજયકુમાર સામે જોતો મૌન ઉભો; થોડી ક્ષણો મૌનતા પ્રસરી. "સરદાર ! તમારૂં નામ મને કહેશો કે ?" કૈસરે મૌનતા ભગ્ન કરતાં વિજયને વિસ્મિત ભાવથી પૂછ્યું.

"વિજયકુમાર" અનીચ્છાએ પ્રત્યુત્તર મળ્યો.

"હું તમારી અચળ નિર્ભયતા જોતો આશ્ચર્ય પામુ છું. ભારતીય વિરોચિત દૃઢતા અભિમાન અને વિવેક મેં અત્યારે તમા-

રામાં અનુભવ્યાં છે. બ્રિટીશ સામ્રાજ્યનું મહદ્ ભાગ્ય છે, કે, તમારા જેવા હિન્દી વીર સરદારો તેના સહાયક કે, મિત્રભાવે તેનું શ્રેય ચિન્તન કરી રહ્યા છે, બ્રિટીશ સત્તાના સૌભાગ્યનું સંરક્ષણ કરવા, અડગવૃત્તિથી ઝઝુમી રહ્યા છે. સરદાર ! હું તેવો ભાગ્યવંત તો ન થઇ શકુ, તો, તમારા જેવા થોડા સરદારોની મૈત્રીથી પણ હુ મને ભાગ્યવત માની લઇશ, થોડાજ હિન્દી સરદારો મોટાં જર્મન લશ્કરને અગ્રભાગે હશે તોપણ જર્મન સેના શોભી રહેશે, જર્મન પ્રજા અભિમાન ધારણ કરશે, અને જર્મન રાજસત્તા વીર સરદારોની મૈત્રીને પોતાની પ્રબળતાના ચિરત્વ સૂચક લેખશે. ” વાકચપટુ કૈસરે સુંદર અને મૃદુ વાણિમાં હિન્દી રાજકુમારને વશ કરવા દાણો દાબી જોયો. હિન્દી પ્રજામાં પોતાની આસક્તિ દેખાડી, ક્ષત્રિય રાજના અંતર્ રહસ્યનુ સંશોધન કરવા, અભિમાની જર્મન સમ્રાટે પોતાની લઘુતા માન્ય કરી, તે સાથે અંતઃકરણનો ઉદ્દેશ બહાર કાઢયો.

“ હિન્દની એક રંક બાળિકાને પણ તેવું અનિષ્ટ સ્વપ્ન ન થાઓ ! આપના અંતઃકરણની તે આશાઓ હોય, તો તે આશાઓ કદિ ફળીભૂત થાય તેમ નથી. હિન્દનું એક નિર્બળ બાળક પણ બ્રિટીશસત્તાના શત્રુનુ આશ્રિત, મિત્ર, કે સહાયક થવા કરતાં અંતકને આશ્રયે જઇ પડવુ, ઇષ્ટ માનશે. અવિચળ રાજભક્તિથી નશ્વર દેહ બ્રિટીશસત્તાના સંરક્ષણ માટે અર્પણ કરી, કૃતાર્થ થશે, પણ અન્ય રાજ્યસત્તાનો સ્વિકાર ?......નહિં ! કદિ નહિં બને. હિન્દીઓ હજી કૃતઘ્નતા શિખ્યા નથી. ” બોલતાં વિજયકુમારના મુખ ઉપર રક્ત શિરાઓ તરી આવી, ક્રોધથી રોમાન્ચ થતો દેખાયો.

"હિન્દના પ્રાચીન અને અર્વાચીન ઇતિહાસનો હું અભ્યાસી છું. ભારતવર્ષના રાજપુતોનું પ્રસ્તુત વીરત્વ અદ્દભૂત છે, પણ તેઓની અંકિત થયેલી પ્રસ્તુત દૃઢતા, અત્યાગ્રહરૂપેજ મને તો પ્રતિત થઇ છે. આ દૃઢતાને તેઓ પોતાની ભૂષણભૂત ભલે માને, પણ વસ્તુતઃ તો, તે દૃઢતા હિન્દની વીરવતી ક્ષત્રિય જાતોની બહુધા વિધ્વંસક થયેલી છે. તેજ વીર ક્ષત્રિયના એક સંતાનનો હું અત્યારે પરિચય અનુભવું છું, અને તેનામા પણ વીરત્વ સાથે તેજ અત્યાગ્રહના અંશો મને પ્રત્યક્ષ થાય છે. સરદાર ! સર્વ સ્થળે અને સર્વ પ્રસંગે એકજ વસ્તુનો ઉપયોગ આદાણેય નથી હોતો, ભારતિય ક્ષત્રિઓનું સનાતન રાજકૌશલ્ય કે ડહાપણ, જૂની કીર્તિ અને કુળનાં મિથ્યા અભિમાનમાં પ્રશમિત થઇ ગયાં છે. સમય વિચારવો, અને તેમાંથી કોઇપણ યુક્તિથી અનુકૂળતા સાધવી,તે ડાહ્યાઓનું મતવ્ય. મોંઘા મૂલના પ્રસંગો હમેશાં સાંપડતા નથી, પોતાને ત્યાં બંધનગૃહમાં સબડતા એક સૈનિક ઉપર સંતુષ્ટ થઈ, એક બળિષ્ટ સમ્રાટ તેની મૈત્રી ઇચ્છે, આ સમય પુનઃ કયારે સંભવે ? વિજયકુમાર ! વિચારવા વખત આપુ છું, તમારા અપરાધની ગંભીરતા અને તેના બદલાનો તમે વિચાર કરજો ! ક્ષમા જોતીજ હોય તો, માર્ગ માત્ર એકજ છે." કૈસરનું સાચું રૂપ પ્રદિપ્તાંમાં આવ્યું, તેનું બોલવું હજી ગંભીર અને મૃદુ સ્વરથી હતું, પણ દૃષ્ટિમાં રોષ વ્યકત થયો.

"અપરિચિત વિદેશીની પ્રજાના ગૌરવ મહિમાને આપ નજ જાણી શકો. આપ જે દૃઢતાને અત્યાગ્રહ કહો છો, તે અડગ વૃત્તિજ ભારતીય ક્ષત્રિયોની જાજ્વલ્યંત કીર્તિનો આત્મા છે. વિદેશીઓ

ક્યાંથી જાણી શકે કે, ભારતીય યુદ્ધ વીરોની તે અડગતા નશ્વર માનવ જીવનથી મોંઘા મૂલની છે. હિન્દી પ્રજામાં હજી અધમતા નથી અવરાઈ, હિન્દનું એક બાળક પણ આપનું થઈ, વિશ્વાસની દૃષ્ટિથી આપને નહિં જોવે. બ્રિટીશ સત્તાએ હિંદુસ્તાનને બહુ સમયની અરાજકતામાંથી ઉદ્ધાર્યું છે, ઉદ્ધારકનો અપકાર ભારતવાસીઓ કદિ નહિં કરે. તે પ્રતાપિ સામ્રાજ્યના પરિચયે હિન્દીઓને રાજ્યકૌશલ્યના પાઠો પઢાવ્યા છે, હવે તેને અન્ય વિદેશી સત્તાની અપેક્ષા શા માટે જોઇએ? બ્રિટીશ સંસર્ગે હિન્દમાં બહુશઃ પુનરૂજ્જીવન પ્રેર્યું છે, વિદ્યા અને વિજ્ઞાનનો વ્યવસાય તેઓએ શિખવ્યો છે, વાણિજ્ય નિપુણતા હિન્દીઓને તેઓએ આપી છે. વધુ શું કહું? હજી હિન્દીઓને ભાવી માટે ઉંડી આશા છે, અને તે બ્રિટીશ રાજ્યસત્તાથી સિદ્ધ થશે. હિન્દી પ્રજા પરાપૂર્વાથી રાજનિષ્ટ પ્રજા છે, રાજ્યકરની સતાના સૌભાગ્યમાં તે પોતાનું સૌભાગ્ય જોવેછે. આપ જે યત્ન કે, યુક્તિઓ કરશો તે વ્યર્થ થશે." વિજયે વિનીત વાણિથી જર્મન સમ્રાટ પાસે ક્ષત્રિયોનો ગૌરવ મહિમા, અને બ્રિટીશ રાજ્ય પ્રત્યેની હિન્દની ભક્તિના ગુણાનુવાદ કર્યા.

"સરદાર! અધિકારનો વિચાર કર્યા વીના, સ્વેચ્છા પ્રમાણે બોલી, વિવેકનો વ્યતિક્રમ કરવો, તે પણ એક અક્ષામ્ય અપરાધ છે. તમે બંધનગૃહમાં પરવશ પડેલા એક બંધીવાન છો, ત્યારે તમે જેના વાક્યે વાક્ય ઉપર નિર્મર્યાદ કટાક્ષ કરે જાઓ છો, તે ધરણિને ધ્રુજાવનાર એક સમર્થ શહેનશાહ છે. તેનો અવિનય તે સત્તાનો અવિનય છે, તેનો તિરસ્કાર તે અખિલ જર્મન સત્તાનો તિરસ્કાર છે. આનાથી કયો અક્ષામ્ય અન્ય અપરાધ

હોય ? તોપણ હજી મારા અંતરને તે માટે કંઇજ નથી, હું પણ એક મનુષ્ય છું, મનુષ્યને ક્ષમા આપવી મને ગમે છે, પણ મારા અને તમારા શ્રેય માટે હજી હું વિચારવા વખત આપું- છું. હું પુનઃ એક વખત ઉત્તર માગીશ. હિન્દી સરદાર ! પ્રભુ તમને તમારા કલ્યાણ માટે સદ્‌બુદ્ધિ આપો ! ગુડબાઇ. " (છેલ્લી સલામ) મુખમાં સીગાર રાખી જગવતો જર્મન સમ્રાટ વિજયકુમાર પાસેથી ચાલ્યો, તેની પાછળ સાથેનાઓ સૌ ગયા, બંધનગૃહ હતુ તેવું પુનઃ શૂન્ય થઈ રહ્યું.

જર્મન સમ્રાટે કેદીઓનું પરિક્ષણ કર્યા પછી, ત્રીજે દિવસે વિજયકુમારને કીલ્લામાંથી બીજેજ સ્થાને લઇ જવામાં આવ્યો; આ સ્થાનમાં ભયંકરતા સાથે કંઇ ભવ્યતા અને વ્યવસ્થા પણ હતી. વિજયકુમારને અહિં લાવ્યા પછી સેવા માટે એક વૃદ્ધ જર્મનને તેની પાસે રાખ્યો હતો, તેમજ તેને માટે ઘણી સુગમતા યોજાઈ. આ સઘળું શા માટે છે ? આ પ્રશ્ન વિજયના અંતરમાં ઉદ્‌ભ- વતો, કિંતુ, કૈસરની ઉંડી આશાઓની યુક્તિ કે ભેદ, સિવાય વિ- જયકુમારનું અંતર્ વિજયકુમારને ઉત્તર આપતું નહોતું. હશે તે થોડા દિ- વસમાં કે, બહુ કાળે પ્રદિપ્ના પામશેજ. માત્ર ધૈર્યની અપેક્ષા વિજય જો- તો હતો, અને તે રાજકુમારમાં હતું. આ નવા બંધનગૃહમાં વિજયકુમા- રને એક રાજવંશીય કેદી લેખીને રાખ્યો હતો, બંધનગૃહના મકાનની મર્યાદા બહાર પગ ન મૂકવા દેવા માટે વિજયકુમારને રહેવાના બંધનગૃ- હની આસપાસ ઉઘાડાં બેયોનેટો લઇ ફરતા જર્મન સેંટ્રિઓનો ચોકી પ્હેરો ન હોતતો, વિજયકુમાર જર્મન સમ્રાટનો મહેમાન મનાત, પણ તે ઔદાર્ય યુદ્ધનીતિમાં ન સંભવે. વિજયકુમાર માટે ઉત્તમરીતે

સોઇ થઇ હતી, તોપણુ તે કેદીજ હતો. તેના ભાગ્યમાં બંધન સર્જીત હોય ત્યાં સુધી બંધનગૃહ અને તેની ટુંકી મર્યાદામાં ફાલીફૂલી રહેલાં તરૂલત્તાઓમાંજ હિન્દીકુમારનું જગત્ હતુ.

વિજયકુમારને આ નવાં બંધનગૃહમાં લાવ્યા પછી, લક્ષેમ્બર્ગમાં રહેલાં સૈન્યોનો કમાન્ડર કોઇ કોઇ વખત વિજયકુમાર પાસે આવતો, સભ્યતાથી કૈસર વતી વિજયની સ્વસ્થતા પૂછતો, અને હિન્દી રાજ કુમારની કુશળતા જાણી, સંતુષ્ટ થતો દેખાતો. આ વિવેક અને કૃપા-વિજયને ભયંકર ભેદના રૂપમાં પ્રતિત થતાં હતાં, તે સઘળી પ્રપંચ બાજી રમાતી માનતો હતો, જેમ જેમ જર્મન સમ્રાટની કે જર્મન અમલદારોની તેના ઉપર વિશેષ કૃપા વાધતી દેખાવા લાગી, તેમ તેમ વિજયકુમારે પોતાને વિષમ વિપત્તિ કે, મૃત્યુના મુખ પાસે જતો કલ્પિ લીધો. વિચક્ષણુ વિજય સમજતો હતો, કે, કૈસરની કૂટ નીતિ સ્વેચ્છા સાધવા શામ, દામ, ભેદ, નો પ્રથમ પ્રયોગ કર્યા પછી, નિરૂપાય થશે તો, સર્વની અંતે સર્વથી અંતિમ "દંડ" પ્રયોગ આચરશેજ. વિજયનો આ તર્ક અંતે સાચોજ થયો; વિજયકુમારને કીલ્લાના બંધનગૃહમાંથી છુટો કરી, માત્ર ચૌદ દિવસજ શાન્તિ અને માનમાં રહેવા દીધો. પંદરમે દિવસે પ્રભાતમાંજ એક જર્મન અધિકારી વિજયકુમાર પાસે આવ્યો, વિજયકુમાળની કુશળતા પૂછી; વિનિત પ્રત્યુત્તર મળ્યો. તે પછી કૈસરની મુલાકાત અને તે વખતે કૈસરે દેખાડેલી ઉત્કટ જીજ્ઞાસાનો નિર્ણય જર્મન અમલદારે વિજયકુમાર પાસે માગ્યો, અને તેણે કહ્યું, કે "જે કંઇ પૂછાય છે, તે નામદાર કૈસરના પૂછાવ્યાથીજ હું આપને પૂછું છું." જર્મન સૈન્યાધિપતિએ સૌજન્યતા દેખાડતાં મૃદુ સ્વરે સઘળું કહ્યું.

"મેં તે નામદારને ઉત્તર તેજ સમયે આપેલો છે, અને અત્યારે પણ તેજ પ્રત્યુત્તર આપને માટે છે." વિજયકુમારે દૃઢે પતાવ્યું.

"ઠીક ત્યારે, ગુડ મોર્નિંગ હિન્દી સરદાર! આપે કહ્યા તેજ શબ્દો હું, નામદાર શહેનશાહને કહેવરાવીશ." વિજયનો ચોખ્ખો જવાબ સાંભળી, જર્મન સરદાર વધારે એક અક્ષર પણ બોલ્યા વિના વિજયકુમાર પાસેથી જવા ઉઠ્યો. "બસ! હવે જઈશ, આપને તે પ્રસંગની યાદ આપી આપનું અંતઃકરણ દુખાવ્યું, તે માટે મને માફ કરજો!" જર્મન સરદાર ચાલ્યો, પણ જતાં એક નિઃશ્વાસ કાઢી વિજયકુમાર સામે જોતો ગયો. તેને માઠું લાગ્યું જણાયું.

તે દિવસે તે જર્મન સરદારના ગયા પછી વિજયકુમારને પોતાના સેવક સિવાય આખો દિવસ બીજું કોઈજ ન દેખાયું, બંધનગૃહમાં કોઈજ ન આવ્યું. ક્રમશઃ રાત્રિનું અધિરાજ્ય સ્થપાયું, સર્વત્ર શાન્તિ વ્યાપિ, જગત્ ઘોર અંધકારમાં વિલુપ્ત થયું, રાત્રિની ક્ષણો ગણાતી પણ વીતવા લાગી, અને નવેક વાગ્યાનો સમય થવા આવ્યો. આ વખતે વિજયકુમાર એક ખુરશી ઉપર બેસી અંતર્ ઉદ્વેગને ભૂલી, કંઈ વાંચતો તેની સાથે તન્મય થતો હતો. અંતર્‌ને શાન્તિ મળતી જણાઈ, પણ તેનાથી તે શાન્તિ વિશેષ વખત ન ભોગવાઈ. તેને કંઈ સંભળાતું હોવાનો સંશય થયો, એકા એક તેની વૃત્તિ વાંચનમાંથી પાછી વળી, કંઇ ગડબડ જાગતી હતી, વિજય સંદિગ્ધ થઇ, વાંચતો અટક્યો, આવતા અવાજ તરફ કાન સ્થિર થયા, આવતો અવાજ પાસેને પાસે આવતો હતો, થોડાજ વખતમાં બંધનગૃહનાં પગથિયાં ચડતા કેટલાક માણસોના બૂટનો અવાજ સ્પષ્ટ સંભળાયો;

વિજયકુમાર સચેત થયો. તે અવાજ સાંભળી, કોઇજ વખત નહિં ને આજેજ પોતાના અનિષ્ટનો તર્ક વિજયકુમારના અંતઃકરણમાં ઉદ્ભભવ્યો. કંઇ વિપત્તિ વરસે તો તેમાંથી મૂક્ત થવા, કેસરની કુટીલ ઇચ્છાને આધિન થવું. માત્ર. તે ઉપાય અવશિષ્ટ હતો. તે સિવાય સહાયની આશા વિજયતે વ્યર્થ જણાઇ, કિંતુ તે ક્ષત્રિયરાજ ક્ષણિક જીવન કરતાં, કૂળનાં ચિરગૌરવમાં અધિકતા જોતો હતો. "જોઇએ તો જર્મનોની ક્રુરતા નાશવંત દેહનો ભલે અંત લાવે, પણ તે અત્યાચારી અસુરોને આ અંતર્ નગ્યું તો નહિજ આપે." પાસે આવતા ભય સામે દૃઢ રહેવા, રાજકુમારે અચળ નિશ્ચય કર્યો. પૂર્વજોનાં અવિચળ ધૈર્ય વીરત્વવેષ્ઠીત ચારિત્રો અને મૃત્યુઓનાં નિદર્શનો સ્મૃતિએ ચડતાં તેની કાલ્પનિક દૃષ્ટિ સામે દેખાવા લાગ્યાં; તે જોતાં, દેહમાં એક શીત ઉકરાટો આવી ગયો, રોમાવળી સચેત થઇ, ક્ષણભર અદ્વિતીય આનંદમાં નિમગ્ન થયો; પાસે આવતા કલ્પેલા ભયને ભૂલ્યો, ચિન્તિત અને ભયાકુળ દેખાતી મુખમુદ્રા ઉપર પ્રસન્નતાની છાયા છવાઇ. કીંતુ તે પ્રસન્નતા એક નિમિષ પણ ન પોષાઇ, "વિજયકુમાર !" વિજયને પાછળથી સંબોધતો ભયંકર સ્વર ખંડની શાન્તિને ભેદતો ખંડમાં ગાજ્યો. સ્વર સાંભળતાં વિજયનું હૃદય ધ્રુજી ગયું, ભયવિહ્વળા દૃષ્ટિ પાછળ ફરી, એક વિકાળ મુખાકૃતિનો વૃદ્ધ જર્મન અને બે હથિઆરબંધ સિપાહીઓ વિજકુમાર પાસે આવી ઉભેલા દેખાયા. "અત્યારે કેમ ?" વિજય ઇંગ્રેજીભાષામાં સંશયયુક્ત સ્વરે પૂછતો ખુરશી ઉપરથી ઉઠયો. પૂર્વક્ષણનું સ્મરણ, આનંદ, અને નિશ્ચયનો અંતર્વિક્ષોભમાં વિલોપ થઇ ગયો. જર્મન સિપાહીઓ અને અમલદારોનો પરિચય વિજયકુમારને હમણાં તો હમેશનો હતો.

પણ આજે આ વખતે આવી ઉભેલા જર્મન સિપાહીઓ અને તેની સાથેના વૃદ્ધ જર્મનના દશ્યમાં વિજયકુમારને કંઈ અવ્યક્ત કઠોરતા, અને ભિતી દેખાઈ; હૃદય અકળાયું, પણ થોડીજ નિમિષોમાં ધૈર્ય સચેત થયું. અંતરિક્ષમાં ધર્મશક્તિ પોતાની સહાયે ઉભેલી હોવાનો અંતરમાં વિશ્વાસ ઉત્પન્ન થયો, ધર્મશ્રદ્ધાની પ્રબળતા વાધી, અને અંતરનો ભય અલ્પાયો.

"વિજયકુમાર કોણ, તમેજ કે?" વૃદ્ધ જર્મને ખીસ્સામાંથી એક કાગળ કાઢી, સામે બળતા ઝાંખા દિવા પાસે જઈ, કાગળ વાંચતાં, કઠોર સ્વરે ઈંગ્રેજી ભાષામાં પૂછયું. પણ વિજયે પૂછેલા સવાલનો ઉત્તર આપવા તેણે દરકારજ ન કરી.

"હા, હુંજ છું. શું છે?' વિજયકુમારે આતૂરતાથી પૂછયું.

પરિચ્છેદ ૧૯ મો.

હવે ક્યાં સુધી?

વસંતપુરનું રાજતંત્ર ચાલુ.

જીગર ચૂરા થઇ ચૂકયુ, સહેશે જખ્મ ક્યાં સુધી ?
ભરાયું જામ ઝેરેથી, સમાયે બિન્દુ ક્યાં સુધી ?
વફાઈ બેવફા સાથે, નિભાવા શક્તિ ક્યાં સુધી ?
કત્લ હૈયાંની થાયે ત્યાં, નઝરની રહેમ ક્યાં સુધી ?

(પ્રેમ અને તત્ત્વજ્ઞાન.)

ઓરડામાં કંઇ ગડબડ હતી, ભયંકર દુષ્કૃત્ય થતું, સ્હેજે સમજી શકાતું હતું, તેની પણ છેલ્લી ઘડીઓ વીતતી જણાઈ; ખખડાટ બબડાટની પાછળ માણસના મૃત્યુનો મુંઝારો પહેલાં પેઠે વળી પુનઃ સંભળાયો. "સહાય" ખંડ બહાર ચાર ભેદી માણસો સાથે ચૂપ થઇ બેઠેલા ત્રણ રાજદ્વારીઓનાં હૃદયો પોકારતાં, અનુકંપાથી દ્રવી ગયાં; હજી હરભમજી અને સુંદરદાસ મૌન રહ્યા હતા, પણ મહારાજાથી બેસી ન રહેવાયું. જીવનને ફરી વળેલી દેખાતી વિષમ કાવત્રાંઓની ઝાળ તેને સ્મૃતિમાં ન રહી, તે સ્વજનો અને અકળ ભેદથી કેદ થયા હતા, પણ તેનું વીરત્વ અને પ્રજાસંરક્ષણ ધર્મ કોઈના બંધનમાં નહોતાં, માત્ર ક્ષોભ અને

વિચાર વમળમાં તે વિલુપ્ત થયાં હતાં, પણ સમય મળતાં તે અત્યારે ઉત્તેજીત થયાં, મહારાજાનું સ્વાભાવિક ક્ષાત્રત્વ પ્રકાશ્યું. "પકડો"...મહારાજા મોટેથી બોલતા સૌની વચમાંથી ઉછળી ખંડના બંધ બારણાંઓ સાથે અફળાયા; સાથેનાઓએ મહારાજાના બંને હાથ પકડી, તેને મૌન રાખવા યત્ન કર્યો, પણ સઘળું વ્યર્થ.

બહાર મહારાજાએ મચાવેલી તરખાટથી ઓરડામાં ચાલતી ગડબડાટ અટકી પડી, થોડી ક્ષણો સઘળું શાન્ત થઇ ગયું, પણ હવે માણુસોના જીવ જતા હતા; વળી બહુ સાવધતાથી અધુરૂં કામ ખંડમાં પૂરૂં થતું હોવાનો બહારનાઓને સંશય થયો, પણ ગાઢ અંધકારના મોઝાંઓ વચ્ચે અદૃશ્ય રહી, માણુસોનાં ખૂન થતાં જોવા, કે જાણુવા, ઇચ્છાપૂર્વકજ શાન્તિથી બેઠેલાઓએ હવે એક અક્ષર પણ ન ઉચ્ચારવા મહારાજાને પ્રતિબંધ કર્યો. હો, હા, ન કરતાં શાન્ત રહેવામાંજ પોતાનાં ત્રણેનાં જીવનો ભયમાંથી બચાવવા સાથે અન્ય કઇ ગભીર ઉદ્દેશ હોવાનુ સુંદરદાસે મહારાજાના કાન ઉપર મોં મુકી સમજાવ્યું; જરાપણુ ખડબડ કરવાથી ત્રણે રાજદ્વારીઓનાં જીવો ખોઇ બેસવાનો વખત આવવાનો ભય દેખાડયો. પણુ ઓરડામાં ચાલી રહેલી ગડબડાટથી, ભીષણુ હત્યાઓ થયેલી હોવાની કે, થતી હોવાની સ્હેજે કલ્પના થઇ શકતી હતી. મનુષ્ય હૃદયને શાન્તિ કયાં સુધીની ? શાન્તિની પણુ હવે સીમા આવી હતી, મહારાજા સુદરદાસના સમજાવ્યાથી કે, ભય બતાવ્યાથી શાન્ત ન થયા, પણુ તેનો જુસ્સો વધુ ઉશ્કેરાયો. "ભલે અત્યારે સૌનાં માથાં ધડ ઉપરથી નીચે પડે, પણુ મારી હાજરીમાં નિરપરાધી માણુસોનાં ખૂનો તો નહિંજ થાય." બોલતાં મહારાજાનો

સ્વર તૂટ્યો, તેના આ વખતના જુસ્સાનો સંયત્ કોઈનાથી ન થઈ શક્યો; બીજી વખત મહારાજાએ બારણા ઉપર પાટુ મારી, બંને તો નહિં, પણ એક બારણું ભાંગી જમીન ઉપર પછડાયું; ખંડ ઉઘાડો થઈ ગયો. ઓરડામાં ઝાંખો દિવો ઝગમગતો હતો, ખૂનીઓ ગભરાઈ દિવો બુઝવવો ભૂલ્યા હતા, ઓરડામાં બીજું કોઈ ન દેખાયું, પણ ખાટલા સાથે દોરડાંઓથી સૂતોજ બાંધી લીધેલો એક અવસન્ન જેવો પુરુષ અને અર્ધ શુદ્ધિમાં તેની સ્ત્રી બારણાં પાસેજ પડેલી હતી; બંનેનાં મોં ઉપર લૂગડાં બાધેલાં હતાં. સુંદરદાસ, હરભમજી અને મહારાજા ઓરડામાં દોડયા, તેઓની સાથેના ચારભેદી માણસો લૂમ. ત્રણ રાજદ્વારીઓને હવે ભયમાં રાખવા કોઈજ તેઓની સાથે રહેલું ન દેખાયું; મહારાજા માણસ અને તેની સ્ત્રીની સ્થિતી તપાસતા તેની પાસે બેઠા, બંનેનાં મુખ ઉપર બાંધેલાં લૂગડાં તેણે છોડી નાંખ્યા, બંનેના ગળાંઓ ઉપર દબાણ આવવાથી તેઓ અવસન્ન જેવાં થઈ પડેલાં મહારાજાને જણાયાં, પણ તેઓના જીવ લેવાનો પ્રયત્ન બાકી રહેલો હતો. મહારાજાએ તેઓનું નિરીક્ષણ કર્યું, એટલા વખતમાં સુંદરદાસ અને હરભમજીએ ખૂણાં ખાંચરા ખોળી, બે વિદેશીય આરબોને છૂપાઈ બેઠેલા પકડયા; તેઓનાં હથિયારો હરભમજીએ લઈ લીધાં, અને દોરડાંઓવતી તે બંને ચોરોને બાંધી, આધિનમાં લીધા. એટલું કરતાં સુંદરદાસ અને હરભમજીને શ્રમ પડયો, પણ તે શ્રમ સફળ થયો હતો, ચોરોને પકડતાં તેઓ બંને કુશળ રહ્યા હતા. હવે સૌની દૃષ્ટિ દિવા પાસે પડેલી વસ્તુઓ ઉપર વળી, માટીનાં બે માટલાં અને તેની પાસે કેટલાંક સુવર્ણના અને રૂપાના સિક્કાઓ અને દાગીનાઓ બહાર કાઢેલા જેમના તેમ પડી રહેલા દેખાયા; દાગીના મહારાજાએ જોયા,

એક વખત પોતે અંગ ઉપર પહેર્યા હોય, તેવું મહારાજાને લાગ્યું. દાગીના પોતાની પ્રિયતમા રાજબાના અને કેટલાક પોતાના પણ હોવાનો મહારાજાને વ્હેમ થયો. આ સઘળું જોઈ, મહારાજાએ બહુ વખત વિસ્મય થતાં મૌન રહી વિચાર્યું. ભેદ કંઈ ન સમજાયો, "આ સઘળો શું પ્રપંચ છે ?" મહારાજા અંતર્ગત અંતરને પૂછવા લાગ્યા, પણ સમજવું સ્હેલું નહોતું, શું આ સઘળી ભેદી બાજી નથી ? મને છાવણીમાંથી અહિં શા માટે લાવ્યા ? આ દશ્ય દેખાડવા કે ? માર્ગમાંથી અમને ભય દેખાડી અહિં લાવનારાઓ અહિંજ શા માટે આવ્યા? આ દસ્ય દેખાડવા કે ? આ ઘરનું બારણું ઉઘાડનાર કોઈ હતું, તેણે સંકેત સાંભળતાં બારણું ઉઘાડયું શુ, આ સઘળું એકજ વ્યક્તિની ઇચ્છાથી યોજાયેલુ નહિં ? આ ઘરમાં પડેલા દાગીનાઓ મારા છે, તે રાણી પાસે હતા, પણ તે આ માણુસ પાસે કયાંથી ? ચોરાયાજ હોય તો, રાણી તે ફરિયાદ મને કેમ ન કરે ? આમાં દોષ કોનો ?" મહારાજાનું મન ચગડોળે ચડયું, મનમાં ગુંચવાયા, અંતરને અનેક ખૂલાસાઓ પૂછયા, પણ સમજાય તેવું કંઈજ નહોતું. અંતઃપુરનો મૂખ્ય ઉપતત્રિ ગણાતો સુંદરદાસ સાથેજ હતો; પેલા ચાર ભેદી યમકિન્કરો જેવા માણસોને સુંદરદાસે સિત્કાર કરી, બોલાવ્યાનો મહારાજાને વ્હેમ હતો, કોઈના ઉપર સંશયથી જોતાં પહેલાં તેની વ્હેમભરી નજર સુંદરદાસ ઉપર પડી. મહારાજા તેના ઉપર ધુરકયા; "સુંદરદાસ ! બોલ આ શું, ગોટાળો છે ? સઘળી રમતો મને તો અત્યારે તારાથીજ રમાતી દેખાય છે...મહારાજા સુંદરદાસ ને તુંકારાથી સંબોધી બોલી ઉઠયા; ઉત્તર કંઈજ નહિં. સુંદદાસ હરભમજીના મુખ સામે ટીકનો મૌન ઉભો, મહારાજાનો ક્રોધ તેના કાબુમાં નહોતો; સુંદરદાસ ઉપર રાતાપીળા થઈ રહ્યા

પછી. બે ચાર દીર્ઘનિઃશ્વાસ લેવા જેટલો વખત પણ શાંન્ત ન રહેવાયું. " હર ભા! હવે હદ થાય છે, હવે ક્યાં સુધી ?" મહારાજાનું હૃદય મુંઝાતું હતું, તે બોલી રહ્યા, વધુ કહેવું હતું, પણ ન કહેવાયું. લઘુ બંધુને નમી પડવા તત્પર થતા દેખાયા, સ્વર કરૂણોત્પાદક થતો રૂંધાયો. મહારાજા શાન્ત થતા સુધી તેને કોઇએ ઉત્તર નજ આપ્યો. દાગીનાઓ અને સુવર્ણ મ્હોરો વિગેરે એકઠું કરી, સાથે લઈ લેવા હરભમજીએ સુંદરદાસને આજ્ઞા કરી. પેલો માણુસ અને તેની સ્ત્રીની શુશ્રૂષા કરી, તેઓને સચેત કર્યાં હતાં, તે બંનેને અને ચોરોને સાથે લઈ, હરભમજી સુંદરદાસ અને મહારાજા કુંભારના ઘરમાંથી ચાલ્યા. પણ તેઓના જવા પ્હેલાં સુંદરદાસે બહાર જઈ, ચાર સિપાહીઓને બોલાવ્યા. " તે સિપાહીઓને પણ આગળથી સંકેત હોય, અને તેઓ નિરમિત વખતે હાજર થયેલા, હોય કે, પેલા ચાર ભેદી માણુસોજ અત્યારે આવેલા સિપાહીઓ હોય. તે વખતે તેઓજ ઝાડીમાં સંકેત પ્રમાણે છૂપાઇ રહ્યા હોય. " તો તે પણ મહારાજાને સંભવનિય લાગ્યું. મહારાજાને નવો વ્હેમ ઉપજ્યો, પણ સમજવું શું ? તેણે અનેક તર્ક કર્યાં, પણ " આ સઘળું શા માટે ? " આ પ્રશ્ન તેના અંતરૂને ગુચવતો હતો. ઘણા સંશયોમાં વળી એક સંશય વધુ મળ્યો, પણ અંતસુધી નિર્ણય કંઇ નજ થયો. સુંદરદાસે બોલાવેલા ચાર સિપાહીઓમાંના બેને કુંભારના ઘરની ચોકી માટે રાખ્યા, બાકીના બે સિપાહીઓને સાથે લઇ, હરભમજી અને સુંદરદાસ મહારાજા સાથે પોતાના ઘોડાંઓ અને રાહજોતા રાખેલા સ્વારોને મળવા, વસંતપુર બહાર ચાલ્યા; શહેરમાં ચાલતાં કદાચ મહારાજા છાવણીમાં ન આવવા આડા થાય, તેવો સંશય હરભમજીને

હતો. સુંદરદાસ અને હરભમજી તેવા પ્રસંગને પણ પહોંચી વળવા પહેલેથીજ સાવધ હતા, પણ મહારાજા મૌન રહી, તેઓ સાથે છાવણી તરફ ચાલ્યા. ઉદ્યાન પાસે રાહ જોઇ બેસી રહેલા, પેલા છ ઘોડેસ્વારોને જઇ મળ્યા. રાત્રિના ચાર સાડાચારને સુમારે સઘળાં છાવણીમાં જઇ પહોંચ્યાં.

બીજે દિવસે સાંજના વખતે પેલો માણસ તેની સ્ત્રી બંને ચોર અને પેલા દાગીનાઓ સાથે દેવીસિંહજી અને સુંદરદાસ મહારાજાના તંબુમાં આવ્યા. હરભમજી તો સતત મહારાજા પાસેજ રહેતો હતો, તે, અત્યારે પણ અહિંજ હતો; સુંદરદાસ અને દેવીસિંહજીને આદર આપી, હરભમજીએ બેસવા કહ્યું. આજેજ કંઇ આવશ્યક મુદ્દો સુંદરદાસે મેળવ્યો હતો, તેથી સર્વનો નિર્ણય આજે થનાર હતો. સૌના આવી ગયા પછી, હરભમજીએ નમ્ર વાણિથી મહારાજાને કહ્યું. "વડિલ ! આ અપરાધીઓને આપના મનના સમાધાન માટેજ અહિં આણેલા છે. અમારી સૌની ઇચ્છા છે, કે આપજ તેને ન્યાય આપો ! "

મહારાજાને તેજ જોઇતું હતું, પોતાના દાગીના અજાણ્યા ઘરમાં જોયા પછી, તેના અંતઃકરણનું વાવાઝોડું વધી પડયું હતું, ભેદ જાણવાની તેની આતૂરતા અશમિત થઇ પડી હતી; હરભમજીની વિનંતી સાંભળતાં મહારાજાએ તે માણસ અને તેની સ્ત્રીને પોતાની પાસે બોલાવી, શાન્ત સ્વરે પૂછ્યું. " તમે બંને જ્ઞાતે કોણ છો ? "

" અન્નદાતા ! અમે કુંભાર છીએ. " કુંભારે ઉત્તર આપ્યો.

" આ સ્ત્રી, અને તું શું સબંધમાં છો ? "

" તે મારી ઘરવાળી, (સ્ત્રી) છે. " કુંભારે જવાબ આપ્યો.

પણ ઉત્તર આપતાં પ્રતિક્ષણે તેનો ક્ષોભ વૃદ્ધિગત્ થતો જણાતો હતો, તેનાં અંતરનો ગભરાટ વધ્યો.

"ગઈ રાતે જે ઘરમાં તોફાન હતું, તે ઘર કોનું છે ?"

"બાપુ! તે અમારૂંજ છે." કુંભારે રંક વાણીથી ઉત્તર આપ્યો.

"તે વખતે ત્યાં તમેજ હતાં ને ? શું તોફાન હતું ?" મહારાજા ઉપરાઉપર એક પછી એક સવાલ પૂછવા લાગ્યા.

"અન્નદાતા ! કાલે રાત્રે અમારે માથે બહુ વીતિ છે; આપેજ પધારી અમને જીવતદાન આપ્યું છે, જો આપ થોડો વખતજ મોડા પધાર્યા હોત તો, આ ચોરો અમારા જીવ લેવાજ તૈયાર થયા હતા, તે અમને મારી નાંખત;" કુંભાર બોલતો કંપતો હતો.

"તમે તમારા ઘરમાં દાગીનાઓ સોનું કે, રૂપું જે હતું, તે તો સઘળું તેઓને મુંગે મોંએ કાઢી આપ્યું હતું, છતાં, તેઓ તમને શા માટે મારી નાંખે ?" મહારાજા મુદ્દા ઉપર આવ્યા.

"તેઓએ પહેલાં તો અમને સૂતાં હતાં ત્યાંથી જગાડી, છરો દેખાડતાં કહ્યું કે, ગડબડ કર્યા વીના, નવા દિવાન નટવરલા...... કુંભાર બોલતાં ગુંચવાયો. કદિ નહિં બોલવાના નામનો પૂરો નહિં તો, કંઈક અપૂર્ણ ઉચ્ચાર ગભરાટમાં અહિં થઇ ગયો.

નવા દિવાન નટવરલાલનું નામ બોલાતું સાંભળતાં મહારાજાનાં હૃદયનો વેગ વધ્યો "નટવરલાલ શું ? કોણ નટવરલાલ ?" મહારાજાએ હવે ઉગ્રરૂપ ધારણ કર્યું.

"મહારાજાનું ક્રોધથી ઉગ્ર થયેલું રૂપ જોઇ, કુભાર કંપી ગયો; પણ વર્તમાન ભય કરતાં, નટવરલાલના નામનો ભય તેના હૃદયમાં વધુ દૃઢ અને ભયંકર હતો. ગભરાટમાં બોલાયેલું ફેરવવા, કુંભારે

યત્ન કર્યો; " અન્નદાતા બોલવામાં મારી ભૂલ...

" હરામખોર ! અક્ષર પણ ખોટો બોલ્યો છો, તો, હમણાંજ તારૂં માથું કપાઇ નીચે પડયું સમજી લેજે. સાચું કહી દે ! હું સઘળું જાણું છું, કે, આ દાગીનાઓ અને સોના મહોરો તને કોણે આપી છે." કુંભાર બોલી રહે તે પહેલાંજ મ્યાનમાંથી તરવાર ખેંચી, હરભમજી કુંભાર ઉપર તૂટી પડતો હોય તેમ દોડતો વચમાં ભયંકરે સ્વરે બોલી ઉઠયો.

સંસ્કાર વીનાનું રંક હૃદય ગરાશિઆના ઉગ્ર કોપને કેટલી નિમિષો સહી શકે ? હરભમજીનો કોપ કુંભારથી એક નિમિષ પણ ન સહી શકાયો; હરભમજીને ઉઘાડી તરવાર સાથે પોતાના ઉપર ધસી આવતો જોઇ, કુંભાર રડી પડતો બોલી ઉઠયો, " બાપુ ! મને માફ કરો ! નટવરલાલેજ ....."બંને હાથ જોડી, તે બિચારો બોલતો હરભમજીના પગમાં નમી પડયો. સઘળું સાચા રૂપમાં આવવા લાગ્યું; હરભમજી શાન્ત થઇ, વધુ બોલ્યા વીના થતું જોવા, કુંભાર પાસેજ ઉભો રહ્યો.

" શું, નટવરલાલેજ ? તને આ નામ લેવા, કોણે શિખવ્યું છે ?" મહારાજા પૂછતા વધુ કઠોર થતા જણાયા.

" બાપુ ! મને કોઇએ કંઇજ નથી શિખવ્યું. હું ખોટું બોલું તો, આપ...કુમાર સાહેબ હરભમજીને હુકમ કરો, કે તે તેની તરવારથી મારૂં ગળું કાપી નાંખે." ભોળાં અંતરમાંથી સત્યનું સંદોહન થતું જણાયું. હરભમજીની જગમગતી તરવારને જોતાં, કુંભારના હૃદયમાં રહેલો નટવરલાલનો ભય પલાયન કરી ગયો.

" ત્યારે શું ? તને સઘળું નવા દિવાન નટવરલાલે આપ્યું છે?"

મહારાજાએ સંદિગ્ધ દૃષ્ટિથી હરભમજી સામે જોતાં કુંભારને પૂછ્યું.

"હા, અન્નદાતા." કુંભારે એક વાત પાછળ અન્યને ઉઘાડી પાડવી પડે તો, તેમ કરીને પણ પોતાનું અને પોતાની સ્ત્રીનું રક્ષણુ કરી લેવા નિશ્ચય કર્યો.

"નટવરલાલ દાગિના તને શા માટે આપે ?" પૂછતાં મહારાજાની આતૂરતા વધી.

"કુ...મા...ર...ત્રણુ અક્ષરો પણુ ગરિબ કુંભાર મહા શ્રમે બોલી શકયો, બોલતાં શરિર પ્રસ્વેદથી જેબજેબા થયું, બંને પગ ધ્રુજવા લાગ્યા.

"ક્યા કુમાર ? કુમારને શું છે ?" મહારાજા કુંભારનો ગભરાટ કળી ગયા, તેને વધુ ભય બતાવતાં કદાચ તે ગભરાઇ જાય, અને વાત અપૂર્ણુ રહે; મહારાજા ચેત્યા, પોતે ગંભીર થયા; કુંભારને ન બીહવા ધૈર્ય આપી, કહ્યું, કે, સાચુંજ બોલીશ તો, આ દાગિના સોના મહોરો અને તારૂં જે કંઇ હશે, તે સઘળું તને પાછું મળશે."

"કુમાર ઇંદ્રસિંહજી મેં......રાણીબાને આપ્યા, તેની બદલ દિવાન સાહેબે મને ઘરેણાં અને સોના મહોરો આપી છે." કુંભારે હતું, તે અત્યારે તો નિર્ભયતાથી મહારાજાને કહી દીધું.

કુમાર ઇંદ્રસિંહજી રાણીને આપ્યા, અને તેનું મૂલ્ય આ દાગિના. આ રહસ્યના કુંભારના મુખમાંથી નીકળેલા છેલ્લા શબ્દો સાંભળી, મહારાજાના હૃદય ઉપર વિદ્યુત્ આઘાત થયો હોય, તેમ એક અસહ્ય આંચકો લાગ્યો, પણુ આ સમયનો અંતર્ વિક્ષોભ છૂપાવી મહારાજાએ દૃઢ સ્વરે કુંભારને ભય બતાવતાં પૂછયું. "કુમાર

ઇંદ્રસિંહજી માટે અક્ષર પણ ખોટું બોલ્યો તો, લક્ષમાં રાખજે કે, તને હું રીબાવી રીબાવી તારા કટકા કરાવી નખાવીશ. બોલ ! કુમાર કોનો છોકરો છે ?"

"અન્નદાતા ! હવે મારો કે, જીવાડો ! પણ હું તો જે છે, તે આપને કહું છું." કુંભારે ગદ્‌ગદ સ્વરે કહેતાં માથાં ઉપરથી પાઘડી ઉતારી, જમીન ઉપર મૂકી.

મહારાજા વાત સાંભળી, નિસ્તબ્ધ થઇ ગયા હતા; બહુ વખત સુધી મૌન રહી તેણે કંઇ વિચાર્યું, હમણાં સઘળા નિર્ણયો અપૂર્ણ રહ્યા, મહારાજાનું મન સ્વસ્થ નહોતું, ચોરો અને કુંભાર તથા તેની સ્ત્રીને હમણાં તેને સ્થળે લઇ જવા, મહારાજાએ હૂકમ કર્યો. તેઓને તંબુ બહાર લઈ ગયા, પણ હરભમજીએ સમય સાધ્યો. બીજા મુદ્દાઓ બહુએ હતા, પણ તે સઘળા પાછળ રાખી, મહારાજાના હાથમાં એક કાગળ તેણે આપ્યો; અને તે વાંચવા બહુજ મૃદુ સ્વરે મહારાજાને વિનંતિ કરી. પત્ર ઉખેડી મહારાજા વાંચવા લાગ્યા.

"મહારાણીશ્રીની સેવામાં."

"કુંભાર માટે રચેલી તદ્બિર ઉંધી વળી છે, તેને માટે આપણું ધારેલું થયું નથી, કુંભારનો ક્યાંઇ પત્તો નથી, તેમજ પેલાઓ પણ વસંતપુરમાં નથી; મેં પૂરી તપાસ કરાવી, પણ અત્યાર સુધી તો સઘળેથી નિરાશ થવા જેવું થયું છે. કુંભારના ઘર ઉપર ચોકી મૂકાઇ છે, કોણે મૂકી, તે મનમાનતો ખૂલાસો નથી. સુંદરદાસ આખરે નિમકહરામ થઇ, સામા પક્ષમાં મળી ગયો હોવાના મને સાચા ખબર મળ્યા છે; હવે આપણિ પાસે આપણાં બચાવનો ઉપાય એકયે રહ્યો નથી. કંઇ થશેજ, મારે અને તમારે કંઇ રહેવું

પડશેજ; મને નિશ્ચય થઇ ચૂકયો છે. મારે માટે જે થશે, તે સઘળું હું મારી " રાજ " માટે સહી લેવા તૈયાર છું. મહારાણી ! સ્વતંત્ર રાજમાતા થતાં કંઇ સહેવું પડે, તે સંભવિત છે. પણ તેનું સાર્થક થવું જોઇએ; ભોળા કૃષ્ણસિંહજીને ભોળવવા તે કાર્ય તમારે માટે દુર્ઘટ નથી.

હવે તે એકજ ઉપાય બાકી છે, મારી અને તમારી જીંદગીની સઘળી આશાઓ અત્યારે તો, તમારી કાર્ય કુશળતા ઉપર ટકી રહેલી છે. મહારાજા હાથમાંથી છટકયા દેખાય તો, તેને પાછા વશ કરવા કાર્યકૌશલ્યનો વ્યય કરવાનો છે, પુનઃ વશ થયા પછી, સઘળું સરળ થઇ જશે. હિંમ્મત અને ચતુરાઇની અહિંજ કસોટી છે. જો તમારે સલામત રહી, વસંતપુરના રાજ્યની લગામ સ્વતંત્રતાથી હાથમાં લેવી હોય તો, કૃષ્ણસિંહજી હરભમજીના પંઝામાંથી છૂટયા પછી, તેને આ જગતમાંથી વિદાયગિરી આપવી, પણ હવે તે કાર્ય અન્યના વિશ્વાસ ઉપર મૂકી શકાય તેવું નથી, તમારે જાતેજ તારદ લેવી જોશે. ધિમો વિષ પ્રયોગ કરવા સમય સાધવો ! કે, જેથી જગતને વ્હેમાવાનું કંઈ કારણ ન રહે; જો તે કાંટો નીકળી જાયતોજ આપણે સુખે રહી શકશું; જો તેમ થશે તોજ, સ્વતંત્ર રાજ્યસત્તા આધિનમાં લઇ રાચશો, પણ જો દુર્ભાગ્યને યોગે હવે કાર્ય ચૂકયાં તો, હું અને તમે બુરાં મોતને આધિન થશું, તે સ્મૃતિમાં રાખજો ! ટુંકામાં એટલુંજ કે, જો કૃષ્ણસિંહજી જગતના પડ ઉપર નહિંજ હોય તો, હરભમજી જેવાને હું જોતજોતામાં દળી નાંખીશ. બુઢ્ઢા રામમોહનદાસનો હવે ભય નથી, પણ કદાચ પ્રસંગવશાત્ તે ભય પુનઃ સજીવ થાય તોપણ તેનાથી કંઈ ડરવાનું કારણ

નથી. અત્યારે તો, આ પત્ર છેલ્લો છે. હું આજે તમને મળવા આતૂર હતો, પણ કારસ્તાનિઓએ કાચું નથી મૂકયું. મને કોઇ જાહેરરીતે તો કેદ નથી કરી શકયું, પણ ગઇ રાત્રિએજ મારા બંગલાની આસપાસ સજડ ચોકી પહેરો મૂકાઇ ગયો છે; બંગલાના માણસોને બહાર નીકળવા કે, બહારનાં માણસોને બંગલાની હદમાં આવવાની સખ્ત મનાઇ છે. આ પત્ર લખવાનુ કારણ માત્ર તેજ છે, જાતે મળી શકાય તેમ નથી. એટલી મુસીબતો ઉભી થયેલી છતાં, કુંભારની અને સુદરદાસની સાચી બાતમી હું મેળવી શકયો છું. આ પત્ર તમારા સુધી પહોંચાડવાનું કામ અતિ વિષમ થઇ પડેલું છે, છતાં પહેરેગિરોની નજરને આંજી, કાગળ રવાના કર્યો છે. કાગળ તમારી પાસે લાવનાર એકજ હવે મારો વિશ્વસનિય રહ્યો છે, પણ ચોક્કસ પહેરાની ચોકસી વચ્ચે થઈ, તે બંગલામાં પાછો પ્રવેશી શકે, તેવો સંભવ નથી. તેને કંઈ આપવું કે, જેથી તેની આશા તેની કૃતજ્ઞતાને સુદૃઢ રાખે.

ગરિબ નટવરની દયાજ હોય તો,તેને ઉગારી લેવા શ્રમ કરજો ! ગમે તેટલી વિષમતા પણ સરળ કરી શકવા તમારામાં શક્તિ છે. અત્યારે તો, ભયંકર મોતની તરવાર મારા માથા ઉપર ઝઝુમી રહેલી દેખાય છે; પણ એટલું ધ્યાનમાં રાખવાનું છે, કે મારા અનિષ્ટ સાથેજ તમારૂં અનિષ્ટ સંકલિત છે; ઘટે તેમ કરજો ! આ પત્રની પહોંચની આતૂરતાથી રાહ જોઉં છું." લી. હું, છું, રંક નટવરલાલ.

પત્ર આખો વંચાઈ રહ્યો; અક્ષરો નટવરલાલના હતા, તેમાં તો સંશય નહોતો. પત્ર રાણીને ઉદ્દેશીને લખાયેલો હતો,લખનારનું મસ્તિષ્ક ભ્રમિ ગયેલું પ્રત્યક્ષ હતું. તેથી પત્ર નિયમ વિના લખાયેલો હતો.

પણ તેમાં રાજબા પાસે મહારાજાનું ખૂન કરાવવાનો આશય પ્રધાનરૂપે વ્યક્ત હતો. રાજબા સાથેનો સ્નેહ પત્રમાં છૂપો રહ્યો નહોતો, કુંભારનું ખૂન અને તેનું કારણ હવે મહારાજાથી સમજાયું; કુમાર ઈંદ્રસિંહજી કુંભારનોજ પુત્ર હતો, પણ પ્રસંગ પડતાં હરભમજી કુંભારને અને તેની સ્ત્રીને મહારાજા પાસે મુદ્દારૂપે ઉભાં ન કરે, તે માટે તેનાં ખૂનો કરાવવાનું કારસ્તાન યોજાયેલું જણાયું. વૃદ્ધ રામમોહનદાસ અને હરભમજીનું સત્ય સિદ્ધ થયું, તેઓની નિર્દોષતાની મહારાજાને ખાત્રિ થઈ. પત્ર વાંચ્યા પછી, મહારાજાએ થોડો વખત નિચી દૃષ્ટિ રાખી વિચાર્યું; હૃદય ઉપર આઘાત અસહ્ય થયો હતો, પત્ર મહારાજાના હાથમાંથી જમીન ઉપર સરી પડ્યો; તેનામાં ચૈતન્ય હણાતું જણયું. " મહારાજા ! " હરભમજીએ ત્રણ ચાર વખત વડીલ બધુને સંબોધ્યા, પણ ઉત્તર કોણ આપે ? તે તો બેશુદ્ધ થઈ ગાદી ઉપરજ પડયા હતા, તેને શુદ્ધિમાં લાવવા દોડાદોડ થઈ રહી, ઘણીજ શુશ્રૂષા અને મહાશ્રમ પછી, મહારાજાને ભાન આવ્યું, પણ થોડી ક્ષણોની બેશુદ્ધિ પછીના કૃષ્ણસિંહજી બીજા હતા. તેના અંતરમાં રાજબા અને નટવરલાલે પોષેલા વિષમય તત્ત્વો અંતર્ આતાપમાં ભસ્મિભૂત થયા હતા, તેને મનુષ્યજાત પ્રત્યે તિરસ્કાર જન્મ્યો, જગત્ પ્રપચમય જણાયું. પોતે તે પ્રપંચમય સ્નેહમાં સંપૂર્ણ છળાયા હતા, નિર્જીવ પૂતળાં પેઠે રાજબા અને નટવરલાલનું રમકડું થઇ નાચ્યા હતા; ને સઘળું હવે સમજાયું. જગત્ ઉપરથી વૃત્તિ વણસતી હતી, પણ ઉઠી ન શકી. ચિરજીવિ યોગિરાજ ભર્તૃહરી મહારાજની યોગ્યતા કૃષ્ણસિંહજીમાં નહોતી, તે સંસ્કાર કૃષ્ણસિંહજીને સમય અને પ્રસંગે પ્રેર્યો નહોતો. રાણીનો અપરાધ અક્ષામ્ય હતો, તેના વિષમ પ્રપંચે કૃષ્ણસિંહજીના અંતર્

ઉપર પ્રૌઢ પ્રહાર કર્યો હતો. વૃત્તિ પ્રપંચમયિ માનવમાયાથી રૂઠી, પણ તે ક્ષણિકજ. મહાપ્રાણુ ભતૃહરી મહારાજનો અંશ પણ તેનામાં ન અવતર્યો. પોતાની પ્રાણાધિક પ્રિયા રાજબા અને પાપાત્મા નટવરલાલનાં ભયંકર પ્રપંચો જાણતાં મહારાજા શબ્દશૂન્ય પેઠે મૂઢ થઈ રહ્યા, અંતરની દુ:સહ્ય વ્યથાએ તેને વિહ્વળ કર્યા, અને તે સાથે તેની પ્રકૃતિમાં પણ વિકાર ઉપન્યો.

આજે મહારાજાની મનોસ્થિતિ સ્થિર નહોતી, આખી રાત હરભમજી મહારાજાની શુશ્રૂષા માટે ઉભે પગેજ તેની પાસે રહ્યો, પણ મહારાજા વિચારશૂન્ય પેઠે આંખ્યો મિંચી, આખી રાત સૂઇજ રહ્યા; પ્રભાત થતાં મહારાજાને જાગૃત કરી, તેનામાં સ્ફૂરતિ પ્રેરવા સરદાર દેવીસિંહજીએ પ્રયત્ન કર્યો, બહુ શ્રમે સ્ફૂરતિ આવી, ચક્ષુઓ ઉઘડયાં. " ભાઈ!...હરૂભા ! " જાગૃતિમાં આવતાજ મહારાજાએ કરૂણોત્પાદક સ્વરે લઘુ બંધુને સંબોધ્યો, હૃદયમાં વિદ્રોહ પાછળ રહેલો સ્નિગ્ધ બંધુ સ્નેહ વાણિ સાથે બહાર વહ્યો.

" બાપુ ! હરૂભા આપની પાસે આખિ રાત બેસી રહ્યા હતા, પણ મળસ્કું થતાં, મને આપની પાસે બેસારી, તે કયાંઈ ગયા છે." દેવીસિંહે ઉત્તર આપ્યો.

" સરદાર સાહેબ ! ત્યારે તે અહિં નહિં આવે ? મારા ઉપર દયા કરી તેને બોલાવશો ? મારે તેને મળવું છે...બે વાતો કરવી છે. " વસંતપુરના મહારાજાએ પોતાના આજ્ઞાંકિત શેવકને આજીજી કરી. તેના અંતરને આઘાત અસહ્ય થએલો હતો, અને તે વ્યથાથી માનવજાતિ ઉપરનો પોતાનો અધિકાર વિસરાયો, બોલવામાં અભિમાન વિહીન રંકતા આવી હતી.

" જી! તે ક્યાં પધાર્યા છે, તે કોઇ નથી જાણતું, પણ હું હમણાં તપાસ કરાવી, જો તે મળે તો, તેને આપની ઇચ્છા જણાવું છું." દેવીસિંહે વિનયથી કહ્યું. તેણે હરભમજીને શોધવા વસંતપુર તરફ ઘોડેસ્વારો દોડાવ્યા; હરભમજી તે સ્વારોને માર્ગમાંજ સામો મળ્યો, તે છાવણી તરફજ આવતો હતો, થોડાજ વખતમાં સ્વારો સાથે તે છાવણીમાં આવી પ્હોંચ્યો. હરભમજી સિધ્ધો મહારાજાના તંબુ તરફ આવ્યો, પણ તંબુમાં પેઠા પ્હેલાં એક સિપાહી સાથે તબુમાં પ્રવેશવા તેણે મહારાજાની આજ્ઞા મંગાવી.

" બાપુ આપનીજ જંખના કરતા બેઠા છે, તંબુમાં પધારો !" સિપાહી ઉત્તર લઇ આવ્યો. હરભમજી તબુમાં પ્રવિષ્ટ થઇ, મહારાજા તરફ ચાલ્યો.

" વડીલ ! આ કૃતઘ્ન બાળક, આપનુ અપરાધિ હોય તો, આ તરવાર અને મસ્તિષ્ક હવે આપને શરણ છે." હરભમજી પોતાની તરવાર અને મસ્તિષ્ક મહારાજાના પગ ઉપર મૂકી, બોલતો નમી પડયો.

" હરૂભા ! હું કર્તવ્ય ભ્રષ્ટ થયો છું,...અપરાધ મેં...કર્યો છે. મને માફી..."શરણુમાં પડેલા હરભમજીનો હાથ પકડી તેને મહારાજાએ ઉભો કર્યો, પણ દુઃખ અને પશ્ચાતાપથી ઉભરાઇ ગયેલા મહારાજાના અંતરનો ઉભરો અંતરમાં ન સમાયો; ક્ષમા યાચતા મહારાજા પોતાના લઘુબંધુને હૃદયસાથે ચાંપતા રડી પડયા. સહોદરસ્નેહનો અવધિ આવ્યો, વસંતપુરના વીર નરેંદ્ર પોતાના ક્ષુલ્લક સેવકોની દેખતાં મૂક્ત સ્વરે રડયા. થોડી નિમિષે પશ્ચાતાપ અને સહોદરસ્નેહે તેના અંતરનું અભિમાન વિસરાવ્યું; દ્રશ્ય અપ્રતિમ થઇ પડયો.

પરિચ્છેદ ૨૦ મો.

વિજયકુમાર.

વસંતપુરનું રાજતંત્ર ચાલુ.

જહીં આશા દીવો તહીં જરૂર અન્ધાર રજની,
વધુ જ્યાં એ ખીલે તિમિર વધુ ત્યાં ગાઢજ નકી;
નવાં દર્દો કાંઇ નવીન ભડકાઓ જગવતાં,
અજાણ્યાંને અંતે મરણુ શરણે છેક ધરતાં.

(કલાપી)

હરભમજી અને મહારાજાના સ્નેહસયોગ પછી છાવણી-માંના સઘળા આજે મૂક્ત થયા, મહારાજાંએ વસંતપુર પહોંચતાંજ, પ્રથમ રામમોહનદાસને બંધનમૂક્ત કરી, પોતાની પાસે બોલાવ્યા. બિચારા અશક્ત વૃદ્ધ રામમોહનદાસ મહેલમાં આ-વ્યા જાણી, મહારાજા ગાદી ઉપરથી ઉઠી, થોડાં પગલાં તેની સામે ગયા. રાજા અને અમાત્યની દૃષ્ટિઓ મળી, ઉભયનાં ચક્ષુઓ સજળ હતાં, તેમાંથી થોડાં અશ્રુબિન્દુઓ ખર્યા. " દિવાનજી ! આ...ન ગણો... ચરાસિઓ પ્રપંચ પાશમાં પકડાયો હતો, મોહાન્ધ થયો હતો; સાચું

જોવા ચક્ષુઓ નહોતાં, પણ આપે અને હરૂભાએ તે આપી મને જન્મરૂણિ કર્યો છે." મહારાજાએ અંતરનો પશ્ચાતાપ રામમોહનદાસને જોતાંજ તેની પાસે ઉઘાડો કર્યો. રામમોહનદાસ મહારાજાના શબ્દો સાંભળતા મૌનપણે એક ગાદી ઉપર બેસી ગયા; મહારાજા કંઇ ઉત્તરની આશાએ તેની પાસે બેઠા, પણ મહારાજાના અંતરૂઆતાપના શાન્ત્વન માટે વૃદ્ધના અનુભવી મુખમાંથી એક શબ્દ પણ નસર્યો, તે મૌનજ રહ્યા.

" આપે મારા ઉપર કરેલા ઉપકાર અને સહેલાં સંકટોની અનુગત મારી પાસે કંઇજ નથી, પણ આ કિન્ચિત માત્ર "......મહારાજાએ અમાત્યથી થયેલા ઉપકારની સ્તુતિ અને તૂલન કરતાં રામમોહનદાસના ખોળામાં એક ઝાગિર પત્ર મૂકયો; રામમોહનદાસે તે પત્ર હાથમાં લઇ વાંચ્યો, પોતાના વંશપરંપરાના ઉપભોગ માટે વર્ષે પાંચ પાંચ હજાર રૂપિઆની આવકવાળાં બે ગામો તેની અણમોલ સેવાની બદલ ઝાગિરમાં આપ્યાનું તેમાં લખ્યું હતું.

' મહારાજા ! વળી આ ઝંઝાળ શા માટે ? આ દેહ આપનોજ છે, તે આપને માટે કંઇ કરે કે, સહે તો, તેમાં તેનાં કર્તવ્યથી વિશેષ કહિંજ નહિ. આપ રાજ્યની અંતરૂસ્થિતિનાં સત્યરૂપને જોઇ શકયા, તેજ લ્હાવો, અને તેજ અમો સેવકોની જીવન કૃતાર્થતા. " મહારાજાનો પશ્ચાતાપ ઓળખી, રામમોહનદાસે વીતક વિસરી જતા હોય, તેમ મુત્સદિ શબ્દોમાં વિવેક, કૃતજ્ઞતા અને તાપર્યનું દર્શન કરાવ્યુ. રામમોહનદાસે સ્વાનુભવ સિદ્ધ ઘટનાઓ અને પરિણામોના ઘણા ઉદાહરણો મહારાજા પાસે મૂકયા, ભર્તસ્નાગર્ભિત ઘણું કહ્યું; બીજી ઘણી વાતો થઇ. હજી તેઓ વાત કરતાજ બેઠા

હતા; એટલામાં એક ખવાસે આવી, મહારાજાને ખબર આપ્યા, કે "રાજબા સાહેબા અહિં અર્ધા કલાકથી પધારેલાં છે."

"વારૂ,"મહારાજાએ ટુંકો ઉત્તર આપ્યો. હરભમજી મહારાજા પાસે શાન્ત બેસી સઘળું સાંભળતો હતો, તેણે અને રામમોહનદાસે રાજબાનું આગમન જાણી,મહારાજા પાસેથી જવા આજ્ઞા માગી; "ભલે સિધાવો" મહારાજાએ જવા કહ્યું. તેઓ બંને મહારાજા પાસેથી અત્યારે તો ગયા.

મહારાજાને બંગલે આવ્યા પછી, રામમોહનદાસ બંધનમૂક્ત થયાની વાત રાજબાએ જાણી; મનનો તર્ક અને સંશય સબળ થયા, દાંતમાં ઓષ્ટ્ર કચરાયો, તે સચેત થઇ ગઇ. સૌના ગયા પછી, મહારાજાએ રાણીને પોતાના ખંડમાં આવવા હૂકમ કર્યો. રાણી ઓરડામાં આવી. " પ્રાણનાથ ! આમ હોય કે ? એક દિવસનુ કહી, ચાર ચાર દિવસો ક્યાંઈ વિતાડો......આપને તો કંઇ નહિં, આ ગરિબ દાસિ ન સાંભરે, પણ...અમને ખાવું પણ કેમ ભાવે ? આ ચાર દિવસ તો મને ચાર ભવ જેવા દેખાઇ વીત્યા છે." ઓરડામાં પેસતાંજ મહારાજાના ખભા ઉપર મસ્તિષ્ક મૂકી રાજબા બોલતી રડી પડી. પરમ યોગેન્દ્ર મત્સ્યેન્દ્રનાથનું અપરિમીત મનોબળ અને યોગસિદ્ધિઓ કૃષ્ણસિંહજીમાં નહોતી, પણ કામરૂ મહાશકિત વીરાંગના મહિલાસુંદરીનું અપ્રતિમ સૌંદર્ય અને અભિનયો આ સમયે રાજબામાં વ્યક્ત થયાં, રાજબા કામરૂ સુંદરી મહિલાદેવી નહોતી, પણ આ વખતનું તેનું સૌંદ્રર્ય અભિનયો અને માર્દવતા મત્સ્યેન્દ્રની અદમ્ય આત્મશકિત જેવી શકિતઓને ચળાવવા સમર્થ દેખાયાં. આજે રાજબાને મહિલાદેવીથી કઇ વિશેષ કરવાનું હતું, પતિ પાસે ઉઘાડા પડેલા પ્રપંચો ઉપર પુનઃ મોહપટ પાથરવાનો હતો, રોષે ભરાયેલા રાજાના રોષઉપર જય મેળવવાનો હતો, હા-

થમાંથી છટકતા કૃષ્ણસિંહજીને પુનઃ છદ્મ શૃંખલામાં સપડાવવાના હતા; રાજબા પોતાના પ્રપંચ કૌશલ્ય અને સૌંદર્ય પાસે તે કાર્ય સરળ જોતી હતી, પણ હવે તેને કાર્યની દુર્ઘટતા જણાઇ. રાજબાનેખંડમાં આવતી જોઇ, તેના અનીચ્છાના સત્કાર માટે રાજબા ઉપર મહારાજાએ માત્ર એકજ દૃષ્ટિપાત કર્યો. રાણીનું અત્યારનું દંદમાદથી સૃજાયેલું સૌંદર્ય મહારાજામાં મોહ ન ઉપજાવી શકયું.

" રાજ્યના મામલા હમેશાં તેવાજ હોય છે, ધાર્યું તો નજ ઉતરે.........પણ કુમાર કયાં છે ? " રાણીની ચિંતાનું શમન કરવાનો પ્રયત્ન કરતા દેખાતા મહારાજાએ કુમારને સભાર્યો, તેનું નામ લેતાં મહારાજાના મુખ ઉપર અપૂર્વ આતૂરતા દેખાઈ.

" કુમારને બંગલે મૂકીને આવી છું, હજી તેને આપની પાસે લવાય તેમ કયાં છે ? હવે હું તો તેના યોગ અવયોગની પીડાથી કંટાળીછું; બે મહિના વીતિ જાય તો જાણે જગ જીતાયું " રાણી અશ્રુઓ લુછી બોલી.

" શાએ કારણથી આજે કુમારને મારા ખોળામાં કૂદતા જોવા, મારી તિવ્ર ઇચ્છા થઇ છે; ... ... યોગ અવયોગ ઉપર હવે મને શ્રદ્ધા નથી. " મહારાજા રાણીના પ્રપચ પાસે શ્રદ્ધાહિન થતા જણાયા. " બહાર કોણ છે ? " મહારાજાએ બહારથી કોઇને બોલાવ્યું. એક દાસિ ઓરડામાં આવી, મહારાજાના ઓવારણા લેતી મૌન ઉભી; " કુમાર ઇંદ્રસિંહજીને અહિં મારી પાસે તેડી આવ ! " રાણીની ઇચ્છા જાણ્યા વીનાજ મહારાજાએ દાસિને હુકમ કર્યો.

"બે મહિના આપ ધિરજ નહિં રાખો ! એટલા દિવસો વીત્યા, ત્યારે

એ મહિના તો આંખ મિંચતાં વહ્યા જશે...તેનું મુખ હમણાં જોવું, આપને રિષ્ટ છે; મારી અને કુમારની દયા લાવી, થોડા દિવસ માટે તેમ ન કરો તો સારૂં." રાણી મૃદુ સ્વરે બોલતી વળી મહારાજાને નમી પડી.

"કંઈ નહિં, એતો સઘળા વ્હેમ છે." મહારાજાએ સ્મિતભર્યો ઉત્તર આપ્યો, પણ તે સ્મિત અંતરનું નહોતું. "જા ! તું કુમારને હમણાંજ અહિં લાવ ! તેની સાથે તું પણ ગાંડી ન થતી." મહારાજાએ રાણીનું સાંભળ્યું ન સાંભળ્યું કરતાં દાસીને આજ્ઞા કરી. જતાં દાસિએ રાણી સામે દૃષ્ટિપાત કર્યો. સંકેત સૂચવાયો, પણ વિચક્ષણ દાસિ મહારાજાનુ મન પામી ગઇ હતી; વખત વર્તિ રાણીની દરકાર કર્યા વિનાજ તે ત્યાંથી ગઇ.

મહારાજાની પ્રકૃતિનું અનુમાન રાજબાથી થઇ ગયું હતું, હરભમજીના પક્ષનો સંપૂર્ણ વિજય થયેલો તેણે જોઇ લીધો, તોપણ મહારાજાને પુનઃ મોહાંધ કરી, ભ્રમાવવા રાણી મોહઝાળ પાથરતી હતી. મહાપ્રાણ નારદની અવિચળ વૃત્તિના અભિમાનનો પરિહાર કરવા પ્રાદુર્ભૂત થયેલી વિશ્વમોહિનીની શક્તિ કંઇક સમય રાજબામા પ્રતિત થઈ. મહારાજા પાસે આવતાં, ક્ષત્રાણિએ અભિનયો અને વાણિ લાલિત્યની ઝાળ આવરવાનો આરંભ કર્યો; પણ મહારાજાનું હાર્દ રોષથી વિક્ષિપ્ત થયું હતું, સ્ત્રીજાતિની પ્રપંચછાયાએ મહારાજાના અંતર્‌ને નારદદેવ અને યોગેન્દ્ર મત્સ્યેન્દ્રથી દૃઢ કર્યું હતું. વિશ્વમોહિનીનું સૌંદર્ય સુરમુનિ નારદનીવૃત્તિને પરાભૂત કરી શક્યું હતું, મહિલા દેવીનાં અપ્રતિમ લાવણ્યે મત્સ્યેદ્રને ભ્રમાવ્યા હતા, તે યોગમાર્ગ ભૂલી, તેની સિદ્ધિઓથી અપભ્રષ્ટ થયા હતા, પણ મહારાજામાં તે મહાપ્રાણોથી

અધિક દઢતા અત્યારે વ્યક્ત થઈ. રાજબાના મનહર ઠાઠમાઠ અને રમણીયતા મહારાજાનાં અંતરૂરોષને ન ભેદી શકયાં; રાજમાએ બહુએ કરી જોયું, પણ તેનો યત્ન વિફળ થયો. મહારાજાની રોષિત વૃત્તિ રાજબાથી મહાત્ નગ્ન થઇ. કુંવરને લાવવા હુકમ કરી, મહારાજા ગાદી ઉપરથી ઉઠયા. “ બેસજો ! હું હમણાં આવુંછું. ” મહારાજા રાણીને ત્યાંજ બેસવા કહી, તે ઓરડામાંથી બહાર ગયા; નટવરલાલને તેને બંગલેથી તેડી આવવા એક સિપાહીને હૂકમ કરી, તે બીજા ખંડમાં જઇ બેઠા, ત્યાં તેણે એકપત્ર લખી સરદાર દેવીસિંહજી ઉપર ઉતાવળે રવાના કર્યો. મહારાજાએ આમજ અર્ધા કલાક વીતાડી દીધો, પણ તે રાણી પાસે ન ગયા. પ્રાણાધિક પ્રિયા રાજબા હવે મહારાજાને વિષ પ્રતિમાવત્ દેખાઇ, તેના મૃદુશબ્દો અને મોહક અભિનયોમાં વિષ જવાળાઓ વિહરતી તેને પ્રતિત થતી હતી. રાણીપાસે એકલા બેસવામાં મહારાજાને ઈષ્ટ ન લાગ્યુ; કુવરના આવી પહોંચતા સુધી મહારાજા બીજા ઓરડામાં એકલાજ બેસી રહ્યા. દાસિ કુંવરને લઇ થોડા વખતમાં મહારાજા પાસે આવી પહોંચી, તેના હાથમાંથી મહારાજાએ કુમારને તેડયો. બાળક સુંદર દેખાયું, પણ સુંદરતા સ્વાભાવિક નહોતી. મહારાજાના હાથમાં જતાં, તે બાળકનાં વિશુદ્ધ મુખાર્વિંદ ઉપર અમોઘ આનંદનું સ્મિત સ્ફૂર્યું; મહારાજાએ તે નિર્દોષ મુખાર્વિંદનું અવલોકન કરતાં એકવખત તેને ચૂમ્યું. અંતરૂમાંથી એક ઉડો નિઃશ્વાસ સરી પડયો. “ હવે તું જા ! રાણીસાહેબાને પેલા ઓરડામાંથી અહિં મોકલતી જજે ! ” મહારાજાએ કુમારને પોતાની પાસે ગાદીઉપર સુવારતાં દાસિને જવા કહ્યું. દાસિએ જતાં રાણીને મહારાજા પાસે મોકલી.

રાજબા મહારાજાવાળા ખંડમાં આવી, કુમાર સૂતો હતો તે ગાદી પાસે મહારાજાના મુખભાવો જોતી તે ઉભી. " હમણાં તેને સૂઇજ રહેવા દ્યો. જોઇએ કે, તે શું કરેછે ? " મહારાજાએ કુમારને સૂઇ રહેવા દેવા ઇચ્છા જણાવી. રાણી અને મહારાજા મૌન થઇ રહ્યા, થોડી ક્ષણો આવી પણ વીતિ ગઇ. બાળકનાં મુખારવિંદ સામે દૃષ્ટિ સ્થિર કરી બેઠેલા મહારાજાના મુખઉપર એટલા વખતમાં અનેક ભાવો પરિવર્તિત થઈ ગયા. બાળક રાણી અને મહારાજા સામે સુકુમાર નયનો સ્થિર કરતો બહુ વખત રમ્યો, હવે તે શ્રમિત થયો; સૂતો હતો ત્યાં ઉંધો પડવા શ્રમ કરવા લાગ્યો; મહારાજાએ તેને ઉપાડી જમીન ઉપર બેસાડયો, પણ રાણીપાસે જવા તેણે ઇચ્છા ન કરી. "રાણી! કાંતો તમારૂં અંતઃકરણ વાત્સલ્યસ્નેહ વિહીન હોય કે,બાળકનાં તત્વોમાં ભિન્નત્વ હો ! પણ એમાંનું કંઇ છે ખરૂં; નહિં તો, વિશુદ્ધ બાળકનું અંતર્ આ અવસ્થામાં માતામય હોવું જોઈએ. જન્મદાત્રિ માતાનું દર્શન થયા પછી બાળકનાં નિર્મળ અંતર્માં અન્યની છાયા પડેજ નહિં. " બહુ સમય કુમારનું નિરિક્ષણ કર્યા પછી, અપવાદ શોધિ કાઢયો હોય, તેવો ભાવ રાખી, મહારાજાએ રાજબાને સંદિગ્ધ સ્વરે કહ્યું.

રાજબા વિચક્ષણ હતી,તે મહારાજાનું માર્મિક બોલવું સમજી ગઇ; તે હજી કુમાર માટે મહારાજાના અંતર્ને સંદિગ્ધ થએલું સમજતી હતી, પણ તે જાણી શકી નહોતી, કે, મહારાજા સઘળા પ્રપંચો પામી ગયા છે. મહારાજાના બોલવાનો ઉત્તર ન આપતાં મૌન રહેવું, રાણીને અત્યારે યોગ્ય ન લાગ્યું; આ વખતની મૌનતા મહારાજાના સંશયોને દૃઢ કરનારી તેણે માની લીધી. "એ સઘળો કલિયુગનો પ્રભાવ છે." રાજબાએ કાળને દોષ દીધો.

રાણીનો ઉત્તર સાંભળતા મહારાજા અક્ષર પણ બોલ્યા વિના બારીપાસે કોઇની માર્ગ પ્રતીક્ષા માટે જઇ ઉભા. રાણી કુમારને ખોળામાં લઇ કંઇ વિચારતી ગાદીઉપર બેઠી. આવી વૈમનસ્યજન્ય શાન્તિ નટવરલાલના આવતા સુધી પોષાઇ રહી; રાણી કુમારને લઇ ત્યાંજ બેસી રહી, ત્યારે મહારાજા ચિન્તિત થઇ, બારી પાસેજ ઉભા રહ્યા. પા કલાકમાંજ મહેલના દરવાજામાં એક ગાડી આવતી મહારાજાએ જોઇ, તે બારીપાસેથી ગાદી ઉપર જઇ બેઠા.

"દિવાન સાહેબ પધાર્યા છે." એક દાસિએ આવી મહારાજાને ખબર આપ્યા.

"તેને અહિં આવવા કહે !" કર્કશ ઉત્તર મળ્યો; દાસિ ત્યાંથી ગઇ. દિવાનનું આવવું જાણી, રાણી બીજા ઓરડામાં જવા ઉઠી. મહારાજા અધો દૃષ્ટિ રાખી, વિચારતા મૌન થઇ તકીઆ ઉપર પડયા હતા, રાણી તરફ તેનું લક્ષ નહોતું. "દિવાનના ગયા પછી હું પાછી આવીશ; હમણાં હું પેલા ખંડમાં જાઉં છું." રાણીએ કટાક્ષ ફેંકનાં મહારાજાને કહ્યું.

રાણીનો સ્વર સાંભળતાં મહારાજાની દૃષ્ટિ ઉપડી રાણી તરફ વળી, મહારાજાની ઉપડેલી દૃષ્ટિમાં અપૂર્વ વિષમ રોષ વ્યાપેલો રાણીએ જોયો. "તે આપણો નોકર છે. ... જવાની કંઇ જરૂર નહી !" મહારાજા અભિમાનથી બોલ્યા.

રાણીથી પગલું પણ ન ઉપાડાયું, તે જ્યાં ઉભી હતી, ત્યાંજ કુમારને હાથમાં રાખી સ્તબ્ધ થઇ, પણ નટવરલાલને આવતો જોઇ, તે લાજનો ઘુમટો તાણી દૂરની એકગાદી ઉપર લપાઇ બેસી ગઇ.

"ખમા" નટવરલાલ પ્રણિપાત કરતો, બોલી મહારાજા પાસે મૌન ઉભો.

"બેસો !" મહારાજાએ દિવાનને આદર આપ્યો, પણ તે આદર બહુ મંદ હતો; મહારાજાની દૃષ્ટિ અને વાણિમાં અસહ્ય કઠોરતા નટવરલાલને પ્રતિત થઇ. નટવરલાલ બેઠો, પણ વાણિઓ સમજી ગયો, તેનાં ગાત્રો ઢીલાં થવા લાગ્યાં, હૃદયનો વેગ વધ્યો. મહારાજાએ ગાદી તળે કાગળો છુપાવ્યા હતા, તેમાંથી એક કાગળ કાઢી નટવરલાલના હાથમાં મૂકયો. " જરા આ વાંચો તો ! " નટવરલાલ સામે ટીકતા મહારાજા ધીમુ બોલ્યા. નટવરલાલે કાગળ હાથમાં લીધો, અક્ષર પોતાના હતા, પત્રને મથાળે પરમમીત્ર હનુજીને સબોધન હતુ. યાત્રાએ ગયેલા મહારાજાને માર્ગમાં ઝેર આપી, કામ પતાવી દેવાનુ નીચેના ભાગમાં હનુજીને લખેલું હતું. પત્ર સ્વહસ્તે લખેલો હતો, પછી વાંચવા જેટલી આવશ્યકતા શી ? તોપણ કાગળ ઉપર નજર ફેરવી, હાથ કંપતો જણાયો.

" કાગળ કોનો લખેલો છે ? " મહારાજાએ પૂછયું.

નટવરલાલ ધૈર્ય હાર્યો હતો, પણ હજી બુદ્ધિ બચાવ શોધતી હતી; બહુ નિમિષો નટવરલાલે માથું ખંજોળતાં વિચાર્યું. " આ કાગળના અક્ષરો માટે મને સંશય છે. "

" તમને સંશય ભલે હોય, પણ મને નથી. હું નિશ્ચયપૂર્વક કહુંછું કે, અક્ષરો તમારાજ હાથના છે. " તકીઆ તળે છૂપાવેલા કુંભારના ઘરમાંથી મળેલા દાગિના કાઢી, મહારાજાએ નટવરલાલને દેખાડયા. "આંધળાં રાજ્યની દિવાનગિરી આમજ થાય હો !...કહો ! આ દાગિના તમે કોને આપ્યા હતા ? મહારાજા હવે ઉગ્ર થવા લાગ્યા.

નટવરલાલે દાગીના હાથમાં લીધા, જોયા, મૌન રહી વિચાર્યું. " આ દાગિના સબંધી હું કંઇ પણ જાણતો નથી. " નટવરલાલ વિસ્મિત ભાવ દેખાડતો બોલ્યો.

"ત્યારે આ છોકરાની કિમ્મત ?" મહારાજાની દંત પંગતિઓ ક્રોધથી કચકચતી સંભળાઇ. રાજબાના ખોળામાં રમતા બાળક સામે આંગળી ચિંધતાં મહારાજાએ પૂછ્યું.

"સાહેબ ! ભાગ્યશાળી યુવરાજની કિમ્મતનું જગતમાં શું હોય ?"

નટવરલાલનો ઉત્તર સાંભળી, મહારાજાના મુખ પૃષ્ટ ઉપર રોષ રેષાઓ ઉભરાઈ ગઈ, ક્રોધથી ઓષ્ટો કંપ્યા. "નટવરલાલ ! કેટલાં વરસ જીવવું હતું, કે, સ્વામિના લોહીથી હાથ ધોવા તૈયારી કરી હતી ? તેમ કરતાં રંક પ્રજાની પણ દયા ન આવી શું ? સઘળું પોગળ પકડાયું છે છતાં, જુઠું બોલી વધુ અપરાધિ થાઓછો. વસંતપુર રાજ્ય માટે કૃષ્ણસિંહજીને ત્યાં કોઇ પુત્ર જન્મ્યો નથીજ. આ બાળક મારો પુત્ર નથી, પણ તમારી નીચતાનો અવધિ છે,...મારાથી કંઇ અજાણ્યું નથી...આ ઘરેણાં અને થોડી સોના મહોરો આપી, વસંતપુરનું પવિત્ર રાજ્યાસન ભ્રષ્ટ કરાવવા, વેચાતો લીધેલો કુંભારનો છોકરો છે. વડવાઓએ કરેલું યોગ્યાયોગ્યનું પ્રથઃકરણ નિરર્થક નથી...નટવરલાલ ! મેં અયોગ્યને અધિકાર આપી, મારૂંજ માથું કપાવવા વખત આણ્યો હતો; વસંતપુરનાં પુનિત રાજ્યાસનને ભ્રષ્ટ થવા સમય સમિપમાંજ આવ્યો હતો, પણ હજી પ્રજાનું સદ્‌ભાગ્ય છે, કે, સઘળા ભયંકર પ્રપંચો વિફળ થઇ, પ્રકાશમાં આવ્યા. જે થયું તેમાં દોષ કોઇનો નથી; મેંજ પાત્ર કુપાત્રનું ભિન્નત્વ વિચાર્યું નહોતું, મારી દૃષ્ટિ ઉપર જાદુઇ પટ પથરાયો હતો, મને જગતજ રાણીમય દેખાતું હતું." મહારાજાના કપાળ ઉપરથી પ્રશ્વેદ ટપકવા લાગ્યો, તે બોલતા શ્રમિત થયા હતા, પણ હજી અંતરનો ઉભરો ઉતર્યો નહોતો, થોડી નિમિષો

મૌન થયા, પણ મૌન ન રહેવાયું. "અધમો,...પાપિઓ! રાજ્યની સ્વતંત્ર સત્તાઓ મેળવવી માર્ગમાં નથી પડી. પેલા વૃદ્ધ અને હરભાના હવે હું પગ પુજીશ, તેઓએ જીવની પણ સ્પૃહા કર્યા વીના અનેક જોખમો સહી, મારૂં અને મારાં રાજ્યનું રક્ષણ કર્યું છે. મારી આંખ્યો ઉપરનો પડદો ખસેડયો છે." મહારાજા બોલી રહ્યા, અસ્તિષ્ક તકીઆ ઉપર ઢળી પડયું.

"સાહેબ! આ સઘળું વિરોધિઓએ રચેલું તરકટ છે, પણ જયારે આપ સઘળા ભયંકર આળ આ ગરિબ શર્ણાગત ઉપરજ મૂકો છો, ત્યારે હવે મારે કહેવું પડશે; હજી મને બોલવું ઉચિત લાગતું નથી, તો પણ હવે કહીશ, કહ્યા વીના બીજો એકકે ઉપાય નથી. આપ જેને રાજ્યના શુભચિન્તક કહોછો, તે વૃદ્ધ રામમોહનદાસની શિખવણીએજ કુમારસાહેબ હરભમજી પાસે રાજ્યનું નખ્ખોદ વળાવવા માંડયું છે....આપ યાત્રાએ પધાર્યા, તે વખતે પણ રાણી સાહેબા ઉપર હરભમજીએ કુનિષ્ઠાથી હુમલો કર્યો હતો, પણ રાણી સાહેબાનાં ઉદ્દાર અંતઃકરણે તેને અપરાધની ક્ષમા આપી, વાત દાટી દીધી હતી." નટવરલાલ બહુજ નમ્ર સ્વરે બોલતો હતો.

"રાણીએ વાત દાટી હતી, તે તમે કયાંથી ઉખેડી શકયા?" મહારાજા વચમાંજ બોલી ઉઠયા. "રીષ્ટયોગ, અમે યાત્રા વિગેરે શા માટે હતાં? તે કંઇ હવે અજાણ્યું નથી; કુંભારના બાળકને રૂપ રંગમાં લાવવા વરસતો જોઈએજ. કેમ તે સાચું કે, નહિ?...... હરભા વિશુદ્ધ છે, પણ તે દોષિત હોય તો હું તેને મારી આપીશ; કિંતુ તમારા સઘળા આરોપોનો હું પૂરો નિર્ણય કરીશજ...નટવરલાલ આ વધુ પૂરાવો, પત્ર હજી ગઈ કાલનોજ લખાએલો છે."

મહારાજાએ કાલે મળેલો કાગળ નટવરલાલ ઉપર ફેંકયો; નટવરલાલે કાગળ હાથમાં લીધો. પોતાના પત્રમાં વાંચવું શું ? પોતે ગઇકાલેજ તે લખેલો હતો; તે જોતાંજ વાણિઆનું લોહી ફટકી ગયું, મુખ ઉપર શ્યામ છાયા અવરાઇ ગઈ. " ન સમજતા કે, એટલેથીજ અંત છે. હજી મારી પાસે મુદ્દાઓ બહુ છે, પણ હવે તે સઘળું પાછળથી સિદ્ધ થશે. " મહારાજાએ નટવરલાલ સામે તિવ્ર કટાક્ષ ફેંકતાં કહ્યું.

નટવરલાલ મૌન રહ્યો, અધોદષ્ટિએ કંઇ વિચાર્યું; તેની દૃષ્ટિ-માંથી વિનય અને અપરાધની લજ્જા હણાતી હતી. વિચાર્યા પછી, ઓરડામાં આસપાસ નજર ફરી; રાણી કુમાર અને મહારાજા સિ-વાય ઓરડામાં અત્યારે કોઇજ નહોતું. નટવરલાલની આંખ્યો મહા-રાજાએ જોઇ, તેમાં ક્રૂરતા આવી હતી; તે વધુ વખત મૌન ન બેસી રહ્યો, એકાન્તનો લાગ સાધી નિર્ભય બન્યો. " મહારાજા ! વાત એટલેથીજ અટકે તો સારૂં છે, સૂતા સર્પને છંછેડવામાં સાર નથી; તમારાથી થાય તે તમે કરજો ! પણ બ્રિટીશ એજન્સિ મારી છે. હું મરીશ તો વેર લેવાવાળા પાછળ રહેશે. " નટવરલાલે ગરાસિઆને દબાવવા ભય દેખાડયો. તે છેલ્લા શબ્દો બહુ ધિમેથી બોલ્યો, પણ બોલવામાં વિષમ કઠોરતા હતી.

" વાણિઆ !......બચ્ચાજી !...તેં હજી, ગરાસિઆનો હાથ જોયો નથી. " મહારાજા વાણિઆના કઠોર શબ્દો સાંભળી, સિંહ પેઠે ધુરકી ઉઠયા; શરિર ક્રોધથી કંપતું હતું. તેણે નટવરલાલમાં અધમતાનો અવધિ જોઇ લીધો. એક ક્ષુલૂક વાણિએ તેની અવમાનના કરી ભય દેખાડયો, પણ તેવા ભયથી ગરાસિઓ દબાય તેવો નહોતો. પોતાના હાથથીજ નટવરલાલની જીભ ખેંચી કાઢવા, મહારાજાનો જુસ્સો

ઉછળ્યો, પણ તેના સહનશિલ અંતઃકરણે તે જુસ્સાને અવકાશ આપ્યો. " દેવીસિંહજી ! "

" બાપુ હુકમ ?" મહારાજાનો કાગળ મળતાંજ દેવીસિંહજી છાનોછૂપો વીસ સિપાહીઓ સાથે મહારાજાના મહેલમાં હાજર થઇ મહારાજાના હુકમની રાહ જોતો ખંડ બહારજ ઉભો હતો; મહારાજાને ઘાટો કાઢી પોતાને બોલાવતા સાંભળી, તે દસ સિપાહીઓ સાથે ઓરડામાં દોડયો.

" આ નિમકહરામ કૂતરાને પકડો !...તેના હાથપગમાં બેડી નાખી, તેને ગામ વચ્ચે ફેરવતા કેદમાં લઇ જાઓ ! " મહારાજા બોલતાં ક્રોધથી કંપતા હતા. વિરોધિ સાથે વેર લેવા, દેવીસિંહને આવો અલભ્ય વખત પુનઃ કયાંથી મળે ? મહારાજાનો હુકમ મળતાં તેણે એક નિમિષ પણ વ્યર્થ ન વીતવા દીધી. સિપાહીઓને સંકેત થયો, કે પાંચ સિપાહીઓ નટવરલાલને વિંટી વળ્યા, તેને બળાત્કારે ઉભો કર્યો; ઉભા થતાં નટવરલાલનાં લુંગડામાં છૂપાવેલું એક ખંઝર જમીન ઉપર સરી પડયું. તેના પાપની પરિસીમા આવી, તે સાથે તેનું અંતિમ કુમંતવ્ય પણ પ્રગટ થઈ ગયું. હવે વખત શેનો ? મહારાજાની સમક્ષમાંજ તેના હાથપગ બેડીઓથી સંકળાયા, તેને લઈ જવા મહારાજાની આજ્ઞા મળતાં, વસંતપુરની બજારોમાં તેને ફેરવતો દેવીસિંહજી બંધન ગૃહમાં લઈ ગયો. આજે શહેરમાં ચારે તરફ લશ્કરી પ્હેરા ગોઠવાઈ ગયા હતા, તે સાથે નટવરલાલના પક્ષકારોના મકામો ઉપર ચોકીઓ મૂકાઇ. રાજ્યની ઉથ્થલ પાથ્થલ લોકોએ કલ્પી; ગભરાટ ફેલાયો, પણ સાચી બીનાઓના જાહેરનામાઓ મહારાજાની સહીથી થોડાજ વખતમાં બહાર પડયાં.

નટવરલાલને કેદ થયેલી, અને પ્રપંચો પૂરા પ્રકાશમાં આવેલા

જોઇ, રાજબા પાષાણુ પ્રતિમા પેઠે સ્તબ્ધ થઇ ગઈ હતી. થયેલાં કર્મો ક્રમશઃ તેને સ્મૃતિએ ચડવા લાગ્યાં, પતિને મુખ શુ દેખાડવું ? પૃથ્વિદેવીના ગર્ભમાં લુપ્ત થવા માર્ગ માગ્યો, પણ રાજબામાં ભગવતિ જાનકીનું દૈવત્વ નહોતું. નટવરલાલને લઇ ગયા પછી, મહારાજાથી તે ઓરડામાં બેસી ન શકાયું. તેનો પૂનિત પ્રણય દિપક હોલવાયો હતો, જે રાજબા મહારાજાના અંતરની સંપ્રતિષ્ઠીત પ્રણય મૂર્તિ હતી, જેની મુખાલોચના વીના મહારાજાને એક દિવસ પણ મહાદુઃખમય થઇ વીતતો; તે પ્રાણાધિક પ્રિયા રાજબાની પ્રણય પ્રતિમાનો મહારાજાના હૃદયમાંથી અત્યારે ઉચ્છેદ થયો, તે સાથે તે સ્થાને સ્ત્રીજાતિ પ્રત્યે તિરસ્કાર જન્મ્યો.·રાજબા હવે મહારાજાની દૃષ્ટિને ન રુચિ, નટવરલાલના ગયા પછી પોતે ગાદી ઉપરથી ઉઠયા; એક દાસિને બોલાવી, ગાદી તળે છૂપાવેલા દાગિનાઓ અને કાગળો તથા રાણીના ખોળામાં રમતા બાળકને લેવરાવી, તે બીજા ઓરડામાં ચાલ્યા, જતાં રાજબા સામે એક દૃષ્ટિપાત પણ તેણે ન કર્યો કે, રાજબાથી મોં ઉપરથી ઘૂમટો ઉપાડી મહારાજા પાસે એક અક્ષર પણ ન ઉચ્ચારાયો. રાણીને ત્યાંજ બેસી રહેવા દઇ, મહારાજા સ્વહસ્તેજ તે ખંડને તાળું મારી, રાજબાને કેદ કરતા ગયા.

રાણીને કેદ કર્યા પછી, મહારાજાની પ્રકૃતિ એકાએક બગડી હતી, તેથી પ્રકૃતિ સુધરતાં સુધી, હરભમજી, રામમોહનદાસ, દેવીસિંહજી અને સુંદરદાસને મહારાજાએ રાજ્યસત્તા સોંપી. દૈવેચ્છાને પોતાનું કંઇ અનિષ્ટ થાય તો, વસંતપુરની રાજગાદીનો ઉત્તરાધિકાર હરભમજીને લખી આપ્યો; રામમોહનદાસની અનીચ્છા છતાં, અમાત્યપદ હમણાં તેને સંભાળવું પડયું; સુંદરદાસ તેનો સહાયક થયો. ઈંદ્રસિંહજી કુંભારને પાછો ન

આપતાં, તે મોટો થાય તો, તેને શિક્ષણ આપી, થોડી જાગિરથી નિભાવવા વસંતપુરનાં નવાં પ્રધાન મંડળે નિશ્ચય કર્યો. નટવરલાલના અપરાધો ઘણા હતા, અનેક ખૂનો અને અન્ય કાવત્રાંઓના આરોપો તેના ઉપર સપ્રમાણ સિદ્ધ હતા, તેના તે અપરાધોનું વિશેષ તારતમ્ય શોધવા એજન્સિના ન્યાયવેત્તાઓ સાથે મળી, વસંતપુરના ન્યાયશાસ્ત્રિઓએ કાર્ય કરવા ઠરાવ થયો. અને હનુજી તથા નટવરલાલના અન્ય અનુયાયિઓને પકડી ઘટતું કર્યું; અનેક જીવનો રાજ્યના અપરાધિ ઠરી, દુસ્થિતિએ પહોચ્યાં.

હવે રાજમાનું શું કરવું ? તે કંઇ હજી નક્કી થયું નહોતું, મૃદુ હૃદયની મનાતી તે સ્રીનાં દુષ્કૃત્યો દૈત્યોનાં વજ્ર હૃદયને પણ કંપાવે તેવાં હતાં; તેના અપરાધો માફ ન કરી શકાય તેવા હતા, પણ અપરાધોનો કંઈ નિર્ણય આણતાં પહેલાં, તે એક રાજરાણી છે, તે વિચારવાનું હતું. તેના અક્ષામ્ય અપરાધો માટે મહારાજાના અંતરને ક્ષમા તો નહોતીજ, કિંતુ તેને માટે સઘળું છૂપું રમવાનું હતું. તેને માટેના સઘળા વિચારોમાં લોકાપવાદનું આવરણ કારણભૂત થતું હતું; કયે માર્ગે સરળતા મેળવવી ? આ મંત્રણા હજી ચાલ્યાજ કરતી હતી, પણ તેનું કંઇ નિરાકરણ થાય, તે પહેલાં રાણીનું મસ્તિષ્ક ભ્રમિત થયું; તેને ઉન્માદ થયો, અને તે ઉન્માદ સાચો હતો. કૃષ્ણસિંહજી તે પાપપતિતા પત્નિનું મુખ જોવા હવે રાજી નહોતા, પણ તેનાં અંતરના પૂર્વ પ્રેમતત્વોનું તદ્દન ઉન્મૂલન થયું નહોતું, કિંતુ તે કરૂણામાં વિરામ્યાં હતા. રાણીની શુશ્રૂષા કરાવી, તેને પશ્ચાતાપથી બળતું જીવન ગાળતી જીવાડવા, મહા-

રાજાએ હરભમજી પાસે માગી લીધું. મહારાજાના દર્દો સાથે રાણીના ઉન્માદના પણ ઉપચારો થવા લાગ્યા, કંઇક દિવસો વીતતાં મહારાજાની પ્રકૃતિ સુધરી હતી, પણ હજી રાણીની અવસ્થા તેજ હતી.

એક વખત ઉન્મત્તા રાજબાને ન્હવરાવવા માટે બીજા ઓરડામાં લઇ જવા ત્રણ દાસિઓ તેની પાસે આવી હતી. ગાંડી રાજબાની અર્ધનગ્ન જેવી અવસ્થા રહેતી હોવાથી, કોઇ પુરુષવર્ગનો અવર જવર તેની પાસે નહોતો. કદી નહિં ને આજે એક દાસિ બાળક ઇંદ્રસિંહજીને સાથે લઇ અહિં આવી હતી; તે નિર્દોષ બાળક એક હાથમાં રમકડું ચૂસતું, એક ગાદી ઉપર એકલું બેસી રમતુ હતું. રાણી છૂટી હતી, દાસિઓને ભાવિએ ભૂલવી, બાળક અને રાજબા ઉપર ત્રણે દાસિઓનું દુર્લક્ષ થયું, ત્રણે દાસિઓ એકજ કાર્યમાં પ્રવૃત થઈ હતી. એકલી બેઠેલી રાણીની દૃષ્ટિ બાળક તરફ ચોંટી, બહુ વખત સુધી ગાદી ઉપર રમતા ઇંદ્રસિંહજીને તેણે જોયા કર્યો, વળી મસ્તિષ્કમાં કંઇ પવન ઘૂમ્યો, બેઠી હતી ત્યાંથી ઉઠી તે દોડી, અને ગાદી ઉપરથી બાળકને એક હાથે ઉપાડયું, છોકરાથી માત્ર એક ચિસ નખાઇ, પણ તે મરણ ચિસ હતી; ગાંડીએ છોકરાને ઉપાડેલો જોતાં, દાસિઓ તેની પાછળ દોડી, પણ દાસિઓને પોતાના તરફ઼ દોડતી જોઇ, રાજબા વધુ ઉશ્કેરાઇ, તે બાળકને લઇ બારી તરફ દોડી, દાસિઓ તેને પહોંચી વળે તે પહેલાં તે બારી પાસે પ્હોંચી ગઈ; અને તેજ નિમિષે રમતમાં એક દડો ફેંકાય, તેમ તેણે છોકરાને જમીન ઉપર ફેંકયો. બિચારૂં સુકુમાર બાળક બે માળેથી જમીન ઉપર પછડાયું, પછી તેની શું ગતિ હોય ? નિરપરાધિ બાલુડું ભયંકર મોતને કઠોર ખોળે જઈ પોઢયું, જમીન ઉપર પડતાં તેનાં મસ્તિષ્કનો ભૂકો થઇ ગયો, ગાંડી રાજબાને કોઇનાથી કંઇ નજ થઇ શકયું.

બે માસમાં નટવરલાલના સઘળા સહાયકો શોધિ કઢાયા, અને તે જીવનો ઝેર થયાં; સર્વની પછી બંધનમાં સડતા નટવરલાલનો વારો આવ્યો. તેની તપાસ બંધ બારણે શરૂ થઇ, એક પછી એક અપરાધો પુરવાર થતા ગયા, તેણે દોઢેક વર્ષ દિવાનગીરી ભોગવી, પણ તે દરમ્યાનમાં તેનાથી અગ્યાર હત્યાઓ થયેલી સાબિત થઈ એટલુંજ નહિં, કિંતુ રાણી સાથે અયુક્ત વ્યવહાર રાખી, તેનાથી આખું રાજતંત્ર ઉથલાવી નાંખવાનો તેનો ઉદ્દેશ સિદ્ધ થયો. હજી તેનો કેસ સંપૂર્ણ થયો નહોતો, એટલામાં તે અધમાત્માએ બંધનગૃહમાં આત્મઘાત કરવાનો પ્રયત્ન કર્યો. ફાંસિ ખાવા દોરી શોધિ, પણ બંધનગૃહમાં તે મળી શકવી અશકય હતી; અન્ય ઉપાયો યોજ્યા, પણ તેમાં તે વિફળ થયો. બીજુંતો કંઇ જ ન મળ્યું, કીંતુ એક લોઢાનો કટકો હાથ પડયો, તેને ઘસી ઘુસી તેણે તિવ્ર કર્યો; એક રાત્રિએ તે તિવ્રલોહધારથી અપરાધિ નટવરલાલે પોતાનાં ગળાંની ધોરી નસ કાપી નાંખી, પણ મહા પીડા ન સહી શકાઇ, કામ પુરૂં ન કરી શકયો. તેણે મરવા છેલ્લું ઘોરકૃત્ય કર્યું, પણ તેના પાપી દેહનો છૂટકો તૂર્ત ન થયો; છ દિવસ મહાવ્યથા ભોગવી, તે યમરાજના શાસન સદનમાં પોતાનાં ઘોરકૃત્યોનો જવાબ આપવા ગયો. મનુષ્ય શાસન તેને કંઇ બદલો આપે, તે પહેલાં ભગવતિ પ્રકૃતિદેવીએજ તેના અપરાધોની તેને સ્વયંશિક્ષા કરી. અપરિમાત યુગો નર્ક યાતના ભોગવવા નટવરલાલે આત્મહત્યા કરી. તે સાથે વસંતપુરના બીષણ રાજતંત્રનો અંત આવ્યો, પણ તે અંતસુધી પહોંચતાં અનેક મનુષ્યોનાં મહિમાવંત જીવનો અકારાં થયાં, ઘણાં માણસોના કાવત્રાંમાં ભોગ અપાયા, અને કાવત્રાં ઉઘાડાં પડતાં, અનેકની હત્યાઓ થઇ, પણ તે

સઘળાં ભયંકર પ્રકરણો પાછળ રાજ્યનો સડો નિર્મૂળ થયો.

તે પછી બહુ દિવસે મહારાજાની પ્રકૃતિ સ્વસ્થ થઇ, તે સાથે તેના વિચારતત્વો પલટાયા, સંસ્કારાયા. મહારાજામાં સંપૂર્ણ સ્વસ્થતા આવ્યા પછી, રામમોહનદાસ અને હરભમજીએ રાજ્યધૂરા મહારાજાના આધિનમાં સોંપી. હરભમજી હવે વ્યવ્હારીક પ્રપંચોથી અને જગતની મિથ્યા ઉપાધિઓથી કંટાળ્યો હતો, હવે થોડા વ્યાયામની તેને જરૂર હતી; ત્યારે રામમોહનદાસ વૃદ્ધ હતા રાજ્યની જવાબદારી ભર્યો અધિકાર નિભાવવા હવે તેની બુદ્ધિમાં શક્તિ નહોતી. મહારાજા કૃષ્ણસિંહજીને રાજની લગામ સોંપી, તે કૃતકાર્ય થયા; તેણે જીવનનું સાર્થક થયું માન્યુ. હવે તેને નિવૃત્તિ જોઇતી હતી, મહારાજાના બહુ આગ્રહ છતાં પોતાનો અધિકાર સુંદરદાસને સોંપી, તે વાનપ્રસ્થ થયા. હરભમજી થોડો સમય યાત્રાએ નિકળ્યો, પણ તે પાછો નજ આવ્યો, દિવસો ગણતાં વરસો વીતવા લાગ્યાં, કીંતુ મહારાજાને પ્રિય સહોદર હરભમજીનો મેલાપ નજ થયો, તેની શોધ ઘણી થઇ, પણ ભરતખંડ જેવા વિસ્તૃત દેશમાં તેની ભાળ ક્યાં મળી શકે ? હવે મહારાજાના વિદિર્ણ અંતરને માત્ર હરૂભાના બાળકુમારો જાલિમસિંહજી અને સમરસિંહજી ઉપરજ સંતુષ્ટ રહેવાનું હતું; બંધુનું સ્મરણ અને સંતોષ તે બે બાળકોમાંજ રહ્યાં હતાં, તેવા સુખ દુઃખ વચ્ચે વ્હેતા પણ ચાર વરસો વ્યતિત થઇ ગયા.

રાજબા પણ હવે સારી થઇ હતી, તેનાં વર્તનમાં અપૂર્વ વિશુદ્ધિ આવી હતી, પણ મહારાજાએ પુનઃ તેનો સ્વિકાર નજ કર્યો. ત્યારે ચિત્તનો ઉન્માદ મટયા પછી, રાણીએ પોતાનું દગ્ધ જીવન એકાન્ત વાસમાં રહી, દેહ દમન અને ભક્તિમાં વીતાડવા માંડયું. અને તેવેળ

પણ બહુ વખત ચાલ્યો ગયો, લાંબા સમયના અંતર્ પશ્ચાતાપ અને મનોસંયમે એક સમયની કૂલટા ક્ષત્રાણિને એક સાધ્વી બનાવી, રાણીના ત્યાગે મહારાજા ગૃહભગ્ન મનાયા. "રાજા ભલે ધર્મની પ્રતિમા હોય, પ્રજા પરાયણ હોય, તોપણ તે ગૃહીણિ વિહીન તો પ્રજાને ભયરૂપજ લેખાય." વસંતપુરના મહારાજાને રાજબા ગૃહીણિ હતી, પણ ગૃહસ્તાશ્રમ તેની સાથે ન પોષાયો; આથી અગ્યાર વરસ રાહ જોયા પછી, શહેરના નાગરીકોએ આગ્રહ કરી, કે સિરજોરી કરી, મહારાજાની અનીચ્છા છતાં, તેને બીજાં લગ્ન કરવાની ફરજ પાડી. એક જાગિરદાર રાજપૂતની માનકુંવરી નામની સ્વરૂપવતી અને સુલક્ષણી કન્યા સાથે મહારાજાનાં લગ્ન થયાં અને તે વખત ઉપર પણ નિમિષોએ ગણાતાં બીજાં પાંચ વરસો ચાલ્યાં ગયાં, કીંતુ એટલા વખતમાં સૌભાગ્યવતી માનકુંવરી પોતાના ખોળામાં દોઢ વરસનો એક સુંદર પુત્ર રમાડવા ભાગ્યવત થઇ હતી; માનકુવરીથી જન્મેલો આ કુમારજ વસતપુરનો ભાગ્યશાળી યુવરાજ વિજયકુમાર હતો.

મહારાજા સાથે લગ્ન કરી, માનકુંવરીના વસતપુર આવ્યા પછી, તેણે પોતાનાં સુલક્ષણો અને પવિત્ર મમતાથી થોડાજ વખતમાં પ્રજામાં અને રાજ્યકુટુંબમાં પોતાની પ્રભા પ્રસારી. પશ્ચાતાપ અને ભક્તિમાં એકાકી જીવન ગાળતો રાણી. રાજબા પણ નવી રાણી માનકુંવરીની મમતાથી મૂક્ત ન રહી શકી. માનકુંવરી રાજબા પાસે વખતોવખત તેના એકાન્ત ભૂવનમાં જતી, અને મધુર વાણિ અને વિવેકથી વિનય વરતાવતી, રાજબા સાથે રહેતી. રાજબા પણ શુદ્ધ અંતર્ના સન્માનથી માનકુંવરીને અભિષિક્ત કરી, નિરંતર ભાવથી વરતતી. જે સમયે માનકુંવરીને પુત્રજન્મ થયાની વાત રાજબાએ જાણી,

તે સમયથી રાજબાએ જીવનનું એક આવશ્યક સાર્થક સિદ્ધ થયુ માન્યું તે કદિ પણ પોતાનાં એકાન્ત ભૂવન બહાર પગ ન દેતી, કીંતુ વસતપુરના મહારાજાને ત્યાં યૂવરાજ અવતર્યો જાણી, મહારાણી રાજબા તે પનોતા પુત્રની મુખાલોચના માટે આજે અતઃપુરમાં આવી; બાળકુમારને પોતે તેડયો, તેના સુંદર મુખારવિંદનુ બહુ વખત ઉન્મતા પેઠે નિરક્ષણ કર્યું, અતરનો હર્ષ અતરમાં ન સમાયો, પૂર્વનો ઉન્માદ પુનઃ ચૈતન્યમાન થતો સૌએ કલ્પિ લીધો હર્ષઘેલી રાજબાએ કુમારને હૃદય સાથે ચાંપ્યો, ચૂમ્યો, અને થોડી ક્ષણો રડાવી, પરમ સતોષ પામી, રાજબા પોતાના ભૂવનમા ગઇ. હવે તે કુમારને વખતોવખત પોતાની પાસે રાખતી, પણ તેથી વિશાળ અંતરની માનકુંવરીને કદિ પણ રાજબા પ્રત્યે ગેરવિશ્વાસ કે, કચવાટ ઉપજતો નહિ.

મહારાજાના અંતરમાથી હજી રાજબાના અપરાધોની છાપ પૂરેપૂરી ભૂંસાઇ નહોતી, પણ માનકુંવરી યુક્તિથી મહારાજાનાં અંતઃકરણમાં મૃતઃપ્રાય થયેલા રાજબા પ્રત્યેના વિશ્વાસ અને પ્રેમમાં પુનર્જીવન પ્રેરી શકી. હવે મહારાજા પણ કોઇ કોઈ સમય રાજબાના એકાન્ત ભૂવનમાં જવા લાગ્યા, રાજબા સાથે વળી પરિચય વધ્યો, પણ રાજબા હવે સબધ અને વ્યવહારીક પ્રવૃતિથી અલગ રહેવા ખુશી હતી, કીંતુ તેનાં વિસ્તિર્ણ અદશ્યમાં તેવી નિવૃતિ સર્જીત નહોતીજ. વસંતપુરનું રાજ્ય કુટુબ આમ સુખ અને સતોષમા દિવસો વ્યતિત કરતુ હતુ, પણ સુખ કે દુઃખમય ઘટનાઓ હમેશા સ્થિર રહેવા સૃજાયેલી હોતી નથી. વિજયકુમારનું વય નવ વરસનું પણ હજી પૂરૂં થયું નહોતું, એટલામાં પ્રસુતિ પીડા ભોગવી, વસંતપુરની ગુણિયલ મહારાણી માનકુંવરી સ્વર્ગે સિધાવી; લાડકવાયો બાળકુમાર અલ્પ વયમાંજ માતાના

અદ્વિતિય પ્રેમવિહીન થયો માનકુંવરીના અકાળ મરણ પછી મહારાજાએ બીજું લગ્ન ન કર્યું, તેને રાજબાના વિશ્વાસ ઉપર રહેવું પડયું, અને તે હવે વિશ્વસનિય હતી. મહારાજાનો માનકુંવરી ઉપરનો સ્નેહ પુનઃ રાજબામાં ઢળ્યો; નવી રાણીના મૃત્યુ પછી, મહારાજાએ રાજબાને પ્રવૃતિ તરફ પ્રેરી, બાળકુમાર વિજય તેને આધિન કર્યો, અને કુમારના શિક્ષણનો ભાર વાનપ્રસ્થ થઈ, પ્રભુ ભજનમાં વખત ગાળતા વૃદ્ધ રામમોહનદાસના મસ્તિષ્ક ઉપર નાંખ્યો પ્રાણાધિક પ્રિય યૂવરાજના વળગણથી એકાન્તવાસ ત્યજી, રાજબાને અંતઃપુરમાં આવી વસવું પડયુ; અંતરની અનીચ્છા છતાં તેને સ્નેહ સબંધ અને વ્યવહારની જાળમાં વળી પડવું પડયુ. પૂર્વભૂત પ્રપંચો અને તેના પશ્ચાતાપથી ભસ્મિભૂત થઇ ગયેલા શુષ્ક પ્રણયપ્રદેશમાં મમત્વ, આશા, અને કર્તવ્ય જળનુ સિંચન કરી, પોતાના અંતર્પ્રદેશમા પુનઃ વિશુદ્ધ પ્રણય બીજોનુ રાજબાને આરોપણ કરવુ પડયુ. કિંબહુના? પશ્ચાતાપ અને તપશ્ચર્યાથી સસ્કારાયેલા રાજબાના પ્રણયપ્રદેશમાં પોષાતા વિકસિત પ્રણય પુષ્પોના મકરંદમાં મહારાજા પૂર્વથી પણ વિશેષ મુગ્ધ થયા; તે પહેલાથી પણ વધુ સ્નેહ સાકળમાં સપડાયા. અને આજે આ વૃદ્ધ યુગલના જીવન ઉપર સુખ દુઃખ અને વૃદ્ધાવસ્થાના પડો પથરાયાં છે, તોપણ તેઓનો પુનિત પ્રણય અને પ્રણયનાં જવલંત સાર્થકની પવિત્ર ભાવનાઓ દિન પ્રતીદિન તેના આયુષ્ય સાથે હજી વૃદ્ધિંગત-થતીજ જાય છે.

માનકુંવરીના દેહકાળ પછી, વિજયકુમાર અપર માતા રાજબાના રક્ષણમાં ઉછરતો હતો; તે સાથે વૃદ્ધ અમાત્યના શિક્ષણથી તેનામાં અનુપમ ગુણો અને વિદ્યા વિજ્ઞાનનો વિકાસ થવા લાગ્યો,

એમજ નહિં, પણ તે કિશોર વયસ્ક કુમારના દેહની ભવ્યતા, તેનું ચાતુર્ય, સદ્ગુણો અને શૌર્ય અત્યારથીજ તેના પિતા કૃષ્ણસિંહજીથી ઉચ્ચ પ્રતિનાં દેખાવા લાગ્યાં; તે સઘળાંમાં અત્યારથી કંઇ અલૌકિકતા વ્યક્ત થતી હતી. સાંપ્રત શાન્તિના સામ્રાજ્યમાં ક્ષત્રિઓનાં જ્વલંત વીરત્વની કસોટી અને અભિમાન માત્ર અરણ્યવિહારી રંક પશુડાંઓનો નિરર્થક સંહાર કરવામાંજ રહ્યાં હતાં, દેશના ગૌરવ કે, તેવાં કંઇ કારણથી સમરભૂમિ ઉપર શૌર્યની પરિક્ષાનો પ્રસંગ તેઓને સાંપડવો દુર્લભ હતો, તોપણ વિજયકુમારનાં ચાતુર્ય અને વીરત્વની ખ્યાતિ દિનપ્રતીદિન ભારતાકાશમાં વદ્ધિંગત્ થતી હતી.

મહારાજાના લઘુબંધુ હરભમજીના વિલુપ્ત થયા પછી, બે વરસે તેની પતિપરાયણા પત્નિએ પતિવિયોગની ગ્લાનિમાંજ બે સુકુમાર પુત્રોને નિરાધાર કરી, સ્વર્ગારોહણ કર્યું. માતાના દેહ અવસાન વખતે તેનો મોટો કુમાર જાલિમસિંહજી પાંચેક વરસની વયનો હતો, અને નાનો કુમાર સમરસિંહજી બે અને ત્રણ વરસની મધ્ય વયમાં હતો, આ માતાપિતા વિહીન થયેલા બંને બાળકોને પોતાને આશ્રયે લઇ, મહારાજા તેઓને લાડકોડથી ઉછેરવા લાગ્યા. તેઓને યોગ્ય શિક્ષણ આપવા સુવ્યવસ્થા થઇ, એટલુંજ નહિં, પણ મહારાજાનું માનકુંવરી સાથે સંલગ્ન થયા પછી, મહારાજાએ તે બંને કુમારોને નવી રાણીનાં સંરક્ષણમાં સોંપ્યા, પ્રેમાળ મહારાણી પણ નિરંતર્ ભાવથી કુમારોનું લાલન પાલન કરી, તેનાં માતાપિતાની ન્યૂનતા દેખાવા દેતી નહોતી. મહારાજાના આશ્રયમાં ઊછરેલા બંને કુમારો વીર સ્વરૂપવાન અને સંસ્કારી નીવડયા, પણ કુટીલ

રાજ્યલોભ જેનામાં પ્રેરાયો, તેનું પરિણામ અધોગતિ સિવાય અન્ય કંઇ સંભવેજ નહિં. મહારાજા કૃષ્ણસિંહજીના પુત્રાભાવે જાલિમસિંહ પોતાને વસંતપુરનો ઉતરાધિકારી માનતો હતો, અને સૌને તે માન્ય હતો. જાલિમસિંહ પોતાના અને પારકા અધિકારને જાણતા શિખ્યો, ત્યારથીજ તેનાં અંતઃકરણમાં રાજ્યલોભના અનર્થક અંકૂરો ફુટયાં, અને તે અનિયંત્રિત રીતે પોષાવા લાગ્યાં હતાં. યૂવરાજ વિજયનો જન્મ નહોતો થયો ત્યાંસુધી જાલિમ પોતાનાં ભાગ્યની ઉન્નતિ આડો એક પણ કાંટો જોતો નહોતો, એટલે જાલિમનાં સુંદર ચારિત્ર પાછળ છૂપાયેલો ભયંકર રાજ્યલોભ અન્યની દૃષ્ટિને દેખાયો નહોતો, પણ વિજયકુમારના જન્મ પછી જાલિમસિંહની ઉંડી આશાઓ શિથિલ થઈ ગઇ, કીંતુ પોતાની આશાઓને દૃઢ કરવા, હજી તે પુખ્ત વયે પહોંચ્યો નહોતો. તેનાં અંતરમાં ઝાલિમ રાજ્યલોભનો અગ્નિ ધૂંધવાઇ રહ્યો હતો, તોપણ તેનુ વિજયકુમાર સાથેનું બાહ્ય વર્તન ઘણુંજ સારૂં હતું. માનકુવરીના જીવતાં સુધિ તો, જાલિમથી વિજયકુમાર સામે વક્રકટાક્ષથી ન જોવાયુ, પણ માનનાં મરણ પછી, તેણે ભયંકર દુષ્કૃત્ય કર્યું; આ વખતે વિજયનું વય દશેક વરસનું હતું.

એક વખત સાયંકાળે વિજયકુમારને લઈ, તેના રક્ષકો રાજબાગમાં આનંદ માટે ગયા હતા, જાલિમ આજે કયાંઇથી અહિં આવી ચડયો. વિજયકુમારને રક્ષકોથી છુટો પડી, થોડે દૂર રમતો તેણે જોયો, અધમનિષ્ટા સાધવા તેને આજે લાગ મળ્યો; વિજયના રક્ષકોની નજરને ગૂંચવી, જાલિમ ધિમે ધિમે વિજયને રમત કરાવતો દૂર એક કુવા પાસે લઇ ગયો. તેણે આસપાસ નજર

ફેરવી, કોઇ મનુષ્યજાત જાલિમની દષ્ટિને એટલામાં ન દેખાઇ; બાળકુમાર વિજયને ઉપાડી તેણે કૂવામાં ફેંકી દીધો.

પામર જાલિમની દુર્બુદ્ધિએ જાલિમને ભૂલાવ્યો, તે ન સમજી શકયો, કે.

આસ પાસ આકાશમાં અંતર્માં આભાસ,
શ્વાસ ચ્વાસની પાસ પણ વિશ્વપતિનો વ સ;
ભોમાં પેસી ભોંયરે કરીએ કાંઇ વાત,
ધડીએ મનમાં ધાટતો જાણે જગતનો તાત;
ખાલી જગ્યા ખોળીએ કણી મૂકવા કામ,
કયાંએ જગ કરતા વીના હાલુ ન મળે ઠામ. (ક. દ. ડા)

એક નિમિષમાં વિજય કૂવામા ફેંકાયો. "જાલમ ભા !...ન...હિં." એક ચિસ નાખતો, ગભરાયેલો બાળક જળમાં જઇ પડયો. અને બીજી નિમિષે કોઇ વિદેશી દેખાતો તૃષાતૂર પ્રવાસિ સ્વદષ્ટિએ જાલિમનું દુષ્કૃત્ય જોતો, જાલિમ પાછળ આવી ઉભો. જાલિમસિંહના ચોરકૃત્ય અને પ્રવાસિના આગમન વચ્ચે માત્ર થોડાં પગલાંઓનું અંતર પડયું; પ્રવાસિ આવી મૌન ન રહ્યો, તેણે થઈ ગયેલુ જોયા ન કર્યું, પણ શોરબકોર, કરી, આસપાસનાં માણસો એકઠાં કયો; એટલા વખતમાં જાલિમ ત્યાંથી છટકી નાઠો. કુમારને કૂવામાંથી તૂરતજ જીવતો કાઢયો, પણ તે બેશુદ્ધ હતો. તેની ઘણી શુશ્રૂષા અને થોડા દિવસની માંદગિ પછી વિજયકુમાર સ્વસ્થ થયો. જાલિમનું કુકૃત્ય મહારાજાએ જાણ્યું, તેની દુર્નિષ્ઠા તે પામી ગયા, પણ જાલિમને કંઇ શિક્ષા કરતાં મહારાજાને પોતાનો નાનો બંધુ હરભમજી અને તેણે કરેલા ઉપકારો સાંભર્યા, તેના પુત્ર જાલિમને ઠેકાણે લાવવા મહારાજાએ લો-

કોથી છૂપી થોડી શિક્ષા કરી,જાલિમને ક્ષમા આપી,પણ વળી એકાદવરસ વીતવા દઇ, નિર્લજ્જ જાલિમે વિજયકુમાર ઉપર વિષ પ્રયોગ કરવા ધાર્યો, કીંતુ તે અમલમાં મૂકાયા પહેલાંજ પકડાયો. હવે તે ઝેરી નાગને રાજ્યમાં રાખવો મહારાજાને ઉચિત ન લાગ્યો, છેલ્લા અપરાધની તેને ક્ષમા ન મળી, તેને મહારાજાએ એક અપરાધિ તરીકે બ્રિટીશ એજન્સિના શરણમાં મૂકી, વસંતપુરની રાજ્યમર્યાદામાંથી તેનો બહિષ્કાર કર્યો. આ વખતે જાલિમસિંહ તરૂણ હતો, એટલુંજ નહિં, પણ જુની રૂઢી પ્રમાણે તેનું લગ્ન નાની વયમાં થયેલું હોવાથી, તે આજે ત્રણ પુત્રિઓનો પીતા થયો હતો. વસંતપુરમાંથી દેશ નિકાલ થતાં, કુટુંબ સાથે તેને કાઠીયાવાડના બ્રિટીશ રાજનગરમાં જઇ વસવું પડયુ. આજે તે વાત ઉપર ઘણાં વરસો ચાલ્યાં ગયાં હતાં હવે જાલિમના વર્તન ઉપર સરકારી સત્તાવાળાઓનો વિશ્વાસ બેઠો હતો, તેથી તેને કેટલીક છૂટ પાછી મળી, પણ અધમ જાલિમસિંહની અંતર્ દુરાકાંક્ષા હજી નિવૃત થઈ નહોતી, કંઇ સ્વતંત્રતા અને સમય મળતાં, તેણે વસંતપુરના રાજદ્વારી પુરૂષોને છાનાછૂપા સાધવા પ્રયત્ન આરંભ્યો, વસંતપુરની રાજ્યમર્યાદામાં પગ મૂકવા તેનો અધિકાર નહિં છતાં અસૂરે કે રાતનો વખતો વખત વસંતપુરમાં આવી પોતાનું વાંચ્છિત મેળવા મથવા લાગ્યો.

જાલિમસિંહની દુરાકાંક્ષાએ તેની આવી અધોઅવસ્થા કરી હતી, તે આપ્તજનોથી ત્યક્ત થઇ, સ્વભૂમીથી બહિષ્કાર ભોગવતો હતો. ત્યારે તેનો નાનો બંધુ સમરસિંહજી પોતાની યોગ્યતાથી વસંતપુરના મહારાજાનો વિશ્વસનીય સહાયક થઇ પડયો હતો. હરભમજીના પરમ્ સ્નેહી અને સહાયક કૃતજ્ઞ સરદાર દેવીસિંહજીનું અનાયાસે

મૃત્યુ થયું, તેનો અધિકાર કુમાર સમરભાને મળ્યો હતો. વસંતપુર રાજ્યની સઘળી સૈનિક સત્તાઓ આજે પોતાની યોગ્યતાથી સમરસિંહજી ભોગવતો હતો; એટલુંજ નહિં, પણ આજે તે પોતાને ખોળે પોતાના બે સુંદર પુત્રોને રમાડવા ભાગ્યવંત થયો હતો.

મહારાજા કૃષ્ણસિંહજી હવે વૃદ્ધ થયા હતા, દેહમાં હવે શક્તિ રહી નહોતી; રાજ્યકાજ તરફ દુર્લક્ષ થતું હતું, વૃત્તિ નિવૃતિ શોધતી હતી. રાજ્યભાર ધિમેધિમે તેણે યૂવરાજ ઉપર નાંખ્યો હતો, અને વૃદ્ધ અમાત્ય સુંદરદાસ, રામમોહનદાસનો પુત્ર ગોવિંદરામ, તથા સમરસિંહજી તેના સહાયક થયા હતા. આ સયુક્ત રાજ્યમંડળથી ચાલતું રાજ્યતંત્ર પહેલાંથી પણ ઉત્તમ પ્રતિનું અને પ્રજાપ્રિય નિવડ્યું હતું, તોપણ હજી મહારાજાના અંતરની ઉત્કટ ઇચ્છાઓ નિવૃત થવાને બદલે ઉતેજીત થતી હતી.

અમાત્ય રામમોહનદાસે એક વરસ પહેલાં સ્વર્ગ નિવાસ કર્યો હતો, પણ તે પોતાની પ્રતિભા અને શક્તિની પ્રસાદી વસંતપુરના ભાવી નરેન્દ્ર વિજયકુમારને સમર્પિત કરી ગયા હતા. તેણે વિજયને ગૂજરાતી અને ઇંગ્રેજી ભાષાજ્ઞાન, ધર્મ, રાજતંત્ર, સંધિ વિગ્રહ જગતના ઇતિહાસો અને ભૂગોળનું ઉત્તમ શિક્ષણ આપ્યું હતું; એમજ નહિં, પણ તેણે કુમારને એક સાધારણ સૈનિકનો અધિકાર આપી, તેની જ યોગ્યતાવડે તેને સૈન્યાધિકારીના ઓદ્દા સુધી ચડવા દીધો હતો, સૈનિકખાતામાં સંપૂર્ણ કૌશલ્ય સંપાદન કર્યા પછી, તેને બીજાં ખાતાંઓનું જ્ઞાન પણ તેજ રૂઢીથી અપાયું હતું. આ પ્રસ્તુત શૈલિનાં શિક્ષણથી વિજય તરૂણ ન થયો, એટલામાંતો રાજકાજનું સઘળું જ્ઞાન સંપાદન કરી, પિતાને નિવૃતિ આપવા રાજ્યધૂરા પિતાના ના-

મથી તેણે ગ્રહણ કરી. હવે વિજયકુમારના પુત્રને પોતાને ખોળે રમતો જોવો, તેજ મહારાજાની માત્ર ઉત્કટ ઇચ્છા અવશિષ્ટ હતી, પણ તરૂણ યૂવરાજનુ લગ્ન હજી થયું નહોતું, પિતા માતા અને રાજ્યદ્વારીઓનો અત્યાગ્રહ છતાં, તેણે શાએ કારણુથી પોતાનુ લગ્ન ન થવા દીધું. તેમાં વળી અનાયાસે યૂરોપખંડમાં વિષમ યુદ્ધદવ પ્રગટયો. અને ભારતવર્ષમા વફાદારીનો વાયુ ચડયો, ક્ષત્રિઓને પોતાનાં જ્વલંત વીરત્વની પરિક્ષાનો પ્રસંગ અનાયાસે ઉપસ્થિત થયો; આ મોંઘા મૂલનો સમય ન ગૂમાવવા તરુણ વિજયે નિશ્ચય કર્યો; વૃદ્ધ પિતામાતાની અનીચ્છા છતાં, કોઇની સ્થિતિનો વિચાર ન કરતાં સર્વને રડતાં રાખી, થોડાં સૈન્ય સાથે તે ઉદ્ધત થઇ, સમરક્ષેત્ર તરફ ચાલ્યો ગયો.

પરિચ્છેદ ૨૧ મો.

સુક્તાનંદ.

પશ્ચિમે નભ ન્હાય છે, સુરખીનાં રંગિન મોજાં વિષે,
પક્ષીઓ તરૂ ઝુંડમાં સ્વરમયી સૃષ્ટિ કરી ધાય છે;
સૂતાં શાન્ત સરોજ કંઇ નમી જતાં લાલિત્ય ઝાંખુ ધરે,
આછાં નિર્મળ વારિમાં રસમયી કાસાર છાંયા તરે.
સુનાનાં ચલકન્ત શૃંગગિરિનાં મેઘાબ્ધિના ડોલતાં,
આખા વિશ્વવિષે છવાઇ રહીછે, સૌંદર્યની સ્ફૂર્તિ ત્યાં;
[કાવ્યદેવી]

"ઘરકી નારી ઘરમેં છોડી, અરૂ ગાય...ભેંસ...ઓર ઘોડી તજ દીનો......પ્રાણ." ભૂતનાથનાં મંદિરના જીર્ણ પગથિઆં ચડતાં વૃષભાન દે ગાયુ;ગાયા પાછળ ભૂખરી મુછો અને દાઢીના ભારા વચ્ચે ભારે મુખ પહોળું થતું નિમિષ માત્ર હસ્યું. એક પંક્તિ ગવાઇ રહી, બીજું ન ગાયું. નિસ્પૃહ દેખાતું દગ્ધ હૃદય વિચારોથી છલકાયું, કલ્પિત આત્મગુરૂત્વથી મમત્વનુ છાબડું નમી પડયું. પોતે સર્વનો ત્યાગ કર્યો હતો, વૃષભાનંદે માન્યું; વિચારો આવ્યા ગાયું, અને ગાયા પાછળ મલકાયો, પણ સિદ્ધાર્થની સીમા અહિંજ હતી, વળી વિચારોએ પાસું ફેરવ્યું. પૂર્વાશ્રમની પ્રવૃતિ તાજી થઇ,માયા-

મય દગ્ધ પૂર્વાશ્રમ અને તેમાં વ્યક્ત થયેલો એક સમયનો સંતોષ પોતાને ત્યાગિ માનતા વૃષભાનંદને પુનઃ પ્રતિત થવા લાગ્યો. બાવાનાં ઉદ્દેશહીણાં અંતરૂમાં પૂર્વાશ્રમનું સ્મરણ તાજું થયું.

જે સમયે પૂરાણકાળના રાજરૂષિ વિશ્વામિત્રના સહસ્ત્રાવધિ સંવત્ સરોની ઉગ્ર તપશ્ચર્યાએ સૃજેલી પુનિત પ્રબળ ભાવનાઓ, સ્વર્ગરંભા મેનકાનાં નિમિષ માત્રનાં દર્શનથી દોલાયમાન થઈ હતી, તે સમયે અનિર્વાચ્ય શ્રમ સહી મેળવેલી અનુપમ સિદ્ધિ અને અધિકાર, મેનકાના નશ્વર સૌંદર્યમાં મુગ્ધ થયેલા મહાપ્રાણ વિશ્વામિત્રને નિરર્થક દેખાયાં હતાં; મેનકા જેવી કામીનીઓના અધરામૃતને ત્યજી, પોતે જીવન વ્યર્થ ગાળ્યું માન્યું, અને તેને જે અશમિત પશ્ચાતાપ પ્રગટયો હતો. તે અકથ્ય પશ્ચાતાપ કરતાં, વૃષભાનંદને અત્યારે અધિક અંતર્ કલેશ જન્મ્યો. વર્તમાન જીવન સંસ્કારહીણા બાવાને લુખ્ખું જણાયું. નાસી છૂટવા ઇચ્છા થઇ, આત્મઘાત કરવામાં કિલષ્ટ અતરૂની શાતા દેખાઇ, તે સર્વની અંતે કાષાય ચાદર કૌપિન અને તુંબીને તિલાંજલિ આપી, પુનઃ ગ્રહસ્તાશ્રમ માણવા મનોવાંચ્છા ઉપજી, ઉદ્ધત્ સમુદ્ર લહરીઓ પેઠે બાવાનાં અંતરૂમાં મનોતરંગો નાચવા લાગ્યા. અને તે તરંગો સાથે તણાતો વૃષભાનંદ શનૈઃ શનૈઃ શિવમંદિરનાં પગથિઆં ચડી શંકરના મંડપદ્વાર સુધી પહોંચ્યો;. એટલા વખતમાં વૃષભાનદનાં મનોરાજ્યની અનેક ક્રાન્તિઓ થઈ ગઇ. જમીન ઉપર ચોંટેલી વિચારશિળ દષ્ટિ જમીન ઉપરથી ઉપડી, શંકરના મંડપ તરફ વળી. મંડપમાં શિવ સામે એક દિવ્ય બાલા પદ્માસન વાળી, ધ્યાનપરાયણ થયેલી તેને દેખાઇ; બાવો ચળ્યો. બાલાને જોતાં, ક્ષણ

પહેલાંના મનોતરંગો વિસ્મયતામાં વિરમી ગયા, પોતાની તપશ્ચર્યા કે, મનોબળને અંતે દૈવી સિદ્ધિ પ્રત્યક્ષ થઇ માની લીધી. ભગવતિ યોગમાયાની પ્રતીચ્છાયા વૃંષભાનંદને બાલામાં પ્રતિત થઇ, મન સ્થિર ન રહી શકયું; ભ્રાન્તિ ઉપજી. દર્શ સાધારણ બુદ્ધિને ભ્રંષ કરાવે તેવોજ હતો; બાલાના સ્ફાટિક પ્રતિમા જેવા દેહ ઉપર વાયુ સાથે વિહરી રહેલું શ્વેત વસ્ત્ર, આભરણ વિહીન દેહનું નિર્વાચ્ય નૈસર્ગિક સૌંદર્ય, આ સઘળાં શ્વેત સૂત્રો વચ્ચે છૂપાયેલાં ઉજવળ અંતરૂની બાલિકાનાં કૃષ મુખ ઉપર પ્રકાશિ રહેલી અપ્રતિમ પ્રતિભા; અને તેમાં બાલાની ધ્યાનસ્થ અવસ્થા. બસ! વાણિનો અવધિ એટલથીજ હતો, બાલાના કથન માટે વાણિ શબ્દ વચિત છે. બાવો આ નૂતન બાલાને નિરખતો શિવમંડપનાં દ્વારમાંજ ચોટી ગયો, તસુ પણ ત્યાંથી ન ચલાયું, અંતઃકરણ ક્ષણ માત્ર વિચાર શૂન્ય થઈ રહ્યું. જોવાતું અનુપમ સૌદર્ય, વૃષભાનંદને જીવનનો પ્રથમ પ્રસગ લાગ્યો. " સુંદરી કોઈ માનવ જાતિની તો ન હોય, ત્યારે મહેશ પ્રણિંગીની મહાદેવી ગિરીજા ? ... ... પણ તે શાન્ત અને પરમ પુનિત હીમગિરિના કૈલાસવાસને ત્યજી, આ પાપી માનવ પ્રાણિઓમાં શામાટે પ્રાદુર્ભાવ પામે ? કદાચ હોય, પ્રેમ ભાગિની ભાગિરથી (ગંગા) સાથે ખરા ખારટું જાગ્યું હોય, અને રૂસણાં લેવાયાં હોય ... તે સમજાું તો અશક્ય છે; પણ કોઈ ગાંધર્વ કન્યા હોય તો, તે સંભવનિય ખરૂં." બાવાની બુદ્ધિ બહુ દોડી, અનેક તર્કો ઉઠયા. આ દિવ્ય પ્રાદુર્ભાવ પોતાના માયા ત્યાગનો મહિમા કલ્પ્યો, " આવા સુધારાના(નાસ્તિક) જમાનામાં એક યૌવનવની સુંદર બાલિકાની આ શ્રદ્ધા કે, શકિત તો નજ હોય. ભલે કોઇ ન માને, પણ છે કંઈ ચમત્કાર " જમાનાનો સડો વૃષભાનંદનાં અંતઃકરણ સામે આવ્યો, બાલિકાની

અણુના મનુષ્યમાં તો ન થઈ, પણ નિર્ણય કંઇજ નહિં. અનેક વિચારો પાછળ આત્મત્વ વિસરી, વૃષભાનંદ બાલિકાને નિરખતો સ્તબ્ધ થઇ ઉભોજ રહ્યો, શિવમંડપમાં ન જઇ શકાયું.

" વૃષભાનંદ ! શું જોયું ? " પ્રખર સ્વરે પાછળથી પૂછયું, સ્વર મુક્તાનંદજીનો હતો. વૃષભાનંદ વિસ્મય પામ્યો, ક્ષોભાયો, ક્ષુભિત આંખ પાછળ ફરી. મહાત્મા મુક્તાનંદજી પાછળ ઉભેલા દેખાયા; તેનાં મુખ ઉપર અમાનુષિ પ્રતિભા વૃષભાનંદને વ્યક્ત થઇ. તે અંતર્વિદ પેઠે વૃષભાનંદનું અંતર્ વાંચતા હોય, તેવું લાગ્યું.

વૃદ્ધ મુક્તાનંદ હવે થોડું પણ મહાપરિશ્રમે ચાલી શકતા હતા, જર્જરીત વૃદ્ધાવસ્થા તેને અસહ્ય હતી, ભૂતનાથના દેવળ ઉપર ચડવાનો પરિશ્રમ હવે તેનાથી થઇ શકે તેમ નહોતો; અને તેવો પરિશ્રમ તે લેતા નહિં, પણ આજે શાએ કારણથી તે પ્રતિભશાલી વૃદ્ધ સંતમૂર્તિ વૃષભાનંદ પાછળ ભૂતનાથના મંડપદ્વાર પાસે આવી ઉભી; અંતરોર્મિઓ સાથે બડબડાયેલું, ગણગણાએલું મુક્તાનંદે સાંભળ્યું હોવાનો વૃષભાનંદને સંદેહ થયો; વાયુમાં વિલોપ થવા તેનામાં સિદ્ધાઇ નહોતી, નહિંતો આ સમયે તે તેમ પણ કરી લેત.

" વૃષભાનંદ ! મઠમાં જા ! " એક અસહ્ય દૃષ્ટિ કટાક્ષ ફેંકતાં મહારાજે આજ્ઞા કરી. મુક્તાનંદની પ્રતિભાને ઉત્તર આપવા વૃષભાનંદમાં શકિત નહોતી; મહાત્માની આજ્ઞા સાંભળતાં, અવનત મુખે વૃષભાનંદ મઠ તરફ જવા ચાલ્યો, જતાં મંડપમાં બેઠેલી બાલિકા તરફ દૃષ્ટિપાત કર્યો, વિકારની શ્યામતા મુખ ઉપર તરી અંતર્હિત થઈ ગઇ. મુક્તદેવે તે જોયું, પણ પામર વૃત્તિ માટે તેનાં ક્ષમતાપન્ન અંતરમાં કરૂણા પ્રગટી, તેને જતો જોતા, વૃદ્ધ સાધુ જરા કરૂણા-

જન્ય લુખ્ખું હસ્યા. વૃષભાનંદ ગયો, વૃદ્ધ ધિમે ચાલતા શંકરના મંડપમાં પેઠા, મસ્તિષ્ક શિવને નમ્યું; કડચલીવાળાં નયનો ક્ષણભર મિંચાઇ ઉઘડતાં, ધ્યાનપરાયણા બાલિકા તરફ સ્થિર થયાં. "પુત્રિ!" બહુ ધિમે સ્વરે બાલાને સંબોધિ. પ્રખર સ્વર શ્રવણગોચર થતાંજ બાલાનાં ચક્ષુઓ ઉઘડયાં, કાષાઇ વસ્ત્રધારી તેજસ્વિ વૃદ્ધ પુરૂષ સામે ઉભેલા દેખાયા; ભવ્ય સાધુને જોતાં બાલા ઉઠી, તેનાં ચર્ણોમાં નમી પડી. આશિર્વચન ઉચ્ચારાયાં; બાલિકા સંતના ચરણોમાંથી ઉઠી, અધોદષ્ટિ રાખી સાધુ પાસે ઉભી, એકબીજાં સંશ્યાત્મક દષ્ટિએ એકબીજાંને થોડી નિમિષો જોતાંજ રહ્યાં. " મારા અનુભવોમાં આ નવોજ પ્રસંગ હું જોઉંછું." કંઇક નિમિષોની મૌનતા પછી મુક્તાનંદથી અસ્ફૂટ બોલી જવાયું. " પુત્રિ! ભારતવર્ષની સાંપ્રત તનયાઓનું આ માર્ગમાં કર્તવ્ય નથી; ભારતના ભાવિ માટે તમારાં જીવનોજ પ્રથમ જવાબદાર છે. ... ... આ આચરણ દિકરીઓને ન ઘટે!" બોલતાં મુક્તાનંદજીનાં મુખઉપર ભર્તસ્નાભાવ તરવરતો જણાયો.

"રંક પુત્રિઓનો તે મહિમા હવે ભારતવાસિઓ ભૂલ્યા છે." બાલાનાં શરમાળ મુખાર્વિંદમાંથી અનીચ્છાએ મધૂર વાકયો સરી પડયાં, વાકયો પાછળ એક દીર્ઘ નિઃશ્વાસનું નિઃસરણ થયું.

મહારાજે અપરિચિતા બાલાના શબ્દો સાંભળ્યા, અનુપમ માધૂર્યથી બોલાયેલાં અલ્પ શબ્દોમાં ગભીર રહસ્ય હતું. રમણીના શબ્દો સાંભળતા મુક્તાનંદજી થોડી ક્ષણો વિસ્મયતામાં સ્તબ્ધ થઇ, વિચાર વમળમાં તણાવા લાગ્યા. " यदा यदा मुन्चति वाक्यं बाणं, तदा तदा जाति कुल प्रमाणं." મુક્તાનંદજીને પ્રમાણુ વાકયો

સ્મૃતિએ ચડયાં; બાલા ઉચ્છૃંખલા કે, અન્યથી પ્રેરાયલીતા નથીજ, મહારાજે નિશ્ચય કર્યો. " પુત્રિ ! પિતાનું નામ મને કહીશ કે ?" વૃદ્ધ સાધુની વાણિમાં વાત્સલ્ય પ્રત્યક્ષ થયું.

" ન ... કહુંતો, સંત્ હૃદય અપરાધિની પુત્રિને ક્ષમા નહિં આપે ? "

" પુત્રિ ! તે હૃદયની તેવી ક્ષમા કરતાં, તેના વિશ્વાસમાં કંઈ વધુ ગાંભીર્ય હોવું જોઇએ, પણ તને કાષાઇ વસ્ત્રમાંજ સંદેહ હોય તો, કહીશ નહિં ! "

" મહારાજ ! આપનામાં સંદેહ ? ન ... હોય. વૃદ્ધ સંત્ મૂર્તિના અંતરની આશંકા ન ધટે, હું શું કહું ? ...એક નિર્ભાગિની રંક કુમારીકાછું. કંઇ નવા પ્રસંગે મારૂં ધૈર્ય હરી આ સાહસ કરાવ્યું છે. હવે ... હું પિતા પાસે તો, નહિંજ જાઉં. " કુમારિકાનું મૃદુ અંતર્ મહારાજની પ્રતિભા પાસે સઘળું તો ન છૂપાવી શકયું; થોડું કહ્યું, પણ થોડામાંથી મહાત્મા ઘણું શોધિ શકયા. સામ્પ્રત લેખકોની કલ્પના સંકૂલિત વસ્તુઘટનાઓના દોષો મહારાજની દૃષ્ટિ સમિપ પ્રથમ આવ્યા, કલ્પિત આખ્યાયિકાઓનાં મુખ્ય પાત્રોનું સ્વજનોનાં હાર્દોને ક્લિષ્ટ કરવા સ્વેચ્છાચારી થઇ નાસવું, અને વ્યવ્હાર મર્યાદાને ઉલ્લંઘી, નિષ્કિંચન અવસ્થામાં જગત્ ઉપર ભ્રમણ કરતાં અભિષ્ટની આશા રાખવી. આ સંસ્કારો બાલિકામાં અધિષ્ઠિત થયેલા મુક્તાનંદે જાની લીધા. "મારૂં નામ સરળા દેવી છે. પણ મને સૌ મોહિની કહી બોલાવે છે. "

" મોહિની ? " મહારાજે આશ્ચર્ય થતાં પૂછ્યું. થોડી ક્ષણો કંઈ વિચારતા તે મૌન ઉભા; મોહિની સામે એક દ્રષ્ટિપાત થયો. સાધુના

મુખનો વિકાશ થતો જણાયો. "દિકરી! સરદાર સામંત તારા પિતા કે?" સામંતનું નામ લેતાં મહારાજના મુખ ઉપર કરૂણા ભાવ સ્ફૂર્યો, થોડા દિવસ પહેલાં મુંબઇથી તેની પુત્રી ખોવાયાના ખબર મેં સાંભળ્યા હતા...બેટા! આ શું સુજ્યું? તે બિચારા રંક રાજપૂતનું જીવન તેં ઝેર કરાવ્યું છે....દિકરી! હમણાં મારી સાથે જ ચાલ! તારી વિશુદ્ધિની જગતને ખાત્રિ થયા પહેલાં પિતા હવે તારૂં મુખ જોશે જ નહિ. પિતાના ગૌરવ અને તેના પ્રત્યેના કર્તવ્યનો વ્યતિક્રમ કરી, તેં આવું કર્યું તો, સામંત એક રાજપૂતના બચ્ચા છે; હવે તે પોતાની દોષિત ઠરેલી પુત્રિને જગતના પડ ઉપરથી સદાને માટે લુપ્ત થયેલી જાણીનેજ ખુશી થશે." બોલતાં મહારાજના મુખ ઉપર કંઇ અનુકંપા અને જુસ્સો જણાયો.

મોહિનીથી ઉત્તર ન અપાયો, વૃદ્ધ સંતનો અવિનય નજ થઇ શકયો, પણ તેનાં ચક્ષુઓમાંથી અશ્રુઓ ખરતાં દેખાયાં.

"બસ! પુત્રિ હવે થનાર થઇ ગયું, વીતકનુ વધુ સ્મરણ કે વાત નહિ. સઘળું સારૂં જ થશે, પણ બેટા! સ્થિતી વિચારવા જેવી છે; કસોટીએ ચડાયું છે, વિશુદ્ધિ હશે તો જગત્ જીતાશે. તોજ પુનઃ પિતા પુત્રિને સ્વીકારશે, નહિંતો શું થાય? તે પ્રશ્ન ભૂલાય તેવો નથી."

મોહિનીનું અંતર્ અત્યારે ગભરાયું હતું; તે રડી,... ઘણું રડી; પણ મહારાજે મૌન રહી જોયા કર્યું—સહ્યા કર્યું. તેણે મોહિનીને શાંત પાડવા પ્રયત્ન નજ કર્યો, ઉભરાયેલું અંતર્ ખાલી થવા દીધું. હૃદયનો ઉભરો ખાલી થયો, બહુ વખતે બાલિકા શાન્ત થઇ. સાયંકાળ થઇ ગયો હતો, પશ્ચિમમાં ભગવાન સૂર્યદેવ અસ્તપ્રાયઃ

થયો હતો, અને તેની પાછળ ફરકી રહેલી સંધ્યાદેવીની સુવર્ણમયી વિજય પતાકા ઉપર અંધારપટ અવરાવા લાગ્યો હતો, ભૂતનાથનું શિવાલય તેની આસપાસની સ્વર્ગીય મનોહરતા અને અખિલ જગત્ ક્રમશઃ અંધકારમાં વિલુપ્ત થવા લાગ્યાં હતાં. સર્વત્ર શાન્તિદેવીની સત્તાનું પ્રાબલ્ય વાધ્યું, જગત્‌ના પ્રવૃતિ સ્વરોમાં નિરતબ્ધતા આવવા લાગી હતી, દેવળની પાસેથી વહેતી ખળખળ નિનાદીની સરીતાના જળરવો સાથે શહેરના દેવમંદીરોમાં થતી આરતીઓ સમયના મધૂરવા ઘંટ નાદો સંમિશ્રિત થઇ, મહારાજને સ્પષ્ટ સંભળાવા લાગ્યા. ભૂતનાથની આરતીનો વખત થઇ ગયો હતો, વળી વૃષભાનંદ આરતી માટે ઉતાવળે પગલે દેવળ તરફ આવતો દેખાયો. મહારાજ બાલીકાને આશ્વાસન આપી પોતાની સાથે મઠમાં લઇ ગયા. પોતાને રહેવાના ખંડના માળ ઉપર જ મોહિનીને રહેવા તેણે આયોજના કરી આપી.

મોહિનીને માટે મહારાજે મઠમાં સઘળો પ્રબંધ તો કર્યો, પણ મઠ સાધુઓને માટે હતો. મઠમાં વૃદ્ધ સંત્ મુકતાનંદજી સાથે તેના શરણમાં કાષાઇ સ્વાંગવેષ્ટિત થોડા પુરૂષો વસતા હતાં, પણ તેઓ સઘળાઓમાં સંતત્વ નહોતું. તેમાંના થોડા સાધક હતા, તેઓ આત્મસંસ્કારથી સંતત્વ સાધતા હતા; બાકીનાઓમાં સંતત્વ સંપાદન કરવા યોગ્યતા નહોતી. માનવતાથી ભ્રષ્ટ થયેલો, સાધુશ્રેણિમાં લેખાતો વૃષભાનંદ આવીજ યોગ્યતાનો હતો. વૃષભાનંદ જેવા જગજજનોથી ત્યકત થયેલા, બળેલ જળેલ હૃદયના બાવાઓ માત્ર ઉદર પોષણ અર્થે કે અન્ય કંઇ અપરાધને છુપાવવા સંતોના વિકાર-

રૂપે કાપાઈ વસ્ત્રો પહેરી મઠમાં રહ્યા હતા. મહાત્મા સર્વની યોગ્યતા સમજતા હતા, કિંતુ તેના કરુણાળુ હૃદયમાં તે પામરોની અધમતાનો ઉચ્છેદ કરવાનો ઉદ્દેશ હતો; તે પૂનિત ઉદ્દેશથી જ તેવાઓ પણુ સાધુવેષે મઠમાં પોષાતા હતા, પણુ આવી યોગ્યતાના બાવાઓ વચ્ચે રાખી, એક સ્વરૂપવતી દિવ્ય બાલીકાનું રક્ષણુ કરવું, તે કાર્યની વિષમતા કઈ ન્યૂન નહોતી. મહારાજ તે સઘળી વિષમતા સમજી શકતા હતા, કીતુ અત્યારે આ બાલીકાના જીવનની કઠોરતાનો કોઇ રીતે પણુ પરિહાર કરવાનો હતો. મોહિનીએ મઠમાં નિવાસ કર્યા પછી, તેના ધર્મ સંરક્ષણુ માટે મુક્તાકંદે બાવાઓને કેટલાક પ્રતિબંધો કર્યા.

મોહિની મઠમાં આવ્યા પછી, વિચક્ષણુ સાધુએ બીજેજ દીવસે એક પત્ર લખી, મોહિનીથી છૂપોજ તેના પિતા સરદાર સામંત ઉપર તેના રાજનગર કૃષ્ણુગઢ મોકલી આપ્યો; તે પત્રમાં મહાત્માએ મોહિનીની વિશુદ્ધિ અને તેનાં અંતર્ આઘાતની સામંતને ખાત્રી આપી હતી, પણુ તે સાથે પિતાને મુખ ન દેખાડવાનો રાજતનયાનો નિશ્ચય તેણે સામંતને જણાવ્યો, અને તેની વિશુદ્ધિનું રહસ્ય જગત્‌ને ન જણાય, ત્યાં સુધી મોહિનીને પોતાની પાસે ગુપ્ત રાખવા, મહારાજે સામંતને આગ્રહ કર્યો હતો. મહારાજે સામંતને જે કાંઇ સૂચવ્યું હતું, તે સામંતનાં ગૌરવ સંરક્ષક સૂત્રોજ હતાં. મહારાજ મૂકતાનંદજીના પત્રથી સામતે ખોવાયેલી પુત્રી પાછી મળ્યાના સમાચાર જાણ્યા; પુત્રિને મળવા અંતરૂનું વાત્સલ્ય ઉતેજીત થયું, પણુ લોકાપવાદ ભયે તે વાત્સલ્ય ઉપર પોતાની અદમ્ય સત્તા ચલાવી. પુત્રિની ઉચ્છૃંખલતા અને તેનાથી

પોતાનાં ઉજવળ કુલને લાગેલાં લાચ્છંનની સ્મૃતિ તેનાં અંતઃકરણના આતાપને સતેજ કરવા સામંતનાં અંતઃકરણમાં ધૂમવા લાગી; પોતે અંતરને દઢ કર્યું, ઇચ્છા પૂર્વક નિષ્ઠુરતા આવવા દીધી; પુત્રિનું મુખ હમણાં નજ જોવું, મનનો પ્રબળ નિશ્ચય બંધાયો. પુત્રિ પાછી મળ્યાની વાત અંતરમાં જ દાટી દીધી, કોઇને નજ કહી. મહાત્મા મુકતાનંદના સૂચનનો સ્વિકાર કરવો જ તેને ઉચિત લાગ્યો, પુત્રિનો અપવાદમાંથી અનુગ્રહ યોજવા સામતે એક વિનય પત્ર લખી, મહારાજને પોતાના નિશ્ચયો વિદિત કર્યા. * * * * *

મહારાજ મુક્તાનંદજી એક આદર્શ સંત હતા, બાહ્ય આડંબરો અને પ્રપંચથી ગૂચવાયેલા તેનાં અંતરના ઉદ્દેશો કરતાં તેનામાં સંતત્વ વશેષ હતું. તે ઉજવળ સંતત્વની પ્રતિભા હિન્દના બહુ ભાગ ઉપર હમણાં પ્રકાશી રહી હતી, ઘણાં રાજવાડાંઓ તેનાં નામને પૂજતાં હતાં, રાજદ્વારી અગ્રેસરોમાં મુકતાનદજીની પ્રતિષ્ઠા સારી હતી, અને કઇ તેવી ધાર્મિક રાજદ્વારી કે સામજીક આંટીઓ સમયે આ સાધુની સલાહ સર્વને વિશેષ આદર્ણિય થતી હતી. વસ્તુતઃમહાત્મા મુકતાનંદજીનો અધિકાર હિન્દની પ્રજાનાં સઘળાં પ્રકરણોમાં ઉચ્ચ પ્રતિનો હતો, છતાં આ સંતમાં વિશેષતાજ તે હતી, કે માયા અને પ્રપચની ઝાળમાં પકડાઇ જકડાઇ પડેલા કૂડાં અંતરના કાષાઇ વસ્ત્રધારીઓ, કે અન્ય આડંબરથી ભોળાં જગતને સિદ્ધાઇને શિખરે ઉભેલા દેખાતા હિન્દના મળ જેવા વર્તમાન સાધુઓ જેવો આડંબર આ મહાત્માણમાં કિંચિત્ માત્ર પણ નહોતો, કે અંતરમાં એક પણ પ્રબળ મલિન મંતવ્યનું નિર્ભર થતું નહોતું. તેની રહેણી સાદી હતી, આડં-

ભર વિહીન લઘુતા અને પવિત્ર અંતરૂમાં વહી રહેલી માત્ર જગતની હિતેચ્છીતા તેનું જીવન રહસ્ય હતું; જગતની જંઝાળો તેને રૂચતીજ નહોતી, આવી ઉપાધિએથી દૂર રહેવાજ તે ઇચ્છતા તેવોજ પ્રયત્ન કરતા હતા, કિંતુ જગતની અનેક જંઝાળો સ્વયં તેને ચોંટી વ્યવધાનરૂપ થતી હતી.

મુક્તાનંદજીના પૂર્વાશ્રમની તન કહાણિએ અનેક રૂપે લોક મુખે કહેવાતી હતી, પણ તે સઘળી કલ્પનાજન્ય હતી, વાસ્તવઃ આ સંતના પૂર્વાશ્રમનું ચિત્ર પોતાના ગંભીર હૃદય સિવાય અન્ય અંતર્ ઉપર આલેખાયુંજ નહોતું. તેની વર્તમાન અવસ્થાનો કંઇક ઉત્તર ભાગજ જન દ્રષ્ટિએ જોઇ શકી હતી, પણ એટલાથીજ લોકો વિસ્મય થતા હતા. માત્ર મહારાજાએ તેને માટે કંઇ વિશેષ અનુભવ્યું હતું, પણ તે અનુભવે જે ભક્તિ અને શ્રદ્ધા મહારાજાનાં અંતરૂમાં સ્થાપ્યાં હતાં, તેજ નિરાવધિ હતાં. જે સમયે વિજયકુમાર તેરેક વરસની વયનો હતો, તે વખતે રાજબા યૂવરાજ વિજય અને કુમાર સમરસિંહને લઇ, મહારાજા કૃષ્ણસિંહ ભારતવર્ષની પરિક્રમાએ નીકળ્યા. દક્ષિણ દેશનું સંપૂર્ણ પર્યટન કરી, ઉત્તર હિન્દનો ઐતિહાસિક પ્રદેશ જોતાં, પરમ તિર્થક્ષેત્ર બનારસ તરફ થઇ, ભારતિય બ્રિટીશ રાજનગર કલકત્તા સુધી તેઓ પહોંચ્યાં; અને ત્યાંથી આગળ ન જતાં, ભારતીય સ્વર્ગ કાશ્મિરનું અનુપમ સૌંદર્ય નિહાળવા તેઓ કાશ્મિરના કેન્દ્ર શ્રીનગર આવ્યાં. અહિં તેઓ બહુ દિવસો રહ્યાં, પણ આ ગરિમાશાલીની સ્વર્ગભૂમીના નિવાસ ઉપરથી કોઇની ઇચ્છા ન ઉઠી, એટલુંજ નહિ પણ સ્વદેશ જવાની વૃતિ થવાને બદલે મહારાજાને કાશ્મિરના હીમમય રમણિય પ્રદેશમાં એકલા જ વધુ પ્રવાસ

કરવા ઉત્કટ ઈચ્છા થઈ; રાણી યૂવરાજ સમરસિંહ અને તેન રક્ષણ માટે જોઈતાં માણસોને શ્રીનગરમાં રાખી, મહારાજા થોડ માણસો સાથે આ હીમગિરિના ઉચ્ચ પ્રદેશમાં પ્રવાસ કરવા લાગ્યા. આ પ્રવાસનો ઉદ્દેશ કંઈ ગંભીર હતો, તેનું અંતઃકરણ શાતા શોધતું હતું તે અહિંની પુનિત ભૂમિમાં સુલભ થવાની તેને આશા હતી; તેન અંતઃકરણનું વાંચ્છિત તો નજ મળ્યું, પણ હીમગિરિની એક ગુહામ એક પહાડી સંત્નું ધ્યાનસ્થ દશામાં મહારાજાને અનાયાસે દર્શન થયું. આ પ્રવાસમાં મહારાજાએ ઘણા સાધકો અને તપસ્વિઓન દર્શન કર્યાં હતાં; કિંતુ હીમગિરિના આ પ્હાડી સંત્નું દર્શન થતાં મહારાજાનાં હૃદયમાં કંઇ અપૂર્વ આનંદ ઉભરાઈ નીકળ્યો. આ પ્હાડી સંત્નું દર્શન ક્યાંઇ થયું હોય તેવું મહારાજાને લાગ્યુ, પણ તે માન્યતા બીજી નિમિષે મહારાજાએ ભ્રાન્તિ રૂપે માની લીધી. ક્ષણ ભર સઘળા વિચારોને અંતર્‌માં સમાવી, મહારાજા સંત્ના ચરણમ જઇ પડયા, પોતાની પાસે મનુષ્યોનો પદસંચાર સાંભળી ધ્યાનસ્થ સંત્નાં ચક્ષુઓ ઉઘડયાં, ચરણમાં પડેલા માયામત્ત પામર માનવ ઉપર માત્ર એકજ કરૂણા કટાક્ષ ફેંક્યો, સુવર્ણ વરણા કેશથી ભરાયેલા પ્રતિભાશાળી કૃષ મુખ ઉપર મંદહાસ્ય સ્ફૂર્યું, તેની પાછળ એક દીર્ઘ નિઃશ્વાસનું નિસરણ થયું. " મહારાજા કૃષ્ણસિંહજી ! પ્રાણ ઢુંઢતે હે, વો, માયા બંધમેં નહિં પાવેગે. " ચરણમાં પ્રણિપાત કરતા પડેલા કૃષ્ણસિંહજીને ઉઠાડતાં, પ્હાડી સાધુ પ્હાડી ભાષા જેવું કંઈ ઉચ્ચાર્યાં પોતાના દેશથી હજારો માઇલને અંતરે આવેલ હીમમય બિયાબાનના નિવાસી એક સંતે પોતાને જોતાં જ એક શબ્દના પરિચય વીના પોતાનો માનવ નિયમે માનેલો અધિકાર

નામ અને અંતરની આકાંક્ષાઓ વાંચી લીધી પછી દૈવત્વ વિહીન કિલષ્ટ હૃદયના માનવને આનાથી અન્ય કઇ ઘટનામાં વિશેષ દૈવત્વ પ્રતિત થાય ?

"પ્રભુ ! અમો અધમ પ્રાણિઓનો ત્યારે અનુગ્રહજ નહિં ?" મહારાજાએ બંને હાથ જોડી સંતને રંક સ્વરે પૂછયું.

"વાહ !...માયાબંધસે મૂકત હોનેકી જીજ્ઞાસા હય કયા ?" સાધુ સ્મિત ભર્યે મુખે બોલ્યા, તેના મુખ ઉપર આનંદનો વિકાસ થતો જણાયો. તે થોડી નિમિષો મૌન રહ્યા, અધો દ્રષ્ટિ રાખી કંઇ વિચાર્યું; "જન્મના વિશમ બંધથી નિર્મુકત થવા માટે જ આ મનુષ્ય દેહ મળ્યો છે, અદમ્ય માયામાંથી અનુગ્રહ મેળવવા માનવને માનવ દેહ અને બુદ્ધિ મળ્યાં છે. માત્ર યોગ્યતાની જ ન્યૂનતા છે, તે યોગ્યતા સંપ્રાપ્ત કરો ! મનુષ્ય ધારશે તે થઇ શકશે, મનુષ્ય ઇચ્છશે તે મેળવશે." તપસ્વિ વીચાર પાછળ ગંભીર થતા શુદ્ધ ગુજરાતી ભાષામાં બોલ્યા.

વળી મહારાજા વધુ વિસ્મિત થયા, સર્વવિદ્ પેઠે એક પ્હાડી સંતને પોતાની સાથે ગુજરાતી ભાષામાં વાત કરતા અનુભવી, મહારાજાની શ્રદ્ધા વિશેષ દઢ થઇ; આ સંતનું દર્શન પોતાનાં અનુગ્રહ માટે જ માની લીધું. જગતને ત્યજી વનનિવાસી થયેલા એક સંતના દૈવત્વ અને અધિકાર પાસે મહારાજાને પોતાનું નશ્વર મહત્વ અને જીવન ક્ષુલુક અને પ્રપંચ રૂપ દેખાયાં. "દેવ અમારા ઉપર કરૂણા કોને હોય ? કે, અમને યોગ્યતાનું રહસ્ય કોઇ દેખાડે ?... અમો અંધ છીએ, અજ્ઞાનમાં ગૂંચવાઇ, પામર થઇ રહેલા છીએ." કૃષ્ણસિંહજી પહેલાંથી વધુ નમ્ર થઇ બોલ્યા.

"મનુષ્યોના ઉદ્ધાર માટે ગતભૂત મહાપ્રાણોએ બહુ કર્યું છે.

તે દયાળુઓના અધમોદ્ધારક ઉદ્દેશોની છાયા રૂપ વેદ, ઉપનિષદ, શ્રુતિ, સ્મૃતિ, અને પુરાણાદિમાં યોગ્યતાનું રહસ્ય બહુ લખ્યું છે. અન્યની કરૂણા યાચવાની કે, અન્યની કરૂણા ઉપર આશા રાખવાની કંઈ આવશ્યકતા નથી. સઘળું પાસે જ છે, પણ વેદાદિ ઉપર પોતાનો અધિકાર સ્થાપિ પડેલા વર્તમાન નેતાઓનો પ્રથમ દોષ છે, તેઓના પુનિત ઉદ્દેશોમાં સ્વાર્થે સંમિશ્રિત થઇ, કર્તવ્યનો લોપ કર્યો છે, અને તેથી ભારતીય આર્યોની પતિતપાવની વર્ણવ્યવસ્થામાં વિક્ષેપ ઉપન્યો છે. બસ ! ક્ષત્રિયરાજ ! ત્યારથી જ અધોગતિ, અદમ્ય પરતંત્રતા, કર્તવ્ય ભ્રષ્ટતા અને તે સાથે પામરતા ભારતની પ્રજાના ભાગ્યમાં વજ્રલેપ થઈ છે. યોગ્યતા જોઇતી જ હોયતો, પ્રથમ જગત્‌ના અનુભવી થાઓ. મીઠા અને કડવા અનુભવોનું પ્રથઃકરણ શિખો ! સ્થિતિ અને કર્તવ્યનો વિચાર કરો ! જીવનની નશ્વરતાને ઓળખો ! સઘળું સમજાશે, ગુંચવાઓ નહિં ! સર્વ મળશે, યોગ્યતાનો પાઠ શિખવા આવા બિયાબાનોમાં રખડવાની કંઇ જ આવશ્યકતા નથી, બિયાબાન તમારે માટે નથી. કોને માટે હોય ? એટલું જાણવા પણ અધિકાર જોઇએ છીએ, અંતઃકરણની શાન્તિ માટે અન્ય માર્ગોમાં નહિં ગૂચવાઓ ! તેમાં નિરર્થક ફાંફા મારવા કરતાં શંકરનાં થોડાં જ સૂત્રો સ્મૃતિમાં રાખવાનાં છે."

गेयं गीता नाम सहस्रं ध्येयं श्रीपतिरुपम जस्रम् ।
नेयं सज्जनसंङ्गे चित्तं, देयं दीन जनायच वित्तम् ।
भज गोविंद भज गोविंदं, गोविंदं भज मूढमते ॥

" બસ ! જગત્ બંધમાં પડેલાઓના અનુગ્રહ માટેની પ્રથમ

આજ ભૂમિકા છે, તેને અનુસરો ! યોગ્યતા સ્વયં તમને શોધતી આવશે; અને તેજ તમને સઘળું સમજાવશે. તે યોગ્યતાજ તમારામાં સંપૂર્ણતા આણશે, બસ ! હમણાં એટલુંજ...એટલી યોગ્યતા આવશે તો, વિશેષ સમજાશે. " સંત્ બોલતા મૌન થયા, કૃષ્ણસિંહજીને તેણે થોડા શબ્દોમાંજ પ્રાથમિક જ્ઞાનનું ઉદ્‌બોધન કર્યું; થોડું કહી, ઘણું રહસ્ય સમજાવ્યું. સંત્ અને અતિથિઓ દિવસના બે પ્રહર સાથે રહ્યા, પ્હાડી સંતે અતિથિઓનું આતિથ્ય કર્યું, ફળો અને હીમગિરિમાં વ્હેતાં નિર્મળ જળનાં તુંબી પાત્રો સંતે અતિથિઓ પાસે લાવી મૂક્યાં. કૃષ્ણસિંહજી અને તેનાં માણસો પાસે ખાવાનું પુષ્કળ હતું, પણ આ તપસ્વિ સંતની પ્રસાદી તેઓએ પ્રેમે સ્વિકારી. સંતના પુનિત પરિચયને ત્યાગી મહારાજાને જવું રૂચતું નહોતું, પણ નાની એવી પ્હાડી ગુહામાં મહારાજા અને તેનાં માણસોથી રાત રહી શકાય તેમ નહોતું; ગુહા નાની હતી, ત્યારે આસપાસના ભયંકર હીમ પ્રદેશમાં ઉઘાડા ભાગમાં રાત વિતાડી શકાય તેમ નહોતી, કારણ કે, આસપાસમાં વિકાળ પ્રાણિઓનો ભય બહુ હતો. ઘણો વખત વ્યાયામ લઇ, કોઇ સુરક્ષિત સ્થળે જઈ પ્હોંચવા, મહારાજા તત્પર થયા; જતાં સંતની આજ્ઞા માગી, તેનાં ચર્ણાર્વિંદમાં પ્રણિપાત્ કરતા તે જઇ પડયા. અને તે સમયે પ્હાડી સંતના ચરણમાં એક અમૂલ્ય રત્ન મુદ્રિકા મૂકી. "પ્રભુ ! આ રંકની શેવાનો કંઇ સ્વિકાર ? " સતના ચરણોમાંથી ઉઠતાં, બન્ને હાથ જોડી, રત્નનો સ્વિકાર કરવા, કૃષ્ણસિંહજીએ રૂંધાતે સ્વરે વિનંતિ કરી.

" રાજન્ ! અહિં શું ન્યૂનતા જુઓછો ? આ હીમગિરિના પ્રબળ પથ્થરો તેવાંજ રત્નોનાં બનેલાં છે, પણ તે સઘળાં ન્યૂનતાનાં

ભૂષણો છે, સાધુની સેવા તેનાથી નજ હોય "મહારાજાએ મૂલ્યવાન માનેલાં રત્નની કીમ્મત આંકતાં, રત્ન મહારાજાના હાથમાં પાછું મૂકવા, સંતે હાથ લંબાવ્યો.

" પ્રભુ ! અમો અજ્ઞાન છીએ, પણ અમારા મનને સંતુષ્ટ રાખવા... આ રંક ઉપર કરૂણા લાવી, એટલો સ્વિકાર. " મહારાજાએ રત્ન પાછું ન લેવા આગ્રહ કર્યો.

" રાજા ! તેમ કરવાથીજ કૃતાર્થ થવાતું હશે કે ? સંતે ! સ્મિત કરી, મહારાજાને પૂછ્યું " ... ... વળી મૌન રહી કંઇ વિચારતાં. કંઇ સંભળ્યું. " રાજા ભલે તેમજ કરવું હોય તો, એટલી લક્ષ્મિનું સાર્થક કરો ! એટલામાં કંઇ વિશેષ મેળવી, રંક ભારતવર્ષનાં ભાવિ ઉદય માટે બાળકોને સાચાં શિક્ષણની વ્યવસ્થા કરો ! અત્યારે રંક ભારતવર્ષને તેજ આવશ્યક છે, અત્યારનું કર્તવ્ય હોય તો, પ્રથમ તેજ છે; અત્યારનું સાર્થક દેશનાં ઉન્નતક સાહિત્યોને પોષવામાંજ . ... હિંદ સંતાનોનાં અત્યારે ધર્મ કર્મ તેમાંજ સંનિવિષ્ટ છે. સંતોને આવી ઉપાધિઓ અરપી કર્તવ્ય વિહીન ન કરો ! લક્ષ્મિનો મહિમા ન જાણુનારા સાધુઓને લક્ષ્મિ આપી, દેશના દુર્ભાગ્યમાં વૃદ્ધિ કરવા, તેઓને સાધુત્વથી ભ્રષ્ટ ન કરો ! ...... રાજા ! મને સંતુષ્ટજ કરવો હોય તો, આ મુદ્રિકા પાછી સ્વિકારી તેનો સદ્વ્યય કરજો ! હું વસંતપુર આવીશ, અનુભવિશ અને આનંદ પામીશ.

" હું વસંતપુર આવીશ. " આ શબ્દો સંતના મુખમાંથી બોલાતા મહારાજાએ સાંભળ્યા. " જીવનમાં સાંભળેલા સંદિગ્ન ચમત્કારો અત્યારે હું અનુભવું છું. આ મહાપ્રાણે અંતર્વેદ પેઠે સત્રગું

જાણી લીધું છે. માનવ જાતમાં આ શક્તિ સંભવે ખરી કે ?" વિસ્મિત થતાં મહારાજાથી અંતર્ગત બોલી જવાયું. પ્હાડી સાધુની પ્રતિભામાં કૃષ્ણસિંહજી વધુ અંજાયા. અનીચ્છાએ પ્હાડી સંતના હાથમાંથી મુદ્રિકા તેણે પાછી લીધી, આગ્રહ ગર્ભિત કે, અન્ય અક્ષર પણ ન ઉચ્ચારાયો, સતને પુનઃ પ્રણિપાત કરી, તેનીપાસે જવા આજ્ઞા મગાઇ; અને તે મળી. સંતનો ત્યાગ કરતાં કૃષ્ણાસિંહ જીનાં અંતરૂમાં કંઇ અવ્યક્ત વ્યથા પ્રગટી, ચક્ષુઓ સજળ થયાં, અંતરૂની અરૂચી છતાં, પોતાના માણસો સાથે મહારાજાએ આગળ પ્રયાણ કર્યું. ત્યાંથી મહારાજા બદ્રિકેદારનાં દર્શન અને પૂજન અર્ચન કરી. દોઢમાસે શ્રીનગર રાણી તથા કુમારોને આવી મળ્યા. ત્યાંથી તે પોતાનાં કુટુંબ સાથે વસંતપુર આવ્યા.

આ વાત ઉપર બે વરસ પણ વીત્યા નહોતા, એટલામાં પ્હાડી સંત, અનાયાસે વસંતપુર આવી ચડયા; પોતાને ત્યાં શ્રીહરિ પ્રત્યક્ષ પ્રાદુર્ભૂત થયા હોય, અને જે અમોઘ હર્ષ પ્રગટે; તેવોજ હર્ષ પ્હાડી સંતના પોતાને ત્યાં દર્શન થયેલાં અનુભવી મહારાજાને થયો. યાત્રા એથી વસંતપુર આવ્યા પછી, પ્હાડી સંતની ઇચ્છાને અનુસરી વ-સંતપુરમાં એક મુક્ત છાત્રાલય નામની સંસ્થા સ્થાપિ, ૨૬ બાળકોને સંસ્કૃત, ઇંગ્રેજી અને અન્ય ઉદ્યોગોનું શિક્ષણ આપવા, આ છાત્રા લયમાં મહારાજાએ વ્યવસ્થા કરી હતી; પ્હાડી સંતનું નામ મુક્તા નંદ કલ્પિ છાત્રાલય સાથે તેને જોડયું હતું. આ સંસ્થા પ્હાડી સંતે જોઇ, તેનો કાર્યક્રમ અનુભવી સંત સંતુષ્ટ થયા. આ પ્હાડી મહા-પ્રાણનું વસંતપુર આગમન થયા પછી, તે વસંતપુર જ રહ્યા, અને મહારાજાએ કલ્પેલાં મુક્તાનંદ નામથી જ તે જગતમાં ઓળખાવા લાગ્યા.

પરિચ્છેદ ૨૨ મો.

વિષમ વિપત્તિઓ.

ન્હડી ચેરાગને કાંટે, જલાવે પ્રાણ પરવાના;
નફ્ટ આલમ હસે તેને, ફકીરી હાલ મારો છે.
(વસન્ત)

કેટલાંક હથિયાર વિનાના અને અશક્ત જર્મન સિપાહીઓનાં તમે નિરર્થક ખૂન કરી, યુદ્ધ નિતીનો ભંગ કર્યો હોવાનો આરોપ તમારા ઉપર મૂકાયેલો છે, તેથી જર્મન લશ્કરી ન્યાય શાસન તમારાં અપરાધોનો નિર્ણય ન કરે ત્યાંસુધિ લશ્કરી સત્તા તમને એક ભયંકર અપરાધિ લેખી; લશ્કરી સત્તાને આધિન થવા ફરમાવે છે.”જર્મન ભાષાંમાં લખેલા ફરમાનનું રહસ્ય વૃદ્ધ જર્મને ઇંગ્રેજી ભાષામાં વિજયને કહી સંભળાવ્યું, અને પાસે ઉભેલા બે ભયંકર જર્મન દૂતોને આધિન થવા તેણે દમામથી વિજયને હૂકમ કર્યો. આજ્ઞા પત્રનાં અક્ષરસઃ સ્પષ્ટિકરણની આપખૂદ સત્તાને આવશ્યકતા નહોતી. વિજયકુમારનો એક અક્ષર પણ સાંભળવાની દરકાર કર્યા વિના જ, વૃદ્ધ જર્મન વિજયકુમારને હૂકમ કરી, તે ખંડમાંથી ચાલ્યો ગયો.

આ ક્ષણથી જ વિજયકુમારના છદ્મ આતિથ્યને અંત આવ્યો. તે નિર્દોષ હતો, છતાં તેના ઉપર ભયંકર આરોપો મૂકાયા. વિજયની પાછળ પડેલા બે જર્મન સિપાહીઓનાં ખૂનો વિજયે કરેલાં મનાયાં એમજ નહિં, પણ બે ક્રૂર સિપાહીઓને કેટલાક હથિઆર વિહીન રંક જર્મનોમાં ખૂનના રૂપમાં જર્મન લશ્કરી ન્યાયશાસને કલ્પયાં.

કહેવાય છે કે, જર્મન સત્તામાં સપડાયેલા હિન્દી લશ્કરી કે રાજદ્વારી કેદીઓ પ્રત્યે જર્મન સત્તાની વર્તણુંક વખોડી કાઢવા જેવી નથી, હિન્દી કેદીઓની જરૂરીઆતો ઉપર ત્યાંની સત્તા પૂરતુ ધ્યાન આપતી હોવાનું વર્તમાનપત્રોએ જર્મન રાજનગર બર્લિનના અમેરિકન પ્રતિનિધિદ્વારા જાણ્યું છે, કીંતુ વિજયકુમારને કંઇ બીજુંજ અનુભવવું પડ્યુ હતુ. વિજયકુમારના એક વખતના અલ્પ પરિચયથીજ કૈસરને આ હિન્દી રાજકુમારનાં વીરત્વમાં આસક્તિ થઇ હતી.ત્યાથીરજ વિજયકુમારને સાધિ લેવા જર્મન સમ્રાટની કૂટીલ જીજ્ઞાસાઓમાં વળી એક નવો અંકૂર ઉદ્‌ભવ્યો હતો, આ જીજ્ઞાસાની તૃપ્તિ શોધવા, કૈસરે પ્રથમ વિજય ઉપર બહુ કૃપા દેખાડી, પણ તે રાજપુત્રે તે કૃપાની સ્પૃહા ન કરી, તેણે નિર્ભય રીતે જર્મન સમ્રાટને ખરા શબ્દો સભળાવ્યા. આ શબ્દોજ કૈસરને અસહ્ય થયા હતા, પણ તે પ્રપંચ કુશળ નરેન્દ્રે આ સમયે પોતે ક્ષમતાપન્ન હોવાનો આડંબર કર્યો. વિજયકુમારના અર્થ ગૌરવવાળા પ્રત્યુત્તરો કૈસરે અંતર્‌માં વિચાર્યા,તેને કોઇ પણ રીતે સાધી લેવા ઇચ્છા વધુ પ્રબળ થઇ. તેથી વિજયકુમાર લશ્કરી કેદી હતો છતાં, તેને માટે અન્ય કેદીઓથી સુખ સાધનો અને માન મર્તબાવાળી જુદીજ વ્યવસ્થા થઇ. અર્થાત્ વિજયકુમારનું છદ્મ આતિથ્ય થયું, ઘણી આશાઓ અપાઇ; કિંબહુના ? ક્રમશઃ

શામ, દામ, ભેદનો પૂરો પ્રયોગ થઇ ચૂકયો, પણ તે ચતુર ક્ષત્રિયરાજની કૃતજ્ઞતા, વીરત્વ અને ધૈર્ય અચળજ રહ્યાં; તેનાથી વિજયનો નિશ્ચય ન ડગ્યો, જર્મન સમ્રાટથી ધાર્યું ન થઇ શકયું, "શામ, દામ, ભેદ અને દંડ" માનવસાધનાના આ ચાર મહા તંત્રોમાનાં ત્રણ વિજયકુમાર પાસે વ્યર્થ થયા, તેને વશ કરવા અનેક યુક્તિઓ કરી જોઇ, પણ સઘળી વિફળ થઇ. હવે માનવસાધનાનો ચતુર્થ કે અંતિમ પ્રયોગ "દંડ" વિજય માટે અવશિષ્ટ હતો, તે અમલમાં મૂકાયો; વૃદ્ધ જર્મનના વિજય પાસેથી ગયા પછી, પેલા બે જર્મન સિપાહીઓ વિજયને તે સ્થળેથી એક ભયકર અંધકાર અને ભેજવાળાં સાંકડાં ભોંયરામાં તેજ વખતે લઇ ગયા. અહિં તેને માટે કંઇજ વ્યવસ્થા નહોતી, સુવા થોડું ઘાસ પીવા એક પાણીનું ભરેલુ માટીનું વાસણ અને ખાવા થોડાં બિસ્કીટો તેની સાથે ભોંયરામાં મૂકવામાં આવ્યાં, તે સિવાય મનુષ્ય જાતનાં સ્વાસ્થ્ય માટે આ ભોંયરામાં કંઇજ નહોતુ. મોતનાં મુખ જેવાં કરાળ કાળાગૃહમાં વિજય કેદ થયો, તોપણ તેના નિશ્ચયો નજ ડગ્યા. આવી વિપત્તિઓમાંથી છૂટવુંજ હોયતો, કૈસરની ઇચ્છાને અનુસરવા તેને વારંવાર જર્મન અધિકારીઓએ કહ્યું હતુ, કિંતુ ક્ષત્રિયરાજ મૌનપણે સઘળું સહેવા તૈયાર હતો, પોતાના ઉપર વરસતી વિપત્તિઓ માટે એક શબ્દ પણ બોલ્યા વિના સઘળું તેણે મૌનતાથી સહ્યા કર્યું, પણ કૃતજ્ઞતા ઉપર કલંક લગાડવા તેની ઇચ્છા નજ થઇ. આ ભોંયરામાં થોડા દિવસ રહ્યા પછી, જર્મન લશ્કરી કોર્ટ પાસે વિજયના આરોપોની તપાસ ચાલી; વાસ્તવઃ વિજય નિર્દોષ હતો, છતાં શસ્ત્રાસ્ત્રવિહીન નિર્દોષ જર્મનોની નિરર્થક હત્યાઓ અને જર્મન

લશ્કરો તથા દેશોમાં ઠગાઇ ભર્યા વેશે જાસુસિ કરી, અનેક કાવત્રાંઓ કર્યા હોવાના ભીષણ અપરાધો જર્મનીના લશ્કરી ન્યાયે હિન્દી કુમાર ઉપર પૂરવાર થયેલા માન્યા, પણ તેના અપરાધોની શિક્ષાનો નિર્ણય હજી પાછળ રહ્યો. અપરાધિને શાસન આપવામાં જર્મનલશ્કરી ન્યાયની ઢીલ તે એક પ્રકારનો અપવાદ હતો, પણ તે શા માટે હતો ? તે કંઇ સમજી શકાય તેવું નહોતું.

જર્મનલશ્કરી ન્યાયમંડળ પાસે વિજયકુમારની તપાસ ચાલ્યા ઉપર પણ દીર્ઘ થઇ વીતતી વિષમ ક્ષણો બીજા અગ્યાર દિવસોમાં વિરમી ગઈ. આ અગ્યાર દિવસોમાં માત્ર ત્રણ વખત વિજયને બંધનગૃહમાં મનુષ્યજાતનું દર્શન થયું હતું; એક જર્મન સિપાહી ત્રણ ચાર દિવસે આ કેદી માટે પાણી અને બીસ્કિટ ત્રણ ચાર દિવસનું સાથે મૂકી, વિજયની કરૂણોત્પાદક સ્થિતિ જોતો, મૌનપણે ચાલ્યો જતો. તે સિપાહી સિવાય અન્ય કોઇ મનુષ્યનો પાદસંચાર આ ભયંકર બંધનગૃહમાં વિજયે સાંભળ્યો નહોતો, પણ અગ્યારમા દિવસની મધ્યરાત્રિ પછી, વિજયકુમારના બંધનગૃહનું લોહદ્વાર ઉઘાડી, બે વિકાળ જર્મનો તેમાં પેઠા. વિજયકુમાર સ્વસ્થ નહોતો, તોપણ અત્યારે તેની આંખો નિદ્રાથી કંઇક મિંચાતી હતી. પોતાના ઉપર વિફરેલી ભાગ્યદેવીની ઝુલમી સત્તાને વિસરતો, તે અત્યારે આનંદમય સ્વપ્નસૃષ્ટિમાં ઉડવા તૈયારી કરી રહ્યો હતો, કિંતુ તેની અવજ્ઞત ભાગ્યદેવીથી એટલું પણ ન સ્હેવાયું, તે પેલા જર્મનોમાં પ્રેરાઇ, વિજય ઉપર વરસવા વિજય પાસે ચાલી. તે જર્મનો હિન્દી કુમારની ઘાસની પથારી પાસે પ્હોંચ્યા, હજી વિજયની નિદ્રા ગાઢ થઇ નહોતી તે પ્હેલાંજ દિવાનાં ઝાંખાં કીર્ણો તેનાં ચક્ષુઓમાં

પ્રવિષ્ટ થયાં, તે સાથે તેઓનો પાદસંચાર વિજયના શ્રવણને સંભળાયો; ભયભિત થતાં ચક્ષુઓ ઉઘડી ગયાં, વિકાળ યમદૂતો જેવા બે ગૌરાંગ મનુષ્યો વિજયને પોતાની પાસે આવી ઉભેલા દેખાયા. હૃદય કંપ્યું, દશ્ય તેને હૃદયહારક લાગ્યો, પણ તૂરતજ તે નિર્ભિક થનો એક છલંગ મારી પથારી પાસે આવી ઉભેલા માણસો પાસે જઇ ઉભો. એક બીજાને જોતાં સઘળા સ્તબ્ધજ થઇ રહ્યા, બંધનગૃહમાં થોડી નિમિષો આવીજ મૌનતા પોષાઇ.

" દુર્ભાગિ તરૂણ ! તારી અમોને દયા આવેછે. નામદાર કૈસરની અવકૃપા તેં ઇચ્છા પૂર્વકજ વ્હોરી લીધેલી છે, નહિંતો તારા જેવા એક વીર સરદારના પ્રાણની કિમ્મત મનુષ્યથી થાત ખરી...બસ ! હવે કોઇનો કંઈ ઉપાય રહ્યોજ નથી. આજે અત્યારેજ છૂપીરીતે તારો શિરચ્છેદ કરવા અમોને લશ્કરી સત્તાનું ફરમાન થયું છે. હવે તું અમારૂં અહિં આવવાનું કારણ સમજી શકયો હોઇશ ? " એક જર્મન જલ્હાદે ભાગિ તૂટી કઠોર ઇંગ્રેજી ભાષાથી લશ્કરી અદાલતે તોળેલો ન્યાય વિજયને કહી સંભળાવ્યો.

" તમે મને કહો, તે પ્હેલાંજ મારા અંતઃકરણે મને કહ્યું હતું. " બોલ્યા પાછળ વિજય જરા દુઃખમય હસ્યો, દૃષ્ટિ ધરણિ ઉપર ચોંટી, બંધનગૃહમાં એટલી ક્ષણો પુનઃ શાન્તિ વ્યાપી. " ભાઇઓ ! હવે કોની રાહ જુઓછો ?......હું તૈયાર છુ. મારા અંતઃકરણની વ્યથાનો વિચાર કરતા નહિં ! અમર કશુંએ નથી. વ્હેલી વા મોડી, આખર સર્વની એજ ગતિ છે.—સહ્યું છે. મેં જોયું છે. સંગ્રામભૂમિ ઉપર તડફડતા મનુષ્યોના આશામય વ્યથિત જીવનોના ભયંકર દશ્યો સતત્ મારી અંતરદૃષ્ટિ સામેજ હજી

તરવરી રહ્યાં છે....રંક સૈનિકો સાથે જગતના પૃષ્ટ ઉપર બે-મુલાં રત્નો લેખાતા વીરવર્યોને મેં રણભૂમિમાં રોળાતા જોયા છે. ભાઇ ! રંકતા અને મોટાઇ વચ્ચેનું અંતર પામર મનુષ્યોની દૃષ્ટિ-નેજ દેખાય છે, પણ પ્રકૃતિ પાસે તેવું કંઇ નથી. બિચારાં મનુષ્યો પ્રકૃતિદેવીની દોરીથી નાચતાં પુતળાં છે." શ્રમિત થયો હોય તેમ મૌન રહી, એક નિઃશ્વાસ કાઢતો વળી વિજયકુમાર બોલ્યો. "અરે આ સઘળા મિથ્યા પ્રપંચો છે, વ્યર્થ ઉપાધિઓ છે. આ સઘળા આડંબરો મનુષ્યના ખાલી ભભકા છે. ભાઇઓ !...વીના ક્ષોભે આ ક્ષણિક દેહનો વધ કરો !...તેને તેનાં કર્તવ્ય અને ક્ષાત્રત્વમાં વિરામ આપો ! " વિજય બોલતો હતો, પણ તેની નસેનસમાં લોહી જુ-સ્સાથી વહી રહ્યું હતું. હવેની ક્ષણો તેણે પોતાના જીવનની અંતિમ ક્ષણો માની લીધી, પોતાને મૃત્યુના મુખ પાસે પહોંચેલો જોઇ લીધો; અને તેજ વિચારોથી તેનું દેહ મમત્વ હણાવા લાગ્યું. શિરચ્છેદ કરવા આવેલા ક્રૂર જલ્લાદોને મુખે કૈસર અને તેની અ-વકૃપાનું નિમિત સાંભળી, વિજયે પામર મનુષ્ય પ્રાણીનો અધિકાર તે રંક અપરાધિ માનવોને ઇંગ્રેજી ભાષાથી કહી સંભળાવ્યો. સર્વની પાછળ તે કઇ ધિમું હસ્યો, અને હાસ્ય પાછળ તેનાં મુખ ઉપર કંઇ અવ્યક્ત આનંદ અને પ્રતિભાનું તેજ ફરી વળેલું જણાયું.

" અમારા નિયમ પ્રમાણે શિરચ્છેદ કરતાં પ્હેલાં તને બાંધવો જોઇએ." જલ્લાદે દયાર્દ્ર સ્વરે વિજયને કહ્યું.

" નિયમ હોય, તે કરો ! હું સહીશ, આ દેહ સહેવાજ સરજાયેલો છે. ભાઇઓ"–વિજય કંપિત સ્વરે બોલ્યો, પણ સ્વરમાં દૃઢતા હતી.

વિજયના બંને હાથ પાછળથી બંધાયા. " બસ ! યૂવાન ! હવે ગૂપચૂપ અમારી સાથે ચાલ્યો આવ ! " એક જલ્હાદે વિજયને પાછળ આવવા કર્કશ સ્વરે કહ્યું. વિજય એક અક્ષર પણ ઉચ્ચાર્યા વીના તેઓની સાથે ચાલ્યો, તે ભોંયરામાંથી નીકળી પાસેના બીજા ભોંયરામાં તેઓ વિજયને લઇ ગયા. આ ખંડમાં જુના જમાનાનું સ્મરણ આપતો એક વધસ્તંભ ઉભેલો હતો, તેના ઉપર ચડવા ક્રૂર જલ્હાદે વિજયને ફરમાવ્યુ. વીર રાજકુમાર જરા પણ કંપ્યા વીના કે અચકાયા વીનાજ મૃત્યુને ભેટવા વધસ્તંભ ઉપર ચડી ગયો. સઘળું સંપૂર્ણ થઇ રહ્યું, માત્ર વિજયના જીવન અને મૃત્યુ વચ્ચે થોડીજ ક્ષણો રહેલી ગણાઇ ચૂકી હતી. " તરુણ ! કીરતારનું સ્મરણ કરતાં તારૂં મસ્તિષ્ક વધવેદિકા ઉપર રાખ ! " વિજયકુમારનો શિરચ્છેદ કરવા ફરસિ લઇ ઉભેલા જલ્હાદે કઠોર સ્વરે કહ્યું.

મૃત્યુ પાસે દેખાતાં, વિજયની અંતર્ આશાઓ અનેક રૂપે મૂર્તિમંત થવા લાગી; પોતાની બાલવયથી આરંભાઇ, જીવનના સઘળા દશ્યો સ્મૃતિએ ચડતા ક્રમશઃ થોડીજ નિમિષોમાં તેની અંતર્ દૃષ્ટિ પાસે નાચી ગયા. તેમાં વૃદ્ધ પિતા, મોહિની, સંગ્રામ ક્ષેત્ર અને વિપત્તિમાંથી મૂક્ત કરાવનાર દિવ્ય વીરાંગનાની સ્મૃતિએ વિજયનું અંતિમ ધૈર્ય ડગાવ્યુ. વીર ક્ષત્રિયરાજની વાંચ્છનાઓ પ્રબળ થઇ ગઇ, અને ક્ષણભર વીરતા ડગમગી, દેહે કંઇ અનુકંપ અનુભવ્યો. જમીન ઉપરથી દૃષ્ટિ ઉપડી, પાછળ ફરસિ લઇ ઉભેલા જલ્હાદ ઉપર એક કરૂણોત્પાદક દૃષ્ટિપાત થયો. બીજી નિમિષે વર્તમાન સાચિ અવસ્થાનું તેનેભાન થયું, તેણે પોતાનાં ધૈર્યની શિથિલતા જોઇ લીધી, તે પુનઃ દૃઢ થઇ ગયો.

ઘોર શર્વરીનું પ્રગાઢ સામ્રાજ્ય, ભયંકર અંધકારમાં વિલુપ્ત થયેલાં જગત્ ઉપર વ્યાપેલો શાન્તિદેવીનો અવ્યાહત્ અધિકાર, કંઇક ક્ષણોએ શ્રવણગોચર થતી હિંસક પ્રાણિઓની હૃદયવેધક કારમિ ચિસો, દિશાઓમાં વ્યાપિ રહેલા તમરાઓના ભયોત્પાદક મૃદુરવો, અને આ સમયે વિજયનો વધ કરવા વધસ્તંભ ઉપર વિજય પાસે ઉભેલા ક્રૂર જલ્લાદનો ભીષણ દર્શ, જગત્‌ની સઘળી ભયંકરતાઓનું અહિં અત્યારે ઐક્ય થયુ. આ સઘળું ભીરૂ અંતઃકરણના અનુકંપ માટે ન્યૂન નહોતું. હાથમાં ફાનસ લઇ ઉભેલા બીજા જર્મને ખીસ્સામાંથી ઘડીયાળ કાઢી સમય જોયો, બસ ! હવે છેલ્લિ ક્ષણજ હતી, શિરચ્છેદનો નિરમિત સમય થયો હતો. સંકેત સૂચન થયું, વિજયના ગળાં ઉપર પડવા જલ્લાદનો ક્રૂર હસ્ત ઉપડયો; વિજયના મૃત્યુ અને જીવન વચ્ચે હવે અંતિમ ક્ષણનો અંષ માત્ર અવશિષ્ટ હતો.

" નામદાર કૈસરના ફરમાનથી હમણાં અટકો ! ' વિજયનાં ગળાં ઉપર પડવા ઉપડેલી ફરસિ તેનાં ગળાં ઉપર પડે, તે પ્હેલાં શ્વાસથી ફાટતે સ્વરે બોલતો, એક જર્મન સિપાહી દોડતો વધગૃહમાં પ્રવેશ્યો.

" કૈસર અને તેનું ફરમાન. " આ શબ્દો સાંભળતાં હૃદયવેધક કાર્ય થતું અટકયું, વિજયનાં ગળાં ઉપર પડવા ઉપડેલી ફરસી ત્યાંજ સ્થિર થઇ રહી, ખૂનીનો હાથ ત્યાંજ અટકી રહ્યો. કોઇ કંઇપણ બોલે તે પહેલાં આવેલો સિપાહી બોલી ઉઠયો. " હું નામદાર લશ્કરી કોર્ટના હૂકમથી નામદાર કૈસરનું ફરમાન પત્ર લઇ અહિં આવ્યો છું, તે ફરમાન પત્ર વાંચ્યા પછી તમોને જે ઘટે તે કરજો ! પણ હમણાં તમારાં કાર્યને મોકુફ કરો ! " તેણે બોલતાં લુગડાંમાં ઘણીજ

સંભાળ પૂર્વક બાંધેલું કાગળનું એક કવર દિવો લઇ ઉભેલા જર્મનના હાથમાં મૂક્યું. આવેલા નૂતન જર્મન સિપાહીના સ્વરમાં મૃદુતા અને માધૂર્ય કંઇ અપ્રતિમ હતાં, ત્યારે તેના દેહની સુકુમારતા અને સૌંદર્યને સંદિગ્ધ દૃષ્ટિથી જોતા, જલ્હાદો ક્ષણભર સ્તબ્ધ થઇ રહ્યા.

નૂતન સિપાહીનો સ્વર સાંભળતાં વધસ્તંભ ઉપર ઉભેલા વિજયકુમારનું અંતર્ કંઇ અવ્યક્ત ઉપકાર ભારથી નમી જતું વિજયને લાગ્યું. નૂતન સ્વર કોઇ સમયનો પરિચિત જણાયો; મૃત્યુમાં વિરામવા તત્પર થયેલાં હૃદયમાં આવેલી જડતા આ સ્વર સાંભળી એકાએક હણાઇ, પોતે મૃત્યુને સોપાને ચડી ઉભો હતો, પણ તે કષ્ટમયી અવસ્થા અત્યારે ભૂલ્યો. આવેલા સૈનિક સામે દૃષ્ટિ ઉપડી અટકી, એક સમયે પોતાને ક્રૂર મૃત્યુના મુખમાંથી બચાવનાર દિવ્ય વીરાંગ્નાની વાણિ અને રૂપ નવા સિપાહીનું ઝાંખું મુખ જોતાં વિજયને યાદ આવ્યાં, પણ અંતર માત્ર એટલુંજ હતું, કે તે વીરાંગના એક સ્ત્રી હતી, ત્યારે અત્યારે જીવનની અંતિમ ક્ષણે આવી પહોંચેલો જર્મન સિપાહી એક મૃદુ પુરૂષના પોષાગમાં હતો. “ સરદાર ! તમે હશો ત્યાં હું આવીશ. ” વિજયકુમારને જર્મનોના પંઝામાંથી મૂક્ત કરાવી, તેને ખંડેરમાં પડતો મૂકી નાસિ ગયેલી અજ્ઞાત બાળિકાએ જતાં ઉચ્ચારેલાં ઉપરોક્ત અંતિમ વાક્યો વિજય હજુ ભૂલ્યો નહોતો. આવેલો સૈનિક એક સૈનિક પુરૂષના પોષાગમાં હતો, પણ સ્વર સ્ત્રીનો હતો, નાજુક આકૃતિ અને સૌંદર્ય સ્ત્રીનાં હતાં, કિંતુ તેનામાં દેખાતી દૃઢતા અને વીરત્વ એક વીરોત્તમ પુરૂષને યોગ્ય હતાં, તોપણ વિજયકુમાર તેના સૌંદર્ય, આકૃતિ, અને સ્વરમાં ભ્રમાયો.

સિપાહીએ આપેલા આજ્ઞાપત્ર જલ્હાદે કવરમાંથી કાઢી વાંચવો શરૂ કર્યો. ફરમાનપત્ર થોડાજ શબ્દોમાં લખાયેલો નહોતો, તેમાં ઘણું લખ્યું હતુ; આજ્ઞાપત્ર આખા બે કાગળોમાં ખરડેલો હતો, તે સઘળું વાંચી, તે પ્રમાણે અમલ કરવા પત્રની શરૂઆતમાંજ જલ્હાદને ઉદ્દેશી ખાસ ફરમાન લખાયેલુ હતું. ઉક્તશાહી ફરમાનનો અમલ જલ્હાદને કરવો પડયો. પત્ર કદાચ કૃત્રિમ હોવાનો જલ્હાદને સંશય થયો, પણ પત્ર પુરો ન વચાઈ રહે ત્યાંસુધિ વિજયનો શિરચ્છેદ ન કરવા તેણે વધસ્તંભ ઉપર ઉભેલા જલ્હાદને ફરમાવ્યું. શાહી ફરમાનનું સત્ય કે કૃત્રિમતા જાણવા જલ્હાદ શબ્દે શબ્દના અર્થો સમજતો બહુજ ધૈર્યથી પત્ર વાંચવા લાગ્યો; પણ તે ફરમાનપત્રમાં કંઇ ચમત્કૃતિ જણાઇ. પત્ર ઉઘાડી તેણે થોડીજ મિનિટો ન વાંચ્યો, એટલામાં પત્ર વાંચતા જર્મન જલ્હાદની આંખો ઘેરાતી જણાઇ, અને તે પછીની થોડીજ નિમિષોમાં તે વાચતો હતો, ત્યાંજ કેવળ શુદ્ધિહીણ થઇ પડયો. વધસ્તભ ઉપર વિજયનો શિરચ્છેદ કરવા ઉભેલા જલ્હાદે સાથીની શુદ્ધિ હણાયેલી જોઇ, પણ તેનાથી ભેદ ન ભળાયો. તે કઈ આકસ્મિક કારણ કલ્પિ ગભરાયો, વધસ્તંભ ઉપરથી ઉતરી તે ઉતાવળો નીચે આવ્યો હાથમાંથી ફરસી જમીન ઉપર મૂકી, સાથીની સ્થિતિ જોતો તે તેની પાસે બેઠો. તેની સ્થિતિ ભય ભરેલી દેખાઇ, તેના જીવનની આશા ન રહી, તેનો શ્વાસ અંટવાઈ ગયો હતો. “ પાણી ! તેના મુખ ઉપર છાંટવા ક્યાંઇથી પાણી–” પાસે ઉભેલા સિપાહી પાસે પાણી માગતો જલ્હાદ ગભરાયેલે સ્વરે બોલી ઉઠયો, પણ તેજ ક્ષણે કઇ બીજુંજ થઈ ગયું. જલ્હાદની દષ્ટિ બેશુદ્ધ સાથીમાં ગૂંચવાયેલી હતી, તે લાગ

સાધિ, પેલા નવા સિપાહીએ જમીન ઉપર પડેલી ફરસી ત્વરાથી ઉપાડી, અને તેટલીજ ત્વરાથી શુદ્ધિહીનની શુશ્રૂષા કરતા જલ્હાદનાં ગળાં ઉપર પાછળથી મારી. બસ ! ફરસીનો એકજ ઘા થયો, પણ જલ્હાદનું મસ્તિષ્ક તે એકજ ઘાએ કપાઇ તડફડતું જમીન ઉપર જઇ પડયું, થોડીજ નિમિષોમાં બને જલ્હાદોનો અત આવી ગયો. એક જર્મન સિપાહીનેજ હાથે આવી ભયકર ઘટના યોજાયેલી જોતો, વિજયકુમાર તો વધસ્તંભ ઉપરજ પાષાણ પ્રાતિમા પેઠે સ્તબ્ધ થઇ ગયો હતો; તેનાથી કંઇ ન સમજી શકાયું, તેની વિચક્ષણતાથી કંઇજ તર્ક ન થઇ શકયો, તે અતરૂમાં ગુચવાયો, પણ હજી ગતભૂત ઘટના ઉપર થોડી ક્ષણો પણ ન વીતિ એટલામાં વળી પોતાનો વારો આવ્યો, બંને જલ્હાદોનો અંત્ત આવતાં વળી ખીસ્સામાંથી એક રીવોલ્વર કાઢી, તે સિપાહી વધસ્તંભ ઉપર વિજય તરફ વકાય઼ વાઘ પેઠે તરાપ મારતો દોડયો. તે વધ સ્તંભ ઉપર તો ન ચડયો, પણ તેની રિવોલ્વરનું દૂરથીજ વિજય દષ્ટિબિન્દુ થયો. “ સરદાર ! મને કંઇપણ પૂછયા વીનાજ મારી પાછળ આવો ! ...” વિજયકુમારને તેણે ધિમુ બોલતાં શુદ્ધ ઇંગ્રેજીભાષામાં આજ્ઞા કરી.

એક વિપત્તિને અન્યરૂપમાં પરિવર્તન પામતી વિજયે કલ્પિ લીધી, પણ જે જીવન અને મૃત્યુની વચ્ચે વિજયકુમારને ક્ષણના અંધનું અંતર દેખાતું હતું, તે આ નૂતન જર્મન સૈનિકના આગમને અને તેના ઉન્મત્ત સાહસે વેડરી નાંખ્યું. આ સમયે તો ક્ષત્રિયરાજ મૃત્યુની ભીષણ સીમાથી દૂર જઇ ઉભો; અત્યારે તો કંઇક ક્ષણો આયુષ્ય દીર્ઘ થયું મનાયું. “ આનાથી ભયકર હજી કંઇ બાકી છે, ખરૂં કે ? ” વિજયે ઇગ્રેજી ભાષામાં શ્રમિત સ્વરે પૂછયું.

"એક પણ પ્રશ્ન પૂછયા વીનાજ મારી ઇચ્છા પ્રમાણે મારી પાછળ આવો ! નહિંતો આ રિવોલ્વર તમારે માટેજ તૈયાર છે." વિજયે પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં બીજી વખત રિવોલ્વરનો ભય અપાયો, પણ તે ભય દેખાડતી વાણિમાં સૌજન્યતા હતી. ત્યારે વિજયકુમારના હૃદયને કંપાવવા, તેના તરફ તકાયેલી રિવોલ્વર હજી વિજય તરફ સ્થિર હતી. એક શબ્દ પણ ઉચ્ચાર્યા વીના વિજયકુમાર એક જાદુઇ પ્રતિમા પેઠે વધસ્તંભ ઉપરથી ઉતરી સૈનિક પાછળ ચાલ્યો. બંને બંધનગૃહમાંથી બહાર આવ્યા, આ વખતે બંધનગૃહ બહાર ચોકી કરનાર જર્મન સેંટ્રીઓ શ્વાસોશ્વાસ લેતી જડમૂર્તિઓ જેવા થઇ પડયા હતા; તેઓની ઉપર પણ આ ભેદી જર્મન સિપાહીએ ફરમાન પત્ર જેવો કંઇ પ્રાણહારક પ્રયોગ કર્યો હોવાનું વિજયકુમારે માની લીધુ. આ શબ જેવા પડેલા સેંટ્રીઓની જરાપણ દરકાર કર્યા વીના વિજયકુમાર નિર્ભયરીતે ભયંકર કાળાગૃહ ત્યજી ગૂપચૂપ જર્મન સિપાઇ સાથે આગળ ચાલ્યો થોડાજ વખતમાં ઉભયે બંધનગૃહની મર્યાદા મૂકી, ઘણો માર્ગ વ્યતિત કર્યો. અત્યારે મધ્યરાત્રિ વીતિ ગઇ હતી, દિશાઓ અંધકારના ઉદધિમાં વિલુપ્ત હતી, ભયંકરતાનું શાન્તિમય સામ્રાજ્ય વ્યાપ્યું હતું, આ વખતે આખો માર્ગ વ્યતિત કરતાં જનારાંઓને એક પ્રાણિ પણ દૃષ્ટિગોચર ન થયું. થોડાજ વખતમાં લક્ષેમ્બર્ગના વિસ્તૃત કીલ્લાની દિવાલ પાસે તેઓ સહીસલામત રીતે આવી અટકયાં, દિવાલ પાસે જમીનમાં છુપાવેલાં એક ગુપ્ત લોહ દ્વાર ઉપરથી ધૂળ ખસેડી સિપાહીએ ઉતાવળથી તે બારણું ઉઘાડયું. જમીનમાં થોડાં પગથિઆંઓ ઉંડાં જતાં હતાં, તે પગથિઆં પૂરાં ઉતરી

રહેતાં આ ગુપ્ત માર્ગે થોડું ચાલી, કીલ્લા બ્હાર ઉઘાડા મેદાનમાં નીકળી શકાતું હતું, જર્મન સેંટ્રી વિજયને પોતાની સાથે ચાલ્યા આવવા હસ્ત સંજ્ઞા કરી, તે ગુપ્તદ્વારમાં પેઠો, જરાપણ પાછી પાની કર્યા વીનાજ વિજયકુમાર એક નિર્બળ અને સુકુમાર દેખાતા જર્મન સૈનિકની આજ્ઞાને વશ વરતી, તેની પાછળ છૂપા માર્ગમાં પ્રવેશ્યો. થોડી ક્ષણો ગાઢ અંધકાર અને ગભરાટમાં ચાલ્યા પછી, તેઓ બંને કીલ્લાથી બહાર થોડે દૂર એક નિર્જન મેદનમાં નીકળ્યા. તેઓને હજી થોડું દૂર જવાનું હતું, ત્યાં તેઓ ત્વરાથી ચાલતા જઇ પહોંચ્યાં.

અહિં આવતાં, ઉભય વચ્ચે બહુ સમય ટકી રહેલી મૌનતા ભેદાઇ, જર્મન સૈનિક કરૂણોત્પાદક મૃદુ સ્વરે વિજયને સંબોધિ બોલ્યો. " સરદાર ! વિજયકુમાર ! હવે આપ કોઇના બંધનમાં નથી, આપ જર્મનોની ઝાલિમ જાળમાંથી મૂક્ત થયા છો. ઇચ્છા હોય ત્યાં હવે આપ સુખેથી સિધાવો ! મેં આપને અત્યાર સુધિ છેતર્યા છે, ...પણ તે માટે આપ મને કંઇ પણ પૂછશો તો, હું તેનો ઉત્તર આપી શકીશ નહિં. મને ક્ષમા...વિજયકુમાર ! સંભાળજો ! પાછળ ભય છે. " પાછળ ભય સાંભળતાં વિજયની દૃષ્ટિ પાછળ ફરી, " સરદાર ! આપના ચરણમાં પડેલી થેલી આપને માટેજ છે. " વિજયે સિપાહી તરફ દૃષ્ટિ ફેરવી, પણ તેને કોઇજ ન દેખાયું, વિજયકુમાર એક શબ્દ ઉચ્ચારે તે પહેલાં તે ભેદી સિપાહી માયાવી શક્તિ પેઠે ક્યાંઇ અંતરિત થઇ ગયો હતો.

" વળી આ શું ભેદ ! એક જર્મન સૈનિક છતાં મારે માટે તેણે પોતાનાજ જાતભાઇઓના લોહી રેડી, અંતિમ નિમિષે મને

ભયંકર મોતના મુખમાંથી મૂક્ત કરાવ્યો. મારા ઉપર આવો અનિવાર્ય ઉપકાર કરવામાં તેનો શું સ્વાર્થ હોય ? તેનો તેવો શું ઉદ્દેશ હશે કે, તે પોતાના દેશ ધર્મ અને જાતપ્રત્યે કૃતઘ્ન થયો ?...પણ તે મારૂં નામ જાણે છે." વિજય અંતર્ગત વિચારતો થોડો સમય સ્તબ્ધ થઇ ગયો. " કયાં હતો ? કયાં આવ્યો ? અહિં કોણ લાવ્યું ? શા માટે લાવ્યું ? " તેને આવા બહુ વિચારો આવી ગયા, દિવ્ય વિરાંગનાના શબ્દો સત્ય થયેલા અનુભવ્યા. "પણ આવી જર્મન લશ્કરી સત્તાને ભેદી, બંધનમૂક્ત કરાવવા એક અબળાની શક્તિ શું ?...અરે તે શત્રુના કીલ્લાના છુપા ભેદો સમજી શકેજ શી રીતે ? તે અહિ સંભવનિયજ નથી. ત્યારે આ સઘળું શું ? મને છોડાવનાર કોણ ? તેમ કરવામાં અન્યનો સ્વાર્થ શું ? " બહુ તર્કો દોડાવી જોયા, અંતે બુદ્ધિ તર્કશૂન્ય થઇ, પણ કંઇ નજ સમજાયું. તે ભ્રમિત પેંઠ ત્યાં કેટલોક વખત ઉભોજ રહ્યો, શું કરવું ? કયાં જવું ? તે કંઇ નજ સુજ્યું. અંતે તે થાકયો, અને પેલા સૈનિકે તેના પગમાં મૂકેલી થેલી હાથમાં લઇ, જ્યાં ત્યાં અકળાતો, અજાણી ભૂમિમાં ધીમે ધીમે તે ચાલવા લાગ્યો, તોપણ તે પ્રભાત થતાં સુધિમાં ઘણું ચાલ્યો હતો. લક્ષેમ્બર્ગના કીલ્લાઓ અને દબદબાવાળી લશ્કરી છાવણિઓ દૃષ્ટિ મર્યાદાથી અંતર્હિત થઇ ગઈ હતી, ધુમસને ભેદતા ઝાંખા બાલસૂર્યે પોતાની સુવર્ણવરણિ પ્રભા જગત ઉપર પાથરી, જગતને સુવર્ણ વરણું કર્યું હતું, હવે દૂરનું સૃષ્ટિસૌંદર્ય પણ સ્પષ્ટ જોઇ શકાતુ હતું. શત્રુઓની ભૂમિમાં દિવસે પ્રવાસ કરવો સલામતિ ભર્યો નહોતા, તેથી આખો દિવસ અહિંજ વીતાડવા નિશ્ચય કરી, વિજય એક નાળાંમાં જઇ ભરાયો. ત્યાં જરા સ્વસ્થ થયા પછી જર્મન સિપા-

હીએ આપેલી થેલી તેણે આતૂરતાથી છોડી. એક નાની રિવોલ્વર, કાર્ટ્રિઝો, એક નાનું ખંજર સો પૌંડ (ઇગ્લંડમા ચાલતું સોનાનુ ચલણી નાણું) અને એક લખેલો પત્ર, આ સઘળું તેને થેલીમાંથી મળી આવ્યુ. પોતાના બચાવનાં સાધનો સાંપડેલા જોઇ, વિજયમા ધૈર્ય આવ્યું. પત્ર શુદ્ધ અને સુંદર ઇગ્રેજી ભાષાથી લખાયેલો હતો, તે તેણે વાંચવો શરૂ કર્યો.

" સરદાર ! વિજયકુમાર ! આપના અલ્પ પરિચયોએ પણ મારી બહુ સમયની આતૂરતાને નિવૃત કરી છે. હું એક ફ્રેન્ચ ખાનદાન કુળતનયા છું. મેં મારી બાલ્યાવસ્થા પૂનિત ભારતવર્ષમાં વીતાડી છે; મારાપિતા અલ્હાબાદ કોલેજના ફ્રેન્ચ પ્રોફેસર હતા, આ વખતે મેં હિન્દના ક્ષત્રિઓની વીરતા વીષે ઘણું સાંભળ્યું છે. ત્યારથીજ તે ગૌરવશાલિની જાતિ માટે મારા અંતર્માં ઉચ્ચ ભાવો સ્થપાયા છે, અને આપના પરિચયે તેની સત્યતા હું અનુભવી શકી છું.

સરદાર ! મારા પિતાએ હિન્દુસ્તાનનો ત્યાગ કર્યા પછી હું લંડનમાંજ મારા પિતા સાથે રહી હતી; ત્યાં હેલન નામના એક કુલિન ઇંગ્રેજ જાસુસ સાથે મારે મૈત્રિ થઇ હતી, શુદ્ધ મૈત્રિમાં એક પ્રકારનો સાત્વિક સ્નેહ સનિવિષ્ટ જોઇએ, પણ તે એક તરૂણ હતા, અને હું એક નવયૌવના છું. અમારી મૈત્રિ શુદ્ધ ન રહી, તેમાં કંઇ ઉદ્દેશ ઉદ્ભવ્યો, અને તે મૈત્રિના સ્નેહ સ્વરૂપમાં પરિવર્તન થયું; પરિણામ સંભર્વાનિય હતું તેજ ઉપજ્યું. તે વીર જાસુસના હૃદયની હું પ્રિયતમા થઇ, પછી તે મારો થાય તે તો એક સ્વાભાવિક નિયમજ છે. છતાં અમો અંતિમ ક્ષણ સુધી વિશુદ્ધજ હતાં, કારણ કે અમારૂં સ્થુળ લગ્ન હજી ધર્મે કર્યું નહોતું, તે થનાર

હતું, પણ તે થાય તે પહેલાંજ આ યુદ્ધપટના પ્રકૃતિ દેવીએ સૃજી, તે સાથે મારા પ્રિયતમને તેનાં કર્તવ્ય માટે શત્રુઓના દેશમાં એક છૂપા જાસુસ તરીકે જવું પડયું. હું તેની સ્વયસેવિકા થઇ, એક કીશોર વયસ્ક પુરૂષના પોષાગમાં તેની છૂપી ટોળી સાથે ફરતી, અને તેને હરેક રીતે સહાય કરી, કર્તવ્યની સિદ્ધિ સાધવામાં ભાગ ભજવતી; કિંતુ મારાં દુર્ભાગ્યને મારાં આવાં અર્ધદગ્ધ સુખની પણ ઇર્ષા ઉપની, અને તેણે મારા પ્રિયતમનાં જીવન ઉપર સખ્ત ફટકો માર્યો. કર્તવ્યની સિદ્ધિ મેળવતાં હેલને દેહની આહુતી આપી; જર્મનોની ભયંકર છાવણિનો સુરંગથી નાશ કરતાં, તે વીરગતિને પામ્યા, પણ તેનાં અપૂર્ણ રહેલાં કર્તવ્યોની મને તેણે દિક્ષા આપી હતી તેનાં મૃત્યુ પછી બીજેજ દિવસે જર્મન છાવણિ ઉપર મારો ચલાવી રહેલા ઇંગ્રેજ વીર રસ્કિન પાસે મેં કંઇ કાર્યની યાચના કરી, મારૂં સત્ય સ્વરૂપ તેને સમજાવ્યું, તે સાથે હેલનનું નામ મેં તેને આપ્યું. હું હેલનની પ્રિયતમા હોવાનું જાણતાં, મારામાં તેને નિઃસીમ વિશ્વાસ અને શ્રદ્ધા ઉત્પન્ન થયાં, તેણે મને પોતાની સાથેજ રહેવા ફરમાવ્યું.

જે સમયે આપે અને સરદાર જીરાંડીએ જર્મન છાવણિ ઉપર આક્રમણ કર્યું, તે સમયે આપને અને જીરાન્ડીને ગૂંચવવા છાવણિમાં-ના જર્મનોએ ભેદભરી બાજી રચી અપરિમીત ધૂમાડો ફેલાયો, આ વખતે તે ભેદમાં આપને ગૂંચવાઇ જતા જોઇ, સરદાર રસ્કિને સાચું સમજાવવા આપના તરફ મને મોકલી હતી, આ વખતે ઇંગ્રેજસ્વાર-ના રૂપમાં આવી, મેંજ આપને અને જીરાન્ડીને લશ્કર બે ભાગમાં વ્હેંચિ, કાર્ય કરવા સૂચન કર્યું હતું; આ વખતેજ મને આપનો પ્રથમ પરિચય થયો.

મારો અને આપનો બીજો પરિચય પેલા ખંડેરની ભયંકર ઘટના છે. સમરભૂમિમાં આપ અને આપનો ઘોડો ઘવાયા, ઘોડો નાસ્યો, અને આપની પાછળ બે જર્મનસ્વારો પડયા. તે સરદાર રસિકને સ્વદૃષ્ટિથી જોયું, તે વખતે પણ તેણે આપનાં રક્ષણ માટે આપની પાછળ પડવા મનેજ હુકમ કર્યો હતો ત્યાં શું થયું, તે આપ જાણોછો.

મારો અને આપનો ત્રીજો પરિચય લક્ષેમ્બર્ગની વધશાળાનો છે. આપ ખંડેરમાંથી જર્મનોના હાથમાં સપડાયા, તે મે દૂર રહી, સઘળુ જોયુ હતુ,અને તે વખતે પણ હું છૂપાતી સતાતી આપની પાછળ લક્ષેમ્બર્ગ આવી હતી. ત્યા આપ બંધિવાન બન્યા, ત્યારે હુ એક જર્મન પક્ષની સ્વયંસેવિકા થઇ લક્ષેમ્બર્ગમાંજ રહી હતી આપના બંધનગૃહના અધિકારીઓ અને ચોકીદારોને હું મારા કૃત્રિમ સ્નેહમા સપડાવી શકી હતી. તેઓની પાસેથી આપની સ્થિતિનો ક્ષણે ક્ષણનો હેવાલ હું મેળવી શકતી હતી, એટલુજ નહિં પણ આપને કોરટે ફરમાવેલા શિરચ્છેદના ખબર મને પણ મળ્યા હતા. કોઇ રીતે પણ આપને મૂક્ત કરાવવા મેં નિશ્ચય કર્યો. સરદાર ! મેં અનેક યુક્તિઓ યોજી. કૈસરના નામથી કૃત્રિમ ફરમાન પત્રો લખી, મેં તેના ઉપર હાલાહલ ઝેર ચડાવ્યું હતું. તે ફરમાન પત્રો જેઓએ હાથમાં લીધાં હશે, તેઓ હવે કદિ પણ પાછા ઉઠવા પામશેજ નહિં. સ્રીનું સૌંદર્ય કોને જીતી ન શકે ? આજે ત્રણ દિવસથી આપના બંધનગૃહના ચોકીદારોને સાધિ હું એક પુરૂષના પોષાગમાં તેઓની સાથેજ રહી, કે જેથી તેઓના અધિકારીઓની દૃષ્ટિએ ચોકીદારોની કર્તવ્યહીનતા ન દેખાય. બસ ! હવે પછી હું શું કરી શકીશ ? તે હું પણ જાણતી નથી. મારો અને આપનો

આ ત્રિજો પારન્યય છે. જો હું મારા છેલ્લા પ્રયત્નમાં વિજયિ થાઉં તો, આ થેલીમાં જે કંઇ છે, તે સઘળુ આપને માટેજ છે બસ ! મારા આત્મપ્રેમ માટે મારાથી એટલુંજ થઇ શક્યું છે. હવે આપણે આ જગતમાં મળી શકશું નહિ. આપ અને હું સમરક્ષેત્ર ઉપર એકજ ઉદ્દેશ અને એકજ કર્તવ્ય માટે આવ્યાં છીએ, પણ મારૂં કર્તવ્ય હું એટલેથીજ પૂર્ણ થયું માનીશ. હવે મારૂં દગ્ધજીવન વધુ લંબાશે તો કદાચ મારૂં અંતર્ પ્રેમદ્રોહી થશે. હવે મને મારા અંતર્ ઉપર વિશ્વાસ નથી, પણ હું મારૂં ધર્મગૌરવ ભૂલું તે પહેલાંજ હું મારા પ્રિયતમ હેલનના પ્રેમમાં તન્મય થઇ જઇશ.

વિજયકુમાર ! આપને અર્પણ કરેલી થેલી અને તેમાંનું સઘળું આપને માટેજ છે. કોઇ રીતે છૂપાતા સંતાતા જર્મન ભૂમિનો ત્યાગ કરજો ! સંગ્રામક્ષેત્ર ઉપર આપણાં પક્ષનો વિજય થયો છે. આપ ઘવાયા પછી, અને આપના સમરભૂમિના ત્યાગ પછી, પણ હિન્દી અને બ્રિટીશ લશ્કરે જે વીરતા દાખવી જર્મનોના પ્રબળ સાધનો સાથે ટક્કર લીધી છે, તે ઇતિહાસમાં ચિર આલેખિત થશે આપના અભાવે હિન્દી સૈન્ય શૌર્યહીન થતું હતું, પણ સરદાર રસ્કિનની સમયસૂચકતાએ તેઓમાં નવું ચૈતન્ય પ્રેર્યું હતું. આપના લડાઇના મેદાનના ત્યાગ પછી, બે દિવસ રસાકસી ભર્યું યુદ્ધ સતત્ ચાલ્યું, વળી જર્મનોનો વિજય જણાવા લાગ્યો હતો, કિંતુ તેઓ આપણિ શક્તિઓનો સંપૂર્ણ પરાજય કરે તે પહેલાં બીજી બે તાજી ઇંગ્રેજી રેજીમેન્ટો સંપૂર્ણ સાધનો સાથે આપણિ સહાયે આવી પહોંચી હતી તે રેજીમેન્ટોના આવ્યા પછી છાવ-

ણિની જર્મનસત્તા તદ્દન વિધ્વસ્ત થઇ ગઇ છે. શત્રુઓમાંના ઘણા મરાઇ ગયા છે, અને બાકીનાંઓ નાસિ ગયા છે. હવે તે છાવણિ કે છાવણિની આસપાસ કોઇ જર્મન મનુષ્ય છૂટું રહ્યું નથી, તોપણ હજી સરદાર જીરાન્ડી તે છાવણિના કીલ્લાઓની મજબુતિ કરી, ત્યાંજ રહેલ છે.

હવે આપને વ્યાયામની પૂરી આવશ્યક્તા છે, તેથી શત્રુઓની ભૂમિનો આપ પરિત્યાગ કરજો ! તેમ કરવામાં આપનું કર્તવ્ય અ-પવાદાતું હશે, પણ જીવન કુશળ હશે તો અનેક વખત કર્તવ્ય સિદ્ધિ સંપાદન કરી શકાશે. પાપના પ્રદેશ અને જમાનામાં વીરતા કરતાં પાપ અને પ્રપંચજ આપને વિશેષ કુશળતા આપશે. જર્મન ભૂમિનો સલામત રીતે ત્યાગજ કરી પોતાના પક્ષને જઇ મળવું હોયતો, છળ પ્રપંચને સાથે રાખજો ! મારૂ અંતઃક-રણ આપનામાં એટલું શા માટે આકર્ષાયુ ? મેં આપને માટે એટલું શા માટે કર્યુ—સહ્યું ? તે હું જાણુતી નથી, પણ એટલું કરતાં મારાથી અક્ષામ્ય પ્રેમદ્રોહ થયો છે. મેં આપને શ્રમ આપ્યો છે, ભયભિત કર્યા છે, તે માટે આપ મને ક્ષમા આપી શકોતો... ...પ્રભુ આપનું કલ્યાણ કરો ! ભયંકર માનવ વિધ્વંસક જમાના ઉપર સુલેહ અને શાન્તિનુ સામ્રાજ્ય વ્યાપો ! ”

લી. હું છું, સત્યાશ્રયિ બ્રિટીશ સત્તાની
સ્વયંસેવિકા. દુ:ખી “એલ્મા.”

વિજયકુમારે અક્ષરસઃ પત્ર વાંચ્યો, અંતઃકરણમાંથી એક નિઃશ્વાસ સરી પડયો. હૃદયમાં અવ્યક્ત વ્યથા પ્રગટી. “દિવ્ય સુંદરી ! એટલું શા માટે સહેવું પડયું ? ” વિજયથી પત્ર વાંચી રહેતાં અંતર્ગત બોલી જવાયું. ચક્ષુઓ સજળ થયાં, હૃદય ઉપકાર

ભારથી દ્રવિ પડયું. એલ્બાના દર્શન માટે મન ઉદ્વિગ્ન થયું, પણ તે ક્યાં મળે ? તેની શોધ માટે શત્રુની ભૂમિ ઉપર વિજયથી દિવસે ફરી શકાય તેમ નહોતું, તેનાં અંતરે પુનઃ તે દિવ્યબાલાનાં દર્શનની આશા છોડી. ભૂખ અને તરશ સહેતો તે નાળામાંજ છૂપાઇ રહ્યો. તે શક્તિહીન જેવો થઇ ગયો હતો, તેમાં ટાઢનું જોર અસહ્ય હતું, તોપણ આખો દિવસ અહી વીતાડી ભયંકર રાત્રિ થતાં તેણે પરભૂમિમાં પોતાનો પ્રવાસ શરૂ કર્યો. અજ્ઞાત ભૂમિ ઉપર અંધકારમા કંઇ નિયમ વિના ચાલતો પડતો આખડતો તે મધ્ય રાત્રિ પછી એક તળાવના તટ ઉપર આવી ઉભો. કાસાર તટ ઝાડપાનથી સભર હતો, કિંતુ શિતકાળની કડકડતી ઠંડીથી સઘળું સંકોચાઇ ગયુ હતુ. સઘળે રૂના પોલ જેવો હીમ વરસી રહ્યો હતો. તળાવમાં જળ હતુ, પણ તેમાંનો કેટલોક ભાગ ઠંડીથી બંધાઇ ગયો હતો. ત્યારે કિનારાના કોઈ કોઇ ભાગમાં નિ-ર્મળ જળમાં ટમટમતા ગગનતારકોના મલિન પ્રતિબિંબો ચમકતાં દૃષ્ટિએ પડતા હતા. બહુ સમયથી અંધકારમાં ચાલતા વિજયકુમા-રની દૃષ્ટિને તારાઓનો ઝાંખો પ્રકાશ જર્મનીની અજાણી ભૂમિ ઉપરના અસ્પષ્ટ માર્ગો અને આકૃતિઓનું ભાન કરાવતો હતો, તેણે તળાવનો કીનારો સ્પષ્ટ જોઈ લીધો. તૃષાર્ત વિજય તેમાંથી થોડું જળ પી, ઠંડીથી જકડાઇ ગયેલા હાથ પોતે પહેરેલા લશ્કરી કોટના ખીસ્સામાં નાંખી, કંઇ વિચારતો ત્યાંજ ઉભો રહ્યો. દૃષ્ટિ જળ ઉપર સ્થિર હતી, આસપાસ કે પાછળ શું છે ? તે જોવા કે, જાણવા તરફ તેનું દુર્લક્ષ હતું. પણ પાસેમાંજ તેને કોઇનો પદરવ શ્રવણ ગોચર થયો; દૃષ્ટિ તે તરફ ફરી. વૃક્ષ ઘટાના અંધકારમાં તેને એક મનુષ્યની અસ્પષ્ટ શ્વેત આકૃતિ દોડતી આવતી દેખાઈ.

પરિચ્છેદ ૨૩ મો.

જળપાત.

અજાયબ સ્નેહના રસ્તા ! અજાયબ ગાંઠ પ્રેમીની;
ખુમારીને ખુવારી છે, અજાયબ પ્રેમની મસ્તી !

(કલાપી)

વિજયકુમાર શંકાયો રિવોલ્વર લેવા હાથ ખિસ્સા તરફ વળ્યો, રિવોલ્વર લઈ હાથ હજી બહાર આવ્યો પણ નહિં, એટલા સમયમાં તળાવ તરફ દોડી આવતાં માણસે જળમાં ઝંપલાવ્યું. ધબાકો થયો. વિજયકુમારે પોતાની દૃષ્ટિ પાસેજ કોઇ મનુષ્યને જળપાત કરતાં જોયું. જળમાં કોઇ પડયુ, ડુબ્યુ નહોતું, પણ જળ ઉપર ટકી રહેવા તે તડફડતું હતું. જળમાત કરનારને ઇચ્છા પૂર્વકજ જળ તરફ દોડતુ વિજયકુમારે સંદિગ્ધ• દૃષ્ટિથી જોયુ હતુ. વિજયકુમાર તેને માટે કંઈ કરે તે પહેલાં તે જોતજોતામાં જળમાં જઇ પડયું, પણ પડયા પછી પડનારની અવિનાશિની જીવન આશાઓ સચેત થઈ. ભીષણ મૃત્યુ અને આશા વચ્ચે દ્વંદ્વ આરંભાયુ. મૃત્યુ માટે જળમાં પડનાર મૃત્યુ પાસે જતાં મૃત્યુથી ડર્યું, જીવન

માટે તફડાટ આદર્યો. આ હૃદયવેધક દશ્ય વિજયકુમારથી વધુ વખત જોઇ ન રહેવાયો, તેનાં હૃદયમાં અનુકંપા પ્રગટી, પહેરેલાં વસ્ત્રો ઉતાવળથી કાઢી, ભયંકર મોતના કરાળ મુખમાં તફડતા મનુષ્યને બચાવી લેવા ક્ષત્રિયરાજ તેની પાછળજ તેજ નિમિષે જળમાં કુદી પડયો. ગાઢ અંધકાર હતો, તોપણુ ઘણો શ્રમ કરી, વિજયકુમાર તરતો ડુબતાં માણુસ પાસે પહોંચી ગયો; તેના કેશ વિજયકુમારના હાથમાં આવ્યા, તે પકડી વિજયકુમાર તેને તળાવને કીનારે લાવ્યો. ઠંડી અનિવાર્ય હતી, કીનારે પહોંચતાંપહોંચતાંમાંતો જળપાત કરનારનું શરિર નિશ્ચેતન જેવું થઇ પડયુ. માત્ર મંદ ગતિથી ચાલતો શ્વાસજ તેનાં જીવનની નિશાની કે આશા હતી. વિજયકુમારે તે મનુષ્યને ત્વરાથી કીનારે સુવાડી, તેનો પાણીથી ભીજાઇ તરબોળ થયેલો મોટો ઝબો કાઢી નાંખ્યો.

"અરે ! આતો કોઇ બાલીકા છે." વિજયથી ઝભો કાઢતાં અંતર્ગત બોલી જવાયું, જળપાત કરનાર સ્ત્રી હતી. વિજયકુમાર પાસે પોતાના અધાં પર્ધાપોષાગ સિવાય ઓઢવા કે પહેરવા કંઇજ નહોતું, પણુ સદ્‌ભાગ્યે જળમાં પડવા જતાંએ જળમાં પડયાં પહેલાં પોતાનો મોટો કોટ અને એક સફેદ ચાદર કીનારા ઉપરજ ફેંકી દીધાં હતાં. પાણીમાં પડેલાને બચાવવા પાણીમાં કૂદવા જતાંજ વિજયકુમારના પગ સાથે તે કોટ અને ચાદર અંટવાયાં હતાં, તે વખતે તો ઉદ્‌વિગ્નતાથી તેના ઉપર તેનું દુર્લક્ષ થયું હતું, પણુ ઠંડીથી જકડાઇ પડતાં તેને વસ્રોની આવશ્યકતા જણાઇ. થોડી ક્ષણો પહેલાં તળાવના કીનારા ઉપર પગ સાથે અંટવાયેલાં વસ્રો યાદ આવ્યાં, અને

વિજયે તે ત્વરાથી શોધિ કાઢયાં. જળપાત કરનારના જકડાઇ બેશુદ્ધ થયેલા દેહનું સંરક્ષણુ તે વસ્ત્રોથીજ થયુ. તે બેશુદ્ધ દેહનું મસ્તિષ્ક ઢોળાણવાળી જમીન ઉપર રાખી, તેને તે ઓવરકોટ અને ચાદર વિજયે બહુજ સંભાળ પૂર્વક ઓઢાડયાં. ઠંડી એવી હતી કે, જળમાં પડનાર કોણ છે ? વિગેરે વધુ તપાસ કરવા તે દેહને વધુ વખત ઉઘાડો રાખતાં, કદાચ તે જીવન હણાય તેમ હતું, પણ વિચક્ષણ વિજયે અત્યારેતો સઘળાં ઉપર દુર્લક્ષ કરી, ત્વરા અને સભાળથી તે અવસન્ન દેહને વસ્ત્રો ઓઢાડી રહેવા દીધો.

પ્રભાત થતાં તે સ્ત્રીથી પીવાયેલુ સઘળું પાણી બહાર નીકળી ગયું હતું, તે સાથે શરિરમાં સ્ફૂરતિ આવી હતી. રાત્રિ પછી પ્રાચિમાં સૂર્યોદય થયો, ક્રમશઃ જગત્ ઉપર કઇ ઉષ્ણતા વાધી, તે સાથે તે અવસન્ન સ્ત્રીમાં શુદ્ધિનો સંચાર થવા લાગ્યો, અને તે સંપૂર્ણ થયો. પૂરૂં ભાન આવતાં તેણે પોતાનેજ હાથે પોતાના શરિર ઉપર ઓઢાડેલા ઓવરકોટ અને ચાદર મુખ ઉપરથી ખસેડયા મુખ ઉપરનો પટ ખસતાં,પાસે બેઠેલા આતુર વિજયને સુકુમાર બાલિકાનું કરમાયેલું મુખ દેખાયુ, તે વિજયની ઉપકારિકા ફ્રેન્ચ રમણી"એલ્મા"હતી. પ્રથમ દષ્ટિએજ પરિચિત મુખાર્વિંદ વિજયે ઓળખી લીધુ તે આર્ત સ્ત્રીનાં ચક્ષુઓ પણ ઉઘાડયાં, અને ઉભય દષ્ટિઓ મળી; અન્યો અન્ય ઓળખાયાં. કોઇનાથી કંઇજ ન બોલાયું, માત્ર ઉભયનાં ચક્ષુઓ સજળ થયાં, એક બીજાંને જોતાં, થોડી નિમિષો ઉભય પ્રતિમા પેઠે સ્થિરજ થઇ રહ્યા. "નિર્ભાગિની ફ્રેન્ચ દેવી! એલ્મા! આત્મહત્યા જેવો ઘોર અપરાધ શા માટે કરવો હતો ?" વિજયે પ્રથમના શબ્દો ઠબકા ભર્યાજ ઉચ્ચાર્યા.

*

વિજયના ઠપકાનો અસ્ખલિત અશ્રુધારાએજ ઉત્તર આપ્યો. સુંદરીથી ન બોલાયું, લજ્જા અને વિચારથી ચક્ષુઓ નીચાં ઢળ્યાં. એલ્માનું હૃદય ભરાઇ રહ્યુ હતું, અંતર્ છૂપું રૂદન કરતું હતું, તેને બાહ્યાકાશમાં ન વાધવા દેવા એલ્માનો નીચલો ઓષ્ટ દાંતમાં દબાયો. વધુ માટે સમય નહોતો, પ્રદેશ શત્રુઓથી ઉભરાયેલો હતો, એલ્મામાં શક્તિ રહી નહોતી, તો પણ શત્રુઓના ભયમાથી બચવા તેઓ સમ્મત થયા. ઓવરકોટ અને ચાદરથી પોતાના શરિરને ઢાંકી, એલ્મા વિજયકુમાર સાથે ધિમે ધિમે ચાલી.

વિજયકુમાર પાસે એલ્માએ આપેલા સો પૌંડ હતા, તેનાથી સઘળું થઇ શક્યું, સઘળું સાધ્ય થયુ. તેઓ બને સંતતા છૂપાતા ચારદિવસે બેલ્જીયન પ્રાન્તમાં પહોંચી ગયા. અહિં એક સલામત સ્થળે તેઓએ વધુ ચારદિવસ વ્યાયામ લીધો. બ્રિટીશોએ જીતેલી જર્મન છાવણિનાં રક્ષણ માટે છાવણિમાં હિન્દી સૈન્ય સાથે પડેલા સરદાર જીરાંડીને તેઓ ત્યાંથી નિર્વિઘ્ને જઇ મળ્યાં. બહુ સમય કષ્ટ સહી પાછા ફરેલા હિન્દી સરદાર વિજયકુમાર અને વીરવતી ફ્રેન્ચસુંદરી એલ્માને જોતાં સરદાર જીરાંડી ભેટી પડયો કેટલાંક અપૂર્ણ રહેલાં વિષમ કામો વળી જીરાંડીએ વિજયકુમારને સોંપ્યાં, અને તે સઘળાંનો વિજયકુમારે ડહાપણ અને વીરતાથી પંદરજ દિવસમાં નિર્ણય કરી નાંખ્યો. ત્યારે એલ્મા એટલા દિવસ જીરાંડી પાસેજ રહી. અહિં તેને તેના પિતા ફ્રાન્સ ભૂમિ ઉપર લડતાં વીરગતિ પામ્યા હોવાના ખબર મળ્યા. પિતા સિવાય બાલિકાનું હવે જગતમાં કોઇજ નહોતું, તેનાં મૃત્યુએ બાલા સ્વજન વિહીન થઇ, પણ અંતરૂને શાન્તવન માત્ર એટલુંજ હતું, કે

પિતા અને પ્રિયતમ રાષ્ટ્રિયગૌરવનું રક્ષણ કરતાં વીરગતિને પામ્યા હતા. બાલાના આળા ઘા ઉપર બીજો ઘા થયો, પણ તેનાં વ્યથા પિડીત અંતર્માં હવે સહનશીલતા આવી હતી, તેણે તે સઘળું સહી લીધું.

કાર્ય સિદ્ધિ સાધિ, વિજયકુમાર પોતાના સૈન્ય સાથે સહી-સલામત જીરાંડીને પાસે આવી મળ્યો. તેણે અન્ય કાર્યની યાચના કરી, પણ સુજ્ઞ સરદાર જીરાંડીએ તેને હમણાં ઇંગ્લંડ જઇ થોડો વખત વ્યાયામ લેવા સૂચન રૂપે ફરમાવ્યું. એલ્માએ પણ જીરાંડીની ઇચ્છાને સમ્મત થઇ, ઇંગ્લાંડ જવા વિજયને વિજ્ઞપ્તિ કરી, કિંતુ વિજયે એલ્માને સાથે લીધા સિવાય એક પગલુંએ ન ઉપાડવાનો પોતાનો દૃઢ નિશ્ચય એલ્માને જણાવી દીધો. ઘણા આગ્રહ અને આનાકાની પછી એલ્મા વિજયકુમાર સાથે લંડન ગઈ. આ વખતે બ્રિટીશ રાજનગર લંડન શહેરમાં હોટેલો અને ઉતારાઓમાં નવા પ્રવાસિઓને ઉતરવા જગ્યા નહોતી દેશવિદેશના સૈનિક અધિકારી-ઓથી આવાં સ્થળો હલમલિ રહ્યાં હતાં; એક યૂરોપિયન પ્રવાસિને પણ કોઇ તેવે સ્થાને જગ્યા મેળવવામાં મોટો વ્યત્યય હતો, તો એક હિન્દીને આવા વખતમાં સ્થાન મેળવતાં મુશ્કેલી નડે તેમાં આશ્ચર્ય જેવું શું હોય ? પણ બહુ શ્રમ પછી ગિલ્ડહોલ સ્ટ્રિટમાં આવેલા એક મોટા હોટેલમાં વિજયકુમાર અને એલ્માને સ્થાન મળ્યું, પણ બંને વચ્ચે એકજખંડ મહાયત્ને અને મોંઘે મુલે મળ્યો. તેઓ ઠરીઠામ પડયાં; હવે વિજયકુમાર શાન્ત થયો. શત્રુઓ-ના શવોથી છુપાના ભયંકર સંગ્રામક્ષેત્રના કલ્પનાજન્ય ચિત્રોજ માત્ર હવે તેને સ્વપ્ન સૃષ્ટિમાં દેખાઇ વિલુપ્ત થતા હતા. હવે ભય નહોતો, કંઇક શાતા વળી, તે સાથે યુદ્ધભૂમિ, યુદ્ધ અને આસુરી

શત્રુના દશ્યો પણ વિચારોમાં શમવા લાગ્યા. સ્વદેશ સાંભર્યો, યુદ્ધ પ્રયાણ પ્રસંગે અનાયાસે ઉપલબ્ધ થયેલી રાજપૂત કુમારી મોહિની સાંભરી. તેની સાથે માનવ રક્ત પીપાસિની રણભૂમિ તેમાં જર્મનોનાં રમખાણ, કીટ પ્રલય પેઠે થતો માનવોનો સંહાર, પોતાના અંગ ઉપર શસ્ત્રાઘાત થવો, શક્તિવિહીન થઇ શત્રુઓની શૃંખલામાં સંપડાવું અને સર્વની અંતે ફ્રેન્ચ વીરાંગના એલ્માએ કરેલી પોતાની સેવા અને સહાય, એ સઘળું એક પછી એક વિજયને સ્મૃતિએ ચડવા લાગ્યું. એલ્માએ કરેલા ઉપકારો વિજયનાં અંતરમાં ચિર આલેખીત થયા હતા, તે જીવનમાં ભૂલાય તેવા નહોતા; જીવનાંત સુધી તેનું રૂણ વાળી શકાય તેમજ નહોતું. એલ્માએ વિજયકુમારને મરણના મુખમાંથી મૂક્ત કર્યો આહુંજ તેનાં કર્તવ્યની પૂર્ણાહૂતિ થઇ હોય તેમ એલ્મા વિજયને અંતિમ સહાય કરી અતર્હિત થઇ ગઈ. તેણે પોતાનાં આર્ત જીવનનો અંત ઇચ્છયો, અને જળપાત કર્યો. એલ્માના પ્રબળ આયુષ્યે વિજયને તે સરતટ ઉપર તેજ સમયે ભટકતો લાવી મૂકયો, રૂણ વાળવાનો અનાયાસે રાજકુમારને પ્રસંગ મળ્યો. એલ્માને તેણે બચાવી, તેને સાથે લઈ તે ચોરી છૂપીથી શત્રુના દેશમાંથી તે છટકયો. હવે તે વીતક વિપતિકાળ સ્વપ્ન સમ થઈ ગયો હતો, હવે કોઇ જાતનો ભય દેખાતો નહોતો, પણ આમ ભયનું ઉન્મુલન થતાં વિજયની વૃતિએ માર્ગ બદલ્યો, તે વૈભવો તરફ વળી, તેમાં એકાન્તનો યોગ થયો.

સ્વદેશ દૂર હતો, પ્રિયજનો અને પ્રણયદેવી મોહિની સ્વદેશમાં હતાં, પણ અત્યારે તો ગૌરાંગ બાલા એલ્બાજ તેની દષ્ટિપાસે સતત રહેતી હતી. નિઃશંક અંતરની યુરોપિયન પ્રજાની અને પુનિત ઉદ્દેશની

ભારતિય પ્રજાની મર્યાદા પ્રણાલિમાં ઘણું અંતર છે. માત્ર સ્વભાવમાં પરિવર્તન કરવા મનુષ્ય જાતમાં સંપૂર્ણ શક્તિ નથી, પણ દીર્ઘ કાલિન રીવાજ તે નિયમમાં પણ અપવાદ લાવી સ્વભાવ ઉપર સંસ્કાર પાડી શકેછે. એલ્બા પણ યુરોપિય મહિલા હતી. વિજય-કુમારનો ક્ષોભ તેને હતો, પણ અંગેઅંગને છૂપાવી રાખવાની સંપુર્ણ મર્યાદા એલ્બામાં નહોતી વિજયકુમાર પાસે તે છૂટથી બેસતી, હસતી, રમતી, અને તે સર્વની અંતે માત્ર અવ્યક્ત વ્યથાની જવાળાનું એલ્બાના અંતરમાંથી નિઃશ્વાસ રૂપે નિઃસરણ થતું. વિજય અને એલ્બાને લંડનમાં આવ્યાં, પણ સાત દિવસો વીતિ ગયા. આ સુખ અને શાન્તિના સમયમાં યુવતિ લલનાનો લલિત સંસર્ગ તરૂણ વિજયકુમાને મળ્યો. જીવનમાં તે પ્રથમજ હતો, પણ તે દુઃસહ્ય થયો; સાત દિવસ સાત માસ જેવા થયા.

હિન્દનાં બાળકોને આવા પ્રસંગો ભાગ્યેજ ઉપસ્થિત થતા હશે. ભારતવર્ષના પ્રજ્ઞ સ્મૃતિકારોએ ભ્રાતૃ ભગિની માટે પણ એકાન્તનો નિષેધ કર્યો છે, તેમાં કંઇ રહસ્ય છે; અતિ મહત્વનું પ્રયોજન છે. અનેક મહાનુભાવોને એકાન્તે કર્તવ્ય ભ્રષ્ટ કર્યાના ઉદાહરણો અપ-રિમીત છે. એકાન્તે અનેક વીરનરો અને બાલિકાઓની દઢત્તર પ્ર-તિજ્ઞાઓ કે વ્રતો ભગ્ન કર્યાં હોવાનું ઐતિહાસીક આખ્યાયિકાઓમાં ચિરઆલેખિત થયેલું છે. કિંબહુના ? જગતજનો તેના પ્રત્યક્ષ અનુભવિઓજ છે. પૂર્વકાળના આર્ય શિક્ષણોમાં હિન્દી બાળકો અને બાલાઓમાં આત્મબળ પ્રેરવા જેટલી શક્તિ હતી. મનોસંયમનું શિક્ષણ અપાતું, પણ હવે તે નથી. શિક્ષણ વિના સર્વમાં તે ક્યાંથી સંભવે ? ક્યાંથી હોય. સૂક્ષ્મ આચાર વિચાર જડવાદના અંતરપટથી અવ-

રાઇ ગયાં છે. જમાનાની બાહ્ય ભવ્યતા પાસે સુક્ષ્મ આચાર વિચાર જનદૃષ્ટિને રૂક્ષ દેખાય છે. અરે ! ભારતવર્ષનાં પ્રમાદિ બાળકોથી પૂર્વેનું ઘણુ વિસરાયું છે, તોપણ ભારતિય પ્રજાનાં સુક્ષ્મ જ્ઞાન અને આચાર વિચાર અન્ય પ્રજાઓ કરતાં હજી ઉચ્ચ ભૂમિકાએ રહી શકયાં છે. હજી ભારતવર્ષનાં અંગેઅંગમાં જડવાદનું વિષ વ્યાપ્યું નથી, હજી પૂર્વની પ્રસાદિ રૂપે ભરતખંડનાં ઘણાં સ્થળો અને મનુષ્યોનાં હૃદયોમાં સત્યુગ ચિરકાલિન છે.

વિજયકુમાર સંસ્કારવિહીન રાજપુત્ર નહોતો, તેનામાં મનોબળ હતું. દિવ્ય રંભા જેવી ગૌરાંગ બાલા એલ્મા સાથે એકજ ખંડમાં સાત દિવસ વીતાડતાં તેના મનોસંયમેજ તેને અંતિમ ક્ષણ સુધિ વિશુદ્ધ રાખ્યો હતો, પણ મનુષ્યનાં મનુષ્યત્વથી મન સંયતમાં કેટલો વખત રહી શકે ? વિજયકુમાર એકાન્ત રહસ્ય જાણતોજ હતો. એલ્માથી જુદા ખંડમાં રહેવા તેની ઇચ્છા પ્રથમથીજ હતી, પણ સ્થળ સંકોચ જેવાં અનેક કારણોથી વિજયકુમારનુ ધાર્યું ન થઇ શકયું. તેને અનીચ્છાએ એલ્મા સાથે એકજ ખંડમાં રહેવું પડયું. ત્યારે સતત સાથે રહેનાર, સાથે બેસનાર, સાથે ખાનાર, અને સાથે એકજ ખડમાં શયન કરનાર ગૌરાંગ સુદરી વિજયકુમારની મર્યાદા કેટલી રાખી શકે ? તો પણ એલ્મા વિજયની મર્યાદા ઘણી રાખતી હતી. તેનાથી અંતરૂમાં ક્ષોભાતી હતી, પોતાનાં વિકસિત મોહક અંગો વિજયકુમારની દૃષ્ટિને ન છાજે તે માટે તે બહુ સંભાળ પૂર્વક રહેતી હતી.

અનુપમ સ્વરૂપવતી તરૂણિ, તારૂણ્ય મદથી ચમકતાં તેનાં નયનો અને તેનાં કટાક્ષ, હૃદયવેધક અભિનયો, તેનો સતત્ સંસર્ગ અને અન્યોઅન્યનાં હૃદયની ગૂઢ લાગણિ, આ સઘળાં એકાન્તનાં શસ્ત્રરૂપ

થયાં. તે સઘળાંની સામે એક મનુષ્યનુ મનોબળ ક્યાં સુધી ટકી શકે ? વિજયથી આવી વિષમ એકાન્ત ક્યાં સુધી સહેવાય? એલ્મા સ્ત્રી હતી, હૃદય ભાવનાઓ ઉપર લજ્જાનો અંતરૂપટ પાથરી પુરૂષથી તે અવ્યક્ત રાખી શકવા તેનામાં સ્વાભાવિક શક્તિ હતી, તેમાં તેનાં હૃદયની કંઈ ગંભીર વ્યથા પ્રત્યેક પ્રસંગે વિજયને પ્રત્યક્ષ થઇ હતી, તેથી કદાચ એકાન્તનું પ્રાબલ્ય તેના ઉપર ન્યૂન હોય, પણ વિજયકુમારનાં અંતરૂમાંતો એકાન્તથી વિકારાયેલા વિચારોનું વાવાઝોડું થયું. એક ઉર્મિએ એલ્મા અને અન્ય ઉર્મિમાં મોહિની હિંચોળતી દેખાવા લાગી. સર્વની સીમા હોય છે; મન કેટલું તણાય ? તેનો સંયમ કેટલો હોય ? સ્વાભાવિક મનોવિકાર અને પ્રેમ નીતિ કે ધર્મ વચ્ચે મનની તાણાતાણ ચાલી. અંતરૂપ્રદેશમાં આરોપિત થયેલી પ્રણયલતિકા મોહિનીના પ્રેમવિપાક ઉપર સબળ સમિરનો આઘાત થવા લાગ્યો, તે કંપિ ઉઠયો, પણ ઉન્મુલિત તો નજ થયો, કિંતુ આ સમયે તો તે પ્રેમ લતિકા વિદેશીની ગૌરાંગ સુંદરીના આભાર અને લાગણિ પાછળ વિલુપ્ત થયો. તેમાં ધર્મભંજના એકાન્તનો યોગ, અને નવયૌવના એલ્મા સાથે રહેવાનો પ્રસંગ, આ સઘળાંનું ઐકય થતાં, તરૂણ ક્ષત્રિયરાજનું અંતર્ તોફાને ચડયું. અચળ પ્રેમ અને ઇચ્છાઓ ડગમગી ઉઠયાં, છતાં સાત દિવસ તે મનોબળથી એકાન્તના સામર્થ્ય સામે ટકી રહ્યો, પણ સર્વની અંતે વિજયની વિશુદ્ધિને તે એકાન્ત વિષમ થઇ.

આ એકાન્તિક પ્રસંગ જેવા અન્ય એકાન્તિક પ્રસંગો એલ્મા અને વિજય વચ્ચે અનેક વીતિ ગયા હતા, પણ તે સમયે વિજય કુમારની વિશુદ્ધિ, વિકાર જવાળાથી અવરાઇ નહોતી. પ્રકૃતિ નિયમ

છે, કે બહુશઃ વ્યાધિ, ભય અને ચિન્તા ઉપર વિષયોનું અધિરાજ્ય ચાલતું નથી. અને વિષયેચ્છા વિહીન એકાન્તનું સામર્થ્ય વ્યર્થ હોય છે. ગતભૂત એકાન્તિક સમયે વિજયકુમાર વ્યથા, ભય અને ચિન્તાની શૃંખલામાં સપડાયેલો હતો, આવે સમયે તેના મનોવિકારને અવકાશ ક્યાંથી મળે? પણ હવે તે સઘળાંથી હિન્દી રાજકુમારને તરૂણિ એલ્માએ નિર્મુક્ત કરાવ્યો હતો. હવે વિજયકુમારને શાન્તિની અપેક્ષા હતી, પણ પ્રેમવ્યથિત અતરૂને તે ક્યાંથી મળે? તેની વૃત્તિને સાચો શાન્તિ માર્ગ ન મળ્યો, તે વૃત્તિ સાથે ગૂંચવાયો. ત્યારે વૃત્તિએ સ્વયં વિષય શોધિ લીધો. શું કરવું? વૃત્તિને વશ વર્તિ, પ્રણયદેવીના પ્રેમનો આઘાત કરવો? પ્રેમીથી તેમ તો ન કરી શકાયું, ત્યારે અદમ્ય જર્મનસેના ઉપર વિજય મેળવનાર વિજયકુમારથી વૃત્તિ ઉપર વિજય પણ ન મેળવાયો. લંડન શહેરમાં આજે વિજયનો સાતમો દિવસ હતો. શહેરમાં હરીફરી આનંદ અનુભવવાની ઇચ્છાઓનો તેના વૃત્તિવિકારમાં વિલય થયો હતો. કાંઇજ ન સૂજ્યું. આજે માત્ર હમેશાં પેઠે સાયંકાળે તે ફરવા નીકળ્યો. સિનેમેટોગ્રાફનું ભવ્ય થીએટર દૃષ્ટિએ પડયું, કંઇ મનની સ્થિરતાની આશાએ વિજયકુમાર સિનેમેટોગ્રાફ જોવામાં રોકાયો. ઘણી રાત્રિ વીત્યા પછી તે તમાસાની સમાપ્તિ થઇ. ત્યાંથી છૂટી, વિજયકુમાર ઉતાવળો હોટલમાં આવ્યો. આજે એલ્મા શાએ કારણથી હમેશ કરતાં વહેલી સૂઇ ગઇ હતી. વિજય પોષાગ ઉતારી, સિધો એલ્માના પલંગ પાસે ગયો; "મેડમ !" વિજયે ધિમે સ્વરે એલ્માને સંબોધી. ઉત્તર ન મળ્યો, પાસે જઇ જોયું; તે ગાઢ નિદ્રામાં પડેલી જણાઇ. થોડી નિમિષો નિદ્રાવશ બાલાનાં મુખનું અવલોકન કરતો વિજય ચિત્રવત્ સ્થિર થઇ

ગયો." કેવી નિર્દોષ બાલિકા ?" સ્થિરતા પાછળ વિકારાયેલાં હૃદયનો ઉદ્ગાર નીકળ્યો. દૃષ્ટિ અન્ય અંગોનું અવલોકન કરતી ચળી. મનુષ્ય જાગૃતિમાંજ દેહ મર્યાદાનું સંરક્ષણ કરવા પ્રયત્નશિલ હોય છે, પણ સુસૂપ્તિ અવસ્થાને તેવું કંઇજ ભાન હોતું નથી. નિદ્રાવશ પડેલી ગોરાંગ બાલાનાં મોહક અંગો ઉપરનાં વસ્ત્રો વિખરાઇ વેરાઇ અવ્યવસ્થિત થઇ ગયાં હતાં; વિજયે તે જોયાં, વિહ્વળ થયો. તે સાથે તેના મનના સંયમનો પણ અવધિ થયો. બાલાના પલંગ પાસેથી ખસી તે વિહ્વળ પેઠે એક આરામખુરશિ ઉપર જઇ પડયો. થોડો વખત જડવત્ ત્યાંજ પડયો રહો. વળી વિચારો ચડયા, ખંડમાં ચારે તરફ નજર ફેરવતો ખૂરશિ ઉપરથી ઉઠી, ખંડનાં બારણાં તરફ ગયો. ભયભિત કે, અપરાધ કરવા તત્પર થયેલા માણસ પેઠે બહુજ ધિમેથી તેણે ખંડનાં બારણાં બંધ કર્યાં ત્યાંથી મંદ પગલે ચાલતો તે એલ્માના પલંગપાસે જઇ ઉભો. ઘણા સમય સુધી સ્થિર રહી, તેણે ગોરાંગ બાલાનાં સૌંદર્યનું નિરક્ષણ કર્યું. વિકારમયી ઇચ્છાઓ હવે તેના આધિનમાં ન રહી, વૃત્તિને વશ થઇ વિજયકુમાર એક નિર્લજ પામર માણસપેઠે એલ્માના પલંગ ઉપર ચડી બેઠો.

પરિચ્છેદ ૨૪ મો.

એકાન્ત.

વિશુદ્ધિ હણાવા ચાલી. પ્રેમ, નિતિ, ધર્મ અને આત્મ મહત્તાનું અભિમાન ક્ષત્રિયરાજ ભૂલ્યો; સ્થુળ વિષયેચ્છા ક્ષત્રાણિના સુક્ષ્મ પ્રેમને ન જોઇ શકી કિંબહુના ? આ વખતે વીર વિજય વિજયિ નજ રહી શકયો. હવે એકાન્તના વિષમ વિપાકની છેલ્લિ ક્ષણો હતો, નિદ્રાવશ બાલિકાની મુખાલોચના કરતા બેઠેલા, વિજયનું મસ્તિષ્ક ભ્રમિ ગયું હતુ; વળી વિચારો વધુ ચળ્યા, તેને પરિણામની દરકાર નજ રહી. ઉંઘમાં પડેલી ગૌરાંગ સુંદરીને બાહુપાશમાં લેવા રાજકુમારના હસ્તો લંબાયા, પણ તેનાથી તેમ ન થઇ શકયું. હાથ એણ્આનો સ્પર્શ કરે તે પહેલાં તેના કાનને નૂપુર રણકાર સંભળાતો હોવાનો સંભ્રમ થયો. વિજયની વિહ્વળા દૃષ્ટિ તે તરફ વળી. દેવી મોહિની આખા ખંડમાં પ્રચંડ રૂપે વ્યાપેલી વિજયની રાંભ્રાન્ત દૃષ્ટિને દેખાઇ. પોતાની સામે પ્રાદુર્ભૂત થયેલી પ્રેમદેવીનાં ઠબકા ભર્યાં સજળ નેત્રોમાંથી મનોબળ હારી બેઠેલા રાજપુત્રને પોતાના ઉપર એક કટાક્ષ ફેંકાતો દેખાયો. અરે! તે અસહ્ય થયો. હૃદય ચિરાતું હોય તેવી વ્યથા તેનાં અંતરને થતી જણાઇ, પણ તે સઘળું એક નિમિષજ રહ્યું, બીજી નિમિષે મોહિની વાયુમાં વિલુપ્ત થઇ જતી વિજયને દેખાઇ. કામવિહ્વળ હૃદયની ચસ-

કેલી શુદ્ધિ પ્રણુય ચમત્કારે થોડી ક્ષણો ઠેકાણે આણી વિજયે એલ્મા નો સ્પર્શ ન કર્યો, પણુ તે પલંગ ઉપરથી ઉતરી બે પગલાં દૂર જઈ ઉભો. અધોદષ્ટિ રાખી કંઇ વિચાર્યું. વળી દૃષ્ટિ પલંગ તરફ પાછી ફરી, તે સાથે વિજય પણુ પલંગ તરફ પાછો ચાલ્યો. પવનથી ઉડી, જેમ તેમ વિખરાઇ પડેલાં એલ્માનાં શરિર ઉપરનાં વસ્ત્રોને તે ન જાગે તેમ વિજયે સંકોરી સરખાં કર્યાં અને કૃતકાર્ય થયો હોય તેમ એક નિઃશ્વાસ કાઢતો પલંગથી દૂર પડેલી આરામ ખૂરશી ઉપર આંખો મિંચિ સૂતો.

પ્રણયદેવીની સ્મૃતિ અને પ્રણયતત્ત્વો પુનઃ ચૈતન્યમાન થયાં, ભયંકર ભૂલે અંતરમાં અકથ્ય પશ્ચાતાપ સળગાવ્યો, પણુ સઘળું પ્રબળ મનોવિકાર પાસે ક્ષણિક અને નિર્બળ હતુ હજી તે-જ એકાન્ત હતી, હજી સ્થળની ભવ્યતા તેજ હતી, અને એલ્મા પણુ તેજ સ્થિતિમાં ઉંઘતી હતી. દૃષ્ટિથી વધુ વખત પાંપણો પાછળ પુરાઇ ન રહેવાયું. પુનઃ તેમાંથી છટકી તે એલ્મા ઉપર જઈ ચોંટી. સંસ્કારી વૃતિઓ વળી સરવા લાગી, થોડી ક્ષણો પહેલાંનુ સઘળું વિસરાયું. મન અકળાયુ, અને હતું તેવું થઇ રહ્યું. વિજયકુમાર વળી વિહ્વળ થયો, તેનાથી બેસી નજ રહેવાયું, તે ખૂરશી ઉપરથી ઉઠયો, અને પેહેલાં પેઠે એલ્માના પલંગ પાસે જઇ ઉભો. કામાતુરાણાં ન ભય ન લજ્જા અત્યારે વિજયિ ક્ષત્રિયરાજનો અજીત મદનરાજે સપૂર્ણ પરાભવ કર્યો હતો. અંતરની લજ્જા લોપાઇ, પરિણામનો ભય ન વિચાર્યો. ત્યારે ધર્મ, નિતિ કે મનુષ્યત્વને માટે સુજ્ઞ અને વીર મનાતા રાજકુમારનાં અંતરમાં અવકાશ ન રહ્યો. એલ્માના સ્તન પ્રદેશ ઉપર પડેલા, તેના જમણા હાથ ઉપર વિજયનો હાથ

વિના ક્ષોભે પડયો. સુકુમાર દેહને હસ્તનો સ્પર્શ થતાં, ચતુરા ચમકી, ભયભિત થતી જાગી ઉઠી. હિન્દી રાજકુમાર વિજય વિકળ થઈ પોતાની પાસે તેને ઉભેલો દેખાયો. શું કરવું ? બાલા ગભરાઇ, લજ્જિત થઇ, પણ તે પલંગ ઉપર બેસીજ ન રહી. તૂરતજ સમય સૂચકતા વાપરી, એક અક્ષર પણ ઉચ્ચાર્યા વિના પલંગની બીજી તરફ ઉતરી ભીંત પાસે અધોદષ્ટિએ જઇ ઉભી. અરે ! આ શું થયું ? શું કર્યું ? તેવો કંઇજ વિચાર અત્યારેતો વિજયને નજ આવ્યો. " ડીયર એલ્મા ! " વિજય મૃદુ સ્વરે બોલતો એલ્મા ઉભી હતી તે તરફ ચાલ્યો. હજી તે તેની પાસે ન પહોંચ્યો, હજી ઉભયમાંનું કોઇ કંઈ વધુ બોલે કે કરે, તે પહેલાં હોટલમાં કંઇ ભયસૂચક ધ્વનિ થવા લાગ્યો. બહાર મારગો ઉપર અને હોટલમાં મોટો કોલાહલ મચી ગયો સંભળાયો. ભયનુ દર્શન થતાં, આત્મ-ગૌરવ અને દેહભાન ભૂલી દુષ્કૃત્ય કરવા તત્પર થયેલા વિજયના મનોવિકારો પલાયન કરી ગયા. આત્મસ્થિતિનું ભાન આવ્યું, વિષયે-ચ્છાઓ ઉડી ગઇ. એલ્માને ત્યાંજ રહેવા દઇ શું ભય છે ? તે જોવા, તે બારણાં તરફ દોડયો, બારણું ઉઘાડયું. હોટલની બાજુનાં મકા-નમાં આગ લાગી હતી, વિજય તે જોઇ પાછો ખંડમાં દોડતો આવ્યો. થોડી ક્ષણો પહેલાંનું સઘળું ભૂલિજ ગયો હોય, કે કંઇજ ન બન્યું હોય તેમ તેણે એલ્માને પોતાના બચાવ માટે તૈયાર રહેવા ચેતવી, પણ ધાર્યું હતું તેવું આગનું પરિણામ નજ થયું. ત્યાંના સુધરેલાં સાધનો આગ લાગતાં તૂરતજ આવી પહોંચ્યાં. પાણીનો મારો શરૂ થયો, અને તેનાથી આગ આગળ ન વધી શકી, તે તદ્દન હોલ-વાઈ ગઈ. થોડાજ વખતમાં ભયનું ચડેલું વાદળ વિખરાઇ ગયું, પણ

હોટલના પાછળના ભાગને આગથી નુકશાન પહોંચ્યું હતું. થોડા મુસાફરોને રહેવાના ખંડો પાણીના મારાથી બગડયા, હોટલમાં ઘણાં મુસાફરોથી સ્થળસંકોચતો હતોજ તેમાં વધારો થયો, પણ હોટલના વ્યવસ્થાપકે બિજાઇ બગડેલા ખંડમાનાં રહેનારાંઓ માટે નિરૂપાયે બીજા ખંડોમાં રહેતાં મુસાફરો સાથે નવી ગોઠવણ થતા સુધી વ્યવસ્થા કરી. એલ્મા અને વિજયકુમારવાળા એકાતિક ખંડમાં પણ વધારાના બે પલંગો મુકાયા, અને ત્યાં એક વૃદ્ધ યુગલને રહેવા સગવડ થઇ. એલ્મા અને વિજયકુમાર વચ્ચેની એકાન્તનો આમ અનાયાસેજ અંત આવી ગયો. એલ્મા વિજયનો મનોવિકાર કળી ગઇ, પણ તેની અંતરૂદષ્ટિ સામે વિજયની નિર્બળતા કે દોષ ન આવ્યાં. સુજ્ઞ ગૌરાંગ બાલા એકાન્તમહિમા સમજતી હતી, તેણે તેવું જે કંઇ અનુભવ્યુ, તે એકાન્તનો દોષ અને પરિણામ માની લીધાં. હવે સચેત થઈ ગઇ, પણ વીતક લજ્જાસ્પદ ઘટનાનું સ્મરણ તેણે વિજય પાસે કદિ નજ કર્યું, ત્યારે થયેલી ભયકર ભૂલનું સ્મરણ. વિજયકુમારનાં અંતરૂમાં પશ્ચાતાપનો અગ્નિ સતેજ કરવા, ચિરસ્થાયિ થયું હતું. પોતે પોતાનો, પ્રેમદેવી મોહિનીનો અને ગૌરાંગ રમણી એલ્માનો અપરાધિ હોય, તેવું તેને લાગવા માંડયું. પ્રાયશ્ચિત શોધતો હતો, પણ તે ન મળ્યુ. કંઇજ ન બન્યું હોય, તેમ તે વાત બંનેમાંથી કોઇએ કદિ નજ ઉચ્ચારી. ઉભયનાં હમેશ પ્રમાણેનાં વર્તનમાં કંઈ ક્ષોભ કે તેવો વિક્ષેપ નજ ઉપન્યો. આ ઘટના પછી વધુ બે દિવસો લંડન શહેરમાં વિજયકુમાર તથા એલ્માએ વીતાડી દીધા.

સંગ્રામ ક્ષેત્ર ત્યજી આવેલા સૈનિક અધિકારીએ પોતાનું આ-

ગમન કારણ, અનુભવ, અને વીતક લડાઇ ખાતાના પ્રધાન કે તેવા કોઈ લશ્કરી મુખ્ય અધિકારીને વિદિત કરવુંજ જોઇએ. આ એક નિયમ છે. વિજયકુમારે પણ લંડન શાહેરમાં પગ મૂકતાંજ તેવાં બે કાર્યો પ્રથમ કર્યાં હતાં. પોતે સહીસલામત હોવાનો પિતા ઉપર ટેલીગ્રાફ કર્યો, પહેલું તે, અને બીજું બ્રિટીશ વોર પ્રાઇમિનિસ્ટર અર્લ કિચનરને તે મળ્યો. પોતાનાં વીતકનો લેખિતવાર હેવાલ તેને આપ્યો, કેટલુંક મુખથી કહ્યું, અને તે સાથે ફ્રેન્ચ વિરાંગના એલ્બાની વીરતાનું સવિસ્તર વૃતાન્ત તેને કહી સંભળાવ્યું. તેણે બીજું આવશ્યક કાર્ય તે કર્યું. વિજયકુમારની વીરતાના સંદેસાઓ લોર્ડ કિચનરને સંગ્રામક્ષેત્ર ઉપરના અન્ય સૈનિક અધિકારીઓ તરફથી મળ્યા હતા, પણ એલ્બાની અદ્દભૂત વીરતાનું વિવરણ વિજયને મુખે સાંભળી, યુદ્ધ મંત્રિ કિચનર વધુ પ્રસન્ન થયા. તેણે એલ્બાની મુલાકાત લીધી અને પોતાનો સંતોષ પ્રદર્શિત કર્યો. વિજય અને એલ્બાને તેની અનૂપમ રાજ્યસેવા માટે કંઇ એલ્કાબની નવાજેશ કરવાની ઇચ્છા કિચનર સાહેબે જણાવી, પણ વિજય અને એલ્બાએ પોતાનાં કર્તવ્યો અપૂર્ણ જણાવી, યુદ્ધના નિર્ણય પછી તે માન અને અધિકારનો સ્વિકાર કરવાની પોતાની ઇચ્છા યુદ્ધ મંત્રિને વિદિત કરી. હિન્દી રાજકુમારની આવી ઉચ્ચ યોગ્યતા અનુભવી અર્લ કચનર તેના ઉપર વધુ સંતુષ્ટ થયા. તેને ધન્યવાદ આપ્યો, અને તે સાથે ઓનરરી લેફ્ટેનંન્ટનો અધિકાર વિજયકુમારને આગ્રહપૂર્વક અરપ્યો.

વિજય, લેફ્ટેનન્ટ વિજયકુમાર થયો. જાહેર વર્તમાનપત્રોમાં તે બીના પ્રગટ થઈ, અને તે સાથે વિજયે તે શુભ સમાચારનો બીજો ટેલીગ્રાફ પિતા ઉપર પણ મોકલ્યો. લંડન આવ્યા પછી આવી રીતે ત્રણ

દિવસમાં વિજયકુમારે બે વિદ્યુત સંદેસાઓ પિતા ઉપર મોકલ્યા, કિંતુ પ્રતિઉત્તર એકનો પણ નહિં. થોડા વધુ દિવસો લંડનમાં શાન્તિમાં વીતાડી વિજય સંગ્રામક્ષેત્ર તરફ જવાનું વિચારતો હતો, પણ પિતા કે કુટુંબ તરફનો કંઇજ ઉત્તર ન મળવાથી વિજયકુમારનું અંતઃકરણ ઉદ્વિગ્ન થયું. એક વખત સ્વદેશ જઇ આપ્તજનોનાં દર્શન કરવા ઇચ્છા ઉદ્‌ભૂત થઇ, પણ યુદ્ધનો નિર્ણય ન આવે ત્યાં સુધી સંગ્રામક્ષેત્ર ત્યજી જવામાં હિન્દી રાજકુળનું જ્વલંત વીરત્વ અપવાદાતું ક્ષત્રિયરાજ જોતો હતો. કૃતજ્ઞતા અને સ્વજનોના સ્નેહ વચ્ચે દ્વંદ્વ આરંભાયુ વિજયના વિચારો ડોલવા લાગ્યા. પણ વિજય કે પરાભવ ઉભયમાંથી કોઇનોજ નહિં. અર્થાત્ કયો માર્ગ લેવો ? તે નિરાકરણ વિજયથી ન થઇ શક્યું.

એલ્મા વિજયકુમાર સાથે લંડન આવી, પિતા સ્વર્ગસ્થ થયા હતા. તેની સ્થાવર મિલ્કત તો કંઇ લંડનમાં નહોતી, પિતા પુત્રીને રહેવા એક જે નાનું મકામ હતું, તે લંડન શહેરથી ચાલીસ માઇલ દૂરનાં એક નાનાં ગામડામાં હતું. જંગમ મિલ્કત અને કેટલીક સ્મૃદ્ધિ હતી. તેનું વારસ અન્ય કોઇ નહિં હોવાથી સરકારમાં પોતાનો હક્ક પૂરવાર કરી આપી, તેણે સઘળી મિલ્કત પોતાના આધિનમાં લીધી. આથી વિજયને અને એલ્માને નાણાં સબંધી લંડન શહેરમાં ઘણી છૂટ થઇ, તોપણ વિજયે નાણાંની જોગવાઇ કરવા પિતા ઉપર ત્રિજો ટેલિગ્રાફ કર્યો. નાણાં કે ઉત્તર બેમાંનું કઇ નજ મળ્યું. અને તેથી વિજયને પોતાનાં કુટુંબીઓના કુશળ માટે વધુ ચિન્તા ઉપની. તેમાં વળી પોતે સંગ્રામક્ષેત્રમાં આવ્યો, તે વખતે તેની સાથે પોતાના બત્રિસ માણસો હતા, પણ વિજય જરમનોના હાથમાંથી છટકી આવ્યા પછી,

તેને તેમાંનો એક પણ માણસ મળ્યો નહિં. પોતાના માણસો માટે વિજયે તપાસ કરી. તે સઘળાઓની બાતમી મળી, કે થોડા ઘવાયા હતા, ત્યારે થોડાનો પત્તો નહોતો અને જેઓ સહિસલામત રહ્યા હતા, તેઓ કેપટન રસ્કિન સાથે ગયેલી હિન્દીસેનામાં આગળ વધ્યા હતા, એટલુંજ નહિં, પણ પોતાની સેવા માટે આવેલો ખવાસ પણ ભયંકર રીતે ઘવાઇ રીબાતો કોઇ યુદ્ધભૂમિના વોર હોસ્પિટાલમાં પડેલો હોવાના વિજયને વર્તમાન મળ્યા. તેની પાસે જતાં માર્ગમાં શત્રુઓનું દબાણ હોવાથી વિજયથી ત્યાં નજ જઇ શકાયું, તેને અંતરૂમાં પોતાના માણસો માટે બહુ માઠું લાગ્યું, પણ નિરૂપાયે પોતાના સઘળાં માણસોને સમર ભૂમિમાંજ રાખી, તેને એલ્બા સાથે લંડન જવું પડયું. અને ત્યાં પણ પોતાના ટેલિગ્રાફોનો પિતા તરફથી કંઇજ ઉત્તર ન મળવાથી તેને નવી ચિંતા ઉભી થઈ, તોપણ હજી બહુધ: વિજયને સંગ્રામભૂમિ તરફજ પાછા ફરવા ઇચ્છા હતી. તેથી તેણે સમર ક્ષેત્ર ઉપર જવાનાં સાધનો લંડન શહેરમાંથી ખરીદવા માંડયાં.

એક દિવસ સાંજના એક ભાડુતી મોટારકાર લઇ, શહેરમાં ફરવા અને કંઇ ખરિદવાની ઇચ્છાથી વિજયકુમાર નીકળ્યો. માર્ગમાં એક દુકાનમાં એક સુંદર લેધરબેગ તેની દૃષ્ટિએ પડી, તેની વ્યટતી કિમ્મત આપી વિજયકુમારે તે ખરિદી લીધી. દુકાનના માણસે નિયમ પ્રમાણે તે બેગને નિરૂપ્યોગિ વર્તમાનપત્રોથી લપેટી બાંધી, વિજયકુમારની ગાડીમાં મુકી. તે સાથે બીજું કાંઇ ખરિદવું હતું, તે ખરિદી, ગાડી પોતાના ઉતારા તરફ લઈ જવા વિજયે ગાડીવાળાને હુકમ કર્યો. ગાડી વિદ્યુત્‌વેગે ચાલવા લાગી. ગાડીમાં બેઠેલા વિજ-

યકુમારે નવી ખરીદેલી વસ્તુઓ ઉપર દૃષ્ટિ દોડાવા માંડી. બેગ પોતાની સામી બેઠક ઉપર પડેલી હતી, નજર ફરતી તેના ઉપર ચોંટી. બેગ ઉપર વિંટાએલા નિરૂપ્યોગિ વર્તમાનપત્રોમાં લખાયેલા અક્ષરો વિજયની દૃષ્ટિનો વિષય થયા. ઇંગ્રેજી ભાષામાં છપાયેલી શબ્દશ્રેણિઓ ઉપર દૃષ્ટિ દોડવા લાગી, એક પેરિગ્રાફ વચાઇ રહ્યો. બીજાનું મથાળું શરૂ થયુ. " વસંતપુરના વૃદ્ધ મહારાજાની ભયંકર માંદગિ. " ઉક્ત શબ્દો વાંચતાંજ વિજયના હૃદયને શસ્ત્રાઘાત થયા જેવો આઘાત થયો. મથાળું વચાઇ રહ્યું; મસ્તિષ્કમાં અસહ્ય વ્યાથા જન્મી, શરિર કંપ્યુ. ઉદ્વિગ્નતાથી બેગ હાથમાં ઉપાડી તેના ઉપર વિટેલુ વર્તમાનપત્ર વિજયકુમારે કાઢયુ, " ઇન્ડીઆ " નામક એંગ્લોઇન્ડીયન પત્ર હિન્દુસ્તાનમાંથીજ પ્રગટ થયેલું હતું. હિન્દમાં છપાએલાં તે પત્રને કોઇ સંયોગ ઇંગ્લંડ ઘસડી લાવ્યો હતો; અથવા માનો ! કે, વિજયકુમારની ભાગ્યદેવીએજ તે પત્ર અહિં સુધી વિજયને વાંચવા વિજયની દૃષ્ટિ સામે લાવી મૂકયું હતુ તેમાં ઉપરોક્ત શિર્ષક લેખ મુદ્રિત થયેલો હતો. વિજયે મથાળું વાંચ્યુ. વૃદ્ધ પિતાનો મંદવાડ અનાયાસે બહુ દિવસે જણાયો, આગળનું વિજય આતૂરતાથી વાંચવા લાગ્યો.

જાન્યુઆરી...વસંતપુર

અમારો વસંતપુરનો ખબરપત્રિ અમોને લખી જણાવે છે, કે વસંતપુરના વૃદ્ધ અને પ્રજાવત્સલ મહારાજા કૃષ્ણસિંહજી ભયંકર માંદગિમાં પછડાઇ પડયા છે. મુંબઇ અને કલકત્તાથી બોલાવેલા બાહોશ ડોકટરો તેની સારવાર માટે રોકવામાં આવેલા છે, પણ હજી સુધી તો સ્થિતિ ગંભીરજ રહેલી છે.

અમારા નામદાર મહારાજાના એકનાએક વ્હાલા પુત્ર વિજય-કુમાર સમરક્ષેત્ર તરફ સિધાવ્યા, તે સમયથીજ તે નામદારનાં વૃદ્ધ હૃદય ઉપર કંઇ ગંભીર આઘાતતો થયેલોજ હતો, તેની તબીયત તે વખતથીજ અનિયમિત થઇ, લથડી હતી. પણ તેના વ્હાલા પુત્રનાં કંઇ અનિષ્ટ—

શ્રેણિનો ભંગ થયો. જે પૃષ્ટ બેગ ઉપર બાંધેલું હતું, તે એ-ટલેથીજ પૂર્ણ થતું હતું. વધુ જાણવા તે પછીનાં પૃષ્ટની જરૂર હતી, પણ તે નહોતું. વિજયે સઘળી વસ્તુઓ સાથે લઇ, મોટારકાર લાયબ્રેરિ તરફ દોડાવી; ત્યાં " ઇન્ડીઆ " પત્રની તપાસ કરી, તે પત્ર ન મળ્યુ. તે તારિખનાં અને તેની આગળ પાછળની તારિખનાં બીજાં એંગ્લોઇન્ડીયન પત્રો મળ્યાં. પિતાની માંદગિના કોઇ કોઇમાં ખબર છાપેલા હતા, પણ તે સંક્ષિપ્તમાંજ. કંઈ વધુ વિવરણ ા મળ્યું. " પાપી કૃતઘ્ન વિજય ! પિતૃ હત્યારા વિજય ! હવે તું તે વૃદ્ધ પિતાની અણમોલ સેવા સાધિ, કલ્યાણ ક્યાંથી મેળવી શકીશ ? ......હાય ! દુર્ભાગ્ય. " વિજયનાં અંતઃકરણમાં અશમ્ય વ્યથાનો અગ્નિ ભભૂકવા લાગ્યો, તેનાથી અ તર્ગત બોલી જવાયું. વધુ વર્તમાન માટે ભટકવું મૂકી દઇ, તે ઉતારે આવ્યો. એલ્બાને જોતાજ તે રડી પડયો. તેનું વ્રજ હૃદય ઉક્ત ચિન્તાજનક વર્તમાને પાણી પેઠે પીગળાવી દીધુ હતું. તે ઘણું રડી શાન્ત થયો. એલ્બાને સઘળી બીના કહી; પોતે વૃદ્ધ પિતાની અનીચ્છા છતાં ઉચ્છૃંખલ થઈ, યુદ્ધમાં આવ્યો હતો, તે કહ્યું. કહેતાં પુનઃ અંતર્ ભરાઇ આવ્યું, પણ—

બનેછે દર્દ કંઇ ઓછું, દર્દી ને દર્દી લાખતાં,
ભાગિ કો દર્દમાં થાતાં, પોતાનું દર્દ જાયછે.

આર્ત અંતરની એલ્બાએ વિજયને આશ્વાસન આપી શાન્ત કર્યો. વિપત્તિકાળે ધૈર્ય મનુષ્યનો અનન્ય સહાયક છે. પિતાનું શું થયું હશે ? આ વિચારો અને તર્કવિતર્કમાં વિજયનું હૃદય ભારે થઇ રહ્યું હતું. તેથી હવે વિના વિલંબે સ્વદેશ જવા તેણે નિશ્ચય કર્યો. પિતાની ભયંકર માંદગિના વર્તમાન છપાયા પછી, લગભગ બે માસે તે ખબર તેના વાંચવામાં આવ્યા હતા. આશ્ચર્ય જેવુંજ તે હતું, કે દેશમાં એટલુ થઇ ગયુ છતાં, પોતાને નામે એકપણ પત્ર કે ટેલિગ્રાફ કોઇ પણ સ્થળે આવ્યોજ નહોતો. આથી વિજયને વધુ સંશય થયો, પોતાના તરફ ઉંડાં કાવત્રાંઓ થતાં હોવાનો તેને ભાસ થઇ આવ્યો. મન સ્વદેશ તરફ ચાલ્યું. તેજ વિચારો અંતરમાં ઉછાળા મારવા લાગ્યા. "પી એન્ડ ઓ" કંપનીની સ્ટિમર (મેલ) "કૈસરે હિન્દ" હિન્દુસ્તાન તરફ આવતી કાલેજ ઉપડી જનાર હતી. તેજ સ્ટિમરમાં આવતી કાલે સ્વદેશ ઉપડી જવા નિશ્ચય કરી, યુદ્ધખાતાના પ્રધાન કિચનર સાહેબને તે મળ્યો; પિતાની માંદગિના છપાયેલા ખબર તેને વંચાવ્યા, અને સ્વદેશમાં પોતાની આવશ્યક્તા હોવાનું જણાવ્યું. તે સાથે પોતાની નર્સ તરીકે એલ્બાને પણ સાથે લઇ જવા રજા માગી. સઘળું સાંભળી લઇ, વિચારી; કિચનર સાહેબે વિજયકુમારને ધૈર્ય આપ્યું. સુખેથી સ્વદેશ સિધાવવા આજ્ઞાપત્ર આપી, તેના હસ્ત સાથે હસ્તનું મિલન (સેકહેન્ડ) કરતાં સગ્રામ ક્ષેત્ર ઉપર વિજય જેવા વીર સરદારની ન્યૂનતા માટે પોતે દિલગિરી દર્શાવી. અને સ્વદેશ જવા કંઇ અગવડ હોય તો, સરકાર અનુકુળતા સાધી આપવા તૈયાર હોવાનું પણ જણાવ્યું. પણ વિજયને

સહાયની કંઇ જરૂર નહોતી. તેણે એટલા વિવેક માટે કિચનર સાહેબનો આભાર માની રજા લીધી. અને ઉભય વીરો મળી ભેટી જુદા પડયા.

મુસાફરીમાં જોઇતાં સાધનો ખરીદી વિજયકુમાર હોટલમાં આવ્યો, એલ્બાને પોતાની સાથે હિન્દુસ્તાન આવવા તૈયાર થવા તેણે વિનતિ કરી. ઘણી આનાકાની ચાલી, અત્યાગ્રહ થયો, અને તે સર્વની અંતે એલ્મા ઇચ્છા અનીચ્છાએ વિજયકુમાર સાથે હિન્દુસ્તાન જવા તૈયાર થઇ. એક દિવસમાં ત્વરાથી સઘળું ઘટતું કરી, વિજયકુમાર હિન્દુસ્તાનના પ્રયાણ માટે સ્ટિમર ઉપર ચડવા સમુદ્ર તિરે આવ્યો. કેટલાક હિન્દી અને ઇંગ્રેજ સરદારો વિજયના અભિનંદન માટે હારતોરા લઇ સમુદ્ર તિરે આવ્યા હતા, તેઓ વિજય તથા એલ્બાને મળી ભેટી જુદા પડયા. અને વિજયે તથા એલ્બાએ હિન્દુસ્તાન તરફ પ્રયાણ કર્યું. સ્ટિમર ઉપર ચડતાં પહેલાં વિજયકુમારે વસંતપુર રાજયના મુખ્ય મંત્રિ ઉપર ટેલિગ્રાફ રવાના કર્યો, કે પ્રિન્સ વિજયકુમાર આજે મેલમાં લંડનથી હિન્દુસ્તાન આવવા રવાના થઇ ચૂકયા છે. અસ્તુ.

પરિચ્છેદ ૨૫ મો.

સંતનો મહિમા.

* * * * * *

देह इंद्रि मन प्रानकुं दंड, प्रचंडित प्रीत हरीपद लागी;
उज्वल ज्ञान विज्ञान विराजत, मच्छर मान अहं मम त्यागी;
प्रेम प्रवाह अथाह मती रहे, राम रती समता अनुरागी;
ब्रह्ममुनी नरदेहकूं पायके, संतकु सोधत सो बडभागी.

મુક્તાનંદજી વસંતપુર આવ્યા, પણ તેણે રાજ્યનું આતિથ્ય થોડાજ દિવસ સ્વિકાર્યું. રાજ્યના દોરદમામ અને મિથ્યા વૈભવો તેને ન ગમ્યા; એક વખત ત્યજાયેલી ઉપાધિઓ પુનઃ પોતાને વળગવા આવતી મુક્તાનંદને દેખાઇ. સ્વાર્થમાં કલ્યાણ શોધતાં અંધશ્રદ્ધાળુ મનુષ્યોની શુષ્ક શ્રદ્ધા અને હઠથી તે કંટાળ્યા.

તમારા રાજ્યદ્વારોના ખૂની ભપકા નથી ગમતા;
મતલબની મુરવ્વત ત્યાં ખુશામતના ખજાના ત્યાં !
નહિં જાહોજલાલિના, નહિં કીર્તિ ન ઉલ્ફતના;
હમે લોભી છીએ ? ના, ના, હમારા રાહ ન્યારા છે.
(કલાપી)

સંતને આ સઘળું નવી ઉપાધિના રૂપમાં પ્રતિત થયું, અને તેનાથી મૂક્ત થવા તે હીમગિરિના પુનિત એકાન્તવાસમાં પાછા જવા તૈયાર થયા, પણ મહારાજાએ આ પવિત્ર સંતને જવાતો નજ દીધા. કિંતુ તેને વળગવા દોડતી સઘળી ઉપાધિઓથી દૂર રાખવા, મહારાજાએ પ્હાડી સંત માટે એક વ્યવસ્થા કરી.

વસંતપુર શહેર ડુંગરવાળા પ્રદેશમાં નિવસેલું હતુ, છતાં ત્યાંની ભૂમિ રસાળ અને ઝાડપાનથી સભર હતી, તેથી શહેરની રમણિયતા મનમોહક હતી. શહેરથી દોઢેક કોસને અંતરે ઉંચાણ નીચાણવાળા પ્હાડી પ્રદેશમાં "ઉષા" નામક એક નાની નદી ખળખળ રવે નિનાદ કરતી, વાંકીટિકી થઇ અથડાતી પછડાતી વહેતી હતી. આ સરિતા તટ અને તેની આસપાસના રમ્ય પ્રદેશનો દશ્યજ કંઇ અપ્રતિમ હતો. નદી તટ ઉપર લચી રહેલી વિસ્તૃત વૃક્ષ રાજિ, મંદ અને ત્વરિત ગતિથી વહેતી "ઉષા" નદીના ગિરિ પ્રાંતમાં પડતા પાણીના નાના રૂપેરી ધોધોનો અનુપમ દશ્ય અને તે મૃદુવાયુના અગમ્ય સ્વરોમાં સંમિશ્રિત મધુરવા જળરવો અને તેમાં તદ્રુપ થતા પક્ષિઓના કિલકિલાટમાં છૂપાઇ, કુદ્રતદેવી ભવ્ય આત્માને પોતાનામાં મસ્ત કરવા સતત્ મોહન મંત્રોના ગેબિ ગાનો લલકાર્યાજ કરતી હતી. કિંબહુના ? જાણે અવનિ ઉપર આનંદવા આવતા દેવોના વિહાર માટે અહિં એક નાનું નૈસર્ગિક સ્વર્ગજ રચાયું હોય, તેવો ભાસ અહિંની રમણિયતા જોતાં દૃષ્ટાને થતો હતો. અવધિ એટલેથીજ નહોતો, પણ નદિને સામે તટે એક જરજરિત પૂરાતન શિવાલય આકાશ સાથે આનંદતું, સ્થળની રમ્યતામાં અનુપમ વૃદ્ધિ કરતું હતું. આ શિવાલયની તન કહાણિ ચિરખ્યાત

ગુર્જરેશ સિદ્ધરાજ જયસિંહના ઈતિહાસ સાથે સંકલિત મનાતી હતી. તેની ભવ્યકૃતિ પૂર્વકાળનાં ભારતવર્ષની વિશાળ શિલ્પકળાનું એક અપ્રતિમ સ્મારક હતું; કિંતુ આજે તો તેનું કેટલુંક સૌંદર્ય અગાધ કાળોદધિમાં વેડફાઇ ગયું હતું. તેની કેટલીક સુંદરતા ઘસાઇ ભૂંસાઈ નષ્ટપ્રાયઃ થઇ હતી. વસંતપુરના ગતભૂત મહારાજાઓએ તે ઐતિહાસીક શિવસદનનો અનેક વખત જીર્ણોદ્ધાર કર્યો હતો, પણ તે પૂરાણાં મંદિરની જીર્ણતા હવે નષ્ટ થઇ શકે તેમ નહોતીજ.

આ ઐતિહાસીક ભૂતનાથ ઉપર શહેરનાં લોકોની શ્રદ્ધા સારી હતી, પણ આ શિવમંદિર શહેરથી કંઇક દૂર પડી ગએલુ હોવાથી અને પ્હાડી ભૂમિ હોવાથી લોકોનું આવાગમન અહિં બહુ ઝુઝ હતું. તેવી કોઇ પર્વણિ વખતેજ લોકો અહિં ઉભરાઇ નિકળતાં. વસ્તુતઃ આ સ્થળજ નિવૃતિ અને પ્રકૃતિ લિલાથી સંપૂર્ણ હોવાથી મહારાજાએ મુક્તાનંદજીને આ સ્થળેજ રહેવા આયોજના કરી આપી. ભૂતનાથના દેવળથી થોડે છેટે એક જુનો મઠ હતો. થોડા બાવાઓ આ મઠમાં વસતા હતા, તેઓ કંઇ શહેરની ભિક્ષા અને કંઇ રાજ્યના આશ્રયથી નિર્ભર પામતા હતા. મઠ બહાર એક મોટો પુરજો બાંધેલો હતો, તેમાં ગરિબ પ્રવાસિ અસુરાં થતાં, રાતવાસો કરી, પ્રભાતે પંથે પળતાં હતાં. તે સિવાય હમેશાં રંક સાધુ, અભ્યાગતોને અહિં રાજ્ય તરફથી કંઇ સદાવ્રત. અપાતુ હતું. આ મઠને પોતાના નિવાસ માટે મુક્તાનંદજી એ પસંદ કર્યો; મુક્તાનંદજીના નિવાસ માટે આ સ્થળ નિર્ણિત થતાં, મહારાજાએ તે મઠનાં અવસ્થાવિહીન જીર્ણ મકામને સુધરાવી સમરાવી સુંદર બનાવ્યું. મુસાફરોને રહેવાનો પુરજો ત્યાંથી કાઢી નંખાવ્યો, પણ મુક્તાનંદજીના

સૂચનથી એક સુંદર ધર્મશાળા વસંતપુર શહેર બહાર બંધાવી. મઠમાં અપાતું સદાવ્રત તે ધર્મશાળામાંજ અપાવા લાગ્યું, એમજ નહિ, પણ અનાથો, અપંગો, અને શક્તિહીનો માટે એક અનક્ષેત્ર અને ઉદ્યોગશાળા આ ધર્મશાળામાં સ્થપાયાં. આવી રીતે સઘળું સટતું કરી, સંતે ઘણી ખરી મઠની પ્રવૃતિઓ દૂર કરી, પોતાની હીમગિરિની ગુહાની એકાન્ત આ મઠમાં સંયોજી, પણ બહુ સમયથી અહિં વસતા સાધુઓને અહિંથી ખસેડવા મુક્તાનંદજીને ઉચિત ન લાગ્યા, તેઓને માટે મઠમાં એક ભાગ નિરમિત થયો, અને તે ભાગમાં સરળતાથી રહેવા તેઓને છૂટ મળી, પણ તે પેટભરા બાવાઓ ઉપર ધાર્મિક કર્તવ્યોનો કેટલોક બોજો નંખાયો. ન સહેવાયો તેઓ છટકી નાસિ ગયા. કેટલાક સહેવા શક્તિ નહિં, છતાં અનીચ્છા અને નિરૂપાયે સહેતા પડયાજ રહ્યા. હસિ ખુશીથી તે બોજો સહેનારાઓનો જીવન સંસ્કાર મહારાજને સંભવનિય લાગ્યો અને મુક્તાનંદજીના પ્રયાસથી તેઓમાં ઉચ્ચ સંસ્કારનું આરોપણ થયું પણ ખરૂં, ત્યારે મઠમાં વસતા કેટલાક બાવાઓની અવસ્થામાં કંઈજ પરિવર્તન ન થયું, તોપણ મહારાજની કરૂણાએ તેવાઓને પોતાના આશ્રયમાં પોષાવાજ દીધા; કાળ અને પ્રપંચની ઠોકરોથી તેવાઓ ઠેકાણે આવવા મહારાજને આશા હતી.

આ મઠમાં આવી વસ્યા પણ મુક્તાનંદજીને આઠ વરસ વીતિ ગયાં, અને તે આઠ વરસોમાં સંતની અનીચ્છા છતાં તેને કેટલીક ઉપાધિઓ આવી વળગી હતી. તેનો કિર્તિકલાપ હિન્દના બહુ ભાગ ઉપર વધ્યો. ઇચ્છા અનીચ્છાએ તેને ઘણાં રાજ્યો, રાજ્યદ્વારીઓ અને સુપ્રસિદ્ધ સંતોના પરિચયમાં આવવું

પડયું હતું. બહુ રાજ્યોમાં છાત્રાલયો, ઉદ્યોગ શાળાઓ, અનાથાલયો અને ધાર્મિક સંસ્થાઓ વિગેરેની મુક્તાનંદજીએ સ્થાપના કરાવી. ભારતવર્ષના પુરાતન ગ્રંથો અને તેનાં રહસ્યો શોધવા મંડળોના રૂપમાં તેણે કેટલીક શક્તિઓ યોજી, દેશ વિદેશની કળાઓને દેશમાં દાખલ કરવા યોગ્ય વિદ્યાર્થિઓને કળાઓનાં શિક્ષણ માટે વિદેશ મોકલ્યા. એટલુંજ નહિ, પણ આ પ્હાડી સંતના ઉદ્દેશોને અનુસરી હિન્દમાં કેટલાંક મંડળો ઉત્પન્ન થયાં; તેઓએ જાહેરપત્રો દ્વારા હિન્દીઓની શારિરીક તથા આધ્યાત્મિક ઉન્નતિ, અને અખિલ ભરતખંડના વિભક્ત ઉદ્દેશોનુ ઐક્ય કરવા પ્રબળ પ્રયત્ન આરંભ્યો. વસ્તુતઃ આધિ વ્યાધિ, અને ઉપાધિઓથી બળી જળી રહેલા અનેક ભારતવાસિઓ આ પ્હાડી સાધુના ગંભીર ઉદ્દેશના અમૃત ઝરામાંથી અમૃતાંજલિ લઇ, જીવન સાર્થક સાધ્ય કરી શકયા.

આશ્ચર્ય જેવું એજ હતુ, કે પ્હાડી સંતના પ્રભાવ કીર્ણો અસંખ્ય માનવ જીવનો ઉપર પડયાં હતાં, દેશ ધર્મો અને સંસ્કૃતિઓમાં તેનાં મતવ્યો આત્મારૂપ થયાં હતાં, છતાં આ મહાનુભાવ કમળપત્ર પેઠે સઘળી પ્રવૃતિઓ અને તેના અભિમાનથી અલિપ્તજ હતા. પોતાની પ્રેરણાથી પ્રગતિમાં આવેલી પ્રવૃતિના તે ઉત્પાદક, સ્થાપક, પોષક, કે આધષ્ઠાતા થઇ બેઠા નહોતા, પણ તે સઘળી ઉપાધિઓથી વિરક્ત રહી, તેનાં સઘળાં સૂત્રો પોતાની ઇચ્છા પ્રમાણેજ ચલાવી રહ્યા હતા પોતાનો જરીપુરાનો મઠ, ત્યાંના નષ્ટ ભ્રષ્ટ જેવા માતેલા બાવાઓ અને વૈભવહીન એકાન્તવાસ તેણે ત્યજ્યોજ નહોતો. બહુશઃ તે ફલાહારથી કે દૂધથી પોતાનું જીવન પોષતા હતા. મહારાજા કૃષ્ણસિંહજી કે અન્ય રાજદ્વારીઓને મુક્તાનંદજીનાં દર્શનની

ઇચ્છા ઉદ્દભવતી ત્યારે તેઓ મુક્તાનંદજીના ખરખર ઓરડી જેવા મઠમાં જઇ એકાદ જુનાપુરાના દર્ભાસન ઉપર બેસતા, કિંતુ મુક્તાનંદજી નિષ્પ્રયોજન કદી વસંતપુરમાં પગ મુક્તાજ નહિં. એમજ નહિં, પણ આવા રાજદ્વારીઓના પરિચય જેવી ઉપાધિઓ તેને રૂચતીજ નહોતી. "મહાત્માનાં દર્શનની જીજ્ઞાસા કરનારે મહાત્માને નિવૃતિ મળી શકશે કે કેમ ?" તે મહાત્મા પાસે જતાં પહેલાં પૂછાવવું પડતું હતું, અને તે તેવી નિવૃતિ કોઇજ વખત લેતા, તેવે વખતે ક્ષોભ વિનાજ તે પોતાની ઇચ્છા અનીચ્છા જણાવી દેતા. મહારાજા પ્રભૃતિ રંક પર્યંત મહાત્માનું વર્તન આવુંજ હતું, પણ શાએ કારણથી તે રાજબાને સર્વ વ્યક્તિઓથી વિશેષ આદર આપતા હતા. બેશા કહી, તેની સાથે કોઈ વખત ઘણી વાતો કરતા, અને તે વખતે પોતે એક રાજકુટુંબનાજ હોય તેમ રાજબા સાથે તે વરતતા હતા. કૃષ્ણસિંહજી, સમરસિંહજી, વિજયકુમાર તથા સમરસિંહજીના પુત્રો ઉપર સંતના અંતરનો સ્નેહ કોઇ વખત વ્યક્ત થઇ જતો, એટલુંજ નહિં, પણ કોઇ તેવી રાજદ્વારી ગુચવણ વખતે મહારાજા મહાત્માને પોતાની સાથે કાઠીયાવાડની બ્રિટીશ એજન્સીના કેન્દ્ર રાજનગર લઇ જતા. વસંતપુરથી દેશ બહિષ્કાર થયા પછી હરભમજીનો મોટો પુત્ર જાલિમસિંહજી રાજનગરમાંજ રહેતો હતો. મહારાજા કૃષ્ણસિંહજી રાજનગર જતા ત્યારે તેને અને તેની પુત્રિઓને પોતાની પાસે બોલાવી વાત્સલ્ય અને કરૂણાથી હરેક વખતે મહારાજા કંઈ આપતા. મુક્તાનંદજીને જાલિમનો અહિંથીજ પરિચય થયો. જાલિમનાં કુકૃત્યો તેણે જાણ્યાં હતાં, એમજ નહિં પણ તેનાં વર્તમાન અંતરની દુરાંકાક્ષાઓથી મહાત્મા અજાણ્યા રહ્યા નહોતા, છતાં કોઇ

ાણ વખત મહારાજાની ગેરહાજરીમાં તે સાધુને સાધિ તેનાથી
હારાજાની કૃપા પુનઃ સંપાદન કરવા, તે મહાત્મા પાસે આવી, પોતાની
ીનતા ગાતો કલાકોના કલાકો વીતાડતો. સાધુનાં અંતરમાં પોતાને
ાટે કરૂણા ઉત્પન્ન કરવા સઘળું કરી જોતો, પણ બહુ સમયના મહા-
યત્ને માત્ર મુક્તાનંદજી પાસેથી તે એટલીજ આશા મેળવી શકયો
તો, કે તેવો સમય આવશે તો યોગ્યને યોગ્ય મળશે. આવું ચાલતું
તુંજ તેમાં વળી વસંતપુરનો યૂવરાજ વિજયકુમાર યુરોપના ભીષણ
સંગ્રામક્ષેત્ર ઉપર વિહરવા જતો હોવાની વાત જાલિમે સાંભળી.
ાથે જનારાઓને અનુકુળ કરી લેવા તેણે યત્ન કર્યો અને તેમાંનો
એકજ જાલિમથી સાધ્ય થયો. વિજયકુમારનો સમરભૂમિમાં કોઈ રીતે
ંત આણી દેવા તેણે પાપી જાલિમસિંહને વચન આપ્યું. વિજય-
કુમારના સમરભૂમિમાં ગયા પછી જાલિમસિંહે વસંતપુરના રાજ્ય
ઉપર પોતાનો ઉતરાધિકાર સિદ્ધ કરવા મહાશ્રમ આરંભ્યો. અનેક
રાજ્યદ્વારીઓને સાધવા તે બનતું કરવા લાગ્યો; મુક્તાનંદજી પાસે
વખતો વખત પોતાની દિનતાનું કથન કરી, તેનાં અંતરમાં પોતાને
માટે કરૂણા ઉપ્તન કરવા તે વખતોવખત મથવા લાગ્યો. મુક્તા-
નંદજીની શક્તિ જાલિમસિંહથી અજાણી નહોતી, તે જાણતો હતો
ક મુક્તાનંદજી અનુકુળ થયા તો, મહારાજાની શક્તિ નથી કે તે
મુક્તાનંદજીનાં વચનની અવગણના કરી શકે. મુક્તાનંદજી તેને
અનુકુળ તો નજ થયા, પણ યોગ્યતા હોય તો તેને તેનું ખોયેલું પાછું
અપાવવા આશા આપી. અધમ જાલિમે હવે પોતામાં યોગ્યતા
આવેલી દેખાડવા અંતરની મલિનતા ઉપર કૃત્રિમ શુદ્ધ વૃતિનો આડંબર
પાથરી, વખતોવખત તે છાનોછૂપો મહત્મા પાસે આવવા લાગ્યો

અને તે સાથે બીજી તરફ મઠમાં રહેતા મુક્તાનંદજીના માનીતા દેખાતા વૃષભાનંદને તેણે શામ, દામથી વશ કર્યો.

નિયમ છે, કે નશ્વર સત્તા, મહત્તા કે અધિકારમાંમસ્ત થયેલી વા ક્ષણિક સ્મૃદ્ધિના મિથ્યા અભિમાનનું પૂતળું બનેલી પામર વ્યક્તિ પાસેથી કંઇ અર્થસિદ્ધિ સાધવી હોયતો, પ્રથમ તેના અંતરભેદુ ક્ષુલ્લક સેવકને સાધવો જોઇએ; બહુશઃ તેનાથી ધાર્યું સિદ્ધ થાયછે. રાજ્ય-લોભમાં અંધ થયેલા અધમ જાલિમસિંહે મુક્તાનંદનો અધિકાર પણ આવો ક્ષણિકજ માન્યો અને તેણે મઠના સંચાલક જેવા મનાતા વૃષભાનંદને શામ અને દામથી સાધ્યો, કિંતુ મૂર્ખ જાલિમથી ન સમજી શકાયું, કે મહાત્મા મુક્તાદેવની ચિરમહત્તા મનુષ્યત્વ માટે જોઇએ તેનાથી આધક હતી. તે નશ્વર નહોતી, પણ કલ્પનાથી અગમ્ય મહત્તા, સત્તા, કે અધિકારમાં પ્રશમિત થવા હતી. વસ્તુતઃ સંપૂર્ણતાએ પહોંચેલા સંત પાસે બિચારા અપરાધી વૃષભાનંદની સત્તા કંઇજ નહોતી.

* * * * * *

વૃષભાનંદ તરૂણવયમાં આ મઠમાં આવી વસ્યો હતો. આજે તેનું વય પીસ્તાળીશેક વરસ સુધી પહોંચ્યું હતું, કિંતુ ઇચ્છા અનિ-ચ્છાએ પળાતા બ્રહ્મચર્યે અને વ્યવહારની ચિન્તાવિહીન જીવને તેને મસ્ત ગેંડા જેવો રાખ્યો હતો." વૃષભાનંદ" આ નામની વ્યાખ્યા તેને માટે તો યોગ્યજ હતી, કોઇક વખત ગાંઝાની ધૂનમાં તેનાં છાલકાં હૃદયમાંથી નીકળતી આત્મ કથાથી સમજાતું, કે તે એક બંગાળી બ્રાહ્મણ હતો. કાળા અક્ષરને તેણે કુટી માર્યો હતો, તેનાંમાં વિદ્ધતાના ઓધ વળ્યા હતા (?) તેણે ગૃહસ્થાશ્રમ માણ્યો હતો, પણ ગૃહદેવી અને

વ્યવ્હારનો તેના ઉપર પ્રકોપ થયો, વા સત્તાનો તેણે કંઇ અપરાધ કર્યો; પોતાના બચાવનું કઈજ અન્ય સાધન તેને ન દેખાયું. તો તેણે મહિમાવંતા કાષાઈ વેષનો આશ્રય સ્વિકારી, સન્યસ્થ ગૃહણ કર્યું; ગુરૂદેવે શિષ્યને વૃષભાનંદજી અભિધાન આપ્યું. દંડ અને કમંડળ લઇ, વૃષભાનંદજી ભરતભૂમિ ઉપર પરિભ્રમણ કરવા લાગ્યો, તેમાં એક વખત તેના જેવા તુંડ મિઝાઝી બાવા સાથે તે બાઝી પડયો, દંડ તે બાવાનાજ બરડામાં તેણે પુરો કર્યો. તેનાથી બાવો સ્વર્ગે સિધાવ્યો. વૃષભાનંદે ધર્મ અને રાજ્યનો વળી અપ-રાધ કર્યો, તેના સન્યસ્થનો અહિંજ પ્રતિ આવ્યો. ધર્મના અપરાધનો તો તેને ભય ન લાગ્યો, પણ રાજ્યશાસનની દૃષ્ટિથી પોતાનો અપરાધ છુપાવવા, વૃષભાનંદ અન્યવેષે અહિંથી ત્યા નાસ ભાગ કરવા લાગ્યો. એક અપરાધથી સઘળું ત્વજી વૃષભાનંદજી નાસ્યો તો , બીજો અપરાધ તેનાં ભાગ્યમાં સર્જિત હતો, તે તેણે કર્યો. અપરાધ કરી તે પકડાયો નહિં, પણ તે ત્યાંથી નાઠો. નાસ ભાગ કરતાં તેને કોઇ યોગ્ય (?) ગુરૂદેવનો ભેટો થઈ ગયો. માગી, ભીખી, રખડી, રવડી, સંચિત કરેલી વૃષભાનંદજીની સ્મૃદ્ધિ તે ગુરૂદેવ જમી ગયા અને વૃષભાનંદજીને પરમહંસની દીક્ષા આપી, દંડ, કમંડળની ઉપાધીથી મૂક્ત કર્યો. પરમહંસ વૃષભાનંદજી. રઝળતા, ભટકતા, વસંતપુર ભૂતનાથના આશ્રમમાં આવી પહોંચ્યા. સન્યસ્તાશ્રમ પછી વૃષભાનંદજીએ ઉચ્ચાશ્રમ ગ્રહણ કર્યો (?) પણ નામ તો સ્વૈચ્છાથી વૃષભાનંદજીજ રાખ્યું; તેને આ મહિમાવંતા (?) નામની કંઈ અજબ મોહિનીજ લાગી હતી. વૃષભાનંદ જે સમયમાં પ્રથમ વસંતપુર આવ્યો, તે વખતે ગેબીનાથ નામનો એક નાથસાધુ ભૂતનાથના મહં-

તનું પદ ભોગવતો ભૂતનાથના મઠમાં વસતો હતો. તેની સેવા તન તોડી વૃષભાનંદ કરવા લાગ્યો, એટલુંજ નહિ પણ વૃષભાનંદે ગેબીનાથને નવા ગુરૂ ધાર્યા, વળી તેણે નવો વેષ ભજવ્યો, તે નાથપંથી અવધૂત બન્યો. આવા અવનવા રંગો સૃજતાં પણ આજે વૃષભાનંદને આ મઠમાં આવ્યાં ખાસ્સાં બાવિસ વરસ વીતિ ગયાં હતાં, તે આ મઠનો સૌથી જુનો પુરાનો અવધૂત લેખાતો. પેટપુરતું અન્ન અને દેહ ઢાંકવા કોપિન વીના શ્રમે તેને અહિં મળતાં, તેમાં ગેબીનાથ જીવન લિલાથી નિવૃત્ત થયો, તેથી ગુરૂદેવના મૃત્યુપછી વૃષભાનંદ મઠનો મહંત બન્યો. વૃષભાનદે સ્વતંત્ર થતાં પોતાના જેવાઓને મઠમાં એકઠા કરી, ભૂતાવળ જેવી એક જમાત જમાવી, પણ તેની જમાતમાંના સઘળા ઉદ્દેશ હીણા નહોતા, ઘણાઓ સંસ્કારી હતા. અને જેઓ સંસ્કારી હતા, તેઓ ક્રમશઃ યોગ્ય થઇ વિશેષ ઉચ્ચ સંસ્કાર સ્વયં સંપાદન કરવા લાગ્યા. ત્યારે જુનાપુરાણા મહંતવર્ય વૃષભાનદજીના હાલહવાલ તો જે હતા તેજ રહ્યા. તેના અભિમાને તેનાં અંતરની મલિનતા અલ્પાવા નજ દીધી.

મુક્તાનંદજીના મઠમાં આવ્યા પછી પણ વૃષભાનંદનું ચલણ મઠમાં બીજાઓથી વિશેષ હતું, સર્વમાં સદ્ગુણ અને અવગુણનું અસ્તિત્વ તો ન્યૂનાધિક અંશે હોયછે જ. વૃષભાનંદ આવી યોગ્યતાનો માણસ હતો છતાં, તન મહેનત, સહનશિલતા અને વિનયથી બીજાનું મન આકર્ષિ લેવાની કંઇ અદ્ભૂત શક્તિ—સદ્ગુણ તેનામાં હતી. આ સદ્ગુણો મહાત્મા મુક્તાનંદજીએ વૃષભાનંદમાંથી શોધિ લીધા હતા. તેણે તેને પોતાની સેવામાં રાખ્યો. વૃષભાનંદ સાથે મઠમાં વસતા અન્ય સાધુઓનાં વર્તનો ઉપર મુક્તાનંદજીનું દુર્લક્ષ

નહોતું, પણ વૃષભાનંદ સિવાય બીજા બાવાઓના પરિચયમાં મહાત્મા ભાગ્યેજ આવતા. કોઇ વખત વસંતપુર બહાર ક્યાંઇ પ્રવાસ કરવાનો પ્રસંગ આવતો તો, તે સાથે વૃષભાનંદનેજ રાખતા. આવું જોઇનેજ જાલિમસિંહે વૃષભાનંદને મુક્તાનંદજીનો કૃપા પાત્ર કલપ્યો અને વિજયના યુદ્ધમાં ગયા પછી જાલિમે માનવ સાધનાના પ્રથમ અને દ્વિતિય તંત્ર "શામ અને દામ" પ્રયોગથી તેને પોતાનો કરી લીધો. મઠમાં મુક્તાનંદજી સાથે કોઇને કંઇ રાજદ્વારી વાત થતી તો વૃષભાનંદ છૂપાઇ સંતાઈ વાત સાંભળી લેતો; પહેલાં તે સાંભળેલું સઘળું જાલિમને કહેતાં મુક્તાનંદથી ડરતો, પણ હવે તેને અધમ જાલિમસિંહનો સંપૂર્ણ દુઃસંગ થયો હતો. જાલિમને વસંતપુરનું રાજ્યાસન મળેતો, વૃષભાનંદને રાજ્યમાં અધિકાર આપી, ગૃહસ્થાશ્રમિ બનાવવા જાલિમે આશા આપી હતી. તે આશાએ વૃષભાનંદનાં અંતઃકરણમાં વિકાળરૂપ લીધું. ધીમે ધીમે મુક્તાનંદજીનો ક્ષોભ અને ભય વૃષભાનંદનાં અંતઃકરણમાંથી ઓછાં થવા લાગ્યાં, તેમાં અનાયાસે શારદાદેવી મઠમાં આવી રહી. બસ ! પોતાને તપસ્વિ માનતા વૃષભાનદે પોતાની ઉગ્ર તપશ્ચર્યાનુંજ આ ફળ માની લીધું (?) પોતાના ભાવિ ગૃહસ્થાશ્રમ માટેજ આ સુંદરીને પોતાનાં દૈવે મઠમાં મોકલી માની, તે શારદાદેવી સાથે વૈભવ મહાલતો હોવાનાં સ્વપ્ન જોવા લાગ્યો. તેતો ઠીકજ પણ તે હૈયાફૂટા બાવાએ એક દિવ્યરંભા જેવી બાલા મુક્તાનંદજીના આશ્રયમાં આવી વસેલી હોવાનું કૂટીલ ગરાસિઆ જાલિમસિંહને કહી દીધું. પછી પૂછવું શું ! જાલિમસિંહે છૂપાઇ સંતાઇ, અનેક યુક્તિથી તે બાલિકાને જોઇ, તેનાં સૌંદર્યમાં જાલિમ મોહી પડયો અને તેજ સમ-

યથી જાલિમનાં રાજલોભ સાથે વળી એક બીજી ભીષણ કામના-ની વૃદ્ધિ થઇ.

વૃદ્ધ સંતના સંરક્ષણમાં રહી, સાધ્વિના આચરણથી કાળક્ષેપ કરતી કૃષ્ણગઢની રાજકન્યા મોહિની ઉપર પાપી જાલિમની વિષમ દૃષ્ટિ પડી. ત્યારે બીજી તરફ વૃષભાનંદ છાનોછૂપો બાલિકાની છેડતી શોધવા લાગ્યો. નિઃસત્વ વૃત્તિના વૃષભાનંદ અને દુરાકાંક્ષિ કૂટીલ જાલિમ-સિંહ વચ્ચે તે બાલા માટે ગુપ્ત સ્વાર્થની ખેંચતાણ ચાલી, પણ ઉભયનાં બાહ્ય વર્તન કંઇ જુદાંજ હતાં. બંને પરોપકારી બન્યા (?) વૃષભાનંદ જાલિમ માટે મોહિનીને વશ કરવા મથતો હોવાનું કહેતો હતો, ત્યારે વૃષભાનંદ સાથેની પ્રત્યેક વાતના આરંભમાં વૃષભાનંદ અને તે નૂતન બાલાનો ગૃહસ્થાશ્રમ ચાલતો જોવાની જાલિમ જીજ્ઞાસા દેખા-ડતો હતો.

મોહિનીએ મઠમાં નિવાસ કર્યા પછી મુક્તાનંદજીએ તેનું નામ શારદાદેવી રાખ્યું હતું. મઠના સઘળા બાવાઓ શારદાદેવીને શારદા મૈયાના નામથીજ સંબોધતા હતા. શારદાદેવીને મઠમાં આવ્યા લગ-ભગ એક માસ થવા આવ્યા હતા, છતાં મઠના બાવાઓમાંના કોઇ-નેજ આ બાલિકા સાથે શબ્દ પણ ઉચ્ચારવાનો પ્રસંગ પડયો હશે. માત્ર વૃષભાનંદ મહાત્માની સેવામાં રહેતો હોવાથી શારદામૈયાને વખતોવખત તેના સંસર્ગમાં આવવું પડતું હતું, પણ તે અધમ વૃત્તિના બાવાની આંખો અને વાણિનો વિકાર ચતુરાએ તેની સાથેના અલ્પ પરિચયથીજ જોઇ લીધાં હતાં. તેનાં મલિન અંતરની કુનિ-ષ્ઠાઓ તે કળી ગઇ હતી; પણ તે સાથે બાલા હવે સચેત થઇ ગઇ હતી.

વૃષભાનંદનાં આ વર્તનથી મુક્તાનંદજી અજાણ્યા રહ્યા નહોતા, પણ કસોટિ વીના શુદ્ધ સુવર્ણની પરિક્ષા શું ? પ્રબળ અગ્નિની જવાળાઓમાં આતપ્ત થયા વીના સુવર્ણની શુદ્ધિ શી રીતે હોઈ શકે ! અનુભવી સંતના આ સિદ્ધાંતો હતા. શારદાદેવીની વિશુદ્ધિ કસોટિએ ચડવા દેવીજ હતી, બાલિકાનાં ગૌરવનું રક્ષણ બાલિકાથીજ થતું મહાત્માને જોવું હતું. તેથી વૃષભાનંદના દુર્વર્તન ઉપર પોતાનું દુર્લક્ષ હોય તેમ તે આડી દૃષ્ટિથી સઘળું જોતા મૌનપણે સહી રહેતા હતા. ત્યારે પાપીઓનાં અપૂર્ણ પાપોને પૂર્ણ થવા દઇ, તેના મુદ્દાઓ મેળવવા મુક્તાનંદજીએ આગળથીજ છૂપી તૈયારીઓ કરી. બીજી તરફ શારદાદેવીના સાહસનુ પરિણામ શારદાદેવીને ઉપજાવી દેખાડવા અને તેના ઉપર વિપત્તિ વરસેતો તેનાં અંતર્ સંસ્કાર માટે અંતિમ ક્ષણ સુધિ વરસવા દઇ, અંતિમ નિમિષે તેનુ રક્ષણ કરી લેવા મહાત્માએ ગૂપ્ત તંત્રો તૈયાર રાખ્યાં હતાં.

સારદાદેવી દિવસમાં એક કે બે વખતજ પોતાને રહેવાના માળ ઉપરથી નીચે આવતી હતી મુક્તાનંદજી પાસે હંમેશાં પ્રભાતમાં તે ગીતાનું અધ્યયન કરતી. માહાત્મા એક એક શ્લોકનું વિસ્તારથી પ્રવચન કરી, બાલિકાનાં ક્લિષ્ટ અંતર આતાપનાં શાન્તવન માટે પ્રયત્ન કરતા હતા. શારદાદેવીના અલ્પ પરિચયેજ મહાપ્રાણુ મુક્તાનંદજીને વિસ્મિત કર્યા હતા. તેનામાં ઓજાતિથી કંઇ વિશેષ મુક્તાનંદજી જોઇ શકયા હતા. બાલિકા એક પાશ્ચિમાત્ય ગૌરાંગ રમણીના સંસર્ગ અને શિક્ષણમાં ઉચ્છરેલી હતી, છતાં તે પાશ્ચિમાત્ય ગૌરાંગ રમણીના અયુક્ત સ્વાતંત્ર્ય સંસ્કારો બાલાનાં અંતરૂમાં અવકાશ મેળવી શકયા નહોતા. શારદાદેવી રાજપૂત કન્યા

હતી, તેમાં હવે તે કિશારવયના વ્યતિક્રમ કરી નવયૌવનમાં પ્રવેશતી બાલા હતી, તોપણુ નવા ઝમાનાના નવા વિચારોવાળા તેના પિતા સરદાર સામંતે પુત્રિને જુની કઠીન મર્યાદારૂઢીથી નિમૂક્ત રાખી હતી. એટલુંજ નહિં, પણુ સરદાર સામંત જ્યારે દેશવિદેશની મુસાફરીએ નીકળતા ત્યારે પોતાની વ્હાલી પુત્રિ શારદાદેવીને (મોહિની) સાથેજ રાખતા, અને હજી પણુ સામંતને તેજ નિયમ હતા. બાલિકાએ પિતા સાથે દેશપરદેશનું પર્યટન બહુ કર્યું હતું આવાં પર્યટનો કરતાં અનેક રાજવંસિય, ભવ્ય અને ગુણિ પુરૂષોના પરિચયમાં કે સહવાસમાં શારદ દેવીને બહુ વખત આવવું પડયું હતું, છતાં તે સુંદરીનાં અંતરૂની દિવ્યતાએ તેને વિકારવિહીન રાખી હતી. ભવ્ય દેખાતા ઝમાનાના સુધારાના સડો તેનાં અંતરૂને લાગ્યોજ નહોતો. બાલિકા સાથેના અલ્પ સહવાસથી મુક્તાનંદજી બાલામાં આ વિશેષતા કે દિવ્યતાનું દર્શન કરી શકયા અને તેજ રમણીયતા કે સરળતાએ પ્હાડી સંતને વિસ્મિત કરી નાંખ્યા હતા.

શારદાદેવીને કંઇ શિક્ષણુ આપવા મહાત્માની જીજ્ઞાસા હતી, પણુ એક તરૂણીને શિક્ષણુ શેનું જોઇએ ? એક આદર્શ ગ્રહદેવી થવા શક્તિ પોષનારાં વ્યવ્હાર અને કર્તવ્યનાં સુત્રોના સંસ્કાર સિવાય એક કિશોરી કે નવયૌવના બાલા માટે બીજા કયા સંસ્કારો ઉત્તમ હોય ? મહારાજ મુક્તાનંદજી યૌવનવતી કુમારીકા માટે બીજું કંઇજ શિક્ષણુ યોગ્ય વિચારતા નહોતા, તેણે શારદાદેવીને એક ઉત્તમ ગ્રહિણીના ધર્મ રહસ્યોનું સંપૂર્ણુ જ્ઞાન આપવાના નિશ્ચય કર્યો અને તેની કંઇક શરૂઆત પણુ થઇ ચુકી હતી, પણુ અનાયાસે એક પ્રસંગ એવોજ ઉપસ્થિત થઇ ગયો, કે મહારાજને પોતાનો અંતરૂ ઉદ્દેશ ફેરવવો પડયો.

મહાત્મા મુક્તદેવે નિત્યક્રમ યોજ્યો હતો, કે હમેશાં પ્રભાતમાં ધ્યાન મૂક્ત થયા પછી, થોડો વખત વ્યાયામ લઇ, શારદાદેવીને પોતાની પાસે બોલાવી મઠનાં રાધાકૃષ્ણ માટે પુષ્પના હારો ગૂંથવા બેસાડતા. હારનું માત્ર નિમિત્તજ હતું, પણ તેમ કરવાનો ઉદ્દેશ ઉપરોક્ત શિક્ષણનોજ હતો. બાલિકાને પોતાની પાસે બેસાડી, કંઇ અવનવી વાત કાઢી તે બાલાનાં ચારિત્ર્યનું તારતમ્ય શોધિ લેતા, તેવી વાતોના પ્રસંગો લાવી શારદાને ઘટતું કહેતા અને અનેક ઉદાહરણોથી તેનાં અંતઃકરણમાં વ્યવ્હારીક અને ધાર્મિક વિચારો સુદૃઢ કરતા. હજી આવા એક ક્રમની થોડાજ દિવસથી શરૂઆત થઇ હતી, એટલામાં એક પ્રભાતે એક જુદીજ ઘટના મહાત્માની દૃષ્ટિએ પડી. નિમ્નલિખીત ઘટનાએ શારદાદેવીનાં હૃદયનું એક ગુપ્ત અને આવશ્યક પ્રકરણ મહારાજની દૃષ્ટિસમિપ આણી મૂક્યું.

આજે કંઇ મોડું થયું હતું. મહાત્મા નિત્યનિયમથી નિવૃત થઇ, શારદાદેવીની માર્ગપ્રતિક્ષા કરતા બેઠા. શારદાદેવીને નીચે આવવાનો વખત થઇ ગયો હતો, તે વખત ઉપર બીજો અર્ધોકલાક વીત્યો, પણ શારદાદેવી આજે મહારાજ પાસે હમેશપેઠે નજ આવી. અરે ! આખો એક કલાક ચાલ્યો ગયો. મુક્તાનંદજી સારદામૈયાની રાહ જોતાજ બેસી રહ્યા, કિંતુ બાલિકા નીચે નજ આવી. માળ ઉપર ચાલતાં થતો પદરવ પણ આજે તો ન સંભળાયો. “ બેટા સારદે ! ” બહુ સમયનાં ધૈર્ય અને માર્ગ-પ્રતિક્ષા પછી મુક્તાનંદજીએ શારદાને સંબોધિ. ઉત્તર ન મળ્યો. મુક્તાનંદજી શારદાદેવીને ઉચ્ચ સ્વરે બોલાવે અને તેનો ઉત્તર વિનયશિલ સાત્વિ શારદાદેવી ન આપે, તેવું મહારાજે આજે પ્રથમજ અનુભવ્યું. પુનઃ હાક મારી “ શારદા ! ” ઉત્તર કંઇજ નહિં. મહા-

રાજને સંશય થયો. " શારદે ! " ત્રિજી વખત મોટે સ્વરે મહારાજે હાક મારી. જવાબ નહિંજ. " અરે આનું કારણુ ? " મહારાજથી અંતરનેજ અંતર્ગત પ્રશ્ન પૂછાયો. તે હવે વધુ વ્હેમાયા હતા. શારદાદેવીના મઠમાં આવ્યા પછી, તે એકાદ વખત માળ ઉપર મહાશ્રમે ગયા હશે, ઉપર જવાનું તે વૃદ્ધ સંતને કંઇ તેવું પ્રયોજનજ નહોતું, પણુ આજે શારદાદેવીને નિરૂત્તર જાણી, તે સંતને તેના તર્કવિતર્કે ગભરાવ્યા. માળ ઉપર જવા હવે તેનામાં શક્તિ રહી નહોતી, છતાં તે શારદાદેવીની સંભાળ લેવા માળ ઉપર જવા ચાલ્યા. તેનામાં આતુરતા અને સંશયે શક્તિ પ્રેરી. એક તરૂણ પેઠે ઉતાવળા દાદર ચડી તે માળ ઉપર જઈ પહોંચ્યા. " અરે ! ઘેલી ! આ વળી શું ઢોંગ આદર્યો ? " માળ ઉપર જઇ, ત્યાંનો શારદાદેવીનો ક્રમ જોતાં મહારાજનાં મુખમાંથી ધિમા શબ્દો સરી પડયા.

પરિચ્છેદ ૨૬ મો.

સંદિગ્ધ વર્તમાન.

અહા ! પૂરાં પ્રેમી, નહિં નહિં નિહાળે સ્વરૂપને,
દિલોના ઝ્હારો તો, અવિરત ઉછાળે ભભુકશે.
ન તે દૈવી તેજસ્, સ્થૂલ નજરને ગોચર બને,
પ્રતિચ્છાયા એ તો, અગમ ગરમીની જન વિષે;
ગણેના પ્રેમીલાં, બાહિર ભપકા જે જગત્‌ના,
સદા નાચે તેતો, અગમ દુનીયાના ઉદધિમાં.

(કાવ્યદેવી)

આજે શારદામૈયાએ માળ ઉપર કંઈ ઓરજ રંગ જમાવ્યો હતો. મહારાજ માળ ઉપર ગયા તે વખતે એક દર્ભાસન ઉપર તે ધ્યાનસ્થ થયેલી હતી. આડંબર યોગસિદ્ધ યોગિનિ જેવોજ રચ્યો હતો; વાયુમાં ફરકતો તેનો મૂક્ત કેશ કલાપ, મિંચાયેલાં નયનો, સુંદર મુખાર્વિંદ ઉપર સ્થિર રહેલું અપ્રતિમ ગાંભિર્ય અને સિદ્ધાસન રાખી સ્થિર બેસવાની છટા. આ દસ્ય કંઇ અનુપમ હતો. મહાત્મા તે જોતા શારદાદેવી સામે સ્તબ્ધ થઈ ગયા. અરે ! પણ અંતરૂ વિહારી મહાપ્રાણને બાહ્યદૃષ્ટિ બિન્દુની અપેક્ષા

-શી ? શારદાબેયા આજે કંઇ અદ્‌ભૂત વીધિ આદરી બેઠી હતી. પોતે ધ્યાનસ્થ દેખાતી હતી. ખરેખર તે દેહભાન ભૂલી હતી, પણ પોતાની સામે એક રેશમી રૂમાલ બિછાવી તેના ઉપર એક તેજસ્વિ રત્ન મૂદ્રિકા મૂકેલી હતી. તે જડ મૂદ્રિકા ઉપર ધૂપદિપનો વીધિ ચયો હતો. હજી તે મૂદ્રિકાપૂજન એટલેથીજ પરિપૂર્ણ થયું નહોતું, તેને સુવાસ સાથે સુશોભિત કરવા મૂદ્રિકાની આસપાસ બાલાએ સુગંધિ પુષ્પોની માળાનું એક નાનું વર્તુલ સુયોજ્યું હતું. ચક્ષુઓ મિંચિ બેઠેલી શારદાદેવી સામે બહુ સમય ઉભા રહી મહારાજે મૌનતાથી સઘળો ક્રમ જોયા કર્યો. અને ત્યાંસુધી શારદાનાં ચક્ષુઓ નજ ઉઘડયાં. ત્યારે મુક્તાનંદજીએ પોતાનું માળ ઉપરનું આગમન શારદાદેવીને નજ જણાવવું યોગ્ય વિચાર્યું તેણે શારદાને જાગૃત કરવા પ્રયત્ન ન કર્યો. તે અંતર્ગત વિચારતા થોડી ક્ષણો ધ્યાનસ્થ બાલિકા પાસે ગૂપચૂપ ઉભા રહ્યા. " આ ક્રમ કયો ? મૂર્તિપૂજક સૃષ્ટિનો વળી આ એક નવિન વિધીજ–' અંતર્ સાથે વાત કરતા ઉભેલા મુક્તાનંદજીની દૃષ્ટિ રત્ન મૂદ્રિકાનાં તેજસ્વિ રત્ન ઉપર ઠરી. તેણે કંઇ શોધિ કાઢયું, દૃષ્ટિની સ્થિરતા જેમ વધુ લંબાઇ, તેમ મહારાજ વધુ વિસ્મિત થતા ગયા. " અરે ! પણ આ મૂદ્રિકા મેં યુવરાજ વિજયકુમાર પાસે બહુ વખત જોઇ છે, પણ તે વિજયનીજ કેમ માની શકાય ?...જગત્ ઉપર તેવાં રત્નો અનેક હોય " આવી શંકાઓ અને તર્કવિતર્ક મહાત્માનાં અંતઃકરણમાં રમી ગયાં. મનનો સંશય મટાડવા તેણે ધિમેથી નીચે બેસી, પુષ્પમાળાના વર્તૂલમાંથી રત્નમૂદ્રિકા હાથમાં લીધી અને તેનું બહુજ સુક્ષ્મ નિરક્ષણ કરી, તે હતી તેમજ પુષ્પમાળાનાં વર્તૂલમાં પાછી મૂકી દીધી.

મનનું કુતૂહલ શમ્યું. વિંટી વિજયકુમારનીજ હતી, સંતે સાચો નિશ્ચય કરી લીધો. તે સાથે શારદાદેવીનું હાર્દ પણ મહારાજની અંતરૂદૃષ્ટિ પાસે પારદર્શક થઇ ગયું. પિતાને ત્યજી મુંબઇથી વસંતપુર શારદાને છટકી આવવાનું સત્ય કારણ મહારાજે કળી લીધું. હમણાંતો તેજ સ્થિતિમાં તેને રહેવા દઇ, મુક્તાનંદજી નીચે આવ્યા: આ સઘળું થોડી ક્ષણોમાં બની ગયું, કિંતુ નિસ્તબ્ધ થઇ બેઠેલી શારદામૈયા પાછળથી પણ તેમાંનું કંઈ ન જાણી શકી.

વિષમ પ્રણયપથની પ્રવાસિનીને હવે તે વિચક્ષણ સંતે પીછાની લીધી, તેનાં પ્રણયબિન્દુને સાધુના તર્કોએ શોધિ લીધું. આ ઘટના પછી મનના સંદેહનું પ્રશમન કરવા, વસંતપુરના યૂવરાજ વિજયકુમારની વાતોના પ્રસંગો વખતોવખત શારદામૈયા પાસે મૂકી મુક્તાનંદજીએ કેટલુંક વધુ રહસ્ય જાણી લીધું. વિજયકુમારની વાત સાંભળી, અંતર્ છૂપાવવા યત્ન કરતી બાલિકાનાં મુખારવિંદ ઉપર તરવરી આવતી સ્વાભાવિક લજ્જા અને અવ્યક્ત વ્યથા મહારાજે જોઇ લીધી; અર્થાત્ આવા અનેક પ્રયત્નોથી શારદાદેવીનાં ગંભીર હાર્દમાંનું પ્રણય તત્વ ખ્હાડી સંતે શોધી લીધું. હવે વધુની આવશ્યક્તા નહોતી, સઘળું સમજાઇ ગયુ.

સમરવિહારી યોદ્ધાના જીવનનો જવાબદાર અખિલબ્રહ્માંડનો સૃષ્ટા પણ નજ હોઇ શકે, તો મુક્તાનંદજી વર્તમાન રણક્ષેત્રનાં અનિવાર્ય ધમસાણોની પરિસ્થિતિ જાણતા હતા. આવાં અદમ્ય કરાળ ધમસાણોનાં પ્રબળ મુખમાંથી જે પાછો પડી આવી, સ્વજનોને ભેટે તેજ જગત્ ઉપર જીવ્યો કહેવાય. મહારાજની આવી માન્યતા હતી. વળી એક નિયમ છે, કે વ્યક્તિનું પ્રિય વ્યક્તિ તેની

પાસેથી પરોક્ષ થતાં, તેનાં અધિરાં મનને પોતાનાં પ્રિયનાં અનિષ્ટનાજ ભણુકારા લાગેછે. તેના ઉપર અનેક વિપત્તિઓ વરસતી કલ્પિ વિયોગિ મન ક્લિષ્ટ થતું વિયોગ વ્યથા સહેછે. વિજયકુમાર ઉપર પહાડી સંતનો સ્નેહ અનિવાર્ય હતો, પણ તે સ્નેહને અંતરૂમાં આવરવા કે સંકોચવા તેનાં અલૌકિક સંતત્વમાં સંપૂર્ણ શક્તિ હતી, છતાં તે માનુષિ પ્રકૃતિથી નિર્મૂક્ત રહી શકયા નહોતા. વિજયને સંગ્રામક્ષેત્ર ઉપર ઝુઝતો, વીરતા દાખવતો, ઘવાતો, અને સર્વની અંતે વીરશૈયાએ પોઢતો મહારાજ મનના વિતર્કોની દૃષ્ટિથી જોયા કરતા હતા. આવા અનિષ્ટ વિતર્કોને નિવૃત કરી, વિજયનાં શુભ ચિન્તન માટે તે મનને પ્રબળ સંયતમાં રાખવા મથતા હતા, છતાં તેના વિતર્કો આવાં અનિષ્ટ દસ્યો રચી, સાધુની અંતરૂદૃષ્ટિ સામે ખડા કરતા હતા. વિજયકુમાર સંગ્રામક્ષેત્ર ઉપરથી કૃતકાર્ય થઇ, વસંતપુર પાછો આવે, ત્યારેજ આવ્યો અને જીવ્યો કહેવાય. તો, કરાળકાળના મુખમાં જઈ બેઠેલા તે રાજપુત્રમાંજ તન્મય થઇ, લોકલજ્જાની પણ સ્પૃહા ન કરનાર, ઉગ્ર તપશ્ચર્યા આદરી બેઠેલી શારદાદેવી (મોહિની) ને વ્યવ્હાર ધર્મનુ શિક્ષણ શું ઉપયોગનું ? તેનેતો માત્ર તેનાં પ્રેમાતમ વિયોગ વ્યથાથી રીબાતાં અંતરૂની શાતાનીજ અપેક્ષા હતી અને તે શાતા તત્ત્વજ્ઞાન સિવાય અન્યમાં સંભવાનય નથીજ. મુદ્રિકાપૂજન વાળી ઘટના પછી ઉપરોક્ત ઉદ્દેશથી વ્યવ્હાર કર્તવ્યોનાં શિક્ષણને તિલાંજલિ આપી, શ્રીમધુસુદને મોહથી હતશૌર્ય થયેલા મહાબાહુ અર્જુનને આપેલાં તત્વબોધનું શિક્ષણ મહાત્માએ શારદાદેવીને આપવા માંડયું. પરમ મોક્ષ પથ બોધિની (શ્રીમદ્ ભગવદ્ગીતા) નું રહસ્ય સમજાવવાની શરૂઆત કરી. શારદાદેવીની જ્ઞાનગમ્ય

બુદ્ધિ તેમાંથી કંઇ શાતા શોધવા લાગી, સર્વ કરતાં તેને આ શિક્ષણ રૂચ્યું.

આ ક્રમ ઊપર પણ કેટલાંક અઠવાડીઆં વ્યતિત થઇ ગયાં હતાં, તે પછી આજે પ્રભાતનો પહેલો પહોર પણ હજી વીત્યો નહોતો. ઘોર શર્વરીના અવ્યાહત્ અધિકારમાં સપડાયેલી સૃષ્ટિદેવીને શાન્ત અને ભયંકર સત્તામાંથી નિર્મૂક્ત થયાં હજી જાજો સમય થયો નહોતો. આ વખતે મહાપ્રાણ મુક્તદેવ પોતાના નિત્યનિયમથી નિવૃત થઇ, શારદાદેવીને પાસે બેસારી ગીતાનું પ્રવચન કરતા હતા. વૃષભાનંદ સિવાય અન્ય બાવાને શારદામૈયા મહાત્મા પાસે હોય તે વખતે ખંડ તરફ જવા પ્રતિબંધ હતો,આ પ્રતિબંધથી વૃષભાનંદ નિર્મૂક્ત હતો, પણ તે અત્યારે ભૂતનાથનાં પૂજન માટે શિવસદનમાં ગયો હતો. મહારાજ શાન્તિથી શ્લોકોના એકએક શબ્દનું રહસ્ય સમજાવતા બોલ્યા.

"બેટા ! મૃત્યુ જેવું કંઇ છેજ નહિં, તેવું જે કંઇ દેખાયછે, તે માત્ર મોહાંધ જગતની સ્થૂળદૃષ્ટિ અને અજ્ઞાનનો વિભ્રમ છે. વસ્તુતઃ વિનાશ કશાંનો છેજ નહિ; પણ—

" नैनं छिन्दन्ति शस्त्राणि,नैनं दहति 'पावकः આ શ્લોકથી આત્માનાં અવિચ્છિન, અજર અને અમરરૂપનું આપે વિવરણ કર્યું હતું. વળી આપ હમણાંજ ઉચ્ચારી ગયા, કે વિનાશ કશાંનો છેજ નહિં. તો મૃત્યુ જેવો ભયાવહ્ ધર્મ પ્રણુવિ જીવનોને વિયોગ વ્યથાથી દુઃખી કરવા શા માટે હશે ! " મહારાજનાં પ્રવચનને ધ્યાનથી સાં-

બળતી શારદામૈયાએ વચ્ચમાંજ અંતર્ કષ્ટમાંથી ઉદ્ભવેલી આશંકા મહારાજને વિદિત કરી.

" પુત્રિ ! મેં સાચુંજ કહ્યુંછે. તું તેનું સંપૂર્ણ રહસ્ય આગળ જાણીશ, પણ શંકાના નિવારણ માટે હમણાં હું તને ટુંકામાંજ સમજાવીશ. એક સિદ્ધ સૂત્રછે, કે રૂપ અને નામની જેને ઉપાધિ હોયછે, તેવું બ્રહ્મસૃષ્ટિમાં જે કંઇ હોય અને સંભવનિયછે, તેની સ્થિરતા કદી પણ અવિચ્છિન હોઇ શકેજ નહિ. આપણિં સ્થૂળ દૃષ્ટિ જે સ્થિરતા જુએછે, માનેછે તે માત્ર સભ્રમછે. વસ્તુના અસ્તિત્વ પછી અભાવ વા અભાવ પછી સદ્ભાવ જોવો તે સ્થૂળ દૃષ્ટિ અને અજ્ઞાનનો એક પરિપાઠ છે. આવા અભાવ અને સદ્ભાવને અજ્ઞાન ઉદ્ભવ અને વિનાશ માનેછે, પણ પુત્રિ !......વાસ્તવિક રીતે તો તેમાંનું કંઇ સાચું નથી. સ્થૂળ દૃષ્ટિ અને બુદ્ધિને દેખાતો ઉદ્ભવ કે અભાવ માત્ર પંચમહાતત્ત્વોનાં સયોગ અને વિયોગનીજ રમતો છે. ત્યારે જગત્માં જે કંઇ સ્થૂળ દેખાયછે, તે પંચમહાતત્વો સિવાય બીજું કશુંએ નથી. પ્રાણિમાત્રના દેહો તેનાજ બનેલાછે, તે દેહનાં પંચતત્ત્વો વિયોજાઇ જ્યારે મૂળરૂપમાં મળી જાયછે, ત્યારે અજ્ઞાન અને સ્થૂળ દૃષ્ટિને તે નષ્ટપ્રાયઃ થયેલો દેખાયછે, પણ ખરૂં-જોતાં તેવું કંઇ પણ થયેલું હોતું નથી......હા જે થયું હોયછે, તે માત્ર એટલુંજ કે, પંચતત્ત્વજન્ય દેહના તત્ત્વોનું વિયુક્તિ કરણજ. અર્થાત પંચમહાતત્ત્વોમાંથી સર્જાયેલાં સ્થૂળ શરીરનાં તત્ત્વો જ્યારે એક બીજાંમાંથી જુદાં પડી, પોતાનાં મૂળરૂપમાં વિલિન્ન થઇ જાયછે, ત્યારે સ્થૂળ દૃષ્ટિ અને બુદ્ધિને આ જગત્માંથી દેહ વિલુપ્ત થયેલો જણાયછે, પણ તેથી તેમ ન કહેવાય

કે તે વસ્તુને સદાને માટે વિનાશ થયો છે. જે વિનાશ પામ્યું દે-ખાય છે, તે વિનાશ પામ્યા પછી પણ હોય છેજ, કિંતુ એક બીજાં-માંથી વિયુક્ત થઇ, સુક્ષ્મરૂપે તેનાં મૂળ તત્ત્વોમાં તે જઇ મળે છે, તેને આપણે વિનાશ માનીએ છીએ અને આવો વિનાશ દસ્યાદસ્ય વસ્તુ માત્રનો છે.

वासांसि जीर्णानि यथा विहाय
नवानि गृह्णाति नरोऽपराणि ।
तथा शरीराणि विहाय जीर्णा
न्यन्यानि संयाति नवानि देही ॥

આ શ્લોકમાં મધુસુદને મૃત્યુ કે નાશ શબ્દનો પ્રયોગ કર્યો નથી, પણ કહ્યું છે, કે પ્રાણિનાં પ્રારબ્ધ પૂરાં ભોગવાઇ રહેતાં, આત્મા જૂના દેહને ત્યજી દઇ, નવાં કર્મોથી બધાએલાં પ્રારબ્ધને અનુસાર નવાં વસ્ત્રો પેઠે નવો દેહ ધારણ કરે છે. માત્ર—

" દિવાન સાહેબ આપનાં દર્શન માટે આતુર છે " શારદા-બૈથા મહાત્મા પાસે હોય, એટલો વખત વૃષભાનંદ સિવાય તે ખંડ તરફ કોઇ પણ બાવાને આવવા આજ્ઞા નહિં છતાં, એક બાવાએ મહાત્માના ઓરડાના દ્વારમાં આવી વિનયથી કહ્યું.

" બ્હેન ! હમણાં ઉપર જા ! આપેલા પાઠનું મનન કર !" મુક્તાનંદજીએ શારદાને માળ ઉપર મોકલી, દિવાનને ઓરડામાં તેડી આવવા બાવાને ફરમાવ્યું.

વૃદ્ધ દિવાન સુંદરદાસે મુક્તાનંદજીના ખંડમાં આવી, મુક્તા નંદજીને પ્રણિપાત કર્યા.

" પધારો અમાત્ય સાહેબ ! આજે તો અત્યારમાં આ ઝુંપડી તરફ ?—

" હાજી ! આપના પવિત્ર ચરણાર્વિંદના સ્પર્શ માટે......અને સાથે કંઇ નિમિત્ત તો ખરૂં જ તો." અમાત્યે ઉત્તર આપ્યો, પણ સ્વરમાં ઉદ્વિગ્નતા હતી. મહાત્માએ સુંદરદાસના મુખ સામે જોયું; થોડી નિમિષો દૃષ્ટિ તેનાં મુખનું નિરક્ષણ કરતી ઠરી, દિવાનનું મુખ સ દેહ ઉદ્વિગ્નતા અને કષ્ટથી ક્લિષ્ટ હતુ.

" દિવાનજી ! કહો ! કેમ અત્યારમાં અહિં પધારવુ પડયું ?" કંઇક આતુરતાથી મહાત્માએ દિવાનનુ અંતઃકરણ વાંચી લેતાં પૂછ્યું.

" પ્રભુ ! શું કહું ? કેમ કહેવાય ? કીધા વીના ચાલે તેમ નથી." અમાત્યે આસપાસમાં કોઇ હોવાના સંશયથી દૃષ્ટિ ફેરવી.

" કહો ! તેવી કંઇ ઉપાધીનો ભય અહિં નથી." મહારાજે સુંદરદાસનો સંદેહ કળી જતાં કહ્યુ.

" મહારાજ ! વસંતપુરની રાંકડી રૈયતનાં નશિબ ફુટી ગયાં. ...વૃદ્ધ મહારાજાનું મોત બગડયું...આજે સવારમાંજ લંડનથી આ તાર"—સુંદરદાસનો સ્વર બોલતાં રૂંધાયો, તે પૂરૂં બોલી ન શક્યો. અંતર્ ભાર ન સ્હેવાયો, હિબકાં ખાતાં તેનાથી રડી પડાયું.

" સુંદરદાસ ! વિપત્તિ વખતે ધૈર્ય હારી આવુંજ કરશો તો, મહાપ્રાણ અને પામર વચ્ચે અંતર શું ? તમે સુજ્ઞ છો. ધિરજ રાખો !......શું ? વિલાયતથી વિજુભાના કંઇ ખબર આવ્યા છે ?"

" હાજી ! તે આ રહ્યા." સુંદરદાસે વિદ્યુત સદેશાવાળો

પત્ર ખિસ્સામાંથી કાઢી મહારાજના પગ પાસે મૂક્યો.

" મુક્તાનંદજીએ કાગળ હાથમાં લઇ જોયો. ઇંગ્રેજી શબ્દો નીચે તેનું ગુજરાતી ભાષાન્તર હતું, તે તેણે વાંચ્યું.

વિજયકુમાર ઘવાયા હતા...પાછળથી પત્તો મેળવતાં જણાયું છે, કે વિજયકુમારનું ખેદ કારક મરણ નિપજ્યું છે.

તારમાં આ પ્રમાણે લખેલું હતું, ત્યારે લખનાર વિજયકુમાર સાથે જનાર વિજયના કૃપા પાત્ર ખવાસનું નામ હતું. તારમાં લખાયેલું નિશ્ચયવાળું તો નહોતુંજ. મહારાજે તાર વાંચ્યો, એક વખત વાંચ્યો, પાંચ વખત વાંચ્યો. અરે ! બહુ વખત વાંચ્યો, બહુ વિચાર્યું, પણ તેમાંથી વધુ કંઇજ ન શોધિ શકાયું.

" અમાત્ય ! આમાં સાચું શું સમજવું ? " ટેલિગ્રાફ સામે બહુ વખત ચક્ષુઓ સ્થિર રાખી, વિચારતા મુક્તાનંદજીથી એક દીર્ઘ નિઃશ્વાસ પાછળ બોલી જવાયું.

" પ્રભુ ! આપનાથી હું વધુ શું સમજી શકું ! "

" આ તારની વાત ગામમાં ફેલાઇ છે, કે ? " પ્રશ્નમાં આતુરતા હતી.

" નાજી ! તાર માસ્તર ધીટ અને અનુભવી છે. તાર મહારાજાના નામથીજ લખાયેલો છે, છતાં તેણે ડહાપણથી તાર મારા ઉપરજ મોકલ્યો છે. અને તે તાર મને મળતાંજ તે વાત બહાર ન પાડવા મેં તેને તાકીદ કરી છે.

" દિવાન ! ખરેખર તમારા ડહાપણની વિશાળતા આ વખતેજ પ્રત્યક્ષ થઇ છે. હમણાં માત્ર જે કરવાની જરૂર હતી, તે તમે

કરી ચૂકયા છે. હવે તમે જાતેજ એક કામ કરો ! લંડન વૉર ઑફિસ ઉપર તાર કરી આ વાતનાં સત્યાસત્યનો ઉત્તર માગો ! તાર માસ્તરને સઘળી વાત છૂપી રાખવા સમજાવજો ! એટલે સઘળું સચવાશે. સાથે તેની સેવાનો કંઈ બદલો ”......

“ ત્યારે તારની વાત મહારાજાને વિદિતતો કરવીજ ને ? ”

“ કહેવીજ જોઇએ, તમે ન કહો તો કોઇ બીજા ભયંકર રૂપમાં કહે......વાત આપણે અને તાર માસ્તર સિવાય કોઇ નહિંજ જાણતુ હોય. જો આપણે આવુજ માનીએ તો આપણે ડહાપણ ભૂલ્યા કહેવાઇએ. દિવાન ! વાયુ પણ વાત સાંભળી બીજાને કહે છે. તેતો તમે જાણો છો, પણ સાચું બહાર પાડવા હજી વખત છે. ખાત્રી કરો ! નિયમ વિનાની કલ્પિત વાતો ગામમાં ફેલાય તે કરતાં યૂવરાજ ઘાયલ થયા હોવાની વાત લોકોમાં ફેલાવા દો ! સાચું મહારાજાને ધૈર્ય અને યુક્તિથી સમજાવજો ! ઉતાવળ થશે તો, તેનું વૃદ્ધ હૃદય વાત સાંભળતાં ફાટી જશે. ”

“ મહારાજ ! તાર માસ્તરને હું મળીશ, વિલાયત તાર કરીશ, આપની આજ્ઞા અનુસાર સઘળો બંદોબસ્ત કરીશ, પણ પ્રભુ ! મહારાજા પાસે આ હૃદય વેધક વાત કહેવા મારી જીભ નહિંજ ઉપડે......મહારાજાને આ વખતે તે બાબત કંઈ કહેવા, કે સમજાવવા મારામાં શક્તિ નથી, માટેજ હું તાર મળતાં પ્રથમ આપની પાસે આવ્યો છું......એટલું આપનાથીજ થઇ શકે તેમ છે. હું હમણાં ગામમાં જઇ આપને માટે ગાડી મોકલું છું. આપ મહારાજા પાસે પધારજો ! હું તે વખતે ત્યાં હાજર રહીશ. ”

મહારાજે થોડી ક્ષણો મૌનતાથી કંઈ વિચાર્યું. સુંદરદાસને જવા આજ્ઞા આપી અને પોતે મહારાજા પાસે જવા નિશ્ચય કર્યો. દિવાન મુક્તાનંદજીને નમી ગયો.

સુંદરદાસે મહારાજ મુક્તાનંદને તારની વાત કહી. જાલીમસિંહને મુક્તાનંદજી જાણતા હતા, વસતપુરના રાજતંત્રમાં તેના અનુયાયિઓ અવ્યક્ત રહી, ગુંચાયેલા હોવાનો મહારાજને સંશય હતો. પ્રભુ ન કરેને વિલાયતથી આવેલા તારની ઘટના સાચીજ હોય તો વસંતપુર રાજ્યનો સાચો ઉતરાધિકારી જાલિમસિંહ હતો. મહારાજા કૃષ્ણસિંહજી તેના પ્રત્યે સતુષ્ટ નહોતા, કિંતુ કાઠિયાવાડી બ્રિટીશ એજન્સિના સત્તાધારીઓને પટુ જાલિમ પોતાના બાહ્ય સદાચાર અને સભ્યતાથી પોતાના કરી શકયો હતો. વિજયકુમારનો દેહ નજ હોય તો, પોતાના ઉન્નત ભાગ્ય આડે આવતી વૃદ્ધ મહારાજાની આડખીલી માત્ર તેને ઉખેડી નાંખવાનીજ હતી, તેને તો વસંતપુરની રાજ્ય મર્યાદામાં પગ મૂકવા કૃષ્ણસિહજીના અધિકાર સુધિ સત્તા નહોતીજ, પણ તેણે યુક્તિથી વસંતપુર રાજ્યનાં થોડા કાર્ય વાહકોને પોતાના અનુયાયિઓ કરી લીધા હતા. મહારાજ મુક્તાનંદજી સંત હતા, છતા તેની દીર્ઘદર્શી બુદ્ધિની રાજ્યદક્ષતા અને વ્યવહારીક શક્તિ કંઇ અદ્વિતિય હતા. વિજયના અનિષ્ટ વર્તમાન લોકોમાં પ્રસરેતો, જાલિમના અનુયાયિઓથી વૃદ્ધ મહારાજાનું જીવન જોખમાવાનો ભય હતો. મહારાજ તે યથાસ્થિત જાણતા હતા. વિજય સાથે ગયેલાઓમાંનો કોઇ જાલિમનો હોય, તેની પાસે ખોટે નામે ખોટો તાર કરાવી કાર્ય સાધિ લેવા અને પાછળથી વિજયનો ત્યાંજ વિઘાત કરાવવાની પહેરવી પણ થયેલી

હોઈ શકે. મહારાજને આવો પણ એક તર્ક થયો. કારણ કે, તારની શબ્દ રચના સંદિગ્ધ હતી. તેથી લંડન વોર ઓફિસ પાસે વિજયકુમારની સ્થિતિનો સાચો ઉત્તર માગવા અને તે વાતનું સત્ય રૂપ સંપૂર્ણ ન જણાય ત્યાં સુધિ તારમાંની વાતને શહેરમાં બીજા રૂપમાં ફેલાવવા મુક્તાનંદજીએ સુંદરદાસને ફરમાવ્યું હતું. ન્હાડી સંત અને મંત્રિ વચ્ચે છૂપી મંત્રણા થઇ ગઇ. એક નિશ્ચય ઉપર આવી બંને છૂટા પડયા.

આ ભવના પૂર્વાશ્રમમાં કે, પૂર્વભવમાં વનિતાની વિષમ જાળમાં મહારાજ ઝપટાઇ, ઝકડાઈ, તડફડી છુટયા હોય, અને તે પૂર્વ ભૂતકાળનાં વીતક સાથે સ્ત્રી જાતી પ્રત્યેનો જુનો તિરસ્કાર હજી સ્મૃતિમાં તાજોજ હોય, તેમ મુક્તાનંદજી સ્ત્રીઓ ઉપર વિશ્વાસ મૂકવો અનર્થક સમજતા હતા, પણ મંત્રિ અને પોતાની વચ્ચે થયેલી વાત કદાચ માળ ઉપર રહેલી શારદાદેવીએ સાંભળી હોય તો મહારાજને તેનો ભય નહોતો. શારદાદેવી સ્ત્રી હતી, પણ મહારાજે તેનામાં સ્ત્રીજાતી કરતાં કંઇ વિશેષ યોગ્યતા અનુભવી હતી. કિંતુ પોતાની આસપાસ રહેતા મઠના બાવાઓનો વિશ્વાસ મહારાજને જરાપણ નહોતો. તેઓ સઘળા મહાત્માથી ડરી તેના પ્રતિબંધોનું ઉલ્લંઘન કરી શકતા નહોતા, પણ હરામી વૃષભાનંદ કૃતઘ્ન થતો હોવાનો મહારાજને સંશય પડવા લાગ્યો હતો, કિંતુ જ્યાં સુધિ તે સંશય સાચો નજ થાય, ત્યાં સુધિ તે વૃષભાનંદને કંઇપણ કરી શકતા નહોતા; તેમ કરવામાં તેને ન્યાય દેખાતો નહોતો. સુંદરદાસ મહારાજ પાસેથી જવા ઉઠયો, તે વખતે મુક્તાનંદજીના ખંડ બહાર ઓસરી ઉપરથી કોઇ ઉતાવળો ચાલ્યું ગયું હોય તેવો

વ્હેમ મુક્તાનંદજીને થયો. કોઇએ વાત સાંભળી લીધેલી હોવાની મહારાજનાં અંતરૂમાં આશંકા પેસી ગઇ, પણ હમણાં તે વાતને ન છેડવા નિશ્ચય કરી તે મૌનજ રહ્યા.

મહારાજનો વ્હેમ ખોટો નહોતો. દિવાનના આગમન વખતે વૃષભાનંદ ભૂતનાથની પૂજા માટે શિવાલયમાં ગયો હતો, પણ મઠ પાસે ઉભેલી દિવાનની ઘોડાગાડી તેની વિચક્ષણ દૃષ્ટિને દેવળમાંથી દેખાઇ. શિવપૂજન પડતું મૂકી, તે ઉતાવળો મઠમાં આવી પહોંચ્યો; દિવાન સાહેબ આવ્યા હોવાની વાત બીજા બાવાઓ પાસેથી સાંભળી, તે બહુજ ચપળતાથી પોતાનો પાદસંચાર ખંડમાં મહારાજને કે અન્યને ન સંભળાય તેમ મુક્તાનંદજીના ઓરડાની બહાર ઓસરીમાં લપાઇ ઉભો. વિલાયતથી આવેલા વિજયના મૃત્યુના માઠા ખબર સાથે સંત અને દિવાન વચ્ચે થયેલી તે સબંધિ સઘળી છાની આયોજના તેણે સાંભળી લીધી. ઓસરીમાં રહી કોઇએ છૂપી વાત સાંભળી લીધેલી હોવાનો મહારાજને ઉદ્ભવેલો સંશય સાચો હતો, પણ તેણે સ્વદૃષ્ટિએ વૃષભાનંદને જોયેલો નહિં હોવાથી તેવો આક્ષેપ મહાત્માનું અંતઃકરણ કોના ઉપર મૂકે ?

માળ ઉપર શારદાદેવીએ કંઇ સાંભળ્યું હતું ખરૂં, પણ સંભળાયું તે અસ્પષ્ટ અને સંદેહવાળું હતું. પ્રજાનાં નસિબ, વિજયકુમાર, વિલાયતથી તાર અને ઉક્ત શબ્દો સાથે દિવાનથી ધિમું રડી પડતાં લેવાયેલાં હિબ્કાં શારદાએ બરાબર સાંભળ્યાં હતાં. તેનું અંતર્ વિજયના કુશળ માટે આશંકિત થયુ; શરીરમાં વિષમજ્વર ભરાતો હોય તેમ શરીર ભારે થવા લાગ્યું. સુંદરદાસના ગયા પછી શારદા મહારાજ પાસે આવી ઉભી, મહારાજ કંઇ ઉંડા વિચારમાં વિલિન

હતા. આવી પાસે ઉભેલી શારદા ઉપર પણ તેના વિચારોએ દુર્લક્ષ કરાવ્યું ત્યારે શારદાદેવીથી તેને કંઇજ ન પૂછી શકાયું, તે મહાત્માની ગંભીર મુખમુદ્રા જોતી નિશ્ચેતન પેઠે નિસ્તબ્ધ થઇ ઉભીજ રહી.

" શારદે ! " શારદા મહારાજ પાસેજ ઉભેલી હતી, પણ મહારાજ વિચારવમળમાં અંટવાયા હતા. પાસે ઉભેલી બાલિકા તેને ન દેખાઈ અને તેને માળ ઉપરથી બોલાવવા માહારાજે વિચારોમાંથી જાગૃત થતાં, એકાએક ગંભીર સ્વરે હાક મારી.

" જી ! આપની પાસેજ છું. " બાલાએ ધિમે સ્વરે ઉત્તર આપ્યો.

" કયારે અહિં આવી ઉભી છો ? બેટા ! " પ્રશ્ન સંશયાત્મક હતો.

" દિવાન સાહેબ અહિથી પધાર્યા પછી. "

" શારદા ! મારે વસંતપુર જવાનું છે......તું સાથે આવીશકે ? "

" આપ આજ્ઞા કરો તેમ કરૂં......પણ ત્યાં શું કંઇ મારી જરૂર ? "

શારદા દેવીએ અંતરના વ્હેમની નિવૃત્તિ માટે સાધુનું અંતઃકરણ શોધવા યત્ન કર્યો, પણ તે પૂરૂં બોલી ન શકી, ક્ષોભાઇ.

" જરૂર જેવું કઇજ નથી. ઇચ્છા ન હોય તો કંઈ નહિં; હું જાઉં છું ત્યાં વધુ વખત રોકવાનો નથી. જઇશ ત્યાંથી તૂરત પાછો આવીશ. " વિચક્ષણ સાધુએ વસંતપુર જવાનાં મૂળ કારણનો અક્ષર પણ ન ઉચ્ચાર્યો.

શારદાનાં અંતઃકરણને આથી કંઇજ શાન્તવન ન મળ્યું;

ત્યારે તેનાથી સંતને વધુ કંઇ પૂછી ન શકાયું, તે મૌનજ રહી. થોડાજ વખતમાં મહાત્મા માટે ઘોડા ગાડી આવી, તે ગાડીમાં મુક્તાનંદજી એકલાજ વસંતપુર ગયા, પણુ આજે વૃષભાનંદને મહાત્મા પોતાની સાથે ન લઇ ગયા. ત્યારે વૃષભાનંદને તેજ ગમ્યું, તેને તેજ જોઇતું હતું. બહુ દિવસથી મઠમાં આવી વસેલી બાલિકા સાથે મૂકત અંતરે વાત કરવાનો પ્રસંગ તે શોધતોજ હતો, તે આજે અનાયાસે તેને આવી મળ્યો. મૂક્તાનંદજીના ગયા પછી કદિ નહિં ને આજે શારદા દેવી નીચે આવી, ખંડનાં દ્વારમાં ઉભી. વિહ્વળ નયનો મઠની આસપાસની સૃષ્ટિમાં કોઇ પરિચિતને શોધવા લગ્યાં. સામે રાધા કૃષ્ણુના ઓરડા પાસે વૃષભાનંદ ઉભેલો દેખાયો. શારદા દેવીને નીચે આવી ઉભેલી જોઇ, વૃષભાનંદજીનાં મુખનો વિકાસ વિલક્ષણુજ થયો હતો, સ્મશાનમાં ભીરૂ સભ્રાન્ત દૃષ્ટિને દેખાતી સ્થિર પ્રેત પ્રતિમા પેઠે શારદા દેવી સામે જોતો તે કેટલીક નિમિષો જડ જેવોજ જ બની ગયો; તે જડતા તેનાં અંતરૂ આનંદનો ઉભરો હતો. અંતઃકરણુમાં ઉછળતી ઉત્કટ આશાઓનું સાફલ્ય તેને પાસેમાંજ દેખાયું. અરે ! શારદા દેવીએ રાધાકૃષ્ણુનાં મંદિર પાસે ઉભેલા વૃષભાનંદને હસ્ત સંજ્ઞા કરી પોતાની પાસે બોલાવ્યો; નિમિષ માત્ર તો વૃષભાનંદને આ સઘળું સ્વપ્ન હોય તેવુ લાગ્યું, પણુ પોતે જાગૃતિમાં હતો, નિશ્ચય કરી જોયો. શારદાદેવી તેને પોતાની પાસે બોલાવે. પછી આનાથી તેને શું સરસ ? પોતાની આશાઓએ રચેલી સ્વપ્ન સૃષ્ટિ આજે જાગૃતાવસ્થામાં ચૈતન્યમાન થતી તેને જણુાઇ. શારદાદેવીને હસ્તસંજ્ઞા કરતી જોઇ, તે હર્ષથી ધડકતે હૃદયે દોડતો શારદા દેવી પાસે જઇ ઉભો.

" વૃષભાનંદ ! મહારાજ કેમ વસંતપુર પધાર્યા ? "

" શું તમે જાણુતા નથી ? આજે સવારમાંજ દિવાન સાહેબ શા માટે અહિં આવ્યા હતા ? " કંઇ વિનયિ પણ ઉત્સાહથી ઉભરાઇ જતી વાણિએ મંદસ્મિત કરી વૃષભાનંદ બોલ્યો.

" નથી જાણુતી માટેજ તમને પૂછું છું. "

" વાહરે, મુક્તાનંદજી મહારાજ......બાવાજી બડા ઉસ્તાદ હૈ, બહોત પક્કા......તમારા ઉપર પૂરો વિશ્વાસ હોવાના ઢોંગ દેખાડે છે, છતાં તમને પણ સાચું ન સમજાવ્યું......શારદાદેવી ! મહારાજ કેવાં છુપાં તંત્રો રચે છે ? તે કેટલુંક છુપાવશે ? બીજા સિદ્ધોની સીદ્ધાઇને તો તે હંબકજ માને છે, પણ તે કયાં સમજે છે, કે વૃષભાનંદ તપશ્ચર્યા અને સિદ્ધિ સાધતાંજ વૃદ્ધ થયો છે. " વૃષભાનંદનો જૂનો મિઝાજ આજે સજીવ થયો. તે મહાત્માનું મૂળિયું શોધવા લાગ્યો. તે અક્કલહિન વૃષભ જેવા વૃષભાનંદે શારદાદેવી પાસે પોતાનાં અંતરનો દ્વેષ ઉઘાડો પાડયો.

" તેનામાં સંપૂર્ણતા છે, મહાત્મા માટે અક્ષર પણ અવળો બોલવા આપણો અધિકાર નથી......પણ તે વસંતપુર શા માટે પધાર્યા છે ? " વધુ નિંદા સાંભળવાની અરૂચિ જણાવતી શારદા વૃષભાનંદ બોલતો હતો તેની વચ્ચે બોલી.

" નસિબની બલિહારી છે, શારદાદેવી ! થાય છે અને થયું, તે સઘળાંમાં આપણું શ્રેય છે. આ મઠ અને મહારાજની જોહાકી સહેનારાં નસિબનાં ચક્કરનું પાસું હવે ફરવા લાગ્યું છે......બસ ! સઘળું સાચું થાઓ ! અને દુઃખા જાલભાની ધારણાઓ ફળો ! " ભાનંદ ઘણું બકી ગયો, મૂછો અને દાઢી ઉપર હાથ ફેરવતો

અભિમાન અને વિકારમય કટાક્ષ શારદા મૈયા ઉપર ફેંકાયા. તેને હજી કંઈ બકવું હતું, પણ બાવાના બકવાટમાં શારદાના સવાલનો ઉત્તર નહોતો.

" પણ મહારાજ વસંતપુર શા માટે પધાર્યા છે ? આજે શું છે ? " શારદાએ વચ્ચમાં બહુ વખત પૂછેલું પુનઃ આતૂરતાથી પૂછ્યું.

" વિલાયતથી કુમાર સાહેબ મરાયા હોવાનો તાર આવ્યો છે. આ મેલાના ખબર મહારાજજી સિવાય ડોસાને કોણ કહે ? કોઇ એમનું એમ બકી નાખે તો, સાંભળતાં બુઢો ત્યાંજ પૂરો થઈ જાય......મહારાજ તેને નવું આયુષ્ય આપશે, પણ શારદાદેવી તમે તેની પાસેજ હતા, છતાં વાત તમારાથી અજાણી કેમ રહી ? " બાવે વક્રોક્તિ કરતાં વિજયકુમારનાં અનિષ્ટનો સંદેશો શારદાને કહ્યો.

થઈ ચૂકયું. શારદાને વિજયનાજ વર્તમાન જાણવા હતા, પ્રેમિનાં અનિષ્ટ વર્તમાન જાણ્યા પછી સાચાં પ્રેમિને શું થાય ? ખબર સાંભળતાં હૃદય ફાટી ન ગયું, પણ ચસકી ગયું. ચક્ષુમાં એક અશ્રુ બિંદુ ન આવ્યું, પણ અંતર અવિશ્રાંત અશ્રુધારામાં ડુબી મુર્છિત બન્યું. જડતા વાધિ અને અભિમાન વિસરી, વિજય પાસે જવા અંતર્ ઘસડાતું ચાલ્યું; અંતર્ ઉપરનો લજ્જા પટ્ટ ચિરાઇ પડયો, પ્રેમિ હૃદયની અવ્યક્ત વ્યથાએ ઉન્માદનું રૂપ લીધું. " વૃષભાનંદ !...હું તારા પગમાં પડું. મને વિજયકુમાર પાસે લઇ જાઈશ ? " અંતરૂનો ઉન્માદ પ્રત્યક્ષ થયો, હૃદય કષ્ટથી નમી પડયું, અનિયંત્રિત થઇ એક બિંદુમાં જઇ ભરાયું. વિનાક્ષોભે બાલાએ બાવાને વિજય-

કુમાર પાસે લઇ જવા વિનવ્યો; તે પ્રેમિની દુ:સાધ્ય વિયોગ વ્યથાનો પ્રલાપ હતો. અરે ! તેજ શબ્દો હ્રદય હારેલી બાલાના પ્રેમોન્માદનો આરંભ હતો. પ્રેમિના અનિષ્ટ સંદેશાએ પ્રેમિ અંતરનાં વિવેક અને લજ્જાનો ઉચ્છેદ કરી નાંખ્યો. શરમાળ બાલા શારદાદેવી પ્રિયતમનો વિઘાત સાંભળતાં પોતાની ન રહી, મૃત:પ્રાય મનાયેલા પ્રિયતમ પાછળ તેને શોધવા જવા તૈયાર થઇ.

" વિજયકુમાર પાસે હું તમને લઇ જાઉં ?...તમને ઘેલછા લાગી કે શું ? ' શારદાદેવીના કરૂણોત્પાદક શબ્દો સાંભળી વૃષભાનંદ મોટે સ્વરે બોલતો હસી પડયો.

" કંઈ નહિં, ભાઇ ! તમને હસવુંજ આવે તો ભલે હસો ! મારી સાથે ન આવતા ! હું તેને ઓળખું છું...હું તેને શોધિ લઇશ...વિજયકુમાર રણમાં પડયા કાં ?...જાઓ ! જાઓ ! વિના કારણ તમે સઘળા તેવું બોલી મને ઠગોછો. હું જાઉંછું હો !...વૃષભાનંદ ! મારા ઉપર દયા નથી આવતી શુ ? કહોને વિજયકુમાર કયાં છે ?—તે અહિં આવ્યા હતા, હજી મને તેનું ગઈ કાલેજ દર્શન થયું હતું...તે હસ્યા હતા, મને થોડું કંઇ કહ્યું હતું." વજ્ર હૃદયને પિગળાવી નાંખે તેવું બોલતી શારદાનાં નેત્રો હવે અશ્રુથી ભરાયાં; અપૂર્ણ ઉન્માદ હવે પૂરો પ્રકાશમાં આવ્યો.

" તમે હજી મહારાજને પૂરા ઓળખતાં નથી. આવાં ઘેલાં શિખશો તો, તે તમારૂં પણ લોહી ચૂશી લેશે. શારદા ! તમે ગાંડાં થઇ ગયાં છો...વિજયકુમાર ઘવાય, મરાય કે જહાનમમાં જાય. તેમાં તમારે શું ?" વૃષભાનંદ કઠોર થતો જણાયો; તે શારદાને કંઇ ભય દેખાડતો બરાડી બોલ્યો. શારદાને મુખેથી પ્રતિક્ષણે લેવાતું

વિજયનું નામ અને પ્રત્યક્ષ થયેલો સ્નેહ તેને કેમ રૂચે !

" ન બોલો । મ્હારાજ ! વિજયકુમારને તેમ ન કહો !... હવેના બાવાઓ શું આવા નિષ્ઠુર હૃદયનાજ હશે ? દુઃખી અંતરની દયાનો તેઓનાં દબાયેલાં અંતઃકરણુમાં અવકાશ નહિં હોય ?...હશે ભાઇ ! કંઇ નહિં. દૂર જાઓ ! મને એકલીનેજ જવા દો ! મારા વિજયને હશે ત્યાંથી હું હમણાં મઠમાં લઇ આવીશ. મારી સાથે રીસાયા હશે તો મનાવીશ. ફોસલાવી, પટાવી, એક વખત "—એક દીર્ઘ નિઃશ્વાસ કાઢતાં બાલા બોલતી અટકી. તે શ્રમિત થઇ હતી, તેનાં મુખાર્વિંદ ઉપર વૃષભાનંદ માટે તિરસ્કાર તરવરતો જણાયો. તે ખંડનુ દ્વાર ત્યજી ઓસરીમાં બે પગલાં ચાલી.

" નહિં શારદાદેવી ! હમણાં કયાંઇ નહિજ જવાય...મહારાજ મને જગતમાં પણ જીવવા ન દે. તે તમે જાણો છો ? તેના આવ્યા પછી જોઇએ તે કરજો ! "

" નિર્દય વૃષભાનંદ ! ભ્રષ્ટ ઝમાનાના ભ્રષ્ટ બાવા ! બસ ! હું કહું છું કે, શબ્દ પણુ બોલ્યા વીના મારી પાસેથી ચાલ્યો જા ! મારા વિજય પાસે જતાં મને રોકનાર કોણ ? તું તેને ઓળખે છે ? તેની તરવાર તે જોઇ છે ? ". શારદાદેવીની વાણિ, સ્વર અને ચક્ષુઓમાં અનિવાર્ય સત્તા પ્રત્યક્ષ થઇ, ક્ષત્રાણિનો સાચો સ્વભાવ ઉછળતો જણાયો. પામર વૃષભાનંદથી રાજબાલાની પ્રભા કે સત્તા ન સ્હેવાઇ, બાલિકા સામે અક્ષર પણુ ઉચ્ચારવો તેને ભારે થયો. ખોટી સિદ્ધાઇ સાચિ સત્તા પાસે વિલુપ્ત થઇ ગઇ.

ઘેલાં શારદામૈયા બાવાની દરકાર કર્યા વિનાજ મઠની ઓસ-

રીનાં પગથીઆં ઉતરી ચાલી, ઉતાવળી ચાલતી મરૂની મર્યાદા મૂકી, ઉષા નદિના તટ પ્રાન્ત ઉપર જઇ પહોંચી. વૃષભાનંદ ઉભો હતો ત્યાંજ સ્થિર થઇ ગયો, ત્યાંજ ઉભો રહ્યો, પણ અમિત શારદા પાછળ નજ ગયો. ન જઇ શકયો કે ઇચ્છાપૂર્વકજ ન ગયો; તે તેનું અંતર પણ ન સમજી શકયું, કિંતુ મહાત્માની દૃષ્ટિ પાસે શારદાને દોષિત બનાવવા તેનાં અંતઃકરણની ઇચ્છા હતી.

પરિચ્છેદ ૨૭ મો.

ઘેલી શારદા.

* * * * *

બાપુ ! આ સૌ સુખ દુઃખ તણી વેઠ નાખી નથી કૈં,
આતો બોજો કુદરત તણો માત્ર કલ્યાણ કારી;
આ પહાડો જે પથિક સહુને આવતા માર્ગમાં ત્યાં,
ચક્ષુવાળાં શ્રમિત ન બને, કિંતુ સૌંદર્ય જોતાં.

(કલાપી.)

Be steeled in heart against the blows of life, for they are the great that stand the greatest strife.

મધ્યાન્હકાળ થવા આવ્યો હતો. મહારાજા હજી હમણાંજ ભોજન લઇ નિવૃત્તિ ગૃહમાં જઇ બેઠા હતા. દિવાન સુંદરદાસ કદી નહિં ને આજે અત્યારે મહારાજા પાસે આવી બેઠો હતો. આવવાનાં કારણમાં કેટલાંક આવશ્યક રાજ્યદ્વારી નિમિત્તો દેખાડી, તેણે મહારાજાનાં મનને તે કાર્યોનાં નિરાકરણ તરફ રોક્યું હતું. તે સંબંધિ થોડો વખત ઉભયની મંત્રણા ચાલી,

એટલામાં મુક્તાનંદજી પધાર્યા હોવાના ખબર એક સિપાહીએ આવી મહારાજાને આપ્યા. મુક્તાનંદજીનું પોતાને ત્યાં પધારવું, તે મહારાજાનાં મનનો સર્વથી શ્રેષ્ઠ આનંદ હતો. તેનું અંતઃકરણ રાજ્યદ્વારી ગૂચવણો કે તેવી ઉપાધિઓથી અતિ કલાંત હોય, તો પણ તેવે વખતે મહાત્માનું દર્શન મહારાજને થતું તો ત સઘળું વિસરી જતા, માયિક જગતના કોઈ વૈભવમાં વ્યક્ત ન થતા અદ્વિતિય આનંદથી તેનું અંતર્ ઉભરાઈ જતુ, હર્ષાશ્રુથી નયનો સજળ થઇ જતા. પ્રચલિત રૂઢીથી વિશેષ અભિનંદન કરી, અંતર્નો સાચો સ્નેહ અને શ્રદ્ધા કેમ પ્રદર્શિત કરવાં ? આ વિચારમાં મહારાજા તેવે વખતે ગૂંચવાઇ જતા. અંતર્ હર્ષની અવિશ્રાન્ત ઉર્મિઓમાં વિલિન્ન થઇ જતું, અને ઘણાંની ઇચ્છા કરવા જતાં તે સઘળું વિસરી જતા.

આજે પણ એમજ થયું. મુક્તાનંદજીનું આગમન જાણતાં, મહારાજા સઘળું પડતું મૂકી મહારાજ સામે દોડયા. તે વૃદ્ધ હતા, હવે ઉતાવળું ચાલવા પણ પૂરી શક્તિ નહોતી, છતાં તેના હર્ષે તેનામાં તે શક્તિ પ્રેરી; ક્ષણભર તે અવસ્થાને ભૂલ્યા. મહારાજનું દર્શન ખંડ બહાર નિકળતાંજ તેને થયું. પોતાની સામે ચાલી આવતી વૃદ્ધ સંત મૂર્તિનું દર્શન થતાં, મહારાજા તેનાં સ્વાગત અને પ્રણિપાતના સઘળા વિચારો વિસરી ગયા; અંતર્માં ઉચ્છળતી આનંદ ઉર્મિઓ ક્ષણભર સ્તબ્ધ થઈ ગઇ અને મહારાજા મહાત્માને ઘટતા પ્રણિપાત કરવા ભૂલ્યા, પણ મહાત્માની અપ્રતિમ પ્રતિભાએ માત્ર હસ્ત દ્વય જોડવાનું તેને પાછળથી સ્મરણ અ પ્યું; મહારાજાથી મહાત્માનાં અભિનંદન માટે એટલુંજ થયું બંને હાથ જોડી, સ્મિત

કરતા કૃષ્ણુસિંહજી મહાત્મા સામે સ્થિર થઇ ગયા. મહારાજે પ્રતિહાસ્ય અને આશિર્વચનથી મહારાજાનાં અભિનંદનનો સ્વિકાર કર્યો, પણુ પોતાને જોઇ હર્ષઘેલા થઇ જતા વૃદ્ધ મહારાજાને જોતાં, સંતનાં હૃદયમાંથી દીર્ઘ નિઃશ્વાસ સરતો સંભળાયો; તે છુપાવવા યત્ન થયો, પણુ તેમ ન થઇ શક્યું; મહારાજા અને મહારાજ ખંડમાં પ્રવેશ્યા, શ્રમિત સંત ખંડમાં પહોંચતાં એક કોચ ઉપર બેસી ગયા. સુંદરદાસ ખંડમાંજ હતો, તે અને મહારાજા પ્હાડી સંત પાસે ઉભા રહ્યા. થોડી નિંમિષો આમજ ચાલ્યું, એક બીજાના મુખ ભાવો જોતા ત્રણે મૌનજ રહ્યા.

" વૃદ્ધ મહારાજા આમ ઉભા રહે તે ઠીક કહેવાય કે ?... મહારાજા ! મારી પાસે બિરાજો !...દિવાન સાહેબ ! આપ પણુ વૃદ્ધ છો ! " મહારાજે શ્રમનો શ્વાસ શાન્ત પડતાં મૌનતા ભેદી.

" પ્રભુ ! આ સમયનુ ઉભા રહેવું આ દીન પ્રારબ્ધમાં ક્યાંથી હોય ? અત્યારનાં ઉભા રહેવામાં આનંદ અને યોગ્યતાનું જ તારતમ્ય પ્રતિત થાય છે, તે અકથ્ય છે...આપનાં દર્શનમાંજ કંઇ તેવી ચમત્કૃતિ છે, કે તેનાથી આ વદ્ધ દેહ અદ્‌ભૂત આનંદ અને સામર્થ્યની છોળોથી છલકાઇ જાય છે. " મહારાજાના હર્ષમાંથી ઉદ્‌ગારો સરી પડયા.

" એજ સઘળાં સંકુચિત સ્નેહ અને અભિમાનનાં બંધનો છે; તેમાં બંધાવું કે તેનાથી નિર્મૂક્ત રહેવું–થવું, તેજ જીવનનાં કર્તવ્યોની પરાકાષ્ઠા...મહારાજા ! તેમાંજ પામરતા અને મહત્તાનુ તૂલન. "

" પ્રભુ ! અમે બંધાયેલાજ છીએ, માટેજ આપની આ અવસ્થાની યોગ્યતા, અમારાં આ ક્ષૂદ્ર જીવનમાં સંભવનિય નજ

હોય. " વૃદ્ધ મહારાજા સ્મિત ભર્યું બોલતા મહારાજ સામે એક ખુરશી ઉપર બેઠા.

" બેસો ! અમાત્યરાજ ! રાજા અને પ્રધાને નિરંતર રહેવું જોઇએ, તોજ રંક પ્રજા સૌભાગ્યશાલિની થઇ–રહી શકે. " સુંદરદાસ મહારાજનું બોલવું સાંભળતો ગંભીર થઇ ઉભોજ રહ્યો.

" બેસો ! મહારાજની આજ્ઞા માન્ય કરવી જોઇએ. કાષાઇ વસ્ત્રો પાસે આપણા ભૌતિક અધિકારોનું અંતર ન હોય; તે વસ્ત્રો પાછળ છુપાયેલાં વિશાળ હાર્દમાં રાજા અને રંક માટે એકજ કરૂણા સ્થાન છે. " મહારાજાએ સત્તાની અભેદતા આંકતાં દિવાનને બેસવા કહ્યું; સુંદરદાસ પાસે પડેલી એક ખુરશી ઉપર બેઠો. મુક્તાનંદજીએ મહારાજાનાં છેલ્લાં વાક્યો યથાર્થ સાંભળ્યાં હતાં, તેણે વિષયને જવા ન દીધો.

" રાજેન્દ્ર ! આપ ભૂલ્યા. કાષાઇ વેશમાં આપ માનો છો, તે સિદ્ધિ નથી. કેશ મુંડન કે કેશ ભાર સહે, વા તેવા વેશ ભજવ્યે જીવ્યું સાર્થક થતું નથી. મનુષ્યે સંપૂર્ણ મનુષ્યત્વ મેળવવું જોઇએ, એટલે આપ જેને યોગ્યતા કે મહત્તા માનતા હો, તે સઘળું સ્વયં આવી મળેજ...એવો નિયમ છે, કે મનુષ્ય અન્યમાં પોતાનાથી કંઇ વિશેષતા કે સુખની છાયા જુએ છે. રાજા ! પણ વસ્તુતઃ તો તે સઘળી ભ્રાન્તિઓ છે, માત્ર અન્યની અવસ્થાનું સંપૂર્ણ સ્વરૂપ ન સમજાવાથીજ મનુષ્યને અન્યમાં તેવું લાગે છે. અન્યથી પોતાનાંમાં ન્યુનતા ભાસે, તે અશિક્ષિત મનનો સ્વભાવ છે. પોતાનાંમાં સંપૂર્ણતા કે મહત્તા આણુવા મનુષ્ય માત્ર સમર્થ છે; એટલું કરવા સર્વનો સરખોજ અધિકાર છે અને માનીએ

તો, માનવ જન્મનો ઉદ્દેશ પણ સંપૂર્ણતા સંપાદન કરવા માટેજ છે. " મહારાજે વાત વધારી.

" એજ પામરતા અને પરમતા વચ્ચેનું ભિન્નત્વ...સંપૂર્ણતા અને ન્યુનતાનાં રૂપોને જાણી, આપ જીવનને સંયમમાં રાખી શકો એજ આપની પ્રભુતા. પ્રભુએ આપને પ્રિતે અર્પેલું તેજ અવિનાશિ સ્વાતંત્ર્ય. પ્રભુ ! એક વખત નહિ, પણ હજાર વખત કહીશ, કે આપના અધિકાર પાસે અમો પામર છીએ. આ ભવ્ય દેખાતી રાજસત્તા, આ લક્ષ્મિના મિથ્યા આડંબરો, આ ભૌતિક વૈભવો, આ સામર્થ્ય, આ દેહ અને આ પ્રભુત્વ ક્ષણિક છે...મને હવે તે સઘળું સ્વપ્ન સમ થતું દેખાય છે. આપને છે, તેમાંનું અમો ક્ષુલ્લક જીવો માટે કંઇજ નથી. " મહારાજા દીનતાથી બોલ્યા.

" નથી, રાજા ! તેવું કંઇજ વિશેષ અમારામાં નથી...આપ અંતઃકરણથી ઇચ્છશો તો મુક્તાનંદજી થઇ શકશો. સઘળું શરૂઆતમાં વિષમ દેખાય છે, પણ માનવ શક્તિ પાસે તે વિષમતા સાચી નથી. રાજા ! સઘળું સરળ છે, માત્ર ક્રમ ઓળખી તે પ્રમાણે અનુસરવાનું છે. માયાનાં અપ્રતિમ સૌંદર્યગત્ છુપાયેલી વિષમ વિકાળતા શોધિ કાઢો ! મહારાજા ! તે મહાશક્તિને વશ ન રહો ! પણ તમારાં આત્મસામર્થ્યથી તેને ઇચ્છાનુસાર નચાવો ! " મૃદુ સ્વરે બોલતા મુક્તાનંદજીનાં મુખગાંભિર્ય ઉપર કંઇ આશા આવતી જણાઇ.

" રંક જીવોની તેજ કઠીનતા. માયાનાં સૌંદર્યમાં ભયંકર કઠોરતા મને દેખાય છે, હવે હું સઘળું નાશવંત જોઉંછું, મન ગભરાય છે; આ સઘળું હવે થોડા વખતનુંજ છે. આ વિચાર અંત-

રૂને ઉદ્વિગ્ન કરે છે...પ્રભુ ! હવે જગતની સમસ્ત શાન્તિઓનો મને તો વિલય થયેલો ભાસે છે; માત્ર આપનામાં મને કંઇ શાતા પ્રતિત થાય છે, માટેજ તે માયા બંધથી મૂક્ત થવા આપની પાસે તડફડું છું, સ્વયં મહાપ્રયત્ન કરૂંછું, પણ તેમ કરવા જતાં, મને માયાનો ભય લાગે છે, તે મને દુઃખ દેવા દોડતી દેખાય છે, તેને ત્યજવા ઇચ્છા કરતાં તે મને ભયંકર ભાસે છે. " મહારાજા ભયાકુળ થતા જણાયા.

" બહુ કાળથી માયાવશ રહી, તેની ઇચ્છાનુસાર નાચેલાં મનની એ ન ભૂંસાય તેવી ટેવ છે...મૃત્યુ પાસે જતી વદ્ધાવસ્થા ઉપર તે માયા અને મનનું પ્રાબલ્ય અનિવાર્યજ હોય છે. એ સઘળો જંઝાળમાં જકડાયેલાં જીવનને મરણ પાસે પહોંચતાં થતો ગભરાટ." મહારાજે વદ્ધાવસ્થાનું સ્વરૂપ મહારાજાને કહ્યું.

" પ્રભુ ! ત્યારે તેમાંથી અનુગ્રહ ? " મહારાજા હાથ જોડતા બોલ્યા.

" અનુગ્રહની ઇચ્છા સર્વને હોય, પણ તેની વિષમતા સામે જીવી, તેને સાધ્ય કરવા સામર્થ્ય જોઇએ. " મહારાજ નિઃશ્વાસ સાથે સ્મિત કરી બોલ્યા.

" પ્રભુ ! તે નહિં હોય તો, આપની કરૂણા આપશે. મને તેમાં સંપૂર્ણ શ્રદ્ધા છે. "

" માયાની તેજ અદ્ભૂતતા. તેનાથી નથી છૂટાતું રાજા ! છૂટવા જતાં વધુ જકડાઇ પડાય છે...માટેજ તેમાંથી છૂટવા તડફડતાંઓની શ્રદ્ધા સર્વમાં હોય છે, પણ અવિચળ નહિંજ."

"સર્વનો તેજ સ્વભાવ ન હોય." મહારાજા બોલતા મંદહસ્યા.

" તો, મહારાજા ! સર્વનો પરિત્યાગ કરી પધારો ! ...મારી સાથે."મહારાજ કૃષ્ણસિંહજી સામે દૃષ્ટિ ઠેરાવતા ગંભીર સ્વરે બોલ્યો.

" આપ કહો તેમ કરૂં, મને એજ જોઇએ છીએ. પ્રભુ ! પણ...વિજુભા તેનું સંભાળવા અહિં નથી, તે વસંતપુર પધારે એ-ટલો વખત મારે તેનાં રાજ્યનું રક્ષણ કરવું જોઇએ. "

" રાજેન્દ્ર ! કરાળ મૃત્યુનો પંજો અણધાર્યો પડે તો, આપ જે સંભાળવા રહ્યા છો, તેનું રક્ષણ કોણ કરે ? " મહારાજ કઠોર હાસ્ય કરી બોલ્યા.

" જ્યાં માનવ શક્તિ નિરર્થકજ છે, ત્યાં બિચારૂં રંક માનવ પ્રાણિ શું કરી શકે ?...પણ માહારાજ ! અમો સંતતિના પિતા છીએ, દેહમાં પ્રાણ હોય, ત્યાં સુધિ તો અમારાથી સંતતિ પ્રત્યેનો ધર્મ ન ભૂલાય. " મહારાજાનાં ચક્ષુઓમાં બોલતાં અભિમાન આવતું જણાયું.

" હું પણ જાણું છું, કે તેનજ ભૂલાય. માયા કે આશાપાશનાં બંધો તેવાજ હોય. રાજેન્દ્ર ! પ્રભુ શંકરાચાર્યનાં સિદ્ધ વચનોની આ સત્યતા. "

अंगं गलितं पलितं मुंडं दशन विहीनं जातं तुंडम् ।
वृद्धो याति गृहीत्वा दंडं तदपि न मुंचत्याशा पिंडम् ।
भज गोविंदं भज गोविंदं, गोविंदं भज मूढमते ॥

" નરેશ ! ન ત્યજાય, મેં આપને શું કહ્યું હતું ? સંકુચિત સ્નેહ અને અભિમાન હશે, ત્યાં સુધિ આશા અને માયા અનેક પ્રકા-રના ધર્મો રૂપે અંતઃકરણમાં અવિચળ રહેશે; તેની જંજાળમાંથી નિર્મૂક્ત નહિંજ થવાય...પણ વૃદ્ધ મહારાજા ! સંકુચિત સ્નેહ શૃંખ-

સામાંથી છટકી, વિશાળ પ્રેમ પ્રદેશમાં કૂદી પડવા શક્તિ નહિંજ આવે તો, એક વૃદ્ધાવસ્થા તો શું ? પણ તેવી અનંત વદ્ધાવસ્થા આશામય દેહથી આત્માને મૂક્ત નહિંજ કરાવી શકે.” મહાત્માના મુખ ઉપર ઉગ્રતા આવતી દેખાઇ.

“ દેવ ! આપ મને ભ્રાન્તિમાં નાખો છો. આપ કહો છો તેમજ હોય તો અધમોદ્ધારક સતસંગનું મહાતમ્ય કશુંજ નહિં.”

“ સતસંગની સત્તા નિરાવધિ છે...વિશાળ વસુંધરાના પૃષ્ટ ઉપર વિહરી કાળ પ્રવાહમાં વિરમિ ગયેલા અનંત સંતો સતસંગનોજ વિપાક છે, પણ—

“ મહાનુભાવ ! હું તેમજ કહું છું. અનેક પતિત પાપાત્માઓનો સતસંગથી ઉદ્ધાર થયો મેં સાંભળ્યો છે. તેજ ધૈર્ય...આ કૃષ્ણસિંહજી તેવો અધમ હશે, તો પણ તેને આપના જેવા સમર્થ સદ્દગુરૂનું શરણુ સાંપડયું છે...પ્રભુ ! પછી ભય કોનો ! ” મુક્તાનંદજી બોલતા હતા, તેની વચ્ચમાંજ ઉત્સુક સ્વરે બોલતા મહારાજા હસી પડયા.

“ પ્રેમ, સતસંગનું સ્થાન છે. સતસંગની અંતર્ મંદિરમાં સંપ્રતિષ્ઠા કર્યા પહેલાં તેનું સ્થિતિ સ્થાન વિશુદ્ધ અને વિપુલ જોઇએ. રાજા ! જનક અને ભરત, ઉભય સતસંગનીજ સિદ્ધિઓથી વિભૂષિત હતા; કિંતુ ઉભયનાં અંતર્ પ્રેમમાં ભિન્નત્વ હતું, તો પરિણામે ભાવ તેવોજ ભજવ્યો હતો. જનકનો પુનિત પ્રેમ પ્રદેશ વિશાળ હતો, તેમાં અખિલ જગત્ સમભાવે સમાઈ રહેતું હતું, તો તે જન વ્યવ્હારમાં વસિ પરમપદ પામી શકયો હતો. ત્યારે ભરત માયા મુક્ત થવા, સર્વસ્વ ત્યજી નિર્જન અરણ્યમાં જઈ નિવસ્યો હતો, ત્યાં પણ ‘ તેનાથી ન છૂટાયું; તેનાં

અંતરના સંકુચિત સ્નેહને કોઇ જ ન મળ્યું, તો એક વન પશુડાં બાળમૃગને પોતાનામાં અવકાશ આપ્યો. સ્વેચ્છાથી અપરિમિત સમૃદ્ધિ, સત્તા, કુટુંબ કલત્ર અને માયાના વિકારોનો પરિત્યાગ કરી જનાર ભરતજી પુનઃ બાળમૃગના સ્નેહમાં મજબૂત સંકળાયો. માયાબંધથી છૂટવા જતાં, વનવાસિ સંત ભરત માયામાં વધુ લપટાયો, પરિણામે વાંચ્છામય દેહ મૃગ બન્યો; આ સંકુચિત સ્નેહનો મહિમા. મહારાજા ! તપસ્વિ સંતને મૃગદેહ ધારણ કરી, ભવાર્ટાવમાં ભટકવું પડયું. આનાથી અધોગતિ કેવી ? વસ્તુતઃ પોતાનાં અંતરનો પ્રેમ પ્રવાહ અનંત બ્રહ્માંડો ઉપર પણ સરખોજ વ્હેવા વિશાળ બનવો જોઇએ. તેમાં અનંતતા આવવી જોઇએ. વ્યક્તિગત્ સ્નેહ બંધાય, તે સંકુચિત સ્નેહનું નિદાન. રાજા ! આપનાં અંતરમાં તેજ સંકુચિત સ્નેહે અવકાશ લીધો છે; નહિં તો આ સાધુમાં આપને જે શાન્તિ દેખાય, તે સર્વ જગત્માં કેમ નહિ ? વિજુભા માટે આપ એટલો શ્રમ લ્યો, તો સર્વને માટે કેમ નહિં ?...આપના આત્માનો અધિકાર અખિલ જગત્ ઉપર છે, તો જગતનો તેવોજ અધિકાર આપના આત્મા ઉપર છે, પણ રાજા ! તે સિધ્ધો માર્ગ સૂજે તો દુર્ભાગ્ય કોને કહેવું ? અજ્ઞાનનું રહસ્ય શું ? માયાની સત્તાને માને કોણ ?...છૂટવું વિષમ છે. ભયાનક અભિમાન અને સંકુચિત સ્નેહનાં અંતરપટ વચ્ચે રમી રહેલી માયામત્ત વૃત્તિઓથી તે આત્માની અનિવર્તિત સત્તા નહિંજ જોઈ શકાય અને ત્યાં સુધિ રાજા ! તે સાચાં જ્ઞાન વિના નહિંજ છૂટાય." સાધુ દીર્ઘ નિઃશ્વાસ કાઢતા મૌન થયા.

" આખાં જગતનાં પાપિઓનો પાપમાંથી નિરણુય કરનાર

પવિત્ર સંત મંડળની એક શક્તિ શું, આ એક પામર આત્માના ઉદ્ધારનો સરળ માર્ગ નહિં શોધિ શકે ? મહારાજ !...જ્ઞાનચક્ષુઓ નથી, અંત્ર છું. આપ કહો છો તે અક્ષરતઃ સાચું છે; જગતની માયાવી ઝંજાળે મને ગૂંચવ્યો છે. છૂટું......સઘળું ત્યજી નાસું, આપની સાથે હીમગિરીની પવિત્ર ગુહામાં આવી વસું, પણ હવે તે કર્યું, થોડા માટે સાહસ કહેવાય પ્રભુ ! માત્ર મને એટલું જ કહો !...કૃષ્ણસિંહ ! હું તને શરણુમાં લઇશ; ભયાનક સંસાર દાવાનળમાંથી તને ઉદ્ધારીશ. આપ આજ્ઞા કરો ! કહેશો તો હમણાંજ આપની આગળ ચાલીશ, પણ પાછળથી સઘળું વિજુબાનું લૂંટાઇ જશે, વેડફાઇ જશે, અને ભયંકર કાવાદાવાઓની સત્તા સજીવ થશે. હવે વિજુબા વિલાયત કેટલો વખત રહેશે ? તે થોડાજ વખતમાં અહિં પધારવા જોઇએ. જો તે નહિંજ આવે તો પછી લડાઈખાતા પાસેથી રજા અપાવી તેને અહિં તેડાવી લેશું. બસ !...મહારાજ ! તેનું મુખ એક વખત જોઉં, એટલે જીવ્યું સફળ થયું માનશું. પછી આપ ગુરૂ અને હું અંધ, આપનો શિષ્ય. હું સંસાર સમુદ્રના પ્રૌઢ મોઝાં સાથે અફળાતું ઝીકલાતું વ્હાણુ અને આપ તે વ્હાણુનાં સુકાની...પ્રભુ ! પછી તારો, કે બુડાડો ! ”

“ શિવ ! શિવ ! ... કેવી આશાઓ ? વિજુબા, વિજુબા અને વિજુબાજ આપનાં અંતરનું રટન. રાજા ! વિજુબા સર્વ જગતમાં વ્યાપેલા છે, તે દૂર નથી; આપનામાં પણ છે. તેને શોધિ લ્યો ! પિછાની લ્યો ! તેનો વીર આત્મા અનંત બ્રહ્માંડો ઉપર વ્યાપેલો છે; તેજ તેનું સંભાળી લેશે. મેં આપને એક વખત કહ્યું, કે મૃત્યુનો કરાળ હાથ અણધાર્યો આપની ઉપર પડે

તો, આપની ચિન્તા કોણુ ઓછી કરશે ? " મહારાજનાં મુખ ઉપર તેજ ઉભરાતું ભાસતું હતું.

" નથી દેખાતો પ્રભુ ! આ અંધને વિજુભા બીજે કયાંઇ નથી જણાતો. આ રહ્યાં; વિલાયતનાં વિશાળ સંગ્રામક્ષેત્રો, તેમાં કીડીઓનાં દળ જેવાં અનંત માનવ પ્રાણિઓ મરતાં અને મારતાં તરવરી રહેલાં જણાય છે, અને તે સર્વને મોખરે ઘવાઇ ઢળી પડેલો વિજુભા આ રહ્યો, તેનો વીરદેહ આ જગત્માં છેલ્લો શ્વાસ લેતો ભાસે છે. ... મારી અંતરૂ દષ્ટિને તે સિવાય બીજું કંઇજ નથી દેખાતું. " મહારાજાનો સ્વર બોલતા રૂંધાયો, તે ગભરાતા જણાયા.

" થાયજ. તેવું દેખાવુંજ જોઇએ. સંકુચિત સ્નેહનો તે નિયમ છે. તે સઘળી ટુકી મર્યાદાના સ્નેહની અનિવર્તિત્ વ્યથાઓ છે. રાજન્! આપ તે સહેવા સરજાયા છે. તો તે આપે સહેવી જોશે. સહો! પણ ન ભૂલના કે, તે વ્યથાઓ ભરતની પેઠે કોઇ વિચિત્ર ગતિએ લઇ જશે. જો તેવું થયું તો જડભરત થતા નહિં આવડે "

" મહાનુભાવ ! ત્યારે તે વિષમતાથી મને નિર્મૂક્ત કરો ! જે કર્યે નિર્મૂક્ત થવાતું હશે, તે કરીશ. પ્રભુ! હવે કૃપા કરી કહો! આ પાપિ આત્માને માટે સનમાર્ગ કયો ?... સર્વને ત્યજી આપની સાથે આવ્યે કે જનક થઇ, આ ઉપાધિમાંજ રહ્યે ? આપ મંહામંત્ર આપો તે લેવા અને સ્હેવા હવે તૈયારછું. " મહારાજાનું મન મહારાજ તરફ વળ્યું.

" મહારાજા કૃષ્ણસિંહજી ! મારી સાથે આવી આપ શું કરો ? ... આપનાં અંતરૂને સાચા વૈરાગ્યથી રંગાવા દયો ! તે વિના અમારૂં સઘળું શુષ્ક અને કઠોર ભાસશે. " મહારાજ કંઇ શાન્તિથી બોલ્યા.

" આપ વૈદ્ય બની, તે વૈરાગ્ય ઔષધ બળાત્કારે આ હઠીલા દર્દિના ગળામાં ન રેડો, ત્યાંસુધિ જડમૂળ ઘાલી પડેલાં દર્દો ખસવાની આશા શી ? ... પ્રભુ ! આપને શરણછું, વ્યાધિ અસાધ્ય હશે, તો પણ—

" રાજા ! મેં નહિં તો, પરમ દયાળુ પ્રભુએ તે હઠીલાં દર્દોને હઠાડવા આપને ઉત્તમોત્તમ મહામાત્રાઓ આપી છે, પણ દર્દ અસાધ્ય થયું છે, તે ન ખસ્યું. હવે તે મહા માત્રાઓનું રૂપ આપ સમજી શકયા હશો ? આ સ્થળે દુઃખને મહા માત્રાના રૂપમાં ઘટાડયું છે. ... પ્રભુ તે માનવ પ્રાણિ ઉપર વખતો વખત મોકલે છે, પણ તે મનુષ્ય પ્રાણિ પેઠે સ્પષ્ટ બોલતો નથી, કે " પામર મનુષ્ય પ્રાણિ ! આવ્યો સમય ઓળખી લે ! ફરી ફરી આ સમય નહિં સાંપડે. " રાજા ! આ શબ્દો અને આ ઉદ્દેશ અગાધ કષ્ટોમાં પ્રેરી, પ્રભુ મનુષ્ય પ્રાણિ ઉપર વરસાવે છે, છતાં પામર માયા અંધ માનવ પોતા ઉપર વરસતાં દુઃખોમાંનું પરમ રહસ્ય શોધિ શકતાં નથી. ... મહારાજા ! આપનો તારૂણ્ય કાળ આપને સ્મૃતિમાં નથી ? મને ક્ષમા કરજો ! મારે પવિત્ર સાધ્વિનાં પૂર્વ કૃત્યોનું સ્મરણ આપનાં અંતરૂમાં તાજું કરવું પડે છે. તે સમયે રાણી રાજબા પિંગળા નહોતી ? અરે ! તેનાથી નિર્લજ્જ, નિષ્ઠુર અને ક્રૂર નહોતી શું ? તેનાં તે કૃત્યો આપે જાણ્યાં તે સમયે આપનાં હૈયાંમાં કેવું દુઃખ થયું હતું ? ... આપનું ગૃહતંત્ર ચગડોળે ચડેલું અનુભવી આપનું અંતરૂ ચિરાઇ નહોતું પડયું ? ... રાજા ! તે વિસરી ગયા શું ? આનાથી દયાળુ પ્રભુની દયા કેવી ? તેણેજ આપના ઉદ્ધાર માટે ક્ષત્રાણિમાં તે દુર્બુદ્ધિ ' પ્રેરી હતી; પણ આપ-

નાથી ભર્તૃહરી ન થવાયું. અંતર્ સંસ્કારાયેલું નહોતું, તેથી જગતનું મિથ્યાપણું પ્રતિત ન થયું. ... કૃષ્ણસિંહજી ! આપનો નાનો બંધુ આપની ઉપાધિઓથી અને કષ્ટથી સઘળું ત્યજી ચાલ્યો ગયો; છૂટયો અને કૃતાર્થ થયો. તેના વિયોગે પણ આપનાં અંતર્ને દુઃખ દીધું હતું, કિંતુ પરિણામ કંઈજ નહિં ... નહિંતો, દુઃખ ? દુઃખતો મનુષ્યના ઉદ્ધાર માટે પ્રભુએ દયાથી મોકલેલી મહા શક્તિ છે. અરે ! અંતર્ને કોઇ ખૂણે પણ થોડો સંસ્કાર હોયતો, પછી ભલે તે હૈયું વજ્રનું હોય, તોપણ દુઃખમાંથી તે હૈયામાં તિવ્ર વૈરાગ્ય ઉપજે છે. ... રાજા ! જગતમાં અનંત સદ્‌ગુરૂઓથી ન મેળવી શકાતું દુઃખથી મળી શકે છે. પ્રભુ તે પ્રાણિઓ ઉપર નિરર્થક નથી મોકલતો; તે દયાળુનું હૈયું વજ્ર નથી, કઠોર નથી; તેની રમતો નિર્દય અને નિરસ નથી, પણ રાજા ! તેણે દુઃખ જેવી મહાશક્તિ પ્રાણિનાં અનુગ્રહ માટેજ ઉત્પન્ન કરી છે. હૈયું સંસ્કારી હોયતો, દુઃખમાંથી મળેલો વૈરાગ્ય પરમપદે પહોંચાડે છે. અરે ! પ્રભુપદે પહોંચાડવા પ્રાણિને તે પ્રભુને ખોળે લઇ જઈ મૂકે છે. ... પણ નરેશ ! દુર્ભાગ્ય હોય ત્યાં દુઃખોનું તાત્પર્ય કેમ સમજાય ? પરમ પ્રભુના ઉદ્દેશો કેમ ઓળખી શકાય ? દુઃખ વૈરાગ્યનો પિતા છે, વૈરાગ્ય જ્ઞાનનો સમુદ્ર છે, અને જ્ઞાન ક્ષુલ્લક પ્રાણિને પ્રભુ બનાવવા, પ્રભુ પાસે લઈ જનાર વૈમાન છે. વસંતપુરના વૃદ્ધ મહારાજા ! ચેતો ... સમજો ! હજી પ્રભુ આપના અનુગ્રહ માટે દુઃખો મોકલવા તત્પર થયો ભાસે છે, તે મોકલશે અને તેની આપના ઉપર મહા કરૂણા હોયતો, તેને તે વરસાવવુંજ જોઇએ, તેની મહાદયાનો તે નિયમ છે, પણ હવે સાવધ રહેજો ! તે દુઃખોમાં અમૃત હશે, સિદ્ધિઓ હશે. રાજા ! શોધિ સ્વકારી લેશો તો અમર થશો, સિદ્ધિઓ

આપનેજ પરમ પ્રભુ બનાવશે. " મહારાજ ઘણું બોલી શ્રમિત થયા હતા; તે મુખ ઉપરથી પ્રશ્વેદ લુછતા મૌન થયા. થોડી નિમિષો સઘળે મૌનતા પોષાઇ.

મહારાજા શાન્ત રહી સઘળું સાંભળતા હતા, તે એક દીર્ઘ નિઃશ્વાસ કાઢતા બોલ્યા. " પ્રભુ ! સાચું છે, મારાં ચક્ષુઓ આડાં અવરાયેલાં માયાનાં પડળોએજ તે મોંઘો વખત ભૂલાવ્યો છે. મહાનુભાવ ! તે સમયે હું અંધ હતો, પણ હવે આપે મારાં ચક્ષુઓ ઉઘાડયાં છે; હવે મને ભય કશાંનો નથી. સાચુ સમજાયું, આ સઘળા મોહના વિપ્રિત પ્રતિબિંબો છે, અભિમાન પાછળ ઘસડાતી ઉપાધિઓ છે. પ્રાણુ ! ગુરૂદેવ ! આ મર્મ મને કોણ કહેત ? ગુરૂદેવ વિના આ પાપાત્માને મોક્ષની દિક્ષા કોણ આપત ? જગતનાં ક્ષુલ્લુકોને સર્વથી ભયંકર દેખાતાં દુઃખોની પવિત્રતા અને રમણીયતા જોવા, આ અંધનાં ચક્ષુઓ અન્ય કોણ ઉઘાડત ? " મહારાજા બંને હાથજોડી સાધુના ચરણોમાં નમી પડયા.

" તો, મહારાજા ! આ બાવો અત્યારે આપને દુઃખ દેખાડવાજ અહિં આવ્યો છે. " મહારાજ ગંભીર થઇ બોલ્યા; સુંદરદાસ સાથે દ્રષ્ટિ મળી, છૂપો સંકેત થઇ ગયો.

" આપનું આપેલું દુઃખ મારા ઉદ્ધાર માટેજ હશે, પણ હું તેને દુઃખ કેમ કહું ? આપો ! તે હું સહીશ, વહીશ અને તે દુઃખમાંથી પરમ્ શાન્તિ શોધી, તેને શિર ઉપર ચડાવી લઇશ. " મહારાજાને સાધુનાં છેલ્લાં વાકયોમાં સંદેહ થયો હતો, તેનામાં વધુ દીનતા આવતી જણાઇ.!

" કૃષ્ણુસિંહજી ! જીવન સાર્થ કરવું હોયતો, આ અંતિમ

અવસર આવી મળ્યો છે...સુખ માની સહો, કે દુઃખ માની દુભાઓ! પણ જે કહેવા હું અહિં આવ્યો છું, તે મારે કહેવુંજ જોઇએ ......રાજા ! પ્રભુ તેજ રસ્તે આપના ઉપર કૃપામયિ અમૃતધારા વરસાવવા ઇચ્છે, ત્યાં અલ્પ મતિનાં માનવ પ્રાણિનો ઉપાય શું ?" સાધુ અધોદૃષ્ટિ રાખી કંઇ વિચારતા બોલ્યા.

" કહો ! પ્રભુ ! આ દેહ ઉપરથી મસ્તિષ્ક છેદનાર કોઇ અહિં હોય તો, તે ભલે તેમ કરી સંતુષ્ટ થાય. પ્રભુ ! મારી સત્તા હવે તેને તેમ કરતો નહિંજ અટકાવે. હવે આ વૃદ્ધને ભય શેનો ? .. દુઃખમાંજ જીવનનું પરમ્ ગૌરવ હોય તો તે દુઃખને જીલિ લેવા તયાર છુ. માહારાજ ! હવે મારાં અંતરને આઘાત નહિજ થાય, વિના ક્ષોભે કહો ! આ મૃદુ હૃદય તેવું સહેવા હવે પથ્થરનું થશે." મહારાજાની આતુર નજર મુક્તાનદજી ઉપર ઠરી, સ્વરમાં આવેશ હતો.

" કહેવાનું છે તે યુવરાજ વિજુભા માટેજ કહેવું છે...એ વીર ક્ષત્રિરાજની કૃતાર્થતાનો આજે પ્રભાતમાંજ આપને નામે દિવાન સાહેબને તાર મળ્યો છે."

" શું, વિજુભા રણમાં ઝુઝતા ખપ આવ્યા ? " મહારાજાએ શાન્ત સ્વરે પૂછ્યું.

" હા ! બાપુ ! તે રણમાં પોઢયા. ઇંદ્રની અપસરાઓને જઇ વર્યા. ટેલિગ્રાફમાં તેજ લખેલુ છે...આ રહ્યો તે કાગળ." સુંદરદાસે વચ્ચમાં બોલતાં ટેલિગ્રાફવાળો કાગળ મહારાજાને આપ્યો.

મહારાજાએ તે કાગળ હાથમાં લીધો, તેના પૃષ્ટ ઉપર દૃષ્ટિ ફેરવી, વાંચ્યો, વંચાઇ રહેતાં, કંપતા વૃદ્ધ હાથમાંથી કાગળ જમિન

ઉપર સરી પડયો. મહારાજા: વિચારમાં તલ્લિન થતા કેટલીક નિમિષો મૌન રહ્યા અને તે વિચારની નિમિષોનો પણ અવધિ આવી રહ્યો. ઉંડા હૃદયનો એક દુઃખ ભર્યો નિશ્વાસ કાઢતા કૃષ્ણસિંહજીથી બોલી જવાયું. "હું નહોતો જાણુતો કે મારૂં નસિબ મને આમ દગો દેશે...કુમાર ...વિજુભા ! આવું નહોતું કરવું...તું શું કર...બાપુ ? મારાં દુર્ભાગ્યેજ તને તે દુર્બુદ્ધિ પ્રેરી, ત્યાં તારો શું દોષ ભાઇ !" મહારાજા ક્ષિણુ સ્વરે બોલતા ખુરશિ ઉપર શરિર ઢાળી શિથિલ થતા પડયા.

"કૃષ્ણસિંહજી !...રાજેન્દ્ર ! બાપુ ! આપ હમણાંજ શું બોલ્યા હતા ?...હું દુઃખ સહિશ અને તેમાંથી પરમ શાન્તિ શોધિશ. આ શબ્દો થોડી નિમિષોમાંજ ભૂલ્યા શું ?...તાર સંદિગ્ધ છે, સાચો નથી. મારૂં અંતરૂ મને તેમ કહે છે. તાર ભેદ ભર્યો છે, કપટ છે, દગો છે. કદાચ સમોવડીઆનાં રચેલાં કારસ્તાનો હોય. મહારાજા ! તેમ થવા સંભવના છે. અને તેવું થાય પણ ખરૂં...અરે ! તેમજ છે. મને મારો અંતરૂઆત્મા કહે છે...બાપુ ! આમ છેક હારણુ ન થાઓ ! વિલાયત તાર કરી, સાચાંનો ઉત્તર માગ્યો છે. આજ નહિં તો કાલ, પણ સાચું સમજાઇ જશેજ. વાત સાચિ ન થાઓ ! પણ મહારાજા ! સંગ્રામ ક્ષેત્રનાં ભૂષણુ જીવિતોની સલામતિનો કંઇ નિશ્ચય હોય ખરો કે ? સમરભૂમિની રમતો તેવીજ હોય, વીરના આનંદો તે રમતોમાંજ હોય છે. તારમાં લખ્યું છે, તેમ થયું હોયતો, તેમાં પણ આપનું મહદ્ ભાગ્ય કે તે વીર આત્માએ આપને ત્યાં ક્ષત્રિયકૂલ રત્નરૂપે જન્મી, ક્ષાત્રગતિથી પોતાના અને પિતૃઓના મોક્ષ માર્ગો ઉઘાડયા ... ... મરણુ ? ... મરવું તો બ્હેલું, વા

મોડું એક વખત સર્વ દેહોને છેજ, પણ કૃતજ્ઞતા અને સ્વધર્મના અભિમાનને સમ્ભાળતાં, જય નજ મળ્યો તો, મૃત્યુમાં દુર્લભ વીર ગતિ મેળવવી એ પણ જીવિતની સફ્તા, એજ જન્મનું ગૌરવ અને એ મરણમાંજ ક્ષત્રિયોના આત્માની ઉન્નત દશા. નરેશ ! શોક કોનો કરવો ? ન ઘટે, આપ સુજ્ઞ છો, વિચારો. જ્ઞાનચક્ષુઓથી નિહાળો ! આવી વીરગતિથી ક્ષત્રિ બાલોને શોભા આપનારૂં શું હોય ? ધર્મશીલ મરણ મોઘું છે, તે મળે તોપણ મહદ્દભાગ્ય મનાય; અનેક જન્મને અનુષ્ટાને સિદ્ધ ન થનારી આત્માની સદગતિ વીરધર્મે આપેલાં પુનિત મૃત્યુમાં હોય છે."સંત મહારાજાને શાન્તવન આપવા લાગ્યા.

" ક્ષત્રિ કુમારોને તે મરણ વ્હાલું હોય...પણ મહાનુભાવ ! જનાર પાછ્છળનાંનો કંઇ વિચાર ? વિજુભાએ આવું ન કર્યું હોત તો, હું શાન્તિથી સૂત. મહારાજ ! મારાં મરણના છેલ્લા શ્વાસોમાં અનન્ય આનંદ હોત, મને મારાં રાજ્યની ચિન્તા ન રહેત. " વૃદ્ધ મહારાજા નિઃશ્વાસ કાઢતા મૌન થયા.

" પરમાત્મા આપનાં મરણમાં શાન્તિ અને ઇચ્છિત આનંદ આપો !...મહારાજા ! આપ અત્યારથી સઘળું સાચું શા માટે માની બેસો છો ? તારનો સાચો નિરણય ન થાય, ત્યાં સુધિ તારની વાત આપને ન જણાવવી. મારી ઇચ્છા તો એવી હતી, પણ તેમ ન કરાયું. વાત છુપીતો નજ રહે, ત્યારે કોઈ આપને તેવી વાત કંઇ અન્ય રૂપમાં કહી ગભરાવે તો વળી અનર્થ થાય, એકને બદલે બીજું થઇ ઉભું રહે. આવું વિચારીને વાત આપને વિદિત કરવી પડી છે. " મહારાજે વાતનો ભાર ઘટાડવા પ્રયત્ન કર્યો.

" આપ સર્વવિદ છો, પણ મહારાજ ! મને નિશ્ચય પૂર્વક

સાચું નથી કહેતા. "કૃષ્ણસિંહજી અધિરા થઇ, દીન નજરથી મહારાજને નિહાળતા બોલ્યા.

" તેની અને આપણી વચ્ચે હજારો માઇલોનું અંતર છે. નિશ્ચય કેમ કરી શકાય ? પણ મને મારૂં અંતર્ કહે છે, કે વાત ભેદગર્ભિત છે. મન વિજુભા પાસે ગયુ છે, છતાં અંતઃકરણમાં સંપૂર્ણ શાન્તિ છે; તેવું કઇ સાચું હોય તો અંતઃકરણમાં જે ઉદ્વિગ્નતા આવવી જોઇએ, તેનો અંશ પણ નથી. જુઓ ! બહુધઃ વાત ખોટી હોવાનો ઉત્તર હું આજેજ આવ્યો દેખાડું; કિંતુ વીરતામાં ધૈર્ય અને સહનશીલતા નહિં હોય શું ? હોવાંજ જોઇએ. મહારાજા ! વીરતાનું અંતર્ તે ઉભય દિવ્ય વિભૂતિઓનુ સૃજાયેલુ છે, ત્યારે આપનામાં વીરતાની મૂર્તિ સંસ્થિત છે; વળી વૃદ્ધ છો. અને સુજ્ઞ છો. કંઇ છે નહિં; આપ જાણો છો, કે સઘળુ સંદિગ્ધ છે, છતાં આવું આચરી બેઠા છો. વાત સાચી ન હો ! પણ કદાચ સાચુંજ હોય તો, આપ હૈયું હાથ કેમ રાખી શકો ? એક વૃદ્ધનાં મનની આવી અવસ્થા થયેલી લોકો જાણે તો, ધીર ક્ષત્રિરાજની વીરતા અપવાદાય. ધૈર્ય રાખો ! ધૈર્ય વીરોનુ ભૂષણ છે, જ્ઞાનનુ હાર્દ છે. અરે, આત્માની ઉન્નત અવસ્થાનું આવશ્યક સોપાન છે. એટલું ન ભૂલો ! જ્ઞાન પ્રદેશના કઠીન માર્ગોમાં આપનાથી નહિ વિચરાય, પણ લોકાપવાદ અને જનાર આત્માની સદ્ગતિનો વિચાર કરશો કે નહિ ? આપ થોડા વખત પહેલાંજ કહેતા હતા, કે અમો સંતતિના પિતા છીએ; પિતૃધર્મ અમારાથી ન ત્યજાય, તો હવે પિતૃ રહો ! પુત્રની ઐહિક કે પરલૌકિક ઉન્નતિ માટે વિચાર કરો ! આપનાં અંતર્નો ક્લેશ તેના આત્માને કેટલો ક્ષુભિત કરે ? તેની કેવી દુર્ગતિ કરે ? તે કંઇ

આપ જાણો છો ?......મહારાજા ! બાબતો બહુ ગહન છે. વધુ કહેવું નથી, પણ આપ જેને માટે અહિં અંતરૂને કલેશ આપશો, તે વ્યક્તિ જ્યાં હશે ત્યાં કષ્ટાશે. અભેદ આત્માનો આ સિદ્ધાન્ત છે......આપ વૃદ્ધ છો, આપને યુક્ત લાગે તેમ કરો ! પણ મહારાજા ! આપનું અને સાથે સર્વનું કલ્યાણ વિચારશો તો, આપની વૃદ્ધાવસ્થા શોભશે." મહારાજ કંઇક નિમિષો મૌન રહી, સુંદરદાસ તરફ જોતા બોલ્યા. "દિવાન સાહેબ ! હવે હું જઇશ. વિલાયતથી જવાબ આવે તો, તૂરત મને ખબર આપવા તસ્દિ લેજો ! પણ સાંજ સુધિમાં તાર ન જ આવે તો, થોડા દિવસ મહારાજાના સ્વારી મઠમાં રહી શકે તેવી વ્યવસ્થા કરજો !...અને બીજું એટલુંજ કે, આ તારની વાત રાજબાસાહેબાનાં સાંભળવામાં ન આવે, નહિં તો નિરર્થક મોટો કકાસ જન્મશે."

"વારૂજી !" દિવાને હાથ જોડતાં ઉત્તર આપ્યો.

સાધુ જવા ઉઠયા, તે સાથે સુંદરદાસ ઉઠયો. મહારાજાએ ખૂરશિ ઉપરથી ઉઠવા યત્ન કર્યો, પણ ન ઉઠાયું વૃદ્ધાવસ્થાએ તેના દેહમાંથી શક્તિ તો હણી હતીજ, તેમાં આ હૃદયવેધક સદેશો સાંભળ્યો, પછી આશા કેવાં પરિણામની ? મહાનુભાવ મુક્તાનંદજીના સંવાદે ચિરાઇ પડનાર હૃદયને દૃઢ રાખ્યું, પણ મહારાજાના દેહમાં શિથિલતા અનિવાર્ય ગતિએ વધી ગઇ. થોડું ઉઠી તે પાછા ખૂરશિ ઉપર પછડાયા. સંતે રાજાની અવસ્થા કળી લીધી હતી, તેણે મહારાજાને ઉઠવા પ્રતિબંધ કર્યો. "મહારાજા ! ... શ્રમથી આપને આઘાત થશે. એટલું એ ઓછું નથી...પ્રભુ, આપનું કલ્યાણ કરો !" મહારાજ જવા ચાલ્યા.

"મહાનુભાવ ! પાછી દીન ઉપર દયા ?..." મહારાજા હાથ

જોડતા એટલા શબ્દો બોલી શકયા.

"આવીશ." મહારાજ ટુંકો ઉત્તર આપી ચાલ્યા. સુંદરદાસ મહારાજ પાછળ ચાલ્યો, બંને ખંડ બહાર ગયા. "દિવાન સાહેબ! મહારાજાનાં સ્વાસ્થ્ય માટે તૂરતજ ઉપચાર કરજો! બહુ સંભાળવાનું છે....સંભાળજો! પ્રતિપક્ષિઓ ફાવી ન જાય." મુક્તાનંદજીએ જતાં સુંદરદાસને સૂચન કર્યું. મહારાજ માટે ગાડી બહાર તૈયાર હતી, તે મહારાજને લઇ મઠ તરફ દોડવા લાગી.

થોડાજ વખતમાં સાધુ મઠમાં પહોંચી ગયા; વૃષભાનંદ શારદા મૈયાનું વાટવા, ચાતક પેઠે મહારાજની માર્ગ પ્રતિક્ષા કરતોજ બેઠો હતો, તે મહારાજને આવતા જોઇ તેની સામે દોડયો. મહારાજ ખંડમાં જઇ શાન્ત થઈ બેસે એટલી નિમિષો પણ તે પોતાના સ્વભાવને તાણી બાંધી ન શકયો: મહારાજ હજી ઓસરીનાં પગથિઆં ચડી પણ રહ્યા નહોતા, ત્યાંજ ઉતાવળે સ્વરે વૃષભાનંદે કહી દીધું. "મહારાજ! શારદા દેવી તોફાન કરી ચાલી ગઈ."

"શારદા દેવી?...શું?" અમિત સાધુ વૃષભાનંદનું બોલેલું પૂરૂં સમજ્યા નહોતા.

"શારદાદેવી અહિંથી ચાલી ગઇ; તેને ઘણું સમજાવી, આપનો ભય દેખાડયો, પણ તેણે તેની દરકાર નજ કરી." બાવે વાતની મોટા રૂપમાં પુનરાવૃતિ કરી.

"કયાં ગઇ?" મહારાજ આશ્ચર્યભાવથી પૂછતા ઉભા હતા ત્યાંજ સ્તંભિ ગયા.

"કુમાર સાહેબ વિજુભાની પાછળ...તેને શોધવા." વૃષભાનંદે ઉત્તર આપ્યો, બોલ્યા પાછળ છૂપું હસ્યો.

"મૂર્ખ!...અક્કલહિન! બોલતાં વિચારતો ખરો! કે વિજુ-

આ અહિં નથી. તે બિચારી નાદાન છોકરીની શું મગદુર ? કે તે કુમારસાહેબ હોય ત્યાં તેની પાછળ જાય. ” મહારાજ આજે ક્રોધને સંયતમાં ન રાખી શકયા.

“ તે તેવુંજ બોલતી હતી. તે કહેતી હતી કે વિજુભા સ્વર્ગવાસિ થયા તેવી વાત કહી, તમે સૌ મને ઠગોછો. તે કાલેજ અહિં આવ્યા હતા, હું તેને શોધિ અહિં લઈ આવીશ. આવું બોલતી તે અહિંથી ગઇ, તેને જતી રોકવા મેં બહુ યત્ન કર્યો, પણ તે મારી રોકી કેમ રહે ? રોકવા થોડું કંઇ કહુ તો, આપ વધુ સમજો, તે ભયથી મારાથી કંઇ વધુ ન થયું.” વૃષભાનંદ દોષ છૂપાવતો બોલ્યો, પણ તેનું બોલેલું મૂર્ખતા ભર્યું હતું. તેમાંથી છુપાઇ, છૂપી વાત સાંભળી લેવાનો તેનો દોષ સંતે શોધિ લીધો.

“ પ્રેમિના નિર્બળ હૃદયનું એ પરિણામ મેં આગળથીજ જોઇ લીધું હતું.” મહારાજ અસ્પષ્ટ બોલી, થોડી નિમિષો કંઇ વિચારતા ઉભા. “ પણ વૃષભાનંદ ! શારદાને તેવું કોણે કહ્યું, કે કુમાર સાહેબ સ્વર્ગવાસિ થયા ? ” મહારાજે વૃષભાનંદ ઉપર શંકાશીલ નજર ફેંકતાં તેને પૂછયું.

“ કોણે કહ્યુ......તે હું કેમ જાણી શકું ? ” વૃષભાનદે અલ્પ ઉત્તર આપ્યો, પણ એટલુંએ બોલતાં તે અકળાતો જણાયો.

“ તેની પાસે બીજું કોઇ ગયું હતું ? ” મહારાજે પૂછયું.

“ નહિં !......પણ કદાચ તેણે આપની અને દિવાન સાહેબ વચ્ચે થયેલી વાત સાંભળી હોય તો.–” અક્કલહીણા વૃષભાનંદે પોતાનો દોષ પુરવાર કરી આપ્યો.

મહારાજની દૃષ્ટિ પાસે વૃષભાનંદ દોષિત ઠરી ચૂકયો હતો, પણ તે દોષનું તારતમ્ય શોધવા અત્યારે સમય નહોતો. મહારાજે તે વાત

પુનઃ નજ ઉચ્ચારી. "તે ઘેલી છોકરી અહિંથી ક્યારે ગઈ ?" મહારાજે આતૂરતાથી પૂછ્યું.

"આપ વસંતપુર પધાર્યા પછી તૂરતજ." ટૂંકો ઉત્તર મળ્યો.

"હવે તે ઘેલીને ક્યાં શોધશું ?......વૃષભાનંદ ! સાધુની ઝુંપડીને આશ્રયે આવી પડેલાંનુ સાધુએ સંરક્ષણુ ન કરવું જોઇએ શું ? સાધુઓને આમ પોતાનાં ગૌરવનું વિસ્મરણ થતુ હશે ખરૂં કે ? તું તો અનુભવિ છો, છતાં તને તારા ધર્મનું ભાન ન રહ્યું ?" મહારાજે વૃષભાનંદને ઠબકો આપ્યો. વળી કંઇ વિચારતા થોડી ક્ષણો અધોદૃષ્ટિ રાખી મૌન ઉભા. "ચાલો વૃષભાનંદ ! થનાર હતું તે થયું, પણ જા ! ઉતાવળ કર ! મઠમાં જે હોય, તે સૌને આસપાસની દિશાઓમાં દોડાવ !......સાયંકાળ થવા આવ્યો છે, તે ગભરૂ છોકરી નહિં મળે તો તેની શુ વલ્લે થશે ?" મહારાજે ગભરાતાં વૃષભાનંદને આદેશ કર્યો.

હજી દિવસમાં ઉગ્રતા હતી, છેક સાયંકાળ થયો નહોતો, પણ અનંત નભના પશ્ચિમ પ્રદેશમાં સંધ્યાદેવીની સોનેરી સાડીનું આચ્છું આચ્છાદન અવરાવા લાગ્યું હતું. ચિરપ્રવાસિ પ્રભાકર પશ્ચિમમાં ઘણો અવનત થયો હતો, તોપણુ સુકુમાર પ્રવાસિને અકળાવવા તેનામાં પ્રખરતા હતી. વસતપુરથી આવતાં, ડુંગરી પ્રદેશમાં ચાલતી ગાડીમાં અથડાતા, ઢંઢોળાતા, મુક્તાનંદજી મઠમાં પહોચતાં સુધીમાં શ્રમિતતો થયા હતા, તેમાં વૃષભાનંદે તેને શારદાની વાત વિદિત કરી; તે વાત સાંભળ્યા પછી ખંડસુધિ જઇ થોડી નિમિષો વિશ્રાન્તિ લેવા પણુ તે ઉભા ન રહ્યા. શારદાને શોધવા મઠના બાવાઓને દોડાવવા વૃષભાનંદને આદેશ આપી, તે પગથિઆં પરથીજ પાછા વળ્યા. શારદાદેવીની ભાળ લેવા વૃદ્ધ-

સંત નિરાશાના નિઃશ્વાસો કાઢતા ધિમે, ધિમે ઉષા નદી તરફ ચાલ્યા.

મહારાજને ઘણું ન ચાલવું પડયું, તોપણ ઉષા નદીના તટ-પ્રાન્ત સુધીતો તેને જવુંજ પડયું અને એટલું પણ વૃદ્ધની ક્ષિણ શક્તિને બહુ લાગ્યું. તે શ્રમિતતો હતાજ, તેમાં તેને જરા પણ વિશ્રામ લીધા વિના એટલું ચાલવું પડયું, એટલું ચાલતાં શ્રમ શક્તિથી વિશેષ વધિ ગયો હતો; પણ તે સફળ થયો. મંદગતિથી વ્હેતી સરિતાના તટ ઉપર લચી રહેલી સ્વર્ગિય વૃક્ષરાજિમાં સાધુની દીર્ઘદષ્ટિને દૂરથી કંઇ શ્વેત ફરકતુ જણાયું, તે ઉભા; નિશ્ચય કરવા દષ્ટિને તે તરફ સ્થિર કરી. દેખાયેલું સાચુંજ હતું, ત્યાં કોઇ મનુષ્ય તો હતુંજ, કંઇ અન્યમાં તેવો સંભ્રમ નહોતો. મહારાજે ખાત્રિ કરી. સંત થોડું વધુ ચાલ્યા, રંભા જેવી દિવ્ય બાલા એક પથ્થર ઉપર બેઠેલી તેને સ્પષ્ટ દેખાઇ. “ શારદા કે સ્વર્ગ સુંદરી ?......પણ એકલી અટુલી સ્વર્ગસુંદરીનું આ મૃત્ય લોકના ઉપસ્વર્ગમાં અવત-રણ સંભવેજ કેમ ? નહિ !......સ્વર્ગરંભા નહિં ! પણ આતો ચેલી શારદાજ દીસે છે. ” દૂરથી દેખાયેલી સુંદરીના દસ્યે મહારા-જને થોડી નિમિષો ભ્રમવ્યા; એટલો સમય દેખાતી સુંદરી સામે તેણે વૃદ્ધ ચક્ષુઓ ઠેરવી જોયું, વિચાર્યું, ક્ષણભર સ્વર્ગરંભાની તેનાં દિવ્ય વિચારોને દષ્ટિએ ભ્રાન્તિ કરાવી. “ તે શારદાજ છે.” વિચા-રોની દોડાદોડ પછી સંતે નિર્ણય કરી લીધો આશા સચેત થઇ, શ્રમ ભૂલાયો. પાદુકાઓનો ખટકાર, કે પોતાનો સંચાર સંભ-ળાય તેમ શનૈઃ......શનૈઃ સંભાળથી છૂપાતા તે થોડું વધુ ચાલ્યા; તેને શારદાની અંતર્ચેષ્ટા જોવી હતી. હમણાંતો પોતાનું અહિં આવવું છૂપું રાખવા સંતની ઇચ્છા હતી; તેથી તે બાલાની પાછળ એક વૃક્ષના મોટા થડ પાસે જઇ, છૂપાઇ ઉભા.

પરિચ્છેદ ૨૮ મો.

પ્રેમવ્યથા.

જીવન આ ચંદ્રથી ઓપ્યું, શરિર પાણી પરે લટક્યું;
દુઃખિયણુ હું દુભાયેલી, જીવું તો શું ? મરૂં તો શું ?
અમીની આંખની પ્યાસી કુમુદ આ તો તમારી છે;
અહી જો, બાંય તો લજ્જા તમારાની તમોને છે.

(કલાપી.)

વેલી શારદાનો મૂક્ત કેશકલાપ તેના કંઠની આસપાસ વિંટાતો, વિખરાતો, વાયુમાં ફગફગી રહ્યો હતો. શ્વેત સાડી સુંદરીના શરિરથી છટકવા પ્રણુયેશ્વરની વિજય-પતાકા પેઠે પવનમાં તણુાતી ફરકી રહી હતી, પણુ બાલિકાનું તેવાં ઉપર દુર્લક્ષ હતું; હોયજ. જેનાં વિવેક અને પ્રપંચ અગમ્ય પ્રેમ વ્યથામાં વિગલિત થઈ ગયાં હોય, તેને તેવાં કર્શાની સ્પૃહા શી ? પ્રેમોન્મત્ત શારદાદેવીની આંતરદષ્ટિ પાસે તો અત્યારે વિશાળ વિશ્વ પ્રણુયસદન સર્જાયું હતું અને તેમાં સઘળે શારદાના પ્રણુય-દેવ વિજયકુમારની પ્રતિમા પ્રચંડ અને. સુક્ષ્મ સ્વરૂપે ઉઠી રહેલી

બાલાને ભાસતી હતી. કાન્તને પકડવા ભ્રમિતાએ બહુ શ્રમ કર્યો, પણ પ્રિયતમ ન પકડાયો; તેને બાલાએ બહુ વિનવ્યો, નયનોએ અશ્રુની રેલો વ્હેવરાવી, તથાપિ તે શારદા સમિપ નજ આવ્યો. ક્ષણમાં સુક્ષ્મ થઇ, શારદાદેવીની સંભ્રાન્ત દૃષ્ટિથી અલ્પમાં અંતરિત થઇ જતા અને અન્ય ક્ષણે અનંત બ્રહ્મમંદિરની વૈરાટ મૂર્તિરૂપે ઉદ્‌ભાસિત થતા, વિજયકુમારના ચરણોમાં પાલવ પાથરતી, કરગરી કરૂણા યાચતી, ઘેલી શારદા મઠમાંથી નીકળી ઉષા તટ ઉપર પ્હોંચી. ત્યાં જઇ, ત્યાંના તરૂકુંજમાં એક પથ્થર ઉપર તે શાન્ત થઇ બેઠી, પણ ઉન્મતતામાં શાન્તિની સંભવના હોય ખરી કે ? નહિંજ. ઉન્મત અવસ્થામાં શાન્તિ વ્યક્ત થતી હોય તો, તે સાચિ શાન્તિ નહિં, પણ વિચાર અને દેહની જડતામાં દેખાતી શાન્તિની ભ્રાન્તિ છે.

પથ્થર ઉપર બેઠેલી બાલિકાએ અધોદૃષ્ટિ રાખી કંઇ વિચાર્યું, પણ થોડોજ સમય. તેના અંતરના ઉન્માદે વધુ વખત તેને ત્યાં બેસવા ન દીધી, વળી વિચારો વિફૂર્યા અને ભ્રમિતા પથ્થર ઉપરથી ઉઠી ચાલવા લાગી; થોડું ચાલી આકાશ અવલોકતી ઉભી. વિજયકુમાર વ્યોમદેશે વિચરતો હોવાનો ઘેલીને વળી ભ્રમ થયો. જતાં સ્મિત ભર્યે વદને શારદા સામે તે સંકેત કરતો શારદાને દેખાયો, કિંતુ પ્રિયતમાને દેખી તે ઉર્ધ્વવિહારી નિમિષ પંણ સ્તંભ્યો નહિ. પ્રિયતમ પાછળ ઉડવા ઘેલી શ્રમ કરવા લાગી; પોતાના સ્થૂળ દેહની શક્તિમર્યાદાનું તેને ભાન નહોતું. શ્રમ વિફળ થયો, બાલાનાં સ્થૂળ શરિરથી ઉર્ધ્વદેશે ન ઉડાયું. બીજી નિમિષે અંતરની તે ઉરમિ અંતરમાં વિરમી ગઇ. પ્રેમભ્રમિત ચક્ષુઓને ઉર્ધ્વદેશે વિચરતિ ભાસતિ વિજયકુમારની પ્રચંડ આકૃતિનો વળી જોતજોતામાં વિલોપ

થયો. ઘેલી એક દીર્ઘ નિઃશ્વાસ કાઢી મંદ હસિ, પણ તે હાસ્ય અંતરૂના ઉંડા રૂદનની છાયા હતી; મંદ હાસ્ય પાછળ બાલાનાં મુખાર્વિંદ ઉપર દીનતા છવાઈ.

નાથ દૃષ્ટિને છળી અંતર્હિત થઇ જાય, તે મુગ્ધ લલનાનાં અંતરૂથી કેમ સ્હેવાય ? નભપન્થિ પિયુનાં કલ્પિત દર્શને બાલાનું હૃદય વધુ કષ્ટાવ્યું. દેહથી ન જવાયું, પણ વૃત્તિ પ્રિયતમ પાછળ ઉડવા લાગી અને તે સાથે અંતરૂનું રૂદન મંદસ્વરે બહાર વાધ્યું; સ્પષ્ટ વાકયો આર્દ્ર અંતરૂમાંથી પુષ્પ શ્રેણિ પેઠે સરવા લાગ્યાં. ઘેલીની પદ્યાત્મક જેવી જલ્પના તેનાં અંતરનું રૂદન હતું.

" કાન્ત ! કયું સ્વર્ગ સૂજ્યું ? "

" કયા દેવદળમાં વાસ કીધો ?......................

......વિજય ! આપનાં સ્વર્ગમાંએ પાછળ આવીશ. પ્રેમ-પાંખો મને પણ છે, હો—"

" કિંતુ, અંતરૂનાં કરૂણાં મંદિર કોણે અભડાવ્યાં ? દેવ ! "

બાલા દૃષ્ટિથી આકાશમાં સ્વર્ગ શોધતી, મંદ હસી, ડીબકાઈ.

" આર્યરાજ ! શું દુષ્યન્તનાં સ્વપ્ન લાધ્યાં ? "

" કે, શ્રાપમેલાં તે હૈયાં સાંપડયાં......................

......પ્રાણેશને નિષ્ઠુર કહેતાં જીભ તૂટી પડે. "

" ક્ષમા. ક્ષત્રિરાજ ! એ તો બળતાં અંતરૂનો અનિવાર્ય સન્નિપાત. "

ઘેલી બોલ્યા પાછળ અધોદૃષ્ટિ રાખી મૌન ઉભી; નીચલો ઓષ્ટ દાંતમાં કચરાયો. કંઇક વિચારો આવી ગયા અને તે પાછળ વળી આંતરૂરૂદનો ઉભરાયાં.

" નાથ ! આપ્યાં નિમંત્રણો વિસરાયાં ? "

" રીતો નહિં એ દેવકુળના દેશની..................................
......અંતરૂના આદર વીના આશા આપવી......ભોળાંને એમજ ભમાવાય હો—"

" આશા ભર્યા હૈયાં ઉપર ઘા...નાથ ! તેનાથી વ્યથા કઇ વધુ હોય ? "

બાલા બોલતી રડી પડી, અશ્રુ મુક્તાવળી સ્તન પ્રદેશ ઉપર સરવા લાગી, કિંતુ તેનાં હાસ્યજેવું તેનું બાલરૂદન પણ ક્ષણિકજ હતું. વ્યથાએ ઉભરાતાં હૈયાંમાં બીજો ઉભરો ચડયો, રડવા પાછળ કૃષ મુખઉપર સ્મિત સ્ફુર્યું અને સ્મિત પાછળ જલ્પના વાધી.

" પ્રેમદિક્ષાનાં મોંઘાં દેવસુત્રો કયા રસકુંજમાં ત્યજાયાં ? "

" હૃદયરાજ ! એ પળો સ્વપ્ન નહોતી.................. ..
......તે જીવનની પનોતિ લ્હાણ હતી હો—"

" આપથી ભૂલાય. અનંત રસકુંજોના આપતો ભૃંગ. " •

ઘેલાં હૃદયની ઘેલી જલ્પનાનો અવધિ આવ્યો. વ્યથિત અંતરૂના ઉભરા ઠલવી, બાલા થોડી ક્ષણો વિચારમાં વિલિન થતી મૌન ઉભી. પ્રિયતમ પાછળ જવા ઇચ્છા ઉદ્દભવિ; " આવું છું... પ્રાણ ! ઉભા રહો ! મેં...તે સુરનગરીની વાટો નથી જોઇ...વસમી હશે વ્હાલા ? " ઘેલી લવી ચાલી. પોતે પિયુ પાછળ સ્વર્ગની વાટે દોડતી, બાલાએ પોતાને કલ્પિ લીધી.

શારદાદેવીને દોડતી જોઇ, ઝાડ પાછળ છૂપાયેલા મુક્તાનંદજીને ઘેલી પાછળ દોડવું પડયું. " બેટા શારદે ! " મહારાજે દોડતાં મોટે સ્વરે શારદાને સંબોધી.

" કોણ, શારદા ?...શારદા હું છું ? " સંતનો સ્વર સાંભળતાંજ, શારદા સંશયાત્મક સ્વરે પ્રશ્ન પૂછતી સંત તરફ પાછી ફરી ઉભી.

" હા ! દિકરી......તું નહિં તો અહિં બીજું કોણ છે ? " સાધુએ શ્રમના શ્વાસ લેતાં ઉત્તર આપ્યો.

" ત્યારે વિજયકુમારની પ્રિયતમા મોહિની ? " ઘેલીએ મહારાજ પાસે હાર્દ અજવાળ્યું. ઘેલાંને ક્ષોભ કોનો ?

" તે પણ તુંજ, અને શારદા પણ તુંજ. બ્હેન ! " મુક્તાનંદજીએ દીર્ઘનિઃશ્વાસ કાઢતાં ઉત્તર આપ્યો. દીકરી ?..."ચાલો મારી સાથે."

" ક્યાં આવું ? સ્વર્ગ આપે જોયું છે ? " પ્રશ્નમાં આતુરતા હતી.

" હા, બા ચાલ !......સ્વર્ગે લઇ જઇશ. " સાધુ કરૂણાત્મક સ્વરે બોલ્યા.

" વિજયકુમાર મને દેખાડશો?" હિબકાતે સ્વરે બાલા બોલી.

" હા ! તું મારી સાથે ચાલ ! " મહારાજે ઘેલીને સાધ્ય કરવા તેવોજ ઉત્તર આપ્યો.

" ચાલો ! ત્યારે, તેતો ક્યારનાએ ત્યાં પ્હોંચી ગયા હશે. હમણાં તે આકાશ માર્ગે જતા હતા, આપે તેને નહોતા જોયા ? " પ્હેલાં જતી હતી, તે માર્ગે ઘેલી વળી ઉતાવળી દોડી. પાસે ઉભેલા મહારાજ સામે તેણે દોડતાં દૃષ્ટિપાત પણ ન કર્યો.

" ઉભી રહે શારદે !......સ્વર્ગ ત્યાં નથી, પણ આ દિશામાં છે. " મહારાજે મઠની દિશા દેખાડી, બાલાને કહ્યું.

"પ્રભુ આપને અને દેવોને તો મૈત્રિ છે, છતાં મને અવળો માર્ગ શા માટે દેખાડો છો? આપ સ્વર્ગમાં સુખેથી પ્રવેશી શકશો. કોઈ આપને દુઃખ દેશેતો,......હું સાથે છું...મારા પ્રાણુનાથ વિજયને કહીશ, પછી જોઉં, કે સત્તા કોની છે ! કે આપને સ્વર્ગમાં આવતા રોકે ? " ઘેલી મહારાજ તરફ પાછી ફરતી બોલી.

"તું સ્વર્ગની દિશા ભૂલી બેટા. આવ ! પાછી ચાલ જોઇએ ! ડાહી દિકરી મોટાંની અવજ્ઞા કરે તે ઠીક કહેવાય કે ?" મુક્તાનંદજી શારદાને સમજાવતા બોલ્યા.

"મોટાં અવળો માર્ગ દેખાડે તો, નાનાંઓ બિચારાં શું કરે ? ભગવાં વસ્ત્રોમાંજ વિશ્વાસ કરવા જેવો જમાનો નથી." બાલા ક્રોધયુક્ત કટાક્ષથી સાધુ સામે જોતી બોલી.

"ન કરતી,બ્હેન !......તને રૂચે તેમ કરજે ! પણ હમણાં તું મારી સાથે ચાલ્ય. જો ! સૂર્યાસ્તનો સમય થઈ ગયો છે." સાધુ મંદ હસિ બોલ્યા.

"આપની ઇચ્છા ન હોયતો ભલે. આપ મઠમાં પધારો! મારેતો તેની પાછળ જવુંજ જોઇએ.........મહારાજ ! વિજયકુમાર બહુ વિચક્ષણ છે હો ....કદાચ તેવું કરી, તે મારી પરિક્ષાએ જુએ———"બાલા કરૂણોત્પાદક બોલી, વળી થોડાં પગલાં ચાલી.

"શારદે ! મને એકલો મૂકી, વળી કયાં ચાલી ? હું તારી સાથે કેમ દોડી શકું ? દિકરી !.....મારી દયાતો લાવ ! ચાલ મને મઠમાં મૂકી જા ! પછી તું સુખેથી જજે !" મહારાજ કૃત્રિમ વિલું મુખ કરી, ઘેલીને પટાવતા બોલ્યા.

" પછી, મારે એકલાં જવું કાં ? મને અસુરૂં ન થાય શું ? આપ પણ પક્કા હો......બિચારા વૃષભાનંદે મને સાચુંજ કહ્યું હતું." બાલા દુઃખમય હસતી બોલી.

" બ્હેન ! પક્કા, એટલે વૃદ્ધ. વૃષભાનંદે શું ખોટું કહ્યું ? પણ હવે ચાલ્ય ! તારી સાડીસરખી રીતે પહેરી લે ! અત્યારે મઠમાં જઇએ, સ્વર્ગતો આકાશમાં છે. ત્યાં આપણા ભૂર્લોકના નિવાસિઓથી શરિર સાથે કેમ જઇ શકાય ?...ઘેલી ! વિચાર તો ખરી ! તારૂં ડહાપણ ક્યાં ગયું બેટા ?" મહારાજ ગંભીર સ્વરે બોલ્યા.

મહારાજનાં બોલવામાં ઘેલીને સત્ય પ્રતિત થયું. તે મૌનતાથી મહારાજના છેલ્લા શબ્દોને વિચારતી ઉભી. " ત્યારે વિજય આકાશ માર્ગે કેમ જઇ શક્યા ? તે પણ, છે, તો આપણા જેવા પૃથ્વિના મનુષ્યજ." સાધુએ કહેલા નિયમનો અપવાદ શોધિ કાઢતી હોય, તેમ અભિમાનયુક્ત તે મંદ હસિ બોલી.

" તેની પાસે તો મંત્ર હતો, તે મંત્રની શક્તિથી તેણે સ્વર્ગનો મારગ સાધ્યો હશે." મહારાજે યુક્તિ આદરી.

' સ્વર્ગમાં જવાનોએ મંત્ર હોય ?" બાલાએ વિસ્મિત થતાં પૂછ્યું.

" હાજ તો, જરૂર." ઉત્તર મળ્યો.

" આપતો હમણાં કહેતા હતાને, કે ભૂર્લોકનિવાસિ માણસ જાતની ગતિ આકાશમાં ન હોય ?" ઘેલીએ મૂક્તાનંદજીના શબ્દોમાંથી રહસ્ય શોધ્યું.

" ના ! માણસથી તે માર્ગે નજ જઇ શકાય. મેં કહ્યો ! તે મંત્રના અનુષ્ઠાનથી મનુષ્યત્વમાં દૈવત્વ આણવું જોઇએ. સમજી ?

બેટા ! દેવ થઈને સ્વર્ગે સંચરાય, અપૂર્ણું મનુષ્ય રહીને નહિં." મહારાજે બાલીકાનાં ઉન્મત અંતરમાં વાત દઢ કરી.

"ત્યારે, શું, હું વિજયકુમાર પાછળ નહિ જઈ શકું ? મેં તો સાંભળ્યું હતું, કે પ્રેમ હોય તો સપ્તલોક પણ ભેદી શકાય." ઘેલી નિરાશાનો નિઃશ્વાસ કાઢતી બોલી.

"તારૂં સાંભળ્યું સાચું છે, બેટા ! ઉર્ધ્વદેશે ઉડી શકવા મનુષ્યને દેવ બનાવનાર મંત્રની પ્રધાનશક્તિ પ્રેમજ છે." સાધુએ શારદાદેવીના ઉન્માદને યુક્તિથી મહાત કર્યો.

"ત્યારે મારૂં હૈયું પ્રેમ વિનાનુ નિષ્ઠુર હશે ?...પથ્થર હશે ... એમજ હો. મહારાજ ! નહિં તો વિજયથી જવાયજ કેમ ?" બાલાનાં ચક્ષુએ અશ્રુથી ભરાયાં તે લુછતી શારદા બોલી.

"ચાલ્ય ! દિકરી. તારી અપૂર્ણતાના ઉપાયો મારી પાસે છે. તેનાથી તારામાં સઘળાં સામર્થ્યો આવશે." મહારાજે બાલાને આજ્ઞા આપી.

"અને, પેલો મંત્ર ?" શારદાએ આતુરતાથી પૂછ્યુ.

"તે મંત્ર માટેજ સંપૂર્ણતા જોઈએ. બ્હેન ! મહાનુભાવના આ શબ્દોમાં કંઈ અપ્રતિમ શાતા હતી.

"ત્યારે હમણાં વિજયકુમારનું દર્શન નહિં થાય ? પ્રભુ ! તેની સાથે વાત ન કરવા દેતા, પણ એક વખત મને તે શુરમૂાતનાં દૂરથી દર્શન કરાવો !" બાલિકા કરગરતે સ્વરે બોલતી મહારાજને નમી પડી.

"બેટા ! તું કહીશ તેમ કરીશ, પણ પહેલી ધિરજ જોઈએ." અંતે ઉત્તર આપ્યો.

"મહાનુભાવ ! આપ સાચું કહો છો ? મને સ્વર્ગનો મંત્ર આપશો ?......ત્યાં તે મને દર્શન દેશે ?......મને બોલાવશે ? તો હું ધિરજ રાખીશ." ઘેલીનું મુખારવિંદ આશાથી વિકાસતું જણાયું.

"તને એમ લાગે છે ? કે કદિ હું જૂઠું બોલું." મહારાજે શાન્તવનના શબ્દો ઉચ્ચાર્યા.

"નહિ !...નહિં ! આપ કદી જૂઠું નજ બોલો. આપનાં જેવાં સંત અંતરમાં પણ જૂઠને અવકાશ મળે તો રંક બિચારા ભરતખંડને ઉદ્ધારની આશા કોનામાં રાખવી ?" ઘેલાં હૃદયમાંથી ગંભીર રહસ્યનું નિ:સરણ થયુ. બાલાની સંત પ્રત્યેની આંતરશ્રદ્ધા તેની વાણિમાં સ્ફૂરી.

"આપણે હવે ધિમે ધિમે ચાલશું ને ? બ્હેન ! માર્ગમાં હજી આપણે ઘણી વાતો કરશું......તુ સમજેછે ને ? કે હુ તારી પેઠે દોડી નથી શકતો. વખત બહુ થઇ ગયો છે; અંધારૂં હમણાં થશે." મહારાજે બાળભાષા જેવી વાણિ અને કૃત્રિમ હાવભાવથી ઘેલા રાજકુમારીને વશ કરી.

"આપની સાથે આવું, પણ પેલો મંત્ર ક્યારે આપશો ?" શાર દાદેવીએ થોડા પગલાં ચાલ્યા, વળી અટકી જતાં આતૂરતાથી પૂછ્યું.

"તારી ઘેલછા મટશે ત્યારે ઘેલી !" સંતે બાલાના પૃષ્ઠભાગ ઉપર હાથ ફેરવતાં ઉત્તર આપ્યો.

"મારામાં ઘેલચ્છા છે ?...હું ઘેલી છું. સાચિ વાત કહું, તેમાં પણ હું ઘેલી, કાં ?" બાલા રીસથી નેણો ચડાવતી આતૂરતાથી બોલી.

"નારે...દિકરી ! તને ઘેલી કોણ કહે ? મેં કહ્યું, તે તેં

ન માન્યું, તેથી હું કંટાળ્યો...પછી તેમ બોલાય. " સંત શાન્તિથી બોલ્યા.

" મેં આપને કંટાળો આપ્યો ?...સંત હૃદયને દુભાવ્યું ? મહાનુભાવ ! આ રંક પુત્રિને ક્ષમા નહિં આપો ? હવે હું તેમ નહિં કરૂં, પણ પેલો મંત્ર આપજો, હો ! ચાલો ! હું આપની સાથે આવું છું. " શારદા પોતાની ઉદ્ધતાઇનો પશ્ચાતાપ દેખાડતી સંત સાથે ચાલી પણ માર્ગમાં અનેક તૂતો કરતી ઝાડ, પશુ, પક્ષિ અને પથ્થરને પણ વિજયની વાત કહેતી હતી, પોતે ઉર્ધ્વગતિનું સામર્થ્ય મેળવી સુરલોકમાં પ્રિયતમ પાસે જનાર હોવાની આશાએ આણેલો હર્ષ તે સઘળાં પાસે પ્રદર્શિત કરતી હતી. આવી ઉન્માદ ચેષ્ટા કરતી શારદાને ફોસલાવતા પટાવતા, સાથે લઇ, મુક્તાનંદજી સાયંકાળ પછી મહાશ્રમે મઠ ભેગા થયા.

નિવૃતિના અભિલાષિ પ્હાડી સંતને શારદાના ઉન્માદથી વિષમ વિડંબના ઉપજી. મહારાજે આપેલી મત્રની આશાએ ઘેલાં અંતર્માં કંઇ શાતા પ્રેરી, પણ પેલો પ્રેમોન્માદ તદન વિધ્વસ્ત થયો નહોતો, તે અર્ધઘેલી તો રહીજ. થોડો સમય ડહાપણ અને થોડો સમય ઉન્માદમાં વીતાડતી. તરૂણ બાલાને કોઇપણ સ્ત્રીના સંઘાત અને રક્ષણ વીના મઠમાં એકલીતો રાખી શકાય તેમ નહોતીજ. " ત્યારે હવે શુ કરવું ? " મહારાજની કાર્યદક્ષ બુદ્ધિ કંઇ પણ નિરાકરણ ન લાવી શકી. મહાનુભાવ ઇચ્છે તો, ઘેલી રાજકન્યાને મહારાજા કૃષ્ણસિંહજીના અંતઃપુરમાં રાજમાના રક્ષણમાં મૂકી શકે તેમ હતા, પણ કેટલાંક અનિવાર્ય આંતરિક કારણોથી

મહારાજથી તેવું થઇ શકે તેમ નહોતું. ઘેલી શારદદેવીનાં પૂર્વ જીવનવૃતાન્તમાં સરદાર સામંતનું જવલંત ગૌરવ હતું. તેથી બાલિકાની ખરી સ્થિતિ કોઇને પણ ન કહેવા મહારાજે સરદાર સામંતને ખાત્રિ આપી હતી. મહારાજે કૃષ્ણુસિંહજી અને રાજબાને પણ શારદાની ખરી અવસ્થાથી અજ્ઞાતજ રાખ્યા હતા. મુક્તાનંદજીના રક્ષણુમાં કોઇ તરૂણિ આવી રહેલી હોવાનું રાજબા અને મહારાજા જાણુતા હતા, પણુ તેને માટે મહાત્માને પૂછતાં તેણે સમય આવ્યે તેની સાચી સ્થિતિ જણાવવાનુ મહારાજાને કહ્યું હતું, તેથી સુજ્ઞ મહારાજા અને મહારાણીએ તે બાબદને વિશેષ છેડી નહોતી, પણુ તેઓ શારદાની વાત જાણુવા આતુર હતાં, કિંતું આગ્રહી નહોતાં. કદાચ ઘેલીને રાણીનાં રક્ષણુમાં રાખી હોય તો, ઘેલું અંતર સાચું શા માટે છૂપાવે ? પોતે સરદાર સામંતની ઉદ્ધત ગણાયેલી પુત્રિ મોહિની છે. તેવું કોઇને કહી દેતો, સરદાર સામંતનું કૂલ ગૌરવ રાજપૂતોમાં હિણાયં, મહાનુભાવે સરદાર સામંતને તેનાં ગૌરવનું રક્ષણુ કરવા વચન આપ્યું હતું. સંતહ્રદય પોતાનાં વચનની મહત્તા કેમ વિસરે ? શારદાદેવીને રાજબા પાસે ન રાખવાનું પહેલું કારણુ તો આ હતું. બીજી તરફ સરદાર સામંતને આપેલી ખાત્રિને દૂર રાખી મહારાજ ! બાલાને રાજબાને આશ્રયે મૂકે તો, ઘેલીની સ્થિતિજ મહારાજા કૃષ્ણુસિંહજી અને રાજબાનેઅસહ્ય થાય તેવી હતી, કારણુ કે શારદા વિજયનું રટન થોડો સમય પણુ વિસરતી નહોતી વિજયકુમાર માટે થયેલી બાલિકાની દુઃખી અવસ્થા પુત્રવિયોગી વૃદ્ધ યુગલનાં આળાં હૈયાં ઉપર ઘા થયા જેવી હતી. આવાં કારણોથી રાજબાનો આશ્રયતો બાલાની આ સ્થિતિને નિરૂપયોગિ હતો.

મહાનુભાવની દીર્ઘવર્તીની બુદ્ધિને ઘેલી બાલિકાની સ્થિતિ સભાળવી ભારે થઇ પડી. ઘેલીનું રક્ષણ કરવા કોને કહેવું ? મઠમાં તો યુવાન બાવાઓ વસતા હતા; ઘેલી યુવતીને સંભાળે, તે વિશ્વાસ કોના ઉપર મૂકવો ? વૃષભાનંદ પ્રત્યે તો હવે મુક્તાનંદજીને પૂરો તિરસ્કાર ઉપજ્યો હતો. વસંતપુર રાજ્યની સ્થિતિ હમણાં ડામાડોળ નજ હત તો, મહારાજ વૃષભાનંદને તેના અપરાધ માટે ક્ષમા ન જ આપત. તે ભયંકર ઝેરી કીડાને મઠમાં ન પોષત, પણ તે ગૃહભેદુ હતો. મહારાજ હમણાં તેનો ઉઘાડી રીતે તિરસ્કાર કરતા ડર્યા, વૃષભાનંદને કંઇ કહેતાં તે ઉઘાડો ઉઠે તો, વસંતપુર રાજ્યનાં અંતર્ સડામાં એક આવશ્યક સત્તાની સંવૃદ્ધિ થવા સંભવ હતો. તે ગૃહભેદુ કૃતઘ્ન સાથે ઉઘાડી રીતે વિદ્રોહ કરવા જતાં, વસંતપુર રાજ્યમાં મહારાજા અને યુવરાજ સામે થતાં કાવત્રાંઓમાં વિશેષ ભયંકરતા આવે તો તે બને તેવું હતું. જાલિમસિંહનો ભીષણ રાજ્યલોભ અને કાવાદાવાઓ મહારાજ સમજી ગયા હતા, પણ તે ગરાસિઆ તરફ ઉઘાડો તિરસ્કાર મહારાજ પ્રદર્શિત કરે તો, તેનાં હાર્દનાં જે વૈમનસ્યનું સ્પષ્ટદર્શન મહારાજની વિચક્ષણ દૃષ્ટિને વખતોવખત થઇ શકતું, તે અટકે અને તેવું થાય તો, મહારાજ અમાત્ય તથા મહારાજાને જે અગમચેતી સૂચવી, વખતોવખત ભયમાંથી બચાવી લેતા, તેમ પછી થઇ શકે તેવું નહોતું. તેથી હવે તો મુક્તાનંદજી બ્હારથી પોતાને જાલિમના અનુયાયિ મનાવવા વૃષભાનંદ સાંભળે તેમ જાલિમનો પક્ષ લઇ વાતો કરતા, પણ તે સઘળી માત્ર યુક્તિઓજ હતી. અર્થાત્ જાલિમસિંહનો પોતાની ઉપરનો વિશ્વાસ અચળ રાખવા, મહારાજ આ પ્રપંચબાજી રમી રહ્યા હતા અને તે પ્રપંચબાજીએ વસંતપુર રાજ્યની વિશિષ્ટ સેવા કરી હતી. વૃષભા-

નંદ જાલિમસિંહનો ગુપ્તદૂત હોવાનો મહારાજે સાચો તર્ક કરી લીધો હતો. આવાં અંતર્ કારણોથી મહારાજ વૃષભાનંદ સાથે ઉઘાડો વિદ્રોહ ન કરી શકયા; તેમ કરવાનો સમય તેને અત્યારે અનુકુલ ન દેખાયો. તે મૌન રહ્યા, પણ ચેત્યા હતા.

બે દિવસ તો મહારાજે ઘેલી સાથે ઘેલાં કાઢી જેમતેમ કરી વીતાડયા, પણ બીજી તરફ વિજયકુમારના ખબર સાંભળ્યા પછી મહારાજાની તબિયત વધુ બગડી હતી અને તેમાં પણ વિષમતા આવતી હતી. વૉર ઓફિસ ઉપર લંડન તાર કર્યા, પછી ત્રણ ચાર દિવસો પ્રતિઉત્તરની રાહ જોતા ચાલ્યા ગયા, પણ હજી ઉત્તર ન જ મળ્યો. સમર ભૂમિ ઉપરથી વિજયકુમારના સારા સમાચાર ન મળે ત્યાંસુધિ મહારાજાની ઉદ્વિગતા અલ્પાવાની આશા વ્યર્થ હતી.

અસ્વસ્થ મહારાજા મહાત્માનું સ્મરણ વખતેવખત કર્યા કરતા હતા; મહાત્માને ઉપાધિઓ ઉઠી. એક તરફ ઘેલી શારદાને એકલી મૂકી કયાંઇ પણ જઇ શકાય તેમ નહોતું, ત્યારે બીજી તરફ મહારાજા મહાનુભાવનું પ્રતિક્ષણે સ્મરણ કરતા હોવાનું તથા મહારાજામાં વિશેષ અસ્વસ્થતા હોવાનું મહાનુભાવને કહેવા અને મહાત્માને મહારાજા પાસે લઇ જવા, રાજદરબાર અને મઠની વચ્ચે ગાડીઓ અને ઘોડેસ્વારો દોડવા લાગ્યા. વિષમ વસ્તુસ્થિતિ વિચારી, મુક્તાનંદજીએ નિરૂપાય થઈ ઘેલીની સંભાળ માટે એક વૃદ્ધ અને વિશ્વનીય દાસિ મહારાણી રાજબા પાસે માગી અને મહારાજની તે માગણી રાણીએ આદરથી સ્વિકારી, પોતાની મોંઘી નામની એક વિશ્વસનીય વૃદ્ધ અને અનુભવી બાઇને શારદાની સુશ્રૂષા માટે

તેણે મઠમાં મોકલી. એટલુંજ નહિં, પણ તે મહારાણીની માનનિય દાસીની સેવા માટે બીજી એક સહચરી મોંઘીને રાજબાએ સાથે આપી અને તેઓના ખર્ચનો સઘળો પ્રબંધ રાજબાએજ કર્યો. શારદાદેવી તો મઠમાં આવી વસી, તે પહેલાંની અન્ન ત્યજી, દૂધ અને ફળફુલથી પોતાનું જીવન પોષતી હતી. તેને લાગેલી પ્રેમની મસ્તિએ તે ક્રમ વિસરાવ્યો નહોતો. શારદા માટે મહારાજ એટલું કરીનેજ સંતુષ્ટ ન થયા, પણ મઠનો કેટલોક ભાગ શારદા અને તેની રક્ષિકાઓ માટે નિર્મિત કર્યો અને તે સઘળાંને સંભાળવા મઠની આસપાસ અને મઠની અંદરના નિરમિત ભાગમાં હથિયારબંધ સિપાહીઓની ચોકી મૂકી. મહારાજને એટલાં પગલાં લેવાનું પ્રયોજન જાલિમની વિષમ જાળ અને વૃષભાનંદની દુર્નિતિ હતી. પોતાની ગેરહાજરીમાં તેઓનાથી ઘેલીનું રક્ષણ કરવા જંગલનાં એકાકી સ્થળમાં એટલી અગમચેતિ વિચક્ષણ સંતને આવસ્યક લાગી અને તેણે તેવી વ્યયસ્થા કરી.

પરિચ્છેદ ૨૯ મો.

જાલિમનું જાલિમ તંત્ર.

મહાનુભાવ મુક્તાનંદજીનાં એકાન્તિક નિવાસમંદિરમાં ઘેલી શારદામૈયાનાં સંરક્ષણ માટે લશ્કરી સત્તા અને મહિલાઓનો દોરદમામ સ્થપાયો. મઠમાં વસતા વૃષભાનંદને મહારાજ કંઇ પ્રત્યક્ષ રીતે કહી ન શકયા, પણ તેની અધમતાનાં પરિણામમાં વૃષભાનંદ સાથે મઠના દોષિત અને બિચારા નિર્દોષ સઘળા બાવાઓને સ્ત્રીવર્ગને રહેવાના ખંડો તરફ દૃષ્ટિપાત પણ કરવાનો પ્રતિબંધ થયો.

ઘેલી શારદામૈયા પાસે મોંઘીને રાખ્યા પહેલાં મહારાજે ઘેલીને એક પ્રતિજ્ઞા લેવરાવી હતી, કે જેથી તે ઉન્માદના તોરમાં પોતાની અંતરૂવ્યથા, કે પિતાનું સાચું નામ મોંઘીને કે અન્ય કોઇને ન કહે. શારદા પ્રેમોન્માદમાં પ્રિયતમને શોધવા મઠમાંથી નાસી ગયા પછી મહારાજ તેને ફોસલાવી, પટાવી, મઠમાં તો લાવ્યા; પણ મઠમાં આવ્યા પછી તેનાં પ્રેમઘેલાં અંતરને કશામાં જંપ ન વળ્યો. પ્રથમ દિવસનો ઉન્માદ હવે તેનામાં નહોતો, પણ હજી તે અર્ધઘેલી તો રહી હતી પ્રથમ દિવસની પેઠે તેની આંતરદૃષ્ટિ જગતને વિજયમય જોતી નહોતી, પણ હવે તે પ્રિયતમને સ્વર્ગનિવાસિ માની,

તેની પાસે પહોંચવા અમાનુષિ ગતિ અને સામર્થ્ય મેળવવા ઉત્સુક થઈ રહી હતી, પણ તે સામર્થ્ય સ્વર્ગમાં ગાત કરાવનાર મહામંત્રમાંજ બાલા જોતી હતી; કારણ કે સંતનાં દૈવત્વમાં તેને વિશ્વાસ અટલ હતો. મઠમાં આવ્યા પછી ઘેલી વખતોવખત મંત્રની યાચના સંત પાસે કરવા લાગી.ઉન્માદમાંથી ઉપજેલી ઘેલીની આ ઉત્કટ ભાવના મહારાજની વિચક્ષણ બુદ્ધિનું હથિયાર બની. બાલિકાને મંત્ર આપ્યા પહેલાં મહારાજે તેને અધિકારી બનાવવાનો આડંબર કર્યો. ઉક્ત અધિકાર મેળવતાં કેટલીક પ્રતિજ્ઞાઓનું પરિપાલન શારદાને તેણે આવશ્યક જણાવ્યું. મહાત્મા પોતાની યુક્તિમાં ફાવ્યા; તે પ્રતિજ્ઞાઓને ઉત્સાહથી અનુસરવા ઘેલી દૃઢ હતી. મહાત્માએ પ્રસંગ સાધિ, શારદા પાસે ઉન્માદ અવરોધક કેટલીક પ્રતિજ્ઞાઓ લેવરાવી; આ પ્રતિજ્ઞાઓમાં એક પ્રધાન પ્રતિજ્ઞા એવી હતી, કે શારદામૈયાએ મૌનવ્રત ધારણ કરવું, હસ્તસંજ્ઞાથી કે લખી વાચીને કોઇને પોતાનું કંઈ જણાવવું નહિ. પ્રિયતમ દર્શન માટે ઉત્સુક થયેલી પ્રેમઘેલી તેવાં કઠીન વૃતોનુ પણ પરિશીલન કરવા લાગી, એમજ નહિં પણ તે આશાયુક્ત કાર્યમાં તન્નમય થઈ ગઇ. મનુષ્ય જાતની શક્તિ બહિરની આકાંક્ષા રાખી, તે આશામાં સાફલ્ય શોધવા કઠીન વૃતોનું શારદા પાલન કરતી હતી, તેજ માત્ર હવે શારદાની અંતર્ ઘેલછા અવશિષ્ટ હતી, તે સિવાય તેનામાં સંપૂર્ણ શાન્તિ આવી હતી. શારદા પોતાના માળ ઉપર એકલીજ બેસી, સ્વર્ગમાર્ગોનુ આકાશમાં અવલોકન કર્યા કરતી હતી. તેનાં ઘેલાં હૈયાંમાં અત્યારે તેજ વિચારોના તરંગો ઉછળી રહ્યા હતા અને તે વિચારોમાં ઉપજતી સૃષ્ટિમાંજ ઘેલીની રમતો હતી. ત્યારે મોંઘી વિગેરે તેને તેની રમતોમાંજ મસ્ત રહેવા દેતાં હતાં.

મુક્તાનંદજી હવે શાન્તિથી મહારાજા પાસે વસંતપુર જઇ શકતા હતા; મહારાજાની સ્થિતિ કંઇ વધુ ગંભીર હતી, તેથી મહારાજે મુંબઇ તથા કલકત્તાથી અનુભવી અને વિખ્યાત ડાકટરોને મહારાજાની સારવાર માટે તેડાવ્યા. કારણ કે રાજાની માંદગિમાં વાયુનો પણ વિશ્વાસ કરવો બહુ વખત ભયંકર અનર્થક નિવડે છે. વળી તેમાં રાજ્યના ઉતરાધિકાર માટે જ્યાં સ્પર્દ્ધાજ ચાલતી હોય, ત્યાં તો રાજાની ન જેવી માંદગિ પણ મૃત્યુ જેવાં પરિણામમાં બહુ વખત વિરામે તો તેથી વિસ્મય થવા જેવું કંઇજ નહિં. કારણકે રાજાના થઈ રહેલા વિશ્વાસુ રાજદ્વારીઓ, દરબારી હજુરીઆઓ અને કોઇ વખત વ્હાલાં સ્વજનો પણ આંતરિક રીતે અન્યના હથિયારરૂપ થઇ રહેલાં હોવાથી, તેઓ આવા ઘાતકી અનર્થો વીના ક્ષોભે કરે છે. મહારાજા કૃષ્ણસિંહજીના દરબારમાં એવીજ સ્પર્દ્ધા અને વિષમતા હતી. બાહ્ય સ્વરૂપે અવિચ્છિન ભાસતા વસંતપુરનાં રાજ્યતંત્રમાં ભયંકર ઉધિ જેવા કીડાઓ અંતર્ગત રહી, હમણાં રાજકુલનું અનિષ્ટ શોધિ રહ્યા હતા અને તે સઘળાંનું ચૈતન્ય કૂટીલ જાલિમસિંહ હતો, કિંતુ પ્હાડી સંત, વૃદ્ધ અમાત્ય મુદરદાસ અને તરૂણ સૈન્યાધિપતિ સમરસિંહજી જેવા કાર્યદક્ષ મહારાજાના સહાયકો વસંતપુર રાજ્યના ભારવાહકો હતા, તેઓની દૃઢતા અને કૃતજ્ઞતા પાસે વિદ્રોહીઓનું કંઇ ચાલતું નહિં, એમજ નહિં, પણ રાજકુલનાં રક્ષણ માટે ઉક્ત ત્રિપુટી આશિર્વાદ તુલ્ય હતી.

વૃદ્ધ મહારાજાની ગંભીર માંદગિમાં તેની સુશ્રૂષા માટે મુંબઇ વિગેરે સ્થળોએથી તેડાવેલા ડોકટરો સતત્ તેની પાસે રહેતા હતા; એટલુંજ નહિં; પણ મહારાણી રાજબા ઓઝલ પડદાનાં પુરાણા નિય-

મોને તિલાંજલી આપી મહારાજાના પલગ પાસે રાત્રિ દિવસ બેસી રહેતી હતી; તે સાથે એકાન્તવાસને ઇચ્છનાર પહાડીસંત્ મુક્તાનંદજી પણ મહારાજા પાસે રહી, મરણ પથારીએ [illegible] પિતાની કૃતજ્ઞ પુત્ર જેમ અંતિમ સેવા કરે તેવી રીતે સ્વહસ્તે તે મહારાજાની અતૂલિત સેવા કરતા હતા. મહારાજાની આવી ગંભીર માંદગિના હજી આઠ દિવસ પણ પૂરા ન ગયા, એટલામાં વળી શહેર ઉપર એક નવી વિપત્તિ વરસી.

એક અંધારી મધ્યરાત્રિએ જગત્ સાથે વસંતપુર ભયંકરતાની પ્રબળ સત્તામાં નિબદ્ધ થઇ, શાન્તિદેવીના શાન્ત ખોળામાં પોઢયું હતું. શહેરમાં થોડે થોડે અંતરે શહેરસુધારાખાતાંના ઝાંખા દિવાઓ ટગટગતા મંદ પ્રકાશ આપતા હતા. આજે વાયુના વેગમાં બળ હતું, નીષાની શાન્તિમાં વાધતી વાયુની સૂસવાટી અને તેનાથી ચડતા ધુળના ગગન સ્તંભો જેવા વંટોળીઆઓ રાત્રિને વધુ ભયાન્વિત બનાવતા હતા. કોઇ કોઇ વખત શહેરનાં છાપરાંઓ ઉપર કે પવનના પ્રબળ ઝપાટા સામે ઝુલી રહેલા શહેર માંહેનાં છુટાંછવાયાં વૃક્ષો ઉપર ઘુવડાદિ નીષાચર પ્રાણિઓ ડરામણા સ્વરોથી ઘુઘવી રહ્યાં હતાં. તે સિવાય શ્વાન ભષણ અને શહેર રક્ષકોના દૂરથી કે પાસેથી આવતા પોકારો રાત્રિની શાન્તિને ભેદતા પ્રજાજનોને સચેત રહેવા સૂચન કરી રહ્યા હતા. વસંતપુર શહેરની પશ્ચિમ મર્યાદા ઉપર આવેલી પોસ્ટખાતાંની અને તારખાતાંની ઓફિસો એકજ ભવ્ય મકાનમાં સાથે આવેલી હતી અને તેનાથી થોડે દૂર તાર માસ્તર અને પોસ્ટમાસ્તરના મકાનો તથા તે ખાતાંના થોડા નોકરોની ઓરડીઓની

હાર એક સાથે આવેલી હતી. આ મકામોની પાછળથી શહેરનાં મોટાં મકામોની શરૂઆત થતી હતી.

આજે આવે વખતે તારમાસ્તરના મકામમાંથી અણધાર્યા ધુંવાડાના ગોટાઓ નીકળવા લાગ્યા. ઘરમાં તારમાસ્તર તેની સ્ત્રી અને બે છોકરા શાન્તિથી સુખશૈયામાં ઉંઘતાં હતાં; તેઓને આ ધૂંવાડાનું કંઇજ ભાન નહોતું. ધૂંવાડા થોડો વખત આકાશમાં ચડયા ન ચડયા, એટલામાં તે મકામમાં ધૂંધવાયેલી અગ્નિ જવાળાઓ બહાર નીકળી આકાશ તરફ ઉડવા લાગી. "આગ, આગ"નો શોરબકોર શહેરમાં થયો; આગનાં તતૂડાં ફૂંકાયાં. લોકો જાગૃત થઇ, હાંફળાં ફાંફળાં તાર ઓફિસ તરફ દોડવા લાગ્યાં. પાણીનાં યાંત્રિક સાધનો પણ ઉતાવળાં આવી પહોચ્યાં. થોડાજ વખતમાં પાણીનો પ્રવાહ અગ્નિ ઉપર અવિચ્છિન ધારાઓએ વરસવા લાગ્યો, પણ અત્યારે પવનનું જોર પૂરૂં હતું. આગની પ્રચંડ જવાળાઓ જોતજોતામાં આસપાસનાં મકામો ઉપર પ્રસરી ગઇ. પોસ્ટમાસ્તર તેનાં કુટુંબીઓ અને બીજા નોકર ચાકરો સહિસલામત આગથી બચી બહાર નીકળી શકયા, પણ બિચારા તાર માસ્તર, તેની સ્ત્રી અને તેનાં બે નાના છોકરાને આગમાંથી નાસી છૂટવાનો માર્ગ નજ મળ્યો; તેના મકામના આવ, જા, થઇ શકે તેવા બારણાઓમાંથીજ આગ આરંભાઇ હતી; તેથી આગ પ્રથમ તારમાસ્તરના મકામની ચારે બાજુ ભભુકી ઉઠી. તેઓને સહાય કરવા કોઇ માર્ગ નહોતો, તોપણ લોકોના અનિવાર્ય શ્રમથી તારમાસ્તરનું કુંટુંબ આગમાંથી બહાર તો નીકળ્યું, પણ તે બહુ મોડું. મોડી પહોચેલી સહાય જો તેઓને થોડી વ્હેલી મળી હોત તો, જે ભયંકર પરિણામ આવ્યું, તે આવવા પામત નહિં. તારમાસ્તર અને તેની

ઓને અર્ધ મરણાવસ્થામાં બહાર કાઢી શકાયાં, તેઓને બહાર કાઢયા પછી તેઓ બે કલાક તડફડી મરણ પામ્યાં. તેનાં નિરાધાર બે છોકરાંઓ દાજ્યા હતા, પણ તેઓ બીચારા વધુ બે ત્રણ દિવસ અશમિત પિડા ભોગવવા જીવી, મરણ પામ્યા. આ ચાર હત્યાઓ સિવાય આગે શહેરમાં ઘણું નુકશાન કર્યું, ઘણાં તવંગર કુંટુબોને ઘરવગરનાં રખડતાં, રઝળતાં અગ્નિદેવે કરી મૂકયાં. પ્રભાત થયા પછી પવનનુ જોર નરમ પડયુ; તે સાથે આગ પણ શમિ ગઈ.

વસંતપુરની રંક પ્રજાનો વ્હાલો ભાવિ રાજા, વિજયકુમાર ઘવાયો છે; આવો તાર રણભૂમિ ઉપરથી મળ્યો હોવાના શહેરમાં ખબર વ્યાપ્યા હતા, પણ જાલિમના અનુયાયિઓએ વિજયનું મૃત્યુ થયું હોવાની વાતો ગામમાં ફેલાવી હતી; તે વાતો લોકમુખે છાની છૂપી બોલાતી જ્યાં જ્યાં શ્રવણગોચર થતી હતી. લોકોનાં મન યૂવરાજની કુશળતા માટે સંદિગ્ધ અને ઉદ્વિગ્નતો આવી વાર્તાઓએ કર્યાં હતાંજ; તેમાં વૃદ્ધ મહારાજાની ભયંકર માંદગિની વાત શહેરમાં વાધિ. રાજભક્ત પ્રજાઉપર ચિંતાનું પૂર ચડયું અને તે ચિંતામાં ડૂબવા લાગી હતી, તેમાં વળી શહેર ઉપર ભેદભરી આગની અણધારી વિપત્તિ આવી પડી. રાજા અને પ્રજા ઉપર આવી વિડંબનાઓ ઉપરા-ઉપર ઉત્પન થવાનાં અનેક કારણો લોકો કલ્પવા લાગ્યાં, પણ આ ભયંકર આગનું ખરૂં કારણ મહારાજ મુક્તાનંદજી અને દિવાનના તર્કોએ શોધી લીધું હતું, કિંતુ મહારાજાની સ્થિતિ સુધરતાં સુધી તે બાબદને વધુ ચર્ચાએ ચડાવવા તેઓ ઇચ્છતા નહોતા, તેથી તે સઘળી બાબદોની છૂપી તપાસ કરવા પોલિસખાતાંના પોતાના વિશ્વાસુ અમલદારોને દિવાને નિરજ્યા.

આ આગ ભેદભરીજ હતી. કારણ કે તેની શરૂઆત તારમાસ્તરનાં ઘરથીજ થઇ હતી; એમજ નહિં, પણ તારમાસ્તરનું ખૂન કરવા, કોઇએ ઇચ્છાપૂર્વકજ આગ લગાડેલી હોવાના પૂરાવા પ્રત્યક્ષ હતા. આ સઘળા ભેદોનાં તારતમ્યમાંથી મહાત્માનાં અંતઃકરણમાં કંઇ વિચિત્રજ આશાના અંકુરો ફૂટયાં હતાં. બહુ વિચાર્યા પછી સાધુનાં અંતર્માં વિજયકુમારના અનિષ્ટનો આવેલો તાર વિગેરે ખોટો પ્રપંચ હોવાના તર્કો ઉદ્ભવ્યા. આ ઘટનાથી, વિજયકુમાર સંગ્રામક્ષેત્ર ઉપર કુશળક્ષેમ હોવાનું માની લેવાનાં અનેક કારણો મહાત્માએ શોધિ કાઢયાં હતાં, પણ તેણે તે વાત હમણાં સુંદરદાસ સિવાય કોઇને નજ કહી. કારણ કે આ ભેદોના પુરાવાઓ બ્રિટીશસત્તા પાસે ન્યાય માગવા, શોધિ કાઢવાના હતા. જો આ આશય અને પ્રયત્નોની વાત બહાર ચર્ચાય તો પ્રતિપક્ષિઓ સચેત થઈ જાય, એમજ નહિં, પણ મુક્તાનંદજી જાલિમસિંહના શુભચિન્તક હોવાનું, જાલિમસિંહ અને તેના અનુયાયિઓ માનતા હતા, તે માન્યતા, વિપ્રિત રૂપ લે અને જો તેવુજ થયું હોય તો, હાથચડી બાજી હારી બેસાય તેવું હતુ. જાલિમ વિગેરે ઘણીખરી રાજ્યકુટુંબ વિરૂદ્ધની બાબત મુક્તાનંદજીને જણાવતા. જાલિમનો સંત ઉપરનો તે વિશ્વાસ પલટાઇ જવાનો વખત ન આવે, તેવી રીતે મુક્તાનદજી દિવાન સુદરદાસને નામે રાજકૂળનાં ઇષ્ટ માટે છુપા તંત્રો રમતા હતા.

વિજયકુમારે વિલાયત પ્રયાણ કર્યું, તે દિવસથી મહારાજા ઉપર, તેવે કોઇ સ્થળે કે રાજ્ય ઉપર આવેલા સઘળા તારોની નકલો તાર ઓફિસમાથી કઢાવવા મહારાજે દિવાનને આજ્ઞા

કરી, પણ ત્યાંએ વિદ્રોહિઓએ કાચું કાપ્યું નહોતું. તે નક્કલો ઘણે સ્થળે શોધિ, પણ તારની જોઈતી નક્કલો નજ મળી શકી. આગ લાગી તે વખતે તારઑફિસના સરસામાનની ફેરવણી કરતાં તે નક્કલો ક્યાંઇ વેરાઇ ગયેલી હોવાનું નિમિત્ત અપાયું. જો આ નક્કલો મળીજ હોત તો, વિરોધિઓના પ્રપંચો સિદ્ધ થઇ શકત, પણ જોઇતું ન મળી શકવાથી મહારાજ અને દિવાન નિ-રૂપાય થયા, ભેદ ત્વરાથી શોધિ ન શકાયો. આથી પરિણામ એ આ-વ્યું, કે સરકારની મહાસત્તાને દેશીરાજ્યનાં કામકાજમાં વચ્ચમાં પડવાની જરૂર જણાઇ.

"આગ શાથી જન્મ પામી ? ચાર માણસો બળી ભસ્મસાત થયાં, ત્યાંસુધી તેઓને સહાય ન મળી શકી, તેનુ કારણ શું ?" રાજનગરના બ્રિટીશ અધિકારીએ વસંતપુરના રાજ્યપાસે ઉપલા પ્રશ્નોનો ખુલાસો માગ્યો. તે સાથે આગથી બળી મરનાર અને તેનું કુટુંબ સરકારી નોકર હોવાની રાજ્યને દબાણથી સ્મૃતિ આપી. કેટલાંક સંભવનીય કારણો અને ભેદ સંબંધિ રાજ્યને કંઇ સંશય હોવાના ખુલાસા બ્રિટીશ અધિકારી પાસે દિવાને લંબાણથી કર્યા, પણ તેથી બ્રિટીશ સત્તાધિ-શને સંતોષ ન થયો.તેણે ભેદ શોધિ તેના સંતોષકારક પૂરાવાઓ બ્રિટીશ અધિકારી સમક્ષ રજુ કરવા રાજ્યને આદેશ કર્યો અને તે સઘળાંની શોધ માટે બે માસનો અવકાશ આપ્યો, પણ જો તે બે માસમાં રાજ્ય તરફથી સંતોષકારક સ્પષ્ટિકરણ નહિંજ થઇ શકે તો, વ-સંતપુરનાં પોલિસખાતાંને અયોગ્ય ગણી, તેનામાં જોઇતી યોગ્યતા આણવા અને આગમાં સરકારી કાર્યવાહકનું મૃત્યુ થયું, ત્યાંસુધી તેને સહાય કેમ ન મળી શકી, વિગેરે બાબદોનો ભેદ શોધિ કાઢવા

વસંતપુરનાં પોલિસખાતાંની સ્વતંત્રતા ઉપર અંકુશ મુકાવાની વસંતપુર રાજ્યને બ્રિટીશ સત્તાધિશે અગમચેતી આપી. વળી રાજ્ય સૂત્ર ગૂંચવાયું. તોપણ વિચક્ષણ સંતે અને દિવાને બ્રિટીશ સત્તાનાં દબાણની વાતથી અસ્વસ્થ મહારાજાને અજ્ઞાતજ રાખ્યા.

અગ્નિદેવના વિહારવાળી ઘટના ઉપર પણ દોઢ માસ વીતિ ગયો હતો; મરનાર તારમાસ્તરના અધિકાર ઉપર નવિન તારમાસ્તર આવ્યો હતો, બળીજળી ગયેલું ત્યાંનું સુધરાવી, સમરાવી, પાછું વ્યવસ્થિત કરવામાં આવ્યું હતું. મહારાજાની સ્થિતિમાં હવે કંઇ સુધારો થયો હતો, પણ વોર ઓફિસમાંથી યૂવરાજ માટે મહારાજાને કે કોઇને કંઇજ ઉત્તર મળી શકયો નહોતો. અત્યાર સુધી વોર ઓફિસના તારની રાહ જોયા પછી મહારાજે મહારાજાની સમ્મતિ લઇ, રાજ્યના કેળવણિ ખાતાના વિદ્વાન પારસી અધિકારી, નવરોજજી, એસ, અલ્હાબાદીને વિજયકુમારની તપાસ માટે છૂપિ રીતે વિલાયત મોકલ્યો, કે જેથી તારના સાચાખોટા માટે સંશયને અવકાશ રહે નહિં. મહારાજ અને સુંદરદાસે આ આવશ્યક વ્યવસ્થા તો કરી, પણ આગવાળી ઘટનાનો ભેદ હજી પકડાયો નહોતો. મહારાજ અને સુંદરદાસ આ કારસ્તાનો કોના છે? તે બરાબર સમજતા હતા, પણ તે નામોને પ્રકાશમાં લાવતાં પહેલાં સરકાર પાસે પૂરાવાઓ રજુ કરવાની જરૂર હતી. પૂરાવા વિના તે નામો જાહેરમાં લાવતાં, સાધુને અને સુંદરદાસને વસંતપુરમાંથી ભાગવું ભારે થઇ પડે તેવું હતું. તેથી ખરા મુદ્દાઓ મેળવવા તેઓ છૂપી રીતે મહાશ્રમ કરી રહ્યા હતા, પણ અત્યાર સુધી તો તેઓનો શ્રમ વ્યર્થ હતો.

જગતના વ્યવહાર માત્રનો પરિત્યાગ કરી, પ્હાડી ગુહામાં એકાકી જીવન ગાળનાર સંત મુક્તાનંદજીને શારદા, રાજતંત્રની ગૂંચવણો અને મહારાજાની માંદગિએ મહા પ્રવૃત્તિમાં નાંખ્યા. એટલુંજ નહિં, પણ હમણાં તો મહારાજનો દોરદમામ રાજ્યમાં નિઃસીમ વધી પડયો હતો. અસ્વસ્થ વૃદ્ધ મહારાજા તો, માત્ર પોતાને કંપતે હાથે સહી કરી રાજ ખટપટથી નિરાળાજ રહેતા હતા; પણ અત્યારે તો વસંતપુરના ખરા રાજ્યભારવાહક સંત મુક્તાનદજીજ હતા; તે ત્યાગિ સંતને રાજ્યધૂરા પોતાના આધિનમાં શામાટે લેવી પડી હતી ? તે કંઇ સમજી શકાતું નહોતું, કિંતુ તે સાધુની વિચક્ષણ સત્તા સામે ઉંચુ માથું કરવા કોઇજ વ્યક્તિ રાજ્યમાં નહોતી. વૃદ્ધ મહારાજા કે રાજબાને તો મહારાજ ઉપર અટલ શ્રદ્ધા હતી, તેથી તેઓને તો સંતના આ વર્તન માટે કદિ પણ સંશય ઉદ્‌ભવે તેમ નહોતોજ. દિવાન સુંદરદાસને કોઇ કોઇ પ્રસંગે તેવી શંકા ઉઠતી, પણ સંતની મહાસત્તા પાસે તે નિરૂપાય હતો. ત્યારે રાજકૂળનું ઇષ્ટ સાધતા મહારાજનાં વર્તનમાં એકપણ એવો અપવાદ નહોતો આવતો, કે જેને માટે સુંદરદાસને મહારાજા પાસે કે મહારાણી રાજબા પાસે સત માટે અક્ષર પણ ઉચારવાનો પ્રસંગ મળે.

વસંતપુરની પોલિસ સત્તા, બ્રિટીશ અધિકારમાં લેવાની અપાયેલી મુદતના હવે માત્ર બેજ દિવસ અવશિષ્ટ રહ્યા હતા, તથાપિ મુદ્દો કંઇજ મળ્યો નહોતો. અમાત્ય સુદરદાસ અને મહાનુભાવ મુક્તાનંદજી મુંઝાયા, દેશી રાજ્યના કાર્યવાહકોની અપૂર્ણ શક્તિથી કાર્યક્રમમાં ન્યૂનતા પ્રતીત થાય, તે બ્રિટીશ સત્તાથી સાંખી શકાય તેમ નહોતું. વસતપુરનાં દેશી રાજ્યની પોલિસ સત્તાની અપૂર્ણ-

તાથી બ્રિટીશ સત્તાને વચમાં પડવું પડે, તે વસંતપુર રાજ્ય સંચાલકોને ઓછું હિણું લગાડનારૂં નહોતું તેથી પોલિસ અધિકારીએ કૃત્રિમ અપરાધિઓ યોજી, પોતાનાં ખાતાંની કૃત્રિમ સંપૂર્ણતા બ્રિટીશ સત્તાની દૃષ્ટિ સામે લાવવા પ્રપંચ રચવા ગુપ્ત યોજના કરી, પણ મુક્તાનંદજીનાં ચાતુર્યને તે ન છળી શક્યો. કારણ કે સંત સાચા અપરાધિઓને ઓળખતા હતા, તેણે પોલિસ અમલદારનો આ લજ્જાસ્પદ પ્રપંચ પકડી લીધો; એમજ નહિ, પણ બ્રિટીશ જેવી મહાસત્તાને છેતરવાનો પ્રયત્ન કરવાના અપરાધ માટે મહારાજે તેને પદભ્યૂત કરાવ્યો. મહાત્માની દૃષ્ટિ અપરાધિઓને પોતાની સામે તરવરતા જોઇ શકતી હતી, પણ જ્યાં મુદ્દાનો અભાવ ત્યાં ઉપાય શું? વસંતપુર રાજ્યતંત્રના ગૌરવ ઉપર બ્રિટીશ પંજો પાડવાને હવે માત્ર બેજ દિવસ બાકી હતા. આ બે દિવસમાં નિરણય આવવોજ જોઇએ, પણ હવે મુદ્દા મેળવવા કઇ યુક્તિ વાપરવી? કોને સાધવું? વિદ્વેષિઓ સાથે ઉઘાડો વિરોધતો થઇ શકે તેમ નહોતો; ત્યારે શું કરવું? આવી ચિન્તા અને ગડમથલમાં સંત મુક્તાનંદજી નિમગ્ન હતા; તેની વિશાળ બુદ્ધિ, અલૌકિક સંતત્વ અને હજારો યુક્તિ પ્રયુક્તિથી પણ તે અત્યાર સુધીમાં કંઇજ સફળતા મેળવી શક્યા નહોતા.

(પહેલો ભાગ સમાપ્ત.)

છપાય છે. છપાય છે. છપાય છે.

સંગ્રામ ક્ષેત્ર.

અને

મુક્તાનંદજીના મહામંત્રો.

ભાગ ૨ જો.

આ ગ્રંથનો બીજો ભાગ સંપૂર્ણ સ્વરૂપમાં છપાઈ, થોડાજ વખતમાં બહાર પડશે. તો તેમાં જાહેર ખબર આપવા ઇચ્છનારાઓએ, કે પુસ્તક સંબંધિ કોઇ પણ બાબદનો પત્ર વ્યવહાર નાચેને સરનામે કરવો.

એચ. પી. શર્મા એન્ડ કું. તંબાકુવાળા માલામાં
જુના મોદીખાના. (કોટ) મુંબઈ.

થોડાજ વખતમાં છપાઇ બહાર પડશે.

સાતમી સદીની સિદ્ધિ.

અને

પ્રણય પ્રતિમા.

શ્રીયુત. જેષ્ટારામ ભવાનીશંકર બધેકાની કલમથી લખાઈ તૈયાર થયેલો, ઐતિહાસીક રસમય ગ્રંથ, થોડાજ વખતમાં બહાર પડશે. જેમાં સાતમી સદીનાં ભારતવર્ષનું રાજ્યતંત્ર, વામમાર્ગિઓનાં કમકમાટ ઉપજાવે તેવાં ભેદી અને ભયકરં કૃત્યો, ઉચ્ચ પ્રતિના પ્રેમનું પ્રાબલ્ય અને કસોટી. વિગેરે વિષયોથી આ ગ્રંથ ભરપુર છે. આ પુસ્તકમાં જાહેર ખબર આપવા ઇચ્છનારાઓએ અને તે સંબંધિ કંઇ પણ પૂછપરછ કરનારે પત્ર વ્યવહાર ઉપરને સરનામે એચ. પી. શર્મા એન્ડ કું. સાથે કરવો.

ઉત્તમ પ્રતિનાં પ્રેમથી ઉભરાતાં આલ્હાદક ત્રણ લઘુ કાવ્ય રત્નો તૈયાર છે.

શ્રીયૂત્ મનસુખરામ કાશીરામ પંડયા બા. એ ની કલમથી આલેખાયેલાં નીચેનાં ત્રણ કાવ્યો જેમાં સંસ્કારી હૃદયના અનુભવ ઉદ્ગારો કાવ્ય રૂપે ચિતરાયા છે. કાવ્ય વિહારીઓને આ કાવ્યોનુ અવલોકન કરવા અમો આગ્રહ કરીએ છીએ.

૧ કાવ્યદેવી અને તેનો પ્રિયતમ.

૨ પ્રેમ અને તત્વજ્ઞાન.

૩ યોગ માયા કાવ્ય.

દરેકની કીમત માત્ર દોઢ આનો. સામટી ખરીદનારને સારૂં કમીશન આપવામાં આવશે. આ પુસ્તકો સંબધિ પત્રવ્યવહાર ઉપરને સરનામે એચ. પી. શર્મા એન્ડ કુ. સાથે કરવો. બહાર ગામના આર્ડરો વિ. પી. થી અમલમાં મુકાશે.

— કામ કૌસ્તુભ ગોળીઓ —

હરકોઇ કારણથી નાશ પામેલી તાકાતને પાછી બક્ષે છે. નરમ પડેલી નસોને મજબુત કરી, કૌવતવાન બનાવી વીર્યને વધારી ઘટ કરે છે. લોહીને વધારી સારૂં કરે છે. ખોરાકને પચાવી તંદુરસ્તીને ટકાવી રાખે છે. શક્તિ માટે આ ગોળી બીન હરીફ છે. કીમત ગોળી ૪૦ના રૂા. ૧૦ બહારના ઓર્ડરો વિ. પિ. થી મોકલવામાં આવશે. મળવાનું ઠેકાણું. **રાજવૈદ્ય ચુનીલાલ જગજીવનદાસ.**

ઠે. નાગર ચકલો લાલામેતાની શેરી.

જામનગર (કાઠીયાવાડ)

સંપૂર્ણ પરીક્ષા કરી ઔષધોપચાર કરવામાં આવે છે. અને તેજ હેતુથી આ દવાશાળામાં રોગીને રોગથી મુક્ત કરનારાં અને આયુષ્યની અભિવૃદ્ધિ કરનારાં (જીવનને જાળવનારાં) શાસ્ત્રસિદ્ધ ઉત્તમ અસરકારક ઔષધો જેવાં કે—સુવર્ણ, રૌપ્ય, તામ્ર, બંગ, નાગ, કાંસ્ય, પિત્તલ, યશદ, લોહ, મંડુર, શતપુટિ, સહસ્ત્રપુટિ અભ્રક, સુવર્ણમાક્ષિક, રૌપ્યમાક્ષિક, પ્રવાલ, મૌક્તિક વિગેરે ધાતુ અને ઉપધાતુ તથા રત્ન અને ઉપરત્ન વિગેરેની ભસ્મો, પિષ્ટિઓ, રસચંદ્રોદય, રસસિંદૂર, રસમાણિક્ય, હરગૌરિ, હિરણ્યગર્ભ, વસંતકુસુમાકર, સૂતશેખર, મહાલક્ષ્મીવિલાસ, કનકસુંદર, મૃગાંક, લક્ષ્મીનારાયણ સૂવર્ણ ભૂપતિ, સુવર્ણ વસંતમાલતિ, સુવર્ણ પર્પટી, પંચામૃત પર્પટી, ગૃહણી કપાટ, સુતિકાંતક, પ્રદરારિ, ચદ્રકલા, ગર્ભપાલ, શ્વાસકાલેશ્વર, શ્વાસકુઠાર, અગ્નિરસ, આનંદભૈરવ, એકાંગવીર વિગેરે રસો, તથા મહાયોગરાજ, ચંદ્રપ્રભા, કિશોર, કાંચનાર, વિગેરે ગુગુલો, દ્રાક્ષ્યાસવ, કુમારીકાસવ, લોહાસવ વિગેરે આસવો, ચ્યવન પ્રાસ્યાવલેહ, [યાને જીવન] ભૃગુહરિતકયવલેહ વાસાવલેહ, વિગેરે અવલેહો, શંખવટી, મંડૂચાદવટી, કાંકાયનીવટી, વિગેરે વટીઓ, સુદર્શનચૂર્ણ, હિંગ્વાષ્ટકચૂર્ણ, સિતોપલાદિચૂર્ણ લવંગાદિચૂર્ણ, વિગેરે ચૂર્ણો, તથા નયનામૃત, મહામુક્તા દંજન, રક્તનેત્રાજંન, શ્વેતાંજન, વિગેરે અંજનો તથા દંતમંજન્, જાત્યાદિધૃત, ત્રિફલાધૃત, બ્રાહ્મીધૃત, તથા જાત્યાદિ તેલ, મહામરિચ્યાદિ તેલ, મહા સુગંધી તેલ, દશાંગલેપ, દોષઘ્નલેપ દાદર, ખસ, અને ખરજવાના લેપ, તથા ગળોનું સત્વ વિગેરે. અનેક પ્રકારનાં ધાતુ, રસાયન અને કાષ્ટ ઔષધોનો મહાન્ સંગ્રહ તે-

યાર રાખવામાં આવેલો છે. તેમજ દરેક રૂતુને અનુકુળ જુદી જુદી જાતના પૌષ્ટિક પાકો, શરબતો, અને મુરબ્બાઓ, તથા ઔાષધોમાં વપરાતાં કેશર કસ્તુરી, અંબર, ભીમસેની બરાસ, અને શુદ્ધ શિલાજીત, વિગેરે શુદ્ધ પદાર્થો પણ રાખવામાં આવે છે. તેમાંથી જથાબંધ તથા છુટક મંગાવનાર ગ્રાહકોને રોકડી કિમત અગર, વી. પી. દ્વારા કિફાયત ભાવથી તરત મોકલવામાં આવે છે. બહાર ગામના ગ્રાહકોએ પોતાનાં દરદની સવિસ્તર હકીકત લખી મોકલવાથી લાગુ પડતી દવા યોગ્ય સલાહની સાથે વો. પી. થી મોકલવામાં આવે છે.

વૈદ્યરાજ કૃપાશંકર હરજીવન.

ઠા. વોરાબજાર સ્ટ્રીટ (હોળીચકલો) મુંબઈ કોટ.

Vaidya Raj, Krapashanker H.

Vora Bazar Street Fort

BOMBAY.

શુદ્ધિ પત્રક.

પૃષ્ટ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૨૦	૧૧	કુંવારીએ	કુંવરીએ.
૨૨	૧૭	ચરો !	કરો !
૨૩	૧૮	કયાં જાવાશે !	કયાં જવાશે !
૨૪	૨૦	ખાસ	ખારસા
૨૬	૧૭	હરામચ્યો	હચમચી
૨૮	૧૪	હરહદ	સરહદ
૪૫	૨	દરવામાં	દરવાજામાં
૪૭	૨૩	જાપ્ર	પ્રજા
૪૮	૨૨	નિરીક્ષણ	નિરક્ષણ
૪૯	૧૧	ભે !	ભેદી
૫૧	૨૨	થેડુંજ	થોડુ જ
૬૧	૧૨	આવે	આવ્યે
૬૮	૯	૧૯૫૮	૧૮૫૮
૧૧૦	૧૦	રસ્કિન	હેલન
૧૧૫	૧૫	પ. સે	પાસે
૧૧૬	૨	કયુ	કર્યું
,,	૭	વાજં	વાજાં
૧૨૭	૨	રવારોને	સ્વારોને
૧૨૮	૧૭	મહારાજાઓ	મહારાજાએ
૧૩૪	૬	ભેર્યં	ભેર્યું

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧૩૮	૧	ક્ષાણિક	ક્ષણિક
૧૪૭	૫	ફરમાવ્યો	ફરમાવ્યા
૧૬૦	૩	અતર્હિત	અંતર્હિત
,,	૬	સોનાનિઓ	સેનાનિઓ
૧૭૫	૧૫	નૈત્રી	મૈત્રી
૧૮૨	૧૪	તારદ	તરિદ
૧૯૬	૧૩	શરણુ	શરણે
૧૯૮	૧૩	ઉપભેગ	ઉપભોગ
૨૨૦	૬	પસ;	પાસ;
૨૨૨	૧૯	ઓદ્ધા	હોદ્ધા
૨૨૯	૨૧	વાક્યં	વાક્ય
૨૩૧	૧૮	આત્મસંરકાર	આત્મસંસ્કાર
૨૩૩	૧૫	સામજીક	સામાજીક
૨૬૩	૧૮	ઉધાડ્યાં,	ઉઘડયાં,
૨૬૬	૧૧	આહિંજ	અહિંજ
૨૬૯	૧૫	થયો	થઇ
૨૭૧	૯	ચડયા	ચલ્યા,
૨૮૭	૧૮	આધષ્ટાતા	અધિષ્ટાતા
૨૯૦	૧૧	આધક	અધિક
૩૧૪	૨૩	ભાનંદ	વૃષભાનંદ
૩૧૭	૧૭	તે	તેં
પૃષ્ઠ	પંક્તિ	શુદ્ધ	અશુદ્ધ

૩૨૦	૫	મહારાજને	મહારાજાને
૩૩૮	૧૦	જાઇ	જોઇ
૩૪૧	૨૦	સંચાર સંભળાય	સંચાર ન સંભળાય
૩૫૨	૧૪	હિણાયં	હિણાય
૩૫૭	૨	ગાત	ગતિ
,,	૨૨	વિચારોમાં	વિચારોમાંથી